# શ્રી સમયસારજી

આચાર્ય શ્રી જયસેન કૃત "તાત્પર્યવૃતિ ટીકા" પરના
ડૉ. ઉત્તમચંદ જૈન દ્વારા કરેલ હિન્દી અનુવાદનું ગુજરાતી ભાષાંતર.

## પૂર્વરંગ

### તાત્પર્યવૃત્તિ ૧ મંગલાચરણ
### (પીઠિકાધિકાર)

**वीतरागं जिन नत्वा ज्ञानानन्दैकसम्पदम् ।**
**वक्ष्ये समयसारस्य वृत्तिं तात्पर्यसाज्ञकाम् ॥**

શ્લોકાર્થ : જ્ઞાન તેમજ આનંદના એકમાત્ર વૈભવ સ્વરૂપ, વીતરાગમય જિન (જિનેન્દ્ર ભગવાન) ને નમસ્કાર કરીને સમયસારની "તાત્પર્યવૃત્તિ" નામની ટીકાને (હું-જયસેનાચાર્ય) કહુ છું.

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છેઃ–

( હરિગીત )

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો ! ૧.**

**ગાથાર્થઃ-** આચાર્ય કહે છેઃ હું [ ध्रुवाम् ] ધ્રુવ, [ अचलाम् ] અચળ અને [ अनौपम्यां ] અનુપમ–એ ત્રણ વિશેષણોથી યુક્ત [ गति ] ગતિને [ प्राप्तान् ] પ્રાપ્ત થયેલ એવા [ सर्वसिद्धान् ] સર્વ સિદ્ધોને [ वंदित्वा ] નમસ્કાર કરી, [ अहो ] અહો ! [ श्रुतकेवलिभणितम् ] શ્રુતકેવળીઓએ કહેલા [ इदं ] આ [ समयप्राभृतम् ] સમયસાર નામના પ્રાભૃતને [ वक्ष्यामि ] કહીશ.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧)**

**પ્રાકૃત ગાથા**

**ગુજરાતી હરિગીત**

પીઠીકા અનુવાદ : હવે શુદ્ધ પરમાત્મ તત્ત્વના પ્રતિપાદનની મુખ્યતાથી વિસ્તારમાં રુચિ રાખવાવાળા શિષ્યોને પ્રતિબોધન (સમજાવવા) માટે, શ્રી કુંદકુંદાચાર્યદેવ દ્વારા નિર્મિત ''સમય પ્રાભૃત'' ગ્રંથમાં અધિકારની શુદ્ધિપૂર્વક પીઠિકા (પાતનિકા) સહિત વ્યાખ્યાન કરવામાં આવે છે.

ત્યાં શરૂઆતમાં નમસ્કાર ગાથાથી શરૂ કરી સૂત્રપાઠના ક્રમથી પ્રથમ સ્થાને સ્વતંત્ર છ ગાથાઓ છે. ત્યારબાદ બીજા સ્થાને ભેદ-અભેદ રત્નત્રયના પ્રતિપાદનરૂપ બે ગાથાઓ છે. ત્રીજા સ્થાને નિશ્ચય શ્રુતકેવળી અને વ્યવહાર શ્રુતકેવળીના કથનની મુખ્યતાથી બે ગાથાઓ છે. ત્યારબાદ ચોથા સ્થાને ભેદ-અભેદ રત્નત્રયની ભાવના અને ભાવનાના ફળ પ્રતિપાદન કરવાની દૃષ્ટિથી બે ગાથા સૂત્ર છે. ત્યારબાદ પાંચમા સ્થાને નિશ્ચયનય તથા વ્યવહારનયના વ્યાખ્યાનરૂપથી બે ગાથા સૂત્ર છે. આ રીતે ૧૪ ગાથાઓમાં પાંચ સ્થાનો દ્વારા સમયસાર પીઠિકાના વ્યાખ્યાનની સમુદાય પીઠિકા છે. તેનો વિસ્તાર.

ઉત્થાનિકા : હવે પ્રથમ ગાથાના પુર્વાર્ધમાં મંગળ અર્થે ઈષ્ટ દેવતાને નમસ્કાર કરીને અને ઉત્તરાર્ધમાં સમયસાર ગ્રંથના વ્યાખ્યાન કરવાની પ્રતિજ્ઞાનો અભિપ્રાય મનમાં ધારણ કરી આ પ્રથમ સૂત્રને કહે છે :-

તાત્પર્યવૃત્તિ : પદ ખંડના રૂપમાં વ્યાખ્યાન કરવામાં આવે છે. નિશ્ચયનયથી પોતામાં જ આરાધ્ય-આરાધકભાવથી નિર્વિકલ્પ સમાધિ લક્ષણરૂપ ભાવ નમસ્કાર દ્વારા, પરન્તુ વ્યવહારનયથી વચનાત્મક દ્રવ્ય નમસ્કાર દ્વારા વંદન કરીને.

(પ્રશ્ન) કોને (નમસ્કાર કરીને) ?

(ઉત્તર) સ્વાત્મોપલબ્ધિની સિદ્ધિ રૂપ લક્ષણવાળા સર્વે સિદ્ધોને (નમસ્કાર કરીને)

(પ્રશ્ન) શું વિશેષતાવાળા સિદ્ધોને (નમસ્કાર કરીને) ?

(ઉત્તર) પ્રાપ્ત થયેલા સિદ્ધોને.

(પ્રશ્ન) કોને પ્રાપ્ત થયેલા સિદ્ધોને ?

(ઉત્તર) સિદ્ધ ગતિ અથવા સિદ્ધ પરિણતિને. (પ્રાપ્ત થયેલા સિદ્ધોને)

(પ્રશ્ન) કેવી પરિણતિને પ્રાપ્ત થયેલા (સિદ્ધોને) ?

(ઉત્તર) ટંકોત્કીર્ણ જ્ઞાયક એવા સ્વભાવ રૂપથી ધ્રુવ-અવિનાશી (સિદ્ધ પરિણતિને પ્રાપ્ત સિદ્ધો) ને.

અર્થાત્ ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ મળથી રહિતપણા તથા શુદ્ધસ્વભાવ સહિતપણાને કારણે નિર્મળ (સિદ્ધ પરિણતિને પ્રાપ્ત સિદ્ધો) ને અથવા એવુ પાઠાન્તર છે, જેનો અર્થ છે દ્રવ્ય-ક્ષેત્ર આદિ

(કાળ, ભાવ અને ભવ) એવા પાંચ પ્રકારના સંસાર પરિભ્રમણથી રહિતપણાને તથા સ્વસ્વરૂપમાં નિશ્ચલપણાને કારણે ચળપણાથી રહિત અચળ છે સઘળા ઉપમાનોથી રહિત હોવાથી ઉપમા રહિત છે. તથા અનુપમ-અદ્‌ભૂત સ્વસ્વભાવ સહિતપણાને કારણે અનુપમ છે (એવી સિદ્ધ પરિણતિને પ્રાપ્ત સિદ્ધોને નમસ્કાર કરીને) - આ પ્રમાણે ગાથાના પૂર્વાર્ધ દ્વારા સિદ્ધોને નમસ્કાર કરીને તથા ગાથાના ઉત્તરાર્ધ દ્વારા સંબંધ, અભિધેય, (કહેવા યોગ્ય) પ્રયોજનની સૂચના અર્થે પ્રતિજ્ઞા કરે છે કે હું કહીશ.

(પ્રશ્ન) શું કહીશ ?

(ઉત્તર) સમયપ્રાભૃતને (કહીશ) સમ્યક્ જ્ઞાન જેને હોય છે તે સમય-આત્મા છે. અથવા એકભાવથી જાણવું તથા પરિણમવું જ્યાં થાય છે તે સમય-આત્મા છે. પ્રાભૃતનો અર્થ સાર અથવા શુદ્ધ અવસ્થા છે. સમયનો સાર અથવા આત્માનો સાર તે સમયપ્રાભૃત અથવા સમયસાર છે. અથવા સમય જ છે પ્રાભૃત, તે સમયપ્રાભૃત છે. આ પ્રત્યક્ષ-અનુભવગોચર છે. અહો ભવ્યજનો !

(પ્રશ્ન) કેવો છે શુદ્ધાત્મા (તે સમયપ્રાભૃત) ?

(ઉત્તર) શ્રુતકેવળી દ્વારા કહેવામાં આવ્યો છે. અહીં પ્રાકૃત ભાષાના નિયમાનુસાર કેવળી શબ્દ દીર્ઘ છે. (તે શુદ્ધાત્મા) શ્રુત અને પરમાગમમાં કેવળીઓ કે સર્વજ્ઞો દ્વારા કહેવામાં આવ્યો હોવાથી શ્રુતકેવળી કથિત છે અથવા શ્રુતકેવળીઓ દ્વારા અર્થાત્ ગણધરદેવ દ્વારા કહેવામાં આવ્યો હોવાથી શ્રુતકેવળી કથિત છે.

(હવે) સંબંધ, અભિધેય (કહેવા યોગ્ય) તથા પ્રયોજન કહે છે. ત્યાં વ્યાખ્યાન અર્થાત્ ગ્રંથની ટીકા, વ્યાખ્યેય અર્થાત્ તેનું પ્રતિપાદન કરવાવાળું સૂત્ર-આ રીતે આ બન્નેમાં વ્યખ્યાન અને વ્યાખ્યેય સંબંધ છે. સૂત્ર, અભિધાન અથવા વાચક છે. જ્યારે સૂત્રનો અર્થ અભિધેય અથવા વાચ્ય છે. આ બન્નેમાં અભિધાન-અભિધેય સંબધ છે તથા નિર્વિકાર સ્વસવેદનજ્ઞાનથી શુદ્ધાત્માને જાણવો અથવા શુદ્ધાત્માની પ્રાપ્તિ (અનુભૂતિ) કરવી તે જ જેનું પ્રયોજન છે એવો અભિપ્રાય છે.

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી. ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું ? તેથી હવે પહેલાં સમયને જ કહે છેઃ–

**જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;**
**સ્થિત કર્મપુદ્‌ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.**

**ગાથાર્થઃ**- હે ભવ્ય ! [ जीवः ] જે જીવ [ चरित्रदर्शनज्ञानस्थितः ] દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે [ तं ] તેને [ हि ] નિશ્ચયથી [ स्वसमयं ] સ્વસમય [ जानीहि ] જાણ; [ च ] અને જે જીવ [ पुद्गलकर्मप्रदेशस्थितं ] પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે [ तं ] તેને [ परसमयं ] પરસમય [ जानीहि ] જાણ.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨)**

ઉત્થાનિકા : હવે ગાથા (બે) ના પૂર્વાર્ધ દ્વારા સ્વસમય તથા ઉત્તરાર્ધ દ્વારા પરસમયનું કથન કરું છું, એવો અભિપ્રાય મનમાં ધારણ કરીને આચાર્યદેવ આ ગાથા સૂત્ર કહે છે.

તાત્પર્યવૃત્તિ : શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવરૂપ નિશ્ચય પ્રાણના દ્વારા, તે જ પ્રકારે અશુદ્ધ નિશ્ચયનયથી ક્ષાયોપશમિક અશુદ્ધ ભાવ પ્રાણોના દ્વારા તથા (અનુપચરિત) અસદ્ભૂત વ્યવહારનયથી યથા સંભવ દ્રવ્ય પ્રાણોના દ્વારા વર્તમાનમાં જીવે છે ભવિષ્યમાં જીવશે તથા ભૂતકાળમાં જીવતો હતો, તે જીવ છે.

તે જીવ જે સમયે ચારિત્ર-દર્શન-જ્ઞાન સ્વભાવમાં (અભેદ રત્નત્રય સ્વરૂપ આત્મામાં) સ્થિર હોય છે, ત્યારે તે સમયે તે જ જીવ નિશ્ચયથી સ્વસમય છે, એમ જાણો.

તેનો વિસ્તાર આ રીતે છે : વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી નિજ પરમાત્મામાં જે રુચિ રૂપ સમ્યગ્દર્શન છે, તેમાં જ જે રાગાદિ રહિત સ્વસંવેદન છે તે સમ્યગ્જ્ઞાન છે. તે જ પ્રકારે જે નિશ્ચલ અનુભૂતિરૂપ (સમ્યગ્ચારિત્ર) વિતરાગ ચારિત્ર છે. આ રીતે ઉપરોક્ત લક્ષણ (અભેદ નિશ્ચયરત્નત્રયરૂપ) થી પરિણત જીવ પદાર્થને-હે શિષ્ય સ્વસમય જાણો.

જે જીવ પુદ્ગલ કર્મપ્રદેશોમાં સ્થિત છે, તેને જ પરસમય જાણો. તે આ રીતે છે - પુદ્ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થવાવાળી નારક આદિ સંજ્ઞાવાળી પર્યાયો છે, પૂર્વોક્ત નિશ્ચય રત્નત્રયનો અભાવ હોવાથી તે પર્યાયોમાં જ્યારે જીવ સ્થિર થાય છે, ત્યારે તે જીવ પરસમય છે-એમ જાણો. આ રીતે સ્વસમય પરસમયનું લક્ષણ જાણવું જોઈએ.

હ્વે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છેઃ–

**એકત્વનિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;**
**તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં.** ૩.

**ગાથાર્થઃ**- [ एकत्वनिश्चयगतः ] એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે [ समयः ] સમય છે તે [ लोके ] લોકમાં [ सर्वत्र ] બધેય [ सुन्दरः ] સુંદર છે [ तेन ] તેથી [ एकत्वे ] એકત્વમાં [ बन्धकथा ] બીજાના સાથે બંધની કથા [ विसंवादिनी ] વિસંવાદ–વિરોધ કરનારી [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩)**

ઉત્થાનિકા : હવે પોતાના ગુણોના એકત્વ નિશ્ચયનયને પ્રાપ્ત શુદ્ધાત્મા જ ઉપાદેય છે અને કર્મબંધની સાથેના એકત્વને પ્રાપ્ત આત્મા હેય છે. અથવા સ્વસમય જ શુદ્ધાત્માનું સ્વરૂપ છે, પર સમય શુદ્ધાત્માનું સ્વરૂપ નથી એવો અભિપ્રાય મનમાં ધારણ કરીને અથવા આ સૂત્ર (ગાથા-૨) ની પછી હવેનું સૂત્ર (ગાથા-૩) યોગ્ય છે એવો નિશ્ચય કરીને વિવક્ષિત સૂત્ર કહે છે. આ પ્રકારની પાતનિકા (ઉત્થાનિકા)નુ લક્ષણ બધે જાણવું જોઈએ.

તાત્પર્યવૃત્તિ : સ્વકીય (પોતાના) શુદ્ધ ગુણ-પર્યાયરૂપ પરિણમિત, અભેદ રત્નત્રયરૂપ પરિણમિત અથવા એકત્વનિશ્ચયને પ્રાપ્ત આત્મા સમય છે. સમય શબ્દથી તાત્પર્ય છે આત્મા.

(પ્રશ્ન) કયા કારણથી (સમય શબ્દનો અર્થ આત્મા છે) ?

(ઉત્તર) જે સમ્યક્ પ્રકારથી પ્રાપ્ત થાય છે, પરિણમિત થાય છે.

(પ્રશ્ન) કોને પ્રાપ્ત થાય છે ?

(ઉત્તર) પોતાના ગુણ પર્યાયને પ્રાપ્ત થાય છે તેવો વ્યુત્પતિનો અર્થ છે.

તે શુદ્ધાત્મા સર્વત્ર સુંદર છે.

(પ્રશ્ન) ક્યાં (સુંદર છે) ?

(ઉત્તર) લોકમાં અથવા સમસ્ત એકેન્દ્રિય વગેરે અવસ્થાઓમાં શુદ્ધ નિશ્ચયનયથી સુંદર છે- ઉપાદેય છે. કર્મબંધજનિત જે ગુણસ્થાન વગેરે પર્યાયોમાં, એકપણાથી કે તન્મયપણાથી જે (બંધ) કથા પ્રવર્તમાન છે તેનાથી પૂર્વોક્ત જીવ પદાર્થની સાથે તે (બંધકથા) વિસંવાદ પેદા કરે છે.

(પ્રશ્ન) વિસંવાદીનો શું અર્થ છે ?

(ઉત્તર) વિસંવાદીની કથા.

અહીં પ્રાકૃત વ્યાકરણના નિયમથી પુર્લિંગમાં સ્ત્રીલિંગનો નિર્દેશ છે. વિસંવાદીની અર્થાત્ અસત્ય હોય છે. શુદ્ધ નિશ્ચયનયથી (આ બંધ કથા) શુદ્ધ જીવનું સ્વરૂપ નથી, એવો આશય છે. આનાથી સિદ્ધ કરે છે કે સ્વસમય જ આત્માનું સ્વરૂપ છે.

હવે તે એકત્વની અસુલભતા બતાવે છેઃ–

**શ્રુત-પરિચિત,-અનુભૂતા સર્વને કામભોગબંધનની કથા;**
**પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.**

**ગાથાર્થઃ-** [ सर्वस्य अपि ] સર્વ લોકને [ कामभोगबन्धकथा ] કામભોગ–સંબંધી બંધની કથા તો [ श्रुतपरिचितानुभूता ] સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે તેથી સુલભ છે; પણ [ विभक्तस्य ] ભિન્ન આત્માનું [ एकत्वस्य उपलम्भः ] એકપણું હોવું કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી અને અનુભવમાં આવ્યું નથી તેથી [ केवलं ] એક તે [ न सुलभः ] સુલભ નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪)**

ઉત્થાનિકા : હવે એકત્વ પરિણત શુદ્ધાત્મસ્વરૂપ સુલભ નથી, એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : (તે કામભોગ બંધ કથા) અનંત વાર સાંભળી છે તે કથા પૂર્વમાં અનંત વાર પરિચયમાં આવી છે. અનંતવાર અનુભવ કરી છે.

(પ્રશ્ન) કોના (સાંભળવા, પરિચયમાં અને અનુભવવામાં આવી છે) ?

(ઉત્તર) સમસ્ત જીવલોકનાં (સાંભળવા, પરિચયમાં અને અનુભવમાં) આવી છે.

(પ્રશ્ન) તે શું છે ? (જે સાંભળવામાં, પરિચયમાં અને અનુભવમાં આવી છે) ?

(ઉત્તર) તે કામભોગ બંધ કથા છે (જે સાંભળવામાં, પરિચયમાં અને અનુભવમાં આવી છે) કામરૂપ ભોગ-કામભોગ છે. અથવા કામ શબ્દથી સ્પર્શ, રસ-આ બે ઈન્દ્રિયોના વિષય તથા ભોગ શબ્દથી ઘ્રાણ, ચક્ષુ, કર્ણ-આ ત્રણ ઈન્દ્રિયોના વિષય લીધા છે. આ કામભોગોના સંબંધની કથા, તે કામભોગ બંધ કથા છે. અથવા બંધ શબ્દથી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ તેમ જ પ્રદેશ બંધ તથા તેનું ફળ નર-નરકાદિરૂપ કહેવામાં આવ્યા છે, આ રીતે કામભોગ બંધનની કથા તે કામભોગ બંધ કથા છે. આમ પૂર્વોક્ત પ્રકારથી શ્રુત, પરિચિત અને અનુભૂત હોવાથી તે બંધ કથા દુર્લભ નથી, પરંતુ સુલભ જ છે. અર્થાત્ એકત્વની કે સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રની એકતાવાળી પરિણતિ રૂપ નિર્વિકલ્પસમાધિના બળથી સ્વસંવેદનયોગ્ય જે શુદ્ધાત્મા સ્વરૂપ-તેના એકત્વની ઉપલબ્ધિ, પ્રાપ્તિ કે લાભ થવો કેવળ સુલભ નથી.

(પ્રશ્ન) કઈ રીતે એકત્વની (પ્રાપ્તિ સુલભ નથી) ?

(ઉત્તર) વિભક્ત અથવા રાગાદિ રહિત એકત્વની (પ્રાપ્તિ સુલભ નથી).

(પ્રશ્ન) કેવી રીતે સુલભ નથી ?

આમ પૂછવાથી (ઉત્તર દેવામાં આવે છે કે) તેના સાંભળવાનો, પરિચયનો અને અનુભવનો અભાવ હોવાથી (સુલભ નથી)

હવે આચાર્ય કહે છે કે, તેથી જ જીવોને તે ભિન્ન આત્માનું એકત્વ અમે દર્શાવીએ છીએઃ–

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

**ગાથાર્થઃ-** [ तम् ] તે [ एकत्वविभक्त ] એકત્વવિભક્ત આત્માને [ अहं ] હું [ आत्मनः ] આત્માના [ स्वविभवेन ] નિજ વૈભવ વડે [ दर्शये ] દેખાડું છું; [ यदि ] જો હું [ दर्शयेयं ] દેખાડું તો [ प्रमाणं ] પ્રમાણ ( સ્વીકાર ) કરવું અને [ स्खलेयं ] જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો [ छलं ] છળ [ न ] ન [ गृहीतव्यम् ] ગ્રહણ કરવું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૫)**

ઉત્થાનિકા : હવે કેમકે એકત્વ સુલભ નથી, તેથી તેનું જ કથન કરવામાં આવે છે.

તાત્પર્યવૃત્તિ : તે પૂર્વોક્ત એકત્વ વિભક્ત અભેદ રત્નત્રયરૂપ એકાકાર પરિણત તથા મિથ્યાત્વ રાગાદિ રહિત પરમાત્મસ્વરૂપને બતાવું છું.

(પ્રશ્ન) શેના વડે (પરમાત્મસ્વરૂપને બતાવે છે) ?

(ઉત્તર) પોતાના નિજ વૈભવથી અથવા આગમ, તર્ક, પરમગુરુઓના ઉપદેશ તથા સ્વસંવેદન

પ્રત્યક્ષ દ્વારા (પરમાત્મ સ્વરૂપને બતાવે છે). જો બતાવું તો પોતાના સ્વસંવેદન જ્ઞાનથી પરીક્ષા કરીને પ્રમાણ કરવું. જો કોઈ ભૂલ કરી જાઉં તો, દુર્જન લોકોની જેમ દોષ ગ્રહણ ન કરવો.

હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**નથી અપ્રમત કે પ્રમત નથી જે એક જ્ઞાયક ભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

**ગાથાર્થઃ-** [ यः तु ] જે [ ज्ञायकः भावः ] જ્ઞાયક ભાવ છે તે [ अप्रमत्तः अपि ] અપ્રમત્ત પણ [ न भवति ] નથી અને [ न प्रमत्तः ] પ્રમત્ત પણ નથી,– [ एवं ] એ રીતે [ शुद्धं ] એને શુદ્ધ [ भणन्ति ] કહે છે; [ च यः ] વળી જે [ ज्ञातः ] જ્ઞાયકપણે જણાયો [ सः तु ] તે તો [ सः एव ] તે જ છે, બીજો કોઈ નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬)**

ઉત્થાનિકા : હવે આ શુદ્ધાત્મા કોણ છે એમ પૂછવામાં આવતા તેનો જવાબ આપે છે.

તાત્પર્યવૃત્તિ : શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી આત્માને શુભ અશુભભાવરૂપ પરિણમનનો અભાવ હોવાથી (આત્મા) અપ્રમત્ત અને પ્રમત્ત નથી. પ્રમત્ત શબ્દથી મિથ્યાદૃષ્ટિ વિ. થી લઈને પ્રમત્ત ગુણસ્થાન (૬ઠ્ઠા ગુણસ્થાન) સુધી તથા અપ્રમત્ત શબ્દથી અપ્રમત્ત ગુણસ્થાનથી લઈને અયોગી કેવળી ગુણસ્થાન સુધી (અંતિમ આઠ ગુણસ્થાનો) ગ્રહણ કરવામાં આવે છે.

(પ્રશ્ન) તે કર્તા કોણ છે ?

(ઉત્તર) જ્ઞાયક-જ્ઞાનસ્વરૂપ જે આ ભાવ અથવા પદાર્થ છે તે શુદ્ધાત્મા છે. એમ શુદ્ધનયનું અવલંબન લેવાવાળા (તેને) શુદ્ધ કહે છે.

(પ્રશ્ન) તો કેવો છે ?

(ઉત્તર) જ્ઞાતા અથવા શુદ્ધાત્મા જે કહેવાય છે, તે તો તે જ છે અથવા જ્ઞાતા જ છે આવો અર્થ છે.

આ પ્રકારે સ્વતંત્ર ૬ ગાથાઓ દ્વારા પ્રથમ સ્થળ પૂરું થયું.

હવે પ્રશ્ન થાય છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર–એ આત્માના ધર્મ કહેવામાં આવ્યા છે, તો એ તો ત્રણ ભેદ થયા, એ ભેદરૂપ ભાવોથી આત્માને અશુદ્ધપણું આવે છે ! આ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;**
**ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭.**

**ગાથાર્થઃ-** [ ज्ञानिनः ] **જ્ઞાનીને** [ चरित्रं दर्शनं ज्ञानम् ] **ચારિત્ર, દર્શન, જ્ઞાન–એ ત્રણ ભાવ** [ व्यवहारेण ] **વ્યવહારથી** [ उपदिश्यते ] **કહેવામાં આવે છે; નિશ્ચયથી** [ ज्ञानं अपि न ] **જ્ઞાન પણ નથી,** [ चरित्रं न ] **ચારિત્ર પણ નથી અને** [ दर्शनं न ] **દર્શન પણ નથી; જ્ઞાની તો એક** [ ज्ञायकः शुद्धः ] **શુદ્ધ જ્ઞાયક જ છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭)**

ઉત્થાનિકા : આના પછી જે રીતે પ્રમત્ત વિ. ગુણસ્થાનરૂપ ભેદ વ્યવહારનયથી જીવમાં વિદ્યમાન છે (પરંતુ) શુદ્ધ દ્રવ્યાર્થિક નિશ્ચયનયથી (તે ભેદો) જીવમાં વિદ્યમાન નથી, તે જ રીતે દર્શન-જ્ઞાન-ચારિત્રના ગુણ ભેદો પણ (જીવમાં નથી) એમ ઉપદેશ આપવામાં આવે છે.

તાત્પર્યવૃત્તિ : સદ્ભૂત વ્યવહારનયથી ઉપદેશ આપે છે કે કહેવામાં આવે છે.

(પ્રશ્ન) કોના દ્વારા કહેવામાં આવે છે ?

(ઉત્તર) જ્ઞાનીના દ્વારા કહેવામાં આવે છે.

(પ્રશ્ન) શું (કહેવામાં આવે છે) ?

(ઉત્તર) (જ્ઞાનીના) ચારિત્ર-દર્શન-જ્ઞાન સ્વરૂપ ભેદ (કહેવામાં આવે છે.)

શુદ્ધ નિશ્ચયનયથી (જ્ઞાનીને) ન જ્ઞાન છે, ન ચારિત્ર છે, ન દર્શન છે.

(પ્રશ્ન) તો પછી જ્ઞાનીનું સ્વરૂપ શું છે ?

(ઉત્તર) જ્ઞાયક, શુદ્ધ ચૈતન્યસ્વભાવ (એવું જ્ઞાનીનું સ્વરૂપ છે.) શુદ્ધ જ છે, રાગાદિ રહિત છે. અહીં આ અર્થ છે કે-જે રીતે નિશ્ચયનયથી અગ્નિ એક જ છે પણ ભેદરૂપ વ્યવહારથી અગ્નિ બાળે છે તેથી તે દાહક છે, પચાવે છે તેથી તે પાચક છે તથા પ્રકાશ કરે છે તેથી તે પ્રકાશક છે. આ રીતે વ્યુત્પતિ રૂપ વિષયભેદથી (અગ્નિ) ત્રણ રીતે કહેવામાં આવે છે. તે રીતે જીવ પણ નિશ્ચયરૂપ અભેદનયથી શુદ્ધ ચૈતન્યરૂપ હોવા છતાં પણ ભેદરૂપ વ્યવહાર નયથી-જે જાણે છે તે જ્ઞાન છે, દેખે છે તે દર્શન છે, અને આચરણ કરે છે તે ચારિત્ર છે, આ રીતે વ્યુત્પત્તિ વિષયભેદથી (જીવ) ત્રણ પ્રકારે ભેદરૂપ કહેવામાં આવે છે.

હવે ફરી એ પ્રશ્ન ઊઠે છે કે જો એમ છે તો એક પરમાર્થનો જ ઉપદેશ કરવો જોઈએ; વ્યવહાર શા માટે કહો છો ? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

**ગાથાર્થઃ-** [ यथा ] **જેમ** [ अनार्यः ] **અનાર્ય ( મ્લેચ્છ ) જનને** [ अनार्यभाषां विना तु ] **અનાર્યભાષા વિના** [ ग्राहयितुम् ] **કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા** [ न अपि शक्यः ] **કોઈ સમર્થ નથી** [ तथा ] **તેમ** [ व्यवहारेण विना ] **વ્યવહાર વિના** [ परमार्थोपदेशनम् ] **પરમાર્થનો ઉપદેશ કરવા** [ अशक्यम् ] **કોઈ સમર્થ નથી.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮)**

ઉત્થાનિકા : હવે એ શુદ્ધનિશ્ચયનયથી દર્શનજ્ઞાનચારિત્ર જીવના નથી, તો પછી એક (એકલો) પરમાર્થ જ કહેવામાં આવવો જોઈએ, વ્યવહાર કહેવામાં આવવો જોઈએ નહિ. આવો પ્રશ્ન થવાથી આચાર્ય ઉત્તર આપે છે, કે એમ નથી.

તાત્પર્યવૃત્તિ : જે સમર્થ નથી.

(પ્રશ્ન) એવો કોણ (સમર્થ નથી) ?

(ઉત્તર) અનાર્ય મ્લેચ્છ સમર્થ નથી

(પ્રશ્ન) શું કરવાને માટે (સમર્થ નથી).

(ઉત્તર) અર્થ ગ્રહણ રૂપ સંબોધનને માટે (તે સમર્થ નથી)

(પ્રશ્ન) કેવી રીતે સમર્થ નથી ?

(ઉત્તર) અનાર્ય ભાષા વગર (અર્થ ગ્રહણ કરાવવા સમર્થ નથી) આ **દૃષ્ટાંત** થયું. હવે **(દાર્ષ્ટાંત)** સિદ્ધાન્ત કહે છે કે, એવી રીતે વ્યવહારનયના (કથન) વિના, પરમાર્થનો ઉપદેશ કરવાને માટે કોઈ સમર્થ નથી.

અહીં આ અભિપ્રાય છે કે જે રીતે કોઈ બ્રાહ્મણ અથવા સાધુ મ્લેચ્છોની વસ્તીમાં ગયા, ત્યાં મ્લેચ્છ દ્વારા નમસ્કાર કરવામાં આવતા બ્રાહ્મણ અથવા સાધુ દ્વારા ''સ્વસ્તિ'' એમ કહેવામાં આવતા સ્વસ્તિનો અર્થ' ''અવિનાશી કલ્યાણ થાઓ'' એ ન જાણતાં (તે મ્લેચ્છ) મેંઢાની જેમ જુએ છે. તે રીતે આ અજ્ઞાનીજન પણ ''આત્મા'' કહેવામાં આવતા આત્મા શબ્દનો અર્થ ન જાણતા થકો ભ્રમથી જોઈ જ રહે છે. ફરીથી જ્યારે નિશ્ચય વ્યવહારના જાણકાર પુરુષ દ્વારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવાળો-એવો જીવ શબ્દનો અર્થ છે, એમ કહેવામાં આવે છે ત્યારે (તે) સંતુષ્ટ થઈ જાણે છે. આ રીતે ભેદ-અભેદ રત્નત્રયના વ્યાખ્યાનની મુખ્યતાથી બે ગાથાઓ દ્વારા બીજું સ્થાન પુરું થયું.

હવે, એ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક કેવી રીતે છે ? તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે:–

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.**
**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.**

**ગાથાર્થ:-** [ यः ] જે જીવ [ हि ] નિશ્ચયથી [ श्रुतेन तु ] શ્રુતજ્ઞાનવડે [ इमं ] આ અનુભવગોચર [ केवलं शुद्धम् ] કેવળ એક શુદ્ધ [ आत्मानम् ] આત્માને [ अभिगच्छति ] સન્મુખ થઈ જાણે છે [ तं ] તેને [ लोकप्रदीपकराः ] લોકને પ્રગટ જાણનારા [ ऋषयः ]

ઋષીશ્વરો [ श्रुतकेवलिनम् ] **શ્રુતકેવળી** [ भणन्ति ] **કહે છે;** [ यः ] **જે જીવ** [ सर्वं ] **સર્વ** [ श्रुतज्ञानं ] **શ્રુતજ્ઞાનને** [ जानाति ] **જાણે છે** [ तम् ] **તેને** [ जिनाः ] **જિનદેવો** [ श्रुतकेवलिनं ] **શ્રુતકેવળી** [ आहुः ] **કહે છે,** [ यस्मात् ] **કારણ કે** [ ज्ञानम् सर्वं ] **જ્ઞાન બધું** [ आत्मा ] **આત્મા જ છે** [ तस्मात् ] **તેથી** [ श्रुतकेवली ] **( તે જીવ ) શ્રુતકેવળી છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯-૧૦)**

ઉત્થાનિકા : હવે પૂર્વેની ગાથાઓના કહેલ વ્યવહારથી પરમાર્થ જાણવામાં આવે છે તેથી તે અર્થને કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે કર્તા છે એટલે કે નિશ્ચયથી-ભાવશ્રુતરૂપ સ્વસંવેદન જ્ઞાનથી નિર્વિકલ્પ સમાધિ સાધનથી સર્વ પ્રકારથી જાણે છે અનુભવ કરે છે.

(પ્રશ્ન) કોનો (અનુભવ કરે છે) ?

(ઉત્તર) આ પ્રત્યક્ષીભૂત આત્માનો અનુભવ કરે છે.

(પ્રશ્ન) કેવા આત્માનો (અનુભવ કરે છે) ?

(ઉત્તર) અસહાય આત્માનો અનુભવ કરે છે. એટલે કે રાગાદિ રહિત આત્માનો અનુભવ કરે છે.

તે જીવ નિશ્ચય શ્રુતકેવળી છે એમ પરમઋષિ કહે છે. લોકને પ્રકાશિત કરવાવાળા છે એમ (પરમ ઋષિ કહે છે)

આ ગાથા દ્વારા નિશ્ચય શ્રુતકેવળીનું લક્ષણ કહ્યું અને જે કર્તા (જીવ) બાર અંગ રૂપ દ્રવ્યશ્રુત ને-સંપૂર્ણ શ્રુતને જાણે છે તેને તે પુરૂષને વ્યવહાર શ્રુત કેવળી કહે છે.

(પ્રશ્ન) તે કોણ છે (જે આમ કહે છે) ?

(ઉત્તર) તે જિનેન્દ્ર સર્વજ્ઞ છે (જે આમ કહે છે)

(પ્રશ્ન) કયા કારણથી (આમ કહે છે) ?

(ઉત્તર) દ્રવ્યશ્રુતના આધારે (નિમિત્તે) ભાવશ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી (તે) આત્મા ભાવશ્રુતજ્ઞાની થાય છે.

(પ્રશ્ન) કઈ રીતે થાય છે ?

(ઉત્તર) આત્માના સંવેદનના સર્વ વિષયનું અથવા પરવિષયનું જ્ઞાન થાય છે આ કારણથી તે દ્રવ્યશ્રુત કેવળી છે. આનો આશય એમ છે કે જે ભાવશ્રુતરૂપ સ્વસંવેદન જ્ઞાનના બળથી શુદ્ધાત્માને જાણે છે તે નિશ્ચય શ્રુતકેવળી છે. પરંતુ જે (જીવ) સ્વશુદ્ધાત્માનું સંવેદન નથી કરતા (નિર્વિકલ્પ ધ્યાનરૂપ સ્વ સંવેદન નથી કરતા) ભાવના નથી કરતા અને બાહ્ય વિષયરૂપ દ્રવ્યશ્રુતના અર્થ (ભાવ) ને જાણે છે તે વ્યવહાર શ્રુતકેવળી છે.

(પ્રશ્ન) તો પછી આ કાળમાં પણ સ્વસંવેદન જ્ઞાનના બળથી શ્રુતકેવળી છે ?

(ઉત્તર) જે પ્રકારે પૂર્વમાં પુરુષ (આત્મા) ને શુકલધ્યાનરૂપ સ્વસંવેદન જ્ઞાન થતું હતું તે પ્રકારનું આ કાળમાં નથી પરંતુ ધર્મધ્યાનને યોગ્ય (સ્વસંવેદન જ્ઞાન) અત્યારે પણ હોય છે એમ અર્થ છે. આ પ્રકારે નિશ્ચય વ્યવહાર શ્રુતકેવળીના વ્યાખ્યાનરૂપથી બે ગાથાઓ દ્વારા ત્રીજુ સ્થળ (પ્રકરણ) પૂરૂ થયું.

### તાત્પર્યવૃત્તિ અતિરિક્ત ગાથા - ૧

ઉત્થાનિકા : હવે ગાથાના પૂર્વાધ્ધમાં ભેદરત્નત્રયની ભાવના અને ઉત્તરાર્ધમાં અભેદ રત્નત્રયની ભાવનાનું વર્ણન કરે છે.

ગાથાર્થ : જ્ઞાનમાં, દર્શનમાં અને ચારિત્રમાં દ્રઢતાથી ભાવના કરવી જોઈએ કારણકે તેઓ ત્રણેય પણ અભેદનયથી એક આત્મા જ છે, તેથી આત્મામાં ભાવના કરો.

તાત્પર્યવૃત્તિ અનુવાદ : સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણેયની નિશ્ચયથી સ્પષ્ટતાપૂર્વક ભાવના કરવી જોઈએ અને તેઓ ત્રણેય નિશ્ચયથી આત્મા જ છે તેથી પોતાના શુદ્ધાત્માની ભાવના કરો.

વિશેષ : આ અતિરિક્ત ગાથા ક્રમાંક-૧ આત્મખ્યાતિ ટીકા ગાથા અંક ક્રમાંક-૧૬ અથવા તાત્પર્યૃત્તિ ટીકા ગાથા ક્રમાંક-૧૯ ને મળતી આવે છે.

### તાત્પર્યવૃત્તિ અતિરિક્ત ગાથા ક્રમાંક - ૨

ઉત્થાનિકા : હવે ભેદ અભેદરત્નત્રયની ભાવનાનું ફળ બતાવે છે.

ગાથાર્થ : જે આ આત્મભાવનામાં નિરંતર શુદ્ધોપયોગયુક્ત થયો થકો સમ્યક્ આચરણ કરે છે અર્થાત્ આત્મભાવનામાં લીન થાય છે તે મુનિ થોડા જ કાળમાં સર્વ દુઃખોથી મુક્તિને પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ : જે (કર્તા) મુનિ-તપોધન હંમેશા આ આત્મભાવનામાં પ્રયાસરત થયો થકો સમ્યક્ આચરણ કરે છે, ભાવના ભાવે છે તે મુનિ થોડા જ કાળમાં સર્વ દુઃખોથી મુક્તિને પ્રાપ્ત કરે છે. આ રીતે નિશ્ચય વ્યવહાર રત્નત્રયની ભાવના તથા ભાવનાનું ફળ-કથનથી બે ગાથાઓ દ્વારા ચોથું સ્થાન પૂરું થયું.

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે–પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો ? તેના ઉતરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.**

**ગાથાર્થ:-** [ व्यवहारः ] **વ્યવહારનય** [ अभूतार्थः ] **અભૂતાર્થ છે** [ तु ] **અને** [ शुद्धनयः ] **શુદ્ધનય** [ भूतार्थः ] **ભૂતાર્થ છે એમ** [ दर्शितः ] **ઋષીશ્વરોએ દર્શાવ્યું છે;** [ जीवः ] **જે જીવ** [ भूतार्थ ] **ભૂતાર્થનો** [ आश्रितः ] **આશ્રય કરે છે તે જીવ** [ खलु ] **નિશ્ચયથી** [ सम्यग्दृष्टिः ] **સમ્યગ્દૃષ્ટિ** [ भवति ] **છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૧)**

ઉત્થાનિકા : હવે જેમ કોઈ પણ બ્રાહ્મણાદિ વિશિષ્ટ વ્યક્તિ મ્લેચ્છને સમજાવવાના સમયમાં જ મ્લેચ્છ ભાષા બોલે છે, અન્ય સમયે નહિ, તે જ રીતે જ્ઞાની પુરુષ પણ અજ્ઞાનીને સમજાવવાના સમયમાં વ્યવહારનો આશ્રય લે છે, અન્ય સમયે નહિ. વ્યવહારનય અભૂતાર્થ કેવી રીતે છે ? તે બતાવે છે :-

તાત્પર્યવૃત્તિ : વ્યવહારનય અભૂતાર્થ અસત્યાર્થ છે. ભૂતાર્થ સત્યાર્થ કહેવામાં આવ્યો છે. પુનઃ તે કોણ છે જે ભૂતાર્થ કહેવામાં આવ્યો છે ?

(ઉત્તર) શુદ્ધનય અથવા નિશ્ચયનય (ભૂતાર્થ કહેવામાં આવ્યો છે.)

(પ્રશ્ન) તો પછી કયા નય (ના આશ્રયથી)થી સમ્યગ્દૃષ્ટિ થાય છે ? તેનો

(ઉત્તર) ભૂતાર્થ, સત્યાર્થ અથવા નિશ્ચયનયના આશ્રયથી નિશ્ચયનયને પ્રાપ્ત કરવાથી, નિશ્ચયનયમાં સ્થિત થવાથી સ્પષ્ટરૂપથી જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. આ રીતે ટીકા છે. પુનઃ બીજા વ્યાખ્યાનથી વ્યવહાર અભૂતાર્થ અને ભૂતાર્થ છે તેમ કહેવામાં આવ્યું છે. ન ફક્ત વ્યવહાર અભૂતાર્થ અને ભૂતાર્થ કહેવામાં આવ્યો છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનય પણ (ભૂતાર્થ અને અભૂતાર્થ કહેવામાં આવ્યો છે) દુ શબ્દથી આ શુદ્ધ નિશ્ચયનય પણ ભૂતાર્થ અને અભૂતાર્થ કહ્યો છે. આ પ્રકારના નય વ્યાખ્યાનથી વ્યહારનય ભૂતાર્થ અને અભૂતાર્થના ભેદથી બે પ્રકારનો છે. તે જ રીતે નિશ્ચયનય પણ શુદ્ધનિશ્ચય અને અશુદ્ધ નિશ્ચયના ભેદથી બે પ્રકારનો છે. આ રીતે ચાર પ્રકારના નય છે. અહીં એમ તાત્પર્ય છે કે જેમ કોઈ ગ્રામીણ વ્યક્તિ કિચડ સહિત પાણી પીવે છે, પરંતુ વિવેકી વ્યક્તિ (તે કીચડયુક્ત પાણીમાં) કતકફળ (નિર્મળી દ્રવ્ય) નાખીને નિર્મળ પાણી પીવે છે. તે રીતે સ્વસંવેદનરૂપ ભેદભાવનાથી રહિત અવિવેકી જીવ મિથ્યાત્વ રાગાદિ વિભાવ પરિણામ સહિત આત્માને અનુભવ કરે છે, પરંતુ વિવેકી વ્યક્તિ અભેદરત્નત્રય લક્ષણરૂપ નિર્વિકલ્પ સમાધિના બળથી કતકફળ (નિર્મળ દ્રવ્ય) ના જેવા નિશ્ચયનયનો આશ્રય લઈને શુદ્ધાત્માનો અનુભવે કરે છે.

હવે, " એ વ્યવહારનય પણ કોઈ કોઈને કોઈ વખતે પ્રયોજનવાન છે, સર્વથા નિષેધ કરવાયોગ્ય નથી; તેથી તેનો ઉપદેશ છે " એમ કહે છેઃ–

**દેખે પરમ જે ભાવ તેને શુદ્ધનય જ્ઞાતવ્ય છે;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

**ગાથાર્થ:-** [ परमभावदर्शिभिः ] જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થયા તથા પૂર્ણ જ્ઞાન–ચારિત્રવાન થઈ ગયા તેમને તો [ शुद्धादेशः ] શુદ્ધ ( આત્મા ) નો ઉપદેશ ( આજ્ઞા ) કરનાર [ शुद्धः ] શુદ્ધનય [ ज्ञातव्यः ] જાણવાયોગ્ય છે; [ पुनः ] વળી [ ये तु ] જે જીવો [ अपरमे भावे ] અપરમભાવે–અર્થાત્ શ્રદ્ધા તથા જ્ઞાન–ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શક્યા, સાધક અવસ્થામાં જ– [ स्थिताः ] સ્થિત છે તેઓ [ व्यवहारदेशिताः ] વ્યવહાર દ્વારા ઉપદેશ કરવાયોગ્ય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૨)**

ઉત્થાનિકા : પૂર્વ ગાથામાં કહેલ ભૂતાર્થનયનો આશ્રય કરવાવાળો જીવ સમ્યગ્દષ્ટિ હોય છે. આ ગાથામાં (અહીં) કહે છે કે ફક્ત ભૂતાર્થ નિશ્ચયનય નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત જીવોને પ્રયોજનવાન છે એમ નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિથી રહિત સવિકલ્પ અવસ્થામાં સ્થિત જીવોને અંતિમ સોળ તાવવાળા શુદ્ધ સોનાના લાભના અભાવમાં ઓછા (પંદર, ચૌદ વિ.) તાવવાળા સોનાના લાભની જેમ કોઈ પ્રાથમિક અવસ્થાવાળા જીવોને ક્યારેક વિકલ્પ અવસ્થામાં મિથ્યાત્વ વિષય-કષાય ભાવરૂપ દુર્ધ્યાનથી બચવા માટે વ્યવહારનય પણ પ્રયોજનવાન હોય છે એમ પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : શુદ્ધનય નિશ્ચયનય છે. કેવો છે શુદ્ધનય ? શુદ્ધદ્રવ્યનું કથન જ્યાં છે, તે શુદ્ધાદેશ છે. તે શુદ્ધનય જાણવા યોગ્ય છે-અનુભવ કરવા યોગ્ય છે.

(પ્રશ્ન) કોના દ્વારા જાણવા યોગ્ય છે ?

(ઉત્તર) શુદ્ધાત્મ ભાવદર્શિઓએ શુદ્ધનય જાણવા યોગ્ય છે.

કયા કારણથી જાણવા યોગ્ય છે ? કારણ કે સોળ તાવવાળા સોનાના લાભની જેમ અભેદરત્નત્રય સ્વરૂપ સમાધિકાળમાં (શુદ્ધનય) પ્રયોજનવાન છે. નિષ્પ્રયોજનવાન નથી. હવે વ્યવહારનું વિકલ્પ ભેદરૂપ પર્યાયથી કથન કરવામાં આવેલ છે.

તેથી વ્યવહારનો ઉપદેશ કરવાવાળો વ્યવહારનય છે. અને તે વ્યવહારનય નીચેના (પંદર, ચૌદ વિ.) તાવવાળા સોનાના લાભની જેમ પ્રયોજનવાન હોય છે. કોના માટે વ્યવહાર પ્રયોજનવાન છે ? જે પુરુષ અપરમભાવ-અશુદ્ધભાવમાં સ્થિત છે અર્થાત્ ચતુર્થગુણસ્થાન વર્તી અસંયત સમ્યગ્દષ્ટિની અપેક્ષાથી અને પંચમગુણ સ્થાનવર્તી શ્રાવકની અપેક્ષાથી સરાગ સમ્યગ્દષ્ટિ લક્ષણવાળા શુભોપયોગમાં તથા ૬ટ્ઠા-૭મા ગુણસ્થાનવર્તી પ્રમત્ત-અપ્રમત્ત સકળસંયમની અપેક્ષાથી ભેદરત્નત્રય લક્ષણરૂપમાં સ્થિત છે. (તેને પ્રયોજનવાન છે) શેમાં સ્થિત છે ? જીવપદાથમાં સ્થિત છે એમ આશય છે.

આ રીતે નિશ્ચય વ્યવહારના વ્યાખ્યાનના પ્રતિપાદન રૂપથી બે ગાથાઓ દ્વારા પાંચમું સ્થાન (પ્રકરણ) સમાપ્ત થયું. આ રીતે ચૌદ ગાથાઓ તથા પાંચ સ્થાનો (પ્રકરણો) દ્વારા પીઠિકા સમાપ્ત થઈ.

એ પ્રમાણે જ શુદ્ધનયથી જાણવું તે સમ્યક્ત્વ છે એમ સૂત્રકાર ગાથામાં કહે છેઃ–

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

**ગાથાર્થઃ**- [ भूतार्थेन अभिगताः ] ભૂતાર્થ નયથી જાણેલ [ जीवाजीवौ ] જીવ, અજીવ [ च ] વળી [ पुण्यपापं ] પુણ્ય, પાપ [ च ] તથા [ आस्रवसंवरनिर्जराः ] આસ્રવ, સંવર, નિર્જરા, [ बन्धः ] બંધ [ च ] અને [ मोक्षः ] મોક્ષ [ सम्यक्त्वम् ] –એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૩)**

ઉત્થાનિકા : હવે કોઈ નિકટભવી જીવ પીઠિકાના વ્યાખ્યાન માત્રથી જ હેય-ઉપાદેય તત્ત્વને જાણીને વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવમય નિજસ્વભાવની ભાવના કરે છે. પરંતુ વિસ્તારરુચિ વાળો શિષ્ય નવ અધિકારો દ્વારા સમયસારને જાણીને પશ્ચાત ભાવના કરે છે. તે આ રીતે : વિસ્તારરુચિવાળા શિષ્યને સમજાવવા માટે જીવાદિ નવપદાર્થ અધિકારોના દ્વારા સમયસારનું વ્યાખ્યાન કરવામાં આવે છે. ત્યાં પહેલા નવપદાર્થના અધિકારની ગાથા દ્વારા આર્તરૌદ્રધ્યાનના પરિત્યાગ લક્ષણવાળી નિર્વિકલ્પ સામાયિકમાં સ્થિર રહેવાવાળાના જે શુદ્ધાત્મસ્વરૂપનું દર્શન, શુદ્ધાત્માનો અનુભવ, શુદ્ધાત્માનું અવલોકન શુદ્ધાત્માની ઉપલબ્ધિ, સંવેદન, પ્રતીતિ, ખ્યાતિ (પ્રસિદ્ધિ) તથા અનુભૂતિ છે, તેને જ નિશ્ચયનયથી નિશ્ચય ચારિત્રનું અવિનાભાવી નિશ્ચય સમ્યક્ત્વરૂપ વીતરાગ સમ્યક્ત્વ કહેવામાં આવ્યું છે. અને તે જ ગુણ-ગુણીનું અભેદરૂપ, નિશ્ચયનયથી શુદ્ધાત્માનું સ્વરૂપ છે. આ પ્રથમ પીઠિકા છે. અથવા નવપદાર્થ ભૂતાર્થથી જાણવા પર તે અભેદોપચારથી સમ્યક્ત્વનો વિષય હોવાથી (તે) વ્યવહાર સમ્યક્ત્વનું નિમિત્ત હોય છે. પરંતુ નિશ્ચયનયથી પોતાના આત્માનું શુદ્ધ પરિણામ જ સમ્યક્ત્વ છે, આ રીતે બીજી પીઠિકા છે. એવી બન્ને પીઠિકાઓ મનમાં ધારણ કરીને આ ગાથાસૂત્ર કહે છે.

તાત્પર્યવૃત્તિ : (પ્રશ્ન) ભૂતાર્થથી નિશ્ચયનયથી, શુદ્ધનયથી અભિગત હોય છે, નિર્ણિત હોય છે, નિશ્ચિત હોય છે, જાણવામાં આવે છે, -તે કોણ ?

(ઉત્તર) જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સ્વરૂપ નવ પદાર્થ (જાણવામાં આવે છે) તે નવ પદાર્થ જ અભેદોપચારથી સમ્યક્ત્વના વિષયરૂપ કારણ હોવાથી સમ્યક્ત્વ છે. નિશ્ચયથી સ્વપરિણામ જ સમ્યક્ત્વ છે. ભૂતાર્થથી જાણવામાં આવેલ નવપદાર્થ સમ્યક્ત્વ છે એવું આપે કહ્યું.

(પ્રશ્ન) તે ભૂતાર્થના પરિજ્ઞાનનું શું સ્વરૂપ છે ? આવું પૂછવામાં આવતા જવાબ આપે છે.

(ઉત્તર) જો કે પ્રાથમિક શિષ્યની અપેક્ષાથી તીર્થની પ્રવૃત્તિ માટે નવ પદાર્થ ભૂતાર્થ કહેવામાં આવે છે તો પણ અભેદરત્નત્રય લક્ષણરૂપ નિર્વિકલ્પ સમાધિના કાળમાં તે નવ પદાર્થ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, શુદ્ધસ્વરૂપ નથી. તે શુદ્ધાત્માનુભવ અથવા પરમસમાધિકાળમાં નવ પદાર્થોમાં

શુદ્ધનિશ્ચયનયથી એક શુદ્ધાત્મા જ પ્રદ્યોતિત થાય છે, પ્રકાશિત થાય છે, પ્રતીત થાય છે, અનુભવમાં આવે છે. જે અનુભૂતિ, પ્રતીતિ અથવા શુદ્ધાત્મોપલબ્ધિ છે તે જ નિશ્ચય સમ્યક્ત્વ છે. આ અનુભૂતિ નિશ્ચયનયથી ગુણગુણીની અભેદવિવક્ષામાં શુદ્ધાત્માનું સ્વરૂપ છે એવો આશય છે.

જે પ્રમાણનય નિક્ષેપ છે, તે પરમાત્મા આદિના તત્ત્વવિચાર કાળમાં સહકારી કારણ રૂપ છે. તેઓ પણ સવિકલ્પ અવસ્થામાં જ ભૂતાર્થ છે, અને પરમસમાધિકાળમાં તેઓ અભૂતાર્થ છે. તે નવ પદર્થોમાં ભૂતાર્થથી એક શુદ્ધ જીવની જ પ્રતીતિ થાય છે. આ રીતે નવપદાર્થ અધિકારની ગાથા સમાપ્ત થઈ.

તાત્પર્યવૃત્તિ સમુહપીઠિકા :

ત્યાં નવ અધિકારોમાં ૨૮ ગાથા સુધી પહેલો જીવ અધિકાર કહેવામાં આવ્યો. ત્યાં સહજાનંદ એક સ્વભાવમય શુદ્ધાત્મની ભાવનાની મુખ્યતાથી સૂત્રપાઠના ક્રમથી પ્રથમ સ્થળમાં ત્રણ ગાથાઓ છે. ત્યારપછી દૃષ્ટાંત અને દાષ્ટાંત-દ્વારાથી ભેદ-અભેદ રત્નત્રયની ભાવનાની મુખ્યતાથી બીજા સ્થળમાં ત્રણ ગાથાઓ છે. તેના બાદ જીવના અપ્રતિબુદ્ધપણાનું કે અજ્ઞાનપણાનું કથન કરવાવાળી પહેલી ગાથા છે. તથા બંધ-મોક્ષયોગ્ય પરિણામનું કથન કરવાવાળી બીજી ગાથા છે. જીવ (અશુદ્ધ) નિશ્ચયથી રાગાદિ પરિણામોનો કર્તા છે એવી ત્રીજી ગાથા છે આ પ્રકારે ત્રીજા સ્થળમાં પરસ્પર સંબંધ નિરપેક્ષ સ્વતંત્ર ત્રણ ગાથાઓ છે તેના પછી ઈંધણ અને અગ્નિના દૃષ્ટાંત દ્વારા અપ્રતિબદ્ધનું લક્ષણ કહેવા માટે ચોથા સ્થળમાં ત્રણ ગાથાઓ છે.

તેના પછી શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન અને શુદ્ધાત્મનુભૂતિ લક્ષણવાળા અભેદરત્નત્રયની ભાવનાના વિષયમાં જે આ અપ્રતિબૃદ્ધ-અજ્ઞાની છે. તેને સમજાવવા માટે પાંચમા સ્થળમાં ત્રણ ગાથાઓ છે.

તેના પછી નિશ્ચય રત્નત્રય લક્ષણવાળા શુદ્ધાત્મતત્ત્વને ન જાણનારો અજ્ઞાની દેહને જ આત્મા કહે છે એવો જે પૂર્વપક્ષ છે તેના સ્વરૂપનું કથન કરવા માટે પૂર્વ પક્ષ રૂપમાં એક ગાથા છે ત્યારબાદ વ્યવહારથી દેહનું સ્તવન છે તથા નિશ્ચયથી આત્માનું સ્તવન છે આ પ્રકારે બે નયોના ભેદના પ્રતિપાદનની મુખ્યતાથી પરિહાર રૂપ ચાર ગાથા છે.

તેના પછી પરમઉપેક્ષા લક્ષણવાળી શુદ્ધાત્માનુભૂતિ રૂપ નિશ્ચય સ્તુતિની મુખ્યતાથી ત્રણ ગાથા સૂત્ર છે. આ પ્રકારે આઠ ગાથાનું છઠ્ઠું સ્થાન છે. ત્યારપછી નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાન જ વિષય કષાય આદિ પરદ્રવ્યોનું પ્રત્યાખ્યાન-ત્યાગ છે. એ કથન દ્વારા સાતમા સ્થળમાં ચાર ગાથા છે.

ત્યારપછી અનંતજ્ઞાનાદિ લક્ષણવાળા શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અને આચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક સ્વસંવેદનની જ ભાવના કરવાવાળા આત્માનું સ્વરૂપ છે. આ પ્રકારે ઉપસંહારની મુખ્યતાની અપેક્ષાથી એક સૂત્ર છે. આ પ્રકારે દંડકોને છોડીને ૨૮ ગાથા સૂત્રોમાં સાત અંતર સ્થળો દ્વારા જીવ અધિકારમાં સમૂહ પાતનિકા પીઠિકા છે. તે આ પ્રકારે છે.

એ શુદ્ધનયને ગાથાસૂત્રથી કહે છેઃ–

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,**
**અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪.**

**ગાથાર્થઃ-** [ यः ] જે નય [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] બંધ રહિત ને પરના સ્પર્શ રહિત, [ अनन्यकं ] અન્યપણા રહિત, [ नियतम् ] ચળાચળતા રહિત, [ अविशेषम् ] વિશેષ રહિત, [ असंयुक्तं ] અન્યના સંયોગ રહિત–એવા પાંચ ભાવરૂપ [ पश्यति ] દેખે છે [ तं ] તેને, હે શિષ્ય ! તું [ शुद्धनयं ] શુદ્ધનય [ विजानीहि ] જાણ.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪)**

ઉત્થાનિકા : હવે પહેલીગાથામાં સંસાર અવસ્થામાં પણ શુદ્ધનયથી આત્મા અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ તથા અણસંયુક્ત એવા પાંચ વિશેષણોથી વિશિષ્ટ છે-જે રીતે કમલપત્ર, માટી, સમુદ્ર, સોનુ તથા ઉષ્ણતા રહિત પાણી હોય છે-તેવા શુદ્ધાત્માને કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે દેખે છે, જાણે છે,

(પ્રશ્ન) કોને (જાણે છે) ?

(ઉત્તર) શુદ્ધાત્માને (જાણે છે)

(પ્રશ્ન) કેવો જાણે છે ?

(ઉત્તર) અબદ્ધસ્પૃષ્ટ :- પાણીમાં કમલપત્રની જેમ આત્મા પણ દ્રવ્યકર્મ-નોકર્મથી સંસ્પૃષ્ટ થતો નથી. અનન્ય :- સ્થાસ, કોશ, કુશૂલ તથા ઘટ આદિ પર્યાયોમાં અનન્ય માટી દ્રવ્યની જેમ આત્મા નર, નારક આદિ પર્યાયોમાં દ્રવ્યરૂપથી અનન્ય રહે છે. નિયત :- નિસ્તરંગ તથા ઉત્તરંગ અવસ્થાઓમાં નિયત સમુદ્રની જેમ આત્મા પણ (વૃદ્ધિ હાનિરૂપ) બધી અવસ્થાઓમાં નિયત રહે છે. અવિશેષ :- ગુરુત્વ-સ્નિગ્ધત્વ-પીતત્વ આદિ ધર્મોમાં (અવિશેષ) સુવર્ણની જેમ આત્મા જ્ઞાન, દર્શન આદિ ભેદોથી રહિત અવિશેષ-અભિન્ન રહે છે. અસંયુક્ત :- ઉષ્ણતા રહિત પાણીના શીતળ સ્વભાવની જેમ નિશ્ચયથી આત્મા રાગાદિ વિકલ્પરૂપ ભાવકર્મથી રહિત અસંયુક્ત-અસંબંધી રહે છે. તે આત્માને, અભેદ નયથી શુદ્ધનયનો વિષય હોવાથી, શુદ્ધાત્માના સાધકપણે રહેલો હોવાથી, શુદ્ધ અભિપ્રાયરૂપ પરિણત હોવાથી શુદ્ધ જાણો, એવો ભાવાર્થ છે.

હવે, આ અર્થરૂપ ગાથા કહે છેઃ–

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫.**

**ગાથાર્થઃ-** [ यः ] જે પુરુષ [ आत्मानम् ] આત્માને [ अबद्धस्पृष्टम् ] અબદ્ધસ્પૃષ્ટ, [ अनन्यम् ] અનન્ય, [ अविशेषम् ] અવિશેષ ( તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુક્ત )

[ पश्यति ] દેખે છે તે [ सर्वम् जिनशासनं ] સર્વ જિનશાસનને [ पश्यति ] દેખે છે,–કે જે જિનશાસન [ [1] अपदेशसान्तमध्यं ] બાહ્ય દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫)**

ઉત્થાનિકા : હવે પૂર્વેની ગાથામાં જે શુદ્ધાત્માનુભૂતિનું કથન કર્યું છે, તે શુદ્ધાત્માનુભૂતિ જ નિર્વિકાર સ્વસંવેદનરૂપ જ્ઞાનની અનુભૂતિ છે-એમ આ બીજી ગાથામાં પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે કર્તા દેખે છે, જાણે છે, અનુભવ કરે છે.

(પ્રશ્ન) કોને (દેખે છે, જાણે છે, અનુભવ કરે છે) ?

(ઉત્તર) શુદ્ધાત્માને (દેખે છે, જાણે છે અને અનુભવ કરે છે).

(પ્રશ્ન) કેવો છે તે શુદ્ધાત્મા ?

(ઉત્તર) અબદ્ધ-સ્પૃષ્ટ (જાણે છે, દેખે છે, અનુભવ કરે છે.) અહીં અબદ્ધ શબ્દથી સંશ્લેષ (એક ક્ષેત્રાગવાહ) બંધ ગ્રાહ્ય છે તથા સ્પૃષ્ટ શબ્દથી સંયોગમાત્ર ગ્રાહ્ય છે. પાણીથી કમળપત્રની જેમ આત્મા દ્રવ્યકર્મ-નોકર્મથી અસ્પૃષ્ટ (અછૂતો) છે. પૂર્વોક્ત માટી દ્રવ્યની જેમ આત્મા નર-નારકી વિ. પર્યાયોમાં દ્રવ્યરૂપથી અનન્ય (તેનો તે) છે. પૂર્વોક્ત સોનાની જેમ આત્મા જ્ઞાન, દર્શન વિ. ભેદ, વિશેષથી રહિત છે. (અવિશેષ છે) સમુદ્રની જેમ આત્મા નિયત છે. ઉષ્ણતા રહિત પાણીના અસંયુક્ત શીતળ સ્વભાવની જેમ નિશ્ચયનયથી આત્મા પરદ્રવ્યોના સંયોગથી રહિત અસંયુક્ત છે.

(પ્રશ્ન) નિયત તેમ જ અસંયુક્ત બન્ને વિશેષણો સૂત્રમાં નથી, તો પછી અર્થમાં કેવી રીતે લેવામાં આવ્યા છે ? એવું પૂછવામાં આવતા ઉત્તર દેવામાં આવે છે કે,

સામર્થ્યવશ લેવામાં આવ્યા છે.

(પ્રશ્ન) તે કઈ રીતે (લેવામાં આવ્યા છે) ?

(ઉત્તર) સૂત્રનો અર્થ શાસ્ત્રના પ્રકરણ સામર્થ્યથી યુક્ત હોય છે. આ વચનના આધારે અર્થમાં લેવામાં આવ્યા છે.

તે પુરુષ-આત્મા દેખે છે, જાણે છે.

(પ્રશ્ન) તે શું (દેખે છે જાણે છે) ?

(ઉત્તર) સર્વ જિનશાસન (દ્વાદશાંગરૂપ જિનશાસન) અર્થસમયરૂપ જિનમતને (દેખે છે, જાણે છે) સંપૂર્ણ દ્વાદશાંગરૂપ જિનશાસનને દેખે છે જાણે છે.

(પ્રશ્ન) કેવો છે તે અનુભવ ?

(ઉત્તર) અપદેશ તેમજ સૂત્રમય છે. અપદેશ એટલે જેના દ્વારા પદાર્થ કહ્યો જાય એવા શબ્દો અપદેશ છે તથા શબ્દનો અર્થ દ્રવ્યશ્રુત છે. (આમ અપદેશનો અર્થ દ્રવ્યશ્રુત છે). સૂત્ર એટલે પરિચ્છિત રૂપ અથવા જ્ઞાનરૂપ ભાવશ્રુત અથવા જ્ઞાનમય આત્મા જ સૂત્ર છે. આ રીતે તે શબ્દ

સમય રૂપ દ્રવ્યશ્રુતથી જે વાચ્ય છે તથા જ્ઞાનસમયરૂપ ભાવશ્રુતથી જે પરિચ્છેદય છે-જ્ઞેય છે તેને અપેદેસસૂત્રમધ્યં કહેવામાં આવ્યો છે.

અહીં આ અભિપ્રાય છે કે જે રીતે મીઠાનો ટુકડો એક ક્ષારરસમય હોવા છતાં અજ્ઞાનીઓને ફળશાક તથા પત્રશાક વિ. પરદ્રવ્યના સંયોગથી અલગ અલગ સ્વાદવાળો જણાય છે. પરંતુ જ્ઞાનીઓને તે મીઠાનો ટુકડો એક ખારા રસવાળો જ અનુભવમાં આવે છે. તે રીતે આત્મા પણ અખંડ એક જ્ઞાનસ્વભાવરૂપ હોવા છતાં પણ નિર્વિકલ્પ સમાધિથી ભ્રષ્ટ અજ્ઞાનીઓને સ્પર્શ-રસ-ગંધ-શબ્દ-વાદળી, પીળા વિ. વર્ણરૂપ જ્ઞેય પદાર્થોના વિષયભેદથી ખંડ ખંડ જ્ઞાનરૂપ (અનેકાકાર) પ્રતિત થાય છે અને જ્ઞાનીઓને તે જ આત્મા અખંડ-કેવળજ્ઞાન સ્વરૂપ જ પ્રતિત થાય છે. આ કારણથી અખંડ જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનો અનુભવ થવાથી સંપૂર્ણ જિનશાસનનું જ્ઞાન થઈ જાય છે. એવું માનીને સમસ્ત મિથ્યાત્વ રાગાદિના ત્યાગ દ્વારા તે શુદ્ધ આત્માની ભાવના કરવી જોઈએ. અહીં વિશેષ એ છે કે મિથ્યાત્વ શબ્દથી દર્શનમોહ અને રાગાદિ શબ્દથી ચારિત્રમોહ-એમ સર્વત્ર જાણવું જોઈએ.

**તાત્પર્યવૃત્તિ અતિરિક્ત ગાથા - ક્રમાંક - ૩**

ઉત્થાનિકા : હવે ત્રીજી ગાથામાં નિરૂપણ કરે છે કે શુદ્ધાત્મભાવનાના હોવા પર સમ્યગ્જ્ઞાન (સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર) વિ. સર્વેની પ્રાપ્તિ થાય છે.

ગાથાર્થ : નિશ્ચયથી મારા જ્ઞાનમાં આત્મા છે, મારા દર્શન અને ચારિત્રમાં આત્મા છે, પ્રત્યાખ્યાનમાં આત્મા છે તથા મારા સંવર અને યોગમાં આત્મા છે.

તાત્પર્યવૃત્તિ અનુવાદ : શુદ્ધાત્મા નિશ્ચયથી મારો છે.

(પ્રશ્ન) કયા વિષયમાં મારો શુદ્ધાત્મા છે ?

(ઉત્તર) સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર, પ્રત્યાખ્યાન, સંવર અને યોગ-આ બધામાં મારો શુદ્ધાત્મા છે.

(પ્રશ્ન) યોગ શબ્દનો શું અર્થ છે ?

(ઉત્તર) નિર્વિકલ્પ સમાધિમાં, પરમ સામાયિકમાં, પરમ ધ્યાનમાં-આ બધાનો એક જ ભાવ છે. ભોગ, આકાંક્ષા, નિદાન, બંધ, શલ્ય વિ. ભાવથી રહિત સ્વશુદ્ધાત્માનું ધ્યાન કરવાથી સર્વ સમ્યક્જ્ઞાનાદિકની પ્રાપ્તિ થાય છે. આ રીતે શુદ્ધનયના કથનની મુખ્યતાથી પ્રથમ સ્થાનમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે, દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સાધકભાવ છે એમ ગાથામાં કહે છેઃ–

**દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચયદૃષ્ટિમાં. ૧૬.**

**ગાથાર્થ:-** [ साधुना ] **સાધુ પુરુષે** [ दर्शनज्ञानचरित्राणि ] **દર્શન, જ્ઞાન અને ચારિત્ર** [ नित्यम् ] **સદા** [ सेवितव्यानि ] **સેવવાયોગ્ય છે;** [ पुनः ] **વળી** [ तानि त्रीणि अपि ] **તે ત્રણેને** [ निश्चयतः ] **નિશ્ચયનયથી** [ आत्मानं च एव ] **એક આત્મા જ** [ जानीहि ] **જાણો.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬)**

ઉત્થાનિકા : અહીંથી આગળ ભેદાભેદરત્નત્રયની મુખ્યતાથી ત્રણ ગાથાઓ કહેવામાં આવે છે તે આ રીતે-પહેલી ગાથામાં પૂર્વાર્ધ દ્વાર ભેદરત્નત્રયની ભાવનાનું અને ઉત્તરાર્ધ દ્વારા અભેદરત્નત્રયની ભાવનાનું કથન કર્યું છે.

તાત્પર્યવૃત્તિ : વ્યવહારનયથી સાધુ પુરુષને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રનું નિત્ય, હર સમયે સેવન કરવું યોગ્ય છે. અને પછી એ ત્રણેયને પણ જાણો. શુદ્ધાત્મા જ જાણો. નિશ્ચય અથવા શુદ્ધનિશ્ચયથી જાણો. અહીં એ આશય છે કે પંચેન્દ્રિય વિષય તથા ક્રોધાદિ કષાયોથી રહિત નિર્વિકલ્પ સમાધિમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેય છે.

હવે આ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતપૂર્વક કહે છે.

હવે, આ જ પ્રયોજનને બે ગાથાઓમાં દૃષ્ટાંતથી કહે છેઃ–

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**
**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

**ગાથાર્થ:-** [ यथा नाम ] **જેમ** [ कः अपि ] **કોઈ** [ अर्थार्थिकः पुरुषः ] **ધનનો અર્થી પુરુષ** [ राजानं ] **રાજાને** [ ज्ञात्वा ] **જાણીને** [ श्रद्दधाति ] **શ્રદ્ધા કરે છે** [ ततः पुनः ] **ત્યાર બાદ** [ तं प्रयत्नेन अनुचरति ] **તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે અર્થાત્ તેની સુંદર રીતે સેવા કરે છે,** [ एवं हि ] **એવી જ રીતે** [ मोक्षकामेन ] **મોક્ષની ઈચ્છાવાળાએ** [ जीवराजः ] **જીવરૂપી રાજાને** [ ज्ञातव्यः ] **જાણવો,** [ पुनः च ] **પછી** [ तथा एव ] **એ રીતે જ** [ श्रद्धातव्यः ] **તેનું શ્રદ્ધાન કરવું** [ तु च ] **અને ત્યાર બાદ** [ स एव अनुचरितव्यः ] **તેનું જ અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭-૧૮)**

ઉત્થાનિકા : હવે ઉપર્યુક્ત ભેદાભેદ રત્નત્રયની ભાવનાને દૃષ્ટાંત અને દાષ્ટાંત વડે આગળ બે ગાથાઓથી સ્પષ્ટ કરીને બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જેમ અહીં આ સ્પષ્ટ છે કે કોઈ પણ પુરુષ રાજાને છત્ર, ચામર આદિ રાજચિન્હો દ્વારા જાણીને શ્રદ્ધાન કરે છે કે આ જ રાજા છે-એમ નિશ્ચિત કરે છે, ત્યારબાદ જ્ઞાન શ્રદ્ધાનના પછી

તે રાજાનું અનુસરણ કરે છે-આશ્રય લઈને સેવા કરે છે.

(પ્રશ્ન) કેવો થકો થયો (સેવા કરે છે) ?

(ઉત્તર) ધનાર્થી અથવા જીવિતાર્થી થઈને (સેવા કરે છે). પ્રયત્નપૂર્વક સર્વપ્રકારથી સેવા કરે છે. આ પ્રકારે દૃષ્ટાંત ગાથા સમાપ્ત થઈ.

આ પ્રકારથી સ્પષ્ટરૂપથી શુદ્ધ જીવરાજા પણ (નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનના દ્વારા) જાણવા યોગ્ય છે. તેવી રીતે આ પણ નિત્યાનંદ એક સ્વભાવવાળો, રાગાદિથી રહિત શુદ્ધાત્મા છે એવો નિશ્ચય-નિર્ણય કરવો જોઈએ. નિર્વિકલ્પ (સમાધિ દ્વારા) અનુભવ કરવા યોગ્યછે, અનુસરણ કરવા યોગ્ય છે. પુનઃ તે જ શુદ્ધાત્માનું પશ્ચાત્ મોક્ષની ઈચ્છાવાળા એ (મોક્ષના પ્રયોજનથી) તેનું અનુસરણ કરવા યોગ્ય છે.

અહીં આ આશય છે કે ભેદ-અભેદ રત્નત્રયની ભાવના રૂપ પરમાત્માના ચિંતનથી પણ આપણી બધી સિદ્ધિ થઈ જાય છે. તો પછી વિશેષ શુભાશુભ વિકલ્પજાળથી શું પ્રયોજન છે ? અર્થાત્ કંઈ પણ પ્રયોજન નથી. આ પ્રકારે ભેદ-અભેદ રત્નત્રયના વ્યાખ્યાનની મુખ્યતાથી બીજા સ્થળમાં ત્રણ ગાથાઓ સમાપ્ત થઈ.

વળી ફરી પૂછે છે કે આ આત્મા કેટલા વખત સુધી ( ક્યાં સુધી ) અપ્રતિબુદ્ધ છે તે કહો. તેના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છેઃ–

**નોકર્મ-કર્મે ' હું ', હુંમાં વળી ' કર્મ ને નોકર્મ છે ',**
**-એ બુદ્ધિ જ્યાં લગી જીવની, અજ્ઞાની ત્યાં લગી તે રહે. ૧૯.**

**ગાથાર્થઃ-** [ यावत् ] જ્યાં સુધી આ આત્માને [ कर्मणि ] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ [ च ] અને [ नोकर्मणि ] શરીર આદિ નોકર્મમાં [ अहं ] ' આ હું છું ' [ च ] અને [ अहकं कर्म नोकर्म इति ] હુંમાં ( –આત્મામાં ) ' આ કર્મ–નોકર્મ છે '– [ एषा खलु बुद्धिः ] એવી બુદ્ધિ છે, [ तावत् ] ત્યાં સુધી [ अप्रतिबुद्धः ] આ આત્મા અપ્રતિબુદ્ધ [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯)**

ઉત્થાનિકા : હવે સ્વતંત્ર વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ કહેવામાં આવે છે. તે આ પ્રકારે છે-જ્યાં સુધી જીવને સ્વ તથા પરનું ભેદવિજ્ઞાન નથી, ત્યાં સુધી તે અજ્ઞાની રહે છે, પરંતુ કેટલા કાળ સુધી અજ્ઞાની રહે છે, તેની ખબર નથી-એમ પૂછવામાં આવતા પ્રથમ ગાથાથી પ્રત્યુતર આપે છે.

તાત્પર્યવૃત્તિ : જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મમાં આ હું છું, મારામાં આ કર્મ-નોકર્મ છે એવી પ્રતીતિ જેવી રીતે ઘટમાં વર્ણ આદિ ગુણ છે તથા ઘટાકાર પરિણિત પુદ્ગલ સ્કંધ છે અને વર્ણ આદિકમાં ઘટ છે તે પ્રકારે અભેદથી (પ્રતીતિ થાય છે). જ્યાં સુધી આ (રીતે) પ્રત્યક્ષરૂપ વાસ્તવમાં એકત્વ બુદ્ધિ છે, તેવી રીતે કર્મ-નોકર્મ સાથે શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ

નિજ પરમાત્મ દ્રવ્યની (જેને) એકત્વ બુદ્ધિ છે, તો (તે) અપ્રતિબુદ્ધ-સ્વાનુભૂતિ રહિત બહિરાત્મા હોય છે, અહીં ભેદવિજ્ઞાન જેનું મૂળ છે એવી શુદ્ધ આત્માનુભૂતિ સ્વયંબુદ્ધની અપેક્ષાએ સ્વયં તથા બોધિતબુદ્ધની અપેક્ષાએ પરના ઉપદેશના નિમિત્તથી જે આત્મા પ્રાપ્ત કરે છે, તે આત્મા દર્પણમાં ઝલકવાવાળા જ્ઞેયોથી નિર્વિકાર દર્પણની જેમ શુભાશુભ-બાહ્ય દ્રવ્યોમાં વિદ્યમાન હોવા છતાં નિર્વિકાર રહે છે, એવો ભાવાર્થ છે.

**તાત્પર્યવૃત્તિ અતિરિક્ત ગાથા ક્રમાંક - ૪**

ઉત્થાનિકા : હવે શુદ્ધ જીવમાં જ્યારે આત્માનું રાગાદિ રહિત પરિણામ થાય છે, ત્યારે મોક્ષ થાય છે તથા અજીવ દેહાદિમાં જ્યારે રાગાદિ પરિણામ થાય, ત્યારે આત્માને બંધ થાય છે-એમ કહે છે.

ગાથાર્થ : વર્તમાનકાળમાં શુદ્ધ પારિણામિકભાવમાં અથવા શરીરાદિ અનાત્મામાં જ્યાં ઉપયોગ-યુક્ત છે ત્યાં જ મોક્ષ અથવા બંધ છે એમ સંક્ષેપમાં સર્વજ્ઞ ભગવાને નિર્દિષ્ટ કર્યું છે.

તાત્પર્યવૃત્તિ : શુદ્ધ જીવમાં અથવા દેહાદિમાં વર્તમાનકાળમાં જ્યાં ઉપયોગ યુક્ત લીન થાય છે તન્મય કે ઉપાદેય બુદ્ધિથી પરિણિત થાય છે, ત્યાં જ અજીવમાં કે જીવમાં (એટલે કે) અજીવ દેહાદિમાં તન્મય હોવાથી બંધ તથા શુદ્ધાત્મામાં તન્મય હોવાથી મોક્ષ થાય છે-સંક્ષેપમાં સર્વજ્ઞ ભગવંતો એ આમ કહ્યું છે. અહીં એમ જાણીને સહજાનંદ એક સ્વભાવી નિજ આત્મામાં રતિ-લીનતા કરવી જોઈએ. તથા તેનાથી વિપરીત પરદ્રવ્યમાં વિરતિ કરવી જોઈએ. એવો આશય છે.

**તાત્પર્યવૃત્તિ અતિરિક્ત ગાથા - ૫**

હવે અશુદ્ધ નિશ્ચય નયથી આત્મા રાગાદિ ભાવકર્મનો કર્તા છે તથા અનુપરિચિત અસદ્ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મોનો કર્તા છે એમ કહે છે.

ગાર્થાર્થ : નિશ્ચયનયથી આત્મા જે ભાવને કરે છે તે આત્મા તે ભાવનો કર્તા થાય છે. વ્યવહારનયથી પુદ્ગલકર્મનો કર્તા છે.

તાત્પર્યવૃત્તિ : જે આત્મા જે રાગાદિ ભાવને કરે છે, તે એ ભાવ કે પરિણામનો કર્તા થાય છે. અશુદ્ધ નિશ્ચયથી અશુદ્ધ ભાવોનો તથા શુદ્ધનિશ્ચયથી શુદ્ધ ભાવોનો કર્તા થાય છે. અ પ્રકારે ભાવોનું પરિણમન જ કર્તૃત્વ છે. અનુપરિચિત અસદ્ભૂત વ્યવહારનયથી પુદ્ગલ દ્રવ્યકર્મ આદિનો કર્તા છે.

(પ્રશ્ન) 'કર્તારં' એ (દ્વિતીય વિભક્તિરૂપ) કર્મપદ છે, તેનો પ્રયોગ કર્તા (પ્રથમ વિભક્તિ રૂપ) કર્તુપદના અર્થમાં કયા પ્રકારે કરવામાં આવ્યો છે ?

(તેનો ઉત્તર છે)- 'પ્રાકૃત ભાષામાં ક્યારેક-ક્યારેક કારક વ્યભિચાર અને લિંગ વ્યભિચાર જોવામાં આવે છે' અહીં રાગાદિને કર્તા જીવ છે અમે કહેવામાં આવ્યું છે તથા તે રાગાદિ સંસારનું કારણ છે, તેથી સંસારથી ભયભીત મોક્ષાર્થીના દ્વારા સમસ્ત રાગાદિ વિભાવોથી રહિત, શુદ્ધ-દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ નિજ પરમાત્મામાં ભાવના કરવી જોઈએ-એવો અભિપ્રાય છે-આ રીતે

સ્વતંત્ર વ્યાખ્યાનની મુખ્યતાથી તૃતિય સ્થળમાં ત્રણ ગાથાઓ સમાપ્ત થઈ. ॥ ૨૪ ॥

ટીપ : અતિરિક્તિ ગાથા ૫ આચાર્ય અમૃતચંદ્રની આત્મખ્યાતિની ગાથા ક્રમાંક ૯૧ તથા ૧૨૬ સાથે અથવા આચાર્ય જયસેનની તાત્પર્યવૃત્તિ ગાથા ક્રમાંક ૯૮ તથા ૧૩૪ થી લગભગ મળતી આવે છે.

**હું આ અને આ હું, હું છું આનો અને છે મારું આ,**
**જે અન્ય કો પરદ્રવ્ય મિશ્ર, સચિત્ત અગર અચિત્ત વા; ૨૦.**
**હતું મારું આ પૂર્વે, હું પણ આનો હતો ગતકાળમાં,**
**વળી આ થશે મારું અને આનો હું થઈશ ભવિષ્યામાં; ૨૧.**
**અયથાર્થ આત્મવિકલ્પ આવો, જીવ સંમૂઢ આચરે;**
**ભૂતાર્થને જાણેલ જ્ઞાની એ વિકલ્પ નહીં કરે. ૨૨.**

**ગાથાર્થ**:- [ अन्यत् यत् परद्रव्यं ] જે પુરુષ પોતાથી અન્ય જે પરદ્રવ્ય– [ सचित्ताचित्तमिश्रं वा ] સચિત્ત સ્ત્રીપુત્રાદિક, અચિત્ત ધનધાન્યાદિક અથવા મિશ્ર ગ્રામનગરાદિક– તેને એમ સમજે કે [ अहं एतत् ] હું આ છું, [ एतत् अहम् ] આ દ્રવ્ય મુજ–સ્વરૂપ છે, [ अहम् एतस्य अस्मि ] હું આનો છું, [ एतत् मम अस्ति ] આ મારું છે, [ एतत् मम पूर्वेम् आसीत् ] આ મારું પૂર્વે હતું, [ एतस्य अहम् अपि पूर्वम् आसम् ] આનો હું પણ પૂર્વે હતો, [ एतत् मम पुनः भविष्यति ] આ મારું ભવિષ્યમાં થશે, [ अहम् अपि एतस्य भविष्यामि ] હું પણ આનો ભવિષ્યમાં થઈશ, – [ एतत् तु असद्भूतम् ] આવો જૂઠો [ आत्मविकल्पं ] આત્મવિકલ્પ [ करोति ] કરે છે તે [ सम्मूढः ] મૂઢ છે, મોહી છે, અજ્ઞાની છે; [ तु ] અને જે પુરુષ [ भूतार्थं ] પરમાર્થ વસ્તુસ્વરૂપને [ जानन् ] જાણતો થકો [ तम् ] એવો જૂઠો વિકલ્પ [ न करोति ] નથી કરતો તે [ असम्मूढः ] મૂઢ નથી, જ્ઞાની છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા ક્રમાંક (આત્મખ્યાતિ ગાથા - ૨૦ થી ૨૨)**

ઉત્થાનિકા : જેવી રીતે કોઈ અજ્ઞાની અગ્નિ ઈંધણ છે, ઈંધણ અગ્નિ છે, અગ્નિ (પહેલા) ઈંધણ હતી, ઈંધણ પહેલા અગ્નિ હતી, (ભવિષ્યમાં) અગ્નિ ઈંધણ થશે, ઈંધણ અગ્નિ થશે-એમ કહે છે, તેવી રીતે કોઈ ત્રણે કાળમાં પણ દેહ, રાગાદિ પરદ્રવ્યને નિજાત્મામાં જોડે છે, તે અપ્રતિબુદ્ધ, બહિરાત્મા અથવા મિથ્યાજ્ઞાની હોય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : હું આ પરદ્રવ્ય છુ, આ પરદ્રવ્ય મારા રૂપ છે. હું તેનો (પરદ્રવ્યનો) સંબંધી છું, આ 'પરદ્રવ્ય' મારું સંબંધી છે,

(પ્રશ્ન) (તે પર દ્રવ્ય કોણ છે ) ?

(ઉત્તર) દેહથી અન્ય જે ભિન્ન પુત્ર, કલત્ર આદિ (છે તે) પરદ્રવ્ય છે.

સચેત, અચેત તથા મિશ્ર ત્રણ પ્રકારના પરદ્રવ્ય છે. જેમાં ગૃહસ્થની અપેક્ષા સ્ત્રી આદિ સચેત, સુવર્ણાદિ અચેત અને આભરણ સહિત સ્ત્રી આદિ મિશ્ર પરદ્રવ્ય છે. તથા તપોધનની અપેક્ષા શિષ્યાદિ સચેત, પિચ્છી-કમંડળ-પુસ્તક આદિ અચેત તથા ઉપકરણ સહિત શિષ્યાદિ મિશ્ર પરદ્રવ્ય છે, અથવા કર્મની અપેક્ષા રાગાદિ ભાવકર્મ સચેત, દ્રવ્યકર્માદિ અચેત તથા દ્રવ્યકર્મ અને ભાવકર્મ બન્ને મિશ્ર પરદ્રવ્ય છે, અથવા વિષય કષાય રહિત નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત પુરુષની અપેક્ષા સિદ્ધ પરમેષ્ઠિનું સ્વરૂપ સચેત છે. પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યરૂપ અચેત છે તથા ગુણસ્થાન-જીવસ્થાનમાર્ગણાસ્થાન આદિરૂપ પરિણિત સંસારી જીવ સ્વરૂપ મિશ્ર છે, આ પ્રકારે વર્તમાનકાળની અપેક્ષાથી ગાથા સમાપ્ત થઈ.

આ બધા મારા પહેલા હતાં. હું પૂર્વકાળમાં તેમનો હતો. આગળ એ મારા થશે ને હું પણ આગળ તેમનો થઈશ. આ પ્રકારે ભૂતકાળ તથા ભવિષ્યકાળની અપેક્ષા (વાળી) ગાથા સમાપ્ત થઈ. આ પ્રકારના પરદ્રવ્ય સંબંધી ત્રણે કાળના મિથ્યા આત્મવિકલ્પ અસદ્‌ભૂત વિકલ્પ કરે છે. તે મિથ્યા આત્મવિકલ્પ-અશુદ્ધ નિશ્ચયનયથી જીવના પરિણામ છે, અજ્ઞાની બહિરાત્મા (તે આત્મવિકલ્પોને) કરે છે, પરંતુ ભૂતાર્થ અથવા નિશ્ચયને જાણતો થકો જ્ઞાની ત્રણકાળ સંબંધી મિથ્યા વિકલ્પ નથી કરતો. તે સમ્યગ્દ્રષ્ટિ અંતરઆત્મા જ્ઞાની ભેદ-એભદ રત્નત્રય ભાવનામાં રત રહે છે.

હજુ વધુ વિશેષ કહે છે. જે પ્રકારે કોઈ પણ અજ્ઞાની ત્રણે કાળમાં નિશ્ચય એકાંતના અભેદ કથનથી અગ્નિ ઈંધણ છે, ઈંધણ અગ્નિ છે એમ કહે છે, તે પ્રકારે દેહ.રાગાદિ પરદ્રવ્યરૂપ હું છું, પૂર્વમાં પણ હું પરદ્રવ્યરૂપ હતો અથવા ભવિષ્યમાં પણ હું પરદ્રવ્યરૂપ હોઈશ. એમ જે કહે છે તે અજ્ઞાની બહિરાત્મા છે. તેનાથી વિપરીત જ્ઞાની-સમ્યગ્દ્રષ્ટિ-અંતરાત્મા છે-આ પ્રકારે અજ્ઞાની તેમજ જ્ઞાની જીવના લક્ષણને જાણીને, નિર્વિકાર સ્વસંવેદન લક્ષણરૂપ ભેદજ્ઞાનમાં સ્થિત થઈને ભાવના કરવી જોઈએ. આ ભાવનાને જ દ્રઢ કરીએ છીએ. જેમ કોઈ રાજાનો સેવક પુરુષ રાજાના શત્રુઓ સાથે સંપર્ક રાખતો થકો રાજાનો આરાધક-અનુયાયી નથી. એ પ્રકારે પરમાત્માની આરાધના કરવાવાળો પુરુષ તેના વિરોધી મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણમન કરવાવાળા આત્માનો આરાધક નથી એવો આશય છે-આ પ્રકારે અપ્રતિબુદ્ધના લક્ષણ કથન દ્વારા ચતુર્થ સ્થાનમાં ત્રણ ગાથાઓ સમાપ્ત થઈ.

હવે અપ્રતિબુદ્ધને સમજાવવા માટે પ્રયત્ન કરે છેઃ–

**અજ્ઞાનથી મોહિતમતિ બહુભાવસંયુત જીવ જે,**
**“આ બદ્ધ તેમ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્ય મારું” તે કહે. ૨૩.**
**સર્વજ્ઞજ્ઞાનવિષે સદા ઉપયોગલક્ષણ જીવ જે,**

**તે કેમ પુદ્‌ગલ થઇ શકે કે ' મારું આ ' તું કહે અરે ! ૨૪.**
**જો જીવ પુદ્‌ગલ થાય, પામે પુદ્‌ગલો જીવત્વને,**
**તું તો જ એમ કહી શકે ' આ મારું પુદ્‌ગલદ્રવ્ય છે '. ૨૫.**

**ગાથાર્થઃ-** [ अज्ञानमोहितमतिः ] જેની મતિ અજ્ઞાનથી મોહિત છે [ बहुभाव–संयुक्तः ] અને જે મોહ, રાગ, દ્વેષ આદિ ઘણા ભાવોથી સહિત છે એવો [ जीवः ] જીવ [ भणति ] એમ કહે છે કે [ इदं ] આ [ बद्धम् तथा च अबद्धं ] શરીરાદિ બદ્ધ તેમ જ ધનધાન્યાદિ અબદ્ધ [ पुद्‌गलं द्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્ય [ मम ] મારું છે. આચાર્ય કહે છેઃ [ सर्वज्ञज्ञानदृष्टः ] સર્વજ્ઞના જ્ઞાન વડે દેખવામાં આવેલો જે [ नित्यम् ] સદા [ उपयोगलक्षणः ] ઉપયોગલક્ષણવાળો [ जीवः ] જીવ છે [ सः ] તે [ पुद्‌गलद्रव्योभूतः ] પુદ્‌ગલદ્રવ્યરૂપ [ कथं ] કેમ થઈ શકે [ यत् ] કે [ भणसि ] તું કહે છે કે [ इदं मम ] આ પુદ્‌ગલદ્રવ્ય મારું છે ? [ यदि ] જો [ सः ] જીવદ્રવ્ય [ पुद्‌गलद्रव्यीभूतः ] પુદ્‌ગલદ્રવ્યરૂપ થઈ જાય અને [ इतरत् ] પુદ્‌ગલદ્રવ્ય [ जीवत्वम् ] જીવપણાને [ आगतम् ] પામે [ तत् ] તો [ वक्तुं शक्तः ] તું કહી શકે [ यत् ] કે [ इदं पुद्‌गलं द्रव्यम् ] આ પુદ્‌ગલદ્રવ્ય [ मम ] મારું છે. ( પણ એવું તો થતું નથી. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩ થી ૨૫)**

ઉત્થાનિકા : હવે અપ્રતિબુદ્ધ-અજ્ઞાનીને સમજાવવાનો ઉદ્યમ કરે છે.

તાત્પર્યવૃત્તિ ટીકા ૨૮ : અજ્ઞાની ઈત્યાદિનું વ્યાખ્યાન કરવામાં આવે છે અજ્ઞાનથી મોહિત બુદ્ધિવાળો જીવ પુદ્‌ગલ દ્રવ્યને આ પુદ્‌ગલ મારું છે એમ કહે છે. કેવી રીતે પુદ્‌ગલદ્રવ્યને મારું કહે છે ? દેહથી સંબધ તથા દેહથી ભિન્ન પુત્ર-સ્ત્રી આદિ અબદ્ધ પુદ્‌ગલદ્રવ્યોને મારા કહે છે, તથા જીવદ્રવ્યમાં મિથ્યાત્વ રાગાદિ અનેક ભાવોથી સંયુક્ત-સહિત (માનતો) અજ્ઞાની જીવ દેહ, પુત્ર સ્ત્રી આદિ પરદ્રવ્યને આ મારું છે એમ કહે છે. આ પ્રકારે પ્રથમ ગાથા સમાપ્ત થઈ.

ઉત્થાનિકા ગાથા ૨૯ : હવે આ બહિરાત્માને સંબોધન કરવામાં આવે છે. દુરાત્મન્ ! સર્વજ્ઞના જ્ઞાનમાં જીવ પદાર્થ જોવામાં આવ્યો છે. કેવો જોવામાં આવ્યો છે ? જીવ પદાર્થ હંમેશા કેવળ જ્ઞાનદર્શન ઉપયોગ લક્ષણ (વાળો) નિત્ય-સર્વકાળ છે.

(પ્રશ્ન) કેવો છે તે જીવ ?

(ઉત્તર) પુદ્‌ગલ દ્રવ્યને કોઈ પણ પ્રકારે પ્રાપ્ત નથી થતો કે જેનાથી તું "આ પુદ્‌ગલ દ્રવ્ય મારું છે" એમ કહી શકે. આ પ્રકારે બીજી ગાથા સમાપ્ત થઈ.

તાત્પર્યવૃત્તિ ગાથા ૩૦ : અગર આ જીવ પુદ્‌ગલદ્રવ્ય પ્રાપ્ત થઈ જાય, જીવ અને જીવત્વને પુદ્‌ગલ શરીર પ્રાપ્ત કરી લ્યે તો કહી શકાય કે આ કારણથી પુદ્‌ગલ દ્રવ્ય મારું છે. પરંતુ એવું તો થતુ નથી. વર્ષાઋતુમાં મીઠુ ઓગળીને પાણીરૂપ થાય છે તથા ગ્રીષ્મઋતુમાં તે જ પાણી મીઠાનો ગાંગડો થાય છે. એવી રીતે અગર જીવ દ્રવ્ય ચૈતન્યપણાને છોડીને પુદ્‌ગલદ્રવ્યરૂપ પરિણમન કરે

અને પુદ્‌ગલ દ્રવ્ય મૂર્તિકપણા તેમજ અચેતનપણાને છોડીને ચૈતન્યપણે અને અમૂર્તિકપણે પરિણમ કરે, તો તારું વચન સત્ય થાય. પરંતુ હે દૂરાત્મન ! એ પ્રકારે થતું નથી, કેમકે (એવું થવામાં) પ્રત્યક્ષરૂપથી વિરોધ દેખાય છે. આથી જીવદ્રવ્ય દેહથી ભિન્ન, અમૂર્તિક, શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ સિદ્ધ છે. આ પ્રકારે દેહ અને આત્માના ભેદજ્ઞાનને જાણીને મોહના ઉદયથી ઉત્પન્ન થવાવાળી સમસ્ત વિકલ્પજાળનો ત્યાગ કરી નિર્વિકાર ચૈતન્ય ચમત્કાર માત્ર નિજ પરમાત્મ તત્ત્વમાં ભાવના કરવી જોઈએ એવો અભિપ્રાય છે. આ પ્રકારે અપ્રતિબુદ્ધ-અજ્ઞાનીને સંબોધન કરવા માટે પાંચમા સ્થાનમાં ત્રણ ગાથાઓ સમાપ્ત થઈ.

હવે અપ્રતિબુદ્ધ જીવ કહે છે તેની ગાથા કહે છેઃ–

**જો જીવ હોય ન દેહ તો આચાર્ય-તીર્થંકરતણી**
**સ્તુતિ સૌ ઠરે મિથ્યા જ, તેથી એકતા જીવ-દેહની ! ૨૬.**

**ગાથાર્થઃ**- અપ્રતિબુદ્ધ કહે છે કેઃ [ यदि ] જો [ जीवः ] જીવ છે તે [ शरीरं न ] શરીર નથી તો [ तीर्थकराचार्यसंस्तुतिः ] તીર્થંકર અને આચાર્યોની સ્તુતિ કરી છે તે [ सर्वा अपि ] બધીયે [ मिथ्या भवति ] મિથ્યા ( જૂઠી ) થાય છે; [ तेन तु ] તેથી અમે સમજીએ છીએ કે [ आत्मा ] આત્મા તે [ देहः च एव ] દેહ જ [ भवति ] છે.

**ટીકાઃ**- જે આત્મા છે તે જ પુદ્‌ગલદ્રવ્યસ્વરૂપ આ શરીર છે. જો એમ ન હોય તો તીર્થંકર–આચાર્યોની જે સ્તુતિ કરવામાં આવી છે તે બધી મિથ્યા થાય. તે સ્તુતિ આ પ્રમાણે છેઃ–

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬)**

ઉત્થાનિકા : હવે પૂર્વપક્ષના નિરાકરણ હેતુ આઠ ગાથાઓ કહી છે. ત્યાં પ્રથમ ગાથામાં પુર્વપક્ષનું કથન છે, તેનું નિરાકરણ નિશ્ચય વ્યવહારના સમર્થનરૂપથી ચાર ગાથાઓમાં છે તથા ત્રણ ગાથાઓમાં નિશ્ચયસ્તુતિ રૂપથી નિરાકારણ છે. આ પ્રકારે છઠ્ઠા સ્થાનમાં સમૂહરૂપ પીઠિકા છે. હવે, સર્વ પ્રથમ જો જીવ અને શરીરનું એકપણું નથી, ત્યારે તો તીર્થંકર, આચાર્યની સ્તુતિ નિરર્થક છે એમ અપ્રતિબુદ્ધ અજ્ઞાનીનો પૂર્વપક્ષ છે.

તાત્પર્યવૃત્તિ : હે ભગવન્ ! જો જીવ શરીર નથી તો બે તીર્થંકર કુંદપુષ્પની જેમ લાલ, બે ચંદ્રમાં-બરફની જેમ સફેદ વર્ણવાળા છે. ઈત્યાદિ તીર્થંકરની સ્તુતિ તથા દેશ, કુળ તથા જાતિથી શુદ્ધ વિ. આચાર્યોની સ્તુતિ બધું જ મિથ્યા થઈજશે. તેથી 'આત્મા શરીર છે' એવી મારી એકાંતરૂપથી માન્યતા છે. આ પ્રકારે પૂર્વપક્ષની ગાથા સમાપ્ત થઈ.

**જીવ-દેહ બન્ને એક છે-વ્યવહારનયનું વચન આ;**
**પણ નિશ્ચયે તો જીવ-દેહ કદાપિ એક પદાર્થના. ૨૭.**

**ગાથાર્થઃ-** [ व्यवहारनयः ] **વ્યવહારનય તો** [ भाषते ] **એમ કહે છે કે** [ जीवः देहः च ] **જીવ અને દેહ** [ एकः खलु ] **એક જ** [ भवति ] **છે;** [ तु ] **પણ** [ निश्चयस्य ] **નિશ્ચયનયનું કહેવું છે કે** [ जीवः देहः च ] **જીવ અને દેહ** [ कदा अपि ] **કદી પણ** [ एकार्थः ] **એક પદાર્થ** [ न ] **નથી.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭)**

ઉત્થાનિકા : (આચાર્ય દેવ ઉત્તર આપે છે) હે શિષ્ય તે જે કહ્યું તે સાચું નથી કેમકે નિશ્ચય-વ્યવહાર નયમાં પરસ્પર સાધ્ય સાધકભાવ છે. તેને તું નથી જાણતો.

તાર્પ્યવૃત્તિ : વ્યવહાર નય કહે છે.

શું કહે છે ?

કે જીવ અને શરીર એક જ છે.

પરંતુ નિશ્ચયનયના અભિપ્રાયથી જીવ અને શરીર કોઈ પણ કાળે એક પદાર્થ નથી. જેવી રીતે સોના અને ચાંદીની મળેલી અવસ્થામાં વ્યવહારનયથી એક હોવા છતાં પણ નિશ્ચયનયથી ભિન્ન છે. તેવી જ રીતે જીવ અને શરીર જુદા છે. એવો ભાવાર્થ છે. એટલા માટે વ્યવહારનયથી દેહના સ્તવનથી આત્માનું સ્તવન માનવું યોગ્ય છે. એમાં દોષ નથી.

આ જ વાત હવેની ગાથામાં કહે છેઃ–

**જીવથી જુદા પુદ્‌ગલમયી આ દેહને સ્તવીને મુનિ**
**માને પ્રભુ કેવળીતણું વંદન થયું, સ્તવના થઈ. ૨૮.**

**ગાથાર્થઃ-** [ जीवात् अन्यत् ] **જીવથી ભિન્ન** [ इदम् पुद्गलमयं देहं ] **આ પુદ્‌ગલમય દેહની** [ स्तुत्वा ] **સ્તુતિ કરીને** [ मुनिः ] **સાધુ** [ मन्यते खलु ] **એમ માને છે કે** [ मया ] **મેં** [ केवली भगवान् ] **કેવળી ભગવાનની** [ स्तुतः ] **સ્તુતિ કરી,** [ वन्दितः ] **વંદના કરી.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮)**

ઉત્થાનિકા : આ જ વાતને ફરી સ્પષ્ટ કરે છે.

તાત્પર્યવૃત્તિ : આનાથી ભિન્ન અન્ય અર્થાત્ જીવથી ભિન્ન પુદ્‌ગલમય દેહની સ્તુતિ કરીને મુનિ વ્યવહારથી માને છે કે મે કેવળી ભગવાનની સ્તુતિ કે વંદના કરી. જેવી રીતે સોના ચાંદીના એક (સંયોગમાં ભેગા થયા) થવાથી વ્યવહારથી સોનુ સફેદ છે એમ કહે છે પરંતુ નિશ્ચયથી (સોનુ સફેદ) નથી. તેવી જ રીતે કેવળી ભગવાન સફેદ, લાલ કમળના રંગ વાળા (જેવા) છે. વિગેરે દેહના સ્તવન કરવા પર વ્યવહારનયે એ આત્માનું સ્તવન થાય છે પરંતુ નિશ્ચયનયથી (તે આત્માનું) સ્તવન નથી, એમ તાત્પર્ય છે.

ઉપરની વાતને ગાથાથી કહે છેઃ–

**પણ નિશ્ચયે નથી યોગ્ય એ, નહિ દેહગુણ કેવળીતણા;**
**જે કેવળીગુણને સ્તવે પરમાર્થ કેવળી તે સ્તવે. ૨૯.**

**ગાથાર્થઃ-** [ तत् ] તે સ્તવન [ निश्चये ] **નિશ્ચયમાં** [ न युज्यते ] **યોગ્ય નથી** [ हि ] કારણ કે [ शरीरगुणाः ] **શરીરના ગુણો** [ केवलिनः ] **કેવળીના** [ न भवन्ति ] **નથી;** [ यः ] જે [ केवलिगुणान् ] કેવળીના ગુણોની [ स्तौति ] **સ્તુતિ કરે છે** [ सः ] તે [ तत्त्वं ] **પરમાર્થથી** [ केवलिनं ] કેવળીની [ स्तौति ] સ્તુતિ કરે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયનયથી શરીરનું સ્તવન કરવાથી કેવળીનું સ્તવન નથી થતું એ (ભાવને) દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વે કહેલ પ્રકારથી દેહનું સ્તવન થવાથી નિશ્ચયથી તે કેવળીનું સ્તવન (માનવું) ઉચિત નથી.

(પ્રશ્ન) કેવી રીતે ઉચિત નથી ?

(ઉત્તર) કેમકે સફેદ, કાળો આદિ શરીરના ગુણ કેવળી આત્માના ગુણ નથી.

(પ્રશ્ન) તો પછી કેવળીનું સ્તવન કેવી રીતે થાય છે ?

(ઉત્તર) જે કેવળીના અનંતજ્ઞાન આદિ ગુણોની સ્તુતિ કરે છે. તે વાસ્તવમાં કેવળીની સ્તુતિ કરે છે. જેવી રીતે સફેદ રંગ વાળી ચાંદીના વર્ણનથી સોનાનું વર્ણન નથી થતું તેવી રીતે સફેદ આદિ શબ્દથી કેવળીના શરીરનું સ્તવન કરવાથી નિશ્ચયનયથી ચિદાનંદ એક સ્વભાવરૂપ કેવળી આત્માનું સ્તવન નથી થતું એવો આશય છે.

હવે શિષ્યનો પ્રશ્ન છે કે આત્મા તો શરીરનો અધિષ્ઠાતા છે તેથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નિશ્ચયે કેમ યુક્ત નથી ? એવા પ્રશ્નના ઉત્તરરૂપે દૃષ્ટાંત સહિત ગાથા કહેછેઃ–

**વર્ણન કર્યે નગરી તણું નહિ થાય વર્ણન ભૂપનું,**
**કીધે શરીરગુણની સ્તુતિ નહિ સ્તવન કેવળીગુણનું. ૩૦.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ नगरे ] નગરનું [ वर्णिते अपि ] વર્ણન કરતાં છતાં [ राज्ञः वर्णना ] રાજાનું વર્ણન [ न कृता भवति ] કરાતું ( થતું ) નથી, તેમ [ देहगुणे स्तूयमाने ] દેહના ગુણનું સ્તવન કરતાં [ केवलिगुणाः ] કેવળીના ગુણોનું [ स्तुताः न भवन्ति ] સ્તવન થતું નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦)**

ઉત્થાનિકા : હવે આત્માનું શરીર પર પ્રભુત્વ હોવા છતાં પણ નિશ્ચયનયથી શરીરના સ્તવનથી આત્માનું સ્તવન નથી થતું તેનું દૃષ્ટાંત કહે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે કો ઉપવન અને ખાઈ આદિ દ્વારા નગરનું વર્ણન કરવા છતાં પણ રાજાનું વર્ણન કરવામાં આવ્યું છે એમ નથી તેવી જ રીતે કેવળી ભગવાનના સફેદ આદિ શરીર ગુણોનું સ્તવન કરવા પર પણ કેવળીના અનંત જ્ઞાનાદિ ગુણોનું સ્તવન નથી થતું. આ પ્રકારે નિશ્ચય વ્યવહારરૂપથી ચાર ગાથાઓ પૂરી થઈ.

હવે, ( તીર્થંકર–કેવળીની ) નિશ્ચયસ્તુતિ કહે છે. તેમાં પહેલાં જ્ઞેય–જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી સ્તુતિ કહે છેઃ–

**જીતી ઇંદ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને. ૩૧.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ इन्द्रियाणि ] ઇંદ્રિયોને [ जित्वा ] જીતીને [ ज्ञानस्व–भावाधिकं ] જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યથી અધિક [ आत्मानम् ] આત્માને [ जानाति ] જાણે છે [ तं ] તેને, [ ये निश्चिताः साधवः ] જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે [ ते ] તેઓ, [ खलु ] ખરેખર [ जितेन्द्रियं ] જિતેંદ્રિવ [ भणन्ति ] કહે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧)**

ઉત્થાનિકા : હવે જો દેહના ગુણોના સ્તવન કરવાથી નિશ્ચય સ્તુતિ નથી થતી તો નિશ્ચય સ્તુતિ કેવી હોય છે. એવું પૂછવા પર (આચાર્ય દેવ ઉત્તર આપે છે કે) દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય અને પંચેન્દ્રિયના વિષયોને સ્વસંવેદન લક્ષણરૂપ ભેદ જ્ઞાનથી જીતીને જે આ શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે જિન છે. જિતેન્દ્રિય છે આ પ્રકારે નિશ્ચય સ્તુતિ છે.

તાત્પર્યવૃત્તિ : જે દ્રવ્યેન્દ્રિય ભાવેન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયના વિષયને જીતીને શુદ્ધ ચેતનાગુણથી સમૃદ્ધ પરિપૂર્ણ શુદ્ધાત્માને માને છે, જાણે છે. અનુભવ કરે છે. તે પુરુષને નિશ્ચયથી તે સાધુ જિતેન્દ્રિય કહે છે.

(પ્રશ્ન) તે સાધુ કોણ છે ?

(ઉત્તર) તે સાધુ નિશ્ચયરૂપથી નિશ્ચયના જ્ઞાતા છે.

અને વિશેષ કહે છે. સ્પર્શન આદિ પાંચ ઈન્દ્રિયોના વિષય જ્ઞેય છે અને દ્રવ્યેન્દ્રિયો તથા ભાવેન્દ્રિયો તેની જાણનાર છે. એવો જે આ જીવની સાથે સંકર-સંયોગ સંબંધ છે તે જ દોષ છે તે દોષને પરમ સમાધિના બળથી જે જીતી લે છે તેજ પ્રથમ નિશ્ચય સ્તુતિ છે. એવો ભાવાર્થ છે.

હવે ભાવ્યભાવક–સંકરદોષ દૂર કરી સ્તુતિ કહે છેઃ–

**જીતી મોહ જ્ઞાનસ્વભાવથી જે અધિક જાણે આત્મને,**
**પરમાર્થના વિજ્ઞાયકો તે સાધુ જિતમોહી કહે. ૩૨.**

**ગાથાર્થઃ-** [ यः तु ] **જે મુનિ** [ मोहं ] **મોહને** [ जित्वा ] **જીતીને** [ आत्मानम् ] **પોતાના આત્માને** [ ज्ञानस्वभावाधिकं ] **જ્ઞાનસ્વભાવ વડે અન્યદ્રવ્યભાવોથી અધિક** [ जानाति ] **જાણે છે** [ तं साधुं ] **તે મુનિને** [ परमार्थविज्ञायकाः ] **પરમાર્થના જાણનારાઓ** [ जितमोहं ] **જિતમોહ** [ ब्रुवन्ति ] **કહે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૨)**

**ઉત્થાનિકા : હવે એ જ નિશ્ચય સ્તુતિને બીજા પ્રકારથી ભાવ્યભાવક સંકર દોષ ના નિરાકરણ દ્વારા કહે છે. અથવા ઉપશમ શ્રેણીની અપેક્ષાએ જીત મોહ રૂપથી કહે છે.**

**તાત્પર્યવૃત્તિ : જે પુરુષ ઉદયાગત મોહને સમ્યક્દર્શન જ્ઞાન અને ચારિત્રની એકતારૂપ નિર્વિકલ્પ સમાધિના બળથી જીતીને શુદ્ધ જ્ઞાન ગુણથી સમૃદ્ધ પરિપૂર્ણ નિજાત્માને માને છે. જાણે છે. અને ભાવના ભાવે છે (પરિણમે છે) તે સાધુને પરમાર્થના જાણનાર જીતમોહ અથવા મોહ રહિત દર્શાવે છે. આ બીજી સ્તુતિ છે.**

**હવે વિશેષ કહે છે.**

**ભાવક ભાવ્ય સંકર દોષના નિરાકરણથી બીજી સ્તુતિ થાય છે એવું પાતનિકા-ઉત્થાનિકામાં આપના દ્વારા કહેવામાં આવેલ છે. તે કયા પ્રકારથી ઘટિત થાય છે ? ભાવ્ય અર્થાત્ રાગાદિ પરિણત થયેલ આત્મા અને ભાવક (એટલે) રંજક-ઉદયાગત મોહ, આ બન્નેના ભાવ્ય ભાવક ભાવનો શુદ્ધ જીવની સાથે સંકર-સંયોગ એટલે કે સંબંધ તે જ દોષ છે. આ દોષને જે પુરુષ સ્વસંવેદન જ્ઞાનના બળથી દૂર કરે છે. તે જિન છે. આ બીજી સ્તુતિ છે. એવો ભાવાર્થ છે. આવી રીતે અહીં મોહ પદની જગ્યાએ રાગ દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, એમ ૧૧ સુત્ર તથા સાંભળવું, દેખવું, સુંઘવું, ચાખવું, સ્પર્શવું એવી પાંચ ઈન્દ્રિય(ના) સૂત્રો દ્વારા જુદુ જુદુ કથન-વ્યાખ્યા કરવી જોઈએ. આ પ્રકારે બીજા પણ અસંખ્યાત લોક પ્રમાણ વિભાવ પરિણામ છે તેને પણ જાણવા જોઈએ.**

હવે, ભાવ્યભાવક ભાવના અભાવથી નિશ્ચયસ્તુતિ કહે છેઃ-

**જિતમોહ સાધુતણો વળી ક્ષય મોહ જ્યારે થાય છે,**
**નિશ્ચયવિદોથકી તેહને ક્ષીણમોહ નામ કથાય છે. ૩૩.**

**ગાથાર્થઃ-** [ जितमोहस्य तु साधोः ] **જેણે મોહને જીત્યો છે એવા સાધુને** [ यदा ] **જ્યારે** [ क्षीणः मोहः ] **મોહ ક્ષીણ થઈ સત્તામાંથી નાશ** [ भवेत् ] **થાય** [ तदा ] **ત્યારે** [ निश्चयविद्भिः ] **નિશ્ચયના જાણનારા** [ खलु ] **નિશ્ચયથી** [ सः ] **તે સાધુને** [ क्षीणमोहः ] **'ક્ષીણમોહ' એવા નામથી** [ भण्यते ] **કહે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૩)**

**ઉત્થાનિકા : (હવે) ભાવ્ય-ભાવકના અભાવરૂપથી ત્રીજી નિશ્ચય સ્તુતિ કહેવામાં આવે છે.**

અથવા તેને જ ક્ષપકશ્રેણીની અપેક્ષાથી ક્ષીણ મોહરૂપથી કથન કરે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વ ગાથામાં કહેલ ક્રમથી જીત મોહને પ્રાપ્ત સાધુનો જ્યારે નિર્વિકલ્પ સમાધિના કાળમાં મોહ ક્ષીણ (ક્ષય) થાય છે.

(પ્રશ્ન) કેવા સાધુનો ?

(ઉત્તર) શુદ્ધ આત્માની ભાવના કરવાવાળા સાધુનો ત્યારે તે ગુપ્તિ-સમાધિકાળમાં તે સાધુને ક્ષીણ મોહવાળા કહેવામાં આવે છે.

(પ્રશ્ન) કોના દ્વારા કહેવામાં આવે છે ?

(ઉત્તર) નિશ્ચયને જાણવાવાળા પરમાર્થને જાણવાવાળા ગણધરાદિ દેવો દ્વારા ક્ષીણમોહી કહેવામાં આવે છે. આ પ્રકારે ત્રીજી નિશ્ચય સ્તુતિ પૂર્ણ થઈ. અહીં ભાવક ભાવ્યના અભાવરૂપથી આ સ્તુતિ કેવી રીતે થઈ ? ભાવ્ય અર્થાત્ રાગાદિ પરિણત આત્મા અને ભાવક-રંજક અર્થાત્ ઉદયમાં આવવાવાળો મોહ છે. એ ભાવ્ય ભાવના સ્વરૂપનો અભાવ, ક્ષય (રૂપ) વિનાશ છે આ જ ત્રીજી નિશ્ચય સ્તુતિ છે.

અહીં આશય છે કે રાગ-દ્વેષ આદિરૂપ જે દંડક છે તે બધે લગાવી લેવું જાણી લેવું જોઈએ. આ પ્રકારે પ્રથમ ગાથામાં પૂર્વપક્ષનું કથન કરેલ છે ત્યાર પછી ચાર ગાથાઓમાં નિશ્ચય વ્યવહારના સમર્થનરૂપથી પરિહાર કરેલ છે. ત્યારબાદ ૩ ગાથાઓમાં નિશ્ચય સ્તુતિકથનરૂપથી પરિહાર છે. આવી રીતે પૂર્વપક્ષના પરિહાર રૂપ ૮ ગાથાના સમૂહ રૂપ છટ્ઠું સ્થળ પૂરું થયું.

**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

**ગાથાર્થ:-** [ यस्मात् ] જેથી [ सर्वान् भावान् ] ‘ પોતાના સિવાય સર્વ પદાર્થો [ परान् ] પર છે ’ [ इति ज्ञात्वा ] એમ જાણીને [ प्रत्याख्याति ] પ્રત્યાખ્યાન કરે છે–ત્યાગે છે, [ तस्मात् ] તેથી, [ प्रत्याख्यानं ] પ્રત્યાખ્યાન [ ज्ञानं ] જ્ઞાન જ છે [ नियमात् ] એમ નિયમથી [ ज्ञातव्यम् ] જાણવું. પોતાના જ્ઞાનમાં ત્યાગરૂપ અવસ્થા તે જ પ્રત્યાખ્યાન છે, બીજું કાંઈ નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૪)**

સમૂહ પીઠિકા : હવે રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત સ્વસંવેદન જ્ઞાનરૂપ, લક્ષણવાળાં પ્રત્યાખ્યાનના વિવરણરૂપથી ચાર ગાથાઓ કહેશે તેમાં સ્વસંવેદન જ્ઞાન જ પ્રત્યાખ્યાન-ત્યાગ છે એવા કથનરૂપથી પ્રથમ ગાથા છે. અને પ્રત્યાખ્યાનના વિષયમાં દૃષ્ટાંતરૂપથી બીજી ગાથા છે. અને જ્ઞેયપદાર્થના પરિત્યાગરૂપથી બીજી ગાથા છે આ પ્રકારે બે ગાથા છે આ રીતે સાતમાં સ્થળમાં સમુદાયરૂપ પીઠિકા છે.

ઉત્થાનિકા : આનું વિશેષ એમ છે કે જો જીવ અને શરીરને એક નહીં માનો તો તીર્થંકર અને

આચાર્યની સ્તુતિ નિરર્થક થશે. આ પ્રકારના પૂર્વપક્ષ અનુસાર જીવ અને શરીરની એકતા સિદ્ધ નથી થતી એવું જાણીને શિષ્ય પ્રતિબુદ્ધ થઈને પૂછે છે. હે ભગવાન! રાગાદિનું પ્રત્યાખ્યાન (ત્યાગ) કેવી રીતે થાય છે એવું પૂછવા પર આચાર્યદેવ જવાબ આપે છે.

આ પ્રકારે સર્વત્ર પ્રશ્નોત્તર રૂપ પાતનિકામાં ઈતિ શબ્દનો અર્થ પ્રશ્ન પૂછવા પર ઉત્તર દેવામાં આવી રહ્યો છે. એમ જાણવું જોઈએ.

તાત્પર્યવૃત્તિ : જાણે છે તે જ્ઞાન છે. આ પ્રકારે વ્યુત્પતિ અર્થથી સ્વસંવેદનજ્ઞાન આત્મા છે એવું કહેવામાં આવ્યું છે. તે સ્વસંવેદન જ્ઞાન, મિથ્યાત્વ રાગાદિ વિભાવ પર સ્વરૂપ છે એમ જાણીને (તેને) ત્યાગે છે. પ્રત્યાખ્યાન કરે છે. નિરાકરણ કરે છે. એટલા માટે નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન જ નિયમથી પ્રત્યાખ્યાન છે એવું માનવું જોઈએ, જાણવું જોઈએ, અનુભવ કરવો જોઈએ. અહીં તાત્પર્ય એમ છે કે પરમસમાધિકાલમાં સ્વસંવેદન જ્ઞાનના બળથી શુદ્ધાત્માનો અનુભવ કરે છે. અને તે અનુભવ જ નિશ્ચયથી પ્રત્યાખ્યાન છે.

હવે પૂછે છે કે જ્ઞાતાનું પ્રત્યાખ્યાન જ્ઞાન જ કહ્યું તેનું દૃષ્ટાંત શું છે? તેનો ઉત્તરરૂપ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતની ગાથા કહે છેઃ-

**આ પારકું એમ જાણીને પરદ્રવ્યને કો નર તજે,**
**ત્યમ પારકા સૌ જાણીને પરભાવ જ્ઞાની પરિત્યજે. ૩૫.**

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેમ લોકમાં [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ परद्रव्यम् इदम् इति ज्ञात्वा ] પરવસ્તુને ' આ પરવસ્તુ છે ' એમ જાણે ત્યારે એવું જાણીને [ त्यजति ] પરવસ્તુને ત્યાગે છે, [ तथा ] તેવી રીતે [ ज्ञानी ] જ્ઞાની [ सर्वान् ] સર્વ [ परभावान् ] પરદ્રવ્યોના ભાવોને [ ज्ञात्वा ] ' આ પરભાવ છે ' એમ જાણીને [ विमुञ्चति ] તેમને છોડે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૫)**

ઉત્થાનિકા : હવે પ્રત્યાખ્યાનના વિષયમાં દ્રષ્ટાંત કહે છે.

તાત્પર્યવૃત્તિ : જેમ કોઈ પુરુષ વસ્ત્ર આભરણ આદિ પરદ્રવ્ય છે એમ જાણી છોડી દયે છે તે પ્રકારે મિથ્યાત્વ રાગાદિ પરભાવોને અથવા પર પર્યાયોને સ્વસંવેદન જ્ઞાનના બળથી જુદા જાણીને વિશેષરૂપથી મન વચન કાયાની ત્રિશુદ્ધિથી છોડી દયે છે.

અહીં ભાવાર્થ એમ છે કે જેમ કોઈ દેવદત્ત નામનો પુરુષ બીજાના વસ્ત્રને ભ્રમથી પોતાનું માની ધોબીના ઘેરથી લાવીને ઓઢીને સુઈ જાય છે. ત્યારબાદ તે વસ્ત્રના માલિક એવા કોઈ પુરુષ દ્વારા વસ્ત્રનો છેડો ખેંચીને ઉઘાડો કરવામાં આવે છે. ત્યારે તે વસ્ત્રની નિશાની જોઈને આ વસ્ત્ર તો બીજાનું છે. એમ સ્વીકારી ને તે વસ્ત્રને છોડી દયે છે. તે જ પ્રકારે આ જ્ઞાની જીવ પણ અત્યંત જ્ઞાની-વૈરાગી ગુરુ દ્વારા આ મિથ્યાત્વ રાગાદિ વિભાવ ભાવ તારો સ્વભાવ નથી એક શુદ્ધાત્મા જ તારો

સ્વભાવ છે એ પ્રકારે સમજાવવામાં આવતા (તે બધા ભાવો) પરના છે એવું જાણીને તત્કાલ છોડી દચે છે. તથા શુદ્ધાત્માની અનુભૂતિ-અનુભવ કરે છે આ પ્રકારે બે ગાથા પૂરી થઈ.

હવે, ' આ અનુભૂતિથી પરભાવનું ભેદજ્ઞાન કેવા પ્રકારે થયું ? ' એવી આશંકા કરીને, પ્રથમ તો જે ભાવકભાવ–મોહકર્મના ઉદયરૂપ ભાવ, તેના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ–

**નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના મોહનિર્મમતા કહે. ૩૬.**

* **ગાથાર્થઃ-** [ बुध्यते ] એમ જાણે કે [ मोहः मम कः अपि नास्ति ] ' મોહ મારો કાંઈ પણ સંબંધી નથી, [ एकः उपयोगः एव अहम् ] એક ઉપયોગ છે તે જ હું છું '– [ तं ] એવું જે જાણવું તેને [ समयस्य ] સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના [ विज्ञायकाः ] જાણનારા [ मोहनिर्ममत्वं ] મોહથી નિર્મમત્વ [ ब्रुवन्ति ] કહે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૬)**

ઉત્થાનિકા : હવે શુદ્ધાત્માની અનુભૂતિ અથવા અનુભવ કઈ રીતે થાય છે. એવું પૂછવા પર આચાર્યદેવ મોહાદિના પરિત્યાગનો ઉપાય કહે છે.

તાત્પર્યવૃત્તિ : શુદ્ધ નિશ્ચયનયથી ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવવાળો જે હું તેને રાગાદિ પરભાવના કર્તૃત્વભાવથી રંજયમાન (મલિન) કરવામાટે મોહ અસમર્થ છે. એટલા માટે દ્રવ્ય મોહ અને ભાવ મોહ મારો કઈ પણ નથી. પરંતુ જ્ઞાન દર્શન ઉપયોગ લક્ષણવાળો હોવાથી ઉપયોગ સ્વરૂપ જ મારો આત્મા છે એમ હું જાણું છું.

(પ્રશ્ન) શું જાણું છું ?

(ઉત્તર) કે હું એક છું. એટલા માટે મોહના પ્રતિ નિર્મમત્વ છું નિર્મોહ છું. અથવા હું જાણું છું.

(પ્રશ્ન) શું જાણું છું ?

(ઉત્તર) કે હું વિશુદ્ધ જ્ઞાન દર્શન ઉપયોગવાળો જ છું. એવું જાણું છું-અનુભવ કરું છું. તે નિર્મોહી શુદ્ધાત્માની ભાવના સ્વરૂપ આત્માને નિર્મમત્વવાળો કહેવામાં આવે છે, બતાવવામાં આવે છે, જાણવામાં આવે છે.

(પ્રશ્ન) તે કોણ છે જે એવું કહે છે ?

(ઉત્તર) શુદ્ધાત્મ સ્વરૂપને જાણવાવાળા પુરુષ એવું કહે છે.

કંઈક વધુ કહે છે. પૂર્વ ગાથામાં જે સ્વસંવેદન જ્ઞાનને જ પ્રત્યાખ્યાન કહેલ હતું તેને જ નિર્મોહપણું કહ્યું છે. આ જ પ્રકારે મોહ શબ્દ બદલીને રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, શ્રોત, ઘ્રાણ, રસના, સ્પર્શન એવા સોળ સૂત્રોની વ્યાખ્યા કરી લેવી જોઈએ. આ જ પ્રકારે અન્ય પણ જે અસંખ્યાત લોક પ્રમાણ ભાગ વિભાવ પરિણામસ્વરૂપ ભાવ

છે. તેને જાણવા જોઈએ.

હવે જ્ઞેયભાવના ભેદજ્ઞાનનો પ્રકાર કહે છેઃ–

**ધર્માદિ તે મારાં નથી, ઉપયોગ કેવળ એક હું,**
**-એ જ્ઞાનને, જ્ઞાયક સમયના ધર્મનિર્મમતા કહે. ૩૭.**

**ગાથાર્થઃ**- [ बुध्यते ] એમ જાણે કે [ धर्मादिः ] 'આ ધર્મ આદિ દ્રવ્યો [ मम नास्ति ] મારાં કાંઈ પણ લાગતાંવળગતાં નથી, [ एकः उपयोगः एव ] એક ઉપયોગ છે તે જ [ अहम् ] હું છું'– [ तं ] એવું જે જાણવું તેને [ समयस्य विज्ञायकाः ] **સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપરૂપ સમયના જાણનારા** [ धर्मनिर्ममत्वं ] **ધર્મદ્રવ્ય પ્રત્યે નિર્મમત્વ** [ ब्रुवन्ति ] **કહે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૭)**

ઉત્થાનિકા : હવે ધર્માસ્તિકાયાદિ જ્ઞેય પદાર્થ પણ મારું સ્વરૂપ નથી એમ પ્રતિપાદિત કરે છે.

તાત્પર્યવૃત્તિ : ધર્માસ્તિકાય જ્ઞેયપદાર્થ મારા નથી, મારામાં-વિદ્યમાન નથી એમ જ્ઞાની જાણે છે. તો પછી હું શું છું ? હું તો વિશુદ્ધ જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગ રૂપ જ છું અથવા અભેદથી જ્ઞાન ઉપયોગ-દર્શન ઉપયોગ લક્ષણવાળો હોવાથી ઉપયોગ જ આત્મા છે એમ જ્ઞાની જાણે છે, અનુભવ કરે છે. કયા પ્રકારે જાણે છે ?

હું ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવવાળો છું એક છું જેવી રીતે દહીં અને ખાંડના મિશ્રણ રૂપ શિખંડની જેમ વ્યવહારથી પરજ્ઞેયો સાથે એકત્વ (સંયોગથી) હોવા છતાં પણ શુદ્ધ નિશ્ચયનયથી તે મારું સ્વરૂપ નથી એટલા માટે હું હું પરદ્રવ્યો પ્રતિ મમતા રહિત છું (એમ જાણે છે)

આવા શુદ્ધાત્માના અનુભવી પુરુષનું પરદ્રવ્યથી નિર્મમત્વ છે. આવા શુદ્ધાત્માને જાણવાવાળાને જ્ઞાની કહે છે અને વધુમાં એ કે પૂર્વમાં આ જે સ્વસંવેદન જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે એમ કહ્યું હતું તેનું જ આ પરદ્રવ્યથી નિર્મમત્વરૂપથી વિશેષ કથન છે અથવા વિશેષ સ્પષ્ટીકરણ છે એવું જાણવું જોઈએ આ પ્રકારથી બે ગાથાઓ પૂરી થઈ અને ચાર ગાથાઓના સમૂહરૂપ ૭ મું સ્થળ પુરું થયું.

હવે, એ રીતે દર્શનજ્ઞાનચારિત્રસ્વરૂપ પરિણત થયેલા આ આત્માને સ્વરૂપનું સંચેતન કેવું હોય છે એમ કહેતાં આચાર્ય આ કથનને સંકોચે છે, સમેટે છેઃ–

**હું એક, શુદ્ધ, સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે;**
**કંઇ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! ૩૮.**

**ગાથાર્થઃ**-દર્શનજ્ઞાનચારિત્રરૂપ પરિણમેલો આત્મા એમ જાણે છે કેઃ [ खलु ] **નિશ્ચયથી** [ अहम् ] **હું** [ एकः ] **એક છું,** [ शुद्धः ] **શુદ્ધ છું,** [ दर्शनज्ञानमयः ] **દર્શનજ્ઞાનમય છું,** [ सदा अरूपी ] **સદા અરૂપી છું;** [ किञ्चित् अपि अन्यत् ] **કાંઈ પણ અન્ય પરદ્રવ્ય** [ परमाणुमात्रम्

अपि ] પરમાણુમાત્ર પણ [ मम न अपि अस्ति ] મારું નથી એ નિશ્ચય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૮)**

ઉત્થાનિકા : હવે શુદ્ધાત્મા જ ઉપાદેય છે એવું શ્રદ્ધાન સમ્યક્ત્વ છે. તે શુદ્ધાત્મામાં જ સ્વસંવેદન સમ્યક્જ્ઞાન છે. અને તે નિજાત્મા જ વીતરાગ સ્વસંવેદનરૂપ નિશ્ચલતા જ ચારિત્ર છે. આ પ્રકારે આ ત્રણેયની એકતારૂપ નિશ્ચય રત્નત્રય પરિણત જીવનું સ્વરૂપ કયા પ્રકારે છે. એ બતાવતા જીવ અધિકારનો ઉપસંહાર કરે છે.

તાત્પર્યવૃત્તિ : અનાદિકાળથી દેહ અને આત્માના એકત્વની ભ્રાંતિ રૂપ અજ્ઞાનથી જે પહેલા અપ્રતિબુદ્ધ હોવાથી હાથમાં (મુઠીમાં) રાખેલ સોનાને ભૂલી ગયો હતો ગાઢ નિદ્રામાં હતો પછી નિંદ્રા પૂરી થતાં સોનુ યાદ આવે છે અને તેનું અવલોકવું થાય છે એ ન્યાયે પરમગુરુના પ્રસાદ (અનુગ્રહ) થી પ્રતિબુદ્ધ સાવધાન થઈને જે શુદ્ધાત્મામાં લીન થાય છે એવો હું વીતરાગ ચૈતન્યમાત્ર જ્યોતિ છું. એવો અનુભવ કરે છે

(પ્રશ્ન) કેવો અનુભવ કરે છે ?

(ઉત્તર) જો કે વ્યવહારનયથી નર નારક આદિ રૂપથી અનેકરૂપ છે તો પણ નિશ્ચયનયથી ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવવાળો હોવાથી હું સ્પષ્ટરૂપથી એક છું અને વળી કેવો છું ? શુદ્ધ નિશ્ચયનયથી વ્યવહારિક નવ પદાર્થોથી ભિન્ન છું. અથવા રાગાદિ ભાવોથી ભિન્ન છું. એવો હું શુદ્ધ છું. અને વળી કઈ વિશેષતાવાળો છું ? કેવળદર્શન અને કેવળજ્ઞાનમય છું અને વળી કયા રૂપે છું ? નિશ્ચયનયથી રૂપ રસ, ગંધ સ્પર્શ રહિત હોવાથી સદા અમૂર્તિક છું. તેથી પરમાણુ માત્ર પણ પરદ્રવ્ય મારું કઈ નથી જે એકત્વરૂપથી રંજકરૂપ કે જ્ઞેયરૂપ થઈને મને મોહ ઉત્પન્ન કરી શકે.

(પ્રશ્ન) કયા કારણથી મોહ ઉત્પન્ન નહિ કરી શકે ?

(ઉત્તર) કેમકે હું તો પરમવિશુદ્ધજ્ઞાન રૂપથી પરિણત થઈ રહ્યો છું.

આ પ્રકારે શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળી સમયસારની વ્યાખ્યારૂપ તાત્પર્યવૃત્તિ ટીકામાં સાત સ્થળો દ્વારા ૨૭ ગાથાઓ પૂર્ણ થઈ તે બાદ ૧ ગાથા ઉપસંહારરૂપથી થઈ બધી મળીને ૨૮ ગાથાઓ દ્વારા જીવાધિકાર પૂરો થયો આ પ્રકારે પ્રથમ રંગ પૂર્ણ થયો.

*પ્રશ્ન :- રાગ-દ્વેષને જીવની પર્યાય કહી છે અને વળી તેને નિશ્ચયથી પુદ્ગલના પરિણામ કહ્યા છે તો અમારે નક્કી શું કરવું ?*

*ઉત્તર :- રાગ-દ્વેષ છે તો જીવના પરિણામ, પણ એ પુદ્ગલના લક્ષે થતાં હોવાથી અને જીવનો સ્વભાવભાવ ન હોવાથી સ્વભાવની દૃષ્ટિ કરાવવા પુદ્ગલના લક્ષે થતાં હોવાથી રાગ-દ્વેષને પુદ્ગલના કહ્યા છે. કેમ કે નિમિત્તને આધીન થઈને થતાં ભાવને નિમિત્તના-પુદ્ગલના ભાવ છે તેમ કહેવામાં આવે છે.* *(આત્મધર્મ અંક-૪૨૮, જૂન-૧૯૭૯, પૃષ્ઠ ૨૪)*

# જીવ અજીવ અધિકાર

તાત્પર્યવૃત્તિ સમૂહપીઠીકા : હવે આના પછી શ્રૃંગાર સહિત પાત્રની જેમ જીવ અને અજીવ બને એકરૂપ થઈને પ્રવેશ કરે છે ત્યાં આગળ ત્રણ સ્થળો દ્વારા ત્રીસ ગાથાઓ સુધી અજીવ અધિકાર કહેવામાં આવે છે. તેમાં પહેલા સ્થળમાં શુદ્ધનિશ્ચયનયથી દેહ અને રાગાદિરૂપ પરદ્રવ્ય જીવનું સ્વરૂપ નથી એવા પ્રકારના નિષેધની મુખ્યતાથી શરૂ કરીને દસ ગાથા સુધી પાઠ્યક્રમથી વ્યાખ્યાન કરે છે. તે દસ ગાથાઓમાં પરદ્રવ્યને આત્મા માનવાવાળાનાં પુર્વપક્ષની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે ત્યારબાદ તેનું નિરાકારણ કરવાની મુખ્યતાથી એક ગાથા છે પછી આઠ પ્રકારના કર્મ પુદ્‌ગલદ્રવ્ય છે એવા કથનની મુખ્યતાથી એક ગાથા સૂત્ર છે. ત્યારબાદ વ્યવહારનયના સમર્થનરૂપથી ત્રણ ગાથાઓ કહેલ છે આ પ્રકારે સમુદાયરૂપ પીઠીકા થઈ તે આ પ્રકાર છે.

હવે જીવ–અજીવનું એકરૂપ વર્ણન કરે છેઃ–

**કો મૂઢ, આત્મતણા અજાણ, પરાત્મવાદી જીવ જે,**
**‘ છે કર્મ, અધ્યવસાન તે જીવ ’ એમ એ નિરૂપણ કરે ! ૩૯.**
**વળી કોઈ અધ્યવસાનમાં અનુભાગ તીક્ષણ-મંદ જે,**
**એને જ માને આતમા, વળી અન્ય કો નોકર્મને ! ૪૦.**
**કો અન્ય માને આતમા કર્મોતણા વળી ઉદયને,**
**કો તીવ્રમંદ-ગુણોસહિત કર્મોતણા અનુભાગને ! ૪૧.**
**કો કર્મ ને જીવ ઉભયમિલને જીવની આશા ધરે,**
**કર્મોતણા સંયોગથી અભિલાષ કો જીવની કરે ! ૪૨.**
**દુર્બુદ્ધિઓ બહુવિધ આવા, આતમા પરને કહે,**
**તે સર્વને પરમાર્થવાદી કહ્યા ન નિશ્ચયવાદીએ. ૪૩.**

**ગાથાર્થઃ-** [ आत्मानम् अजानन्तः ] આત્માને નહિ જાણતા થકા [ परात्मवादिनः ] પરને આત્મા કહેનારા [ केचित् मूढाः तु ] કોઈ મૂઢ, મોહી, અજ્ઞાનીઓ તો [ अध्यवसानं ] અધ્યવસાનને [ तथा च ] અને કોઈ [ कर्म ] કર્મને [ जीवम् प्ररूपयन्ति ] જીવ કહે છે. [ अपरे ] બીજા કોઈ [ अध्यवसानेषु ] અધ્યવસાનોમાં [ तीव्रमन्दानुभागगं ] તીવ્રમંદ અનુભાગગતને [ जीवं मन्यन्ते ] જીવ માને છે [ तथा ] અને [ अपरे ] બીજા કોઈ [ नोकर्म अपि च ] નોકર્મને [ जीवः इति ] જીવ માને છે. [ अपरे ] અન્ય કોઈ [ कर्मणः उदयं ] કર્મના ઉદયને [ जीवम् ] જીવ માને છે, કોઈ ‘[ यः ] જે [ तीव्रत्वमन्दत्वगुणाभ्यां ] તીવ્ર

મંદપણારૂપ ગુણોથી ભેદને પ્રાપ્ત થાય છે [ सः ] તે [ जीवः भवति ] જીવ છે ' એમ [ कर्मानुभागम् ] કર્મના અનુભાગને [ इच्छन्ति ] જીવ ઇચ્છે છે ( –માને છે ). [ केचित् ] કોઈ [ जीवकर्मोभयं ] જીવ અને કર્મ [ द्वे अपि खलु ] બન્ને મળેલાંને જ [ जीवम् इच्छन्ति ] જીવ માને છે [ तु ] અને [ अपरे ] અન્ય કોઈ [ कर्मणां संयोगेन ] કર્મના સંયોગથી જ [ जीवम् इच्छन्ति ] જીવ માને છે. [ एवंविधाः ] આ પ્રકારના તથા [ बहुविधाः ] અન્ય પણ ઘણા પ્રકારના [ दुर्मेधसः ] દુર્બુદ્ધિઓ–મિથ્યા–દૃષ્ટિઓ [ परम् ] પરને [ आत्मानं ] આત્મા [ वदन्ति ] કહે છે. [ ते ] તેમને [ निश्चय–वाग्दिभिः ] નિશ્ચયવાદીઓએ ( –સત્યાર્થવાદીઓએ ) [ परमार्थवादिनः ] પરમાર્થવાદી ( –સત્યાર્થ કહેનારા ) [ न निर्दिष्टाः ] કહ્યા નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૯ થી ૪૩)**

ઉત્થાનિકા : હવે દેહ અને રાગાદિરૂપ પરદ્રવ્ય, નિશ્ચયથી જીવ છે એવો (અજ્ઞાનીનો પૂર્વપક્ષ) રજુ કરે છે.

તાત્પર્યવૃત્તિ : આત્માને ન જાણવાવાળા અજ્ઞાની જીવ તો પરદ્રવ્યને આત્મા કહે છે એવા કોઈ પર આત્મવાદી (મિથ્યાદૃષ્ટિ) જીવ છે. જેવી રીતે કોલસાથી કાલિમા કંઈ ભિન્ન નથી તેવી રીતે રાગાદિથી ભિન્ન જીવ નથી આ પ્રકારે કોઈ રાગાદિ અધ્યવસાન અને કર્મને જીવ કહે છે અને બીજા કોઈ એકાન્તવાદી રાગાદિ અધ્યાવસાનોમાં તીવ્રતા મંદતારૂપ તારતમ્ય ધારણ કરેલ અનુભવ કે અનુભાગ સ્વરૂપની શક્તિના માહાત્મ્યરૂપ તીવ્ર-મંદ અનુભાગને જે પ્રાપ્ત થાય છે તેને જ જીવ માને છે. તે જ પ્રકારે બીજા ચાર્વાક આદિ જે કર્મ-નોકર્મથી રહિત એવા આત્મા અને પરના ભેદજ્ઞાનથી રહિત છે. તે શરીર આદિ નોકર્મને જીવ માને છે અને બીજા કોઈ કર્મના ઉદયને જીવ માને છે અન્ય કોઈ કર્મના અનુભાગ કે જે લતા, લાકડું, હાડકા અને પત્થર રૂપ જે કર્મોનું ફળ છે. તેને જીવ માને છે, તે અનુભાગ કેવો છે ? જે અનુભાગ તીવ્રપણાના, મંદપણાના ગુણરૂપ વર્તે છે તેને જીવ માને છે અને કોઈ, જીવ અને કર્મ બન્નેને શિખંડની જેમ મળેલ (એવો) જીવ માને છે. અને કોઈ લોકો આઠ લાકડાના પરસ્પર મળવાથી જેમ ખાટ બને છે તેમ આઠ કર્મોના સંયોગથી જીવ બનેને છે એવું માને છે.

(પ્રશ્ન) કયા કારણથી એવું માને છે ?

(ઉત્તર) કેમકે આઠકર્મોના સંયોગથી ભિન્ન શુદ્ધ જીવની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) નથી.

આ પ્રકારે અનેક પ્રકારથી દેહ, રાગાદિ, પરદ્રવ્યને દુર્બુદ્ધિ જીવ આત્મા કહે છે. આ કારણથી જે દેહ રાગાદિ પરદ્રવ્યને આત્મા કહે છે તેવું કહેનારા પરાત્મવાદી (મિથ્યાદૃષ્ટિ) છે. એવું નિશ્ચયવાદી સર્વજ્ઞ ભગવાન કહે છે. આ પ્રકારેપાંચ ગાથાઓ દ્વારા પૂર્વપક્ષ રાખવામાં આવેલ છે.

એવું કહેનારા સત્યાર્થવાદી કેમ નથી તે કહે છેઃ-

**પુદ્‌ગલ તણા પરિણામથી નીપજેલ સર્વે ભાવ આ**
**સહુ કેવળીજિન ભાખિયા, તે જીવ કેમ કહો ભલા ? ૪૪.**

**ગાથાર્થઃ-** [ एते ] આ પૂર્વે કહેલાં અધ્યવસાન આદિ [ सर्वे भावाः ] ભાવો છે તે બધાય [ पुद्गलद्रव्यपरिणामनिष्पन्नाः ] પુદ્‌ગલદ્રવ્યના પરિણામથી નીપજ્યા છે એમ [ केवलिजिनैः ] કેવળી સર્વજ્ઞ જિનદેવોએ [ भणिताः ] કહ્યું છે [ ते ] તેમને [ जीवः इति ] જીવ એમ [ कथं उच्यन्ते ] કેમ કહી શકાય ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૪)**

ઉત્થાનિકા : હવે પૂર્વ પક્ષનું નિરાકરણ કહે છે.

તાત્પર્યવૃત્તિ : આ બધા દેહ, રાગાદિક કર્મ જનિત પર્યાયો પુદ્‌ગલકર્મના ઉદયરૂપ પરિણામથી ઉપજેલ છે. સર્વજ્ઞ જીનેન્દ્ર ભગવંતોએ (દેહ, રાગાદિકને) કર્મજનિત કહેલ છે. તેથી નિશ્ચયનયથી તેને કેવી રીતે જીવ કહી શકાય ? કોઈ પણ પ્રકારે તેને જીવ ન કહી શકાય.

ફરી વિશેષ કહે છે. જેવી રીતે કોલસાથી કાળાપણું ભિન્ન નથી તેવી રીતે રાગાદિથી ભિન્ન આત્મા નથી, એવું જે પૂર્વ પક્ષે કહેલ હતું તે સાચું નથી.

(પ્રશ્ન) કઈ રીતે સાચું નથી ?

(ઉત્તર) શુદ્ધ જીવ રાગાદિથી ભિન્ન છે એવો પક્ષ છે. કેમકે પરમ સમાધિ (નિર્વિકલ્પદશા) માં સ્થિત સ્વાનુભવિ પુરુષોના દ્વારા શરીર અને રાગાદિથી સર્વથા ભિન્ન એવો ચિદાનંદ એક સ્વભાવવાળા શુદ્ધ જીવની પ્રાપ્તિ જોવામાં આવે છે. આ હેતુ છે. જેવી રીતે મેલરૂપ કાળાશથી સોનુ ભિન્ન છે. એમ, આ દાખલો છે. વધુમાં એમ છે કે કોલસાથી કાળાપણું ભિન્ન નથી એ દૃષ્ટાંત પણ સાબિત નથી થતો. કેવી રીતે સાબિત નથી થતો ? જેવી રીતે સોનાથી પીળાપણું, અગ્નિનું ઉષ્ણતાપણું, (તેનો) સ્વભાવ છે. તેવી રીતે કોલસાનો પણ કાળાપણું સ્વભાવ છે. તેને તમો જુદા ન કરી શકો પરંતુ સ્ફટિકની ઉપાધિની સમાન રાગાદિક તો વિભાવભાવ છે. તેથી નિર્વિકાર શુદ્ધાત્માની અનુભૂતિના બળથી તેનું અલગ પાડવું સંભવિત છે. એવી રીતે જે અહીં કહેવામાં આવેલ કે આઠ લાકડાના સંયોગથી ખાટ બને છે તે પ્રકારે આઠ કર્મોના સંયોગથી જીવ બને છે તે અનુચિત છે કેમકે આઠ કર્મોના સંયોગથી ભિન્ન શુદ્ધ જીવદ્રવ્ય છે એવો પક્ષ છે. જેમ આઠ લાકડાના સંયોગરૂપ ખાટ પર સુવાવાળો પુરુષ તેનાથી (ખાટથી) જુદો હોય છે. આ ઉદાહરણ છે.

પરમ સમાધિમાં સ્થિત રહેવાવાળા મહાપુરુષોના દ્વારા આઠ કર્મોના સંયોગથી જુદા શુદ્ધ બુદ્ધ એક સ્વભાવવાળા જીવની પ્રાપ્તિ થવી જોવામાં આવે છે. આ પ્રકારે દૃષ્ટાંત સાથે હેતુ છે. અને વધુ કહે છે કે દેહ અને આત્મામાં અત્યંત ભેદ છે એવો પક્ષ છે. કેમકે બન્નેના લક્ષણ જુદા છે. આ હેતુ છે. જેવી રીતે શીતળ સ્વભાવી જળ અને ઉષ્ણ સ્વભાવવાળા અગ્નિ વચ્ચે ભેદ છે. એમ

ઉદાહરણ છે. આ પ્રકારે નિરાકરણ કરવાવાળી ગાથા પૂર્ણ થઈ.

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવોને જીવ નથી કહ્યા. અન્ય ચૈતન્ય સ્વભાવને જીવ કહ્યા તો આ ભાવ કથંચિત્ ચૈતન્ય સાથે જ સંબંધ રાખવાવાળા પ્રતિભાસિત થાય છે. (તે ચૈતન્યથી અતિરિક્ત જડ તો દેખાતા નથી) તો પણ તેને પુદ્ગલનો સ્વભાવ કેમ કહ્યો ? તેના ઉત્તરરૂપ ગાથા સૂત્ર કહે છે.

હવે શિષ્ય પૂછે છે કે આ અધ્યવસાનાદિ ભાવો જીવ ન કહ્યા, અન્ય ચૈતન્યસ્વભાવ જીવ કહ્યો; તો આ ભાવો પણ ચૈતન્ય સાથે સંબંધ રાખનારા પ્રતિભાસે છે, ( ચૈતન્ય સિવાય જડને તો દેખાતા નથી, ) છતાં તેમને પુદ્ગલના સ્વભાવ કેમ કહ્યા ? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ–

**રે ! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,**
**પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.**

**ગાથાર્થઃ-** [ अष्टविधम् अपि च ] આઠે પ્રકારનું [ कर्म ] કર્મ છે તે [ सर्व ] સર્વ [ पुद्गलमयं ] પુદ્ગલમય છે એમ [ जिनः ] જિનભગવાન સર્વજ્ઞદેવો [ ब्रुवन्ति ] કહે છે– [ यस्य विपच्यमानस्य ] જે પકવ થઈ ઉદયમાં આવતા કર્મનું [ फलं ] ફળ [ तत् ] પ્રસિદ્ધ [ दुःखम् ] દુઃખ છે [ इति उच्यते ] એમ કહ્યું છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૫)**

ઉત્થાનિકા : હવે ચૈતન્યરૂપ પ્રતિભાસિત થવા છતાં રાગાદિ અધ્યવસાન આદિ ભાવ પુદ્ગલ સ્વભાવી કેવી રીતે છે. તેવું પૂછવા પર (આચાર્ય ગાથા સૂત્ર કહે છે)

તાત્પર્યવૃત્તિ : બધા આઠ પ્રકારના કર્મ પુદ્ગલમય છે એવું જીનેન્દ્ર વીતરાગ સર્વજ્ઞદેવ કહે છે.

(પ્રશ્ન) તે કર્મ પુદ્ગલમય કેવી રીતે છે ?

(ઉત્તર) જે કર્મોના ફળ પ્રસિદ્ધ છે એવું કહેવામાં આવ્યું છે.

(પ્રશ્ન) શું કહેવામાં આવ્યું છે ?

(ઉત્તર) વ્યાકુળપણારૂપ સ્વભાવ હોવાથી દુઃખ કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) કયા પ્રકારના કર્મોનું ફળ દુઃખ છે.

(ઉત્તર) વિશેષરૂપથી ઉદયમાં આવેલ કર્મોનું ફળ દુઃખ છે.

અહીં તાત્પર્ય એમ છે કે આઠ પ્રકારના પુદ્ગલ કર્મોનું કાર્ય અનાકુળતા લક્ષણવાળા પારમાર્થિક સુખથી વિલક્ષણ આકુળતા ઉત્પન્ન કરવાવાળું દુઃખ (છે) અને રાગાદિ ભાવ પણ આકુળતા ઉત્પન્ન કરવાવાળા દુઃખ લક્ષણરૂપ છે. આ કારણથી રાગાદિભાવ પણ પુદ્ગલના જ કાર્ય છે એટલામાટે

શુદ્ધ નિશ્ચયનયથી તે પૌદગલિક છે. આઠ પ્રકારના કર્મ, પુદ્‌ગલ દ્રવ્ય જ છે એવા કથન કરવાવાળી ગાથા પૂર્ણ થઈ.

હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે તે પુદ્‌ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છેઃ–

**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**

**ગાથાર્થઃ-** [ एते सर्वे ] આ સર્વ [ अध्यवसानादयः भावाः ] અધ્યવસાનાદિ ભાવો છે તે [ जीवाः ] જીવ છે એવો [ जिनवरैः ] જિનવરોએ [ उपदेशः वर्णितः ] જે ઉપદેશ વર્ણવ્યો છે તે [ व्यवहारस्य दर्शनम् ] વ્યવહારનય દર્શાવ્યો છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૬)**

ઉત્થાનિકા : હવે જો અધ્યવસાનાદિ ભાવ પુદ્‌ગલ સ્વભાવ છે તો પછી જીવ રાગી-દ્વેષી-મોહી છે એવી રીતે અન્ય ગ્રંથોમાં તેને જીવસ્વરૂપ શા માટે પ્રતિપાદન કરેલ છે તેનો ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : વ્યવહારનયનું સ્વરૂપ દેખાડેલ છે.

(પ્રશ્ન) કોના દ્વારા વ્યવહાર દેખાડવામાં આવેલ છે?

(ઉત્તર) જીનેન્દ્ર ભગવંત દ્વારા ઉપદેશ વર્ણન કરવામાં આવેલું છે-કથન કરવામાં આવેલું છે.

(પ્રશ્ન) કયા પ્રકારથી ઉપદેશ વર્ણન કરેલ છે?

(ઉત્તર) આ બધાં અધ્યવસાનાદિભાવ કે પરિણામ જીવરૂપ કહેવામાં આવેલ છે.

હવે વિશેષ કહેવામાં આવે છે કે જો કે આ વ્યવહારનય બાહ્ય દ્રવ્યના અવલંબનવાળું હોવાથી અભૂતાર્થ છે તો પણ રાગાદિ બાહ્ય દ્રવ્યના અવલંબનથી રહિત વિશુદ્ધજ્ઞાનદર્શન સ્વભાવ સ્વાવલંબન સહિત એવા પરમાર્થનો (તો) પ્રતિપાદક હોવાથી તેનું દેખાડવું ઉચિત છે. જો વ્યવહારનય ન હોત તો તો શુદ્ધ નિશ્ચયનયથી ત્રસ અને સ્થાવર જીવ નથી એમ માનીને તેને નિશંક થઈને લોકો મસળી નાખે. આથી પુણ્યરૂપ (વ્યવહાર) ધર્મનો અભાવ થાય એ એક દૂષણ છે.

તે પ્રકારે શુદ્ધનિશ્ચયનયથી તો જીવ રાગ, દ્વેષ, મોહ, રહિત પહેલેથી જ છે એટલા માટે મુક્ત જ છે તેવું માનીને મોક્ષને માટે કોઈપણ અનુષ્ઠાન (વિધિ) નહીં કરે. એનાથી મોક્ષનો અભાવ થશે આ બીજું દૂષણ છે તેથી વ્યવહારનયનું વ્યાખ્યાન કરવું ઉચિત છે એવો અભિપ્રાય છે.

હવે શિષ્ય પૂછે છે કે આ વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવર્ત્યો છે? તેનો ઉત્તર કહેછેઃ–

**'નિર્ગમન આ નૃપનું થયું''-નિર્દેશ સૈન્યસમૂહને,**
**વ્યવહારથી કહેવાય એ, પણ ભૂપ એમાં એક છે; ૪૭.**

**ત્યમ સર્વ અધ્યવસાન આદિ અન્યભાવો જીવ છે,**
**-સૂત્રે કર્યો વ્યવહાર, પણ ત્યાં જીવ નિશ્ચય એક છે. ૪૮.**

**ગાથાર્થઃ**-જેમ કોઈ રાજા સેના સહિત નીકળ્યો ત્યાં [ राजा खलु निर्गतः ] 'આ રાજા નીકળ્યો ' [ इति एषः ] એમ આ જે [ बलसमुदयस्य ] સેનાના સમુદાયને [ आदेशः ] કહેવામાં આવે છે તે [ व्यवहारेण तु उच्यते ] વ્યવહારથી કહેવામાં આવે છે, [ तत्र ] તે સેનામાં ( વાસ્તવિકપણે ) [ एकः निर्गतः राजा ] રાજા તો એક જ નીકળ્યો છે; [ एवम् एव च ] તેવી જ રીતે [ अध्यवसानाद्यन्यभावानाम् ] અધ્યવસાન આદિ અન્યભાવોને [ जीवः इति ] '( આ ) જીવ છે ' એમ [ सूत्रे ] પરમાગમમાં કહ્યું છે તે [ व्यवहारः कृतः ] વ્યવહાર કર્યો છે, [ तत्र निश्चितः ] નિશ્ચયથી વિચારવામાં આવે તો તેમનામાં [ जीवः एकः ] જીવ તો એક જ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા ૪૭ - ૪૮)**

ઉત્થાનિકા : હવે વ્યવહારનય કયા દૃષ્ટાંતથી પ્રવૃત્ત થાય છે. (લાગુ પડે છે) તે બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : સૈન્યના નીકળવાથી રાજા જ નીકળેલ છે અને પાંચ યોજનના વિસ્તારમાં સેના સમૂહને જોઈને રાજા જાય છે. એવું વ્યવહારથી જ કહેવામાં આવે છે. નિશ્ચયથી તો ત્યાં એક જ રાજા જાય છે આ પ્રકારે દૃષ્ટાંત પૂરું થયું. હવે દાર્ષ્ટાંત (સિદ્ધાંત) કહે છે. આ પ્રકારે રાજાના દૃષ્ટાંતની જેમ વ્યવહાર છે.

(પ્રશ્ન) કોનો વ્યવહાર છે ?

(ઉત્તર) જીવથી ભિન્ન અધ્યવસાનાદિ તથા રાગાદિ ભાવોનો વ્યવહાર છે.

(પ્રશ્ન) કયા પ્રકારથી વ્યવહાર છે ?

(ઉત્તર) રાગાદિભાવ વ્યવહારથી પરમાગમ-સૂત્રમાં જીવના કહેવામાં આવેલ છે.

ત્યાં તે રાગાદિ પરિણામોની વચ્ચે જીવ કોણ છે ? કેવો છે ? તે નિશ્ચિત રૂપથી જાણવું જોઈએ.

શુદ્ધ નિશ્ચયનયથી ભાવકર્મ દ્રવ્યકર્મ નોકર્મ રહિત શુદ્ધ બુદ્ધ એક સ્વભાવભાવવાળું જીવ દ્રવ્ય છે. આ પ્રકારે વ્યવહારનયના સમર્થનરૂપથી ૩ ગાથાઓ પૂર્ણ થઈ. આ પ્રકારે અજીવ અધિકારની વચ્ચે શુદ્ધ નિશ્ચયનયથી દેહ રાગાદિ પર દ્રવ્ય જીવ સ્વરૂપ નથી. આ પ્રકારના કથનની મુખ્યતાથી ૧૦ ગાથાઓ દ્વારા પ્રથમ અંતરાધિકારનું વ્યાખ્યાન થયું.

તાત્પર્યવૃત્તિ સમૂહપીઠીકા :

આના પછી વર્ણ રસ આદિ પુદ્ગલ સ્વરૂપથી રહિત અનંતગુણાદિમય શુદ્ધ જીવ જ ઉપાદેય છે. એવા ભાવ ભાસનની મુખ્યતાથી બાર ગાથાઓ સુધી વ્યાખ્યાન કરે છે. ત્યાં બાર ગાથાઓની વચ્ચે પરમ સામાયિકની ભાવના રૂપથી પરિણિત અભેદ રત્નત્રય લક્ષણવાળા નિર્વિકલ્પ સમાધિની સાથે ઉત્પન્ન પરમાનંદ સુખ સમરસીભાવથી પરિચિત શુદ્ધ જીવ જ ઉપાદેય છે. આ મુખ્યતાથી એક ગાથા છે. તેના પછી અભ્યંતરમાં રાગાદિક અને બહિરંગમાં જે વર્ણાદિ ભાવ છે તે શુદ્ધ જીવનું

સ્વરૂપ નથી આ રીતે તેનું વિશેષ વર્ણન કરવા માટે છ ગાથાઓ છે.

તેના પછી તે જ રાગાદિ અને વર્ણાદિ ભાવ વ્યવહારથી (જીવના) છે અને શુદ્ધ નિશ્ચયનયથી તે જીવના નથી. આવી રીતે પરસ્પર સાપેક્ષ બે નયોના વિવરણને માટે એક ગાથા સૂત્ર છે, ત્યારબાદ તે રાગાદિનો વ્યવહારનયથી જીવની સાથે દૂધ અને પાણીની સમાન સંબંધ છે. પરંતુ નિશ્ચયનયથી સંબંધ નથી. આના સમર્થનરૂપથી એક ગાથા છે ત્યારપછી તે વ્યવહારનયને ફરીથી વ્યક્ત કરવા માટે દષ્ટાંત-દાષ્ટાંતના સમર્થન રૂપથી ત્રણ ગાથાઓ છે. આ બીજા સ્થળની સમુહરૂપ પીઠીકા છે.

હવે શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે ? તેનું લક્ષણ શું છે ? એ પ્રશ્નનો ઉત્તર કહે છેઃ–

**જીવ ચેતનાગુણ, શબ્દ-રસ-રૂપ-ગંધ-વ્યક્તિવિહીન છે,**
**નિર્દિષ્ટ નહિ સંસ્થાન જીવનું, ગ્રહણ લિંગ થકી નહીં. ૪૯.**

**ગાથાર્થઃ**-હે ભવ્ય ! તું [ जीवम् ] જીવને [ अरसम् ] રસરહિત, [ अरूपम् ] રૂપરહિત, [ अगन्धम् ] ગંધરહિત, [ अव्यक्तं ] અવ્યક્ત અર્થાત્ ઇંદ્રિયોને ગોચર નથી એવો, [ चेतनागुणम् ] ચેતના જેનો ગુણ છે એવો, [ अशब्दम् ] શબ્દરહિત, [ अलिङ्गग्रहणं ] કોઈ ચિહ્નથી જેનું ગ્રહણ નથી એવો અને [ अनिर्दिष्टसंस्थानम् ] જેનો કોઈ આકાર કહેવાતો નથી એવો [ जानीहि ] જાણ.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૯)**

ઉત્થાનિકા : હવે જો નિશ્ચયનયથી રાગાદિરૂપ ભાવ જીવના નથી તો પછી કયા પ્રકારનો શુદ્ધ જીવ ઉપાદેય સ્વરૂપ છે તે કહે છે.

તાત્પર્યવૃત્તિ : નિશ્ચયનયથી રસ, રૂપ, ગંધ, સ્પર્શ અને શબ્દ રહિત તથા મનોગત કામ ક્રોધ આદિ વિકલ્પ રહિત હોવાથી (જીવ) અવ્યક્ત સૂક્ષ્મ છે. વળી બીજી કઈ વિશેષતા છે ? શુદ્ધ ચેતનાગુણવાળો છે. વળી કયા રૂપે છે ? નિશ્ચયનયથી સ્વસંવેદનનો વિષય હોવાથી અલિંગગ્રહણ સ્વરૂપવાળો છે. અને સમચતુરસ્ત્ર આદિ છ સંસ્થાનોથી રહિત છે. એવો જે પદાર્થ (આત્મા) છે. આવા ગુણોવાળો શુદ્ધાત્મા તે જ હે શિષ્ય ઉપાદેય જાણ.

આનું તાત્પર્ય એમ છે કે શુદ્ધ નિશ્ચયનયથી સર્વ પુદ્ગલ દ્રવ્ય સંબંધી વર્ણાદિ ગુણ અને શબ્દાદિ બધી પર્યાયોથી રહિત બધી દ્રવ્યેન્દ્રિયો ભાવેન્દ્રિયો તથા મનોગત રાગાદિ વિકલ્પોનો જે વિષય નથી. ધર્મ અધર્મ આકાશ કાળ તથા અન્ય જીવોથી જુદો અને અનંત દર્શન, જ્ઞાન, સુખ વીર્યવાળો જે શુદ્ધાત્મા છે તે શુદ્ધાત્મા સમસ્ત પદાર્થ, સર્વદેશ તથા કાળ, બ્રાહ્મણ ક્ષત્રિય આદિ અનેક વર્ણભેદથી ભિન્ન લોકોના સમસ્ત મન વચન કાયાના વ્યાપારમાં આ શુદ્ધાત્મા દુર્લભ છે. તે શુદ્ધાત્મા અપૂર્વ છે. ઉપાદેય છે. એવું જાણીને નિર્વિકલ્પ નિર્મોહ નિરંજન, નિજ શુદ્ધાત્મા સમાધિથી પ્રગટ થવાવાળી સુખામૃત રસની અનુભૂતિ લક્ષણવાળો (છે) તેનો પહાડ, ગુફા, ખીણરૂપ એકાંત સ્થાનમાં સ્થિર

થઈને શુદ્ધાત્માનુભવ કરવો જોઈએ. આ રીતે આ ગાથા પૂર્ણ થઈ.

હવે આ ભાવનું વ્યાખ્યાન છ ગાથામાં કરે છે.

હવે આ ભાવનું વ્યાખ્યાન ૬ ગાથામાં કરે છે.

એવા એ ભાવોનું વ્યાખ્યાન છ ગાથાઓમાં કરે છેઃ–

**નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,**
**નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહિ; ૫૦.**
**નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,**
**નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.**
**નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,**
**અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.**
**જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,**
**નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.**
**સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,**
**સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.**
**નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,**
**પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.**

**ગાથાર્થઃ-** [ जीवस्य ] જીવને [ वर्णः ] વર્ણ [ नास्ति ] નથી, [ न अपि गन्धः ] ગંધ પણ નથી, [ रसः अपि न ] રસ પણ નથી [ च ] અને [ स्पर्शः अपि न ] સ્પર્શ પણ નથી, [ रूपं अपि न ] રૂપ પણ નથી, [ न शरीरं ] શરીર પણ નથી, [ संस्थानं अपि न ] સંસ્થાન પણ નથી, [ संहननम् न ] સંહનન પણ નથી; [ जीवस्य ] જીવને [ रागः नास्ति ] રાગ પણ નથી, [ द्वेषः अपि न ] દ્વેષ પણ નથી, [ मोहः ] મોહ પણ [ न एव विद्यते ] વિદ્યમાન નથી, [ प्रत्ययाः नो ] પ્રત્યયો ( આસ્રવો ) પણ નથી, [ कर्म न ] કર્મ પણ નથી [ च ] અને [ नोकर्म अपि ] નોકર્મ પણ [ तस्य नास्ति ] તેને નથી; [ जीवस्य ] જીવને [ वर्गः नास्ति ] વર્ગ નથી, [ वर्गणा न ] વર્ગણા નથી, [ कानिचित् स्पर्धकानि न एव ] કોઈ સ્પર્ધકો પણ નથી, [ अध्यात्मस्थानानि नो ] અધ્યાત્મસ્થાનો પણ નથી [ च ] અને [ अनुभागस्थानानि ] અનુભાગસ્થાનો પણ [ न एव ] નથી; [ जीवस्य ] જીવને [ कानिचित् योगस्थानानि ] કોઈ યોગસ્થાનો પણ [ न सन्ति ] નથી [ वा ] અથવા [ बन्धस्थानानि न ] બંધસ્થાનો પણ નથી, [ च ] વળી [ उदयस्थानानि ] ઉદયસ્થાનો પણ [ न एव ] નથી, [ कानिचित् मार्गणास्थानानि न ] કોઈ માર્ગણાસ્થાનો પણ નથી; [ जीवस्य ] જીવને [ स्थितिबन्धस्थानानि नो ]

સ્થિતિબંધસ્થાનો પણ નથી [ वा ] અથવા [ संक्लेशस्थानानि न ] સંકલેશસ્થાનો પણ નથી, [ विशुद्धिस्थानानि ] વિશુદ્ધિસ્થાનો પણ [ न एव ] નથી [ वा ] અથવા [ संयमलब्धिस्थानानि ] સંયમલબ્ધિસ્થાનો પણ [ नो ] નથી; [ च ] વળી [ जीवस्य ] જીવને [ जीवस्थानानि ] જીવસ્થાનો પણ [ न एव ] નથી [ वा ] અથવા [ गुणस्थानानि ] ગુણસ્થાનો પણ [ न सन्ति ] નથી; [ येन तु ] કારણ કે [ एते सर्वे ] આ બધા [ पुद्गलद्रव्यस्य ] પુદ્‌ગલદ્રવ્યના [ परिणामाः ] પરિણામ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૫૦ થી ૫૫)**

ઉત્થાનિકા : હવે બહિરંગમાં વર્ણાદિ તથા અંતરંગમાં રાગાદિભાવ પુદ્‌ગલના છે. શુદ્ધ નિશ્ચયનયથી તે જીવનું સ્વરૂપ નથી એમ નિરૂપણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : વર્ણ, ગંધ, રસ, સ્પર્શને રૂપ જે શબ્દથી વાચ્ય છે અને સ્પર્શ, રસ, ગંધવાળી મૂર્તિ (મૂર્તિક્તા) અને ઔદારિક આદિ પાંચ શરીર, સમચતુરસ્ત્ર આદિ છ સંહનન, વજ્રવૃષભનારાચ આદિ છ સંસ્થાન છે, તે બધા વર્ણાદિક શુદ્ધ નિશ્ચયનયથી ધર્મી જીવના નથી. આ પ્રકારે સાધ્ય ધર્મ છે, ધર્મ ધર્મીનો સમુદાય તે પક્ષ છે, આસ્થા, સંધા તે પ્રતિજ્ઞા છે. કેમકે આ પુદ્‌ગલ દ્રવ્ય પરિણામમય હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે. આમ હેતુ છે. આ પ્રકારે અહીં વ્યાખ્યાનમાં પક્ષ, હેતુરૂપથી બે અંગવાળો અનુમાનથી જાણવો જોઈએ.

હવે રાગ-દ્વેષ-મોહ અને મિથ્યાત્વ અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આ પાંચ પ્રત્યય તથા મૂળ પ્રકૃતિઓ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદથી ભિન્ન કરવામાં આવતા જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મ ઔદારિક, વૈક્રિયક, આહારક એવા ત્રણ શરીર, આહાર આદિ છ પર્યાપ્તિ રૂપ નોકર્મ આ બધા શુદ્ધ નિશ્ચયનયથી જીવના નથી.

(પ્રશ્ન) કયા કારણથી જીવના નથી ?

(ઉત્તર) કેમકે આ બધા પુદ્‌ગલ દ્રવ્ય પરિણામમય હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે.

હવે પરમાણુના અવિભાગ પ્રતિચ્છેદરૂપ શક્તિના સમૂહને વર્ગ કહે છે વર્ગોના સમૂહને વર્ગણા કહે છે. તથા વર્ગણાના સમૂહને સ્પર્ધક કહે છે. આ બધા જીવના નથી અથવા કર્મશક્તિની ક્રમમાં જે વિશેષ વૃદ્ધિ જ સ્પર્ધકનું લક્ષણ છે. આ પ્રકારે વર્ગ વર્ગણા અને સ્પર્ધક ત્રણેનું લક્ષણ આગમમાં કહ્યું છે.

અણુની શક્તિના સમૂહને વર્ગ કહે છે. ઘણાં વર્ગના સમૂહને વર્ગણા કહે છે અને વર્ગણાઓના સમૂહને સ્પર્ધક કહે છે. આ ત્રણેનું લક્ષણ, સ્પર્ધકોના નાશ કરવાવાળા દ્વારા કહેવામાં આવ્યું છે.

શુભાશુભ રાગાદિ વિકલ્પરૂપ અધ્યવસાન કહેવામાં આવેલ છે. તે પણ જીવના નથી, લતા, લાકડુ, હાડકુ, પત્થર (રૂપ) શક્તિરૂપ ચાર ઘાતિકર્મોના અનુભાગ સ્થાનો કહ્યા છે. ગોળ, ખાંડ, સાકર, અમૃતની સમાન શુભ અઘાતિકર્મોના અનુભાગ સ્થાન કહ્યા છે.

લીંબડો, કાંજીર, ઝેર અને હળાહળની જેમ સમાન અશુભ અઘાતિ કર્મોના અનુભાગ સ્થાન કહેવામાં આવેલ છે. આ બધા અનુભાગ સ્થાનો શુદ્ધનયથી જીવના નથી.

(પ્રશ્ન) કયા કારણથી જીવના નથી ?

(ઉત્તર) કેમકે પુદ્‌ગલ દ્રવ્યના પરિણામરૂપ હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે.

હવે વીર્યાન્તરના ક્ષયોપશમથી ઉત્પન્ન થવાવાળા મન-વચન-કાયની વર્ગણાના આલંબનથી કર્મ ગ્રહણ કરવાના હેતુભૂત જે આત્મપ્રદેશોનું પરિસ્પંદનથી કંપન લક્ષણ-કારણ છે. જેનું એવા યોગસ્થાનો છે. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશરૂપ ચાર પ્રકારના બંધ સ્થાનો છે. સુખ દુઃખ રૂપ ફળના અનુભવરૂપ ઉદય સ્થાન છે અને ગતિ આદિ માર્ગણા સ્થાન છે. તે બધા જ શુદ્ધનિશ્ચયનયથી જીવના નથી.

(પ્રશ્ન) કયા કારણથી જીવના નથી ?

(ઉત્તર) કેમકે આ બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે.

હવે જીવની સાથે અમુક કાળ રહેવાવાળા સ્થિતિબંધ સ્થાન છે. કષાયના ઉદ્દેક આવેગરૂપ સંકલેશ સ્થાન છે. કષાયના મંદ ઉદયરૂપ વિશુદ્ધિ સ્થાન છે. કષાયની ક્રમશ હાનિરૂપ સંયમલબ્ધિ સ્થાન છે આ બધા જ શુદ્ધ નિશ્ચયનયથી જીવના નથી.

(પ્રશ્ન) કયા કારણથી જીવના નથી ?

(ઉત્તર) કેમ કે આ બધા પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે.

હવે શુદ્ધ નિશ્ચયનયથી

બાદર સુહમેંઈદી વિતિચઉરંદી અસણ્ણિસણ્ણીણં

પજ્જતાપજ્જતા એવં તે ચઉદસા હોન્તિ *ગોમ્મટસાર જીવકાંડ ગાથા -૭૨*

આ પ્રકારે ગાથામાં કહેવાયેલ ક્રમથી બાદર એકેન્દ્રિય (સૂક્ષ્મ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય) આદિ (સાત પર્યાપ્ત સાત અપર્યાપ્ત) ચૌદ જીવસ્થાન, મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાન એ બધા જીવના નથી.

(પ્રશ્ન) કયા કારણથી જીવના નથી ?

(ઉત્તર) કેમકે તે બધા પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન છે.

(પ્રશ્ન) કેવી રીતે ભિન્ન છે ?

(ઉત્તર) કારણ કે આ વર્ણાદિથી લઈને ગુણસ્થાન પર્યંત પરિણામ શુદ્ધ નિશ્ચયનયથી પુદ્‌ગલદ્રવ્યની પર્યાય છે. એમ અહીં ભાવાર્થ છે.

સિદ્ધાંત ગ્રંથોમાં (આગમ ગ્રંથોમાં) અશુદ્ધ પર્યાયાર્થિકનયથી અંતરંગમાં થવાવાળા રાગાદિભાવ તથા બહિરંગમાં શરીરના વર્ણની અપેક્ષાથી વર્ણાદિક ભાવોને જીવ કહેલ છે. પરંતુ અહીં અધ્યાત્મ શાસ્ત્રમાં શુદ્ધ નિશ્ચયનયથી તેને જીવ માનવાનો નિષેધ કરવામાં આવેલ છે. અહીં નય વિવક્ષાની

અપેક્ષાએ વિરોધ નથી.

આ પ્રકારે વર્ણાદિ ભાવના વિશેષ કથનરૂપથી છ ગાથા સૂત્ર પૂર્ણ થયા.

હવે શિષ્ય પૂછે છે કે આ વર્ણાદિ ભાવ જીવના નથી તો અન્ય સિદ્ધાંત ગ્રંથોમાં એવું કેવી રીતે કહેવામાં આવ્યું છે કે તે 'જીવના છે' તેનો ઉત્તર ગાથારૂપમાં કહે છે.

**વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
**પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.**

**ભાવાર્થ:-** [ एते ] આ [ वर्णाद्याः गुणस्थानान्ताः भावाः ] વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યન્ત ભાવો કહેવામાં આવ્યા તે [ व्यवहारेण तु ] વ્યવહારનયથી તો [ जीवस्य भवन्ति ] જીવના છે ( માટે સૂત્રમાં કહ્યા છે ), [ तु ] પરંતુ [ निश्चयनयस्य ] નિશ્ચયનયના મતમાં [ केचित् न ] તેમનામાંના કોઈ પણ જીવના નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૫૬)**

ઉત્થાનિકા : હવે પૂર્વોક્ત સિદ્ધાંત ગ્રંથોમાં વર્ણ આદિ ભાવોને વ્યવહારનયથી જીવના કહેવામાં આવેલ છે અને અહીં પ્રાભૃત ગ્રંથ (સમયસાર) માં નિશ્ચયનયથી તેને જીવના માનવાનો નિષેધ કરવામાં આવેલ છે. એ અર્થને અહીં દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : આ વર્ણાદિ ગુણસ્થાન પર્યન્તભાવ પર્યાયો વ્યવહારનયથી જીવના છે પરંતુ નિશ્ચયનયથી તે કોઈ પણ જીવના નથી આ પ્રકારે નિશ્ચય વ્યવહારના સમર્થન રૂપથી ગાથા પૂર્ણ થઈ.

હવે વળી પૂછે છે કે વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો. તે પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો;**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.**

**ગાથાર્થ:-** [ एतैः च सम्बन्धः ] આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ [ क्षीरोदकं यथा एव ] જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો [ ज्ञातव्यः ] જાણવો [ च ] અને [ तानि ] તેઓ [ तस्य तु न भवन्ति ] તે જીવના નથી [ यस्मात् ] કારણ કે જીવ [ उपयोगगुणाधिकः ] તેમનાથી ઉપયોગગુણે અધિક છે ( -ઉપયોગગુણ વડે જુદો જણાય છે ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૫૭)**

ઉત્થાનિકા : નિશ્ચયનયથી વર્ણાદિક જીવના કેમ નથી એવું પૂછવા પર ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : અહીં પૂર્વોક્ત પર્યાયરૂપ વર્ણાદિથી લઈને ગુણસ્થાનના અંતર્ગત આવવાવાળા

ભાવોની સાથે જીવનો એવો જ સંશ્લેષ સંબંધ છે કે જેવા દૂધનો પાણી સાથે સંશ્લેષ સંબંધ હોય છે એમ માનવું યોગ્ય છે પરંતુ અગ્નિ અને ઉષ્ણતાની જેમ તાદાત્મય સંબંધ નથી.

(પ્રશ્ન) તાદાત્મ્ય સંબંધ કેમ નથી ?

(ઉત્તર) વર્ણાદિથી લઈને ગુણસ્થાનપર્યંત ભાવ તે જીવના નથી. (તેથી)

(પ્રશ્ન) કયા કારણથી જીવના નથી ?

(ઉત્તર) કેમકે જેમ અગ્નિ ઉષ્ણતાથી પરિપૂર્ણ છે તેવી રીતે જીવ કેવળજ્ઞાન કેવળદર્શન ગુણથી ભરેલ છે પરિપૂર્ણ છે.

(પ્રશ્ન) અહીં જે બહિરંગ વર્ણાદિક છે તેનો જીવની સાથે સંશ્લેષ સંબંધ દૂધ-પાણીની જેમ વ્યવહારથી ભલે હો પરંતુ અભ્યંતરમાં થવાવાળા રાગાદિક ભાવોનો દૂધ-પાણીના જેવો સંબંધ વ્યવહારથી પણ માની ન શકાય. તેથી જીવમાં તેને અશુદ્ધ નિશ્ચયનયથી તો માનવો જોઈએ ને ?

(ઉત્તર) એમ નથી. કેમકે દ્રવ્યકર્મ કે જે બંધની અપેક્ષા એ અસદ્ભૂત વ્યવહાર છે તેની અપેક્ષાથી તારત્મયતા દેખાડવા માટે રાગાદિ ભાવોને અશુદ્ધ નિશ્ચયનયથી જીવના કહેવામાં આવે છે. પરંતુ હકીકતે તો શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ તો અશુદ્ધ નિશ્ચય પણ વ્યવહાર જ છે. એમ ભાવાર્થ છે.

હવે વળી પૂછે છે કે આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે ? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છેઃ–

**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-**
**બોલે જનો વ્યવહારી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.**
**એમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો'. ૫૯.**
**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચય તણા દ્રષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.**

**ગાથાર્થઃ-** [ पथि मुष्यमाणं ] જેમ માર્ગમાં ચાલનારને લૂંટાતો [ दृष्ट्वा ] દેખીને '[ एषः पन्था ] આ માર્ગ [ मृष्यते ] લૂંટાય છે' એમ [ व्यवहारिणः ] વ્યવહારી [ लोकाः ] લોકો [ भणन्ति ] કહે છે; ત્યાં પરમાર્થથી વિચારવામાં આવે તો [ कश्चित् पन्था ] કોઈ માર્ગ તો [ न च मुष्यते ] નથી લૂંટાતો, માર્ગમાં ચાલનાર માણસ જ લૂંટાય છે; [ तथा ] તેવી રીતે [ जीवे ] જીવમાં [ कर्मणां नोकर्मणां च ] કર્મોનો અને નોકર્મોનો [ वर्णम् ] વર્ણ [ दृष्ट्वा ] દેખીને '[ जीवस्य ] જીવનો [ एषः वर्णः ] આ વર્ણ છે' એમ [ जिनैः ] જિનદેવોએ [ व्यवहारतः ] વ્યવહારથી [ उक्तः ] કહ્યું છે. [ गन्धरसस्पर्शरूपाणि ] એ પ્રમાણે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, [ देहः

संस्थानादयः ] દેહ, સંસ્થાન આદિ [ ये च सर्वे ] જે સર્વ છે, [ व्यवहारस्य ] તે સર્વ વ્યવહારથી [ निश्चयद्रष्टारः ] નિશ્ચયના દેખનારા [ व्यपदिशन्ति ] કહે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૫૮ થી ૬૦)**

ઉત્થાનિકા : હવે તો પછી આ કાળા રંગનો મનુષ્ય અને આ સફેદ રંગનો મનુષ્ય છે એવો વ્યવહાર વિરોધ ને પ્રાપ્ત થાય છે આ પ્રકારનો પૂર્વ પક્ષ રાખવા પર વ્યવહારનયનું અવિરોધપણું દર્શાવે છે. આ પ્રકારે એક પીઠીકા થઈ અને બીજી પીઠીકામાં પૂર્વોક્ત વ્યવહારના વિરોધને લોક પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા નિરાકારણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : માંગમાં પૈસાદાર માણસને લુટાયેલો જોઈએ. વ્યવહારીજનો કહે છે.

(પ્રશ્ન) શું કહે છે ?

(ઉત્તર) કે સામેનો આ માર્ગ ચોરોથી લુટાઈ છે.

શુદ્ધ આકાશ લક્ષણવાળો માર્ગ કોઈનાથી પણ લુટાતો નથી પરંતુ તે માર્ગનો આધાર લઈને ચાલવાવાળા પથિક લુટાઈ છે. આમ દૃષ્ટાંત ગાથા પૂરી થઈ. તે પ્રકારે તે માર્ગમાં (ચાલનાર) પૈસાદારના દૃષ્ટાંતથી આધારભૂત જીવમાં કર્મ-નોકર્મના સફેદ આદિ રંગ જોઈને જીવનો આ રંગ છે એવો જીનેન્દ્ર દ્વારા વ્યવહાર કહેવામાં આવ્યો છે. આવી રીતે દ્રાષ્ટાંત ગાથા પૂરી થઈ. આ જ રીતે દૃષ્ટાંત-દ્રાષ્ટાંત ન્યાયથી રસ, ગંધ, સ્પર્શ, સંસ્થાન, સંહનન રાગ-દ્વેષ મોહ આદિ જે પૂર્વોક્ત છ ગાથામાં કહેવાયા તે બધા વ્યવહારનયના અભિપ્રાયથી જીવના છે તેવું નિશ્ચયના જાણવાવાળા કહે છે તેમાં વ્યવહારથી વિરોધ નથી. આ રીતે દૃષ્ટાંત દ્રાષ્ટાંતરૂપથી વ્યવહારનયના સમર્થન રૂપ ત્રણ ગાથાઓ પૂરી થઈ. આવી રીતે શુદ્ધ જીવ જ ઉપાદેય છે. એવા પ્રતિપાદનની મુખ્યતાથી ૧ ૨ ગાથાઓ દ્વારા બીજો અંતરાધિકાર કહેવામાં આવ્યો.

આ પ્રકારે શુદ્ધ જીવ જ ઉપાદેય છે. આ કથનની મુખ્યતાથી ૧૨ ગાથાઓ દ્વારા બીજો અંતરાધિકાર કહેવામાં આવ્યો છે.

હવે પૂછે છે કે વર્ણાદિક સાથે જીવનો તાદાત્મ્યલક્ષણ સંબંધ કેમ નથી ? તેનો ઉત્તર કહે છેઃ–

**સંસારી જીવને વર્ણ આદિ ભાવ છે સંસારમાં,**
**સંસારથી પરિમુક્તને નહિ ભાવ કો વર્ણાદિના. ૬૧.**

**ગાથાર્થઃ-** [ वर्णादयः ] વર્ણાદિક છે તે [ संसारस्थानां ] સંસારમાં સ્થિત [ जीवानां ] જીવોને [ तत्र भवे ] તે સંસારમાં [ भवन्ति ] હોય છે અને [ संसारप्रमुक्तानां ] સંસારથી મુક્ત થયેલા જીવોને [ खलु ] નિશ્ચયથી [ वर्णादयः केचित् ] વર્ણાદિક કોઈ પણ ( ભાવો ) [ न सन्ति ] નથી; ( માટે તાદાત્મ્યસંબંધ નથી ).

**સમૂહિ પીઠીકા :**

આના પછી જીવને નિશ્ચયનયથી વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધ નથી એવું ફરીથી દઢ કરવાને માટે આઠ ગાથા સુધી વ્યાખ્યાન કરે છે. ત્યાં પહેલા સંસારી જીવનો વ્યવહારથી વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધ છે પણ મુક્ત અવસ્થામાં તાદાત્મ્ય સંબંધ નથી. તે દર્શાવવા એક ગાથા સૂત્ર છે. ત્યારબાદ જીવનો વર્ણાદિ સાથેના તાદાત્મ્ય સંબંધ છે એવો મિથ્યા અભિપ્રાય હોવા પર જીવનો અભાવરૂપ (થવાનો) દોષ પ્રાપ્ત થાય છે. એવા કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. તેના પછી એકેન્દ્રિય આદિ ચૌદ સમાસોનો જીવની સાથે શુદ્ધનિશ્ચયનયથી તાદાત્મ્ય નથી એમ કહેવા માટે તેવી જ રીતે વર્ણાદિની સાથે તાદાત્મ્યનો નિષેધ કરવા માટે ત્રણ ગાથાઓ છે. ત્યારબાદ મિથ્યાદષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનોનો પણ જીવની સાથે નિશ્ચયનયથી તાદાત્મ્યના નિષેધ માટે અને તેવી રીતે અભ્યંતરમાં રાગાદિનો તાદાત્મ્ય સંબંધનો નિષેધ કરવા માટે એક ગાથા સૂત્ર છે. આ પ્રકારે આઠ ગાથાઓ દ્વારા ત્રીજા સ્થળમાં આ સમુદાય પીઠિકા છે. તે આ પ્રકારે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૧)**

ઉત્થાનિકા : હવે જીવનો વર્ણાદિની સાથે તાદાત્મય લક્ષણ સંબંધ કયા પ્રકારે નથી એવું પૂછવા પર ગાથા દ્વારા જવાબ આપે છે.

તાત્પર્યવૃત્તિ : ત્યાં વિવક્ષિત (વર્તમાન) ભવ અને અવિવક્ષિત ભવ (ભૂત કે ભવિષ્યનો ભવ) માં જે સંસારમાં સ્થિત છે તે જીવોને અશુદ્ધનયથી વર્ણાદિક છે. પરંતુ સંસારથી મુક્ત જીવોને પુદ્‌ગલમાં પ્રાપ્ત થવાવાળા વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધનો અભાવ છે. અથવા કેવળજ્ઞાનાદિ ગુણોનો સિદ્ધત્વ આદિ પર્યાયની સાથે જેવો તાદાત્મય સંબંધ છે તેવા તાદાત્મય સંબંધનો અભાવ હોવાથી અુશદ્ધનયથી પણ વર્ણાદિકનો જીવની સાથે કોઈ સંબંધ નથી. આ પ્રકારે જીવનો વર્ણાદિની સાથે તાદાત્મ્ય સબંધના નિષેધરૂપથી ગાથા પૂર્ણ થઈ.

હવે, જીવનું વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે એવો મિથ્યા અભિપ્રાય કોઈ કરે તો તેમાં આ દોષ આવે છે એમ ગાથામાં બતાવે છેઃ–

**આ ભાવ સર્વે જીવ છે જો એમ તું માને કદી,**
**તો જીવ તેમ અજીવમાં કંઈ ભેદ તુજ રહેતો નથી ! ૬૨.**

**ગાથાર્થઃ**-વર્ણાદિકની સાથે જીવનું તાદાત્મ્ય માનનારને કહે છે કેઃ હે મિથ્યા અભિપ્રાયવાળા ! [ यदि हि च ] જો તું [ इति मन्यसे ] એમ માને કે [ एते सर्वे भावाः ] આ વર્ણાદિક સર્વ ભાવો [ जीवः एव हि ] જીવ જ છે, [ तु ] તો [ ते ] તારા મતમાં [ जीवस्य च अजीवस्य ] જીવ અને અજીવનો [ कश्चित् ] કાંઈ [ विशेषः ] ભેદ [ नास्ति ] રહેતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૨)**

ઉત્થાનિકા : હવે જો જીવનો વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધ છે (એવો કોઈનો દુરાગ્રહ હોય તો) એવા દુરાગ્રહથી થવાવાળા દોષને બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે અનંત જ્ઞાન અવ્યાબાધ સુખ આદિ ગુણ જ જીવ છે અને વર્ણાદિ ગુણ પુદ્‌ગલ છે તેવી જ રીતે સ્પષ્ટ રૂપથી આ વર્ણાદિ સર્વભાવ જીવ જ છે એવું જો તું માનતો હો કે માનવામાં આવે તો શું દોષ છે ?

વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવવાળા જીવના અને જડત્વ સ્વભાવવાળા-લક્ષણવાળા અજીવમાં તેના મતે કઈ ભેદ નથી પડતો ત્યારે તો જીવના અભાવરૂપ (થવાનો) દોષ પ્રાપ્ત થશે એવો આ સૂત્રનો અર્થ છે.

હવે, ' માત્ર સંસાર–અવસ્થામાં જ જીવને વર્ણાદિક સાથે તાદાત્મ્ય છે ' એવા અભિપ્રાયમાં પણ આ જ દોષ આવે છે એમ કહે છેઃ–

**વર્ણાદિ છે સંસારી જીવના એમ જો તુજ મત બને,**
**સંસારમાં સ્થિત સૌ જીવો પામ્યા તદા રૂપિત્વને; ૬૩.**
**એ રીત પુદ્‌ગલ તે જ જીવ, હે મૂઢમતિ ! સમલક્ષણે,**
**ને મોક્ષપ્રાપ્ત થતાંય પુદ્‌ગલદ્રવ્ય પામ્યું જીવત્વને ! ૬૪.**

**ગાથાર્થઃ-** [ अथ ] અથવા જો [ तव ] તારો મત એમ હોય કે [ संसारस्थानां जीवानां ] સંસારમાં સ્થિત જીવોને જ [ वर्णादयः ] વર્ણાદિક ( તાદાત્મ્યસ્વરૂપે ) [ भवन्ति ] છે, [ तस्मात् ] તો તે કારણે [ संसारस्थाः जीवाः ] સંસારમાં સ્થિત જીવો [ रूपित्वम् आपन्नाः ] રૂપીપણાને પામ્યા; [ एवं ] એમ થતાં, [ तथालक्षणेन ] તેવું લક્ષણ તો ( અર્થાત્ રૂપીપણું લક્ષણ તો ) પુદ્‌ગલદ્રવ્યનું હોવાથી, [ मूढमते ] હે મૂઢબુદ્ધિ ! [ पुद्गलद्रव्यं ] પુદ્‌ગલદ્રવ્ય તે જ [ जीवः ] જીવ ઠર્યું [ च ] અને ( માત્ર સંસારઅવસ્થામાં જ નહિ પણ ) [ निर्वाणम् उपगतः अपि ] નિર્વાણ પામ્યે પણ [ पुद्गलः ] પુદ્‌ગલ જ [ जीवत्वं ] જીવપણાને [ प्राप्तः ] પામ્યું !

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૩-૬૪)**

ઉત્થાનિકા : હવે સંસાર અવસ્થામાં જ જીવને વર્ણાદિ સાથે તાદાત્મ્ય સંબંધ છે એવો દુરાગ્રહ હોવા પર જીવનો જ અભાવ (થવાનો) દોષ આવે છે એવો ઉપદેશ છે.

તાત્પર્યવૃત્તિ : સંસાર અવસ્થામાં સ્થિત જીવોને પુદ્‌ગલની જેમ જ વર્ણાદિ ગુણો છે. એવા તારા મત કે અભિપ્રાયને એકાંતે માનવામાં આવે તો શું દોષ આવશે ? તો કહે છે કે સંસારમાં સ્થિત જીવોના અમૂર્ત અનંત જ્ઞાનાદિ ચતુષ્ટમય લક્ષણ છોડીને સફેદ, કાળા આદિ લક્ષણવાળું મૂર્તિકપણું પ્રાપ્ત થઈ જાય, આવો દોષ પ્રાપ્ત થશે.

હે મૂઢમતિ જીવ ! તારા અભિપ્રાયથી પૂર્વોક્ત પ્રકારથી જીવનું રૂપીપણું હોવાથી પુદ્‌ગલદ્રવ્ય જ જીવ છે. તેનાથી ભિન્ન વિશુદ્ધ ચૈતન્ય ચમત્કારવાળો જીવ કોઈ જુદો ન રહ્યો.

એટલું જ નહી પણ સંસાર અવસ્થામાં પુદ્‌ગલ જ જીવપણાને પ્રાપ્ત થઈ ગયું. (એટલું જ નહીં) પરંતુ મોક્ષ પ્રાપ્ત થવા પર પણ પુદ્‌ગલ જ જીવપણાને પ્રાપ્ત થયું એનાથી જુદો કોઈ પણ ચૈતન્ય (રૂપ) જીવ (મોક્ષમાં) ન રહ્યો.

(પ્રશ્ન) કયા કારણથી ચૈતન્યરૂપ જીવ ન રહ્યો ?

(ઉત્તર) કેમકે વર્ણાદિની સાથે પુદ્‌ગલ તાદાત્મ્ય છે તેનો નિષેધ અશક્ય હોવાથી જીવનો અભાવ સિદ્ધ થશે.

વિશેષ એમ છે કે સંસાર અવસ્થામાં એકાંતથી જીવનું વર્ણાદિની સાથે તાદાત્મ્ય પણું હોવા પર મોક્ષ જ ઘટિત નહીં થાય.

(પ્રશ્ન) કેમ નહીં થાય ?

(ઉત્તર) કેમકે કેવળજ્ઞાન આદિ ચતુષ્ટયની પ્રગટતારૂપ કાર્ય સમયસારની (આત્માની) મોક્ષ સંજ્ઞા છે. અને જીવને પુદ્‌ગલપણું પ્રાપ્ત હોવાથી તે મોક્ષ સંભવ નથી એવો ભાવાર્થ છે.

આ પ્રકારે વર્ણાદિકનું જીવની સાથે તાદાત્મ્ય (પણું) માનવા પર જીવના અભાવરૂપ (નાશરૂપ) દોષ પ્રાપ્ત થશે. આ પ્રકારે ત્રણ ગાથાઓ પૂરી થઈ.

આ રીતે એ સિદ્ધ થયું કે વર્ણાદિક ભાવો જીવ નથી, એમ હવે કહે છેઃ–

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને**
**પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.**
**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬.**

**ગાથાર્થઃ-** [ एकं वा ] એકેંદ્રિય, [ द्वे ] દ્વીંદ્રિય, [ त्रीणि च ] ત્રીંદ્રિય, [ चत्वारि च ] ચતુરિંદ્રિય, [ पञ्चेन्द्रियाणि ] પંચેંદ્રિય, [ बादरपर्याप्तेतराः ] બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત અને અપર્યાપ્ત [ जीवाः ] જીવો–એ [ नामकर्मणः ] નામકર્મની [ प्रकृतयः ] પ્રકૃતિઓ છે; [ एताभिः च ] આ [ प्रकृतिभिः ] પ્રકૃતિઓ [ पुद्गलमयीभिः ताभिः ] કે જેઓ પદ્‌ગલમય તરીકે પ્રસિદ્ધ છે તેમના વડે [ करणभूताभिः ] કરણસ્વરૂપ થઈને [ निर्वृत्तानि ] રચાયેલાં [ जीवस्थानानि ] જે જીવસ્થાનો ( જીવસમાસ ) છે તેઓ [ जीवः ] જીવ [ कथं ] કેમ [ भण्यते ] કહેવાય ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૫-૬૬)**

ઉત્થાનિકા : હવે અહીં સિદ્ધ થયું કે બાદર-સૂક્ષ્મ એકેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય સુધીના ચૌદ જીવસ્થાન શુદ્ધ નિશ્ચયનયથી જીવસ્વરૂપ નથી. તેવી રીતે દેહગત વર્ણાદિ પણ જીવનું સ્વરૂપ નથી

એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિય સંજ્ઞી અને અસંજ્ઞી, બાદર (સૂક્ષ્મ) પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પ્રકૃતિઓ છે.

(પ્રશ્ન) કોના સંબંધિત (આ) પ્રકૃતિઓ છે ?

(ઉત્તર) નામકર્મ સંબંધિત પ્રકૃતિઓ છે.

હવે અમૂર્ત અતીન્દ્રિય નિરંજન પરમાત્મા તત્ત્વથી ભિન્ન આ પુદ્‌ગલમયી કર્મ પ્રકૃતિઓથી રચાયેલ ચૌદ જીવસ્થાન નિશ્ચયનયથી જીવ કેવી રીતે હોઈ શકે ? કોઈ પણ પ્રકારે જીવ ન હોય શકે.

વિશેષ એમ છે કે જેવી રીતે સોના દ્વારા બનાવેલ તલવારની મ્યાન સોનાની જ છે. તેવી રીતે પુદ્‌ગલમય પ્રકૃત્તિઓ દ્વારા રચાયેલ જીવસ્થાન પુદ્‌ગલ દ્રવ્ય સ્વરૂપ જ છે અને તે જીવ સ્વરૂપ નથી. આ પ્રકારે તે જીવસ્થાનના ઉદાહરણ દ્વારા તેના આશ્રયભૂત (પુદ્‌ગલાશ્રિત) વર્ણાદિ પણ પુદ્‌ગલ સ્વરૂપ જ છે. જીવ સ્વરૂપ નથી. એમ આશય છે.

હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છેઃ–

**પર્યાપ્ત અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

**ગાથાર્થઃ-** [ ये ] જે [ पर्याप्तापर्याप्ताः ] પર્યાપ્ત, અપર્યાપ્ત [ सूक्ष्माः बादराः च ] સૂક્ષ્મ અને બાદર આદિ [ ये च एव ] જેટલી [ देहस्य ] દેહને [ जीवसंज्ञाः ] જીવસંજ્ઞા કહી છે તે બધી [ सूत्रे ] સૂત્રમાં [ व्यवहारतः ] વ્યવહારથી [ उक्ताः ] કહી છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૭)**

ઉત્થાનિકા : હવે અન્ય ગ્રંથોમાં પર્યાપ્ત જીવ અર્પાપ્ત જીવ બાદર જીવ સૂક્ષ્મ જીવ કહેવાયા છે તે કઈ રીતે ઘટે છે આ પ્રકારે પૂર્વપક્ષનું નિરાકરણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : પર્યાપ્ત તથા અપર્યાપ્ત સૂક્ષ્મ અને બાદર જે જીવ કહેવામાં આવ્યા છે તે પર્યાપ્ત અને અપર્યાપ્ત શરીરને જોઈને પર્યાપ્ત અને અપર્યાપ્ત બાદર સૂક્ષ્મથી ભિન્ન પરમ ચૈતન્ય જ્યોતિ લક્ષણરૂપ શુદ્ધાત્મા સ્વરૂપથી જુદારૂપ શરીરની તે જીવ સંજ્ઞા કહેવામાં આવી છે.

(પ્રશ્ન) ક્યાં કહેવામાં આવી છે ?

(ઉત્તર) સૂત્રમાં અથવા પરમાગમમાં કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) કોના દ્વારા કહેવામાં આવી છે ?

(ઉત્તર) વ્યવહારનયથી કહેવામાં આવી છે અને તેમાં (વ્યવહારનયથી કહેવામાં) કંઈ દોષ

નથી. આ પ્રકારે જીવસ્થાન અને જીવસ્થાનના આશ્રિત વર્ણાદિ નિશ્ચયથી જીવ સ્વરૂપ નથી આ પ્રકારના કથનરૂપથી ત્રણ ગાથાઓ પૂર્ણ થઈ.

**મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,**
**તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં ? ૬૮.**

**ગાથાર્થઃ-** [ यानि इमानि ] જે આ [ गुणस्थानानि ] ગુણસ્થાનો છે તે [ मोहनकर्मणः उदयात् तु ] મોહકર્મના ઉદયથી થાય છે [ वर्णितानि ] એમ [ सर्वज्ञनां आगममां ] વર્ણવવામાં આવ્યું છે; [ तानि ] તેઓ [ जीवाः ] જીવ ( कथं ) કેમ [ भवन्ति ] હોઈ શકે [ यानि ] કે જેઓ [ नित्यं ] સદા [ सचेतनानि ] અચેતન [ उक्तानि ] કહેવામાં આવ્યાં છે ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૮)**

ઉત્થાનિકા : હવે શુદ્ધ નિશ્ચયનયથી ન કેવળ બહિરંગ વર્ણાદિ તે જીવ સ્વરૂપ નથી પરંતુ અભ્યંતર મિથ્યાત્વ આદિ ગુણસ્થાનરૂપ રાગાદિ પણ જીવનું સ્વરૂપ નથી એવું સિદ્ધ કરે છે.

તાત્પર્યવૃત્તિ : નિર્મોહ, પરમ ચૈતન્ય પ્રકાશ લક્ષણવાળા પરમાત્મ તત્ત્વથી વિરૂદ્ધ પક્ષવાળા, અનાદિ અવિદ્યારૂપ કેળના કંદની (મૂળની) સમાન પરંપરાથી આવવાવાળા મોહકર્મના ઉદયથી થવાવાળા આ ગુણસ્થાનો કહેલાં છે.

અને જેમકે ગોમ્મટસારમાં કહેવામાં આવેલું છે કે મોહ અને યોગથી ઉત્પન્ન થવાવાળા જીવના પરિણામને ગુણસ્થાન કહે છે.

(પ્રશ્ન) તે ગુણસ્થાનક જીવ કેવી રીતે છે ?

(ઉત્તર) કોઈપણ પ્રકારથી તે જીવ થઈ શકતા નથી.

(પ્રશ્ન) તે કેવા છે ?

(ઉત્તર) જો કે અશુદ્ધ નિશ્ચયનયથી તે ગુણસ્થાન ચેતન છે તો પણ શુદ્ધ નિશ્ચયનયથી નિત્ય-સર્વકાળ અચેતન છે પરંતુ વાસ્તવિક રીતે અશુદ્ધ નિશ્ચયનયથી જો કે દ્રવ્યકર્મની અપેક્ષાથી અભ્યંતર રાગાદિભાવ ચેતન છે એવું માનીએ તો તે નિશ્ચયસંજ્ઞાને પામે છે તો પણ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાથી અશુદ્ધ નિશ્ચયનય પણ વ્યવહાર છે એવું વ્યાખ્યાન નિશ્ચય-વ્યવહારનયના વિચારકાળમાં સર્વત્ર જાણવું જોઈએ.

આ પ્રકારે અભ્યંતરમાં (અંતરંગમાં) જેવી રીતે મિથ્યાત્વ આદિ ગુણસ્થાન જીવનું સ્વરૂપ નથી તેવી જ રીતે રાગાદિ પણ શુદ્ધ જીવનું સ્વરૂપ નથી આ પ્રકારના કથનથી આઠમી ગાથા પૂરી થઈ. આ પ્રકારે આઠ ગાથાઓ દ્વારા ત્રીજા અંતર અધિકારનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

અહીં કોઈ શંકા કરે છે કે રાગાદિભાવ જીવનું સ્વરૂપ નથી એવું જીવ અધિકારમાં કહેલું છે તે જ વાત આ અજીવ અધિકારમાં ફરીને કેમ કહેવામાં આવી ? આ તો પુનરૂકિત દોષ છે.

નહીં, અહીં પુનરૂક્તિ દોષ નથી કેમકે વિસ્તારરુચિવાળા શિષ્યને નવ અધિકાર દ્વારા તે જ સમયસારનું વ્યાખ્યાન કરવામાં આવ્યું છે, બીજાનું નહીં. એ પ્રતિજ્ઞાને અનુસારે ત્યાં પણ સમયસારનું વ્યાખ્યાન સંક્ષેપમાં કરેલ હતું અહીં પણ તે જ સમયસારનું વ્યાખ્યાન છે. જો સમયસારને છોડી બીજાનું વ્યાખ્યાન કરવામાં આવે તો પ્રતિજ્ઞા ભંગનો દોષ આવે તેથી અહીં પુનરૂક્તિ દોષ નથી.

અથવા ભાવના ગ્રંથોમાં સમાધિશતક, પરમાત્મ પ્રકાશ, આદિ આધ્યાત્મિક ગ્રંથોની જેમ આ ભાવના ગ્રંથમાં પુનરૂક્તિ દોષ નથી. જેવી રીતે રાગીઓને શ્રૃંગારકથા વારંવાર કહેવામાં આવે છે તેમાં પુનરૂક્તિ દોષ નથી આવતો તે જ પ્રકારે અધ્યાત્મ ગ્રંથમાં પુનરૂક્તિ દોષ નથી આવતો.

અથવા જીવ અધિકારમાં જીવની મુખ્યતા છે અને અજીવ અધિકારમાં અજીવની મુખ્યતા છે. વિવક્ષિતને (કહેવા ધારેલને) મુખ્ય કહેવામાં આવે છે એવું વચન છે અથવા ત્યાં જીવ અધિકારમાં સામાન્ય વ્યાખ્યાન છે અહીં અજીવ અધિકારમાં વિશેષ વિસ્તારથી વ્યાખ્યાન છે.

અથવા ત્યાં રાગાદિથી ભિન્ન જીવ છે એવી વિધિની (રીતની) મુખ્યતાથી વ્યાખ્યાન છે. અહીં રાગાદિ, જીવ સ્વરૂપ નથી એવા નિષેધની મુખ્યતાથી વ્યાખ્યાન છે.

પ્રશ્ન : કયા પ્રકારથી વિધિ નિષેધની મુખ્યતા કહી છે ?

ઉત્તર : જેવી રીતે એકત્વ અનુપ્રેક્ષામાં વિધિકથનની મુખ્યતા છે તથા અન્યત્વ અનુપ્રેક્ષામાં નિષેધ કથનની મુખ્યતા છે.

આ પ્રકારે શંકાનું નિવારણ પાંચ પ્રકારથી કરવામાં આવ્યું છે જે જાણવા યોગ્ય છે.

આ પ્રકારે જીવ અને અજીવ, જીવ અને અજીવાધિકાર રંગભૂમિમાં શ્રૃંગાર સહિતના પાત્રની જેમ વ્યવહારનયથી એકરૂપ થઈને પ્રવેશ કર્યો પરંતુ નિશ્ચયનયથી શ્રૃંગાર રહિત પાત્રની જેમ બન્ને જુદા થઈ ચાલ્યા ગયા.

આ પ્રકારે શ્રી જયસેનાચાર્ય કૃત શુદ્ધાત્મ અનુભૂતિ લક્ષણવાળી તાત્પર્યવૃત્તિ નામની સમયસાર વ્યાખ્યામાં ત્રણ સ્થળોના સમુદાયમાં ત્રીસ ગાથાઓ દ્વારા આ બીજો જીવ અધિકાર પૂર્ણ થયો.

卐

*પ્રશ્ન :- સમ્યગ્દર્શન અને આત્મા ભેદરૂપ છે કે અભેદરૂપ ?*

*ઉત્તર :- સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાય અને આત્મા અભેદ છે. રાગને અને આત્માને તો સ્વભાવભેદ છે. આ સમ્યગ્દર્શન અને શુદ્ધ આત્મા અભેદ છે, પરિણતિ સ્વભાવમાં અભેદ થઈને પરિણમી છે, આત્મા પોતે અભેદપણે તે પરિણતિરૂપે પરિણમ્યો છે, તેમાં ભેદ નથી. વ્યવહાર સમ્યગ્દર્શન જે વિકલ્પરૂપ છે તે કાંઈ આત્મા સાથે અભેદ નથી.*

*(આત્મધર્મ અંક-૨૬૧, જુલાઈ-૧૯૬૫, પૃષ્ઠ ૧૦)*

# કર્તા કર્મ અધિકાર

સમુહપિઠીકા અનુવાદ : હવે પૂર્વે કહેલા જીવ અધિકારની રંગભૂમિમાં જોકે શુદ્ધ નિશ્ચયનયથી જીવ અને અજીવ જ છે. તો પણ વ્યવહારનયથી (તે જ જીવ અને અજીવ) કર્તા અને કર્મના વેશમાં શૃંગાર સહિત પાત્રની જેમ પ્રવેશ કરે છે.

આ પ્રકારે દંડકને છોડીને ઈઠોતેર ગાથા સુધી નવ ભાગમાં વ્યાખ્યાન કરે છે. આ પ્રકારે પુણ્ય પાપ આદિ સાત પદાર્થની પીઠીકારૂપમાં ત્રીજા અધિકારમાં સમુહ પીઠીકા થઈ ત્રણ ગાથાઓથી જે પુણ્ય પાપ આદિ રૂપ સાત પદાર્થ જીવ પુદ્ગલના સંયોગ પરિણામથી ઉત્પન્ન થયેલ છે. તે શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ જીવ સ્વરૂપ નથી આ પ્રકારનું વ્યાખ્યાન પંચાસ્તિકાય પ્રાભૃત ગ્રંથોમાં જે પહેલાં સંક્ષેપમાં કરવામાં આવેલ તે જ પુણ્ય, પાપ આદિ સાત પદાર્થનું સ્પષ્ટીકરણ કરવાને માટે તેનું પીઠીકારૂપ સમુદાયથી કથનરૂપ તાત્પર્ય કહેવામાં આવે છે. આ પ્રકારે બીજી પાતનિકા થઈ. પછીથી શરૂ કરીને પાઠ ક્રમમાં છ ગાથા સુધી વ્યાખ્યાન કરે છે ત્યાં બે ગાથા અજ્ઞાની જીવની મુખ્યતાથી અને ચાર ગાથા સમ્યક્જ્ઞાની જીવની મુખ્યતાથી કહે છે. આ પ્રકારે પ્રથમ સ્થળમાં સામુહિક પીઠીકા છે તે આ પ્રકારે છે.

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**
**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

**ગાથાર્થ:-** [ जीवः ] જીવ [ यावत् ] જ્યાં સુધી [ आत्मास्रवयोः द्वयोः अपि तु ] આક્ષ અને આસ્રવ–એ બન્નેના [ विशेषान्तरं ] તફાવત અને ભેદને [ न वेत्ति ] જાણતો નથી [ तावत् ] ત્યાં સુધી [ सः ] તે [ अज्ञानी ] અજ્ઞાની રહ્યો થકો [ क्रोधादिषु ] ક્રોધાદિક આસ્ર વોમાં [ वर्तते ] પ્રવર્તે છે; [ क्रोधादिषु ] ક્રોધાદિકમાં [ वर्तमानस्य तस्य ] વર્તતા તેને [ कर्मणः ] કર્મનો [ सञ्चयः ] સંચય [ भवति ] થાય છે. [ खलु ] ખરેખર [ एवं ] આ રીતે [ जीवस्य ] જીવને [ बन्धः ] કર્મોનો બંધ [ सवदर्शिभिः ] સર્વજ્ઞદેવોએ [ भणितः ] કહ્યો છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૬૯-૭૦)**

ઉત્થાનિકા : હવે જ્યાં સુધી ક્રોધાદિ આસ્રવભાવ અને શુદ્ધાત્માનું ભેદવિજ્ઞાન નથી જાણતો ત્યાં સુધી જીવ અજ્ઞાની છે. આ પ્રકારે કહે છે.

તાત્પર્યવૃત્તિ : જીવ જ્યાં સુધી શુદ્ધાત્મા અને ક્રોધાદિ આસ્રવના સ્વરૂપનું બંનેનું ભેદવિજ્ઞાન (જુદાપણું) અથવા તફાવતભેદ નથી જાણતો ત્યાં સુધી તે અજ્ઞાની બહિરાત્મા છે. જીવ અજ્ઞાની

થયો થકો શું કરે છે ? જેવી રીતે જ્ઞાન અને હું (હું જ્ઞાન છું) એવા અભેદરૂપથી વર્તે છે તે જ પ્રકારે, ક્રોધાદિ આસ્રવ રહિત નિર્મળ આત્માનુભૂતિ લક્ષણવાળા નિજ શુદ્ધાત્મ સ્વભાવથી જુદારૂપ ક્રોધાદિભાવોમાં પણ 'હું ક્રોધ છું એવા અભેદરૂપથી અજ્ઞાની પરિણમે છે.'

હવે ઉતમક્ષમાદિ સ્વરૂપ પરમાત્માથી ભિન્ન ક્રોધાદિમાં પ્રવર્તન કરવાવાળા તે અજ્ઞાનીને શું ફળ હોય છે ?

(ઉત્તર) પરમાત્મસ્વરૂપને આચ્છાદિત કરવાવાળા કર્મોનો સંચય અથવા આસ્રવ થાય છે. જેવી રીતે તેલનું માલિસ કરવાથી ધૂળ ચોંટે છે તેવી રીતે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધ લક્ષણવાળા, નિજ શુદ્ધાત્માની પ્રાપ્તિસ્વરૂપ મોક્ષથી ભિન્ન (કર્મોનો) બંધ થાય છે જીવની સાથે આ પ્રકારે બંધ થવો એવું નિશ્ચયથી સર્વજ્ઞ ભગવંતો દ્વારા કહેવામાં આવ્યું છે.

વિશેષ એમ છે કે જ્યાં સુધી ક્રોધાદિ આસ્રવોથી ભિન્ન શુદ્ધાત્માના સ્વરૂપને, સ્વસંવેદનજ્ઞાનના બળથી નથી જાણતો ત્યાં સુધી અજ્ઞાની હોય છે. અજ્ઞાની હોવાથી અજ્ઞાનથી ઉત્પન્ન કર્તાકર્મની પ્રવૃત્તિને નથી છોડતો (તેથી) તેનાથી બંધ થાય છે. બંધથી સંસારમાં પરિભ્રમણ થાય છે એવો અભિપ્રાય છે આ પ્રકારે અજ્ઞાની જીવના સ્વરૂપ કથનરૂપથી-બે ગાથા પૂર્ણ થઈ.

હવે પૂછે છે કે આ કર્તાકર્મની પ્રવૃત્તિનો અભાવ ક્યારે થાય છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું,**
**જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.**

ગાથાર્થઃ- [ यदा ] જ્યારે [ अनेन जीवेन ] આ જીવ [ आत्मनः ] આત્માના [ तथा एव च ] અને [ आस्रवाणां ] આસ્રવોના [ विशेषान्तरं ] તફાવત અને ભેદને [ ज्ञातं भवति ] જાણે [ तदा तु ] ત્યારે [ तस्य ] તેને [ बन्धः न ] બંધ થતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૧)**

ઉત્થાનિકા : હવે કયા કાળમાં કર્તા કર્મની પ્રવૃત્તિથી નિવૃત્તિ થાય છે એવું પૂછવા પર જવાબ આપે છે.

તાત્પર્યવૃત્તિ : જ્યારે શ્રી ધર્મલબ્ધિના અથવા શુદ્ધાત્મ અનુભૂતિના કાળમાં આ સ્વાનુભવ ગોચર જીવ દ્વારા શુદ્ધાત્મા તથા કામક્રોધાદિ આસ્રવોનો વિશેષ ભેદ અથવા ભેદજ્ઞાન જાણી લેવામાં આવે છે તે સમયે તે સમ્યક્જ્ઞાની થાય છે.

(પ્રશ્ન) સમ્યક્જ્ઞાની થયો થકો તે શું કરે છે ?

(ઉત્તર) હું કર્તા છું અને ભાવક્રોધાદિરૂપ અંતરંગ પરિણામ મારા કર્મ છે એવી અજ્ઞાનથી ઉત્પન્ન કર્તાકર્મની પ્રવૃત્તિને તે છોડી દ્યે છે. ત્યાં કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવૃત્તિ થવાથી નિર્વિકલ્પ સમાધિમાં હોવાથી તે જીવને બંધ થતો નથી.

હવે પૂછે છે કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે? તેનો ઉત્તર કહે છેઃ

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

**ગાથાર્થ:-** [ आस्रवाणाम् ] **આસ્રવોનું** [ अशुचित्वं च ] **અશુચિપણું અને** [ विपरीतभावं च ] **વિપરીતપણું** [ च ] **તથા** [ दुःखस्य कारणानि इति ] **તેઓ દુઃખના કારણ છે એમ** [ ज्ञात्वा ] **જાણીને** [ जीवः ] **જીવ** [ ततः निवृत्तिं ] **તેમનાથી નિવૃત્તિ** [ करोति ] **કરે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૨)**

ઉત્થાનિકા : હવે જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કઈ રીતે થાય છે એવો પ્રશ્ન કરવાથી તેનું નિરાકરણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : આ જીવ ક્રોધાદિ આસ્રવો સંબંધી મલિનતાને, અશુચિતાને, જડતાને, વિપરીતભાવોને, આકુળતારૂપ લક્ષણને અને દુઃખના કારણરૂપને જાણીને તે જ પ્રકારે પોતાના આત્મા સંબંધી નિર્મળ, આત્માનુભૂતિરૂપને, શુચિતાને, સહજ શુદ્ધ-અખંડ કેવળ-જ્ઞાનરૂપ જ્ઞાતૃત્વને તથા અનાકુળત્વ લક્ષણરૂપ અનંત સુખને જાણીને ત્યારબાદ સ્વસંવેદન જ્ઞાન, ત્યાર પછી સમ્યક્‌દર્શન-સમ્યક્‌જ્ઞાન-સમ્યક્‌ચારિત્રની એકાગ્ર પરિણતીરૂપ પરમ સામાયિકમાં સ્થિર થઈને ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્તિ કરે છે આ પ્રકારે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ થાય છે, અહીં સાંખ્યાદિ મતનો પ્રવેશ નથી. અર્થાત્ અહીં સાંખ્યાદિમતની જેમ નિશ્ચયાભાસીની વાત નથી.

વિશેષ એમ છે કે જો આત્મા અને આસ્રવ સંબંધી ભેદજ્ઞાન છે, તે ભેદજ્ઞાન રાગાદિ આસ્રવોથી (આત્માની) નિવૃત્તિ કરે છે કે નહિ? જો કહેશો કે નિવૃત્તિ કરે છે તો તે ભેદજ્ઞાનમાં દુધિયાની જેમ અભેદનયથી જ્ઞાન સાથે વિતરાગ ચારિત્ર અને વિતરાગ સમ્યક્‌ત્વ હોય જ છે. આ પ્રકારે સમ્યક્‌જ્ઞાનથી બંધનો નિરોધ થવાની સિદ્ધિ થાય છે અને જો તે ભેદજ્ઞાન રાગાદિથી નિવૃત્તિને પ્રાપ્ત નથી થતું તો તે સમ્યક્‌જ્ઞાન જ નથી એવો ભાવાર્થ છે.

હવે પૂછે છે કે કઈ વિધિથી ( –રીતથી ) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ–

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

**ગાથાર્થ:-**જ્ઞાની વિચારે છે કેઃ [ खलु ] **નિશ્ચયથી** [ अहम् ] **હું** [ एकः ] **એક છું,** [ शुद्धः ] **શુદ્ધ છું,** [ निर्ममतः ] **મમતારહિત છું,** [ ज्ञानदर्शनसमग्रः ] **જ્ઞાનદર્શનથી પૂર્ણ છું;**

[ तस्मिन् स्थितः ] તે સ્વભાવમાં રહેતો, [ तच्चित्तः ] તેમાં ( -તે ચેતન્ય-અનુભવમાં ) લીન થતો ( હું ) [ एतान् ] આ [ सर्वान् ] ક્રોધાદિક સર્વ આસ્રવોને [ क्षयं ] ક્ષય [ नयामि ] પમાડું છું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૩)**

ઉત્થાનિકા : હવે કયા પ્રકારની ભાવનાથી આ આત્મા ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે એવું પૂછવા પર કહે છે.

તાત્પર્યવૃત્તિ : નિશ્ચયનયથી હું સ્વસંવેદનજ્ઞાન પ્રત્યક્ષ શુદ્ધ ચિન્માત્ર જ્યોતિ છું.

અનાદિ અનંત ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવવાળો હોવાથી (હું) એક છું.

સ્પષ્ટરૂપથી હું કર્તા કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-અધિકરણરૂપ ષટકારકરૂપ વિકલ્પચક્રથી રહિત હોવાને કારણે હું શુદ્ધ છું.

નિર્મોહ સ્વરૂપ શુદ્ધાત્મતત્ત્વથી ભિન્ન મોહના ઉદયથી ઉત્પન્ન ક્રોધાદિ કષાય સમુહના માલિકીપણાના અભાવને કારણે (હું) મમત્વ રહિત છું અને પ્રત્યક્ષ પ્રતિભાસમય વિશુદ્ધ જ્ઞાન દર્શનથી સમગ્ર પરિપૂર્ણ છું.

આ પ્રકારના ગુણોથી વિશિષ્ટ પદાર્થ વિશેષ હું છું. આ કહેવાયેલા લક્ષણરૂપ શુદ્ધાત્મ સ્વરૂપમાં હું સ્થિત છું. સહજાનંદ એક લક્ષણવાળા સુખરૂપ સમરસી ભાવથી તન્મય થઈને નિરાસ્રવ પરમાર્થ પદાર્થથી ભિન્ન આ બધાં ક્રોધાદિભાવોના વિનાશને પ્રાપ્ત થાવ છું. અર્થાત્ આસ્રવનો નાશ કરું છું એવો અર્થ છે.

હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ ( એક કાળ ) કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ-

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

**ગાથાર્થઃ-** [ एते ] આ આસ્રવો [ जीवनिबद्धाः ] જીવની સાથે નિબદ્ધ છે, [ अध्रुवाः ] અધ્રુવ છે, [ अनित्याः ] અનિત્ય છે [ तथा च ] તેમ જ [ अशरणाः ] અશરણ છે, [ च ] વળી તેઓ [ दुःखानि ] દુઃખરૂપ છે, [ दुःखफलाः ] દુઃખ જ જેમનું ફળ છે એવા છે, - [ इति ज्ञात्वा ] એવું જાણીને જ્ઞાની [ तेभ्यः ] તેમનાથી [ निवर्तते ] નિવૃત્તિ કરે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૪)**

ઉત્થાનિકા : હવે જે કાળમાં સ્વસંવેદનજ્ઞાન છે તે જ કાળમાં રાગાદિ આસ્રવભાવથી નિવૃત્તિ છે આ પ્રકારે બંનેનું સમકાળપણું દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : આ ક્રોધાદિ આસ્રવભાવો જીવની સાથે નિબદ્ધ કે સંબંધરૂપ ઉપાધિભાવ છે. નિરૂપાધિ સ્ફટિકની જેમ શુદ્ધ જીવસ્વભાવ નથી. વિજળીની ચમકની જેમ અધ્રુવ છે. ખૂબ જ ક્ષણિક છે. શુદ્ધ જીવ જ ધ્રુવ છે. શીતોષ્ણ જ્વરના વેગની જેમ ક્રોધાદિ આસ્રવભાવો અધ્રુવતાની અપેક્ષાથી ક્રમમાં હોવાને કારણે સ્થિર રહેવાવાળા નથી. આ પ્રકારે અનિત્ય અને વિનશ્વર છે. નિત્ય તો ચિત્યમત્કાર માત્ર શુદ્ધ જીવ જ છે. તથા તે પ્રકારેથી તે ક્રોધાદિ આસ્રવભાવોને તીવ્ર કામોતેજનાની સમાન નિયંત્રિત કરવું અસંભવ છે એટલે અશરણ છે.

નિર્વિકાર જ્ઞાનસ્વરૂપ શુદ્ધ જીવ જ શરણભૂત છે. કામ ક્રોધાદિ આસ્રવભાવ આકુળતા ઉત્પન્ન કરવાવાળા હોવાને કારણે દુઃખરૂપ છે. અનાકુળ લક્ષણવાળો હોવાથી શુદ્ધ જીવ જ પારમાર્થિક સુખસ્વરૂપ છે. આગામી નરકાદિના દુઃખરૂપ ફળનું કારણ હોવાથી વાસ્તવમાં આસ્રવભાવ દુઃખફળરૂપ છે. વાસ્તવમાં સુખફળ સ્વરૂપ તો શુદ્ધ જીવ જ છે. આ પ્રકારના ભેદવિજ્ઞાનના તુરંત બાદ જ આ પ્રકારના સ્વરૂપવાળા મિથ્યાત્વ રાગાદિ આસ્રવભાવોને જાણીને આસ્રવોથી, વાદળા રહિત સૂર્યની જેમ જે સમયે નિવૃત્ત થાય છે તે જ સમયમાં જીવ સમ્યક્જ્ઞાની થાય છે આ પ્રકારે ભેદજ્ઞાનની સાથે જ આસ્રવોથી નિવૃત્તિનો સમકાળ સિદ્ધ થાય છે.

અહીં (આ પ્રકરણમાં) પૂર્વે માં આપે પ્રતિજ્ઞા તો એ કરી હતી કે પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠીકાનું વ્યાખ્યાન કરવામાં આવે છે. અને અહીં તો વ્યાખ્યાનમાં સમ્યક્જ્ઞાની અને અજ્ઞાની જીવના સ્વરૂપની મુખ્યતાનું કહેવામાં આવ્યું તો અહીં પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠીકાનું વ્યાખ્યાન કેવી રીતે કહેવાશે ? (અહીં પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠીકાનું વ્યાખ્યાન તો થયું નહીં)

(ઉત્તર) આ કહેવું સત્ય નથી.

જો જીવ અને અજીવ કાયમ એકાંતરૂપથી અપરિણામી જ હોત તો જીવ અને અજીવ એમ બે જ પદાર્થ હોત અને જો એકાંતથી પરિણામી હોત અને તન્મય થઈને રહેતા હોત તો (જીવ-અજીવ) એક જ પદાર્થ તરીકે સિદ્ધ થાત. પરંતુ (જીવ અને અજીવ બંને) કથંચિત્ પરિણામી છે. કથંચિત્નો અર્થ શું છે ? જો કે જીવ શુદ્ધ નિશ્ચયનયથી પોતાનો સ્વભાવ નથી છોડતો તો પણ વ્યવહારનયથી કર્મોદયના નિમિત્તથી રાગાદિ-ઉપાધિરૂપ પરિણામોને ગ્રહણ કરે છે. જો કે રાગાદિ ઉપાધિભાવને ગ્રહણ કરે છે તો પણ સ્ફટિકની જેમ પોતાનુ સ્વરૂપ નથી છોડતો.

ત્યાં તે પ્રકારે કથંચિત્ પરિણામી હોવાથી અજ્ઞાની બહિરાત્મા મિથ્યાદષ્ટિ જીવ (ક્યારેક) વિષય કષાયરૂપ અશુભઉપયોગ પરિણામને કરે છે, તો ક્યારેક ચિદાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધાત્માને છોડીને ભોગ, આકાંક્ષા, નિદાનરૂપ શુભઉપયોગ પરિણામને કરે છે (શુભભાવના ફળને ઈચ્છતો થકો શુભોપયોગ પરિણમે છે). તે કાળમાં તેને દ્રવ્યભાવરૂપ પુણ્યાસ્રવ અને પાપાસ્રવરૂપ બંધ પદાર્થોનું કર્તાપણું બને છે ત્યાં ભાવરૂપ જે પુણ્ય પાપ આદિ છે તે જીવના પરિણામ છે અને જે

દ્રવ્યરૂપ છે તે અજીવના પરિણામ છે.

અને જે સમ્યક્દ્દષ્ટિ અંતરાત્મા સમ્યક્જ્ઞાની જીવ છે તે મુખ્યરૂપથી નિશ્ચય રત્નત્રય લક્ષણરૂપ શુદ્ધોપયોગના બળથી વિતરાગ સમ્યક્દ્દષ્ટિ થઈને સાથે નિશ્ચય ચારિત્રનું અવિનાભાવી એવું નિર્વિકલ્પ સમાધિરૂપ પરિણામ-પરિણતીને કરે છે.

તે સમયે તે પરિણામથી દ્રવ્ય-ભાવરૂપ સંવર નિર્જરા મોક્ષ પદાર્થનો કર્તા થાય છે. ફરી પાછો નિર્વિકલ્પ સમાધિરૂપ પરિણામનો (જે સમયે) અભાવ હોય (તે સમયે) વિષય કષાયથી (પાપથી) બચવા માટે અથવા શુદ્ધાત્માની ભાવનાને સાધવા માટે અથવા હેયબુદ્ધિથી ખ્યાતિપૂજા, લાભ, ભોગાકાંક્ષારૂપ નિદાન બંધથી રહિત થઈને શુદ્ધાત્માના લક્ષણવાળા અર્હંત, સિદ્ધ અને શુદ્ધાત્માના આરાધક-પ્રતિપાદક-સાધક આચાર્ય ઉપાધ્યાય સાધુઓના ગુણ સ્મરણ આદિરૂપ શુભોપયોગ પરિણામને કરે છે.

આ પ્રસંગને દ્દષ્ટાંતરૂપ કહે છે

જેવી રીતે કોઈ દેવદત્ત નામક પુરૂષ પોતાના દેશથી દેશાંતરમાં સ્થિત પોતાની સ્ત્રીના નિમિત્તથી અથવા તેમની નજીક રહેનાર વ્યક્તિના મળવાથી તેનું સન્માન કરે છે, તેની વાતો પૂછે છે, તે સ્ત્રીના નિમિત્તે તેનો આવકાર, સ્નેહ અને દાનાદિક કરે છે. તે જ પ્રકારે સમ્યક્દ્દષ્ટિ પણ શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિના નિમિત્ત એવા શુદ્ધાત્માના આરાધક તથા પ્રતિપાદક (કહેવાવાળા) આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓના ગુણસ્મરણ તથા દાનાદિક જે સમયે સ્વયં શુદ્ધાત્માની આરાધનાથી રહિત હોય ત્યારે કરે છે. (જે સમયે સવિકલ્પદશામાં હોય છે ત્યારે)

આ પ્રકારે અજ્ઞાની અને સમ્યક્જ્ઞાની જીવના સ્વરૂપનું વ્યાખ્યાન કરવાથી પુણ્ય પાપ આદિ સાત પદાર્થો, જે જીવ અને પુદ્‌ગલના સંયોગરૂપ પરિણામોથી ઉપજેલ છે તેનું કથન પણ પીઠીકા વ્યાખ્યાનમાં આવી ગયું. આમાં વિરોધ નથી. આ પ્રકારે સમ્યક્જ્ઞાની જીવના વ્યાખ્યાનની મુખ્યતાથી ચાર ગાથાઓ પૂરી થઈ. આ પ્રકારે પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠીકારૂપ અધિકારમાં છ ગાથાઓ દ્વારા પ્રથમ અંતરાધિકાર પૂર્ણ થયો.

તાત્પર્યવૃત્તિ સમુહપીઠીકા : હવે પછી ક્રમથી અગિયાર ગાથાઓ સુધી ફરી સમ્યક્જ્ઞાની જીવનું વિશેષ વ્યાખ્યાન કરે છે ત્યાં અગિયાર ગાથાઓમાં જે પ્રકારે ઉપાદાનરૂપથી માટીનો પિંડ કળશનો કર્તા છે તે જ પ્રકારે નિશ્ચયથી જીવ કર્મ, નોકર્મનો કર્તા નથી પરંતુ જે (કર્મને-નોકર્મને) જાણતો થકો શુદ્ધાત્માને સ્વસંવેદન જ્ઞાનથી જાણે છે તે જ્ઞાની છે. આ પ્રકારના કથનરૂપથી પ્રથમ ગાથા છે. ત્યારબાદ પુણ્ય પાપાદિ પરિણામોને જીવ વ્યવહારનયથી કરે છે પરંતુ નિશ્ચયથી નથી કરતો એ પ્રકારની મુખ્યતાથી એક સૂત્ર છે. તેના પછી (દ્રવ્ય) કર્મપણાને કે ભાવકર્મરૂપ સ્વપરિણામપણાને અને સુખદુઃખાદિ કર્મફળને આત્મા જાણતો હોવા છતાં પણ ઉદયાગત પરદ્રવ્યને તો નથી કરતો.

આ પ્રકારના પ્રતિપાદનરૂપ ત્રણ ગાથા છે. ત્યારબાદ પુદ્‌ગલ પણ વર્ણાદિ (રૂપ) સ્વપરિણામનો કર્તા છે, (પણ તે) જ્ઞાનાદિ જીવના પરિણામનો કર્તા નથી, આ પ્રકારના કથનરૂપ એક ગાથા સૂત્ર છે. ત્યારબાદ જીવ પુદ્‌ગલનું પરસ્પર નિમિત્ત કર્તૃત્વ હોવા છતા પણ પરસ્પર ઉપાદાન કર્તૃત્વ નથી, આ પ્રકારના કથનની મુખ્યતાથી ત્રણ ગાથા છે. ત્યારબાદ નિશ્ચયથી જીવનું પોતાના પરિણામની સાથે જ કર્તા કર્મભાવ તથા ભોકતા ભોગ્યભાવ હોય છે આ પ્રકારના કથનરૂપથી એક ગાથા સૂત્ર છે. પછી વ્યવહારથી જીવ, પુદ્‌ગલ કર્મોનો કર્તા અને ભોક્તા છે એ પ્રકારના કથનરૂપથી એક ગાથા સૂત્ર છે આ પ્રકારે જ્ઞાની જીવના વિશેષ વ્યાખ્યાનની મુખ્યતાથી અગિયાર ગાથા દ્વારા બીજા સ્થળની સમુહપીઠીકા પુરી થઈ, તેનું વિશેષ :

હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય ? તેનું ચિહ્ન ( લક્ષણ ) કહો. તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ–

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

**ગાથાર્થઃ**- [ यः ] જે [ आत्मा ] આત્મા [ एनम् ] આ [ कर्मणः परिणामं च ] કર્મના પરિણામને [ तथा एव च ] તેમ જ [ नोकर्मणः परिणामं ] નોકર્મના પરિણામને [ न करोति ] કરતો નથી પરંતુ [ जानाति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૫)**

ઉત્થાનિકા : હવે આત્મા જ્ઞાની થઈ ગયો છે તે કેવી રીતે જાણવામાં આવે છે ? એવો પ્રશ્ન પૂછવા પર ઉત્તર આપવામાં આવે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે માટી કળશ (રૂપ) કાર્ય ને ઉપાદાનરૂપથી કરે છે તેવી રીતે કર્મ તથા નોકર્મના પરિણામને પુદ્‌ગલ દ્વારા ઉપાદાન કારણરૂપથી કરવામાં આવતા હોવાથી આત્મા નથી કરતો. આમ જે જાણે જ છે તે નિશ્ચયથી શુદ્ધાત્માની પરમસમાધિના બળથી ભાવના કરતો થકો- અનુભવ કરતો થકો જ્ઞાની થાય છે આ પ્રકારે જ્ઞાની થયેલ જીવના લક્ષણ કથનરૂપથી ગાથા પૂરી થઈ.

**તાત્પર્યવૃત્તિ ગાથા (વધારાની ગાથા - ૬)**

હવે પુણ્ય પાપાદિ પરિણામનો આત્મા વ્યવહારથી કર્તા છે એમ કહે છે.

ગાથાર્થ : કોઈ એક ઉપાયથી (વ્યવહારનયથી) આત્મા પુણ્યાદિ પરિણામોનો કર્તા છે અને કોઈ એક ઉપાયથી (નિશ્ચયનયથી) આત્મા પુણ્યાદિ પરિણામોનો કર્તા નથી એવું કહેવામાં આવ્યું છે આ પ્રકારે જે જાણે છે તે જ્ઞાની છે.

તાત્પર્યવૃત્તિ અનુવાદ : કોઈ ઉપાયથી આત્માને કર્તા કહેવામાં આવ્યો છે ને કોઈ ઉપાયથી કર્તા નથી એમ કહેવામાં આવ્યું છે.

ધર્માદિ પરિણામોને જે જાણે છે તે જ્ઞાની થાય છે આત્માને કર્તા કહેવામાં આવ્યો છે તે જ આત્મા કર્તા નથી એમ કહેવામાં આવ્યું છે. કોઈ ઉપાયથી અથવા (કોઈ) નયવિભાગથી.

(પ્રશ્ન) કયા નયવિભાગથી કહેવામાં આવ્યું છે ?

(ઉત્તર) નિશ્ચયનયથી અકર્તા તથા વ્યવહારનયથી આત્મા કર્તા કહેવામાં આવ્યો છે.

(પ્રશ્ન) કોનો કર્તા કહેવામાં આવ્યો છે ?

(ઉત્તર) પુણ્ય પાપાદિ કર્મજનિત ઉપાધિરૂપ પરિણામોનો (વ્યવહારનયથી કર્તા કહેવામાં આવ્યો છે). ખ્યાતિ, પૂજા, લાભ આદિ સમસ્ત રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત સમાધિમાં સ્થિર થઈને જે જાણે છે તે જ્ઞાની થાય છે. આ પ્રકારે નિશ્ચય વ્યવહારનયોથી અકર્તાપણાના અને કર્તાપણાના કથનરૂપથી ગાથા પુરી થઈ.

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ–

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

**ગાથાર્થઃ**-[ ज्ञानी ] જ્ઞાની [ अनेकविधम् ] અનેક પ્રકારના [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] નિશ્ચયથી [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયમાં [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૬)**

ઉત્થાનિકા : હવે પુદ્‌ગલ કર્મને જાણતા થકા જીવને પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ નથી એવુ નિરૂપણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલ દ્રવ્ય દ્વારા ઉપાદાન કારણરૂપથી કરવામાં આવેલ પુદ્‌ગલકર્મ, મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃત્તિના ભેદથી અનેક પ્રકારના છે. તેમને વિશિષ્ટ ભેદજ્ઞાનથી સ્પષ્ટ જાણતો થકો, તે કર્તા કોણ છે ? (ઉત્તર) સહજાનંદ એક સ્વભાવરૂપ નિજ શુદ્ધાત્મા અને રાગાદિ આસ્રવભાવોને જાણવાવાળો તે ભેદવિજ્ઞાની આત્મા, પૂર્વે કહેલ પરદ્રવ્ય પર્યાયરૂપ કર્મ સ્વરૂપે 'માટી કળશ રૂપે પરિણમે છે' તેવી રીતે પરિણમન નથી કરતો. તાદાત્મ્યરૂપ થઈને ગ્રહણ નથી કરતો અને તેના આકારરૂપથી ઉત્પન્ન નથી થતો.

(પ્રશ્ન) કયા કારણથી પરિણમન (કરતો નથી) ગ્રહણ (કરતો નથી) અને ઉત્પન્ન નથી થતો ?

(ઉત્તર) કેમકે માટી અને કળશની જેમ તેને પુદ્‌ગલકર્મોની સાથે તાદાત્મ્ય સંબંધનો અભાવ હોય છે. તેથી એમ સિદ્ધ થાય છે કે પુદ્‌ગલકર્મને જાણતા થકા જીવને પુદ્‌ગલકર્મની સાથે નિશ્ચયથી કર્તાકર્મ સંબંધ નથી.

હવે પૂછે છે કે પોતાના પરિણામને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ–

**વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ अनेकविधम् ] અનેક પ્રકારના [ स्वकपरिणामम् ] પોતાના પરિણામને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] નિશ્ચયથી [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયમાં [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે–રૂપે ઊપજતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૭)**

ઉત્થાનિકા : હવે સંકલ્પ વિકલ્પરૂપ સ્વપરિણામને જાણતા થકા જીવને તે પરિણામના નિમિત્તથી ઉદયમાં આવવાવાળા કર્મની સાથે તાદાત્મ્ય સંબંધ નથી એવું દર્શાવે છે.

તાત્પર્યવૃત્તિ : ક્ષાયોપશમિક સંકલ્પ-વિકલ્પરૂપ પોતાના આત્માના ઉપાદાન કારણરૂપથી કરવામાં આવતા સ્વપરિણામ (વિભાવ) અનેક પ્રકારના છે. નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાની જીવ સ્વ અને પરના વિશિષ્ટ ભેદજ્ઞાનથી જાણતો થકો પોતાના પૂર્વે કરેલ પરિણામના નિમિત્તથી ઉદયમાં આવેલ પુદ્‌ગલકર્મના પર્યાયરૂપે, માટીમાંથી કરવામાં આવેલ કળશની જેમ, શુદ્ધ નિશ્ચયનયથી પરિણમિત થતો નથી. તન્મયરૂપથી ગ્રહણ કરતો નથી તથા તે પર્યાયરૂપે ઉત્પન્ન પણ થતો નથી.

(પ્રશ્ન) કયા કારણથી પરિણમિત કે ઉત્પન્ન નથી થતો ?

(ઉત્તર) માટી અને કળશની જેમ આત્માનો પુદ્‌ગલ કર્મની સાથે પરસ્પર ઉપાદાન ઉપાદેયરૂપ કારણપણાનો અભાવ છે.

(પ્રશ્ન) આનાથી શું સિદ્ધ થાય છે ?

(ઉત્તર) પોતાના ક્ષાયોપશમિક પરિણામના નિમિત્તથી ઉદયમાં આવેલ કર્મને જાણતો હોવા છતાં તેનો (કર્મનો) જીવની સાથે નિશ્ચયથી કર્તા કર્મ ભાવ નથી.

હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મના ફળને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ–

**પુદ્‌ગલકરમનું ફળ અનંતુ જ્ઞાની જીવ જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ पुद्गलकर्मफलम् ] પુદ્‌ગલકર્મનું ફળ [ अनन्तम् ] કે જે અનંત છે તેને [ जानन् अपि ] જાણતો હોવા છતાં [ खलु ] પરમાર્થે [ परद्रव्यपर्याये ] પરદ્રવ્યના પર્યાયરૂપ [ न अपि परिणमति ] પરિણમતો નથી, [ न गृह्णाति ] તેને ગ્રહણ કરતો નથી અને [ न उत्पद्यते ] તે-રૂપે ઊપજતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૮)**

ઉત્થાનિકા : હવે પુદગલકર્મના ફળને જાણતા થકા જીવને પુદ્‌ગલકર્મફળના નિમિત્તથી દ્રવ્યકર્મની સાથે નિશ્ચયથી કર્તાકર્મ ભાવ નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : ઉદયમાં આવેલા દ્રવ્યકર્મ દ્વારા ઉપાદાન કારણરૂપ કરવામાં આવેલ સુખદુઃખરૂપ શક્તિની અપેક્ષાથી અનંત પ્રકારના કર્મફળને વિતરાગ શુદ્ધાત્મ સંવિતિથી (શુદ્ધાત્માની સેવનાથી) ઉત્પન્ન સુખામૃત રસથી તૃપ્ત ભેદજ્ઞાની નિર્મળ વિવેક-ભેદજ્ઞાનથી સ્પષ્ટ જાણતો હોવા છતાં વર્તમાન સુખદુઃખરૂપ શક્તિ અપેક્ષાથી નિમિત્તભૂત ઉદયાગત પર પર્યાયરૂપ પુદ્‌ગલકર્મને માટીના કળશરૂપ પરિણામની માફક શુદ્ધ નિશ્ચયનયથી પ્રાપ્ત નથી થતો. તન્મય થઈને ગ્રહણ નથી કરતો અને પર્યાયરૂપથી ઉત્પન્ન નથી થતો.

(પ્રશ્ન) કયા કારણથી પુદ્‌ગલરૂપને પ્રાપ્ત, ગ્રહણ, ઉત્પન્ન નથી થતો ?

(ઉત્તર) કેમકે માટીના કળશરૂપ પરિણામની જેમ તેનો (આત્માનો) દ્રવ્ય કર્મની સાથે તાદાત્મ્ય લક્ષણરૂપે સંબંધનો અભાવ છે. કંઈક વિશેષ કહે છે.

(પ્રશ્ન) જો જ્ઞાની જીવ પુદ્‌ગલ દ્રવ્યકર્મરૂપથી પરિણમિત નથી થતો, કર્મને ગ્રહણ નથી કરતો, કર્મના આકારરૂપે ઉત્પન્ન નથી થતો તો જ્ઞાની જીવ શું કરે છે ?

(ઉત્તર) મિથ્યાત્વ, વિષય, કષાય, ખ્યાતિ, પૂજા, લાભ, ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ, શલ્યાદિ વિભાવ પરિણામના કર્તૃત્વ અને ભોકતૃત્વના વિકલ્પ રહિત આત્માનું, પાણીથી પૂર્ણ ભરાયેલ કળશની જેમ ચિદાનંદ એક સ્વભાવથી ભરેલ અવસ્થાવાળા શુદ્ધાત્માનું નિર્વિકલ્પ સમાધિમાં ધ્યાન કરે છે એવો ભાવાર્થ છે. આ પ્રકારે આત્મા નિશ્ચયનયથી દ્રવ્યકર્માદિ પરદ્રવ્યરૂપથી પરિણમન નથી કરતો ઈત્યાદિ વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂર્ણ થઈ.

હવે પૂછે છે કે જીવના પરિણામને, પોતાના પરિણામને અને પોતાના પરિણામના ફળને નહિ જાણતા એવા પુદ્‌ગલદ્રવ્યને જીવ સાથે કર્તાકર્મભાવ ( કર્તાકર્મપણું ) છે કે નથી ? તેનો ઉત્તર કહે છેઃ–

**એ રીત પુદ્‌ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**

**ગાથાર્થઃ-** [ तथा ] **એવી રીતે** [ पुद्गलद्रव्यम् अपि ] **પુદ્‌ગલદ્રવ્ય પણ** [ परद्रव्यपर्याये ] **પરદ્રવ્યના પર્યાયરૂપ** [ न अपि परिणमति ] **પરિણમતું નથી,** [ न गृह्णाति ] **તેને ગ્રહણ કરતું નથી અને** [ न उत्पद्यते ] **તે-રૂપે ઊપજતું નથી; કારણ કે તે** [ स्वकैः भावैः ] **પોતાના જ ભાવોથી ( -ભાવોરૂપ )** [ परिणमति ] **પરિણમે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૭૯)**

ઉત્થાનિકા : હવે જીવના પરિણામને (તથા પોતાના) સ્વપરિણામ અને સ્વપરિણામના ફળને જડસ્વભાવી હોવાના કારણે નહીં જાણતા પુદ્‌ગલને નિશ્ચયથી જીવ સાથે કર્તાકર્મભાવ નથી એવું પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારથી જીવ નિશ્ચયથી અનંત સુખાદિ સ્વરૂપને છોડીને પુદ્‌ગલદ્રવ્યરૂપથી પરિણમિત નથી થતો, તેને તન્મયરૂપથી ગ્રહણ નથી કરતો અને તે પર્યાયરૂપ ઉત્પન્ન નથી થતો, તેવી જ રીતે પુદ્‌ગલદ્રવ્ય પણ સ્વયં અંર્તવ્યાપક થઈને માટી દ્રવ્ય દ્વારા કરાયેલ કળશરૂપ પરિણામની જેમ ચિદાનંદ એક લક્ષણરૂપ જીવસ્વરૂપથી ન તો પરિણમે છે, ન જીવ સ્વરૂપને તન્મયરૂપથી ગ્રહણ કરે છે અને ન તો જીવ પર્યાયરૂપથી ઉત્પન્ન થાય છે.

(પ્રશ્ન) તો પછી શું કરે છે ?

(ઉત્તર) પોતાના વર્ણાદિ સ્વભાવથી, પરિણામ સ્વભાવથી, ગુણધર્મ સ્વભાવથી પરિણમિત થાય છે.

(પ્રશ્ન) કયા કારણથી પરિણમિત થાય છે ?

(ઉત્તર) કેમકે માટી અને કળશના તાદાત્મ્ય સંબંધની જેમ જીવનો પુદ્‌ગલની સાથે તાદાત્મ્ય સંબંધ નથી તે પ્રકારે પુદ્‌ગલ દ્રવ્ય પણ જીવ સાથે પરિણમન નથી કરતું. તેને ગ્રહણ નથી કરતું અને તે રૂપથી ઉત્પન્ન નથી થતું. આ વ્યાખ્યાનની મુખ્યતાથી (એક) ગાથા પૂર્ણ થઈ.

જીવભાવહેતુ પામી પુદ્‌ગલ કર્મરૂપે પરિણમે;
**એવી રીતે પુદ્‌ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.**
**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**
**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી;**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

**ગાથાર્થઃ-** [ पुद्गलाः ] **પુદ્‌ગલો** [ जीवपरिणामहेतुं ] **જીવના પરિણામના નમિત્તથી** [ कर्मत्वं ] **કર્મપણે** [ परिणमन्ति ] **પરિણમે છે,** [ तथा एव ] **તેમ જ** [ जीवः अपि ] **જીવ પણ**

[ पुद्गलकर्मनिमित्तं ] પુદ્‌ગલકર્મના નિમિત્તિથી [ परिणमति ] પરિણમે છે. [ जीवः ] જીવ [ कर्मगुणान् ] કર્મના ગુણોને [ न अपि करोति ] કરતો નથી [ तथा एव ] તેમ જ [ कर्म ] કર્મ [ जीवगुणान् ] જીવના ગુણોને કરતું નથી; [ तु ] પરંતુ [ अन्योऽन्यनिमित्तेन ] પરસ્પર નિમિત્તથી [ द्वयोः अपि ] બન્નેના [ परिणामं ] પરિણામ [ जानीहि ] જાણો. [ एतेन कारणेन तु ] આ કારણે [ आत्मा ] આત્મા [ स्वकेन ] પોતાના જ [ भावेन ] ભાવથી [ कर्ता ] કર્તા (કહેવામાં આવે) છે [ तु ] પરંતુ [ पुद्गलकर्मकृतानां ] પુદ્‌ગલકર્મથી કરવામાં આવેલા [ सर्वभावानाम् ] સર્વ ભાવોનો [ कर्ता न ] કર્તા નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૦ થી ૮૨)**

ઉત્થાનિકા : હવે જીવના પરિણામમાં અને પુદ્‌ગલના પરિણામમાં પરસ્પર માત્ર નિમિત્તપણું છે, તો પણ નિશ્ચયનયથી બંને વચ્ચે કર્તા કર્મભાવ નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે કુંભારના પરિણામને નિમિત્ત માત્ર કરીને માટી ઘડારૂપે પરિણમન કરે છે તે જ પ્રકારે જીવ સંબંધી મિથ્યાત્વ રાગાદિ પરિણામોનું નિમિત્ત પામીને કર્મ વર્ગણાયોગ્ય પુદ્‌ગલકર્મ પણ કર્મરૂપથી પરિણમન કરે છે. અને જેવી રીતે ઘડાને નિમિત્ત માત્ર કરીને "હું ઘડાને કરું છું" એવા પ્રકારનું કુંભાર પરિણમન કરે છે તેવી રીતે ઉદયમાં આવેલ પુદ્‌ગલકર્મનું કારણ પામીને જીવ પણ નિર્વિકાર ચિતચમત્કાર માત્ર પરિણતીને પ્રાપ્ત ન કરીને મિથ્યાત્વ રાગાદિ વિભાવરૂપ પરિણમન કરે છે. હવે જો કે પરસ્પર નિમિત્તથી પરિણતી થાય છે તો પણ નિશ્ચયનયથી જીવ, પુદ્‌ગલના વર્ણાદિ ગુણોને કરતો નથી તેવી જ રીતે પુદ્‌ગલકર્મ જીવના અનંત જ્ઞાનાદિ ગુણોને કરતું નથી. જો કે ઉપાદાનરૂપથી નથી કરતું તો પણ પરસ્પરને નિમિત્ત માત્ર કરીને ઘટ પરિણામની ને કુંભારના પરિણામની જેમ જીવ અને પુદ્‌ગલ બન્નેનું પરિણામ થાય છે. એમ જાણો.

આ પ્રકારથી પૂર્વમાં બે ગાથાઓના વ્યાખ્યાન દ્વારા (બતાવવામાં આવેલ) નિર્મળ આત્માનુભૂતિ લક્ષણવાળા પરિણામથી અથવા શુદ્ધ ઉપાદાન કારણરૂપથી અવ્યાબાધ, અનંત સુખાદિ શુદ્ધભાવોનો આ આત્મા કર્તા છે. અથવા તેનાથી ભિન્ન (વિપરીત) ઉપાદાન કારણરૂપથી રાગાદિ અશુદ્ધભાવોનો આત્મા કર્તા થાય છે.

(પ્રશ્ન) કઈ રીતે ?

(ઉત્તર) જેવી રીતે માટી કળશ (ની કર્તા થાય છે)

પરંતુ પુદ્‌ગલકર્મ દ્વારા કરવામાં આવેલ જે જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલ કર્મપર્યાયરૂપ જે ભાવ છે તેનો બધાનો કર્તા આત્મા નથી.

આ પ્રકારથી જીવ અને પુદ્‌ગલને પરસ્પર નિમિત્તમાત્ર કારણના વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથા પૂર્ણ થઈ.

તેથી એ સિદ્ધ થયું કે જીવને પોતાના જ પરિણામો સાથે કર્તાકર્મભાવ અને ભોક્તા–ભોગ્યભાવ ( ભોક્તાભોગ્યપણું ) છે એમ હવે કહે છેઃ–

**આક્ષ કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આક્ષ એમ નિશ્ચય જાણવું. ૮૩.**

**ગાથાર્થ:-** [ निश्चयनयस्य ] **નિશ્ચયનયનો** [ एवम् ] **એમ મત છે કે** [ आत्मा ] **આત્મા** [ आत्मानम् एव हि ] **પોતાને જ** [ करोति ] **કરે છે** [ तु पुनः ] **અને વળી** [ आत्मा ] **આત્મા** [ तं च एव आत्मानम् ] **પોતાને જ** [ वेदयते ] **ભોગવે છે એમ હે શિષ્ય ! તું** [ जानीहि ] **જાણ.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૩)**

ઉત્થાનિકા : આથી એમ સિદ્ધ થયું કે નિશ્ચયનયથી જીવનો સ્વપરિણામની સાથે જ કર્તાકર્મભાવ અને ભોક્તા ભોગ્ય ભાવ છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે હવા નિમિત્ત હોય છે તો પણ નિશ્ચયનયથી સમુદ્ર જ (મોજાને) કલ્લોલો ને કરે છે એ જ પ્રકારે જો કે દ્રવ્યકર્મના ઉદયનો અસદ્ભાવ કે સદ્ભાવ શુદ્ધ અને અશુદ્ધભાવ થવામાં નિમિત્ત છે તો પણ શુદ્ધ નિશ્ચયનયથી નિર્વિકાર પરમ સ્વસંવેદનજ્ઞાન પરિણત જીવ કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવોને કરે છે તથા તે જ પ્રકારે અશુદ્ધ ઉપાદાનરૂપથી પરિણત જીવ સાંસારિક સુખ દુઃખ આદિરૂપ અશુદ્ધભાવોને કરે છે. અહીં પરિણામોના પરિણમનને જ કર્તૃત્વ જાણવું જોઈએ.

આ પ્રકારે (આત્મા) કેવળ કર્તા જ નથી પરંતુ વેદન કરે છે, અનુભવ કરે છે. પરિણામ કરે છે ને ભોક્તા (પણ) છે. જેવી રીતે આત્મા સ્વશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સુખરૂપ શુદ્ધ ઉપાદાનથી શુદ્ધાત્માને ભોગવે છે તે જ પ્રકારે આત્મા અશુદ્ધ ઉપાદાનથી અશુદ્ધ આત્માને ભોગવે છે. તેનો કર્તા કોણ છે ? તેનો કર્તા આત્મા છે એમ જાણો.

આ પ્રકારે નિશ્ચય કર્તૃત્વ, ભોકતૃત્વનું વ્યાખ્યાન કરવાવાળી ગાથા પૂર્ણ થઈ.

હવે વ્યવહાર દર્શાવે છેઃ–

**આક્ષ કરે વિધવિધ પુદ્ગલકર્મ-મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્ગલકર્મ આક્ષ ભોગવે વિધવિધનું. ૮૪.**

**ગાથાર્થ:-** [ व्यवहारस्य तु ] **વ્યવહારનયનો એ મત છે કે** [ आत्माः ] **આત્મા** [ नैकविधम् ] **અનેક પ્રકારના** [ पुद्गलकर्म ] **પુદ્ગલકર્મને** [ करोति ] **કરે છે** [ पुनः च ] **અને વળી** [ तद् एव ] **તે જ** [ अनेकविधम् ] **અનેક પ્રકારના** [ पुद्गलकर्म ] **પુદ્ગલકર્મને** [ वेदयते ] **તે ભોગવે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૪)**

ઉત્થાનિક : હવે લોક વ્યવહાર દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે લોકમાં જો કે ઉપાદાન કારણરૂપથી માટીનો પિંડ (ઘડાને કરે છે ને ભોગવે છે) તો પણ કુંભાર ઘડાને કરે છે તથા તેના ફળને અર્થાત્ પાણી ભરવું, મૂલ્ય લેવું આદિ ઘટના ફળને કુંભાર ભોગવે છે એવી રીતે અનાદિકાળથી લૌકિકજનોનો રૂઢ વ્યવહાર છે.

તે જ પ્રકારે જો કે કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલદ્રવ્ય ઉપાદાન કારણરૂપથી કર્તા થઈ અનેક પ્રકારની મૂળ પ્રકૃત્તિ તથા ઉત્તર પ્રકૃત્તિના ભેદરૂપ પુદ્ગલકર્મને કરે છે તો પણ વ્યવહારનયના કથન અભિપ્રાયથી આત્મા અનેક વિધ મૂળ પ્રકૃત્તિ અને ઉત્તર પ્રકૃત્તિના ભેદરૂપ પુદ્ગલકર્મને કરે છે. તે જ પ્રકારથી ઉદયમાં આવેલ અનેક પ્રકારના પુદ્ગલકર્મને ઈષ્ટ અનિષ્ટ પંચેન્દ્રિયના વિષયરૂપમાં વેદે છે. અનુભવ કરે છે. એવો અનાદિકાળથી નિર્વિકલ્પ સ્વશુદ્ધાત્માની ઉપલબ્ધિથી પ્રાપ્ત થવાવાળા સુખામૃત રસાસ્વાદથી રહિત અજ્ઞાની લોકોનો રૂઢ વ્યવહાર છે.

આ પ્રકારના વ્યવહારથી સુખ દુઃખના કતૃત્વ ભોકતૃત્વના કથનની મુખ્યતાથી ગાથા પૂર્ણ થઈ.

એવા જ્ઞાની જીવના વિશેષ વ્યાખ્યાન કરવાવાળી અગિયાર ગાથાઓ દ્વારા બીજા અંતર અધિકારની વ્યાખ્યા થઈ.

તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠિકા : હવે પછી પચ્ચીસ ગાથા દ્વારા દ્વિક્રિયાવાદીનું નિરાકરણ કરવાના રૂપમાં કથન કરે છે. ત્યાં ચેતન અચેતનના એક ઉપાદાનરૂપ કર્તાપણાને દ્વિક્રિયાવાદીપણું કહેવામાં આવે છે. સંક્ષેપ રૂપ વ્યાખ્યાનથી બે ગાથાઓ છે તેનું વિવરણ બાર ગાથાઓમાં છે તેમાં ક્રમથી પ્રથમ છ સ્વતંત્ર ગાથા છે. ત્યારબાદ અજ્ઞાની અને જ્ઞાની જીવના કર્તાપણાની અને અકર્તાપણાની મુખ્યતાથી બીજી છ ગાથા છે. ત્યારબાદ તે જ દ્વિક્રિયાવાદીનું વિશેષ વ્યાખ્યાન કરવાને માટે ઉપસંહારથી અગિયાર ગાથા છે. ત્યાં અગિયાર ગાથામાં વ્યવહારનયની મુખ્યતાથી ત્રણ ગાથા છે. ત્યારબાદ નિશ્ચયનયની મુખ્યતાથી ચાર સૂત્ર છે અને પછી દ્રવ્યકર્મોના ઉપચાર કર્તૃત્વની મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર છે. આ પ્રકારે સમુહરૂપથી પચ્ચીસ ગાથા દ્વારા ત્રીજા સ્થળની સમુહપીઠીકા છે તેનું વિવરણ છે.

હવે આ વ્યવહારને દૂષણ દે છેઃ–

**પુદ્ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,**
**જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આક્ષ ઠરે. ૮૫.**

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ आत्मा ] આત્મા [ इदं ] આ [ पुद्गलकर्म ] પુદ્ગલકર્મને [ करोति ] કરે [ च ] અને [ तद् एव ] તેને જ [ वेदयते ] ભોગવે તો [ सः ] તે આત્મા [ द्विक्रियाव्यतिरिक्तः ] બે ક્રિયાથી અભિન્ન [ प्रसजति ] ઠરે એવો પ્રસંગ આવે છે– [ जिनावमतं ]

જે જિનદેવને સંમત નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૫)**

ઉત્થાનિકા : હવે જે પહેલાં કહેવામાં આવેલ કર્મના કર્તૃત્વ ને ભોકતૃત્વના નયવિભાગનું કથન છે તે અનેકાંતની દૃષ્ટિએ સંમત છે પરંતુ કોઈ એકાંતવાદી માને છે.

(પ્રશ્ન) શું માને છે ?

(ઉત્તર) ભાવકર્મની જેમ નિશ્ચયથી આત્મા દ્રવ્યકર્મોને પણ કરે છે. આ પ્રકારે ચેતન અચેતનના કાર્યનું એક ઉપાદાન કર્તા માનવું દ્વિક્રિયાવાદપણું છે. એવા દ્વિક્રિયાવાદીના દોષને બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જો આત્મા ઉપાદાનરૂપથી પુદ્‌ગલકર્મોના ઉદયને કરે છે તથા તેનો જ ઉપાદાનરૂપથી વેદન અથવા અનુભવ કરે છે ત્યારે તો ચેતન અચેતન બંનેની ક્રિયાના ઉપાદાન કર્તૃત્વના રૂપે દ્વિક્રિયાવાદિત્વનો દોષ પ્રાપ્ત થાય છે અથવા આ પાઠાંતરની અપેક્ષાએ ચેતન તથા અચેતન બંનેની ક્રિયાથી આત્મા અવ્યતિરિક્ત અર્થાત્ અભિન્ન થાય છે.

આવું વ્યાખ્યાન જિનેન્દ્ર ભગવાનોને 'સાચું છે' એમ માન્ય નથી. જે આવું (દ્વિક્રિયાવાદપણું) માને છે તે નિજ શુદ્ધાત્માની ઉપાદેય રૂચિરૂપથી નિર્વિકાર ચૈતન્ય ચમત્કારમાત્ર લક્ષણવાળા શુદ્ધ ઉપાદાન કારણપણેથી ઉત્પન્ન થવાવાળા નિશ્ચય સમ્યક્ત્વને પ્રાપ્ત નહીં કરતો મિથ્યાદૃષ્ટિ હોય છે.

હવે ફરી પુછે છે કે બે ક્રિયાનો અનુભવ કરનાર પુરુષ મિથ્યાદૃષ્ટિ કઈ રીતે છે ? તેનું સમાધાન કરે છેઃ–

**જીવભાવ, પુદ્‌ગલભાવ-બન્ને ભાવને જેથી કરે,**
**તેથી જ મિથ્યાદૃષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.**

**ગાથાર્થઃ**-[ यस्मात् तु ] જેથી [ आत्मभावं ] આત્માના ભાવને [ च ]અને [ पुद्गलभावं ] પુદ્‌ગલના ભાવને– [ द्वौ अपि ] બન્નેને [ कुर्वंति ] આત્મા કરે છે એમ તેઓ માને છે [ तेन तु ] તેથી [ द्विक्रियावादिनः ] એક દ્રવ્યને બે ક્રિયા હોવાનું માનનારા [ मिथ्यादृष्टयः ] મિથ્યાદૃષ્ટિ [ भवन्ति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૬)**

ઉત્થાનિકા : હવે દ્વિક્રિયાવાદી મિથ્યાદૃષ્ટિ કેમ હોય છે ? એવો પ્રશ્ન પૂછવા પર જવાબ આપી તે અર્થને દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે કારણથી ચૈતન્યમય આત્મકાર્ય અને અચેતનમય જડસ્વરૂપ પુદ્‌ગલકાર્ય બંને કાર્યોને એક ઉપાદાનરૂપથી કરે છે. (તેઓ) એક દ્રવ્યથી ચેતન અને એચતન એવી બે ક્રિયા માનવાવાળા મિથ્યાદૃષ્ટિ છે. વિશેષ એમ છે કે જેવી રીતે કુંભાર પોતાના પરિણામ ઉપાદાનરૂપથી કરે છે તે જ પ્રકારે જો તે ઘડાને પણ ઉપાદાનરૂપથી કરે છે તો તો કુંભારને અચેતનપણું કે ઘટરૂપપણું

પ્રાપ્ત થાય છે. અથવા ઘડાને ચેતનપણું કે કુંભારપણું પ્રાપ્ત થાય છે. તે જ પ્રકારે જીવ પણ જો ઉપાદાનરૂપથી પુદ્ગલ દ્રવ્યકર્મને કરે છે તો તો જીવને અચેતનપણું કે પુદ્ગલપણું પ્રાપ્ત થાય છે અને પુદ્ગલકર્મોને ચિદ્રૂપપણું કે જીવપણું પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એમ છે કે શુભ-અશુભ કર્મ હું કરું છું એવો મિથ્યાજ્ઞાનીઓનો મહાન અહંકારરૂપ અંધકાર, તેનો નાશ નથી થતો.

(પ્રશ્ન) તો પછી કોના (અહંકારરૂપ અંધકારનો) નાશ થાય છે ?

(ઉત્તર) વિષયસુખના અનુભવરૂપ આનંદથી રહિત વીતરાગ સ્વસંવેદન વડે અનુભવ કરવા યોગ્ય ભૂતાર્થનયથી એકત્વમાં સુસ્થિત ચિદાનંદ એક સ્વભાવમાં, શુદ્ધ પરમાત્મ દ્રવ્યમાં સ્થિર રહેવાવાળા સમસ્ત શુભ-અશુભ પરભાવથી રહિત નિર્વિકલ્પ સમાધિ લક્ષણ સ્વરૂપ શુદ્ધોપયોગની ભાવનાના બળથી સમ્યક્જ્ઞાનીને જ તે મોહ અંધકાર વિલય કે વિનાશને પ્રાપ્ત થાય છે.

તે મહાન અહંકારરૂપ વિકલ્પજાળના નષ્ટ થવાથી ફરી બંધ પણ નથી થતો એવું જાણીને બાહ્ય દ્રવ્યોના વિષયમાં આને હું કરું છું અને આને હું નથી કરતો તેવો દુરાગ્રહ છોડીને રાગાદિ વિકલ્પજાળથી રહિત થવાથી પાણીથી પૂર્ણ ભરેલ કળશની જેમ ચિદાનંદ એક સ્વભાવથી ભરેલ નિજપરમાત્મામાં નિરંતર ભાવના કરવી જોઈએ એવો ભાવાર્થ છે.

આ પ્રકારે દ્વિક્રિયાવાદીના સંક્ષિપ્ત વ્યાખ્યાનની મુખ્યતાથી બે ગાથા પૂરી થઈ.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા ૭**

હવે તેનું જ વિશેષ વ્યાખ્યાન કરે છે.

ગાથાર્થ : જે પ્રકારે પુદ્ગલકર્મના નિમિત્તથી આત્મા પોતાના ભાવને કરે છે તે પ્રકારે પુદ્ગલકર્મના નિમિત્તે આત્મા પોતાના ભાવને ભોગવે છે, અનુભવે છે.

તાત્પર્યવૃત્તિ અનુવાદ : ઉદયમાં આવેલ કર્મોને નિમિત્ત કરીને જે પ્રકારે આત્મા નિર્વિકાર સ્વસંવેદન પરિણામથી રહિત થયો થકો આત્મા સંબંધી સુખદુઃખ આદિ ભાવ કે પરિણમને કરે છે તે પ્રકારે ઉદયમાં આવેલ કર્મોનું નિમિત્ત પામીને સ્વશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વાસ્તવિક સુખ સ્વાદને અનુભવ ન કરતો થકો તે જ કર્મના ઉદયના નિમિત્તથી ઉત્પન્ન પોતાના કરેલ રાગાદિભાવનું વેદન કરે છે, અનુભવ કરે છે પરંતુ દ્રવ્યકર્મરૂપ પરભાવનું વેદન કે અનુભવ નથી કરતો એવો અભિપ્રાય છે.

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભય પ્રકાર છે. ૮૭.**

ગાથાર્થઃ- [ पुनः ] વળી, [ मिथ्यात्वं ] જે મિથ્યાત્વ કહ્યું તે [ द्विविधं ] બે પ્રકારે છે-

[ जीव: अजीव: ] **એક જીવમિથ્યાત્વ અને એક અજીવમિથ્યાત્વ;** [ तथा एव ] **અને એવી જ રીતે** [ अज्ञानम् ] **અજ્ઞાન,** [ अविरतिः ] **અવિરતિ,** [ योगः ] **યોગ,** [ मोहः ] **મોહ અને** [ क्रोधाद्याः ] **ક્રોધાદિ કષાયો-** [ इमे भावाः ] **આ ( સર્વ ) ભાવો જીવ અને અજીવના ભેદથી બબ્બે પ્રકારે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૭)**

ઉત્થાનિકા : હવે ચૈતન્યરૂપ આત્મભાવોને આત્મા કરે છે. તે જ પ્રકારે અચૈતન્યરૂપ જડરૂપ દ્રવ્યકર્મ આદિ પરભાવોને પુદ્‌ગલ કરે છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : મિથ્યાત્વ બે પ્રકારના છે જીવ સ્વભાવ અને અજીવ સ્વભાવ, તે પ્રકારે મોર અને અરીસાના મોરની જેમ અજ્ઞાન અવિરતિ, યોગ, મોહ, ક્રોધાદિરૂપ ભાવપર્યાય પણ જીવરૂપ અને અજીવરૂપ છે એ આ પ્રકારે. જેવી રીતે મોર દ્વારા ભાવ્યમાન-એટલે કે અનુભવમાં આવવાવાળા વાદળી, પીળો આદિ (વર્ણ) (તથા) આકાર વિશેષ કે જે મોરના શરીરના આકારરૂપથી પરિણત છે તે મોર જ છે. ચેતનમય જ છે તેવી જ રીતે નિર્મળ આત્માનુભૂતિથી ચ્યુત થયેલ જીવના દ્વારા ભાવ્યમાન એટલે કે અનુભવમાં આવવાવાળા સુખ દુઃખાદિ જે વિકલ્પભાવ છે તે અશુદ્ધ નિશ્ચયનયથી, ચેતનારૂપ જ છે અને જેવી રીતે અરીસાની સ્વચ્છતારૂપથી ભાવ્યમાન પ્રકાશમાન મુખના પ્રતિબંબ આદિ વિકારભાવ અરીસામય છે અચેતન જ છે, તેવી રીતે કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલ દ્રવ્યના ઉપાદાનરૂપથી કરવામાં આવેલ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ રૂપ પર્યાય પુદ્‌ગલમય જ છે અચેતન જ છે.

હવે પૂછે છે કે મિથ્યાત્વાદિકને જીવ અને અજીવ કહ્યા તે જીવ મિથ્યાત્વાદિ અને અજીવ મિથ્યાત્વાદિ કોણ છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**મિથ્યાત્વ ને અજ્ઞાન આદિ અજીવ, પુદ્‌ગલકર્મ છે;**
**અજ્ઞાન ને અવિરમણ વળી મિથ્યાત્વ જીવ, ઉપયોગ છે. ૮૮.**

**ગાથાર્થઃ-** [ मिथ्यात्वं ] જે મિથ્યાત્વ, [ योगः ] યોગ, [ अविरतिः ] અવિરતિ અને [ अज्ञानम् ] અજ્ઞાન [ अजीवः ] અજીવ છે તે તો [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મ છે; [ च ] અને જે [ अज्ञानम् ] અજ્ઞાન, [ अविरतिः ] અવિરતિ અને [ मिथ्यात्वं ] મિથ્યાત્વ [ जीवः ] જીવ છે [ तु ] તે તો [ उपयोगः ] ઉપયોગ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૮)**

ઉત્થાનિકા : હવે કેટલા પ્રકારના જીવ અને અજીવ છે એવા પ્રશ્નના ઉત્તરમાં જવાબ આપે છે.

તાત્પર્યવૃત્તિ : પુદ્‌ગલકર્મરૂપ (દ્રવ્યકર્મરૂપ) મિથ્યાત્વ, યોગ, અવિરતિ, અજ્ઞાન તે અજીવ છે. ઉપયોગરૂપ ભાવ જે શુદ્ધાત્મ આદિ તત્ત્વના વિષયમાં વિપરીત જ્ઞાનરૂપ વિકારમય પરિણામ

છે તે જીવનું અજ્ઞાન છે. નિર્વિકાર સ્વાનુભૂતિથી વિપરીત અવ્રતના પરિણામરૂપ વિકાર છે તે (જીવની) અવરિતિ છે. વિપરીત અભિનિવેશ વિકારરૂપ ઉપયોગ (અર્થાત્) શુદ્ધજીવાદિ પદાર્થના વિષયમાં વિપરીત શ્રદ્ધાન તે મિથ્યાત્વ છે. આ બધું જીવ છે.

(પ્રશ્ન) જીવનો શું અર્થ છે ?

(ઉત્તર) એ અજ્ઞાન અવિરતિ અને મિથ્યાત્વ જીવરૂપ અર્થાત્ ભાવપ્રત્યય (ભાવકર્મ) રૂપ છે. એવો અર્થ છે.

હવે ફરી પૂછે છે કે મિથ્યાદર્શનાદિ ચૈતન્યપરિણામનો વિકાર ક્યાંથી થયો ? તેનો ઉત્તર કહે છે :–

**છે મોહયુત ઉપયોગના પરિણામ ત્રણ અનાદિના,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ એ ત્રણ જાણવા. ૮૯.**

**ગાથાર્થઃ**- [ मोहयुक्तस्य ] **અનાદિથી મોહયુક્ત હોવાથી** [ उपयोगस्य ] **ઉપયોગના** [ अनादयः ] **અનાદિથી માંડીને** [ त्रयः परिणामाः ] **ત્રણ પરિણામ છે; તે** [ मिथ्यात्वम् ] **મિથ્યાત્વ,** [ अज्ञानम् ] **અજ્ઞાન** [ च अविरतिभावः ] **અને અવિરતિભાવ એ ત્રણ )** [ ज्ञातव्यः ] જાણવા.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૮૯)**

ઉત્થાનિકા : હવે શુદ્ધ ચૈતન્ય સ્વભાવવાળા જીવને મિથ્યાદર્શનાદિ વિકાર કેવી રીતે ઉત્પન્ન થયો ? તે બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : ઉપયોગ લક્ષણ હોવાથી આત્મા ઉપયોગરૂપ છે તેનાથી સંબંધિત અનાદિ અનંત અપેક્ષાએ ત્રણ (પ્રકારના) પરિણામ જાણવા જોઈએ.

(પ્રશ્ન) કયા પ્રકારના આત્માના ?

(ઉત્તર) મોહયુક્ત આત્માના.

(પ્રશ્ન) તે ત્રણ પરિણામ કયા છે ?

(ઉત્તર) મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ (આ ત્રણ) જાણવા જોઈએ તેનો વિસ્તાર. જો કે શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવવાળો જીવ છે તો પણ અનાદિ મોહનીય આદિ કર્મબંધના કારણે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિરૂપ ત્રણ પ્રકારના પરિણામરૂપ વિકાર થાય છે. ત્યાં શુદ્ધ જીવ સ્વરૂપ ઉપાદેય છે. (અને) મિથ્યાત્વ આદિ વિકાર પરિણામ હેય છે એવો ભાવાર્થ છે.

હવે આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું દર્શાવે છેઃ–

**એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે;**
**જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને. ૯૦.**

**ગાથાર્થઃ**- [ एतेषु च ] અનાદિથી આ ત્રણ પ્રકારના પરિણામવિકારો હોવાથી, [ उपयोगः ] આત્માનો ઉપયોગ– [ शुद्धः ] જોકે ( શુદ્ધનયથી ) તે શુદ્ધ, [ निरञ्जनः ] નિરંજન [ भावः ] ( એક ) ભાવ છે તોપણ– [ त्रिविधः ] ત્રણ પ્રકારનો થયો થકો [ सः उपयोगः ] તે ઉપયોગ [ यं ] જે [ भावम् ] ( વિકારી ) ભાવને [ करोति ] પોતે કરે છે [ तस्य ] તે ભાવનો [ सः ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૦)**

ઉત્થાનિકા : હવે આત્માને મિથ્યાત્વાદિ ત્રિવિધ વિભાવ પરિણામનું કર્તૃત્વ છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : આ ઉદયાગત (દ્રવ્યકર્મરૂપ) મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રના નિમિત્તે જ્ઞાનોપયોગ-દર્શનોપયોગ લક્ષણના કારણે જે ઉપયોગ (તે) આત્મા છે તે કાળો, નીલો, પીળો એવી ત્રણ પ્રકારની ઉપાધિથી પરિણત સ્ફટિકની સમાન આત્મા ત્રણ પ્રકારનો થઈ જાય છે.

પરમાર્થથી (આત્મા) રાગાદિ ભાવકર્મ રહિત શુદ્ધ છે. જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અંજન રહિત નિરંજન છે. વળી કેવો છે ?

ભાવ-પદાર્થ અખંડ એક પ્રતિભાસમય જ્ઞાન સ્વભાવથી એક પ્રકારનો જ હોવા છતાં પૂર્વોક્ત મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામ વિકારથી ત્રણ પ્રકારનો થઈને આત્મા તે પરિણામને કરે છે.

ચૈતન્ય અનુવિધાયિ પરિણામને ઉપયોગ કહેવામાં આવે છે તે ઉપયોગ લક્ષણને કારણે આત્મા ઉપયોગરૂપ છે.

નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાન પરિણામથી ભ્રષ્ટ થયો થકો તે મિથ્યાત્યાદિ ત્રણ પ્રકારના પરિણામનો કર્તા છે પરંતુ દ્રવ્યકર્મનો કર્તા નથી એવો ભાવ છે.

હવે, આત્માને ત્રણ પ્રકારના પરિણામવિકારનું કર્તાપણું હોય ત્યારે પુદ્‌ગલદ્રવ્ય પોતાની મેળે જ કર્મપણે પરિણમે છે એમ કહે છેઃ–

**જે ભાવ જીવ કરે અરે ! જીવ તેહનો કર્તા બને;**
**કર્તા થતાં, પુદ્‌ગલ સ્વયં ત્યાં કર્મરૂપે પરિણમે. ૯૧.**

**ગાથાર્થઃ**- [ आत्मा ] આત્મા [ यं भावम् ] જે ભાવને [ करोति ] કરે છે [ तस्य भावस्य ] તે ભાવનો [ सः ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે; [ तस्मिन् ] તે કર્તા થતાં [ पुद्गलं द्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્ય [ स्वयं ] પોતાની મેળે [ कर्मत्वं ] કર્મપણે [ परिणमते ] પરિણમે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૧)**

ઉત્થાનિકા : હવે આત્માને મિથ્યાત્વાદિ ત્રણ પ્રકારના વિકારી પરિણામોનું કર્તાપણું હોવાથી કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલદ્રવ્ય સ્વયં જ ઉપાદાનરૂપથી કર્મપણે પરિણમન કરે છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે ભાવને-એટલે કે મિથ્યાત્વાદિ વિકાર પરિણામને, શુદ્ધ સ્વભાવથી ભ્રષ્ટ થયો થકો આત્મા કરે છે તે ભાવનો આત્મા કર્તા છે. તે ત્રણ પ્રકારના વિકારી પરિણામનું કર્તાપણું થવાથી કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલદ્રવ્ય સ્વયં ઉપાદાનરૂપથી દ્રવ્યકર્મરૂપ પરિણમન કરે છે.

(પ્રશ્ન) કેવી રીતે પરિણમન કરે છે ?

(ઉત્તર) ગારૂડ આદિ મંત્ર પરિણત પુરુષના પરિણામ થવાથી દેશાંતરમાં તે પુરુષના (મંત્ર પરિણત પુરુષના) વ્યાપાર (ક્રિયા) વગર બીજાના શરીરમાં સ્વયંમેવ સ્વયં જ ઝેર ઉતરવું, બંધનો નાશ થવો, સ્ત્રીનું વિડંબના રૂપ થવું, તેવા પરિણામોની જેમ પરિણમન કરે છે.

તે જ પ્રકારે મિથ્યાત્વ રાગાદિ વિભાવના વિનાશના સમયમાં નિશ્ચય રત્નત્રયરૂપ શુદ્ધોપયોગ પરિણામ થવાથી ગારૂડી મંત્રના સામર્થ્યથી ઝેર રહિત થવાવાળા પુરુષની જેમ સ્વયં જ રસહીન થઈ પૂર્વબદ્ધ દ્રવ્યકર્મ જીવથી જુદા થઈ નિર્જરાને પ્રાપ્ત થાય છે, એવો ભાવાર્થ છે. આ રીતે સ્વતંત્ર વ્યાખ્યાનની મુખ્યતાથી ૬ ગાથા પૂરી થઈ.

હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે:–

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**

**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

**ગાથાર્થ:-** [ परम् ] જે પરને [ आत्माने ] પોતારૂપ [ कुर्वन् ] કરે છે [ च ] અને [ आत्मानम् अपि ] પોતાને પણ [ परं ] પર [ कुर्वन् ] કરે છે [ सः ] તે [ अज्ञानमयः जीवः ] અજ્ઞાનમય જીવ [ कर्मणां ] કર્મોનો [ कारकः ] કર્તા [ भवति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૨)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયથી વિતરાગ સ્વસંવેદન જ્ઞાનના અભાવને જ અજ્ઞાન કહેવામાં આવે છે એટલા માટે અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે તેવું તાત્પર્ય કહે છે.

તાત્પર્યવૃત્તિ : (અજ્ઞાની) ભાવકર્મ-દ્રવ્યકર્મરૂપ પરદ્રવ્યને, પરદ્રવ્ય તથા આત્માના ભેદજ્ઞાનનો અભાવ હોવાથી આત્મરૂપ કરે છે અને જે શુદ્ધાત્માને પરરૂપ કરે છે એવો આ જીવ અજ્ઞાનમય છે તે કર્મનો કર્તા થાય છે.

તે આ પ્રકારે.

જેવી રીતે કોઈ પુરુષ ઠંડા-ગરમરૂપ પુદ્ગલ પરિણામ અવસ્થાનો તે પ્રકારથી ઠંડા-ગરમરૂપ અનુભવ કરતો થકો એકત્વના અભ્યાસને કારણે ભેદને નહીં જાણતો થકો હું ઠંડો છું-હું ગરમ છું

એ પ્રકારે, ઠંડી-ગરમ પરિણતીનો કર્તા થાય છે.

તે પ્રકારે જીવ પણ નિજ શુદ્ધાત્માની અનુભૂતિથી ભિન્ન ઉદયમાં આવેલ પુદ્‌ગલ પરિણામરૂપ અવસ્થામાં તેના નિમિત્તથી થવાવાળા સુખ તથા દુઃખનો અનુભવ કરતો થકો એકત્વના અધ્યાસના આરોપથી પરદ્રવ્ય અને આત્મામાં, સમસ્ત રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાનના અભાવને કારણે, ભેદને નહિ જાણવાવાળો હું સુખી છું હું દુઃખી છું એ પ્રકારે પરિણામને કરતો થકો કર્મોનો કર્તા થાય છે એમ ભાવાર્થ છે.

જ્ઞાનથી કર્મ ઉત્પન્ન થતું નથી એમ હવે કહે છેઃ–

**પરને ન કરતો નિજરૂપ, નિજ આત્મને પર નવ કરે,**
**એ જ્ઞાનમય આત્મા અકારક કર્મનો એમ જ બને. ૯૩.**

**ગાથાર્થઃ-** [ परम् ] જે પરને [ आत्मानम् ] પોતારૂપ [ अकुर्वन् ] કરતો નથી [ च ] અને [ आत्मानम् अपि ] પોતાને પણ [ परम् ] પર [ अकुर्वन् ] કરતો નથી [ सः ] તે [ ज्ञानमयः जीवः ] જ્ઞાનમય જીવ [ कर्मणाम् ] કર્મોનો [ अकारकः भवति ] અકર્તા થાય છે અર્થાત્ કર્તા થતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૩)**

ઉત્થાનિકા : હવે વિતરાગ સ્વસંવેદન જ્ઞાનની સાથે કર્મ ઉત્પન્ન નથી થતું તે બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જે બાહ્ય પરદ્રવ્ય, દેહાદિક (નોકર્મરૂપ પરદ્રવ્ય) તથા અંતરંગ રાગાદિક ભાવકર્મ તથા દ્રવ્યકર્મરૂપ પરદ્રવ્યને ભેદવિજ્ઞાનના બળથી (તેને) આત્મમય નહિ કરતો થકો, આત્માની સાથે સંબંધ નહીં કરતો થકો, શુદ્ધ દ્રવ્ય ગુણપર્યાય સ્વભાવરૂપ નિજાત્માને પરસ્વરૂપ ન કરીને તે નિર્મળ અનુભૂતિ લક્ષણવાળો ભેદવિજ્ઞાની જીવ કર્મોનો અકર્તા થાય છે. તેનો વિસ્તાર : જેવી રીતે કોઈ પુરુષ ઠંડા ગરમ રૂપ પુદ્‌ગલ પરિણામની ઠંડા ગરમ રૂપ અવસ્થાનો અને તે જ પ્રકારની ઠંડી ગરમ અવસ્થાના અનુભવનો આત્માથી ભેદજ્ઞાન હોવાને કારણે હું ઠંડો છું ગરમ છું એ પ્રકારની પરિણતીનો કર્તા નથી થતો તે જ પ્રકારે જીવ પણ નિજ શુદ્ધાત્મ અનુભૂતિથી ભિન્ન પુદ્‌ગલ પરિણામની અવસ્થા તથા તે અવસ્થાના નિમિત્તથી થવાવાળા સુખદુઃખના અનુભવની અને સ્વશુદ્ધાત્માનુભૂતિથી ઉત્પન્ન થવાવાળા અતિન્દ્રિય સુખના અનુભવની ભિન્નતાનું જ્ઞાન હોવાથી તે ભેદજ્ઞાનના અભ્યાસથી, પર અને આત્માનું ભેદજ્ઞાન હોવાથી રાગ-દ્વેષ-મોહ પરિણામોને નહી કરતો થકો કર્મોનો કર્તા નથી થતો. એટલા માટે સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્મ ઉત્પન્ન નથી થતું એવો અભિપ્રાય છે.

હવે પૂછે છે કે અજ્ઞાનથી કર્મ કઈ રીતે ઉત્પન્ન થાય છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**' હું ક્રોધ ' એમ વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે.**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૪.**

**ગાથાર્થઃ-** [ त्रिविधः ] ત્રણ પ્રકારનો [ एषः ] આ [ उपयोगः ] ઉપયોગ [ अहम् क्रोधः ] ' હું ક્રોધ છું ' એવો [ आत्मविकल्पं ] પોતાનો વિકલ્પ [ करोति ] કરે છે; તેથી [ सः ] આત્મા [ तस्य उपयोगस्य ] તે ઉપયોગરૂપ [ आत्मभावस्य ] પોતાના ભાવનો [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૪)**

ઉત્થાનિકા : હવે અજ્ઞાનથી કર્મ કેમ ઉત્પન્ન થાય છે એમ પૂછવા પર બે ગાથાઓ દ્વારા જવાબ આપે છે.

તાત્પર્યવૃત્તિ : આ પ્રત્યક્ષરૂપથી ત્રણ પ્રકારના મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર ઉપયોગ લક્ષણવાળો ઉપયોગમય આત્મા સ્વસ્વભાવના અભાવને કારણે અસત્-મિથ્યા વિકલ્પ કરે છે.

(પ્રશ્ન) કયા રૂપથી મિથ્યા વિકલ્પ કરે છે.

(ઉત્તર) હું ક્રોધ છું ઈત્યાદિ વિકલ્પ કરે છે. તે જીવ તે ક્રોધાદિ વિકલ્પરૂપ ઉપયોગનો કર્તા છે.

(પ્રશ્ન) કયા પ્રકારે તે કર્તા છે ?

(ઉત્તર) અશુદ્ધ નિશ્ચયનયથી જીવ પરિણામરૂપ આત્મભાવનો કર્તા થાય છે. તેનો વધુ વિસ્તાર કરે છે.

સામાન્ય રીતે અજ્ઞાનમય ભાવ એક પ્રકારનો છે તે વિશેષરૂપથી મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપથી ત્રણ પ્રકારનો થઈને આ ઉપયોગરૂપ આત્મા ક્રોધાદિ અને આત્માના ભાવકભાવ્ય ભાવને પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : ભાવક ભાવ્યભાવની પ્રાપ્તિનો શું અર્થ છે ?

(ઉત્તર) ભાવ્ય ક્રોધાદિ પરિણમિત આત્મા છે તથા ભાવક અર્થાત્ (મલિનતા) રંજાયમાન કરવાવાળું, અંતર આત્મભાવનાથી વિપરીત (એવું) ભાવક્રોધ છે. આ પ્રકારે બંનેના ભેદજ્ઞાનના અભાવથી ભેદને નહી જાણતો નિર્વિકલ્પ સ્વરૂપથી ભ્રષ્ટ થયો થકો હું ક્રોધ છું એવા આત્માના વિકલ્પને ઉત્પન્ન કરે છે તેથી તેવા ક્રોધાદિ ઉપયોગરૂપ પરિણામોનો અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા છે એવો ભાવાર્થ છે. આ જ પ્રકારે ક્રોધ પદ બદલીને માન, માયા, લોભ, મોહ, રાગ, દ્વેષ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના, સ્પર્શન આ સોળ સૂત્રોના વ્યાખ્યાન કરવા જોઈએ.

આ પ્રકારથી અવિક્ષિપ્ત ચિત્ (સ્થિર ચિત્) સ્વસ્વભાવમય શુદ્ધાત્મ તત્ત્વથી વિલક્ષણ જે અસંખ્યાત લોક પ્રમાણ વિભાવ પરિણામ છે તેને પણ જાણી લેવા જોઈએ.

હવે એ જ વાતને વિશેષ કહે છેઃ–

**' હું ધર્મ આદિ ' વિકલ્પ એ ઉપયોગ ત્રણવિધ આચરે,**
**ત્યાં જીવ એ ઉપયોગરૂપ જીવભાવનો કર્તા બને. ૯૫.**

**ગાથાર્થઃ-** [ त्रिविधः ] ત્રણ પ્રકારનો [ एषः ] આ [ उपयोगः ] ઉપયોગ [ धर्मादिकम् ] ' હું ધર્માસ્તિકાય આદિ છું ' એવો [ आत्मविकल्पं ] પોતાનો વિકલ્પ [ करोति ] કરે છે; તેથી [ सः ] આત્મા [ तस्य उपयोगस्य ] તે ઉપયોગરૂપ [ आत्मभावस्य ] પોતાના ભાવનો [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૫)**

સામાન્યથી અજ્ઞાનમય એક પ્રકારનો થયો થકો, પણ વિશેષથી મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રરૂપથી ત્રણ પ્રકારનો થયો થકો આ ઉપયોગરૂપ આત્મા પરદ્રવ્ય અને આત્માના જ્ઞેય જ્ઞાયકભાવને પ્રાપ્ત હોવા છતાં અભેદ દર્શનથી, અભેદ જ્ઞાનથી અને અભેદ પરિણતિથી અને ભેદજ્ઞાનના અભાવથી ભેદને નહિ જાણતો થકો હું ધર્માસ્તિકાય છું એ પ્રકારે આત્માના વિષયમાં અસત વિકલ્પને ઉત્પન્ન કરે છે.

અશુદ્ધ નિશ્ચયથી નિર્મળ આત્માનુભૂતિથી રહિત મિથ્યા વિકલ્પરૂપ જીવ પરિણામનો કર્તા થાય છે.

શંકા : હું ધર્માસ્તિકાય છું એવી રીતે તો કોઈપણ નથી કહેતુ તો પછી કઈ રીતે એમ કહો છો ?

સમાધાન : હું ધર્માસ્તિકાય છું એવો જે આ જાણવારૂપ વિકલ્પ મનમાં થાય છે તેને જ ઉપચારથી ધર્માસ્તિકાય કહે છે. જેવી રીતે ઘટના આકારે પરિણમેલ જ્ઞાનને ઘટ કહેવામાં આવે છે તેવી રીતે જ્ઞેયતત્ત્વના વિચારકાળમાં આ ધર્માસ્તિકાય છે એવો વિકલ્પ જીવ કરે છે તે સમયે શુદ્ધાત્મ સ્વભાવનું સ્મરણ નથી કરતો. તે વિકલ્પના સમયમાં હું ધર્માસ્તિકાય છું એવો વિકલ્પ ઉપચારથી ઘટે છે. એવો ભાવાર્થ છે.

એટલામાટે એમ સિદ્ધ થયું કે સ્વશુદ્ધાત્માની અનુભૂતિના અભાવરૂપ અજ્ઞાન કર્મના કર્તાપણાનું કારણ છે.

' તેથી કર્તાપણાનું મૂળ અજ્ઞાન ઠર્યું ' એમ હવે કહે છેઃ–

**જીવ મંદબુદ્ધિ એ રીતે પરદ્રવ્યને નિજરૂપ કરે,**
**નિજ આત્મને પણ એ રીતે અજ્ઞાનભાવે પર કરે. ૯૬.**

**ગાથાર્થઃ-** [ एवं तु ] આ રીતે [ मन्दबुद्धिः ] મંદબુદ્ધિ અર્થાત્ અજ્ઞાની [ अज्ञानभावेन ] અજ્ઞાનભાવથી [ पराणि द्रव्याणि ] પર દ્રવ્યોને [ आत्मानं ] પોતારૂપ [ करोति ] કરે છે [ अपि च ] અને [ आत्मानम् ] પોતાને [ परं ] પર [ करोति ] કરે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૬)**

તાત્પર્યવૃત્તિ : આ પ્રકારે પુર્વોક્ત બે ગાથાઓમાં કહેવામાં આવેલ પ્રકારથી હું ક્રોધ છું ઈત્યાદિ સમાન અથવા હું ધર્માસ્તિકાય છું ઈત્યાદિ સમાન ક્રોધાદિને સ્વકીય પરિણામરૂપ અને તે જ પ્રકારે ધર્માસ્તિકાય આદિ જ્ઞેય પદાર્થોને-પરદ્રવ્યોને આત્મમય કરે છે.

(પ્રશ્ન) તે કોણ કરે છે ?

(ઉત્તર) નિર્વિકલ્પ સમાધિ લક્ષણવાળા ભેદજ્ઞાનથી રહિત મંદબુદ્ધિ જીવ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી આત્મા હોવા છતાં પણ પોતાને સ્વસ્વરૂપથી ભિન્ન પરરૂપ માને છે અને રાગાદિમાં પોતાનો ચેતન ઉપયોગ લગાવે છે.

(પ્રશ્ન) કોના વડે લગાવે છે ?

(ઉત્તર) અજ્ઞાન ભાવ વડે લગાવે છે.

આથી સિદ્ધ થાય છે કે ક્રોધાદિના વિષયમાં ભૂતાવિષ્ટ પુરુષના દૃષ્ટાંતની જેમ તથા ધર્માદિકના વિષયમાં ધ્યાનાવિષ્ટ પુરુષના દૃષ્ટાંતની જેમ શુદ્ધાત્મ અનુભવના અભાવરૂપ અજ્ઞાન જ કર્મના કર્તાપણાનું કારણ થાય છે તે આ પ્રકારે.

જેવી રીતે કોઈ ભૂતાદિ-ગ્રહાવિષ્ટ પુરુષ ભૂત અને આત્માના ભેદને નહીં જાણતો થકો અમાનુષ ઉચિત (મનુષ્યને ન કરવા યોગ્ય) કાર્ય-પત્થરના થાભંલાને ઉપાડવા આદિ અદ્ભૂત આશ્ચર્યજનક વ્યાપાર કરતો થકો તે વ્યાપારનો કર્તા થાય છે. તેવી જ રીતે જીવ પણ વિતરાગ પરમ સામાયિક પરિણત શુદ્ધોપયોગ લક્ષણરૂપ ભેદજ્ઞાનનો અભાવ હોવાથી કામ ક્રોધાદિ અને શુદ્ધાત્માના સ્વભાવમાં ભેદ નહીં જાણતો થકો હું ક્રોધ છું, હું કામ છું, ઈત્યાદિ વિકલ્પને કરતો થકો કર્મોનો કર્તા થાય છે આ પ્રકારે ક્રોધાદિકના સંબંધમાં ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

તે જ પ્રકારે જેવી રીતે કોઈ વિશાળ ભેંસ આદિનું ધ્યાન કરવાવાળો પુરુષ ભેંસ આદિ તથા પોતામાં ભેદ નહીં જાણતો થકો હું વિશાળ ભેંસ છું, હું ગરૂડ છું, હું કામદેવ છું, હું અગ્નિ છું, હું દૂધની ધારા સમાન અમૃતની રાશિ છું એ પ્રકારે આત્મવિકલ્પ કરતો થકો તે વિકલ્પનો કર્તા થાય છે તે જ પ્રકારે જીવ પણ સુખદુઃખ આદિમાં, સમતાભાવરૂપ પરિણત શુદ્ધપયોગ લક્ષણરૂપ ભેદજ્ઞાનનો અભાવ હોવાને કારણે ધર્માદિ જ્ઞેય પદાર્થોનો અને શુદ્ધાત્માનો ભેદ નહીં જાણતો થકો હું ધર્માસ્તિકાય છું ઈત્યાદિ આત્મવિકલ્પ કરે છે તથા તે જ વિકલ્પનો કર્તા થાય છે. વિકલ્પનો કર્તા થવાથી દ્રવ્યકર્મનો બંધ થાય છે, આ પ્રકારે ધર્માસ્તિકાય આદિ જ્ઞેયપદાર્થોના વિષયમાં ધ્યાનાવિષ્ટ પુરુષનો દૃષ્ટાંત પૂર્ણ થયો.

શંકા : હે ! ભગવાન ! આ ધર્માસ્તિકાય છે, આ જીવ છે ઈત્યાદિ જ્ઞેયતત્ત્વના વિચાર કરવાના સમયે વિકલ્પ કરવાથી જો કર્મબંધ થાય છે તો પછી જ્ઞેયતત્ત્વ (નવ તત્ત્વ) નો વિચાર કરવો વ્યર્થ છે તેથી જ્ઞેયત્વનો વિચાર ન કરવો જોઈએ ને ?

સમાધાન : એવું ન કહેવાય. જો કે ત્રિગુપ્તિરૂપ પરિણત નિર્વિકલ્પ સમાધિના કાળમાં એ કર્તવ્ય નથી (કરવા જેવા નથી). તો પણ તે ત્રિગુપ્તિરૂપ ધ્યાનના અભાવમાં, શુદ્ધાત્માને ઉપાદેય કરીને આગમ ભાષાથી મોક્ષને ઉપાદેય કરીને સરાગ સમ્યક્ત્વના કાળમાં વિષય કષાયથી બચવા માટે જ્ઞેયતત્ત્વનો વિચાર કરવો જોઈએ. તે તત્ત્વવિચારમાં મુખ્યરૂપથી પુણ્યબંધ થાય છે અને પરંપરાએ મોક્ષ થાય છે. તેમાં દોષ નથી. પરંતુ ત્યાં તત્ત્વવિચારકાળમાં વિતરાગ સ્વસંવેદનજ્ઞાન પરિણત શુદ્ધાત્મા સાક્ષાત ઉપાદેય છે એમ જાણવું જોઈએ.

શંકા : આપના દ્વારા વિતરાગ સ્વસંવેદનજ્ઞાન વિચારના કાળમાં વિતરાગ વિશેષણનો પ્રચુરતાથી પ્રયોગ શા માટે કરવામાં આવે છે ? શું સરાગરૂપ પણ સ્વસંવેદન જ્ઞાન હોય છે ?

સમાધાન : તેનો ઉત્તર છે કે વિષય સુખ-અનુભવ આનંદરૂપ સ્વસંવેદન જ્ઞાન સર્વજન પ્રસિદ્ધ છે. તે સરાગ સંવેદન જ્ઞાન જ છે અને શુદ્ધાત્મ સુખ અનુભવરૂપ સ્વસંવેદન જ્ઞાન વિતરાગ છે. આ રીતનું વ્યાખ્યાન સ્વસંવેદન જ્ઞાનના કાળમાં બધે જાણવું જોઈએ. એવો ભાવાર્થ છે.

‘ તેથી ( પૂર્વોક્ત કારણથી ) એ સિદ્ધ થયું કે જ્ઞાનથી કર્તાપણાનો નાશ થાય છે ’ એમ હવે કહે છે:–

**એ કારણે આત્મા કહ્યો કર્તા સહુ નિશ્ચયવિદે,**
**-એ જ્ઞાન જેને થાય તે છોડે સકલ કર્તૃત્વને. ૯૭.**

**ગાથાર્થ:-** [ एतेन तु ] આ ( પૂર્વોક્ત ) કારણથી [ निश्चयविद्भिः ] નિશ્ચયના જાણનારા જ્ઞાનીઓએ [ सः आत्मा ] તે આત્માને [ कर्ता ] કર્તા [ परिकथितः ] કહ્યો છે– [ एवं खलु ] આવું નિશ્ચયથી [ यः ] જે [ जानाति ] જાણે છે [ सः ] તે ( જ્ઞાની થયો થકો ) [ सर्वकर्तृत्वम् ] સર્વ કર્તૃત્વને [ मुञ्चति ] છોડે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૭)**

ઉત્થાનિકા : તેથી એમ સિદ્ધ થયું કે શુદ્ધાત્મ અનુભૂતિ લક્ષણરૂપ સમ્યક્જ્ઞાનથી કર્તાકર્મપણાનો નાશ થાય છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વોક્ત ત્રણ ગાથાઓના વ્યાખ્યાન દ્વારા તે આત્મા અજ્ઞાનભાવથી કર્તા કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) કોના દ્વારા કહેવામાં આવેલ છે ?

(ઉત્તર) નિશ્ચયના જાણનાર સર્વજ્ઞ ભગવંતો દ્વારા કહેવામાં આવેલ છે. તે આ પ્રકારે છે. વિતરાગ પરમ સામાયિક સંયમરૂપથી પરિણત અભેદ રત્નત્રયથી પ્રતિપક્ષી (વિરોધી) પૂર્વોક્ત ત્રણ ગાથાઓ દ્વારા કહેવાયેલ એવા અજ્ઞાનભાવથી જ્યારે આત્મા પરિણમન કરે છે ત્યારે જ તે મિથ્યાત્વ રાગાદિરૂપ અજ્ઞાનભાવનો કર્તા થાય છે અને તેથી દ્રવ્યકર્મનો બંધ થાય છે. પરંતુ જ્યારે

ચિદાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધાત્માની અનુભૂતિરૂપ પરિણામથી પરિણમન કરે છે ત્યારે સમ્યક્જ્ઞાની થઈને મિથ્યાત્વ રાગાદિ ભાવકર્મરૂપ અજ્ઞાનભાવનો કર્તા થતો નથી. તે કર્તાપણાના અભાવમાં નિશ્ચયથી દ્રવ્યકર્મનો બંધ થતો નથી. આ પ્રકારે ગાથાના પૂર્વાર્ધના વ્યાખ્યાન દ્વારા મનમાં જે આવા વસ્તુસ્વરૂપને જાણે છે તે સરાગ સમ્યક્દ્રષ્ટિ થઈ અશુભ કર્મના કર્તૃત્વને છોડે છે. તે જ જીવ નિશ્ચય ચારિત્રના અવિનાભાવી વિતરાગ સમ્યગ્દષ્ટિ થઈને શુભ અશુભ સર્વ કર્મ કર્તૃત્વને છોડે છે.

આ પ્રકારે અજ્ઞાનથી કર્મ ઉત્પન્ન થાય છે. સમ્યક્જ્ઞાનથી કર્મ નાશ પામે છે. એમ સિદ્ધ થયું.

આ પ્રકારે અજ્ઞાની અને સમ્યક્જ્ઞાની જીવના પ્રતિપાદનની મુખ્યતાથી બીજા સ્થાન પર છ ગાથાઓ પૂર્ણ થઈ. આ પ્રકારે દ્વિક્રિયાવાદીના નિરાકરણરૂપ વિશેષ વ્યાખ્યાનરૂપથી બાર ગાથોઓ પૂરી થઈ.

હવે કહે છે કે વ્યવહારી જીવો આમ કહે છેઃ–

**ઘટ-પટ-રથાદિક વસ્તુઓ, કરણો અને કર્મો વળી,**
**નોકર્મ વિધવિધ જગતમાં આત્મા કરે વ્યવહારથી. ૯૮.**

**ગાથાર્થઃ-** [ व्यवहारेण तु ] વ્યવહારથી અર્થાત્ વ્યવહારી લોકો માને છે કે [ इह ] જગતમાં [ आत्मा ] આત્મા [ घटपटरथान् द्रव्याणि ] ઘડો, કપડું, રથ ઇત્યાદિ વસ્તુઓને, [ च ] વળી [ करणानि ] ઇંદ્રિયોને, [ विविधानि ] અનેક પ્રકારનાં [ कर्माणि ] ક્રોધાદિ દ્રવ્યકર્મોને [ च नोकर्माणि ] અને શરીરાદિ નોકર્મોને [ करोति ] કરે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૮)**

ઉત્થાનિકા : હવે ફરી ઉપસંહારરૂપ (નિચોડરૂપ) અગિયાર ગાથા સુધી દ્વિક્રિયાવાદીના નિરાકરણના વિષયમાં વિશેષ વ્યાખ્યાન કરે છે. તે આ પ્રકારે કે પરભાવોને આત્મા કરે છે એવું જો વ્યવહારી લોકો કહે છે તો તે તેનો વ્યામોહ છે એમ ઉપદેશે છે.

તાત્પર્યવૃત્તિ : કેમકે જેમ અન્યોન્ય (પરસ્પર) વ્યવહારથી ઘટ, વસ્ત્ર, રથ આદિ બાહ્ય પદાર્થોને ઈચ્છાપુર્વક આત્મા કરે છે તેવી જ રીતે અંતરંગમાં પણ ઈન્દ્રિયો, કર્મ, નોકર્મને તથા આ જગતમાં વિવિધ પ્રકારના ક્રોધાદિ દ્રવ્યકર્મોને ઈચ્છાપૂર્વક વિશેષતાથી આત્મા કરે છે. આવું જે માને છે તે વ્યવહારીજનોની વ્યામોહકરૂપ મૂઢતા છે.

વ્યવહારી લોકોની એ માન્યતા સત્યાર્થ નથી એમ હવે કહે છેઃ–

**પરદ્રવ્યને જીવ જો કરે તો જરૂર તન્મય તે બને,**
**પણ તે નથી તન્મય અરે ! તેથી નહિ કર્તા ઠરે. ૯૯.**

**ગાથાર્થઃ-** [ यदि च ] જો [ सः ] આત્મા [ परद्रव्याणि ] પરદ્રવ્યોને [ कुर्यात् ] કરે

તો તે [ नियमेन ] નિયમથી [ तन्मयः ] તન્મય અર્થાત્ પરદ્રવ્યમય [ भवेत् ] થઈ જાય; [ यस्मात् न तन्मयः ] પરંતુ તન્મય નથી [ तेन ] તેથી [ सः ] તે [ तेषां ] તેમનો [ कर्ता ] કર્તા [ न भवति ] નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૯૯)**

ઉત્થાનિકા : હવે તે વ્યામોહ સત્ય નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જો તે આત્મા પરદ્રવ્યોને નિયમથી એકાંતરૂપથી કરે છે ત્યારે તો તે આત્મા તે પરદ્રવ્યો સાથે તન્મય થઈ જશે પરંતુ પોતાના સહજ શુદ્ધ સ્વાભાવિક અનંત સુખાદિ સ્વરૂપને છોડીને પરદ્રવ્યની સાથે તન્મય થતો નથી. એટલા માટે તે આત્મા તે પરદ્રવ્યોનો ઉપાદાનરૂપથી કર્તા થતો નથી તેવો અભિપ્રાય છે.

આત્મા ( વ્યાપ્યવ્યાપકભાવથી તો કર્તા નથી પરંતુ ) નિમિત્તનૈમિત્તિકભાવથી પણ કર્તા નથી એમ હવે કહે છેઃ–

**જીવ નવ કરે ઘટ, પટ નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;**
**ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.**

**ગાથાર્થઃ-** [ जीवः ] જીવ [ घटं ] ઘટને [ न करोति ] કરતો નથી, [ पटं न एव ] પટને કરતો નથી, [ शेषकानि ] બાકીનાં કોઈ [ द्रव्याणि ] દ્રવ્યોને ( વસ્તુઓને ) [ न एव ] કરતો નથી; [ च ] પરંતુ [ योगोपयोगौ ] જીવના યોગ અને ઉપયોગ [ उत्पादकौ ] ઘટાદિને ઉત્પન્ન કરનારાં નિમિત્ત છે [ तयोः ] તેમનો [ कर्ता ] કર્તા [ भवति ] જીવ થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૦)**

ઉત્થાનિકા : હવે કેવળ ઉપાદાનરૂપથી કર્તા થતો નથી પરંતુ નિમિત્તરૂપથી પણ કર્તા થતો નથી, એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : કેવળ ઉપાદાનરૂપથી જીવ ઘટ, વસ્ત્ર અને બીજા દ્રવ્યોનો કર્તા નથી પરંતુ નિમિત્તરૂપથી પણ તેનો કર્તા નથી.

(પ્રશ્ન) કઈ રીતે કર્તા નથી ?

(ઉત્તર) કારણ કે જીવને હંમેશા સર્વકાળે કર્મ તથા કર્તાપણાનો પ્રસંગ આવશે (તેથી નિમિત્તરૂપથી પણ કર્તા નથી).

(પ્રશ્ન) તો પછી કોણ તેને કરે છે ?

(ઉત્તર) આત્માના વિકલ્પ-વ્યાપારરૂપ યોગ અને ઉપયોગ (કે જે) બંને સ્વયં વિનશ્વર છે તેનો (ઉપચારથી) ઉત્પાદક કર્તા છે. સુખદુઃખ જીવન મરણ આદિમાં સમતા ભાવનારૂપથી પરિણત અભેદ રત્નત્રય લક્ષણરૂપ ભેદવિજ્ઞાનના અભાવમાં જે કાળમાં શુદ્ધ બુદ્ધ એક સ્વભાવરૂપ પરમાત્મા

સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે ત્યારે તે જીવ કદાચિત્ (તે સમયે) તે યોગ અને ઉપયોગનો કર્તા થાય છે પરંતુ તે યોગ અને ઉપયોગને પણ હંમેશા કરતો નથી અહીં યોગ શબ્દથી બહિરંગ હસ્તાદિ ક્રિયાને તથા ઉપયોગ શબ્દથી વિકલ્પભાવને ગ્રહણ કરવામાં આવેલ છે. તે રીતે પરંપરાથી નિમિત્તરૂપથી ઘટાદિ વિષયમાં જીવનું કર્તૃત્વ છે. અને જો મુખ્યરૂપથી નિમિત્ત કર્તાપણું હોય તો જીવને હંમેશા જ નિત્ય કર્મ અને કતૃત્વનો પ્રસંગ આવવાથી મોક્ષનો અભાવ થશે. (પણ એમ હોતું નથી) આ રીતે વ્યવહારની મુખ્યતાથી ત્રણ ગાથાઓ થઈ.

હવે જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે એમ કહે છેઃ-

**જ્ઞાનાવરણઆદિક જે પુદ્‌ગલ તણા પરિણામ છે,**
**કરતો ન આત્મા તેમને, જે જાણતો તે જ્ઞાની છે. ૧૦૧.**

**ગાથાર્થઃ-** [ ये ] જે [ ज्ञानावरणानि ] જ્ઞાનાવરણાદિક [ पुद्गलद्रव्याणां ] પુદ્‌ગલદ્રવ્યોના [ परिणामाः ] પરિણામ [ भवन्ति ] છે [ तानि ] તેમને [ यः आत्मा ] જે આત્મા [ न करोति ] કરતો નથી પરંતુ [ जानाति ] જાણે છે [ सः ] તે [ ज्ञानी ] જ્ઞાની [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૧)**

ઉત્થાનિકા : હવે વિતરાગ સ્વસંવેદનજ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે, પરભાવનો કર્તા નથી એવું કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલના પરિણામ-પર્યાયો છે તે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપ છે. તે પર્યાયોને વ્યાપ્ય વ્યાપક ભાવથી જેવી રીતે માટી કળશને કરે છે તે રીતે આત્મા દ્રવ્યકર્મોને નથી કરતો. જેવી રીતે ગોરસ (દૂધ) ને (ગોવાળ) દેખે અને જાણે છે તેવી રીતે આત્મા જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોને દેખે અને જાણે છે. આ પ્રકારે જે જાણે છે, તે મિથ્યાત્વ વિષય કષાયનો પરિત્યાગ કરી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થયો થકો જ્ઞાની થાય છે. કેવળ (પરોક્ષ) જાણવા માત્રથી જ્ઞાની નથી થતો. અહીં એવું તાત્પર્ય છે.

વિતરાગ સ્વસંવેદન જ્ઞાની જીવ શુદ્ધનયથી શુદ્ધ ઉપાદાનરૂપથી શુદ્ધજ્ઞાનનો જ કર્તા છે.

(પ્રશ્ન) કોની જેમ શુદ્ધજ્ઞાનનો કર્તા છે ?

(ઉત્તર) જેવી રીતે પીળાશ આદિરૂપ ગુણોનો કર્તા સોનું છે, ઉષ્ણ આદિ ગુણોનો કર્તા અગ્નિ છે. અનંતજ્ઞાનાદિ ગુણોના કર્તા સિદ્ધ પરમેષ્ઠિ છે. તેવી જ રીતે શુદ્ધજ્ઞાનનો કર્તા સ્વસંવેદનજ્ઞાની આત્મા છે પરંતુ મિથ્યાત્વ રાગાદિરૂપ અજ્ઞાનભાવનો કર્તા નથી.

શુદ્ધ ઉપાદાનરૂપથી શુદ્ધ જ્ઞાનાદિભાવોમાં તથા અશુદ્ધ ઉપાદાનરૂપથી મિથ્યાત્વ રાગાદિભાવોમાં તન્મય થઈને પરિણમન કરે તો જ કર્તાપણું જાણવું જોઈએ. અને ભોક્તાપણું પણ

જાણવું જોઈએ-જેવી રીતે હસ્ત વ્યાપાર આદિ ક્રિયાને ઇચ્છાપૂર્વક કુંભાર કરે છે તેવા કુંભારની જેમ આત્મા વ્યાપ્ય-વ્યાપકભાવથી કર્તા નથી.

આ પ્રકારે જ્ઞાનાવરણ પદ બદલીને દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર, અંતરાય નામના સાતેય કર્મભેદોની સાથે તથા મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન, સ્પર્શન, આ સોળ સૂત્રોની વ્યાખ્યા કરવી જોઈએ. આ પ્રકારથી શુદ્ધાત્માનુભૂતિથી ભિન્ન અન્ય અસંખ્યાત લોકમાત્ર પ્રમાણ વિભાવ પરિણામની વ્યાખ્યા કરવી જોઈએ.

વળી અજ્ઞાની પણ પરદ્રવ્યના ભાવનો કર્તા નથી એમ હવે કહે છેઃ–

**જે ભાવ જીવ કરે શુભાશુભ તેહનો કર્તા ખરે,**
**તેનું બને તે કર્મ, આત્મા તેહનો વેદક બને. ૧૦૨.**

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ यं ] જે [ शुभम् अशुभम् ] શુભ કે અશુભ [ भावं ] ( પોતાના ) ભાવને [ करोति ] કરે છે [ तस्य ] તે ભાવનો [ सः ] તે [ खलु ] ખરેખર [ कर्ता ] કર્તા થાય છે, [ तत् ] તે ( ભાવ ) [ तस्य ] તેનું [ कर्म ] કર્મ [ भवति ] થાય છે [ सः आत्मा तु ] અને તે આત્મા [ तस्य ] તેનો ( તે ભાવરૂપ કર્મનો ) [ वेदकः ] ભોક્તા થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૨)**

ઉત્થાનિકા : હવે અજ્ઞાની પણ રાગાદિ સ્વરૂપ અજ્ઞાનભાવનો કર્તા છે. પરંતુ જ્ઞાનાવરણાદિ પરદ્રવ્યોનો કર્તા નથી એવું નિરૂપણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : (શુદ્ધ નિશ્ચયનયથી) ચિદાનંદ એક સ્વભાવરૂપ આત્મા એક છે. અથવા (અશુદ્ધ નિશ્ચયનયથી) શાતા-અશાતારૂપ ઉદય અવસ્થાથી તીવ્ર મંદ સ્વાદથી સુખદુઃખરૂપથી બે ભેદ કરવાવાળો થઈને આત્મા જે શુભ અથવા અશુભ ભાવને કરે છે તે સ્વતંત્રરૂપથી વ્યાપક હોવાના કારણે આત્માના તે ભાવનો (આત્મા) સ્પષ્ટરૂપે કર્તા થાય છે. તે જ તેનું શુભ-અશુભરૂપ ભાવકર્મ છે. તે આત્મા દ્વારા કરવામાં આવેલ હોવાથી તે આત્માને તે શુભ અશુભ ભાવરૂપ કર્મોનું સ્વતંત્રરૂપથી ભોક્તાપણું હોવાને કારણે ભોક્તા છે પરંતુ દ્રવ્યકર્મોનો ભોક્તા નથી-

કંઈક વિશેષ કહે છે.

અજ્ઞાની જીવ અશુદ્ધ નિશ્ચયનયથી અશુદ્ધ ઉપાદાનરૂપથી મિથ્યાત્વ રાગાદિ ભાવોનો જ કર્તા છે. દ્રવ્યકર્મોનો (કર્તા) નથી. તે અશુદ્ધ નિશ્ચય જો કે દ્રવ્યકર્મના કર્તૃત્વરૂપ અસદ્‌ભૂત વ્યવહારની અપેક્ષાએ નિશ્ચય સંજ્ઞા (નામ) પામે છે તો પણ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષા એ તે વ્યવહાર જ છે.

(પ્રશ્ન) હે ભગવાન ! આપના દ્વારા રાગાદિનું અશુદ્ધ ઉપાદાનરૂપથી કર્તૃત્વ કહેવામાં આવ્યું છે તે ઉપાદાન શુદ્ધ અશુદ્ધના ભેદથી બે પ્રકારે કેવી રીતે છે ?

(ઉત્તર) તેનો (જવાબ) કહેવામાં આવે છે.

તપેલા લોખંડના પિંડની જેમ સમાન ઉપાધિવાળું લોખંડ અશુદ્ધ ઉપાદાન છે. તથા સોનાના શુદ્ધ પીળાપણા આદિ ગુણોની સમાન નિરૂપાધિરૂપ સોનું શુદ્ધ ઉપાદાન છે. અનંત જ્ઞાનાદિ ગુણોયુક્ત સિદ્ધજીવ શુદ્ધ ઉપાદાન છે. તથા ઉષ્ણાદિ ગુણોરૂપ અગ્નિ શુદ્ધ ઉપાદાન છે. આ રીતે અશુદ્ધ અને શુદ્ધ ઉપાદાનના બે ભેદ છે. આ વ્યાખ્યાન ઉપાદાન કારણના કથનના કાળમાં શુદ્ધ તથા અશુદ્ધ ઉપાદાનરૂપથી બધે જાણી લેવું જોઈએ એવો ભાવાર્થ છે.

પરભાવને કોઈ ( દ્રવ્ય ) કરી શકે નહિ એમ હવે કહે છેઃ–

**જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;**
**અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને ? ૧૦૩.**

**ગાથાર્થઃ-** [ યઃ ] જે વસ્તુ ( અર્થાત્ દ્રવ્ય ) [ यस्मिन् द्रव्ये ] જે દ્રવ્યમાં અને [ गुण ] ગુણમાં વર્તે છે [ सः ] તે [ अन्यस्मिन् तु ] અન્ય [ द्रव्ये ] દ્રવ્યમાં તથા ગુણમાં [ न सक्रामति ] સંક્રમણ પામતી નથી ( અર્થાત્ બદલાઈને અન્યમાં ભળી જતી નથી ); [ अन्यत् असंक्रान्तः ] અન્યરૂપે સંક્રમણ નહિ પામી થકી [ सः ] તે ( વસ્તુ ), [ तत् द्रव्यम् ] અન્ય વસ્તુને [ कथं ] કેમ [ परिणामयति ] પરિણમાવી શકે ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૩)**

ઉત્થાનિકા : હવે પરભાવને કોઈપણના દ્વારા ઉપાદાનરૂપથી કરવુ સંભવ નથી.

તાત્પર્યવૃત્તિ : જે ચેતન અને અચેતનગુણ જે ચેતન અને અચેતન દ્રવ્યમાં અનાદિ સંબંધરૂપ સ્વભાવથી જ વિદ્યમાન છે, પ્રવર્તમાન છે તે અન્ય દ્રવ્યમાં સંક્રમિત નથી થતું તે ચેતન કે અચેતનગુણ કર્તા થઈને બીજા અન્ય ભિન્ન દ્રવ્યરૂપ થઈને તેને કેવી રીતે પરિણમન કરાવી શકે ? ઉપાદાનરૂપથી કેવી રીતે પરિણમન કરી શકે ? કોઈ પ્રકારે પણ નહીં.

આ ( ઉપર કહેલા ) કારણે આત્મા ખરેખર પુદ્ગલકર્મોનો અકર્તા ઠર્યો એમ હવે કહે છેઃ–

**આત્મા કરે નહિ દ્રવ્ય-ગુણ પુદ્ગલમયી કર્મો વિષે,**
**તે ઉભયને તેમાં ન કરતો કેમ તત્કર્તા બને ? ૧૦૪.**

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ पुद्गलमये कर्मणि ] પુદ્ગલમય કર્મમાં [ द्रव्यगुणस्य च ] દ્રવ્યને તથા ગુણને [ न करोति ] કરતો નથી; [ तस्मिन् ] તેમાં [ तद् उभयम् ] તે બન્નેને [ अकुर्वन् ] નહિ કરતો થકો [ सः ] તે [ तस्य कर्ता ] તેનો કર્તા [ कथं ] કેમ હોય ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૪)**

ઉત્થાનિકા : તેથી સિદ્ધ છે કે આત્મા પુદ્‌ગલ કર્મોનો અકર્તા છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે કુંભકાર કર્તા થઈને માટીના કળશને કરવાના વિષયમાં, માટી દ્રવ્ય સંબંધી જડ સ્વરૂપને માટીના વર્ણાદિ ગુણ સ્વરૂપને માટી દ્વારા કરાયેલ કળશની જેમ તન્મય થઈને નથી કરતો. તે જ પ્રકારે આત્મા પણ પુદ્‌ગલમય દ્રવ્યકર્મના વિષયમાં પુદ્‌ગલ દ્રવ્યકર્મ સંબંધી જડ સ્વરૂપને પુદ્‌ગલ દ્રવ્યના વર્ણાદિ ગુણ સંબંધી સ્વરૂપને તન્મય થઈને નથી કરતો.

આત્મા પુદ્‌ગલ દ્રવ્યકર્મ સંબંધી સ્વરૂપને અથવા તેના વર્ણાદિ ગુણોને તન્મય થઈને નથી કરતો ત્યારે તે પુદ્‌ગલ દ્રવ્યકર્મના વિષયમાં તે જીવ કર્તા કેવી રીતે હોઈ શકે ? કોઈપણ પ્રકારથી તે પુદ્‌ગલ દ્રવ્યકર્મનો કર્તા નથી થઈ શકતો કેમકે જીવ ચેતન કે અચેતન પર સ્વરૂપથી પરિણમન નથી કરતો. આ અર્થ છે.

(પ્રશ્ન) આનો શું અર્થ છે ?

(ઉત્તર) જેમ સ્ફટિક નિર્મળ હોવા છતાં જપાપુષ્પની ઉપાધિરૂપથી પરિણમન કરે છે તેવી જ રીતે કોઈ સદાશિવ નામક પુરુષ જે સદા મુક્ત જ છે, અમૂર્ત છે તો પણ તે પરની ઉપાધિ સન્નિધિથી (નજદીકતાથી) પરિણમન કરી જગતનું નિર્માણ કરે છે. અહીં આ માન્યતાનું નિરાકરણ થઈ જાય છે.

(પ્રશ્ન) કયા કારણથી નિરાકરણ થઈ જાય છે ?

(ઉત્તર) કેમકે મૂર્ત સ્ફટિકનો મૂર્તિક (જયાપુષ્પ) ની સાથે સંબંધ ઘટિત થઈ જાય છે. પરંતુ સદામુક્ત અને અમૂર્ત સદાશિવની સાથે મૂર્ત ઉપાધિનો સંબંધ કેવી રીતે ઘટિત થાય છે ? અર્થાત્ કોઈ પણ પ્રકારે ઘટિત થતો નથી, જેવી રીતે સિદ્ધ જીવની સાથે ઉપાધિ સંબંધ થતો નથી. પરંતુ અનાદિથી કર્મબદ્ધ જીવ શુદ્ધ નિશ્ચયથી શક્તિરૂપથી અમૂર્ત છે પરંતુ વ્યક્તિરૂપ વ્યવહારથી મૂર્ત છે તેથી તેની સાથે મૂર્ત ઉપાધિનો સંબંધ પણ ઘટિત થાય છે એવો ભાવાર્થ છે. આ પ્રકારે નિશ્ચયનયની મુખ્યતાથી ચાર ગાથાઓ પૂર્ણ થઈ.

માટે આ સિવાય બીજો–એટલે કે આત્માને પુદ્‌ગલકર્મોનો કર્તા કહેવો તે–ઉપચાર છે, એમ હવે કહે છે:–

**જીવ હેતુભૂત થતાં અરે ! પરિણામ દેખી બંધનું,**
**ઉપચારમાત્ર કથાય કે આ કર્મ આત્માએ કર્યું. ૧૦૫.**

**ગાથાર્થ:-** [ जीवे ] જીવ [ हेतुभूते ] નિમિત્તભૂત બનતાં [ बन्धस्य तु ] કર્મ બંધનું [ परिणामम् ] પરિણામ થતું [ दृष्ट्वा ] દેખીને, ‘ [ जीवेन ] જીવે [ कर्म कृतं ] કર્મ કર્યું ’ એમ [ उपचारमात्रेण ] ઉપચારમાત્રથી [ भण्यते ] કહેવાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૫)**

ઉત્થાનિકા : આ કારણથી આત્મા દ્રવ્યકર્મ કરે છે એવું જે કહેવામાં આવે છે તે ઉપચાર છે.

તાત્પર્યવૃત્તિ : પરમ ઉપેક્ષા સંયમ ભાવનારૂપ પરિણત અભેદ રત્નત્રય લક્ષણરૂપ ભેદજ્ઞાનના અભાવમાં મિથ્યાત્વ રાગાદિ પરિણતિના નિમિત્તરૂપે જીવ હોવાથી (જેવી રીતે) વાદળોની છાયા ચંદ્રમાં કે સૂર્યના પરિવેશ મંડળ આદિને નિમિત્તરૂપ યોગ્ય કાળ હોવા પર પાણીનું વરસવું, ઈન્દ્ર ધનુષરૂપમાં પરિણમિત (એવા) પુદ્‌ગલના પરિણામની જેમ, કર્મવર્ગણાને યોગ્ય જ્ઞાનાવરણાદિરૂપ દ્રવ્યકર્મ બંધની પરિણતિ-પર્યાયને જોઈને જીવ દ્વારા આ કર્મ કરવામાં આવ્યું એવું વ્યવહારથી માત્ર ઉપચારથી કહે છે.

હવે, એ ઉપચાર કઈ રીતે છે તે દ્રષ્ટાંતથી કહે છેઃ–

**યોદ્ધા કરે જ્યાં યુદ્ધ ત્યાં એ નૃપકર્યું લોકો કહે,**
**એમ જ કર્યાં વ્યવહારથી જ્ઞાનાવરણ આદિ જીવે. ૧૦૬.**

**ગાથાર્થઃ-** [ योधः ] યોદ્ધાઓ વડે [ युद्धे कृते ] યુદ્ધ કરવામાં આવતાં, ‘[ राज्ञा कृतम् ] રાજાએ યુદ્ધ કર્યું ’ [ इति ] એમ [ लोकः ] લોક [ जल्पते ] ( વ્યવહારથી ) કહે છે [ तथा ] તેવી રીતે ‘[ ज्ञानावरणादि ] જ્ઞાનાવરણાદિ કર્મ [ जीवेन कृतं ] જીવે કર્યું ’ [ व्यवहारेण ] એમ વ્યવહારથી કહેવાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૬)**

ઉત્થાનિકા : હવે તે ઉપચારરૂપ કર્મ તથા કર્તાપણાને દૃષ્ટાંત તથા દાર્ષ્ટાંત દ્વારા દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે યોદ્ધાઓ દ્વારા કરવામાં આવેલ યુદ્ધને રાજાએ યુદ્ધ કર્યું એવું વ્યવહારથી લોકો કહે છે તેવી રીતે જ્ઞાનાવરણાદિ કર્મ જીવે કર્યા એવું વ્યવહારથી કહે છે. એટલા માટે સિદ્ધ થયું કે શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવરૂપ હોવાથી જીવ ન તો કોઈને ઉત્પન્ન કરે છે, ન કરે છે, ન બાંધે છે, ન પરિણમાવે છે. અને તે જ પ્રકારે ન ગ્રહણ કરે છે.

હવે કહે છે કે ઉપરના હેતુથી આમ ઠર્યુંઃ–

**ઉપજાવતો, પ્રણમાવતો, ગ્રહતો, અને બાંધે, કરે**
**પુદ્‌ગલદરવને આતમા-વ્યવહારનયવક્તવ્ય છે. ૧૦૭.**

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ पुद्गलद्रव्यम् ] પુદ્‌ગલદ્રવ્યને [ उत्पादयति ] ઉપજાવે છે, [ करोति च ] કરે છે, [ बध्नाति ] બાંધે છે, [ परिणामयति ] પરિણમાવે છે [ च ] અને [ गृह्णाति ] ગ્રહણ કરે છે–એ [ व्यवहारनयस्य ] વ્યવહારનયનું [ वक्तव्यम् ] કથન છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૭)**

તાત્પર્યવૃત્તિ : અનાદિ કાળથી બંધ પર્યાયને વશીભૂત થયેલ હોવાથી વિતરાગ સ્વસંવેદન લક્ષણરૂપ ભેદજ્ઞાનના અભાવથી રાગાદિ પરિણામથી સ્નિગ્ધ થયો થકો આત્મા કર્મવર્ગણા યોગ્ય પુદ્ગલ દ્રવ્યને કુંભાર દ્વારા બનાવવામાં આવેલ ઘડાની જેમ દ્રવ્યકર્મરૂપથી ઉત્પન્ન કરે છે, બાંધે છે, પરિણમન કરાવે છે, ગ્રહણ કરે છે. આ વક્તવ્ય વ્યવહારનયના અભિપ્રાયથી કહેવા યોગ્ય છે, અથવા ઉત્પન્ન કરે છે. પ્રકૃત્તિ બંધ ઉત્પન્ન કરે છે, સ્થિતિબંધ કરે છે, અનુભાગબંધ કરે છે, પ્રદેશ બંધરૂપ પરિણમન કરે છે. જે પ્રકારે ગરમ લોખંડનો ગોળો બધી તરફથી પાણીને ગ્રહણ કરે છે. તેવી રીતે આત્મા આત્મપ્રદેશોથી કર્મને ગ્રહણ કરે છે એવો અભિપ્રાય છે.

હવે પૂછે છે કે એ ઉપચાર કઈ રીતે છે ? તેનો ઉત્તર દૃષ્ટાંતથી કહે છેઃ–

**ગુણદોષઉત્પાદક કહ્યો જ્યમ ભૂપને વ્યવહારથી,**
**ત્યમ દ્રવ્યગુણઉત્પન્નકર્તા જીવ કહ્યો વ્યવહારથી. ૧૦૮.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ राजा ] રાજાને [ दोषगुणोत्पादकः इति ] પ્રજાના દોષ અને ગુણનો ઉત્પન્ન કરનાર [ व्यवहारात् ] વ્યવહારથી [ आलपितः ] કહ્યો છે, [ तथा ] તેમ [ जीवः ] જીવને [ द्रव्यगुणोत्पादकः ] પુદ્ગલદ્રવ્યના દ્રવ્ય–ગુણનો ઉત્પન્ન કરનાર [ व्यवहारात् ] વ્યવહારથી [ भणितः ] કહ્યો છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૮)**

ઉત્થાનિકા : હવે આ કથનને દૃષ્ટાંત અને સિદ્ધાંત દ્વારા દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે લોકમાં વ્યવહારથી રાજા-દોષિત અને નિર્દોષ જનોના દોષ અને ગુણનો ઉત્પાદક કહેવામાં આવે છે તેવી જ રીતે જીવ પણ વ્યવહારથી પુદ્ગલદ્રવ્યના પુણ્ય પાપરૂપી ગુણોનો ઉત્પાદક કહેવામાં આવે છે. આ પ્રકારે વ્યવહારની મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર પૂર્ણ થયા. આ પ્રકારે દ્વિક્રિયાવાદીના નિરાકરણના ઉપસંહારરૂપ વ્યાખ્યાનની મુખ્યતાથી અગિયાર ગાથા પૂર્ણ થઈ.

(પ્રશ્ન) નિશ્ચયથી આત્મા દ્રવ્યકર્મને નથી કરતો એવું ઘણીવાર કહેવાય ગયું છે. તેનાથી જ દ્વિક્રિયાવાદીનું નિરાકરણ સિદ્ધ થાય છે તો પછી ફરીથી તેનું જ પિષ્ટ પિંજણ શા માટે કરવામાં આવ્યું છે ?

(ઉત્તર) એવું નથી. હેતુ અને હેતુમતના ભાવ બતાવવા ને માટે એવું વારંવાર કથન કરવામાં દોષ નથી. તેનું સ્પષ્ટીકરણ એમ છે કે નિશ્ચયથી જે હેતુથી આત્મ દ્રવ્યકર્મનો કર્તા નથી તે જ હેતુથી દ્વિક્રિયાવાદીનું નિરાકરણ સિદ્ધ થઈ જાય છે એટલામાટે તે હેતુમદભાવ છે એવું જાણવું જોઈએ.

આ પ્રકારે પુણ્યપાપાદિ સાત પદાર્થની પીઠીકારૂપ મહાઅધિકારમાં પૂર્વોક્ત પ્રકારથી બે

ગાથાઓ દ્વારા સંક્ષેપમાં વ્યાખ્યાન કરેલ છે. તેના બાદ બાર ગાથાઓ દ્વારા તેનું વિશેષ કથન કરેલ છે ત્યારબાદ અગિયાર ગાથાઓ દ્વારા ઉપસંહારરૂપથી તેનું જ ફરી વિશેષ કથન કરેલ છે. આ પ્રકારે સમુહરૂપથી પચ્ચીસ ગાથાઓ દ્વારા દ્વિક્રિયાવાદીના નિષેધરૂપ ત્રીજો અધિકાર પૂર્ણ થયો.

તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠીકા : આના પછી ''સામાન્ય પ્રત્યય'' વિગેરે ગાથાથી લઈને પાઠક્રમથી સાત ગાથા પર્યંત ચાર મૂળ પ્રત્યયોની કર્મ કર્તૃત્વની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. ત્યાં સાત ગાથાઓમાંથી ચાર ગાથામાં જૈનમતમાં શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાથી શુદ્ધ ઉપાદાનરૂપથી જીવ કર્મ નથી કરતો પરંતુ એકાંતથી પ્રત્યયો જ કર્મ કરે છે એવું કથન છે. અથવા શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષા-વિવિક્ષા ને જે નથી ઈચ્છતા અને એકાંતથી જીવ નથી કરતો એમ કહે છે તેવા સાંખ્યમત અનુસારીને દૂષણ આપે છે.

(પ્રશ્ન) કેવી રીતે દૂષણ આપે છે ?

(ઉત્તર) જો તે પ્રત્યય જ કર્મનો કર્તા છે તો જીવ તે કર્મોનો વેદક પણ નથી. એક તો આ દૂષણ છે અથવા તેના મતમાં જીવ એકાંતથી કર્મને કરતો નથી એ બીજું દૂષણ છે. ત્યારબાદ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ ઉપાદાનરૂપથી જીવ અને પ્રત્યયોનું એકત્વ નથી એવો જૈનમતનો અભિપ્રાય છે એવા કથન કરવાવાળી ત્રણ ગાથા છે અથવા પૂર્વોક્ત પ્રકારથી જે લોકો નયવિભાગ નથી ઈચ્છતા, નથી માનતા તેઓને ફરીથી દૂષણ આપે છે.

(પ્રશ્ન) કેવી રીતે દૂષણ આપે છે ?

(ઉત્તર) જીવ અને પ્રત્યયોના એકાંતથી એકત્વ હોવા પર જીવનો અભાવ થશે. આ એક દૂષણ આવશે. તથા એકાંતથી તેઓના ભિન્નપણાથી સંસારનો અભાવ થશે. આ બીજું દૂષણ છે આ પ્રકારે ચોથા અંતર અધિકારમાં સમુહપીઠીકા છે તેનું વિશેષ કહે છે.

હવે આગળની ગાથાની સૂચનિકારૂપ કાવ્ય કહે છેઃ–

**સામાન્ય પ્રત્યય ચાર નિશ્ચય બંધના કર્તા કહ્યા,**
**-મિથ્યાત્વ ને અવિરમણ તેમ કષાયયોગો જાણવા. ૧૦૯.**
**વળી તેમનો પણ વર્ણવ્યો આ ભેદ તેર પ્રકારનો,**
**-મિથ્યાત્વથી આદિ કરીને ચરમ ભેદ સયોગીનો. ૧૧૦.**
**પુદ્‌ગલકરમના ઉદયથી ઉત્પન્ન તેથી અજીવ આ,**
**તે જો કરે કર્મો ભલે, ભોક્તાય તેનો જીવ ના. ૧૧૧.**
**જેથી ખરે 'ગુણ' નામના આ પ્રત્યયો કર્મો કરે,**
**તેથી અકર્તા જીવ છે, 'ગુણો' કરે છે કર્મને. ૧૧૨.**

**ગાથાર્થઃ-** [ चत्वारः ] ચાર [ सामान्यप्रत्ययाः ] સામાન્ય * પ્રત્યયો [ खलु ] નિશ્ચયથી

[ बन्धकर्तारः ] **બંધના કર્તા** [ भण्यन्ते ] **કહેવામાં આવે છે–** [ मिथ्यात्वम् ] **મિથ્યાત્વ,** [ अविरमणं ] **અવિરમણ** [ च ] **તથા** [ कषाययोगौ ] **કષાય અને યોગ ( એ ચાર )** [ बोद्धव्याः ] **જાણવા.** [ पुनः अपि च ] **અને વળી** [ तेषां ] **તેમનો,** [ अयं ] **આ** [ त्रयोदशविकल्पः ] **તેર પ્રકારનો** [ भेदः तु ] **ભેદ** [ भणितः ] **કહેવામાં આવ્યો છે–** [ मिथ्यादृष्ट्यादिः ] **મિથ્યાદૃષ્ટિ ( ગુણસ્થાન ) થી માંડીને** [ सयोगिनः चरमान्तः यावत् ] **સયોગકેવળી ( ગુણસ્થાન ) ના ચરમ સમય સુધીનો,** [ एते ] **આ ( પ્રત્યયો અથવા ગુણસ્થાનો )** [ खलु ] **કે જેઓ નિશ્ચયથી** [ अचेतनाः ] **અચેતન છે** [ यस्मात् ] **કારણ કે** [ पुद्गलकर्मोदयसम्भवाः ] **પુદ્‌ગલકર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે** [ ते ] **તેઓ** [ यदि ] **જો** [ कर्म ] **કર્મ** [ कुर्वन्ति ] **કરે તો ભલે કરે;** [ तेषां ] **તેમનો ( કર્મોનો )** [ वेदकः अपि ] **ભોક્તા પણ** [ आत्मा न ] **આત્મા નથી.** [ यस्मात् ] **જેથી** [ एते ] **આ** [ गुणसंज्ञिताः तु ] **' ગુણ ' નામના** [ प्रत्ययाः ] **પ્રત્યયો** [ कर्म ] **કર્મ** [ कुर्वन्ति ] **કરે છે** [ तस्मात् ] **તેથી** [ जीवः ] **જીવ તો** [ अकर्ता ] **કર્મનો અકર્તા છે** [ च ] **અને** [ गुणाः ] **' ગુણો ' જ** [ कर्माणि ] **કર્મોને** [ कुर्वन्ति ] **કરે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૦૯ થી ૧૧૨)**

ઉત્થાનિકા : નિશ્ચયનયથી મિથ્યાત્વાદિ પૌદગલિક પ્રત્યય જ કર્મ કરે છે તે આ પ્રકારે કહે છે.

તાત્પર્યવૃત્તિ : નિશ્ચયનયથી અભેદ વિવિક્ષાથી પુદ્‌ગલ એક જ કર્તા છે. પરંતુ ભેદ વિવિક્ષાથી ચાર સામાન્ય અથવા મૂળ પ્રત્યય (ને) સ્પષ્ટરૂપથી બંધનો કર્તા સર્વજ્ઞ ભગવંતો દ્વારા કહેવામાં આવ્યો છે તથા ઉત્તર પ્રત્યયો ઘણાં છે.

(પ્રશ્ન) સામાન્યનો શું અર્થ છે ?

(ઉત્તર) વિવિક્ષાના અભાવને સામાન્ય કહે છે એવો સામાન્ય શબ્દનો અર્થ છે. સામાન્યના કથનકાળમાં બધેય આમ જાણી લેવું જોઈએ. અને તે (ચાર પ્રત્યયો) મિથ્યાત્વ, અવિરતી, કષાય અને યોગ જાણવા જોઈએ.

તે પ્રત્યેયોના ગુણસ્થાન ભેદથી તેર પ્રકારના ભેદ કહેવામાં આવ્યા છે.

(પ્રશ્ન) કયા પ્રકારના તેર ભેદ કહ્યા છે ?

(ઉત્તર) તે મિથ્યાત્વાદિ ગુણસ્થાનથી લઈને સયોગ કેવળીના ચરમ સમય સુધી તેર ભેદ છે.

તે મિથ્યાત્વાદિ ભાવ પ્રત્યય સ્પષ્ટ શુદ્ધ નિશ્ચયનયથી અચેતન છે.

(પ્રશ્ન) કયા કારણથી અચેતન છે ?

(ઉત્તર) કારણ કે તે પુદ્‌ગલ કર્મોદયથી ઉત્પન્ન થાય છે તેથી તે અચેતન છે.

જેવી રીતે સ્ત્રી અને પુરુષના સાનિધ્યમાં જે પુત્ર ઉત્પન્ન થાય છે તેને જ વિવક્ષા વશ આ દેવદતાનો પુત્ર છે એમ કોઈ કહે છે તથા કોઈક લોકો તેને આ દેવદત્તનો પુત્ર છે. એમ કહે છે.

આવા કથનોમાં વિવિક્ષા વશ દોષ નથી. તે જ પ્રકારે જીવ અને પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન મિથ્યાત્વ રાગાદિ ભાવ પ્રત્યય અશુદ્ધ નિશ્ચયનયથી અશુદ્ધ ઉપાદાનરૂપથી ચેતના અથવા જીવથી સંબંધિત છે. શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ ઉપાદાનરૂપથી અચેતન અથવા પુદ્‌ગલિક છે. પરમાર્થે તે પ્રત્યય ન તો એકાન્તથી (સર્વથા) જીવરૂપ છે અને ન તો એકાંતથી અજીવરૂપ છે. પરંતુ ચુનાને હળદરના સંયોગથી ઉત્પન્ન કંકુ (લાલરંગ) ની જેમ સંયોગથી ઉત્પન્ન છે, વાસ્તવિકતાથી સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે મિથ્યાત્વાદી પ્રત્યય જીવના છે જ નહીં, તે તો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ કલ્પિત છે.

(પ્રશ્ન) એટલે આપ શું કહેવા માંગો છો ?

(ઉત્તર) એમ કે જો કોઈ વ્યક્તિ એકાંતથી રાગાદિકને જીવનો કહે છે અથવા એકાંતથી અજીવનો કહે છે. તો તે બન્ને વચન ખોટા છે.

(પ્રશ્ન) કયા કારણથી ખોટા છે.

(ઉત્તર) પૂર્વોક્ત સ્ત્રી પુરુષના દૃષ્ટાંતની જેમ તે સંયોગથી ઉત્પન્ન થાય છે.

અને આમ માનવાતાં આવે તો અમને પ્રશ્ન છે કે તે રાગાદિ ભાવ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી કોના છે ?

(ઉત્તર) સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તેનું અસ્તિતવ જ (જીવસ્વભાવમાં) નથી. એમ પહેલા જ કહેવામાં આવી ગયું છે. તેથી અમે શું જવાબ આપીએ. તે પ્રત્યય ને કર્મ કરે તો કરો એમાં જીવને શું અથવા (જીવને) શું લાભ છે ? શુદ્ધ નિશ્ચયનયથી આ (વાત) સંમત જ છે એવું આગમનું વચન છે. અને જો એમ માનવામાં આવે કે જીવ મિથ્યાત્વના ઉદયમાં મિથ્યાત્વી થઈને મિથ્યાત્વ રાગાદિ ભાવકર્મને જેવી રીતે ભોગવે છે તેવી રીતે તે કર્તા છે. તો એમ નથી.

કેમકે શુદ્ધ નિશ્ચયનયથી આત્મા એ કર્મોને ભોક્તા પણ નથી. જ્યારે ભોક્તા નથી તો પછી કર્તા કઈ રીતે થશે ?

કોઈ પણ પ્રકારે તે કર્તા નથી એવું શુદ્ધ નિશ્ચયનયથી સ્વીકાર્ય છે. અથવા જો ફરી એકાંતથી અકર્તા કહે છે તેને પણ દોષ દેવામાં આવે છે.

(પ્રશ્ન) કેવી રીતે દોષ દેવામાં આવે છે ?

(ઉત્તર) જો એકાંતથી આત્મા અકર્તા છે તો જે પ્રકારે શુદ્ધ નિશ્યનયથી અકર્તા છે તે પ્રકારે વ્યવહારનયથી પણ અકર્તા છે ત્યારે તો સર્વથા જ અકર્તૃત્વ માનવાથી સંસારનો અભાવ થાય છે. આ એક દોષ છે. તેના મતમાં આત્મા ભોક્તા પણ નથી આ બીજો દોષ છે. અને જો સાંખ્ય (મતવાળા) આત્માને ભોક્તા માને છે તો તેના સ્વમતનો વ્યાઘાત થાય છે આ પણ એક દોષ છે.

એટલા માટે એમ સિદ્ધ થયું કે ગુણસ્થાન સંજ્ઞાવાળા જે પ્રત્યય છે તે જ કર્મને કરે છે જે પૂર્વ ગાથાઓમાં કહ્યું છે એટલા માટે શુદ્ધ નિશ્ચયનયથી જીવ તે કર્મોનો કર્તા નથી. ગુણસ્થાન સંજ્ઞાવાળા પ્રત્યય જ કર્મોને કરે છે આમ જ સ્વીકાર્ય છે. આ પ્રકારે શુદ્ધ નિશ્ચયનયથી પ્રત્યય જ કર્મોને કરે છે

આવી રીતે વ્યાખ્યાન કરવાવાળી ૪ ગાથાઓ પૂરી થઈ.

વળી જીવને અને તે પ્રત્યયોને એકપણું નથી એમ હવે કહે છેઃ–

**ઉપયોગ જેમ અનન્ય જીવનો, ક્રોધ તેમ અનન્ય જો,**
**તો દોષ આવે જીવ તેમ અજીવના એકત્વનો. ૧૧૩.**
**તો જગતમાં જે જીવ તે જ અજીવ પણ નિશ્ચય ઠરે;**
**નોકર્મ, પ્રત્યય, કર્મના એકત્વમાં પણ દોષ એ. ૧૧૪.**
**જો ક્રોધ એ રીત અન્ય, જીવ ઉપયોગઆત્મક અન્ય છે,**
**તો ક્રોધવત્ નોકર્મ, પ્રત્યય, કર્મ તે પણ અન્ય છે. ૧૧૫.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ जीवस्य ] જીવને [ उपयोगः ] ઉપયોગ [ अनन्यः ] અનન્ય અર્થાત્ એકરૂપ છે [ तथा ] તેમ [ यदि ] જો [ क्रोधः अपि ] ક્રોધ પણ [ अनन्यः ] અનન્ય હોય તો [ एवम् ] એ રીતે [ जीवस्य ] જીવને [ च ] અને [ अजीवस्य ] અજીવને [ अनन्यत्वम् ] અનન્યપણું [ आपन्नम् ] આવી પડયું. [ एवम् च ] એમ થતાં, [ इह ] આ જગતમાં [ यः तु ] જે [ जीवः ] જીવ છે [ सः एव तु ] તે જ [ नियमतः ] નિયમથી [ तथा ] તેવી જ રીતે [ अजीवः ] અજીવ ઠર્યો; ( બન્નેનું અનન્યપણું હોવામાં આ દોષ આવ્યો; ) [ प्रत्ययनोकर्मकर्मणाम् ] પ્રત્યય, નોકર્મ અને કર્મના [ एकत्वे ] એકપણામાં અર્થાત્ અનન્યપણામાં પણ [ अयम् दोषः ] આ જ દોષ આવે છે. [ अथ ] હવે જો ( આ દોષના ભયથી ) [ ते ] તારા મતમાં [ क्रोधः ] ક્રોધ [ अन्यः ] અન્ય છે અને [ उपयोगात्मकः ] ઉપયોગસ્વરૂપ [ चेतयिता ] આત્મા [ अन्यः ] અન્ય [ भवति ] છે, તો [ यथा क्रोधः ] જેમ ક્રોધ [ तथा ] તેમ [ प्रत्ययाः ] પ્રત્યયો [ कर्म ] કર્મ અને [ नोकर्म अपि ] નોકર્મ પણ [ अन्यत् ] આત્માથી અન્ય જ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૧૩ - ૧૧૫)**

ઉત્થાનિકા : હવે એકાંતથી જીવ અને પ્રત્યય (ભાવકર્મ) નું એકત્વ નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે જીવના જ્ઞાન ઉપયોગ અને દર્શન ઉપયોગનું અનન્યતમ અથવા તાદાત્મ્ય સબંધ છે.

(પ્રશ્ન) કયા કારણથી તાદાત્મ્ય સબંધ છે ?

(ઉત્તર) કેમકે તે અભિન્નતાથી અનુભવમાં આવે છે. તેને અગ્નિ અને ઉષ્ણતાની જેમ જુદા કરવા અશક્ય છે.

(પ્રશ્ન) એ જ પ્રકારે ક્રોધ પણ જો એકાંતથી આત્માથી અનન્ય કે તાદાત્મ્ય હોત તો શું દોષ આવત ?

(ઉત્તર) આ પ્રકારે ક્રોધ અને આત્માનો તાદાત્મ્ય સંબંધ માનવાથી સહજ શુદ્ધ અખંડ એક જ્ઞાન દર્શન ઉપયોગમય જીવ અને અજીવ એકત્વને પ્રાપ્ત થાય છે.

આ પ્રકારે પૂર્વે કહેલા સૂત્ર વ્યાખ્યાન ક્રમથી જે જીવ છે તે જ અજીવ થશે એવું નિયમથી નિશ્ચયથી માનવું પડશે એમ થવાથી જીવના અભાવનો દોષ આવશે અને જીવનો અભાવ માનવો તે મોટો દોષ છે.

(પ્રશ્ન) કોના હોવાથી જીવના અભાવનો દોષ આવશે ?

(ઉત્તર) એકાંતથી નિરંજન, નિજાનંદ એક, લક્ષણવાળા જીવની સાથે મિથ્યાત્વાદિ પ્રત્યય (ભાવકર્મ) નું એકત્વ થવાથી જીવના અભાવરૂપ દોષ થશે.

(પ્રશ્ન) કોનું એકત્વ માનવાથી દોષ થશે ?

(ઉત્તર) મિથ્યાત્વાદી પ્રત્યય, નોકર્મ તથા કર્મની સાથે એકત્વ માનવા પર દોષ આવશે.

અહીં પ્રાકૃત ગાથામાં પ્રાકૃત ભાષાના લક્ષણને કારણે પ્રત્યય શબ્દ હસ્વ એક વચન જ છે. હવે પૂર્વોક્ત જીવના અભાવ થવા રૂપ દોષથી બચવા ને માટે જો આપનો અભિપ્રાય છે કે ક્રોધ જીવથી ભિન્ન છે. અને વિશુદ્ધ દર્શન જ્ઞાનમય આત્મા ક્રોધથી ભિન્ન છે.

જેવી રીતે જડ ક્રોધ (દ્રવ્યકર્મ) નિર્મળ ચૈતન્ય સ્વભાવવાળા જીવથી ભિન્ન છે તેવી રીતે પ્રત્યય (ભાવકર્મ) કર્મ નોકર્મ પણ આત્માથી ભિન્ન છે. આ કથન શુદ્ધ નિશ્ચયથી અમોને સ્વીકાર્ય છે.

હવે કહે છે કે શુદ્ધ નિશ્ચયનયથી જીવનું (ક્રોધ સાથે) અકતૃત્વ અને અભોકતૃત્વ છે તથા ક્રોધાદિથી જુદાપણું છે એવું કથન કરવા સમયે બીજા પક્ષમાં વ્યવહારથી કર્તૃત્વ અને ભોકતૃત્વ તથા ક્રોધાદિથી એકપણું પણ પ્રાપ્ત થાય છે.

(પ્રશ્ન) કયા કારણથી કર્તૃત્વ-ભોકતૃત્વ અને ક્રોધાદિથી એકપણું પ્રાપ્ત થાય છે ?

(ઉત્તર) નિશ્ચય અને વ્યવહારનું પરસ્પર સાપેક્ષપણું હોવાને કારણે કર્તૃત્વ આદિ પ્રાપ્ત થાય છે.

(પ્રશ્ન) કયા પ્રકારે સાપેક્ષપણું છે ?

(ઉત્તર) જેવી રીતે દેવદત્ત ડાબી આંખથી જોવે છે એમ કહેવાથી તે જમણી આંખથી નથી જોતો એમ કહ્યા વગર જ સિદ્ધ થાય છે. જે આવા પરસ્પર સાપેક્ષ નયવિભાગને નથી માનતો. તેવા સાંખ્ય સદાશિવ, મત અનુસારી તે પુરુષોનાં મતમાં જેવી રીતે શુદ્ધ નિશ્ચયનયથી ક્રોધાદિનો કર્તા નથી થતો તથા જીવ ક્રોધાદિથી ભિન્ન હોય છે. તેવી રીતે વ્યવહારથી પણ જીવ ક્રોધાદિથી જુદો જ સાબિત થશે..આથી ક્રોધાદિ પરિણામનો અભાવ થવાથી સિદ્ધ જીવોની જેમ કર્મબંધનો અભાવ થશે. કર્મબંધનો અભાવ સિદ્ધ થવાથી સંસારનો અભાવ થશે. તથા સંસારનો અભાવ થવાથી નિત્ય મુક્તપણાને પ્રાપ્ત થશે પરંતુ તે તો પ્રત્યક્ષ વિરોધી છે. કેમકે સંસાર તો પ્રત્યક્ષ દેખાય છે. આ પ્રકારે પ્રત્યય (ભાવકર્મ) તથા જીવનું એકાંતથી એકત્વના નિરાકારણરૂપની ત્રણ ગાથાઓ થઈ.

અહીં શિષ્ય પૂછે છે કે

(પ્રશ્ન) શુદ્ધ નિશ્ચયનયથી જીવને અકર્તા તથા વ્યવહારનયથી જીવને અનેકવાર કર્તા કહેવામાં આવેલ છે. ત્યાં એવું હોવા પર જેવી રીતે દ્રવ્યકર્મોનું વ્યવહારથી કર્તાપણું છે તેવી રીતે રાગાદિ

કર્મોનું (ભાવકર્મનું) પણ કર્તાપણું થયું. આથી બન્ને દ્રવ્યકર્મ અને ભાવકર્મને એકપણું પ્રાપ્ત થશે. પરંતુ એમ નથી.

રાગાદિ ભાવકર્મોનો જે આ વ્યવહાર છે તેને અશુદ્ધ નિશ્ચય સંજ્ઞા છે. તે વ્યવહાર દ્રવ્યકર્મોનું ભાવકર્મની સાથે તારતમ્ય દેખાડવા માટે છે.

(પ્રશ્ન) કયા પ્રકારે તારતમ્ય દેખાડે છે ?

(ઉત્તર) દ્રવ્ય કર્મ અચેતન છે અને ભાવકર્મ ચેતન છે. તોપણ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાથી ભાવકર્મ પણ અચેતન જ છે. કેમકે અશુદ્ધ નિશ્ચય પણ શુદ્ધ નિશ્ચય અપેક્ષાએ વ્યવહાર જ છે. એમ અહીં ભાવાર્થ છે.

દ્રવ્ય કર્મોનું કર્તાપણું ભોક્તાપણું અનુપરિત અસદ્ભૂત વ્યવહારથી તથા રાગાદિ ભાવકર્મોનું કર્તાપણું અને ભોક્તાપણું અશુદ્ધ નિશ્ચયનયથી છે, તે અશુદ્ધ નિશ્ચયનય પણ શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષા એ વ્યવહાર જ છે. આ પ્રકારે પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠીકારૂપ મહાઅધિકારમાં સાત ગાથાઓ દ્વારા ચોથો અંતર અધિકાર સમાપ્ત થયો.

**તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠીકા :**

આના પછી આઠ ગાથા સુધી સાંખ્યમત અનુસારી શિષ્ય ને સંબોધન અર્થે જીવ અને પુદ્ગલનું એકાંતરૂપથી અપરિણામીપણાનો નિષેધ કરતા થકા કથંચિત્ પરિણામપણું સ્થાપિત કરે છે. તે આઠ ગાથાઓમાંથી પુદગલના પરિણમનપણાની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. તેના બાદ જીવના પરિણામપણાની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. આ પ્રકારે પાંચમા સ્થળ પર સમૂહ પીઠીકા છે.

હવે સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ પુદ્ગલદ્રવ્યનું પરિણામસ્વભાવપણું સિદ્ધ કરે છે (અર્થાત્ સાંખ્યમતી પ્રકૃતિ-પુરુષને અપરિણામી માને છે તેને સમજાવે છે) :-

**જીવમાં સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં કર્મભાવે પરિણમે,**
**તો એવું પુદ્ગલદ્રવ્ય આ પરિણમનહીન બને અરે ! ૧૧૬.**
**જો વર્ગણા કાર્મણ તણી નહિ કર્મભાવે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે ! ૧૧૭.**
**જો કર્મભાવે પરિણમાવે જીવ પુદ્ગલદ્રવ્યને,**
**કયમ જીવ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૧૮.**
**સ્વયમેવ પુદ્ગલદ્રવ્ય વળી જો કર્મભાવે પરિણમે,**
**જીવ પરિણમાવે કર્મને કર્મત્વમાં-મિથ્યા બને. ૧૧૯.**
**પુદ્ગલદરવ જે કર્મપરિણત, નિશ્ચયે કર્મ જ બને;**
**જ્ઞાનાવરણઇત્યાદિપરિણત, તે જ જાણો તેહને. ૧૨૦.**

**ગાથાર્થ:-** [ इदम् पुद्‌गलद्रव्यम् ] **આ પુદ્‌ગલદ્રવ્ય** [ जीवे ] **જીવમાં** [ स्वयं ] **સ્વયં** [ बद्धं न ] **બંધાયું નથી અને** [ कर्मभावेन ] **કર્મભાવે** [ स्वयं ] **સ્વયં** [ न परिणमते ] **પરિણમતું નથી** [ यदि ] **એમ જો માનવામાં આવે** [ तदा ] **તો તે** [ अपरिणामि ] **અપરિણામી** [ भवति ] **ઠરે છે;** [ च ] **અને** [ कार्मणवर्गणासु ] **કાર્મણવર્ગણાઓ** [ कर्मभावेन ] **કર્મભાવે** [ अपरिणममानासु ] **નહિ પરિણમતાં,** [ संसारस्य ] **સંસારનો** [ अभावः ] **અભાવ** [ प्रसजति ] **ઠરે છે** [ वा ] **અથવા** [ सांख्यसमयः ] **સાંખ્યમતનો પ્રસંગ આવે છે.**

**વળી** [ जीवः ] **જીવ** [ पुद्‌गलद्रव्याणि ] **પુદ્‌ગલદ્રવ્યોને** [ कर्मभावेन ] **કર્મભાવે** [ परिणामयति ] **પરિણમાવે છે એમ માનવામાં આવે તો એ પ્રશ્ન થાય છે કે** [ स्वयम् अपरिणममानानि ] **સ્વયં નહિ પરિણમતી એવી** [ तानि ] **તે વર્ગણાઓને** [ चेतयिता ] **ચેતન આત્મા** [ कथं नु ] **કેમ** [ परिणामयति ] **પરિણમાવી શકે?** [ अथ ] **અથવા જો** [ पुद्‌गलम् द्रव्यम् ] **પુદ્‌ગલદ્રવ્ય** [ स्वयमेव हि ] **પોતાની મેળે જ** [ कर्मभावेन ] **કર્મભાવે** [ परिणमते ] **પરિણમે છે એમ માનવામાં આવે, તો** [ जीवः ] **જીવ** [ कर्म ] **કર્મને અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યને** [ कर्मत्वम् ] **કર્મપણે** [ परिणामयति ] **પરિણમાવે છે** [ इति ] **એમ કહેવું** [ मिथ्या ] **મિથ્યા ઠરે છે.** [ नियमात् ] **માટે જેમ નિયમથી** [ कर्मपरिणतं ] ***કર્મરૂપે પરિણમેલું** [ पुद्‌गलम् द्रव्यम् ] **પુદ્‌ગલદ્રવ્ય** [ कर्म चैव ] **કર્મ જ** [ भवति ] **છે** [ तथा ] **તેવી રીતે** [ ज्ञानावरणादिपरिणतं ] **જ્ઞાનાવરણાદિરૂપે પરિણમેલું** [ तत् ] **પુદ્‌ગલદ્રવ્ય** [ तत् च एव ] **જ્ઞાનાવરણાદિ જ** [ जानीत ] **જાણો.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૧૬ - ૧૨૦)**

**ઉત્થાનિકા : હવે સાંખ્યમતાનુંસારી શિષ્ય (ને સમજાવવા અર્થે) પુદ્‌ગલનો કથંચિત્ પરિણામ સ્વભાવ સિદ્ધ કરે છે.**

**તાત્પર્યવૃત્તિ : અધિકરણભૂત જીવમાં પુદ્‌ગલ દ્રવ્યકર્મ સ્વયં સ્વભાવથી બંધાયેલ નથી.**

**(પ્રશ્ન) કયા કારણથી બંધાયેલ નથી ?**

**(ઉત્તર) કેમકે જીવનો સ્વભાવ સદા શુદ્ધ છે. અને સ્વયં જ કર્મભાવથી અથવા દ્રવ્ય કર્મ પર્યાયરૂપથી પરિણમિત નથી થતું.**

**(પ્રશ્ન) કયા કારણ થી પરિણમિત નથી થતું ?**

**(ઉત્તર) કેમકે આ પુદ્‌ગલદ્રવ્ય પણ સદા નિત્ય છે (અપરિણામી છે)**

**જો આ પ્રકારે પુદ્‌ગલ દ્રવ્યને માનવામાં આવે તો આપના સાંખ્યમત અનુસારે પુદ્‌ગલદ્રવ્ય અપરિણામી જ થશે તથા અપરિણામી થવાથી શું દોષ આવે છે ? (આગળ કહેશે)**

**(ઉત્તર) તો કાર્મણ વર્ગણા, કર્મભાવ-દ્રવ્ય કર્મ પર્યાયરૂપથી પરિણમન નહીં કરે અને તો સંસારનો અભાવ થશે. અથવા હે ! શિષ્ય આ તો સાંખ્યમત જેવું છે.**

**અને જો એવું માનવામાં આવે છે કે જીવ હઠથી (બળથી) કર્તા થઈ કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલદ્રવ્યને જ્ઞાનાવરણાદિ કર્મભાવરૂપ દ્રવ્યકર્મ પર્યાય સ્વરૂપ પરિણમન કરાવે છે તે કારણથી**

સંસારના અભાવનો દોષ નથી આવતો ?

એવું પૂછવામાં આવતા કહે છે કે જ્ઞાની જીવ સ્વયં અપરિણામી થયો થકો સ્વયં અપરિણામી પુદ્‌ગલદ્રવ્યને પરિણમાવે છે ? કે સ્વયં પરિણામી પુદ્‌ગલદ્રવ્યને પરિણમાવે છે પ્રથમ તો અપરિણામી પુદ્‌ગલદ્રવ્યને પરિણમન ન કરાવી શકાય કારણ કે જે શક્તિ સ્વયંમાં જ ન હોય તે શક્તિ બીજાઓ દ્વાર પણ આપી ન શકાય જેવી રીતે જપાપુષ્પાદિ કર્તા થઈને સ્ફટિકમણિમાં ઉપાધિ પ્રગટ કરે છે તેવી રીતે લાકડા કે થાંભલા આદિમાં ઉપાધિ (પ્રતિબિંબ) પેદા કેમ નથી કરાવતું.

અને જો એકાંતથી (કહેવામાં આવે કે) પરિણમનશીલ દ્રવ્યને પરિણમન કરાવે છે તો એમ કહેવું પણ ઠીક નથી કેમકે વસ્તુની શક્તિ બીજાની અપેક્ષા નથી રાખતી.

તો પછી જીવના નિમિત્ત કર્તા વગર પણ પુદ્‌ગલે કર્મરૂપથી પરિણમન કરવું જોઈએ ? એવું હોવામાં શું દોષ છે ?

ઘટપટ થાંભલા આદિ પુદ્‌ગલોની જ્ઞાનાવરણાદિ કર્મપરિણતિ થવી જોઈએ પરંતુ તે તો પ્રત્યક્ષમાં વિરોધરૂપ છે. એટલા માટે સિદ્ધ છે કે પુદ્‌ગલોની સ્વભાવભૂત કથંચિત્ પરિણમન શક્તિ હોય છે. તે પરિણમન શક્તિમાં સ્થિત પુદ્‌ગલ જ તે પરિણામનો કર્તા છે. જે કાર્મણવર્ગણા યોગ્ય પુદ્‌ગલ પોતાની જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ પરિણામ-પર્યાયને કરે છે. તે પુદ્‌ગલ જ તે પર્યાયનું ઉપાદાન કારણ છે. જેવી રીતે કળશનું ઉપાદાન કારણ માટીનો પિંડ છે. જીવ (જ્ઞાનાવરણાદિ કર્મનો) કર્તા નથી. તે તો નિમિત્ત કારણ જ છે. આ હેય તત્ત્વ છે.

એટલા માટે પુદ્‌ગલથી ભિન્ન શુદ્ધ પરમાત્મભાવનામાં પરિણમીત અભેદરત્નત્રય લક્ષણવાળા ભેદજ્ઞાનથી અનુભવગમ્ય ચિદાનંદ એક સ્વભાવરૂપ નિજ શુદ્ધાત્મા જ શુદ્ધ નિશ્ચયથી ઉપાદેય છે. પરંતુ ભેદરત્નત્રય સ્વરૂપ અભેદરત્નત્રયનું સાધક કારણ (નિમિત્ત કારણ) હોવાથી વ્યવહારથી ઉપાદેય કહ્યું છે.

આ પ્રકારે ત્રણ ગાથાના શબ્દાર્થ રૂપ વ્યાખ્યાનથી શબ્દાર્થ જાણવો જોઈએ. વ્યવહાર નિશ્ચયરૂપથી નયાર્થ જાણવો જોઈએ. સાંખ્યમતવાળાના સંબોધન અર્થે મતાર્થ જાણવો જોઈએ. આગમાર્થ તો પ્રસિદ્ધ છે. હેય-ઉપાદેય વ્યાખ્યાનરૂપથી ભાવાર્થ પણ જાણવો જોઈએ.

આ પ્રકારે શબ્દાર્થ નયાર્થ, મતાર્થ, આગમાર્થ, તથા ભાવાર્થ વ્યાખ્યાનના સમયે યથા સંભવ બધેય જાણવું જોઈએ. આ રીતે પુદ્‌ગલને પરિણમશીલ સિદ્ધ કરવાની મુખ્યતાથી ૩ ગાથાઓ પૂર્ણ થઈ.

નોંધ : તાત્પર્યવૃત્તિમાં આત્મખ્યાતિ ગાથા ૧૧૯-૧૨૦ નથી

હવે જીવનું પરિણામીપણું સિદ્ધ કરે છેઃ–

**કર્મે સ્વયં નહિ બદ્ધ, ન સ્વયં ક્રોધભાવે પરિણમે,**
**તો જીવ આ તુજ મત વિષે પરિણમનહીન બને અરે ! ૧૨૧.**

**ક્રોધાદિભાવે જો સ્વયં નહિ જીવ પોતે પરિણમે,**
**સંસારનો જ અભાવ અથવા સમય સાંખ્ય તણો ઠરે !૧૨૨.**
**જો ક્રોધ-પુદ્‌ગલકર્મ-જીવને પરિણમાવે ક્રોધમાં,**
**કયમ ક્રોધ તેને પરિણમાવે જે સ્વયં નહિ પરિણમે ? ૧૨૩.**
**અથવા સ્વયં જીવ ક્રોધભાવે પરિણમે-તુજ બુદ્ધિ છે,**
**તો ક્રોધ જીવને પરિણમાવે ક્રોધમાં-મિથ્યા બને. ૧૨૪.**
**ક્રોધોપયોગી ક્રોધ, જીવ માનોપયોગી માન છે,**
**માયોપયુત માયા અને લોભોપયુત લોભ જ બને. ૧૨૫.**

**ગાથાર્થઃ**-સાંખ્યમતના અનુયાયી શિષ્ય પ્રતિ આચાર્ય કહે છે કે હે ભાઈ ! [ एषः ] આ [ जीवः ] **જીવ** [ कर्मणि ] **કર્મમાં** [ स्वयं ] **સ્વયં** [ बद्धः न ] **બંધાયો નથી અને** [ क्रोधादिभिः ] **ક્રોધાદિભાવે** [ स्वयं ] **સ્વયં** [ न परिणमते ] **પરિણમતો નથી** [ यदि तव ] **એમ જો તારો મત હોય** [ तदा ] **તો તે** ( જીવ ) [ अपरिणामी ] **અપરિણામી** [ भवति ] **ઠરે છે; અને** [ जीवे ] **જીવ** [ स्वयं ] **પોતે** [ क्रोधादिभिः भावैः ] **ક્રોધાદિભાવે** [ अपरिणममाने ] **નહિ પરિણમતાં,** [ संसारस्य ] **સંસારનો** [ अभावः ] **અભાવ** [ प्रसजति ] **ઠરે છે** [ वा ] **અથવા** [ सांख्यसमयः ] **સાંખ્યમતનો પ્રસંગ આવે છે.**

[ पुद्‌गलकर्म क्रोधः ] **વળી પુદ્‌ગલકર્મ જે ક્રોધ તે** [ जीवं ] **જીવને** [ क्रोधत्वम् ] **ક્રોધપણે** [ परिणामयति ] **પરિણમાવે છે એમ તું માને તો એ પ્રશ્ન થાય છે કે** [ स्वयम् अपरिणममानं ] **સ્વયં નહિ પરિણમતા એવા** [ तं ] **જીવને** [ क्रोधः ] **ક્રોધ** [ कथं नु ] **કેમ** [ परिणामयति ] **પરિણમાવી શકે ?** [ अथ ] **અથવા જો** [ आत्मा ] **આત્મા** [ स्वयम् ] **પોતાની મેળે** [ क्रोधभावेन ] **ક્રોધભાવે** [ परिणमते ] **પરિણમે છે** [ एषा ते बुद्धिः ] **એમ તારી બુદ્ધિ હોય, તો** [ क्रोधः ] **ક્રોધ** [ जीवं ] **જીવને** [ क्रोधत्वम् ] **ક્રોધપણે** [ परिणामयति ] **પરિણમાવે છે** [ इति ] **એમ કહેવું** [ मिथ्या ] **મિથ્યા ઠરે છે.**

**માટે એ સિદ્ધાંત છે કે** [ क्रोधोपयुक्तः ] **ક્રોધમાં ઉપયુક્ત** ( અર્થાત્ જેનો ઉપયોગ ક્રોધાકારે પરિણમ્યો છે એવો ) [ आत्मा ] **આત્મા** [ क्रोधः ] **ક્રોધ જ છે,** [ मानोपयुक्तः ] **માનમાં ઉપયુક્ત આત્મા** [ मानः एव ] **માન જ છે,** [ मायोपयुक्तः ] **માયામાં ઉપયુક્ત આત્મા** [ माया ] **માયા છે** [ च ] **અને** [ लोभोपयुक्तः ] **લોભમાં ઉપયુક્ત આત્મા** [ लोभः ] **લોભ** [ भवति ] **છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૨૧ થી ૧૨૫)**

ઉત્થાનિકા : હવે સાંખ્યમતાનુસારી શિષ્યને સંબોધન હેતુ જીવના કથચિત્ પરિણામ સ્વભાવપણાને સિદ્ધ કરે છે. અર્થાત્ જીવ કથંચિત્ પરિણમનશીલ સ્વભાવી છે.

તાત્પર્યવૃત્તિ : જીવ સ્વયં પોતના સ્વભાવથી અધિકરણભૂત કર્મમાં સર્વથા બંધાયેલ નથી

કેમકે તે સદાય મુક્ત છે. અને જીવ પોતાની મેળે જ દ્રવ્ય કર્મોદય વગર ભાવ ક્રોધાદિ રૂપ પરિણમન નથી કરતો કેમકે એકાન્તથી જીવ અપરિણામી છે. જો આ પ્રકારની માન્યતા છે તો આ પ્રત્યક્ષરૂપથી સંસારી જીવ પણ તમારા અભિપ્રાયથી અપરિણામી જ થશે.

અપરિણામી હોવા પર શું દોષ છે ?

અપરિણામી માનવાથી તે જીવમાં પોતાની મેળે જ ભાવ ક્રોધાદિરૂપથી પણિમન ન કરવાથી સંસારનો અભાવ સિદ્ધ થશે. હે શિષ્ય આ માન્યતા સાંખ્યમતની છે.

જો એવું માનવામાં આવે કે ઉદયાગત પુદ્ગલકર્મરૂપ દ્રવ્ય ક્રોધ હઠથી કર્તા થઈને જીવને ભાવક્રોધરૂપ પરિણમન કરાવે છે. તો શું સ્વયં પરિણમન ન કરવાવાળાને પરિણમન કરાવે છે કે સ્વયં પરિણમન કરવાવાળાને પરિણમન કરાવે છે ?

પ્રથમ તો સ્વયં પરિણમન ન કરવાવાળાને પરિણમન કરાવી ન શકાય.

(પ્રશ્ન) કયા કારણથી પરિણમન ન કરાવી શકાય ?

(ઉત્તર) કેમકે જેનામાં જે સ્વયંથી જ શક્તિ નથી તે શક્તિ બીજા દ્વારા દેવી અશક્ય છે. જેવી રીતે જપાપૂષ્પાદિ કર્તા થઈને સ્ફટિકમણીમાં ઉપાધિ (રંગ) ઉત્પન્ન કરી શકે છે તેવી રીતે લાકડા (પત્થરના) થાંભલા વગેરેમાં પણ જપાપુષ્પાદિ કર્તા થઈ ઉપાધિ (રંગ) ઉત્પન્ન નથી કરી શકતો.

બીજુ જો એકાંતથી પરિણામી જીવને પૌદ્ગલિક કર્મ (કાર્મણ વર્ગણા) પરિણામ કરાવે છે તો ઉદયાગત દ્રવ્યક્રોધના નિમિત્ત વગર પણ ભાવક્રોધાદિરૂપ જીવનું પરિણમન થશે.

(પ્રશ્ન) કયા કારણથી દ્રવ્ય ક્રોધ વગર પણ ભાવક્રોધરૂપ પરિણમન થશે ?

(ઉત્તર) કેમકે વસ્તુની શક્તિ બીજાની અપેક્ષા રાખતી નથી. એવો સિદ્ધાંત છે. આવું માનવાથી મુક્તાત્માને પણ દ્રવ્ય ક્રોધાદિ કર્મોદયના નિમિત્ત વગર પણ ભાવક્રોધાદિ પ્રાપ્ત થશે. તે યોગ્ય નથી. કેમકે તે આગમ વિરૂદ્ધ છે.

આવી રીતે હવે પૂર્વ દોષના ભયથી સ્વયં આત્મા જ દ્રવ્યકર્મ વગર ભાવક્રોધાદિરૂપથી પરિણમન કરે છે એવી તમારી માન્યતા છે તો હે શિષ્ય દ્રવ્ય ક્રોધ કર્તા થઈને જીવને ભાવક્રોધાદિ રૂપથી પરિણમન કરાવે છે તે તો પૂર્વ ગાથામાં કહ્યું છે તે કહેવું મિથ્યા થશે. એથી એમ સિદ્ધ થયું કે જેવી રીતે ઘટ આકાર પરિણત માટીનો પુદ્ગલપિંડ ઘટ છે. અને અગ્નિ રૂપ પરિણત લોખંડનો પિંડ અગ્નિ છે તેવી રીતે ક્રોધ ઉપયોગ પરિણત આત્મા ક્રોધ છે. માન ઉપયોગ પરિણત આત્મા માન છે માયા ઉપયોગ પરિણત આત્મા માયા છે. અને લોભ ઉપયોગ પરિણત આત્મા લોભ છે. આથી એમ સિદ્ધ થયું કે જીવની પરિણામ શક્તિ સ્વભાવરૂપ છે. તે પરિણમન શક્તિમાં સ્થિત રહેવા પર તે જીવ કર્તા થઈને જે આત્મપરિણામ કરે છે તેનો તે ઉપાદાન કર્તા છે. તથા દ્રવ્ય કર્મોદય તો નિમિત્તમાત્ર જ છે. તેવી રીતે જીવ નિર્વિકાર ચૈતન્ય ચમત્કારરૂપ શુદ્ધ ભાવથી પરિણત થવાથી સિદ્ધાત્મા પણ થાય છે.

અહીં થોડું વિશેષ એ છે કે અજ્ઞાની, જ્ઞાની જીવોના સંક્ષેપ વ્યાખ્યાનરૂપથી જે છ ગાથાઓ પૂર્વમાં કહેવાઈ ગઈ હતી. ત્યાં કહેવાયેલ પુણ્ય પાપાદિ સાત પદાર્થ જીવ પુદ્‌ગલના સંયોગથી રચાયેલ છે અને તે જીવ તથા પુદગલના કથંચિત્ પરિણમનપણા પર ઘટિત છે તે જ કથંચિત્ પરિણમનપણાનું આ વિશેષ વ્યાખ્યાન છે.

અથવા સાત ગાથાઓમાં જે પૂર્વોક્ત સામાન્ય પ્રત્યય છે તે જ શુદ્ધ નિશ્ચયનયથી કર્મને કરે છે. જીવ નથી કરતો એવો જૈનમત છે. એકાંતથી અકર્તાપણું હોવા પર સાંખ્યમતાનુસારીની જેમ સંસારના અભાવનો દોષ આવે છે તે સંસાર અભાવના દોષનો જ આ વિશેષ દોષ છે.

(પ્રશ્ન) કેવી રીતે દોષ છે ?

(ઉત્તર) ત્યાં એકાંતથી કતૃત્વનો અભાવ હોવાથી સંસારના અભાવનો દોષ આવે છે.

અહીં ફરી એકાંતથી પરિણમનપણાનો અભાવ થવાથી સંસારના અભાવનો દોષ આવે છે આ કારણથી ભાવકર્મના પરિણામીપણા ને જ કર્તૃત્વ અને ભોકતૃત્વ કહે છે. આ પ્રકારે જીવના પરિણમનપણાના કથનની મુખ્યતાથી પાંચ ગાથાઓ પૂર્ણ થઈ.

આ પ્રકારે પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠીકા રૂપ મહાધિકારમાં જીવ પુદ્‌ગલના પરિણામપણાના કથનની મુખ્યતાથી આઠ ગાથાઓ દ્વારા પાંચમા અંતરાધિકાર પૂરો થયો.

સમૂહ પીઠીકા : બે ગાથાઓમાં પહેલા જે અજ્ઞાનીનું સ્વરૂપ કહેવામાં આવેલ છે તે જ અજ્ઞાની જીવ જ્યારે વિષય કષાયરૂપ અશુભ ઉપયોગથી પરિણત થાય છે ત્યારે પાપ, આસ્રવ અને બંધ આ ત્રણ પદાર્થોનો કર્તા થાય છે.

પરંતુ જ્યારે તે અજ્ઞાની જીવ મિથ્યાત્વ કષાયોનો મંદ ઉદય થવાથી ભોગ, આકાંક્ષારૂપ નિદાનબંધ આદિ રૂપથી દાન પૂજાદિ રૂપ પરિણમન કરે છે ત્યારે પુણ્ય પદાર્થનો પણ કર્તા થાય છે. એવું પહેલા પણ સંક્ષેપરૂપથી સૂચિત કરેલ હતું અને ચાર ગાથાઓ દ્વારા જ્ઞાની જીવનું સ્વરૂપ સંક્ષેપથી બતાવેલ હતું તે જ્ઞાની જીવ શુદ્ધોપયોગ ભાવથી પરિણત અભેદ રત્નત્રય લક્ષણવાળા ભેદજ્ઞાનથી જ્યારે પરિણમિત થાય છે ત્યારે નિશ્ચય ચારિત્ર સાથે અવિનાભાવી વીતરાગ સમ્યક્દૃષ્ટિ થઈને સંવર, નિર્જરા અને મોક્ષ ત્રણ પદાર્થનો કર્તા થાય છે. એવું સંક્ષેપમાં પૂર્વે નિરૂપણ કરેલ છે. પરંતુ જ્યારે નિશ્ચય સમ્યક્ત્વનો અભાવ હોવા સમયે (નિર્વિકલ્પદશાના અભાવ સમયે) સરાગ સમ્યક્ત્વરૂપથી પરિણમિત થાય છે. ત્યારેજ શુદ્ધાત્માને ઉપાદેય કરીને પરંપરાએ નિર્વાણના કારણરૂપ તીર્થંકર પ્રકૃતિ આદિ પુણ્ય પદાર્થનો પણ કર્તા થાય છે. એવું પહેલા કહેવાઈ ગયું છે.

તે બધા (ભાવો) જીવને અને પુદ્‌ગલને કથંચિત્ પરિણામપણુ હોવાથી થાય છે. એવી જ રીતે તે કથંચિત્ પરિણામપણું પુણ્યપાપ આદિ સાત પદાર્થોનું સંક્ષેપમાં સૂચન કરવા માટે પહેલા જ સંક્ષેપમાં કહેવામાં આવેલ છે. અને તે જ જીવ અને પુદ્‌ગલના પરિણામપણાના વ્યાખ્યાનના કાળમાં વિશેષરૂપથી સૂચિત કરવામાં આવેલ છે.

ત્યાં આ પ્રકારે કથંચિત્ પરિણામપણું સિદ્ધ થવાથી અજ્ઞાની અને જ્ઞાની જીવ કે જેઓ ગુણના ધારક છે બન્નેના પુણ્યપાપ આદિ સાત પદાર્થોનું સંક્ષેપ સૂચના અર્થે સંક્ષેપમાં કથન કરવામાં આવેલ છે.

હવે અહીં અજ્ઞાનમય ગુણ અને જ્ઞાનમયગુણની મુખ્યતાથી કથન કરવામાં આવે છે. પરંતુ જીવગુણી અને અજીવગુણીની મુખ્યતાથી કથન નથી.

(પ્રશ્ન) શા માટે (નથી) ?

(ઉત્તર) તેના (જ્ઞાની-અજ્ઞાનીના) જ પુણ્ય પાપાદિ સાત પદાર્થોની સંક્ષેપ સૂચના દેવાને માટે આ કથન કરવામાં આવેલ છે. અહીં પાઠ્યક્રમમાંથી નવ ગાથા સુધી વ્યાખ્યાન કરે છે. તેમાં પહેલા ત્રણ ગાથાઓમાં જ્ઞાનમય ભાવોની મુખ્યતાથી કથન છે તે બાદ છ ગાથાઓમાં જ્ઞાની જીવના જ્ઞાનમય ભાવો થાય છે અને અજ્ઞાની જીવોના અજ્ઞાનમય ભાવો થાય છે આ પ્રકારના કથનની મુખ્યતાથી વર્ણન કરવામાં આવે છે. આવી રીતે છટ્ઠા અંતર અધિકારની સમુદાય પીઠીકા પૂરી થઈ

તે આ પ્રકારે છે.

**તાત્પર્યવૃત્તિ વધારાની ગાથા નંબર - ૮**

ગાથાર્થ : જે બાહ્ય અભ્યંતર પરિગ્રહને છોડીને શુદ્ધોપયોગાત્મક પોતાના આત્માને જાણે છે (તેને) પરમાર્થના જાણવાવાળા તેને નિસંગ સાધુ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે શ્રેષ્ઠ સાધુ બાહ્ય અભ્યંતર પરિગ્રહથી મુક્ત થઈને વીતરાગ ચારિત્રને અવિનાભાવી ભેદજ્ઞાનથી જાણે છે અનુભવ કરે છે.

(પ્રશ્ન) કોને જાણે ને અનુભવ કરે છે ?

(ઉત્તર) કર્મપણાને પ્રાપ્ત આત્માને જાણે અને અનુભવ કરે છે.

(પ્રશ્ન) કેવા આત્માને જાણે અને અનુભવે છે ?

(ઉત્તર) વિશુદ્ધ જ્ઞાનદર્શન ઉપયોગ સ્વભાવ હોવાથી ઉપયોગરૂપ છે તે ઉપયોગને કે જે જ્ઞાનદર્શન સ્વરૂપ છે તેને જાણે છે અને અનુભવે છે.

(પ્રશ્ન) ફરીને કેવા આત્માને જાણે છે-અનુભવે છે ?

(ઉત્તર) ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત શુદ્ધાત્માને જાણે છે, અનુભવે છે.

આવા સાધુને નિસંગ પરિગ્રહરહિત (છે તેમ) જાણે છે અને કહે છે.

(પ્રશ્ન) તે કોણ છે ? (જે આવુ જાણે છે અને કહે છે)

(ઉત્તર) તે પરમાર્થના જાણનાર ગણધર દેવાદિ છે.

**તાત્પર્યવૃત્તિ વધારાની ગાથા નંબર - ૯**

ગાથાર્થ : જે મોહને છોડીને પોતાને જ્ઞાન સ્વભાવમય અનુભવે છે પરમાર્થના જાણવાવાળા તેને જીતમોહ સાધુ એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે શ્રેષ્ઠ સાધુ સમસ્ત ચેતન અચેતન શુભ-અશુભ પરદ્રવ્યોમાં મોહથી મુક્ત થઈ આત્માના શુભ અશુભ મન વચન કાય વ્યાપારરૂપ ત્રણે યોગથી રહિત થઈને અભેદ રત્નત્રય લક્ષણરૂપથી પરિણમિત ભેદજ્ઞાનથી (આત્માને) માને છે અને જાણે છે.

(પ્રશ્ન) કોને (માને-જાણે) છે ?

(ઉ ૧૨) કર્મપણાને પ્રાપ્ત (નિર્વિકાર પરિણામ પ્રાપ્ત) આત્માને માને છે અને જાણે છે.

(પ્રશ્ન) કેવી વિશેષતાવાળા આત્માને માને અને જાણે છે ?

(ઉત્તર) નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનથી યુક્ત-પરિપૂર્ણ આત્માને માને અને જાણે છે. તે સાધુ ને જીતમોહી અથવા ર્નિમોહી જાણે છે.

(પ્રશ્ન) તે કોણ છે જેઓ આવુ જાણે છે ?

(ઉત્તર) તે પરમાર્થના જાણનાર તીર્થંકર પરમદેવ આદિ છે. આ પ્રકારે મોહપદ બદલી રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાયા, બુદ્ધિ, ઉદય શુભાશુભ પરિણામ શ્રોત ચક્ષુ ઘ્રાણ, રસના અને સ્પર્શન એવા વીસ પદ બદલીને વ્યાખ્યા કરવી જોઈએ આ પ્રકારે નિર્મળ પરમ ચૈતન્યજ્યોતિરૂપ પરિણતિથી ભિન્ન અસંખ્યાતલોક પ્રમાણ જેટલા વિભાવ પરિણામોની પણ વ્યાખ્યા કરવી જોઈએ.

**તાત્પર્યવૃત્તિની વધારાની ગાથા નંબર - ૧૦**

ગાથાર્થ : જે વ્યવહાર ધર્મને છોડીને ઉપયોગાત્મક શુદ્ધ સ્વભાવમય આત્માને અનુભવે છે પરમાર્થના જાણનાર તેને ધર્મના (પુણ્યના) પરિગ્રહ રહિત (છે) એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે પરમ યોગીન્દ્રદેવ સ્વસંવેદન જ્ઞાનમાં સ્થિત થઈને શુભ ઉપયોગ પરિણામરૂપ ધર્મને અથવા પુણ્યરૂપ પરિગ્રહને ત્યાગીને નિજ શુદ્ધાત્મારૂપ પરિણત અભેદ રત્નત્રય લક્ષણવાળા અભેદજ્ઞાનથી જાણે છે, અનુભવે છે.

(પ્રશ્ન) કોને ?

(ઉત્તર) કર્મપણાને પ્રાપ્ત આત્માને જાણે છે, અનુભવે છે.

(પ્રશ્ન) કેવા આત્માને ?

(ઉત્તર) વિશુદ્ધ દર્શન જ્ઞાન ઉપયોગ પરિણિત આત્માને (જાણે છે અનુભવે છે)

(પ્રશ્ન) અને કેવા આત્માને ?

(ઉત્તર) શુભ-અશુભ સંકલ્પ વિકલ્પ રહિત શુદ્ધાત્માને (જાણે છે અનુભવે છે) તે શ્રેષ્ઠ

તપોધનને નિર્વિકાર સ્વકીય શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ નિશ્ચય ધર્મથી ભિન્ન ભોગ આકાંક્ષાસ્વરૂપ નિદાનબંધ આદિ પુણ્ય પરિગ્રહરૂપ વ્યવહાર ધર્મથી રહિત જાણે છે.

(પ્રશ્ન) તે કોણ છે જે આવુ જાણે છે ?

(ઉત્તર) તે પરમાર્થના જાણનાર પ્રત્યક્ષ જ્ઞાની છે.

કંઈક વિશેષ કહે છે. કથંચિત્ પરિણામીપણું સિદ્ધ થવાથી જીવ શુદ્ધોપયોગરૂપથી પરિણમિત થાય છે. પછી મોક્ષને સાધે છે. પરિણામીપણાના અભાવમાં બંધાયેલા જ રહે છે. તેમાં શુદ્ધોપયોગરૂપ ભિન્ન પરિણામ સ્વરૂપ ઘટિત નથી થતું. એટલે તેને મોક્ષનો અભાવ છે એમ અભિપ્રાય (સિદ્ધ) છે. આ પ્રકારે શુદ્ધોપયોગ રૂપ જ્ઞાનમય પરિણામ ગુણની વ્યાખ્યાની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂર્ણ થઈ.

જ્ઞાની જ્ઞાનમય ભાવનો અને અજ્ઞાની અજ્ઞાનમય ભાવનો કર્તા છે એમ હવે કહે છેઃ–

**જે ભાવને આત્મા કરે, કર્તા બને તે કર્મનો;**
**તે જ્ઞાનમય છે જ્ઞાનીનો, અજ્ઞાનમય અજ્ઞાનીનો. ૧૨૬.**

**ગાથાર્થઃ-** [ आत्मा ] આત્મા [ यं भावम् ] જે ભાવને [ करोति ] કરે છે [ तस्य कर्मणः ] તે ભાવરૂપ કર્મનો [ सः ] તે [ कर्ता ] કર્તા [ भवति ] થાય છે; [ ज्ञानिनः ] જ્ઞાનીને તો [ सः ] તે ભાવ [ ज्ञानमयः ] જ્ઞાનમય છે અને [ अज्ञानिनः ] અજ્ઞાનીને [ अज्ञानमयः ] અજ્ઞાનમય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૨૬)**

ઉત્થાનિકા : આના પછી (જીવ) જે પ્રકારથી જ્ઞાનમય અને અજ્ઞાનમય બન્ને ભાવોનો કર્તા થાય છે તે પ્રકારનું કથન કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે ભાવ કે પરિણામને આત્મા કરે છે. તે તે જ ભાવનો કર્તા થાય છે. તે ભાવ અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય લક્ષણવાળા કાર્ય સમયસારના ઉત્પાદકપણાથી નિર્વિકલ્પ સમાધિ પરિણામ પરિણત કારણ સમયસાર લક્ષણરૂપ ભેદજ્ઞાનથી સર્વ આરંભથી પરિણત હોવાથી જ્ઞાની જીવને શુદ્ધાત્માની પ્રસિદ્ધિ પ્રતીતિ, સંવિતિ, ઉપલબ્ધિ અનુભૂતિરૂપથી જ્ઞાનમય જ હોય છે. પરંતુ પૂર્વોક્ત ભેદજ્ઞાનના અભાવમાં અથવા શુદ્ધાત્માનુભૂતિ સ્વરૂપના અભાવમાં અજ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જ હોય છે. એવો અર્થ છે.

જ્ઞાનમય ભાવથી શું થાય છે અને અજ્ઞાનમય ભાવથી શું થાય છે તે હવે કહે છેઃ–

**અજ્ઞાનમય અજ્ઞાનીનો, તેથી કરે તે કર્મને;**
**પણ જ્ઞાનમય છે જ્ઞાનીનો, તેથી કરે નહિ કર્મને. ૧૨૭.**

**ગાથાર્થઃ-** [ अज्ञानिनः ] અજ્ઞાનીને [ अज्ञानमयः ] અજ્ઞાનમય [ भावः ] ભાવ છે

[ तेन ] તેથી અજ્ઞાની [ कर्माणि ] કર્મોને [ करोति ] કરે છે, [ ज्ञानिनः तु ] અને જ્ઞાનીને તો [ ज्ञानमयः ] જ્ઞાનમય (ભાવ) છે [ तस्मात् तु ] તેથી જ્ઞાની [ कर्माणि ] કર્મોને [ न करोति ] કરતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૨૭)**

ઉત્થાનિકા : હવે જ્ઞાનમયથી શું ફળ છે. અને અજ્ઞાનમયથી શું ફળ હોય છે તે પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છે.

તાત્પર્યવૃત્તિ : નિજ આત્મ ઉપલબ્ધિની ભાવનાથી ભિન્ન વિપરીત હોવાને કારણે તેને (તે ભાવને) અજ્ઞાનમય ભાવ કહે છે.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે તે અજ્ઞાની જીવ તે ભાવથી (અજ્ઞાનમય ભાવથી) કર્મ કરે છે.

પરંતુ જ્ઞાનીને નિર્વિકાર ચૈતન્ય ચમત્કાર ભાવનાને વશ જ્ઞાનમય ભાવ થાય છે. તે જ્ઞાનમય ભાવથી જ્ઞાની જીવ કર્મ નથી કરતો.

અહીં કંઈક વિશેષ એમ છે કે જેવી રીતે થોડી પણ અગ્નિ ઘણાં બધાં ઘાસ, લાકડાના સમૂહને ક્ષણ માત્રમાં બાળી નાખે છે. તે પ્રકારે ત્રિગુપ્તિ સમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાનરૂપ અગ્નિ અંર્તમૂહુર્તમાં પણ અનેક ભવોથી એકઠા થયેલ કર્મ સમૂહને સળગાવી દે છે. એવું જાણીને બધા પ્રકારથી તે પરમ સમાધિમાં જ ભાવના કરવી જોઈએ એવો ભાવાર્થ છે.

આ જ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ–

**વળી જ્ઞાનમય કો ભાવમાંથી જ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે જ્ઞાની તણા સૌ ભાવ જ્ઞાનમયી ખરે; ૧૨૮.**
**અજ્ઞાનમય કો ભાવથી અજ્ઞાનભાવ જ ઊપજે,**
**તે કારણે અજ્ઞાનીના અજ્ઞાનમય ભાવો બને. ૧૨૯.**

**ગાથાર્થઃ-** [ यस्मात् ] કારણ કે [ ज्ञानमयात् भावात् च ] જ્ઞાનમય ભાવમાંથી [ ज्ञानमयः एव ] જ્ઞાનમય જ [ भावः ] ભાવ [ जायते ] ઉત્પન્ન થાય છે [ तस्मात् ] તેથી [ ज्ञानिनः ] જ્ઞાનીના [ सर्वे भावाः ] સર્વ ભાવો [ खलु ] ખરેખર [ ज्ञानमयाः ] જ્ઞાનમય જ હોય છે. [ च ] અને, [ यस्मात् ] કારણ કે [ अज्ञानमयात् भावात् ] અજ્ઞાનમય ભાવમાંથી [ अज्ञानः एव ] અજ્ઞાનમય જ [ भावः ] ભાવ [ जायते ] ઉત્પન્ન થાય છે [ तस्मात् ] તેથી [ अज्ञानिनः ] અજ્ઞાનીના [ भावाः ] ભાવો [ अज्ञानमयाः ] અજ્ઞાનમય જ હોય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૨૮-૧૨૯)**

ઉત્થાનિકા : હવે જ્ઞાની જીવના જ્ઞાનમય જ ભાવ હોય છે અજ્ઞાનમય ભાવ નથી હોતા. તથા

અજ્ઞાની જીવના અજ્ઞાનમય જ ભાવ હોય છે. જ્ઞાનમય ભાવ નથી હોતા. આવું કઈ રીતે થાય છે તે કહે છે :

તાત્પર્યવૃત્તિ : નિશ્ચય રત્નત્રયાત્મક જીવ પદાર્થરૂપ જ્ઞાનમયભાવથી જ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાય છે તે કારણે તે જ્ઞાનમય ભાવ સ્વશુદ્ધાત્માની અનુભૂતિ લક્ષણવાળી મોક્ષ પર્યાય છે. એટલા માટે સ્વસંવેદન લક્ષણવાળા ભેદજ્ઞાની જીવના બધા ભાવ-કે પરિણામ જ્ઞાનમય છે. જ્ઞાનથી રચાયેલ છે. તે પણ કયા કારણથી હોય છે ? કેમકે ઉપાદાન કારણની સમાન જ કાર્ય હોય છે એવું આગમવચન છે. જેવી રીતે યવનાલ બીજ અર્થાત્ જુવાર વાવવાથી બાસમતી ચોખા ઉત્પન્ન નથી થતા.

તે પ્રકારે જ તે કારણથી અજ્ઞાનમય ભાવવાળા જીવ પદાર્થથી અજ્ઞાનમય ભાવ જ ઉત્પન્ન થાયછે. તે કારણથી મિથ્યાત્વ રાગાદિ રૂપ બધા પરિણામ અજ્ઞાનમય છે.

(પ્રશ્ન) કોના ભાવ અજ્ઞાનમય છે ?

(ઉત્તર) અજ્ઞાની અર્થાત્ શુદ્ધાત્મોપલબ્ધિ રહિત મિથ્યાદૃષ્ટિ જીવના (બધા પરિણામ) અજ્ઞાનમય છે.

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છેઃ–

**જ્યમ કનકમય કો ભાવમાંથી કુંડલાદિક ઊપજે,**
**પણ લોહમય કો ભાવથી કટકાદિ ભાવો નીપજે; ૧૩૦.**
**ત્યમ ભાવ બહુવિધ ઊપજે અજ્ઞાનમય અજ્ઞાનીને,**
**પણ જ્ઞાનીને તો સર્વ ભાવો જ્ઞાનમય એમ જ બને. ૧૩૧.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ कनकमयात् भावात् ] સુવણમય ભાવમાંથી [ कुण्डलादयः भावाः ] સુવર્ણમય કુંડળ વગેરે ભાવો [ जायन्ते ] થાય છે [ तु ] અને [ अयोमयकात् भावात् ] લોહમય ભાવમાંથી [ कटकादयः ] લોહમય કડાં વગેરે ભાવો [ जायन्ते ] થાય છે, [ तथा ] તેમ [ अज्ञानिनः ] અજ્ઞાનીને ( અજ્ઞાનમય ભાવમાંથી ) [ बहुविधाः अपि ] અનેક પ્રકારના [ अज्ञानमयाः भावाः ] અજ્ઞાનમય ભાવો [ जायन्ते ] થાય છે [ तु ] અને [ ज्ञानिनः ] જ્ઞાનીને ( જ્ઞાનમય ભાવમાંથી ) [ सर्वे ] સર્વ [ ज्ञानमयाः भावाः ] જ્ઞાનમય ભાવો [ भवन्ति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૩૦-૧૩૧)**

ઉત્થાનિકા : હવે તે કથનને જ દૃષ્ટાંત અને સિદ્ધાંત દ્વારા સમર્થન કરે છે.

તાત્પર્યવૃત્તિ : ઉપાદાન કારણ જેવું જ કાર્ય થાય છે. આ સિદ્ધાંત અનુસાર સ્વર્ણમય ભાવ કે પદાર્થથી કુંડલ આદિ પર્યાયો સ્વર્ણમય જ થાય છે. લોખંડમય ભાવ કે પદાર્થમાંથી ખીલા-કડા આદિ પર્યાયો લોખંડમય જ થાય છે. આ પ્રકારે આ દૃષ્ટાંત ગાથા થઈ.

હવે દાષ્ટાંત કે સિદ્ધાંત કહે છે. તે પૂર્વ કહેલા લોખંડના દૃષ્ટાંતથી અજ્ઞાનમય ભાવરૂપ અજ્ઞાની જીવપદાર્થથી અનેક પ્રકારના મિથ્યાત્વ રાગાદિરૂપ અજ્ઞાનમય પર્યાયો પ્રગટ થાય છે. તે જ પ્રકારે પૂર્વ કહેલ સ્વર્ણના દૃષ્ટાંતથી જ્ઞાની જીવના બધા ભાવ કે પર્યાયો જ્ઞાનમય હોય છે.

એના કંઈક વિસ્તાર કરે છે.

વીતરાગ સ્વસંવેદન ભેદજ્ઞાની જીવ જે શુદ્ધાત્મભાવના રૂપ પરિણમન કરે છે તે પરિણામ બધાં જ્ઞાનમય જ હોય છે. ત્યારબાદ તેના જ્ઞાનમય પરિણામથી સંસારની સ્થિતિને ઓછી કરીને દેવેન્દ્ર, લોકાન્તિક આદિ મહાન ઋદ્ધિધારી દેવ થઈને બે ઘડીમાં સુમતિ સુશ્રત તથા સુઅવધિરૂપ જ્ઞાનમય ભાવ કે પર્યાય પ્રાપ્ત કરે છે. ત્યારે તે પ્રાપ્ત થયેલ વિમાન પરિવાર આદિ વિભૂતિને સડેલા ઘાસની સમાન (મહત્ત્વહીન) ગણતો કે માનતો થકો પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં જઈને જુએ છે.

(પ્રશ્ન) શું જુએ છે ?

(ઉત્તર) કે આ સમવસરણ છે. આ વીતરાગ સર્વજ્ઞદેવ છે. અને આ બધાં ભેદ-અભેદ રત્નત્રયની આરાધના કરવાવાળા ગણધરાદિ દેવ છે કે (જેના વિષે) જે પહેલા પરમાગમમાં સાંભળેલ તે અહીં પ્રત્યક્ષ રૂપમાં જુએ છે. આ જાણીને વિશેષરૂપથી ધર્મમાં દૃઢ બુદ્ધિ કરીને અને ચોથા ગુણસ્થાનને યોગ્ય શુદ્ધાત્મભાવના ને છોડ્યા વગર નિરંતર ધર્મધ્યાન દ્વારા દેવલોકમાં સમય પસાર કરીને પછી મનુષ્યભવમાં રાજાધિરાજ મહારાજ અર્ધમાંડલિક, મહા માંડલિક, બળદેવ, કામદેવ કે ચક્રવર્તિ, તીર્થંકર, પરમદેવાધિદેવ પદને પ્રાપ્ત થવા છતાં પણ પૂર્વ ભવની વાસના (સંસ્કાર)થી વાસિત (સંસ્કારિત) શુદ્ધાત્મરૂપ ભેદજ્ઞાનની ભાવનાના બળથી રામ પાંડવ આદિની જેમ (વીતરાગી થાય છે પણ) મોહને પ્રાપ્ત નથી થતો.

ત્યારપછી જિન દિક્ષા લઈને સાત ઋદ્ધિ અને ચાર જ્ઞાનમયભાવ કે પર્યાયને પ્રાપ્ત કરે છે. ત્યારબાદ સમસ્ત પુણ્ય પાપ પરિણામના ત્યાગરૂપ અભેદ રત્નત્રય પરિણામથી પરિણત લક્ષણ દ્વારા બીજા શુકલધ્યાન રૂપથી વિશેષ ભેદજ્ઞાનની ભાવનાના બળથી સ્વાત્મ ભાવનાથી ઉત્પન્ન સુખરૂપ અમૃતરસથી તૃપ્ત થઈને બધા અતિશયોથી પરિપૂર્ણ ત્રણ લોકના અધિપતિઓ દ્વારા આરાધ્ય પરમ અચિંત્ય વૈભવ વિશેષરૂપ કેવલજ્ઞાન રૂપ ભાવ કે પર્યાય ને પ્રાપ્ત કરે છે. એવો અભિપ્રાય છે પરંતુ અજ્ઞાની જીવ મિથ્યાત્વ રાગાદિમય અજ્ઞાનમય ભાવ કરીને નર નારકાદિ રૂપ ભાવ કે પર્યાયને પ્રાપ્ત થાય છે એવો ભાવાર્થ છે.

આ પ્રકારે જ્ઞાનમય-અજ્ઞાનમય ભાવોના કથનની મુખ્યતાથી છ ગાથાઓ સમાપ્ત થઈ આ પ્રકારે પૂર્વોક્ત પ્રકારથી પુણ્ય પાપાદિ સાત પદાર્થોનું પીઠીકા રૂપથી મહાધિકારમાં કથંચિત્ પરિણામીપણુ હોવાથી જ્ઞાની જીવ જ્ઞાનમય ભાવના કર્તા છે તેવી રીતે અજ્ઞાની જીવ અજ્ઞાનમય ભાવનો કર્તા છે. આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી નવ ગાથાઓ દ્વારા છટ્ઠો અંતર અધિકાર પૂરો થયો.

આ જ અર્થપાંચ ગાથાઓથી કહે છેઃ–

**અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,**
**અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨,**
**જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,**
**જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો; ૧૩૩.**
**શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો**
**ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.**
**આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,**
**તે અષ્ટવિધ જ્ઞાનાવરણઇત્યાદિભાવે પરિણમે; ૧૩૫.**
**કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,**
**આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.**

**ગાથાર્થઃ-** [ जीवानाम् ] જીવોને [ या ] જે [ अतत्त्वोपलब्धिः ] તત્ત્વનું અજ્ઞાન ( અર્થાત્ વસ્તુસ્વરૂપનું અયથાર્થ–વિપરીત જ્ઞાન ) છે [ सः ] તે [ अज्ञानस्य ] અજ્ઞાનનો [ उदयः ] ઉદય છે [ तु ] અને [ जीवस्य ] જીવને [ अश्रद्दधानत्वम् ] જે ( તત્ત્વનું ) અશ્રદ્ધાન છે તે [ मिथ्यात्वस्य ] મિથ્યાત્વનો [ उदयः ] ઉદય છે; [ तु ] વળી [ जीवानां ] જીવોને [ यद् ] જે [ अविरमणम् ] અવિરમણ અર્થાત્ અત્યાગભાવ છે તે [ असंयमस्य ] અસંયમનો [ उदयः ] ઉદય [ भवेत् ] છે [ तु ] અને [ जीवानां ] જીવોને [ यः ] જે [ कलुषोपयोगः ] મલિન ( અર્થાત્ જાણપણાની સ્વચ્છતા રહિત ) ઉપયોગ છે [ सः ] તે [ कषायोदयः ] કષાયનો ઉદય છે; [ तु ] વળી [ जीवानां ] જીવોને [ यः ] જે [ शोभनः अशोभनः वा ] શુભ કે અશુભ [ कर्तव्यः विरतिभावाः वा ] પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ [ चेष्टोत्साहः ] ( મનવચનકાયા–આશ્રિત ) ચેષ્ટાનો ઉત્સાહ છે [ तं ] તે [ योगोदयं ] યોગનો ઉદય [ जानीहि ] જાણ.

[ एतेषु ] આ ( ઉદયો ) [ हेतुभूतेषु ] હેતુભૂત થતાં [ यत् तु ] જે [ कार्मणवर्गणागतं ] કાર્મણવર્ગણાગત ( કાર્મણવર્ગણારૂપ ) પુદ્‌ગલદ્રવ્ય [ ज्ञानावरणादिभावैः अष्टविधं ] જ્ઞાનાવરણાદિભાવોરૂપે આઠ પ્રકારે [ परिणमते ] પરિણમે છે, [ तत् कार्मण–वर्गणागतं ] તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય [ यदा ] જ્યારે [ खलु ] ખરેખર [ जीवनिबद्धं ] જીવમાં બંધાય છે [ तदा तु ] ત્યારે [ जीवः ] જીવ [ परिणामभावानाम् ] ( પોતાના અજ્ઞાનમય ) પરિણામભાવોનો [ हेतुः ] હેતુ [ भवति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૩૨ થી ૧૩૬)**

ઉત્થાનિકા : હવે પૂર્વે કહેલ અજ્ઞાનભાવ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ પાંચ પ્રત્યય રૂપથી પાંચ પ્રકારે છે. અને અજ્ઞાની જીવનો ભાવ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એ પ્રકારની અરૂચિવાળો હોવાથી તે

શુદ્ધાત્માને સ્વસંવેદનજ્ઞાનથી ન જાણવાવાળો તથા તેની જ (શુદ્ધાત્માની જ) પરમ સમાધિરૂપથી ભાવના ન ભાવવાવાળો (હોવાથી) અજ્ઞાની જીવને તે બંધના કારણ છે આ પ્રકારે સાતમા અધિકારમાં સમુહરૂપ પીઠીકા થઈ.

તાત્પર્યવૃત્તિ : જીવને અનંત જ્ઞાનાદિ ચતુષ્ટરૂપ શુદ્ધાત્મ તત્ત્વ ઉપાદેય છે. તેને છોડીને જીવની અન્યત્ર રૂચિ રૂપ ઉપાદેય બુદ્ધિ તે મિથ્યાત્વનો ઉદય છે. જીવોને આત્મસુખની અનુભૂતિનો અભાવ હોવાથી વિષય કષાયથી વિરક્ત નથી થતો તે અસંયમનો ઉદય છે.

અને ભેદજ્ઞાન ને છોડીને જીવોને વિપરીત અભિપ્રાયથી પરદ્રવ્ય સાથેની એકત્વની પ્રતીતી છે તે અજ્ઞાનનો ઉદય છે. જે શાંત આત્માની ઉપલબ્ધિ લક્ષણરૂપ શુદ્ધોપયોગને છોડીને ક્રોધાદિ કષાયરૂપ પરિણામ છે તે જીવને કષાયનો ઉદય છે. અને જીવોને મન, વચન, કાયની વર્ગણાના આધારથી વીર્યાન્તરાય ક્ષયોપશમ જનિત કર્મોના આવવામાં હેતુ રૂપ આત્મ પ્રદેશોનું પરિસ્પંદન લક્ષણ છે તેના પ્રયત્નરૂપ જે વ્યાપાર ઉત્સાહ કે ચેષ્ટા છે. તેને હે શિષ્ય તું યોગનો ઉદય જાણ.

તે યોગ શુભ અને અશુભરૂપથી બે પ્રકારે છે. ત્યાં વ્રતાદિ કર્તવ્યરૂપ ઉત્સાહ શુભ યોગ છે. અને વ્રતાદિ કાર્યના નિષેધરૂપ ઉત્સાહ તે અશુભ યોગ છે.

અને તે પૂર્વે કહેલા ઉદયાગત કારણભૂત મિથ્યાત્વ આદિ પાંચ પ્રત્યયોના હોવા પર જે કર્મ વર્ગણારૂપ પરિણત નવા પુદ્‌ગલદ્રવ્ય છે તે, જીવને સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રની એક પરિણતિ રૂપ પરમ સામાયિકનો અભાવ હોવાથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ રૂપથી આઠ પ્રકારે પરિણમિત થાય છે.

અને તે પૂર્વ સૂત્રમાં કહેલ કર્મવર્ગણા યોગ્ય અભિનવ પુદ્‌ગલદ્રવ્યનો જીવની સાથે સંબંધ હોવાથી જ્યારે (જીવ) યોગને વશ થાય છે તે કાળે પૂર્વોક્ત તે સત્‌રૂપ ઉદયાગત નિમિત્તભૂત દ્રવ્ય પ્રત્યયોના ઉદયમાં પોતાના ગુણસ્થાનને અનુસાર જીવોને કારણ થાય છે.

(પ્રશ્ન) કોનું કારણ થાય છે ?

(ઉત્તર) પરિણામરૂપ ભાવ પ્રત્યયોનુ (કારણ થાય છે) કંઈક વધુ કહે છે. ઉદયાગત દ્રવ્ય પ્રત્યયોના નિમિત્તથી મિથ્યાત્વ રાગાદિભાવ પ્રત્યયરૂપથી પરિણમન કરીને જીવ નવીન કર્મબંધનું કારણ થાય છે એવું તાત્પર્ય છે.

ત્યાં એવો ભાવાર્થ છે કે ઉદયાગત દ્રવ્ય પ્રત્યયોના રહેવા પર જો જીવ સ્વ સ્વભાવને છોડીને રાગાદિરૂપ ભાવ પ્રત્યયરૂપે પરિણિત થાય છે ત્યારે બંધ થાય છે. (દ્રવ્ય પ્રત્યયોના ઉદયથી) ઘોર ઉપસર્ગ થવા છતાં પણ પાંડવો આદિની જેમ દ્રવ્યકર્મનો ઉદય માત્ર હોવા પર બંધ નથી થતો અને જો (દ્રવ્ય પ્રત્યયો) માત્ર ઉદયરૂપ રહેવા પર બંધ થાય તો સંસાર હમેશા રહે.

(પ્રશ્ન) કયા કારણથી સંસાર રહે ?

(ઉત્તર) કેમકે સંસારી જીવોને હંમેશા જ કર્મનાં ઉદય વિદ્યમાન રહે છે આ પ્રકારે પુણ્ય પાપ

**આદિ સાત પદાર્થોની પીઠીકા રૂપ મહાધિકારમાં અજ્ઞાનમય પાંચ પ્રત્યયરૂપથી શુદ્ધાત્મ સ્વરૂપથી પડેલા જીવોને બંધનું કારણ થાય છે. આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી પાંચ ગાથાઓ દ્વારા સાતમો અંતરાધિકાર પૂર્ણ થયો.**

જીવથી જાુદું જ પુદ્‌ગલદ્રવ્યનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ–

**જો કર્મરૂપ પરિણામ, જીવ ભેળા જ, પુદ્‌ગલના બને,**
**તો જીવને પુદ્‌ગલ ઉભય પણ કર્મપણું પામે અરે! ૧૩૭.**
**પણ કર્મભાવે પરિણમન છે એક પુદ્‌ગલદ્રવ્યને,**
**જીવભાવહેતુથી અલગ, તેથી, કર્મના પરિણામ છે. ૧૩૮.**

**ગાથાર્થઃ-** [ यदि ] **જો** [ पुद्‌गलद्रव्यस्य ] **પુદ્‌ગલદ્રવ્યને** [ जीवेन सह चैव ] **જીવની સાથે જ** [ कर्मपरिणामः ] **કર્મરૂપ પરિણામ થાય છે ( અર્થાત્‌ બન્ને ભેળાં થઈને જ કર્મરૂપે પરિણમે છે ) એમ માનવામાં આવે તો** [ एवं ] **એ રીતે** [ पुद्‌गलजीवौ द्वौ अपि ] **પુદ્‌ગલ અને જીવ બન્ને** [ खलु ] **ખરેખર** [ कर्मत्वम् आपन्नौ ] **કર્મપણાને પામે.** [ तु ] **પરંતુ** [ कर्मभावेन ] **કર્મભાવે** [ परिणामः ] **પરિણામ તો** [ पुद्गगलद्रव्यस्य एकस्य ] **પુદ્‌ગલદ્રવ્યને એકને જ થાય છે** [ तत् ] **તેથી** [ जीवभावहेतुभिः विना ] **જીવભાવરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્‌ જાુદું જ** [ कर्मणः ] **કર્મનું** [ परिणामः ] **પરિણામ છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૩૭-૧૩૮)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયનયથી પુદ્‌ગલકર્મોનું પરિણામ જીવથી ભિન્ન જ છે એવુ નિરૂપણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે કારણથી એક ઉપાદાનભૂત કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલદ્રવ્યનુ દ્રવ્યકર્મ રૂપ પરિણામ છે તે કારણથી જીવ કૃત મિથ્યાત્વ રાગાદિ પરિણામરૂપ ઉપાદાન હેતુ (જીવનું ભાવકર્મ દ્રવ્યકર્મનું ઉપાદાન કારણ નથી) વગર જ દ્રવ્યકર્મોનું પરિણમન છે.

નોંધ : તાત્પર્યવૃત્તિમાં ૧૩૭ ગાથાની ટીકા નથી.

પુદ્‌ગલદ્રવ્યથી જાુદું જ જીવનું પરિણામ છે એમ હવે પ્રતિપાદન કરે છેઃ–

**જીવના, કરમ ભેળા જ, જો પરિણામ રાગાદિક બને,**
**તો કર્મ ને જીવ ઉભય પણ રાગાદિપણું પામે અરે! ૧૩૯.**
**પણ પરિણમન રાગાદિરૂપ તો થાય છે જીવ એકને,**
**તેથી જ કર્મોદયનિમિત્તથી અલગ જીવપરિણામ છે. ૧૪૦.**

**ગાથાર્થઃ-** [ जीवस्य तु ] **જો જીવને** [ कर्मणा च सह ] **કર્મની સાથે જ** [ रागादयः परिणामाः ] **રાગાદિ પરિણામો** [ खलु भवन्ति ] **થાય છે ( અર્થાત્‌ બન્ને ભેળાં થઈને રાગાદિરૂપે**

પરિણમે છે ) એમ માનવામાં આવે [ एवं ] તો એ રીતે [ जीवः कर्म च ] જીવ અને કર્મ [ द्वे अपि ] બન્ને [ रागादित्वम् आपन्ने ] રાગાદિપણાને પામે. [ तु ] પરંતુ [ रागादिभिः परिणामः ] રાગાદિભાવે પરિણામ તો [ जीवस्य एकस्य ] જીવને એકને જ [ जायते ] થાય છે [ तत् ] તેથી [ कर्मोदयहेतुभिः विना ] કર્મોદયરૂપ નિમિત્તથી રહિત જ અર્થાત્ જુદું જ [ जीवस्य ] જીવનું [ परिणामः ] પરિણામ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૩૯-૧૪૦)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયથી કર્મ પુદ્‌ગલોથી જીવના પરિણામ ભિન્ન છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જો ઉપાદાન કારણભૂત જીવનું ઉપાદાનભૂત (પણું) કર્મ ઉદય સાથે (દ્રવ્યકર્મના ઉદય) હોય તો આ પ્રકારથી જીવ અને પુદ્‌ગલ બન્ને રાગાદિ પરિણામોના ઉપાદાન કારણપણે હોવાથી ચુના અને હળદરની જેમ બન્ને રાગાદિને પ્રાપ્ત થાય. આમ થવાથી પુદ્‌ગલને પણ ચેતનપણું પ્રાપ્ત થશે અને તે તો પ્રત્યક્ષ વિરૂદ્ધ છે.

હવે જો પૂર્વ દોષના ભયથી એકાંતથી એક જીવના ઉપાદાન કારણથી જ રાગાદિ પરિણામ ઉત્પન્ન થાય એમ આપનો મત હોય તો તેનાથી એવો દોષ આવશે કે કર્મોદયના હેતુ નિમિત્ત વગર જ શુદ્ધ જીવને રાગાદિ પરિણામ ઉત્પન્ન થશે. અને એ તો પ્રત્યક્ષ વિરૂદ્ધ છે તથા આગમથી પણ વિરૂદ્ધ છે. અથવા બીજુ કથન એમ છે કે ઉપાદાન કારણભૂત માત્ર જીવના રાગાદિ પરિણામ, કર્મરૂપ (દ્રવ્યકર્મના) ઉપાદાન હેતુ વગર હોય છે તો તે સ્વીકાર્ય છે.

અને કંઈક વિશેષ કહે છે. જીવ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારથી દ્રવ્યકર્મોનો કર્તા છે અને અશુદ્ધ નિશ્ચયથી રાગાદિ ભાવકર્મનો કર્તા છે. તે અશુદ્ધ નિશ્ચય જો કે દ્રવ્યકર્મના કર્તૃત્વના વિષયભૂત અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાથી નિશ્ચય સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. તો પણ શુદ્ધાત્મ દ્રવ્યસ્વભાવને વિષય કરવાવાળા શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાથી હકીકતે તે (અશુદ્ધ નિશ્ચયનય) પણ વ્યવહાર જ છે એમ ભાવાર્થ છે.

આ પ્રકારે પુણ્ય પાપ આદિ સાત પદાર્થોની પીઠિકારૂપથી મહાધિકારમાં જીવ અને કર્મ પુદ્‌ગલોનો પરસ્પર ઉપાદાન કારણની નિષેધતાની મુખ્યતાથી ત્રણ ગાથાઓ દ્વારા આઠમો અંતર અધિકાર પૂર્ણ થયો.

'આત્મામાં કર્મ બદ્ધસ્પૃષ્ટ છે કે અબદ્ધસ્પૃષ્ટ છે'–તે હવે નયવિભાગથી કહે છેઃ–

**છે કર્મ જીવમાં બદ્ધસ્પૃષ્ટ-કથિત નય વ્યવહારનું;**
**પણ બદ્ધસ્પૃષ્ટ ન કર્મ જીવમાં-કથન છે નય શુદ્ધનું. ૧૪૧.**

**ગાથાર્થઃ-** [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ बद्धं ] ( તેના પ્રદેશો સાથે ) બંધાયેલું છે [ च ] તથા [ स्पृष्टं ] સ્પર્શાયેલું છે [ इति ] એવું [ व्यवहारनयभणितम् ] વ્યવહારનયનું કથન

છે [ तु ] અને [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ अबद्धस्पृष्टं ] અણબંધાયેલું, અણસ્પર્શાયેલુ [ भवति ] છે એવું [ शुद्धनयस्य ] શુદ્ધનયનું કથન છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૧)**

હવે આના પછી જીવ વ્યવહારથી બંધાયેલ છે. એવા વિકલ્પરૂપ નયપક્ષનો સ્વીકાર ન કરીને શુદ્ધ પારિણામિક પરમ ભાવગ્રાહી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી પુણ્ય પાપાદિ પદાર્થોથી ભિન્ન શુદ્ધ સમયસારનું ચાર ગાથામાં કથન કરે છે. આ રીતે નવમાં અંતરાધિકારમાં સમૂહપીઠિકા છે. તે આ પ્રકારે.

ઉત્થાનિકા : હવે આત્મામાં કર્મ શું બંધાયેલા કે સ્પર્શાયેલા છે ? કે નહીં બંધાયેલા ને નહીં સ્પર્શાયેલા છે ? એવો પ્રશ્ન થવા પર નય વિભાગથી નિરાકરણ કરે છે.

તાત્પર્યવૃત્તિ : કર્મ, અધિકરણભૂત જીવમાં દૂધ પાણીની જેમ બંધાયેલ સંશ્લેષરૂપથી અર્થાત્ એક ક્ષેત્રાવગહરૂપ થઈને સંબંધમાં તથા સ્પર્શાયેલ છે. તથા માત્ર સંયોગરૂપથી આત્મામાં લાગેલ છે એવો વ્યવહારનયનો પક્ષ કે અભિપ્રાય છે. શુદ્ધનયના અભિપ્રાયથી અધિકરણભૂત જીવમાં કર્મ ન તો બંધાયેલ છે અને ન સ્પર્શાયેલ છે. એવા નિશ્ચય અને વ્યવહાર બે નયોના વિકલ્પરૂપે શુદ્ધાત્માનું સ્વરૂપ નથી એમ ભાવાર્થ છે.

પણ તેથી શું ? જે આત્મા તે બન્ને નયપક્ષોને ઓળંગી ગયો છે તે જ સમયસાર છે, –એમ હવે ગાથામાં કહે છેઃ–

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**
**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે ' સમયનો સાર ' છે. ૧૪૨.**

**ગાથાર્થઃ**- [ जीवे ] જીવમાં [ कर्म ] કર્મ [ बद्धम् ] બદ્ધ છે અથવા [ अबद्धं ] અબદ્ધ છે– [ एवं तु ] એ પ્રકારે તો [ नयपक्षम् ] નયપક્ષ [ जानीहि ] જાણ; [ पुनः ] પણ [ यः ] જે [ पक्षातिक्रान्तः ] પક્ષાતિક્રાંત ( અર્થાત્ પક્ષને ઓળંગી ગયેલો ) [ भण्यते ] કહેવાય છે [ सः ] તે [ समयसारः ] સમયસાર ( અર્થાત્ નિર્વિકલ્પ શુદ્ધ આત્મતત્ત્વ ) છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૨)**

ઉત્થાનિકા : હવે જે કારણથી (વ્યવહારનયથી) બંધાયેલ અને (નિશ્ચયનયથી) નહી બંધાયેલ એમ વિકલ્પરૂપ નયનું સ્વરૂપ કહ્યું છે. એટલા માટે શુદ્ધ પારિણામિક પરમ ભાવગ્રાહી શુદ્ધ દ્રવ્યાથિકનયથી બંધાયેલ કે ન બંધાયેલ વિગેરે નય વિકલ્પ રૂપ જીવ નથી એમ પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : અધિકરણભૂત જીવમાં કર્મ બંધાયેલ છે કે નહીં બંધાયેલ છે એવો જે વિકલ્પ છે તે બન્ને નયનો પક્ષપાત છે એવો સ્વીકાર છે. નય પક્ષાતિક્રાંત જેને કહેવામાં આવેલ છે તે સમયસાર-કહેતા-શુદ્ધાત્મા છે. તે આ પ્રકારે છે.

વ્યવહારથી જીવ બંધાયેલ છે એવો જે નય વિકલ્પ તે શુદ્ધ જીવનું સ્વરૂપ નથી અને નિશ્ચયથી જીવ નહીં બંધાયેલ છે એવો નય વિકલ્પ શુદ્ધ જીવનું સ્વરૂપ નથી. તેથી નિશ્ચય વ્યવહાર બન્નેથી જીવ બંધાયેલ કે નહીં બંધાયેલ છે એવું વચન વિકલ્પ શુદ્ધ જીવનું સ્વરૂપ નથી.

(પ્રશ્ન) કયા કારણથી વિકલ્પ, શુદ્ધ જીવનું સ્વરૂપ નથી ?

(ઉત્તર) શ્રુત વિકલ્પ જ નય છે એવું આગમ વચન છે.

શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક જ્ઞાન છે ક્ષયોપશમ જ્ઞાન જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે. જો કે વ્યવહારનયથી છદ્મસ્થની અપેક્ષાથી તે જીવ સ્વરૂપ કહેવામાં આવે છે. તો પણ કેવલજ્ઞાનની અપેક્ષાથી તે શુદ્ધ જીવનું સ્વરૂપ નથી.

(પ્રશ્ન) તો પછી કયા પ્રકારથી જીવનું સ્વરૂપ છે ?

(ઉત્તર) આ જે નય પક્ષપાત રહિત સ્વસંવેદન જ્ઞાની છે તેના અભિપ્રાયથી બંધાયેલ-નહી બંધાયેલ. મૂઢ-અમૂઢ આદિ નય વિકલ્પ રહિત ચિદાનંદ એક સ્વભાવ જીવનું સ્વરૂપ છે એ પ્રકારે કહ્યું પણ છે. (૬૧માં કળશમાં) કે જે પુરુષ નય પક્ષપાતથી મુક્ત થઈને પોતાના સ્વરૂપમાં સદા લીન થઈને રહે છે તે જ પુરુષ વિકલ્પ સમૂહથી રહિત શાંત ચિત થઈને સાક્ષાત અમૃત પીવે છે. (કળશ ૭૦ માં) એક નયનો પક્ષ છે કે જીવ કર્મથી બંધાયેલ છે પરંતુ બીજા નયનો પક્ષ છે કે જીવ કર્મથી બંધાયેલ નથી આ પ્રકારે ચિત્સ્વરૂપ જીવના સંબંધમાં બે નયોના બે પક્ષપાત છે જે તત્ત્વવેતા (વસ્તુ) સ્વરૂપને જાણનાર પક્ષપાત રહિત છે તેને નિરંતર ચિત્સ્વરૂપ જીવ ચિત્સ્વરૂપ જ છે.

(કળશ ૧૫૦ માં) સમય-દ્રવ્ય અથવા આગમના વ્યાખ્યાનકાળમાં બુદ્ધિ બે નયાત્મક હોય છે પરંતુ તત્ત્વવેતાની બુદ્ધિ પક્ષપાત રહિત થઈ પોતાના સ્વરૂપમાં સ્થિર હોય છે બન્ને નયોથી હેય ઉપાદેય તત્ત્વનો દૃઢ નિશ્ચય નિર્ણય કરીને હેયને છોડીને ઉપાદેયમાં સ્થિત થાય છે જે સાધુઓને સ્વીકાર્ય છે.

'પક્ષાતિક્રાન્તનું (પક્ષને ઓળંગી ગયેલાનું) શું સ્વરૂપ છે?'–એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા હવે કહે છેઃ–

**નયદ્વયકથન જાણે જ કેવળ સમયમાં પ્રતિબદ્ધ જે,**
**નયપક્ષ કંઈ પણ નવ ગ્રહે, નયપક્ષથી પરિહીન તે. ૧૪૩.**

**ગાથાર્થઃ**- [ नयपक्षपरिहीनः ] નયપક્ષથી રહિત જીવ, [ समयप्रतिबद्धः ] સમયથી પ્રતિબદ્ધ થયો થકો (અર્થાત્ ચિત્સ્વરૂપ આત્માને અનુભવતો થકો), [ द्वयोः अपि ] બન્ને [ नययोः ] નયોના [ भणितं ] કથનને [ केवलं तु ] કેવળ [ जानाति ] જાણે જ છે [ तु ] પરંતુ [ नयपक्षं ] નયપક્ષને [ किञ्चित् अपि ] જરા પણ [ न गृह्णाति ] ગ્રહણ કરતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૩)**

ઉત્થાનિકા : જે આ નય પક્ષાતિક્રાંત શુદ્ધ જીવનું સ્વરૂપ કેવું છે એવું પૂછવા પર ફરી વિશેષરૂપથી

કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે આ નય પક્ષપાત રહિત સ્વસંવેદન જ્ઞાની છે. તેના અભિપ્રાયથી બંધાયેલ-નહી બંધાયેલ, મૂઢ-અમૂઢ આદિ નય વિકલ્પ રહિત ચિદાનંદ એક સ્વભાવરૂપ છે તેને તે જ્ઞાની જેવી રીતે કેવળી ભગવાન નિશ્ચયને વ્યવહાર બન્ને દ્વારા કહેવાયેલ અર્થને અથવા દ્રવ્ય પર્યાયરૂપને જાણે છે તેવી જ રીતે જાણે છે. તો પણ કેવળ સહજ પરમાનંદ એક સ્વભાવમય આત્માને આધીન હોવાથી નિત્ય ઉલ્લસિત હોવાથી, જેમ કેવળજ્ઞાની શ્રુતજ્ઞાનાવરણીય ક્ષયોપશમ જનિત વિકલ્પજાળવાળા નયોના પક્ષપાતથી દૂર હોવાને કારણે કોઈપણ નય પક્ષના વિકલ્પને આત્મરૂપથી ગ્રહણ નથી કરતા તે જ પ્રકારેગણધર દેવાદિ છદ્મસ્થ જીવ પણ બે નયો દ્વારા કથિત વસ્તુ સ્વરૂપને જાણે છે. તો પણ કેવળ ચિદાનંદ એક સ્વભાવ આત્માને આધીન થઈને શ્રુતજ્ઞાનાવરણીય ક્ષયોપશમ જનિત વિકલ્પ જાળરૂપ બન્ને નયોના પક્ષપાતથી શુદ્ધ નિશ્ચયનયથી દૂર રહેવાને કારણે નિર્વિકલ્પ સમાધિકાળમાં શુદ્ધાત્મ સ્વરૂપથી નય પક્ષપાતવાળા વિકલ્પને સ્વીકાર કે ગ્રહણ નથી કરતા.

પક્ષાતિક્રાંત જ સમયસાર છે એમ નિયમથી ઠરે છે–એમ હવે કહે છેઃ–

**સમ્યક્ત્વ તેમ જ જ્ઞાનની જે એકને સંજ્ઞા મળે,**
**નયપક્ષ સકલ રહિત ભાખ્યો તે ‘ સમયનો સાર ’ છે.૧૪૪.**

**ગાથાર્થઃ**- [ यः ] જે [ सर्वनयपक्षरहितः ] સર્વ નયપક્ષોથી રહિત [ भणितः ] કહેવામાં આવ્યો છે [ सः ] તે [ समयसारः ] સમયસાર છે; [ एषः ] આને જ ( –સમયસારને જ ) [ केवलं ] કેવળ [ सम्यग्दर्शनज्ञानम् ] સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન [ इति ] એવી [ व्यपदेशम् ] સંજ્ઞા ( નામ ) [ लभते ] મળે છે. ( નામ જુદાં હોવા છતાં વસ્તુ એક જ છે. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૪)**

ઉત્થાનિકા : હવે શુદ્ધ પારણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી નય વિકલ્પ સ્વરૂપ સમસ્ત પક્ષપાતથી રહિત જ સમયસાર હોય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : ઈન્દ્રિય અને અનિન્દ્રિય મન જનિત બાહ્ય વિષય સંબંધી મતિજ્ઞાનના સમસ્ત વિકલ્પોથી રહિત થયો થકો બંધાયેલ-નહી બંધાયેલ આદિ વિકલ્પ રૂપ નય પક્ષપાતથી રહિત સમયસારનો અનુભવ કરતો થકો જ નિર્વિકલ્પ સમાધિસ્થ (નિર્વિકલ્પરૂપ પરિણમેલા) પુરુષો દ્વારા દેખવામાં ને જાણવામાં આવે છે. આત્મા તે કારણથી કેવળ સકળ વિમલ કેવલદર્શન જ્ઞાન સંજ્ઞાને પ્રાપ્ત થાય છે. પરંતુ બંધાયેલ ને નહી બંધાયેલ આદિ વ્યપદેશને પ્રાપ્ત નથી થતો. આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર બન્ને નયોના પક્ષપાતથી રહિત શુદ્ધ સમયસારના વ્યાખ્યાનની મુખ્યતાથી ચાર ગાથાઓ દ્વારા નવમો અંતરાધિકાર પૂર્ણ થયો.

આ પ્રકારથી પાઠક્રમમાં અજ્ઞાની સમ્યક્જ્ઞાની જીવની સંક્ષિપ્ત સૂચનાને માટે છ ગાથા છે.

તેના પછી અજ્ઞાની તથા સમ્યક્જ્ઞાની જીવના વિશેષ કથનરૂપ અગિયાર ગાથાઓ છે. પછી ચેતન અચેતન બન્ને કાર્યોના એક ઉપાદાન કર્તૃત્વરૂપ દ્વિક્રિયાવાદીના નિરાકરણની મુખ્યતાથી પચ્ચીસ ગાથાઓ છે ત્યારબાદ પ્રત્યય જ કર્મ કરે છે. તેનુ સમર્થન સાત ગાથા સૂત્રમાં છે. પછી જીવ અને પુદ્‌ગલના કથંચિત્ પરિણામીપણાની સિદ્ધિની મુખ્યતાથી આઠ ગાથા સુત્ર છે. તેના બાદ જ્ઞાનનય-અજ્ઞાનનય પરિણામોના કથનની મુખ્યતાથી નવ ગાથાઓ છે. તેના બાદ અજ્ઞાનમય ભાવના મિથ્યાત્વ આદિ પાંચ પ્રત્યયના ભેદના પ્રતિપાદનના રૂપમાં પાંચ ગાથાઓ છે.

પછી જીવપુદ્‌ગલના પરસ્પર ઉપાદાન કર્તૃત્વના નિષેધની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. તેના બાદ નય પક્ષપાત રહિત શુદ્ધ સમયસારના કથનરૂપથી ચાર ગાથાઓ છે આ પ્રકારે સમૂહરૂપથી ઈઠોત્તેર ગાથામાં નવ અંતર અધિકારો દ્વારા કર્તા કર્મ મહાધિકાર સમાપ્ત થયો.

આ પ્રકારે જીવ અજીવ અધિકારની રંગભૂમિમાં નૃત્ય કર્યા બાદ શુદ્ધ નિશ્ચયનનયથી શ્રૃંગાર અને પાત્રના પરસ્પર પૃથક ભાવરૂપથી જીવ અને અજીવ બન્ને કર્તાકર્મનો વેષ છોડીને ચાલ્યા જાય છે.

આ પ્રકારે જયસેન આચાર્યકૃત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળી તાત્પર્યવૃત્તિ નામક સમયસાર વ્યાખ્યામાં પુણ્ય પાપ આદિ સાત પદાર્થો સંબધી પીઠીકારૂપથી ત્રીજો મહાધિકાર પૂરો થયો.

卐

*પ્રશ્ન :- પંચાસ્તિકાયની ૧૭૨ મી ગાથામાં તો એમ કહ્યું છે કે ભિન્ન સાધ્યસાધનરૂપ વ્યવહારને ન માને તો મિથ્યાદષ્ટિ છે-તેનો અર્થ શું છે ?*

*ઉત્તર :- સાધક અવસ્થામાં શુદ્ધતાના અંશની સાથે ભૂમિકા પ્રમાણે શુભરાગ આવે છે તેનું ત્યાં જ્ઞાન કરાવ્યું છે, અને ઉપચારથી તે રાગને વ્યવહાર સાધન કહ્યું છે. તે વ્યવહારનાં આશ્રયે નિશ્ચય પમાય એવો તેનો આશય નથી પણ સાધકને તે બંને સાધન એક સાથે વર્તે છે તેનું જ્ઞાન કરાવવા માટે તે કથન છે. સાધકને તે બંને વર્તે છે એમ ન માને તો તે મિથ્યાદષ્ટિ છે એમ સમજવું, પણ રાગાદિ વ્યવહાર સાધનના અવલંબનથી નિશ્ચય સાધન પમાઈ જશે એમ ન સમજવું.*

*(આત્મધર્મ અંક-૪૧૨, ફેબ્રુઆરી-૧૯૭૮, પૃષ્ઠ ૨૯)*

❖

*પ્રશ્ન :- જ્ઞાનીને દુ:ખ જણાય છે કે વેદાય છે ?*

*ઉત્તર :- જ્ઞાનીને દુ:ખ જણાય છે ને વેદાય પણ છે. જેમ આનંદનું વેદન છે તેમ જેટલું દુ:ખ છે એટલું દુ:ખનું પણ વેદન છે .*

*(આત્મધર્મ અંક-૪૦૯, નવેમ્બર-૧૯૭૭, પૃષ્ઠ ૨૧)*

# પુણ્યપાપ અધિકાર

હવે શુભાશુભ કર્મના સ્વભાવનું વર્ણન ગાથામાં કરે છેઃ-

**છે કર્મ અશુભ કુશીલ ને જાણો સુશીલ શુભકર્મને !**
**તે કેમ હોય સુશીલ જે સંસારમાં દાખલ કરે ? ૧૪૫.**

**ગાથાર્થઃ-** [ अशुभं कर्म ] **અશુભ કર્મ** [ कुशीलं ] **કુશીલ છે ( -ખરાબ છે )** [ अपि च ] **અને** [ शुभकर्म ] **શુભ કર્મ** [ सुशीलम् ] **સુશીલ છે ( -સારું છે ) એમ** [ जानीथ ] **તમે જાણો છો !** [ तत् ] **તે** [ सुशीलं ] **સુશીલ** [ कथं ] **કેમ** [ भवति ] **હોય** [ यत् ] **કે જે** [ संसारं ] **( જીવને ) સંસારમાં** [ प्रवेशयति ] **પ્રવેશ કરાવે છે ?**

**પુણ્યપાપ અધિકારની સમૂહ પીઠીકા**

તાત્પર્યવૃત્તિ : હવે આના પછી નિશ્ચયથી એક પુદ્‌ગલકર્મ જ વ્યવહારથી પુણ્યપાપરૂપ થઈને પ્રવેશ કરે છે ત્યાં ક્રમથી ઓગણીસ ગાથા સૂત્ર સુધી પુણ્યને પાપનું વ્યાખ્યાન કરે છે ત્યાં જો કે પુણ્ય તથા પાપમાં વ્યવહારથી ભેદ છે તો પણ નિશ્ચયથી ભેદ નથી આવા પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી છ ગાથા સૂત્ર છે. ત્યારબાદ અધ્યાત્મભાષાથી શુદ્ધાત્માની ભાવના વગર અને આગમ ભાષાથી વિતરાગ સમ્યક્ત્વ વગર વ્રતદાનાદિ પુણ્યબંધનું જે કારણ છે તે મુક્તિનું કારણ નથી અને તે સમ્યકત સહિત (હોય તો) પરંપરાથી મુક્તિનું કારણ છે એવી મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર છે ત્યારબાદ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગની મુખ્યતાથી નવ ગાથાઓ કહે છે આ પ્રકારે પુણ્યપાપ અધિકારની સમૂહ પીઠીકા છે. તેનો વિસ્તાર.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૫)**

ઉત્થાનિકા : જેવી રીતે એક બ્રાહ્મણી ને બે પુત્ર જનમ્યા. ત્યાં, એક ઉપનયન સંસ્કારવશ બ્રાહ્મણ થઈ ગયો, પરંતુ ઉપનયન સંસ્કારના અભાવમાં બીજો શુદ્ર થઈ ગયો. એવી જ રીતે નિશ્ચયનયથી એક જ પુદ્‌ગલકર્મ જીવના શુભ-અશુભ પરિણામના નિમિત્તથી વ્યવહારથી બે પ્રકારનું હોય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : અશુભકર્મ કુત્સિત કુશીલ છે હેય છે શુભકર્મ સુશીલ સુંદર છે, ઉપાદેય છે એવી રીતનો કોઈ વ્યવહારીજનોનો તે પક્ષ નિશ્ચયથી અન્યપક્ષથી બાધિત છે. નિશ્ચયવાદી કહે છે કે તે પુણ્યકર્મ સુશીલ અથવા સુંદર કેવી રીતે છે ? જે જીવને સંસારમાં પ્રવેશ કરાવે છે. હેતુ, સ્વભાવ, અનુભવ ત્યાં બંધરૂપ આશ્રયોની નિશ્ચયથી અભેદતા હોવાને કારણે કર્મભેદ નથી.

પ્રથમ હેતુ કહે છે કે શુભ અશુભ પરિણામ હેતુ છે તે શુદ્ધ નિશ્ચયનયથી અશુદ્ધતાની અપેક્ષાએ એ પુણ્યપાપ એક જ પુદ્‌ગલદ્રવ્યનો સ્વભાવ છે અને નિશ્ચયથી પુદ્‌ગલદ્રવ્યથી તેનું એક જ ફળ છે

કે જે સુખ દુઃખરૂપી ફળના અનુભવ રૂપ છે તે સુખ દુઃખ અનુભવ પણ આત્મા ઉત્પન્ન નિર્વિકાર સુખાનંદની અપેક્ષાએ દુઃખરૂપથી એક જ છે. ત્યાં શુભ અશુભ બંધરૂપ છે જે બંધની અપેક્ષાએ એક જ છે. (સમાન છે) એવી રીતે હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રયની પણ સદાય અભેદતા હોવાથી એક જ છે. જો કે વ્યવહારથી ભેદ છે તો પણ નિશ્ચયથી શુભ અશુભ કર્મમાં ભેદ નથી, એવી રીતે વ્યવહારવાદીનો પક્ષ બાધિત જ છે.

આ પ્રમાણે કર્મના શુભાશુભ ભેદના પક્ષને ગૌણ કરી તેનો નિષેધ કર્યો; કારણ કે અહીં અભેદપક્ષ પ્રધાન છે, અને અભેદપક્ષથી જોવામાં આવેતો કર્મ એક જ છે–બે નથી.

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**એવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને. ૧૪૬.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ सौवर्णिकम् ] સુવર્ણની [ निगलं ] બેડી [ अपि ] પણ [ पुरुषम् ] પુરુષને [ बध्नाति ] બાંધે છે અને [ कालायसम् ] લોખંડની [ अपि ] પણ બાંધે છે, [ एवं ] તેવી રીતે [ शुभम् वा अशुभम् ] શુભ તેમ જ અશુભ [ कृतं कर्म ] કરેલું કર્મ [ जीवं ] જીવને [ बध्नाति ] ( અવિશેષપણે ) બાંધે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૬)**

ઉત્થાનિકા : હવે બંને કર્મોને સમાનરૂપથી બંધનું કારણ સિદ્ધ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે સોનાની બેડી અને લોઢાની બેડી સમાનરૂપથી પુરુષને બાંધે છે. એવી રીતે શુભ અથવા અશુભરૂપમાં કરાયેલું કર્મ સમાનરૂપથી જીવને બાંધે છે.

અને કંઈક વિશેષ કહે છે-ભોગ, આકાંક્ષા, નિદાનરૂપથી, રૂપ લાવણ્ય, સૌભાગ્ય, કામદેવ, ઈન્દ્ર, અહમિન્દ્ર, ખ્યાતિ, પૂજા, લાભ આદિને માટે જે વ્રત, તપશ્ચરણ, દાન, પૂજા આદિ કરે છે, તે પુરુષ છાસને માટે રત્નને વેંચવા સમાન, રાખને માટે રત્નોના સમુહને બાળવા સમાન, દોરા માટે હારને તોડવા સમાન, ધાન્યને વાવવા માટે ગુરૂચંદન વનને કાપવાની જેમ વ્યર્થમાં જ વ્રતાદિ નો નાશ કરે છે. પરંતુ જો શુદ્ધાત્મ ભાવનાની સિદ્ધિને માટે બહિરંગ વ્રત, તપશ્ચરણ, દાન, પૂજાદિ કરે છે (તો) તે પરંપરાથી મોક્ષને પામે છે-એવો ભાવાર્થ છે.

હવે બન્ને કર્મોનો નિષેધ કરે છેઃ-

**તેથી કરો નહિ રાગ કે સંસર્ગ એ કુશીલો તણો,**
**છે કુશીલના સંસર્ગ-રાગે નાશ સ્વાધીનતા તણો. ૧૪૭.**

**ગાથાર્થઃ-** [ तस्मात् तु ] માટે [ कुशीलाभ्यां ] એ બન્ને કુશીલો સાથે [ रागं ] રાગ [ मा कुरुत ] ન કરો [ वा ] અથવા [ संसर्गम् च ] સંસર્ગ પણ [ मा ] ન કરો [ हि ] કારણ

કે [ कुशीलसंसर्गरागेण ] કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી [ स्वाधीनः विनाशः ] સ્વાધીનતાનો નાશ થાય છે ( અથવા તો પોતાનો ઘાત પોતાથી જ થાય છે ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૭)**

ઉત્થાનિકા : હવે બંને કર્મોનો સમાનરૂપથી મોક્ષમાર્ગના વિષયમાં નિષેધ કરે છે.

તાત્પર્યવૃત્તિ : તે કારણથી કુશીલ અથવા કુત્સિત શુભાશુભ કર્મોની સાથે અંતરંગ રાગ ન કરો અને બહિરંગ વચન તથા કાયગત સંસર્ગ ન કરો. શા માટે સંસર્ગ ન કરો ? કેમકે કુશીલ સાથે સંસર્ગ અને રાગ કરવાથી નિયમથી સ્વાધીનતાનો વિનાશ થાય છે, સ્પષ્ટરૂપથી નિર્વિકલ્પ સમાધિના ઘાતરૂપ (પરિણામથી) આત્માર્થથી ભ્રષ્ટ થાય છે, અથવા સ્વાધીન આત્મસુખનો નાશ થાય છે.

હવે, બન્ને કર્મ નિષેધવાયોગ્ય છે એ વાતનું ભગવાન કુંદકુંદાચાર્ય પોતે જ દૃષ્ટાંતથી સમર્થન કરે છેઃ–

**જેવી રીતે કો પુરુષ કુત્સિતશીલ જનને જાણીને,**
**સંસર્ગ તેની સાથ તેમ જ રાગ કરવો પરિતજે; ૧૪૮.**
**એમ જ કરમપ્રકૃતિશીલસ્વભાવ કુત્સિત જાણીને,**
**નિજ ભાવમાં રત રાગ ને સંસર્ગ તેનો પરિહરે. ૧૪૯.**

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેમ [ कोऽपि पुरुषः ] કોઈ પુરુષ [ कुत्सितशीलं ] કુત્સિત શીલવાળા અર્થાત્ ખરાબ સ્વભાવવાળા [ जनं ] પુરુષને [ विज्ञाय ] જાણીને [ तेन समकं ] તેની સાથે [ संसर्गं च रागकरणं ] સંસર્ગ અને રાગ કરવો [ वर्जयति ] છોડી દે છે, [ एवम् एव च ] તેવી જ રીતે [ स्वभावरताः ] સ્વભાવમાં રત પુરુષો [ कर्मप्रकृतिशीलस्वभावं ] કર્મપ્રકૃતિના શીલ–સ્વભાવને [ कुत्सितं ] કુત્સિત અર્થાત્ ખરાબ [ ज्ञात्वा ] જાણીને [ तत्संसर्गं ] તેની સાથે સંસર્ગ [ वर्जयन्ति ] છોડી દે છે [ परिहरन्ति च ] અને રાગ છોડી દે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૪૮, ૧૪૯)**

ઉત્થાનિકા : હવે બંને કર્મોનો નિષેધ સ્વયં જ શ્રી કુંદકુંદાચાર્ય દેવ દૃષ્ટાંત અને દાર્ષ્ટાંતથી કહે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે કોઈ પુરુષ કુશીલવાળા પુરુષને જાણીને એની સાથે બહિરંગ, વચન કાયગત સંસર્ગ તથા અંતરંગ મનોગત રાગ છોડી દે છે આ દૃષ્ટાંત છે. પૂર્વોક્ત દૃષ્ટાંત ન્યાયથી કર્મોની પ્રકૃતિ તથા શીલ સ્વભાવને હેય જાણીને આ વિશ્વમાં કાય વચનથી એનો સંસર્ગ છોડી દે છે તથા મનથી તે કાર્યોનો રાગ છોડી દે છે.

(પ્રશ્ન) તે કોણ છોડી દે છે ?

(ઉત્તર) સમસ્ત દ્રવ્યગત તથા ભાવગત પુણ્ય પરિણામ તેમજ પાપ પરિણામ રહિત

પરિણતીવાળા, અભેદ રત્નત્રય લક્ષણરૂપ નિર્વિકલ્પ સમાધિવાળા, પોતાના સ્વભાવમાં લીન રહેવાવાળા જીવ છે એવા સાધક જીવ બંને કર્મોની સંગતિ તેમજ રાગને છોડી દે છે. આ સિદ્ધાંત છે.

હવે, બન્ને કર્મો બંધના કારણ છે અને નિષેધવાયોગ્ય છે એમ આગમથી સિદ્ધ કરે છેઃ–

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,**
**-એ જિન તણો ઉપદેશ તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.**

**ગાથાર્થઃ-** [ रक्तः जीवः ] રાગી જીવ [ कर्म ] કર્મ [ बध्नाति ] બાંધે છે અને [ विरागसम्प्राप्तः ] વૈરાગ્યને પામેલો જીવ [ मुच्यते ] કર્મથી છૂટે છે– [ एषः ] આ [ जिनोपदेशः ] જિનભગવાનનો ઉપદેશ છે; [ तस्मात् ] માટે ( હે ભવ્ય જીવ ! ) તું [ कर्मसु ] કર્મોમાં [ मा रज्यस्व ] પ્રીતિ–રાગ ન કર.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૦)**

ઉત્થાનિકા : હવે બંને કર્મોને, શુદ્ધ નિશ્ચયનયથી તેઓ કેવળ બંધના કારણ છે. ન કેવળ બંધના કારણ છે પરંતુ નિષેધ કરવા યોગ્ય છે હેય છે. આ આગમથી સિદ્ધ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે કારણથી રાગી થઈને જીવ કર્મોને બાંધે છે, તે કર્મજનિત ભાવોમાં વૈરાગ્ય સંપન્ન જીવ મુક્ત થાય છે. આ પ્રત્યક્ષરૂપે જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ છે.

(પ્રશ્ન) શું ઉપદેશ છે ?

(ઉત્તર) કે બંને કર્મ બંધના હેતુ છે, ન કેવળ બંધહેતુ છે પણ હેય છે (એમ) કહે છે. તે કારણથી શુભાશુભ સંકલ્પ વિકલ્પ રહિતપણાથી સ્વકીય શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન નિર્વિકાર સુખામૃતરસના આસ્વાદથી તૃપ્ત થઈને શુભ અશુભ કર્મોમાં રાગ ન કરો. આ રીતે જો કે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નયથી દ્રવ્ય પુણ્ય તથા દ્રવ્યપાપમાં ભેદ છે, અને અશુદ્ધ નિશ્ચયથી તે બંને કર્મો દ્વારા ઉત્પન્ન સુખદુઃખમાં ભેદ છે, તોપણ શુદ્ધનિશ્ચયનયથી ભેદ નથી. આ પ્રકાર (ના) વ્યાખ્યાનની મુખ્યતાથી છ ગાથાઓ પૂર્ણ થઈ.

હવે, જ્ઞાન મોક્ષનું કારણ છે એમ સિદ્ધ કરે છેઃ–

**પરમાર્થ છે નક્કી, સમય છે, શુદ્ધ, કેવળી, મુનિ, જ્ઞાની છે,**
**એવા સ્વભાવે સ્થિત મુનિઓ મોક્ષની પ્રાપ્તિ કરે. ૧૫૧.**

**ગાથાર્થઃ-** [ खलु ] નિશ્ચયથી [ यः ] જે [ परमार्थः ] પરમાર્થ ( પરમ પદાર્થ ) છે, [ समयः ] સમય છે, [ शुद्धः ] શુદ્ધ છે, [ केवली ] કેવળી છે, [ मुनिः ] મુનિ છે, [ ज्ञानी ] જ્ઞાની છે, [ तस्मिन् स्वभावे ] તે સ્વભાવમાં [ स्थिताः ] સ્થિત [ मुनयः ] મુનિઓ [ निर्वाणं ] નિર્વાણને [ प्राप्नुवन्ति ] પામે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા - ૧૫૯ (આત્મખ્યાતિ ગાથા - ૧૫૧)**

ઉત્થાનિકા : હવે 'વિશુદ્ધજ્ઞાન' શબ્દથી વાચ્ય પરમાત્માને મોક્ષનું કારણ કહે છે.

તાત્પર્યવૃત્તિ : ઉત્કૃષ્ટ અર્થ છે અથવા પરમાર્થ છે તે કોણ છે ? તે પરમાત્મા છે અથવ ધર્મ-અર્થ-કામ-મોક્ષ લક્ષણવાળા પરમાર્થોમાં જે પરમ ઉત્કૃષ્ટ છે, તે મોક્ષ લક્ષણવાળા અર્થ અથવા પરમાર્થ છે, તે તો તે છે. અથવા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય તથા કેવળજ્ઞાન (પર્યાયો) થી રહિત નિશ્ચયથી એક પરમાર્થ છે, તે પણ સ્પષ્ટરૂપથી પરમાત્મા છે. જે સમ્યક્રૂપે જાણે તથા પોતાના શુદ્ધગુણપર્યાયરૂપથી પરિણમે છે. એવો સમય છે. અથવા જે સમ્યક્ જાણે છે અથવા સંશયાદિ રહિત જેનું જ્ઞાન થાય છે તે સમય છે. અથવા જે એકત્વરૂપથી અથવા પરમ સમરસીભાવરૂપથી પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવવું જવું કે પરિણમન થવું તે સમય છે. તે તો તે જ છે. રાગાદિ ભાવકર્મ રહિત છે, તે પણ તે (સમય) છે. પરદ્રવ્ય રહિતપણું હોવાથી જે અસહાય કેવળી છે તે પણ તે છે. મુનિ પ્રત્યક્ષ જ્ઞાની છે તે પણ તે છે. વિશુદ્ધજ્ઞાન જેનું છે એવા જ્ઞાની અથવા પ્રત્યક્ષજ્ઞાની તે પણ પરમાત્મા જ છે. એ પરમાત્મતત્ત્વમાં રહેવાવાળા અથવા વિતરાગ સ્વસંવેદન જ્ઞાનમાં રસલીન રહેવાવાળા મુનિ કે તપોધન નિર્વાણને પ્રાપ્ત કરે છે એવો અર્થ છે.

હવે, આગમમાં પણ જ્ઞાનને જ મોક્ષનું કારણ કહ્યું છે એમ બતાવે છેઃ–

**પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,**
**સઘળુંય તે તપ બાળ ને વ્રત બાળ સર્વજ્ઞો કહે. ૧૫૨.**

**ગાથાર્થઃ**- [ परमार्थ तु ] પરમાર્થમાં [ अस्थितः ] અસ્થિત [ यः ] એવો જે જીવ [ तपः करोति ] તપ કરે છે [ च ] તથા [ व्रतं धारयति ] વ્રત ધારણ કરે છે, [ तत्सर्वं ] તેનાં તે સર્વ તપ અને વ્રતને [ सर्वज्ञाः ] સર્વજ્ઞો [ बालतपः ] બાળતપ અને [ बालव्रतं ] બાળવ્રત [ ब्रुवन्ति ] કહે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૨)**

ઉત્થાનિકા : હવે તે પરમાત્મામાં સ્વસંવેદન જ્ઞાનથી રહિત, વ્રત, તપશ્ચરણાદિ પુણ્ય બંધનું કારણ જ છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વ સૂત્રોક્ત પરમાર્થ લક્ષણરૂપ પરમાત્મસ્વરૂપમાં સ્થિત ન રહીને જે તપશ્ચરણ આદિ કરે છે અને વ્રતાદિ ધારણ કરે તે બધાંને બાળ તપશ્ચરણ, તેમજ બાળવ્રત કહે છે. (પ્રશ્ન) તેકોણ છે જે આમ કહે છે ?

(ઉત્તર) તે સર્વજ્ઞ છે જે આમ કહે છે.

(પ્રશ્ન) શું કારણથી કહે છે ?

(ઉત્તર) કેમકે પુણ્ય પાપોદય જનિત, સમસ્ત ઈન્દ્રિય સુખ-દુઃખરૂપ વિકારથી રહિત પરિણત

અભેદ રત્નત્રય લક્ષણરૂપ વિશિષ્ટ ભેદજ્ઞાનથી રહિત હોવાથી અજ્ઞાનતપ તેમજ અજ્ઞાન વ્રત છે.

જ્ઞાન જ મોક્ષનો હેતુ છે અને અજ્ઞાન જ બંધનો હેતુ છે એવો નિયમ છે એમ હવે કહે છેઃ–

**વ્રતનિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે,**
**પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણપ્રાપ્તિ નહીં કરે. ૧૫૩.**

**ગાથાર્થઃ-** [ व्रतनियमान् ] વ્રત અને નિયમો [ धारयन्तः ] ધારણ કરતા હોવા છતાં [ तथा ] તેમ જ [ शीलानि च तपः ] શીલ અને તપ [ कुर्वन्तः ] કરતા હોવા છતાં [ ये ] જેઓ [ परमार्थबाह्याः ] પરમાર્થથી બાહ્ય છે ( અર્થાત્ પરમ પદાર્થરૂપ જ્ઞાનનું એટલે કે જ્ઞાનસ્વરૂપ આત્માનું જેમને શ્રદ્ધાન નથી ) [ ते ] તેઓ [ निर्वाण ] નિર્વાણને [ न विन्दन्ति ] પામતા નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૩)**

ઉત્થાનિકા : હવે સ્વસંવેદન જ્ઞાન અને તેવી રીતે અજ્ઞાનને ક્રમશઃ મોક્ષ તેમજ બંધનો હેતુ દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : ત્રિગુપ્તિ સમાધિ લક્ષણવાળા ભેદજ્ઞાનથી જે બાહ્ય છે. તેઓ વ્રત નિયમોને ધારણ કરતાં થકા અને શીલ તપશ્ચરણ કરતા થકા પણ મોક્ષને પ્રાપ્ત નથી કરતા.

(પ્રશ્ન) શા કારણથી મોક્ષને પ્રાપ્ત નથી કરતા ?

(ઉત્તર) કેમકે પૂર્વોક્ત ભેદજ્ઞાનના અભાવને કારણે પરમાર્થથી બાહ્ય છે તે કારણથી તે અજ્ઞાની છે. તેથી અજ્ઞાનીને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ ક્યારેય નહીં. પરંતુ જો પરમસમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાનથી સહિત છે પણ બાહ્ય દ્રવ્યરૂપ વ્રત નિયમોને ન ધારણ કરતો હોવા છતાં બાહ્ય દ્રવ્યરૂપ શીલ તપશ્ચરણને ન કરતો હોવા છતાં પણ મોક્ષને પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) તે પણ કયા કારણથી મોક્ષને પ્રાપ્ત કરે છે ?

(ઉત્તર) કેમકે પૂર્વોક્ત ભેદજ્ઞાનના સદ્‌ભાવથી પરમાર્થથી તે બહાર ન હોવાને કારણે તે જ્ઞાની છે અને જ્ઞાનીઓના મોક્ષ થાય જ છે એનો કંઈક વિસ્તાર કહીએ છીએ. (શંકા) વ્રત, નિયમ, શીલ, બહિરંગ તપશ્ચરણ આદિ વગર પણ જો મોક્ષ થાય છે તો સંકલ્પ વિકલ્પ રહિતના વિષય વ્યાપારમાં પણ પાપ નથી, તપશ્ચરણના અભાવમાં પણ મોક્ષ થાય છે, એવી રીતે (તો) સાંખ્ય, શિવમતાનુસારી (વાળા) કહે છે એવો એમનો મત સિદ્ધ થાય છે. સમાધાન : એમ નથી. કેમકે નિર્વિકલ્પ, ત્રિગુપ્તિ, સમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાન સહિત પુરુષોનો મોક્ષ થાય છે, એવું વિશેષરૂપથી અનેકવાર કહેવાય ગયું છે. એવંભૂતનયથી ભેદજ્ઞાનના કાળમાં શુભરૂપ જે મન વચન તથા કાયના વ્યાપારને પરંપરા મુક્તિનું કારણ કહેવાય છે, તે (મન, વચન, કાયનો વ્યાપાર) પણ મુક્તિનું

કારણ નથી. (તો પછી) જે અશુભ વિષય કષાય વ્યાપારરૂપ છે તે વિશેષરૂપથી તો ત્યાં બિલ્કુલ નથી. નિશ્ચયથી ચિતમાં રાગભાવ નાશ થવાથી બહિરંગ વિષય વ્યાપાર દેખાતો નથી. જેમ ચોખાના અંતરંગ ફોતરા (રતાશ) ના ચાલ્યા જવાથી બહિરંગ ફોતરા રહેતા નથી.

(પ્રશ્ન) તે પણ કેવી રીતે નથી રહેતા ?

(ઉત્તર) ઠંડા અને ગરમના પરસ્પર વિરોધીપણાની જેમ નિર્વિકલ્પ સમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાન અને વિષય વ્યાપાર બંને પરસ્પર વિરોધી છે.

હવે ફરીને પણ, પુણ્યકર્મના પક્ષપાતીને સમજાવવા માટે તેનો દોષ બતાવે છેઃ–

**પરમાર્થબાહ્ય જીવો અરે ! જાણે ન હેતુ મોક્ષનો,**
**અજ્ઞાનથી તે પુણ્ય ઇચ્છે હેતુ જે સંસારનો. ૧૫૪.**

**ગાથાર્થઃ-** [ ये ] જેઓ [ परमार्थबाह्यः ] પરમાર્થથી બાહ્ય છે [ ते ] તેઓ [ मोक्षहेतुम् ] મોક્ષના હેતુને [ अजानन्तः ] નહિ જાણતા થકા– [ संसारगमनहेतुम् अपि ] જોકે પુણ્ય સંસારગમનનો હેતુ છે તોપણ– [ अज्ञानेन ] અજ્ઞાનથી [ पुण्यम् ] પુણ્યને ( મોક્ષનો હેતુ જાણીને ) [ इच्छन्ति ] ઇચ્છે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૪)**

ઉત્થાનિકા : હવે વીતરાગ સમ્યક્ત્વરૂપ શુદ્ધાત્મ ભાવનાને છોડીને તે પુણ્યને જ એકાંતથી જે મોક્ષનું કારણ કહે છે, તેને સંબોધન કરવા માટે ફરીને તેનો દોષ બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : આ જગતમાં વાસ્તવમાં અમુક જીવ સમસ્ત કર્મોના ક્ષયરૂપ મોક્ષની ઇચ્છા કરતા થકા પણ નિજ પરમાત્મ ભાવના પરિણત અભેદ રત્નત્રય લક્ષણરૂપ પરમ સામાયિકની દિક્ષાકાળમાં પહેલા પ્રતિજ્ઞા કરતાં થકા પણ ચિદાનંદ એક સ્વભાવી શુદ્ધાત્માના સમ્યક્શ્રદ્ધાન્, સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ અનુષ્ઠાન (ચારિત્ર) રૂપ સામર્થ્યના અભાવને કારણે પૂર્વોક્ત પરમ સામાયિકને પ્રાપ્ત ન કરતા થકા પરમાર્થથી બહાર જતાં થકા સંસારગમનના હેતુરૂપથી બંધનું કારણ હોવા છતાં પણ અજ્ઞાનભાવથી પુણ્યની ઇચ્છા કરે છે.

(પ્રશ્ન) શું કરતા થકા પુણ્યની ઇચ્છા કરે છે ?

(ઉત્તર) અભેદ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને ન જાણતા થકા (પુણ્યની ઇચ્છા કરે છે) અથવા બીજુ વ્યાખ્યાન એમ છે કે બંધના જ હેતુરૂપ (એવા) પુણ્યને મોક્ષના હેતુરૂપથી ઇચ્છે છે.

(પ્રશ્ન) શું કરતા થકા (ઇચ્છા કરે છે)

(ઉત્તર) પૂર્વોક્ત અભેદ રત્નત્રયરૂપ પરમ સામાયિકને મોક્ષનું કારણ નહી જાણતો થકો પુણ્યની ઇચ્છા કરે છે

હવે વિશેષ કહે છે કે - નિર્વિકલ્પ સમાધિના કાળમાં વ્રત તથા અવ્રતના વિકલ્પ સ્વયં જ નથી

અથવા નિશ્ચયવ્રત તે જ છે એવો આશય છે. આ રીતે વીતરાગ સમ્યક્ત્વરૂપ શુદ્ધાત્માના ઉપાદેયપણાની ભાવના વિના વ્રત, તપશ્ચરણાદિ પુણ્યબંધના જ કારણ હોય છે. તે (શુદ્ધાત્માના ઉપાદેયપણાની) ભાવના સહિત બહારમાં સાધકરૂપથી તે વ્રત, તપશ્ચરણાદિ પરંપરાએ મુક્તિનું કારણ છે, આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી ચાર ગાથા પૂરી થઈ. આ રીતે દસ ગાથાઓ દ્વારા પુણ્ય અધિકારો પૂરો થયો.

**સમૂહ પીઠીકા અનુવાદ :**

હવે સવિકલ્પપણાના અને પરાશ્રિતપણાના કારણને અથવા નિશ્ચયથી પાપના વ્યાખ્યાનની મુખ્યતાથી અથવા નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગની મુખ્યતાથી બે ગાથા સૂત્ર છે ત્યારબાદ મોક્ષ હેતુરૂપ જે આ સમ્યક્ત્વ આદિ જીવના ગુણ છે તેના પ્રચ્છાદનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે ત્યારબાદ પાપ અને પુણ્ય બંધના જ કારણ છે તે પ્રકારની મુખ્યતાથી એક ગાથા સૂત્ર છે ત્યારબાદ મોક્ષના કારણભૂત જે આ જીવના ગુણ છે તેના પ્રચ્છાદનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે આ પ્રકારે સમૂહરૂપથી નવ ગાથા સૂત્ર સુધી ત્રીજા સ્થળમાં વ્યાખ્યાન કરે છે તેનો વિસ્તાર -

હવે એવા જીવોને પરમાર્થ મોક્ષકારણ ( ખરું મોક્ષનું કારણ ) બતાવે છેઃ–

**જીવાદિનું શ્રદ્ધાન સમકિત, જ્ઞાન તેમનું જ્ઞાન છે,**
**રાગાદિ-વર્જન ચરણ છે, ને આ જ મુક્તિપંથ છે. ૧૫૫.**

**ગાથાર્થઃ**- [ जीवादिश्रद्धानं ] જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન [ सम्यक्त्वं ] સમ્યક્ત્વ છે, [ तेषाम् अधिगमः ] તે જીવાદિ પદાર્થોનો અધિગમ [ ज्ञानम् ] જ્ઞાન છે અને [ रागादिपरिहरणं ] રાગાદિનો ત્યાગ [ चरणं ] ચારિત્ર છે;– [ एषः तु ] આ જ [ मोक्षपथः ] મોક્ષનો માર્ગ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૫)**

ઉત્થાનિકા : હવે તે અજ્ઞાનીઓને નિશ્ચય મોક્ષ હેતુ બતાવીએ છીએ.

તાત્પર્યવૃત્તિ : જીવાદિ નવપદાર્થોનું વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. એનું જ સંશય, વિમોહ, વિભ્રમ રહિત જ્ઞાન નિશ્ચય પરિજ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાન છે, તેના જ સંબંધતિ રાગાદિનો ત્યાગ સમ્યક્ચારિત્ર છે. આ પ્રકારે જ વ્યવહાર મોક્ષમાર્ગ છે અથવા ભૂતાર્થનયથી જાણેલા એ જ નવપદાર્થોનું શુદ્ધાત્માથી ભિન્ન સમ્યક્ અવલોકન નિશ્ચય સમ્યગ્દર્શન છે. તે જ પદાર્થોનું શુદ્ધાત્મથી ભિન્નપણારૂપ સમ્યક્ જાણવું સમ્યક્જ્ઞાન છે. તે જ પદાર્થોનું શુદ્ધાત્માથી ભિન્નપણાનો નિશ્ચય કરીને રાગાદિ વિકલ્પ રહિતપણાથી પોતાના શુદ્ધાત્મામાં સ્થિર થવું નિશ્ચય ચારિત્ર છે, એવો નિશ્ચય મોક્ષમાર્ગ છે.

હવે, પરમાર્થ મોક્ષકારણથી અન્ય જે કર્મ તેનો નિષેધ કરે છેઃ-

**વિદ્વજ્જનો ભૂતાર્થ તજી વ્યવહારમાં વર્તન કરે,**
**પણ કર્મક્ષયનું વિધાન તો પરમાર્થ-આશ્રિત સંતને. ૧૫૬.**

**ગાથાર્થઃ-** [ निश्चयार्थ ] નિશ્ચયનયના વિષયને [ मुक्त्वा ] છોડીને [ विद्वांसः ] વિદ્વાનો [ व्यवहारेण ] વ્યવહાર વડે [ प्रवर्तन्ते ] પ્રવર્તે છે; [ तु ] પરંતુ [ परमार्थम् आश्रितानां ] પરમાર્થને ( -આત્મસ્વરૂપને ) આશ્રિત [ यतीनां ] યતીશ્વરોને જ [ कर्मक्षयः ] કર્મનો નાશ [ विहितः ] આગમમાં કહ્યો છે. ( કેવળ વ્યવહારમાં પ્રવર્તનારા પંડિતોને કર્મક્ષય થતો નથી. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૬)**

ઉત્થાનિકા : હવે, નિશ્ચય મોક્ષમાર્ગનું કારણ શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ છે તેનાથી અન્ય જે શુભઅશુભ મનવચનકાયના વ્યાપારરૂપ કર્મ છે, તે મોક્ષમાર્ગ નથી, એમ પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : નિશ્ચયાર્થ છોડીને વ્યવહાર વિષયમાં વિદ્વાન-જ્ઞાની પ્રવર્તન નથી કરતા.

(પ્રશ્ન) કયા કારણથી પ્રવર્તન નથી કરતા ?

(ઉત્તર) સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ એકાગ્ર પરિણતી અભેદ પરણતિ લક્ષણવાળા નિજ શુદ્ધાત્મ ભાવનારૂપ પરમાર્થનો આશ્રય લેવાવાળા યતિઓને કર્મ ક્ષય થાય છે. તેથી જ્ઞાની વ્યવહારમાં પ્રવર્તન નથી કરતા. આ પ્રકારે મોક્ષમાર્ગના કથનરૂપથી બે ગાથાઓ પૂરી થઈ.

હવે પ્રથમ, કર્મ મોક્ષના કારણનું તિરોધાન કરનારું છે એમ સિદ્ધ કરે છેઃ-

**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**મિથ્યાત્વમળના લેપથી સમ્યક્ત્વ એ રીત જાણવું. ૧૫૭.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**અજ્ઞાનમળના લેપથી વળી જ્ઞાન એ રીત જાણવું. ૧૫૮.**
**મળમિલનલેપથી નાશ પામે શ્વેતપણું જ્યમ વસ્ત્રનું,**
**ચારિત્ર પામે નાશ લિપ્ત કષાયમળથી જાણવું. ૧૫૯.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ वस्त्रस्य ] વસ્ત્રનો [ श्वेतभावः ] શ્વેતભાવ [ मलमेलनासक्तः ] મેલના મળવાથી ખરડાયો થકો [ नश्यति ] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [ तथा ] તેવી રીતે [ मिथ्यात्वमलावच्छन्नं ] મિથ્યાત્વરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [ सम्यक्त्वं खलु ] સમ્યક્ત્વ ખરેખર તિરોભૂત થાય છે [ ज्ञातव्यम् ] એમ જાણવું. [ यथा ] જેમ [ वस्त्रस्य ] વસ્ત્રનો [ श्वेतभावः ] શ્વેતભાવ [ मलमेलनासक्तः ] મેલના મળવાથી ખરડાયો થકો [ नश्यति ] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [ तथा ] તેવી રીતે [ अज्ञानमलावच्छन्नं ] અજ્ઞાનરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [ ज्ञानं भवति ] જ્ઞાન તિરોભૂત થાય છે [ ज्ञातव्यम् ] એમ જાણવું.

[ यथा ] જેમ [ वस्त्रस्य ] વ્રનો [ श्वेतभावः ] શ્વેતભાવ [ मलमेलनासक्तः ] મેલના મળવાથી ખરડાયો થકો [ निश्यति ] નાશ પામે છે-તિરોભૂત થાય છે, [ तथा ] તેવી રીતે [ कषायमलावच्छन्नं ] કષાયરૂપી મેલથી ખરડાયું-વ્યાપ્ત થયું-થકું [ चारित्रम् अपि ] ચારિત્ર પણ તિરોભૂત થાય છે [ ज्ञातव्यम् ] એમ જાણવું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૫૭, ૧૫૮, ૧૫૯)**

ઉત્થાનિકા : હવે મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ જીવ ગુણોનો 'મેલથી સફેદ વસ્ત્રની જેમ' પ્રતિપક્ષરૂપ મિથ્યાત્વાદિ કર્મોથી આચ્છાદિત થાય છે એ બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે વસ્ત્રનું સફેદીપણું મેલના વિશેષરૂપે મળવાથી નાશ થાય છે તેવી રીતે મિથ્યાત્વરૂપી મેલના મળવાથી મોક્ષના કારણરૂપ જીવનો સમ્યક્ત્વ ગુણ નાશ થાય છે એમ જાણવું જોઈએ. જેવી રીતે વસ્ત્રનું સફેદીપણું મેલના વિશેષરૂપે મળવાથી નાશ થાય છે એવી રીતે અજ્ઞાનરૂપી મેલના મળવાથી મોક્ષના કારણરૂપ જીવનો જ્ઞાનગુણ નાશ થાય છે એમ જાણવું જોઈએ. જેવી રીતે વસ્ત્રનું સફેદીપણું મેલના વિશેષરૂપે મળવાથી નાશ થાય છે તેવી રીતે કષાય કર્મરૂપ મેલના મળવાથી મોક્ષના કારણરૂપ જીવનો ચારિત્રગુણ નાશ થાય છે એમ જાણવું જોઈએ. આ રીતે મોક્ષના હેતુરૂપ સમ્યક્ત્વાદિ ગુણોનું મિથ્યાત્વ અજ્ઞાન તથા કષાયરૂપ પ્રતિપક્ષ દ્વારા થવાવાળા આચ્છાદાનના કથનરૂપથી ત્રણ ગાથા પૂરી થઈ.

હવે, કર્મ પોતે જ બંધસ્વરૂપ છે એમ સિદ્ધ કરે છેઃ–

**તે સર્વજ્ઞાની-દર્શી પણ નિજ કર્મરજ-આચ્છાદને,**
**સંસારપ્રાપ્ત ન જાણતો તે સર્વ રીતે સર્વને. ૧૬૦.**

**ગાથાર્થઃ-** [ सः ] તે આત્મા [ सर्वज्ञानदर्शी ] ( સ્વભાવથી ) સર્વને જાણનારો તથા દેખનારો છે તોપણ [ निजेन कर्मरजसा ] પોતાના કર્મમળથી [ अवच्छन्नः ] ખરડાયો–વ્યાપ્ત થયો–થકો [ संसारसमापन्नः ] સંસારને વ્યાપ્ત થયેલો તે [ सर्वतः ] સર્વ પ્રકારે [ सर्वम् ] સર્વને [ न विजानाति ] જાણતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા - ૧૬૮ (આત્મખ્યાતિ ગાથા - ૧૬૦)**

ઉત્થાનિકા : હવે કર્મ સ્વયં જ બંધરૂપ છે, તે મોક્ષનું કારણ કેવી રીતે થઈ શકે તે કહે છે.

તાત્પર્યવૃત્તિ : તે શુદ્ધાત્મા, નિશ્ચયથી સમસ્ત અથવા પરિપૂર્ણ જ્ઞાનદર્શન સ્વભાવી હોવા છતાં પણ નિજ કર્મરજથી આચ્છાદિત થઈને સંસારને પ્રાપ્ત થઈને, સંસારમાં પતિત થયો થકો બધી વસ્તુઓને બધા પ્રકારે નથી જાણતો. તેથી જાણવામાં આવે કે જીવનું કર્મ સ્વયં જ બંધ રૂપ છે, તે મોક્ષનું કારણ કેવી રીતે થઈ શકે ? ક્યારેય નહિ. એવી રીતે પાપની જેમ પુણ્ય પણ બંધનું કારણ જ સિદ્ધ થાય છે એવા કથનરૂપ ગાથા સમાપ્ત થઈ.

હવે, કર્મ મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ ( અર્થાત્ મિથ્યાત્વાદિભાવસ્વરૂપ ) છે એમ બતાવે છેઃ–

**સમ્યક્ત્વપ્રતિબંધક કરમ મિથ્યાત્વ જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ મિથ્યાત્વી બને એમ જાણવું. ૧૬૧.**
**એમ જ્ઞાનપ્રતિબંધક કરમ અજ્ઞાન જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ અજ્ઞાની બને એમ જાણવું. ૧૬૨.**
**ચારિત્રને પ્રતિબંધ કર્મ કષાય જિનદેવે કહ્યું,**
**એના ઉદયથી જીવ બને ચારિત્રહીન એમ જાણવું.૧૬૩.**

**ગાથાર્થઃ-** [ सम्यक्त्वप्रतिनिबद्धं ] **સમ્યક્ત્વને રોકનારું** [ मिथ्यात्वं ] **મિથ્યાત્વ છે એમ** [ जिनवरैः ] **જિનવરોએ** [ परिकथितम् ] **કહ્યું છે;** [ तस्य उदयेन ] **તેના ઉદયથી** [ जीवः ] **જીવ** [ मिथ्यादृष्टिः ] **મિથ્યાદૃષ્ટિ થાય છે** [ इति ज्ञातव्यः ] **એમ જાણવું.** [ ज्ञानस्य प्रतिनिबद्धं ] **જ્ઞાનને રોકાનારું** [ अज्ञानं ] **અજ્ઞાન છે એમ** [ जिनवरैः ] **જિનવરોએ** [ परिकथितम् ] **કહ્યું છે;** [ तस्य उदयेन ] **તેના ઉદયથી** [ जीवः ] **જીવ** [ अज्ञानी ] **અજ્ઞાની** [ भवति ] **થાય છે** [ ज्ञातव्यः ] **એમ જાણવું.** [ चारित्रप्रतिनिबद्धः ] **ચારિત્રને રોકાનાર** [ कषायः ] **કષાય છે એમ** [ जिनवरैः ] **જિનવરોએ** [ परिकथितः ] **કહ્યું છે;** [ तस्य उदयेन ] **તેના ઉદયથી** [ जीवः ] **જીવ** [ अचारित्रः ] **અચારિત્રી** [ भवति ] **થાય છે** [ ज्ञातव्यः ] **એમ જાણવું.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬૧, ૧૬૨, ૧૬૩)**

ઉત્થાનિકા : હવે, પૂર્વોક્ત મોક્ષના હેતુરૂપ સમ્યક્ત્વ આદિ જીવના ગુણોનું મિથ્યાત્વ આદિ કર્મો દ્વારા આચ્છાદન થાય છે, એમ કહેવામાં આવ્યું છે, હવે તે ગુણોના આધારભૂત ગુણી જીવ મિથ્યાત્વાદિ કર્મો દ્વારા આચ્છાદિત કરવામાં આવે છે એવું પ્રગટ કરે છે.

તાત્પર્યવૃત્તિ : સમ્યક્ત્વને રોકવાવાળું મિથ્યાત્વ છે એમ જિનવરો દ્વારા કહેવામાં આવ્યું છે. તે મિથ્યાત્વના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે, એમ જાણવું જોઈએ. જ્ઞાનને રોકવાવાળું પ્રતિકૂળ અજ્ઞાન છે, એમ જિનવરોએ કહ્યું છે. તે અજ્ઞાનના ઉદયથી જીવ અજ્ઞાની થાય છે. એમ જાણવું જોઈએ. ચારિત્રને રોકવાવાળો પ્રતિકૂળ ક્રોધાદિ કષાય છે એમ જિનવરો દ્વારા કહેવામાં આવ્યું છે. એના ઉદયથી જીવ અચારિત્રી થાય છે, એમ જાણવું જોઈએ. એવી રીતે મોક્ષકારણભૂત જે ગુણી જીવ દ્રવ્ય છે એના આચ્છાદનના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂરી થઈ. (૧૬૯, ૧૭૦, ૧૭૧)

આ પ્રકારે સમ્યક્ત્વ આદિ જીવના ગુણ મોક્ષનું કારણ છે અથવા તે ગુણરૂપથી (અભેદ રત્નત્રયરૂપથી) પરિણત જીવ મુક્તિનું કારણ છે તેથી શુદ્ધ જીવથી ભિન્ન શુભ-અશુભરૂપ મન, વચન, કાયની ક્રિયા તથા તે ક્રિયાથી ઉત્પન્ન થયેલ શુભઅશુભ કર્મ મોક્ષનું કારણ નથી. એવું જાણી

શુભઅશુભ કર્મ હેય અથવા ત્યાજ્ય છે-આ કથનની મુખ્યતાથી નવ ગાથાઓ પૂરી થઈ.

બીજી પાતનિકાના અભિપ્રાયથી પાપાધિકારના વ્યાખ્યાનની મુખ્યતાથી આ કથન પુરું થયું. અહિંયા શિષ્ય પૂછે છે કે વ્યવહાર રત્નત્રયનું કથન કર્યું છે તો તે પાપાધિકાર કેવી રીતે છે ? એનું નિરાકારણ છે કે જો કે વ્યવહાર મોક્ષમાર્ગ ઉપાદેયરૂપ નિશ્ચય રત્નત્રયના કારણરૂપ હોવાથી ઉપાદેય છે, પરંપરા એ જીવની પવિત્રતાનું કારણ હોવાથી પવિત્ર છે, તો પણ વ્યવહાર મોક્ષમાર્ગમાં બાહ્ય દ્રવ્યનું આલંબન હોવાથી, પરાધીનતા હોવાથી સ્વતંત્રતાનો નાશ થાય છે, આ એક કારણ છે. નિર્વિકલ્પ સમાધિવાળા, વ્યવહાર વિકલ્પના અવલંબનથી આત્મા સ્વરૂપથી પતિત થાય છે. આ બીજું કારણ છે. આ રીતે નિશ્ચયનયથી અપેક્ષાએ પાપ છે અથવા સમ્યક્ત્વ આદિના વિપક્ષરૂપ મિથ્યાત્વ આદિનું વ્યાખ્યાન કર્યું છે તેથી આ પાપાધિકાર છે. ત્યાં આ પ્રકારથી હોવાને લીધે વ્યવહારનયથી પુણ્યપાપરૂપથી કર્મ બે પ્રકારના છે, તો પણ નિશ્ચયથી શૃંગાર રહિત પાત્રની જેમ પુદ્‌ગલરૂપથી એકરૂપ થઈને રંગભૂમિમાંથી બહાર નીકળી ગયા.

આ રીતે જયસેનઆચાર્યકૃત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળી સમયસારની તાત્પર્યવૃત્તિ નામક ટીકામાં ત્રણ સ્થળોના સમુદાયથી ઓગણીસ ગાથાઓ દ્વારા ચોથો પુણ્યપાપ અધિકાર સમાપ્ત થયો.

卐

*પ્રશ્ન :- દ્રવ્ય અને ગુણોમાં કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ કઈ પ્રકારથી છે ?*

*ઉત્તર :- નિશ્ચય સ્વરૂપના જ્ઞાતા જૈનાચાર્ય, જેમ હિમાચલ અને વિંધ્યાચલ પર્વતમાં ભિન્નપણું છે અથવા એકક્ષેત્રમાં રહેલા જલ અને દૂધમાં ભિન્ન પ્રદેશપણું છે એવું ભિન્નપણું દ્રવ્ય અને ગુણોમાં માનતા નથી, તોપણ એકાંતથી દ્રવ્ય અને ગુણોનું એકપણું પણ માનતાં નથી. અર્થાત્ જેમ દ્રવ્ય અને ગુણોમાં પ્રદેશોની અપેક્ષાથી અભિન્નપણું છે, તેમ સંજ્ઞા આદિની અપેક્ષાએ પણ એકપણું છે એમ માનતાં નથી. અર્થાત્ એકાંતથી દ્રવ્ય ને ગુણોનું ન એકપણું માને છે ન ભિન્નપણું માને છે. અપેક્ષા વિના એકત્વ, અન્યત્વ બન્ને માનતા નથી. પરંતુ ભિન્ન ભિન્ન અપેક્ષાથી બન્ને સ્વભાવોને માને છે. પ્રદેશોની એકતાથી એકપણું છે. સંજ્ઞાદિની અપેક્ષાએ દ્રવ્ય અને ગુણોમાં અન્યપણું છે-એમ આચાર્ય માને છે.*

*(શ્રી જયસેનઆચાર્ય - પંચાસ્તિકાય ટીકા ગાથા-૪૫)*

*(આત્મધર્મ અંક-૪૨૩, જાન્યુઆરી-૧૯૭૯, ટાઈટલ પૃષ્ઠ ૩)*

# આસ્રવ અધિકાર

તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠીકા અનુવાદ : હવે આસ્રવ પ્રવેશ કરે છે. જ્યાં સમ્યક્ ભેદજ્ઞાનની ભાવનારૂપ પરિણત કારણસમયસારરૂપ સંવર નથી, ત્યાં આસ્રવ હોય છે. એ રીતે સંવરના વિપક્ષરૂપથી સત્તર ગાથાઓ સુધી આસ્રવનું વ્યાખ્યાન કરે છે. ત્યાં પ્રથમ તો વીતરાગ સમ્યગ્દ્રષ્ટિ જીવને રાગદ્વેષમોહરૂપ આસ્રવો નથી હોતા એવું સંક્ષેપમાં સંવરના વ્યાખ્યાનરૂપથી ત્રણ ગાથાઓ છે. ત્યારબાદ રાગદ્વેષમોહરૂપ આસ્રવોનું ફરીથી વિશેષ વિવરણ (કરવાની) મુખ્યતાથી ત્રણ સ્વતંત્ર ગાથાઓ છે.

ત્યારબાદ કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્ય સમયસારના કારણરૂપ નિશ્ચયરત્નત્રય પરિણત સમ્યક્જ્ઞાની જીવના રાગાદિ ભાવ પ્રત્યયના નિષેધની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. ત્યારબાદ તે જ જ્ઞાની જીવના મિથ્યાત્વાદિ દ્રવ્ય પ્રત્યયો ની સત્તા હોવા છતાં વીતરાગ ચારિત્રના ભાવનાના બળથી રાગાદિ ભાવ પ્રત્યયના નિષેધની મુખ્યતાથી ચાર ગાથાઓ છે. ત્યારબાદ નવીન દ્રવ્યકર્મના આસ્રવનું કારણ ઉદયાગત દ્રવ્ય પ્રત્યય હોય છે અને તે દ્રવ્ય પ્રત્યયોનું કારણ જીવગત રાગાદિ ભાવરૂપ ભાવ પ્રત્યય છે આ પ્રકારે વ્યાખ્યાનની મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર કહે છે. આવી રીતે સમુહરૂપથી સત્તર ગાથા દ્વારા પાંચ સ્થળો દ્વારા આસ્રવ અધિકારની સમુદાય પાતનિકા છે.

હવે આસ્રવનું સ્વરૂપ કહે છેઃ–

**મિથ્યાત્વ ને અવિરત, કષાયો, યોગ ૧સંજ્ઞ ૨અસંજ્ઞ છે,**
**૧એ વિવિધ ભેદે જીવમાં, જીવના અનન્ય પરિણામ છે; ૧૬૪.**
**વળી ૨તેહ જ્ઞાનાવરણઆદિક કર્મનાં કારણ બને,**
**ને તેમનું પણ જીવ બને જે રાગદ્વેષાદિક કરે. ૧૬૫.**

**ગાથાર્થઃ-** [ मिथ्यात्वम् ] મિથ્યાત્વ, [ अविरमणं ] અવિરમણ, [ कषाययोगौ च ] કષાય અને યોગ–એ આસ્રવો [ संज्ञासंज्ञाः तु ] સંજ્ઞ ( અર્થાત્ ચેતનના વિકાર ) પણ છે અને અસંજ્ઞ ( અર્થાત્ પુદ્‌ગલના વિકાર ) પણ છે. [ बहुविधभेदाः ] વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો– [ जीवे ] કે જેઓ જીવમાં ઉત્પન્ન થાય છે તેઓ– [ तस्य एव ] જીવના જ [ अनन्यपरिणामाः ] અનન્ય પરિણામ છે. [ ते तु ] વળી અસંજ્ઞ આસ્રવો [ ज्ञानावरणाद्यस्य कर्मणः ] જ્ઞાનાવરણ આદિ કર્મનું [ कारणं ] કારણ ( નિમિત્ત ) [ भवन्ति ] થાય છે [ च ] અને [ तेषाम् अपि ] તેમને પણ ( અર્થાત્ અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં ) [ रागद्वेषादिभावकरः जीवः ] રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ [ भवति ] કારણ ( નિમિત્ત ) થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬૪, ૧૬૫)**

ઉત્થાનિકા : હવે દ્રવ્યાસ્રવ તથા ભાવાસ્રવનું સ્વરૂપ કહીએ છીએ.

તાત્પર્યવૃત્તિ : આ પદમાં પ્રાકૃત વ્યાકરણ અનુસાર અકારનો લોપ થઈ ગયો છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ છે.

(પ્રશ્ન) તે કેવા છે ?

(ઉત્તર) તે ભાવપ્રત્યય તથા દ્રવ્ય પ્રત્યય રૂપથી સંજ્ઞા અર્થાત્ ચેતન તથા અસંજ્ઞા અર્થાત્ અચેતનરૂપ છે. અથવા સંજ્ઞા અર્થાત્ આહાર, ભય મૈથુન અને પરિગ્રહ ભાવરૂપ છે. તથા અસંજ્ઞા અથવા ઈર્ષત્ સંજ્ઞા અર્થાત્ આલોકની આકાંક્ષા, પરલોકની આકાંક્ષા, કુધર્મની આકાંક્ષા એ રીતે ત્રણ પ્રકારે છે.

(પ્રશ્ન) તે કેવા છે ?

(ઉત્તર) તે પ્રત્યય ઉત્તર (પેટા) ભેદથી ઘણાં પ્રકારના છે.

(પ્રશ્ન) તે શેમાં છે ?

(ઉત્તર) તે અધિકરણ સ્વરૂપ જીવમાં છે.

(પ્રશ્ન) અને તે કેવા છે ?

(ઉત્તર) તે શુદ્ધ નિશ્ચયનયથી તે જીવના જ અનન્ય પરિણામ છે, અભિન્ન પરિણામ છે. અને તે પૂર્વોક્ત દ્રવ્ય પ્રત્યય ઉદયમાં આવતા થકા નિશ્ચય ચારિત્રના અવિનાભાવી વિતરાગ સમ્યક્ત્વનો અભાવ હોવાથી શુદ્ધાત્મ સ્વરૂપથી પડવાવાળા જીવોને જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકારના દ્રવ્યકર્માસ્રવના કારણભૂત થાય છે. અને એ દ્રવ્ય પ્રત્યયોનું કારણ (રાગદ્વેષાદિ ભાવ પ્રત્યયરૂપ પરિણત) જીવ થાય છે.

(પ્રશ્ન) કેવો જીવ કારણ થાય છે ?

(ઉત્તર) રાગદ્વેષાદિ ભાવરૂપ પરિણત જીવ કારણ થાય છે.

અહિંયા આ ભાવાર્થ છે કે દ્રવ્ય પ્રત્યયનો ઉદય થવાથી શુદ્ધાત્મ ભાવનાને છોડીને જ્યારે જીવ રાગાદિભાવે પરિણમન કરે છે ત્યારે બંધ થાય છે. કેવળ દ્રવ્યકર્મોના ઉદયમાત્રથી બંધ થતો નથી. જો દ્રવ્યકર્મના ઉદય માત્રથી બંધ થાય ત્યારે તો હંમેશા જ કર્મોદય વિદ્યમાન હોવાને કારણે હંમેશા સંસાર જ બન્યો રહે.

(પ્રશ્ન) કયા કારણથી સંસાર (બન્યો રહે) ?

(ઉત્તર) કેમકે સંસારી જીવોને હંમેશા જ કર્મોદયની વિદ્યમાનતા હોય છે, તે કારણે સંસાર બન્યો રહે

(પ્રશ્ન) તો પછી દ્રવ્ય કર્મોદય બંધનું કારણ નથી ?

(ઉત્તર) કર્મોદય બંધનું કારણ નથી એમ નથી. નિર્વિકલ્પ સમાધિથી ભ્રષ્ટ જીવોના મોહ સહિત કર્મોદય વ્યવહારથી નિમિત્ત છે. પરંતુ નિશ્ચયથી અશુદ્ધ ઉપાદાન કારણરૂપ પોતાના જ રાગાદિ અજ્ઞાનભાવ (બંધનું) નિમિત્ત કારણ છે.

હવે જ્ઞાનીને આસ્રવોનો ( ભાવાસ્ત્રવોનો ) અભાવ છે એમ બતાવે છેઃ–

**સુદૃષ્ટિને આસ્રવનિમિત્ત ન બંધ, આસ્રવરોધ છે;**

**નહિ બાંધતો, જાણે જ પૂર્વનિબદ્ધ જે સત્તા વિષે. ૧૬૬.**

**ગાથાર્થઃ-** [ सम्यग्द्दष्टेः तु ] સમ્યગ્દૃષ્ટિને [ आस्रवबन्धः ] આસ્રવ જેનું નિમિત્ત છે એવો બંધ [ नास्ति ] નથી, [ आस्रवनिरोधः ] ( કારણ કે ) આસ્રવનો ( ભાવાસ્રવનો ) નિરોધ છે; [ तानि ] નવાં કર્મોને [ अबध्नन् ] નહિ બાંધતો [ सः ] તે, [ सन्ति ] સત્તામાં રહેલાં [ पूर्वनिबद्धानि ] પૂર્વે બંધાયેલાં કર્મોને [ जानाति ] જાણે જ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬૬)**

ઉત્થાનિકા : હવે વીતરાગ સ્વસંવેદન જ્ઞાની જીવને રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવાસ્રવોનો અભાવ બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : પદખંડના રૂપથી વ્યાખ્યાન કરે છે. નથી હોતા.

(પ્રશ્ન) કોણ ? (નથી હોતા)

(ઉત્તર) તે આસ્રવ અને બંધ (નથી હોતા). આ ગાથામાં ફરી સમાહાર દ્વંદ સમાસની અપેક્ષાથી દ્વિવચન હોવા છતાં પણ એકવચન (નો પ્રયોગ) કર્યો છે. (અર્થાત્ આસ્રવો અને બંધ બે પદોને મેળવીને દ્વંદ સમાસ કર્યો તથા એકવચનમાં રાખવામાં આવ્યો.

(પ્રશ્ન) કોને આસ્રવ અને બંધ નથી હોતા ?

(ઉત્તર) સમ્યગ્દૃષ્ટિ જીવને (આસ્રવ અને બંધ નથી હોતા)

(પ્રશ્ન) તો (પછી) શું હોય છે ?)

(ઉત્તર) આસ્રવના નિરોધરૂપ લક્ષણવાળું સંવર (હોય) છે. (તેથી) તે સમ્યક્દૃષ્ટિ વિદ્યમાન તે પૂર્વમા બાંધેલા જ્ઞાનાવરણાદિ કર્મોને અથવા પ્રત્યયની અપેક્ષાએ પૂર્વબદ્ધ મિથ્યાત્વ આદિ પ્રત્યયોને વસ્તુ સ્વરૂપથી જાણે છે.

(પ્રશ્ન) શું કરતો થકો (જાણે) છે ?

(ઉત્તર) વિશિષ્ટ ભેદજ્ઞાનના બળથી નવા (કર્મોને) ન બાંધતો થકો અથવા ઉપાર્જન ન કરતો થકો (જાણે) છે. એ પ્રકારે અહિંયા આ ભાવાર્થ છે કે સરાગ તથા વીતરાગના ભેદથી સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારે છે. ત્યાં જે સરાગ સમ્યગ્દૃષ્ટિ છે, એના વિષયમાં ગોમ્મટસાર કર્મકાંડ ગાથા ૯૪ માં કહ્યું છે.

(જે આ પ્રકારે) પ્રથમ ગુણસ્થાનમાં સોળ પ્રકૃતિઓની (બંધવ્યુચ્છિતિ થાય છે) સાસાદન ગુણસ્થાનમાં પચ્ચીસ પ્રકૃતિઓની, મિશ્રગુણસ્થાનમાં શૂન્ય, અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં દસ પ્રકૃતિઓની, દેશસંયત ગુણસ્થાનમાં ચાર પ્રકૃતિઓની, પ્રમતસંયત ગુણસ્થાનમાં છ પ્રકૃતિઓની, અપ્રમત ગુણસ્થાનમાં એક, અપૂર્વકરણ ગુણસ્થાનના પ્રથમ ભાગમાં બે, છઠ્ઠા ભાગમાં ત્રીસ,

સાતમા ભાગમાં ચાર, અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં પાંચ, સૂક્ષ્મ સામ્પરાય ગુણસ્થામાં સોળ તેમજ સયોગ કેવળી ગુણસ્થાનમાં એક પ્રકૃતિની બંધ વ્યુચ્છિતિ થાય છે.

એ રીતે બંધ ત્રિભંગ કથિત બંધ વિચ્છેદ ક્રમથી મિથ્યાદષ્ટિની અપેક્ષાએ (સમ્યગ્દષ્ટિ) તેતાલીસ કર્મ પ્રકૃતિઓનો અબંધક છે. તે (સરાગ) સમ્યગ્દષ્ટિ સિતોતેર પ્રકૃતિઓની અલ્પસ્થિતિ તથા અલ્પ અનુભાગનો બંધક હોવા છતાં પણ સંસાર સ્થિતિનો છેદક છે, તેથી ચોથા ગુણસ્થાનવાળો જીવ અબંધક છે. એવી રીતે અવિરત સમ્યગ્દષ્ટિથી લઈને યથાસંભવ સરાગ સમ્યક્ત્વ સુધી નીચેના ગુણસ્થાનની અપેક્ષાથી તારતમ્યતાથી અબંધક છે, અને ઉપરના ગુણસ્થાનોની અપેક્ષાએ બંધક છે. ત્યારબાદ વીતરાગ સમ્યગ્દષ્ટિ થયા બાદ સાક્ષાત્ અબંધક છે. એમ માનીને 'અમે સમ્યગ્દષ્ટિ છીએ અમને સર્વથા બંધ નથી' એવું ન કહેવું જોઈએ. આ રીતે આસ્રવ વિપક્ષી (સંવર) ની સંક્ષેપમાં સૂચનારૂપ વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે, રાગદ્વેષમોહ જ આસ્રવ છે એવો નિયમ કરે છેઃ–

**રાગાદિયુત જે ભાવ જીવકૃત તેહને બંધક કહ્યો;**
**રાગાદિથી પ્રવિમુક્ત તે બંધક નહીં, જ્ઞાયક નર્યો. ૧૬૭.**

**ગાથાર્થઃ-** [ जीवेन कृतः ] જીવે કરેલો [ रागादियुतः ] રાગાદિયુક્ત [ भावः तु ] ભાવ [ बन्धकः भणितः ] બંધક ( અર્થાત્ નવાં કર્મનો બંધ કરનાર ) કહેવામાં આવ્યો છે. [ रागादिविप्रमुक्तः ] રાગાદિથી વિમુક્ત ભાવ [ अबन्धकः ] બંધક નથી, [ केवलम् ज्ञायकः ] કેવળ જ્ઞાયક જ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬૭)**

ઉત્થાનિકા : હવે રાગ-દ્વેષ-મોહ ભાવોને જ આસ્રવપણું નિશ્ચિત કરે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે ચુંબકપાષાણના સંપર્કથી ઉત્પન્ન ભાવ કે પરિણામ લોખંડની સોય ને પ્રેરિત કરે છે તેવી રીતે જીવકૃત અજ્ઞાનથી ઉત્પન્ન રાગાદિભાવ કે પરિણતિ વિશેષ કર્તા થઈને શુદ્ધ સ્વભાવથી સાનંદ-અવયવ, અનાદિ અનંત શક્તિથી પ્રકાશિત, નિર્મળ ગુણ સ્વરૂપ જીવને શુદ્ધ સ્વભાવથી ચ્યુત કરીને કર્મબંધ કરવામાં પ્રેરિત કરે છે. જેવી રીતે ચુંબકપાષાણના સંપર્કથી રહિતભાવ કે પરિણતિ વિશેષ (ભાવ) લોખંડની સોયને પ્રેરિત નથી કરતું એવી રીતે અજ્ઞાનરૂપ રાગાદિભાવથી રહિત ભાવ અબંધક હોવાથી જીવને કર્મબંધ કરવા માટે પ્રેરિત નથી કરતું.

(પ્રશ્ન) તો શું કરે છે ?

(ઉત્તર) પૂર્વે કહેલા શુદ્ધ સ્વભાવમાં સ્થાપિત કરે છે તેથી જાણવામાં આવે છે કે અરાગી ચૈતન્ય ચિતચમત્કાર માત્ર પરમાર્થ પદાર્થથી ભિન્ન રાગ-દ્વેષ-મોહ જ બંધના કારણ છે.

હવે રાગાદિ સાથે નહિ મળેલા ભાવની ઉત્પત્તિ બતાવે છેઃ-

**ફળ પકવ ખરતાં, વૃંત સહ સંબંધ ફરી પામે નહીં,**
**ત્યમ કર્મભાવ ખર્યે, ફરી જીવમાં ઉદય પામે નહીં. ૧૬૮.**

**ગાથાર્થઃ**-[ यथा ] જેમ [ पक्वे फले ] પાકું ફળ [ पतिते ] ખરી પડતાં [ पुनः ] ફરીને [ फलं ] ફળ [ वृन्तैः ] ડીંટા સાથે [ न बध्यते ] જોડાતું નથી, તેમ [ जीवस्य ] જીવને [ कर्मभावे ] કર્મભાવ [ पतिते ] ખરી જતાં ( અર્થાત્ છૂટો થતાં ) [ पुनः ] ફરીને [ उदयम् न उपैति ] ઉત્પન્ન થતો નથી ( અર્થાત્ જીવ સાથે જોડાતો નથી ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬૮)**

ઉત્થાનિકા : હવે રાગાદિ રહિત શુદ્ધ સ્વભાવની સંભાવના (પ્રગટ થવું) બતાવીએ છીએ.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે પાકેલા ફળના પડી ગયા પછી ફરીને તે ફળ ડાળી પર બંધાતું નથી તેવી રીતે તત્ત્વજ્ઞાની જીવને શાતા-અશાતાના ઉદયથી ઉત્પન્ન સુખદુઃખ કર્મભાવ કે (તેવી) પર્યાયના નાશ કે ક્ષીણ થઈ જવાથી કે (તેવી પર્યાયની) નિર્જરા થવાથી રાગદ્વેષમોહનો અભાવ થવાથી ફરી તે કર્મબંધને પ્રાપ્ત નથી થતા. અને ઉદયને પણ પ્રાપ્ત નથી થતા. એટલા માટે રાગાદિનો અભાવ થવાથી શુદ્ધભાવ પ્રગટ થાય છે. અને એટલે સમ્યગ્દષ્ટિ જીવને નિર્વિકાર સ્વસંવેદનના બળથી સંવરપૂર્વક નિર્જરા થાય છે.

હવે, જ્ઞાનીને દ્રવ્યાસ્ત્રવનો અભાવ છે એમ બતાવે છેઃ-

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા તે જ્ઞાનીને,**
**છે પૃથ્વીપિંડ સમાન ને સૌ કર્મશરીરે બદ્ધ છે. ૧૬૯.**

**ગાથાર્થઃ**- [ तस्य ज्ञानिनः ] તે જ્ઞાનીને [ पूर्वनिबद्धाः तु ] પૂર્વે બંધાયેલા [ सर्वे अपि ] સમસ્ત [ प्रत्ययाः ] પ્રત્યયો [ पृथ्वीपिण्डसमानाः ] માટીનાં ઢેફાં સમાન છે [ तु ] અને [ ते ] તે [ कर्मशरीरेण ] ( માત્ર ) કાર્મણ શરીર સાથે [ बद्धाः ] બંધાયેલ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૬૯)**

ઉત્થાનિકા : હવે જ્ઞાનીને નવા દ્રવ્યાસ્રવનો અભાવ બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : પૃથ્વીપિંડ સમાન (માટીના ઢેફા સમાન) અકિંચિત્કર હોય છે.

(પ્રશ્ન) તે કોણ છે ?

(ઉત્તર) તે પૂર્વનિબદ્ધ મિથ્યાત્વ આદિ દ્રવ્ય પ્રત્યય છે.

(પ્રશ્ન) કોને ?

(ઉત્તર) તે વીતરાગી સમ્યગ્દષ્ટિ જીવને કેમકે તે રાગાદિકના જનક નથી થતાં તે કારણથી નવીન દ્રવ્યકર્મનો બંધ નથી થતો.

(પ્રશ્ન) તો પૃથ્વી પિંડ સમાન હોતાં થકા કયા રૂપમાં રહે છે ?

(ઉત્તર) તે પ્રત્યક્ષ કાર્મણ શરીરરૂપે જ બંધાયેલા રહે છે અને રાગાદિભાવ પરિણત જીવરૂપથી નથી રહેતાં.

(પ્રશ્ન) કોને નથી રહેતા ?

(ઉત્તર) નિર્મળ આત્માનુભૂતિ લક્ષણવાળા ભેદવિજ્ઞાની જીવને (નથી રહેતા) થોડું વિશેષ કહે છે કે મુઠ્ઠીમાં રાખેલા ઝેરની જેમ જો કે દ્રવ્ય પ્રત્યય કાર્મણ શરીરરૂપથી રહે છે તો પણ (તેના) ઉદયના અભાવમાં સુખદુઃખ વિકૃતિરૂપ બાધા નથી કરતા તે કારણથી જ્ઞાની જીવને નવીન કર્મોના આસ્રવનો અભાવ છે એમ ભાવાર્થ છે આ રીતે રાગદ્વેષ મોહરૂપ આસ્રવોના વિશેષ વિવરણરૂપથી સ્વતંત્ર ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે પૂછે છે કે જ્ઞાની નિરાસ્ત્રવ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છેઃ-

**ચઉવિધ પ્રત્યય સમયસમયે જ્ઞાનદર્શનગુણથી**
**બહુભેદ બાંધે કર્મ, તેથી જ્ઞાની તો બંધક નથી. ૧૭૦.**

**ગાથાર્થઃ-** [ यस्मात् ] કારણ કે [ चतुर्विधाः ] ચાર પ્રકારના દ્રવ્યાસ્રવો [ ज्ञानदर्शनगुणाभ्याम् ] જ્ઞાનદર્શનગુણો વડે [ समये समये ] સમયે સમયે [ अनेकभेदं ] અનેક પ્રકારનું કર્મ [ बध्नन्ति ] બાંધે છે [ तेन ] તેથી [ ज्ञानी तु ] જ્ઞાની તો [ अबन्धः इति ] અબંધ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭૦)**

ઉત્થાનિકા : હવે સમ્યગ્જ્ઞાની જીવ નિરાસ્રવી કેવી રીતે છે એમ પૂછે છે.

તાત્પર્યવૃત્તિ : ચહૂવિહ આ શબ્દ બહુવચન હોવાથી તેમાં પ્રાકૃત વ્યાકરણના લક્ષણબળથી હ્રસ્વપણું છે.

ચાર પ્રકારના મૂળ પ્રત્યય (કર્મ) કર્તા થઈને જ્ઞાનાવરણાદિ ભેદરૂપ અનેક કર્મોને કરે છે.

(પ્રશ્ન) કોના દ્વારા ? (કર્મને કરે છે ?)

(ઉત્તર) જ્ઞાન દર્શન ગુણો દ્વારા કર્મોને કરે છે.

જ્ઞાન અને દર્શન કેવી રીતે બંધના કારણરૂપ છે એવું પૂછવા પર કહે છે કે અહિંયા એ ભાવ છે કે દ્રવ્ય પ્રત્યયોના ઉદયમાં આવવાથી (તે) જીવના જ્ઞાનગુણ દર્શનગુણ બંને રાગાદિ અજ્ઞાનભાવથી પરિણમન કરે છે ત્યારે રાગાદિ અજ્ઞાનભાવરૂપ પરિણત જ્ઞાન અને દર્શન બંને ગુણ બંધના કારણ થાય છે. તેથી રાગાદિ અજ્ઞાનભાવથી પરિણત જ્ઞાન અને દર્શન બંને ગુણને અજ્ઞાન જ કહેવામાં આવે છે. આને જ કોઈ વ્યક્તિ આ પ્રકારે પાઠાન્તર કરે છે. કેમકે પ્રતિસમય પ્રત્યય કર્તા છે. જ્ઞાન દર્શન ગુણને રાગાદિ અજ્ઞાનભાવરૂપ પરિણત (પરિણમાવીને) કરીને નવીન કર્મોને કરે છે. આ

**કારણથી ભેદજ્ઞાની બંધક નથી પરંતુ જ્ઞાન દર્શનના મલિનપણાથી પ્રત્યય જ બંધક છે. આ રીતે જ્ઞાનીને નિરાસ્રવપણું સિદ્ધ થયું.**

હવે વળી પૂછે છે કે જ્ઞાનગુણનું પરિણમન બંધનું કારણ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છેઃ–

**જે જ્ઞાનગુણની જઘન્યતામાં વર્તતો ગુણ જ્ઞાનનો,**
**ફરીફરી પ્રણમતો અન્યરૂપમાં, તેથી તે બંધક કહ્યો. ૧૭૧.**

**ગાથાર્થઃ-** [ यस्मात् तु ] કારણ કે [ ज्ञानगुणः ] જ્ઞાનગુણ, [ जघन्यात् ज्ञानगुणात् ] જઘન્ય જ્ઞાનગુણને લીધે [ पुनरपि ] ફરીને પણ [ अन्यत्वं ] અન્યપણે [ परिणमते ] પરિણમે છે, [ तेन तु ] તેથી [ सः ] તે ( જ્ઞાનગુણ ) [ बन्धकः ] કર્મનો બંધક [ भणितः ] કહેવામાં આવ્યો છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭૧)**

ઉત્થાનિકા : હવે જ્ઞાન ગુણ (નું) પરિણામ કયા પ્રકારથી બંધનો હેતુ છે એમ ફરીને પૂછે છે.

તાત્પર્યવૃત્તિ : કેમકે યથાખ્યાત ચારિત્ર પહેલા જઘન્ય કે હીણીદશારૂપ કે કષાયરૂપ સહિત જ્ઞાનગુણ છે. તે કારણથી જ્ઞાનગુણ જઘન્યરૂપ જ હોવાથી જીવ, નિર્વિકલ્પ સમાધિમાં અંતર્મુહૂર્તથી વધારે કાળ સુધી રહી શકતો નથી, તે કારણથી અન્ય સવિકલ્પ પર્યાયરૂપ પરિણમન કરે છે.

(પ્રશ્ન) તે પરિણમ કોણ કરે છે ?

(ઉત્તર) તે જ્ઞાનગુણ કરે છે. તે સવિકલ્પદશા કષાયભાવ હોવાથી અથવા તે સવિકલ્પભાવથી જ્ઞાનગુણને બંધકભાવ કહેવાય છે.

અથવા બીજું વ્યાખ્યાન એ છે કે, જઘન્યથી શું અર્થ છે ? જઘન્યથી અર્થાત્ મિથ્યાદૃષ્ટિના જ્ઞાનગુણથી કાળલબ્ધિવશ સમ્યક્ત્વની પ્રાપ્તિ થયે જ્ઞાનગુણ મિથ્યાપર્યાયને છોડી અન્યપણાને એટલે કે સમ્યગ્જ્ઞાનપણારૂપ પરિણમન કરે છે. તે કારણથી તે જ્ઞાનગુણને અથવા જ્ઞાનગુણ પરિણત જીવને અબંધક કહ્યો છે. એવો આશય છે.

હવે વળી ફરી પૂછે છે કે–જો આમ છે ( અર્થાત્ જ્ઞાનગુણનો જઘન્ય ભાવ બંધનું કારણ છે ) તો પછી જ્ઞાની નિરાસ્ત્રવ કઈ રીતે છે ? તેના ઉત્તરની ગાથા કહે છેઃ–

**ચારિત્ર દર્શન, જ્ઞાન જેથી જઘન્ય ભાવે પરિણમે,**
**તેથી જ જ્ઞાની વિવિધ પુદ્ગલકર્મથી બંધાય છે. ૧૭૨.**

**ગાથાર્થઃ-** [ यत् ] કારણ કે [ दर्शनज्ञानचारित्रं ] દર્શન–જ્ઞાન–ચારિત્ર [ जघन्यभावेन ] જઘન્ય ભાવે [ परिणमते ] પરિણમે છે [ तेन तु ] તેથી [ ज्ञानी ] જ્ઞાની [ विविधेन ] અનેક

પ્રકારના [ पुद्‌गलकर्मणा ] પુદ્‌ગલકર્મથી [ बध्यते ] બંધાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭૨)**

ઉત્થાનિકા : હવે યથાખ્યાત ચારિત્રથી નીચેના ગુણસ્થાનોમાં અંતર્મુહૂર્તથી વધારે કાળ સુધી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર નથી રહી શકતા. એમ પહેલા કહેવામાં આવ્યું છે. એવું હોય તો સમ્યગ્જ્ઞાની જીવ નિરાસ્રવ કેમ છે ? એવું પૂછવાથી કહે છે.

તાત્પર્યવૃત્તિ : પ્રથમ તો જ્ઞાની (ને) ઈચ્છાપૂર્વક રાગાદિ વિકલ્પ કરવાનો અભાવ હોવાથી નિરાસ્રવ જ છે. પરંતુ તે પણ જેટલો સમય પરમ સમાધિરૂપ અનુષ્ઠાનનો અભાવ હોવાથી શુદ્ધાત્મ સ્વરૂપને જોવા માટે, જાણવા માટે, રમણ કરવાને માટે અસમર્થ છે, એટલો સમય એના પણ જે દર્શન, જ્ઞાન, ચારિત્ર છે એનું જઘન્યભાવરૂપથી અર્થાત્ કષાયભાવરૂપથી અનિચ્છાવૃત્તિરૂપથી પરિણમન કરે છે. તે કારણથી તે ભેદજ્ઞાની પોતાના ગુણસ્થાન અનુસાર પરંપરા મુક્તિના કારણસ્વરૂપ તીર્થંકર નામકર્મ પ્રકૃતિ આદિ પુદ્‌ગલરૂપ વિવિધ પુણ્યકર્મોથી બંધાય છે. એવું જાણીને ખ્યાતિ, પૂજા, લાભ, ભોગ, આકાંક્ષારૂપ નિદાનબંધ આદિ વિભાવ પરિણામના ત્યાગથી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને શુદ્ધાત્મ સ્વરૂપને ત્યાં સુધી જોવું જોઈએ, જાણવું જોઈએ અને અનુચરણ કરવું જોઈએ કે જ્યાં સુધી એને શુદ્ધાત્મ સ્વરૂપનું પરિપૂર્ણ કેવળજ્ઞાનરૂપ ભાવ જોવામાં આવે, જાણવામાં આવે અને અનુચરણ કરવામાં આવી જાય એવો ભાવાર્થ છે. આ રીતે જ્ઞાનીને ભાવાસ્રવ નથી હોતા, એવા કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે પૂર્વોક્ત આશંકાના ઉત્તરની ગાથા કહે છેઃ–

**જે સર્વ પૂર્વનિબદ્ધ પ્રત્યય વર્તતા સુદૃષ્ટિને,**
**ઉપયોગને પ્રાયોગ્ય બંધન કર્મભાવ વડે કરે. ૧૭૩.**
**અણભોગ્ય બની ઉપભોગ્ય જે રીત થાય તે રીત બાંધતા,**
**જ્ઞાનાવરણ ઇત્યાદિ કર્મો સપ્ત-અષ્ટ પ્રકારનાં. ૧૭૪.**
**સત્તા વિષે તે નિરુપભોગ્ય જ, બાળ સ્ત્રી જ્યમ પુરુષને;**
**ઉપભોગ્ય બનતાં તેહ બાંધે, યુવતી જેમ પુરુષને. ૧૭૫.**
**આ કારણે સમ્યક્ત્વસંયુત જીવ અણબંધક કહ્યા,**
**આસરવભાવઅભાવમાં નહિ પ્રત્યયો બંધક કહ્યા. ૧૭૬.**

**ગાથાર્થ:-** [ सम्यग्दृष्टेः ] સમ્યગ્દૃષ્ટિને [ सर्वे ] બધા [ पूर्वनिबद्धाः तु ] પૂર્વે બંધાયેલા [ प्रत्ययाः ] પ્રત્યયો ( દ્રવ્ય આસ્રવો ) [ सन्ति ] સત્તારૂપે મોજૂદ છે તેઓ [ उपयोगप्रायोग्यं ] ઉપયોગના પ્રયોગ અનુસાર, [ कर्मभावेन ] કર્મભાવ વડે ( –રાગાદિક વડે ) [ बध्नन्ति ] નવો બંધ કરે છે. તે પ્રત્યયો, [ निरुपभोग्यानि ] નિરુપભોગ્ય [ भूत्वा ] રહીને પછી [ यथा ] જે રીતે

[ उपभोग्यानि ] ઉપભોગ્ય [ भवन्ति ] થાય છે [ तथा ] તે રીતે, [ ज्ञानावरणादिभावैः ] જ્ઞાનાવરણાદિ ભાવે [ सप्ताष्टविधानि भूतानि ] સાત–આઠ પ્રકારનાં થયેલાં એવાં કર્મોને [ बध्नाति ] બાંધે છે. [ सन्ति तु ] સત્તા–અવસ્થામાં તેઓ [ निरुपभोग्यानि ] નિરુપભોગ્ય છે અર્થાત્ ભોગવવાયોગ્ય નથી– [ यथा ] જેમ [ इह ] જગતમાં [ बाला स्त्री ] બાળ સ્ત્રી [ पुरुषस्य ] પુરુષને નિરુપભોગ્ય છે તેમ; [ तानि ] તેઓ [ उपभोग्यानि ] ઉપભોગ્ય અર્થાત્ ભોગવવાયોગ્ય થતાં [ बध्नाति ] બંધન કરે છે– [ यथा ] જેમ [ तरुणी स्त्री ] તરુણ સ્ત્રી [ नरस्य ] પુરુષને બાંધે છે તેમ. [ एतेन तु कारणेन ] આ કારણથી [ सम्यद्दष्टिः ] સમ્યગ્દષ્ટિને [ अबन्धकः ] અબંધક [ भणतिः ] કહ્યો છે, કારણ કે [ आस्रवभावाभावे ] આસ્રવભાવના અભાવમાં [ प्रत्ययाः ] પ્રત્યયોને [ बन्धकाः ] ( કર્મના ) બંધક [ न भणिताः ] કહ્યા નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭૩ થી ૧૭૬)**

ઉત્થાનિકા : હવે દ્રવ્ય પ્રત્યયો વિદ્યમાન હોવા છતાં જ્ઞાની કેમ નિરાસ્રવ છે ? એવું પૂછવાથી કહે છે.

તાત્પર્યવૃત્તિ : પ્રથમ તો સમ્યગ્દષ્ટિને પૂર્વનિબદ્ધ બધા પ્રત્યયો છે જો કે (તે પ્રત્યયો સત્તામાં) વિદ્યમાન રહે છે. તો પણ તે ઉપયોગમાં આવવા પર કે ઉદયને પ્રાપ્ત થવા સમયે તત્કાળ કર્મબંધને કરે છે.

(પ્રશ્ન) શું કરીને ?

(ઉત્તર) રાગાદિભાવરૂપે પરિણમન કરીને (કર્મબંધ કરે છે) (પણ) સત્તામાં વિદ્યમાન હોવા માત્રથી બંધનું કારણ નથી થતા. તે કર્મ ઉદયના પૂર્વે (સત્તામાં રહેવા પર) નિરૂપભાગ્ય હોય છે.

(પ્રશ્ન) કયા દૃષ્ટાંતથી જેમ ?

(ઉત્તર) જેવી રીતે બાળ સ્ત્રી પુરુષને ભોગવવા યોગ્ય નથી હોતી. તેવી રીતે કર્મ ઉદયકાળમાં ઉપભોગ્ય હોય છે અને રાગાદિભાવથી નવીન કર્મને બાંધે છે.

(પ્રશ્ન) કેવી રીતે ? (કર્મને બાંધે છે)

(ઉત્તર) જેવી રીતે યુવાન સ્ત્રી પુરુષને (રાગભાવથી બાંધે છે તેવી રીતે)

હવે તે જ અર્થ ને દૃઢ કરે છે. ઉદયની પહેલા કર્મ નિરૂપભોગ્ય થઈને પોતપોતાના ગુણસ્થાન અનુસાર ઉદયકાળને પ્રાપ્ત થવાથી જેમ જેમ કર્મ ભોગવવા યોગ્ય થાય છે, તેમ તે (જીવના) રાગાદિ ભાવરૂપ પરિણામ દ્વારા આયુબંધના કાળમાં આઠ પ્રકારના કર્મોને અને બાકીના કાળમાં સાત પ્રકારના જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપ પર્યાયથી નવા કર્મોને બાંધે છે. પરંતુ અસ્તિત્વ (સતમાં રહેવા) માત્રથી કર્મબંધ નથી કરતાં. જીવના રાગાદિ ભાવરૂપ આસ્રવના અભાવમાં દ્રવ્ય પ્રત્યય અસ્તિત્વ માત્રથી બંધનું કારણ નથી થતા. આ કારણથી સમ્યગ્દષ્ટિ જીવ અબંધક કહેવામાં આવ્યો છે.

એનો કંઈક વિસ્તાર આ છે કે મિથ્યાદ્દષ્ટિની અપેક્ષાએ ચોથા ગુણસ્થાને સરાગ સમ્યગ્દષ્ટિ તેતાલીસ કર્મ પ્રકૃતિઓનો અબંધક છે સીતોતેર કર્મ પ્રકૃતિઓની અલ્પ સ્થિતિ તેમજ અલ્પ અનુભાગરૂપ બંધ કરવાવાળો હોવા છતાં પણ સંસારની સ્થિતિને ઘટાડે-છેદ કરે છે. જેમકે સિદ્ધાંત આગમમાં કહ્યું છે કે બાર અંગોનું (દ્રવ્ય-ભાવરૂપ) જ્ઞાન હોય છે, એની તીવ્ર ભક્તિરૂપ (સમ્યક્ત્વ) હોય છે તથા અનિવૃત્તિ (અર્થાત્ સમ્યક્ ચારિત્રરૂપ) પરિણામ હોય છે અને કેવળી ભગવાન (દંડ, કપાટ, પ્રતર તથા લોક-પૂરણ) કેવળી સમુદ્ઘાત કરીને સંસારની સ્થિતિનો ઘાત કરવાવાળા હોય છે.

તે આ પ્રકારે કે-ત્યાં વ્યવહારે દ્વાદશાંગશ્રુત સંબંધી બાહ્ય વિષયોનું (જીવાદિ છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવપદાર્થ આદિનું) જ્ઞાન છે તથા નિશ્ચયથી વિતરાગ સ્વસંવેદન લક્ષણવાળું અનુભવ જ્ઞાન છે. ભક્તિને સમ્યક્ત્વ કહેવાય છે. (ત્યાં) વ્યવહારથી સરાગ સમ્યગ્દષ્ટિ દ્વારા પંચપરમેષ્ઠીની આરાધનારૂપ (સમ્યક્ત્વ) છે. નિશ્ચયથી વિતરાગ સમ્યગ્દષ્ટિને શુદ્ધાત્મ તત્ત્વની ભાવનારૂપ (ભક્તિ) સમ્યક્ત્વ છે. શુદ્ધાત્મ સ્વરૂપમાં અચળ એકાગ્ર પરિણતી, એનાથી નિવૃતિ (ચ્યુત) ન થવી અનિવૃતિ છે. ત્યાં એવું હોવાથી નિશ્ચય વ્યવહારરૂપ દ્વાદશાંગનું જ્ઞાન હોય છે. ભક્તિરૂપથી નિશ્ચય-વ્યવહારરૂપ સમ્યક્ત્વ થયું છે અનિવૃત્તિ પરિણામથી સરાગ ચારિત્રના અનન્તર થવાવાળું વીતરાગ ચારિત્ર થયું. આ રીતે સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ભેદ અભેદ રત્નત્રયરૂપથી સંસારનો છેદ-ક્ષય થાય છે.

(પ્રશ્ન) કોના ક્ષય થાય છે ?

(ઉત્તર) છદ્મસ્થોને ક્ષય થાય છે તથા કેવળી ભગવંતોને દંડ, કપાટ, પ્રતર તેમજ લોક પૂરણરૂપ કેવળી સમુદ્ઘાત સંસાર ક્ષયનું કારણ હોય છે.

આ રીતે દ્રવ્ય પ્રત્યયના વિદ્યમાન હોવા છતાં પણ રાગાદિ ભાવ આસ્રવનો અભાવ હોવાથી તે (પ્રત્યય) બંધનું કારણ નથી આ પ્રકારના મુખ્યતાથી ચાર ગાથઓ પૂરી થઈ.

હવે આ અર્થ ના સમર્થનની બે ગાથાઓ કહે છેઃ-

**નહિ રાગદ્વેષ, ન મોહ-એ આસ્રવ નથી સુદૃષ્ટિને,**
**તેથી જ આસ્રવભાવ વિણ નહિ પ્રત્યયો હેતુ બને; ૧૭૭.**
**હેતુ ચતુર્વિધ અષ્ટવિધ કર્મો તણાં કારણ કહ્યા,**
**તેનાંય રાગાદિક કહ્યા, રાગાદિ નહિ ત્યાં બંધ ના. ૧૭૮.**

**ગાથાર્થઃ-** [ रागः ] રાગ, [ द्वेषः ] દ્વેષ [ च मोहः ] અને મોહ- [ आस्रवाः ] એ આસ્રવો [ सम्यग्दृष्टेः ] **સમ્યગ્દષ્ટિને** [ न सन्ति ] **નથી** [ तस्मात् ] **તેથી** [ आस्रवभावेन विना ] આસ્રવભાવ વિના [ प्रत्ययाः ] દ્રવ્યપ્રત્યયો [ हेतवः ] કર્મબંધનાં કારણ [ न भवन्ति ] **થતા નથી.**

[ चतुर्विकल्प हेतुः ] **( મિથ્યાત્વાદિ ) ચાર પ્રકારના હેતુઓ** [ अष्टविकल्पस्य ] **આઠ**

પ્રકારનાં કર્મોનાં [ कारणं ] કારણ [ भणितम् ] કહેવામાં આવ્યા છે, [ च ] અને [ तेषाम् अपि ] તેમને પણ [ रागादय: ] ( જીવના ) રાગાદિ ભાવો કારણ છે; [ तेषाम् अभावे ] તેથી રાગાદિ ભાવોના અભાવમાં [ न बध्यन्ते ] કર્મ બંધાતાં નથી. ( માટે સમ્યગ્દષ્ટિને બંધ નથી. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭૭, ૧૭૮)**

ઉત્થાનિકા : હવે જ્ઞાનીને કર્મબંધના કારણરૂપ રાગદ્વેષમોહ જ નથી. તેથી તેને કર્મબંધ નથી તેમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : સમ્યગ્દ્રષ્ટિ જીવને રાગદ્વેષમોહ નથી થતાં. કેમકે સમ્યગ્દ્રષ્ટિપણાની અન્યથા પ્રકારથી (રાગ દ્વેષ મોહ ભાવથી) અસિદ્ધિ છે. આ હેતુ છે.

તેનો વિસ્તાર એવો છે કે અનંતાનુબધી ક્રોધ-માન-માયા-લોભ તથા મિથ્યાત્વ ઉદયજનિત રાગદ્વેષમોહ સમ્યગ્દ્રષ્ટિ જીવને હોતા નથી એમ પક્ષ છે.

(પ્રશ્ન) કયા કારણ થી (આ પક્ષ છે) ?

(ઉત્તર) કેવળજ્ઞાનાદિ અનંત ગુણ સહિત પરમાત્માનું ઉપાદેયપણું હોવાથી વિતરાગ સર્વજ્ઞપ્રણિત છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવપદાર્થની રૂચિ સહિત અને ત્રણ મૂઢતા આદિ પચ્ચીસ દોષરહિત તથા આ ગાથામાં કહેલ સંવેગ (ધર્માનુરાગ) નિર્વેદ (ભોગની અરૂચિ) નિંદા (સ્વયં પોતાની ભૂલ સ્વીકારવી) ગર્હા (ગુરુઓ સમક્ષ પોતાની ભૂલ સ્વીકારવી) ઉપશમ (હર્ષ વિષાદમાં ન જોડાવું) ભક્તિ (પંચ પરમેષ્ઠિના ગુણોમાં અનુરાગ રાખવો) વાત્સલ્ય (સાધર્મી પ્રેમ) તથા અનુકંપા (દુઃખી લોકો ઉપર દયા કરવી) આ આઠ ગુણવાળા ચોથા ગુણસ્થાનવાળા સરાગ સમ્યગ્દ્રષ્ટિપણાની અન્ય પ્રકારથી અસિદ્ધિ છે એમ હેતુ છે.

અથવા અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણ નામક ક્રોધ-માન-માયા લોભના ઉદયથી ઉત્પન્ન રાગદ્વેષમોહ સમ્યગ્દ્રષ્ટિને નથી એવો પક્ષ છે.

(પ્રશ્ન) કયા કારણથી ? (આ પક્ષ છે)

(ઉત્તર) નિર્વિકાર પરમાનંદ એક સુખ લક્ષણવાળા પરમાત્માનું પરમ ઉપાદેયપણું હોવાથી છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાતતત્ત્વ, નવપદાર્થની રૂચિરૂપ (પરિણમન) અને ત્રણ મૂઢતા આદિ પચ્ચીસ દોષથી રહિત (પણું) તથા તે અનુસાર પ્રશમ, સંવેગ, અનુકંપા દેવ ધર્મ આદિના સંબંધમાં અસ્તિકાયની અભિવ્યક્તિ લક્ષણવાળા, પંચમ ગુણસ્થાનને યોગ્ય, દેશચારિત્રના અવિનાભાવિ સરાગ સમ્યક્ત્વની અન્ય પ્રકારથી અસિદ્ધિ છે આમ હેતુ છે.

અથવા અનંતાનુબધી, અપ્રત્યાખ્યાત, પ્રત્યાખ્યાનાવરણ નામના ક્રોધ, માન, માયા, લોભના ઉદયથી ઉત્પન્ન રાગદ્વેષમોહ સમ્યદગ્ષ્ટિને હોતા નથી આ પક્ષ છે.

(પ્રશ્ન) કયા કારણથી ? (નથી હોતા)

(ઉત્તર) ચિદાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધાત્માનું ઉપાદેયપણું હોવાથી છ દ્રવ્ય પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવપદાર્થની રૂચિરૂપ (પરિણામ) હોય છે. ત્રણ મૂઢતા આદિ પચ્ચીસ દોષથી રહિત

(પણું હોય છે) તે અનુસારે પ્રશમ, સંવેગ અનુકંપા, દેવ, ધર્મ આદિ વિષયક અસ્તિત્વની અભિવ્યક્તિ લક્ષણવાળા છટ્ઠા ગુણસ્થાનરૂપ સરાગ ચારિત્રના અવિનાભાવિ સરાગ સમ્યક્ત્વની અન્ય પ્રકારથી અસિદ્ધિ છે. આ હેતુ છે.

અથવા અનંતાનુંબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનવરણ, સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભના તીવ્ર ઉદયથી ઉત્પન્ન પ્રમાદના ઉત્પાદક (એવાં) રાગદ્વેષમોહ સમ્યક્દૃષ્ટિને હોતા નથી આ પક્ષ છે.

(પ્રશ્ન) કયા કારણથી ? પક્ષ છે

(ઉત્તર) શુદ્ધ, બુદ્ધ એકસ્વભાવ (રૂપ) પરમાત્માનું ઉપાદેયપણું હોવાથી તેને યોગ્ય સ્વકીય શુદ્ધાત્માની સમાધિથી ઉત્પન્ન સહજાનંદ એકલક્ષણરૂપ સ્વાનુભૂતિ માત્ર સ્વરૂપ, અપ્રમતાદિ ગુણસ્થાનવર્તી વિતરાગ ચારિત્રના અવિનાભાવિ વિતરાગ સમ્યક્ત્વની અન્ય પ્રકારથી અસિદ્ધિ છે આમ હેતુ છે.

જેમકે કહેવાઈ ગયેલું છે કે પહેલા (મિથ્યાત્વ તથા અનંતાનુબંધીવાળા ક્રોધ, માન, માયા, લોભ, કષાય) સમ્યક્ત્વ અને ચારિત્ર આ બન્નેનું. બીજુ (અપ્રત્યાખ્યાનાવરણ કષાય) અણુવ્રતનું ત્રીજામાં (પ્રત્યાખ્યાનાવરણ કષાય) સકળ સંયમનું અને ચોથામાં (સંજલન કષાય) યથાખ્યાત ચારિત્રનો ઘાત કરે છે. આ પ્રકારે ગાથાના પૂર્વાર્ધમાં વ્યાખ્યાન પૂર્ણ થયું. જે કારણથી ગાથાના પૂર્વાર્ધમાં કથિત ક્રમથી રાગદ્વેષમોહ નથી તે કારણથી રાગાદિરૂપ ભાવાસ્રવ વિના અસ્તિત્વ સતામાત્ર અથવા ઉદયમાત્રથી દ્રવ્ય-પ્રત્યય (દ્રવ્યકર્મ) સમ્યગ્દ્દષ્ટિને બંધનું કારણ હોતું નથી.

મિથ્યાત્વ, અવિરતિ, કષાયને યોગરૂપ ચાર પ્રકારના હેતુ (કારણ) જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના નવા દ્રવ્યકર્મો (ના બંધ) નું કારણ છે. તે ઉદયાગત મિથ્યાત્વાદિ દ્રવ્ય પ્રત્યયોના બંધનું કારણ જીવગત ભાવ પ્રત્યયો છે.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) તે જીવગત રાગાદિ ભાવપ્રત્યયનો અભાવ હોવાથી દ્રવ્યપ્રત્યયનો ઉદય આવવા છતાં પણ વિતરાગ પરમ સામાયિક ભાવનારૂપથી પરિણત, અભેદ રત્નત્રય લક્ષણરૂપ ભેદજ્ઞાનનો સદ્‌ભાવ હોવા પર કર્મો દ્વારા જીવ બંધાતો નથી આ કારણ છે.

તેથી સિદ્ધ છે કે નવા દ્રવ્યકર્મોના આસ્રવને ઉદયાગત દ્રવ્યપ્રત્યય કારણ છે અને તે દ્રવ્ય પ્રત્યયનું કારણ જીવગત રાગાદિરૂપ ભાવ પ્રત્યય છે. આવી રીતે કારણના કારણનું વ્યાખ્યાન જાણવું જોઈએ.

હવે આ જ અર્થને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છેઃ–

**પુરુષે ગ્રહેલ અહાર જે, ઉદરાગ્નિને સંયોગ તે**
**બહુવિધ માંસ, વસા અને રુધિરાદિ ભાવે પરિણમે; ૧૭૯.**

**ત્યમ જ્ઞાનીને પણ પ્રત્યયો જે પૂર્વકાળનિબદ્ધ તે**
**બહુવિધ બાંધે કર્મ, જો જીવ શુદ્ધનયપરિચ્યુત બને. ૧૮૦.**

**ગાથાર્થઃ**-[ यथा ] જેમ [ पुरुषेण ] પુરુષ વડે [ गृहीतः ] ગ્રહાયેલો [ आहारः ] જે આહાર [ सः ] તે [ उदराग्निसंयुक्तः ] ઉદરાગ્નિથી સંયુક્ત થયો થકો [ अनेकविधम् ] અનેક પ્રકારે [ मांसवसारुधिरादीन् ] માંસ, વસા, રુધિર આદિ [ भावान् ] ભાવોરૂપે [ परिणमति ] પરિણમે છે, [ तथा तु ] તેમ [ ज्ञानिनः ] જ્ઞાનીને [ पूर्व बद्धाः ] પૂર્વે બંધાયેલા [ ये प्रत्ययाः ] જે દ્રવ્યાસ્રવો છે [ ते ] તે [ बहुविकल्पम् ] બહુ પ્રકારનાં [ कर्म ] કર્મ [ बध्नन्ति ] બાંધે છે;- [ ते जीवाः ] એવા જીવો [ नयपरिहीनाः तु ] શુદ્ધનયથી ચ્યુત થયેલા છે. ( જ્ઞાની શુદ્ધનયથી ચ્યુત થાય તો તેને કર્મ બંધાય છે. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૭૯, ૧૮૦)**

ઉત્થાનિકા : હવે પહેલા જે કહ્યું કે રાગાદિ વિકલ્પની ઉપાધિથી રહિત પરમ ચૈતન્ય-ચમત્કાર લક્ષણ સ્વરૂપ નિજ પરમાત્મા પદાર્થની ભાવનાથી રહિત બહિર્મુખ બહિરાત્મા જીવોને પૂર્વબદ્ધ પ્રત્યય નવા કર્મ બાંધે છે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે પુરુષ દ્વારા ગ્રહણ કરેલો આહાર અનેક પ્રકારથી પરિણમન કરે છે.

(પ્રશ્ન) કયા રૂપે પરિણમન કરે છે ?

(ઉત્તર) માંસ, મજ્જા, રૂધિર આદિ પર્યાયને પ્રાપ્ત થઈને પરિણમન કરે છે.

(પ્રશ્ન) કેવો થયો થકો (પરિણમન કરે છે) ?

(ઉત્તર) ઉદરાગ્નિથી સંયુક્ત થકો થકો (પરિણમન કરે છે) આ દૃષ્ટાંત થયો.

તે પ્રકારે પૂર્વોક્ત ઉદરાગ્નિ સંયુક્ત આહારના દૃષ્ટાંત દ્વારા અજ્ઞાની ચૈતન્ય લક્ષણવાળો જીવ કર્મો બાંધે છે પરંતુ વિવેકી જીવ (કર્મ બાંધતો નથી) પૂર્વમાં જે મિથ્યાત્વ આદિ દ્રવ્ય પ્રત્યય બંધાયેલ હતા તે જીવગત રાગાદિ પરિણામ ઉદરાગ્નિની જેમ પ્રાપ્ત કરી ઘણાં પ્રકારના કર્મોને બાંધે છે. તે જીવના સંબંધરૂપ પ્રત્યય કર્મને બાંધે છે.

(પ્રશ્ન) તે (કર્મને બાંધવાવાળા) જીવ કેવા છે ?

(ઉત્તર) પરમ સમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાનરૂપ શુદ્ધનયથી ભ્રષ્ટ છે-ચ્યુત છે.

અથવા બીજું વ્યાખ્યાન (એમ) છે કે અશુદ્ધ નિશ્ચયનયથી તે પ્રત્યય જીવથી ભિન્ન નથી. અહીં એમ તાત્પર્ય છે કે ધ્યેયરૂપ નિજ શુદ્ધાત્મા સમસ્ત કર્મોનો ક્ષય કરવા માટે સમર્થ છે. આવો શુદ્ધનય વિવેકી-સમ્યક્જ્ઞાનીજનો ના દ્વારા ત્યાગવા યોગ્ય નથી. આ પ્રકારે કાર્ય કારણ વ્યાખ્યાની મુખ્યતાથી ચાર ગાથા પૂર્ણ થઈ. આ પ્રકારે જયસેનઆચાર્ય કૃત સમયસાર વ્યાખ્યામાં શુદ્ધાત્માનુભૂતિ લક્ષણરૂપ તાત્પર્યવૃત્તિમાં સત્તર ગાથાઓ દ્વારા, પાંચ સ્થળો દ્વારા સંવરથી વિરૂદ્ધ પક્ષવાળો પાંચમો આસ્રવ અધિકાર સમાપ્ત થયો.

# સંવર અધિકાર

**તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠીકા**

હવે સંવર પ્રવેશ કરે છે. સંવર અધિકારમાં પણ જ્યાં મિથ્યાત્વ રાગાદિ પરિણત બહિરાત્મ ભાવનારૂપ આશ્રવ નથી, ત્યાં સંવર હોય છે એ રીતે આશ્રવના વિપક્ષ દ્વારા ચૌદ ગાથા સુધી વીતરાગ સમ્યક્ત્વરૂપ સંવરનું વ્યાખ્યાન કરે છે. ત્યાં પહેલાં તો ભેદજ્ઞાનથી શુદ્ધાત્માનની ઉપલબ્ધિ થાય છે આ પ્રકારે સંક્ષેપ વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે ત્યારબાદ ભેદજ્ઞાનથી કયા પ્રકારે આત્માની પ્રાપ્તિ થાય છે એવા પ્રશ્નના સમાધાનરૂપે બે ગાથાઓ છે. ત્યારબાદ શુદ્ધભાવના દ્વારા શુદ્ધ થાય છે-એવા કથનની મુખ્યતાથી એક ગાથા છે. ત્યારબાદ કયા પ્રકારથી સંવર થાય છે- એવો પૂર્વપક્ષ પ્રસ્તુત કરવામાં આવતા તેના નિરાકરણની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. પછી આત્મા પરોક્ષ છે, તેનું ધ્યાન કેવી રીતે કરવામાં આવે છે એમ પૂછવામાં આવતા દેવતારૂપ દૃષ્ટાંતથી પરોક્ષમાં પણ જાણવામાં આવે છે એવા નિરાકરણરૂપથી બે ગાથાઓ છે. ત્યારબાદ ઉદયને પ્રાપ્ત પ્રત્યાગત રાગાદિ અધ્યવસાનોનો અભાવ હોવાથી જીવગત રાગાદિ ભાવાશ્રવોનો અભાવ થાય છે. આ પ્રકારે સંવર ક્રમની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. આ પ્રકારે આશ્રવના વિપક્ષ દ્વારા સંવરના વ્યાખ્યાનમાં સમુદાયરૂપ પાતનિકા ભૂમિકા પૂરી થઈ.

ત્યાં ( સંવર અધિકારની ) શરૂઆતમાં જ, ( ભગવાન કુંદકુંદાચાર્ય ) સકળ કર્મનો સંવર કરવાનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છેઃ–

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીંજ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.**

**ગાથાર્થઃ-** [ उपयोगः ] ઉપયોગ [ उपयोगे ] ઉપયોગમાં છે, [ क्रोधादिषु ] ક્રોધાદિકમાં [ कोऽपि उपयोगः ] કોઈ ઉપયોગ [ नास्ति ] **નથી;** [ च ] વળી [ क्रोधः ] **ક્રોધ** [ क्रोधे एव हि ] **ક્રોધમાં જ છે,** [ उपयोगे ] ઉપયોગમાં [ खलु ] **નિશ્ચયથી** [ क्रोधः ] **ક્રોધ** [ नास्ति ] **નથી.** [ अष्टविकल्पे कर्मणि ] **આઠ પ્રકારનાં કર્મ** [ च अपि ] **તેમ જ** [ नोकर्मणि ] **નોકર્મમાં** [ उपयोगः ] ઉપયોગ [ नास्ति ] **નથી** [ च ] **અને** [ उपयोगे ] ઉપયોગમાં [ कर्म ] **કર્મ** [ च अपि ] **તેમ જ** [ नोकर्म ] **નોકર્મ** [ नो अस्ति ] **નથી.–** [ एतत् तु ] **આવું** [ अविपरीतं ]

અવિપરીત [ ज्ञानं ] જ્ઞાન [ यदा तु ] જ્યારે [ जीवस्य ] જીવને [ भवति ] થાય છે, [ तदा ] ત્યારે [ उपयोगशुद्धात्मा ] તે ઉપયોગ સ્વરૂપ શુદ્ધાત્મા [ किञ्चित् भावम् ] ઉપયોગ સિવાય અન્ય કોઈ પણ ભાવને [ न करोति ] કરતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૮૧ થી ૧૮૩)**

ઉત્થાનિકા : અહીં પ્રથમ તો શુભકર્મ અશુભકર્મના સંવરના પરમ ઉપાયરૂપ નિર્વિકાર સ્વસંવેદન-જ્ઞાનલક્ષણવાળા ભેદજ્ઞાનનું નિરૂપણ કરીએ છીએ.

તાત્પર્યવૃત્તિ : જ્ઞાન-દર્શન ઉપયોગ લક્ષણ હોવાથી અભેદનયથી આત્મા જ ઉપયોગ છે, તે ઉપયોગ નામવાળા શુદ્ધાત્મામાં ઉપયોગમય આત્મા રહે છે. શુદ્ધ નિશ્ચયનયથી ક્રોધાદિ પરિણામોમાં કોઈપણ ઉપયોગમય આત્મા નથી. સ્પષ્ટ રીતે ક્રોધ-ક્રોધમાં રહે છે. ખરેખર ઉપયોગરૂપ શુદ્ધાત્મામાં સ્પષ્ટ રીતે ક્રોધ નથી. તે પ્રકારે જ આઠ પ્રકારના જ્ઞાનાવરણ વિ. દ્રવ્યકર્મ તથા ઔદારિક શરીર વિ. નોકર્મ પણ ઉપયોગમાં નથી. ઉપયોગ શબ્દથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ પરમાત્મા વાચ્ય છે.

ઉપયોગ શુદ્ધાત્મામાં શુદ્ધ નિશ્ચયનયથી કર્મ અને નોકર્મ પણ નથી. આ પ્રકારના ચિદાનંદ એક સ્વભાવ શુદ્ધાત્માના અનુભવવાળા વિપરીત અભિનિવેશ અભિપ્રાયથી રહિત ભેદજ્ઞાન જ્યારે જીવને થાય છે, (ત્યારે) તે ભેદવિજ્ઞાનથી સ્વાત્માની ઉપલબ્ધિ થાય છે (અને) શુદ્ધાત્માની ઉપલબ્ધિ થવાથી (જીવ) કાંઈપણ મિથ્યાત્વ રાગાદિ ભાવ નથી કરતો, તે રૂપે નથી પરિણમતો.

(પ્રશ્ન) કેવો થઈને (રાગાદિ ભાવ નથી કરતો) ?

(ઉત્તર) નિર્વિકાર ચિદાનંદ એક લક્ષણરૂપ શુદ્ધોપયોગથી શુદ્ધાત્મા શુદ્ધસ્વભાવરૂપ થયો થકો (રાગાદિભાવ નથી કરતો) જ્યાં આ પ્રકારનો સંવર નથી, ત્યાં આસ્રવ હોય છે એમ આ અધિકારમાં સર્વત્ર જાણવું જોઈએ એવું તાત્પર્ય છે. આમ પૂર્વોક્ત પ્રકારના ભેદવિજ્ઞાનથી શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે. શુદ્ધાત્માની ઉપલબ્ધિ થવાથી (જીવ) મિથ્યાત્વ રાગાદિભાવ નથી કરતો (અને) તેથી નવીન કર્મોનો સંવર થાય છે, આ પ્રકારે સંક્ષેપ વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ ( અનુભવ ) કઈ રીતે થાય છે ? તેના ઉત્તરરૂપ ગાથા કહે છેઃ–

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.**
**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ कनकम् ] સુવર્ણ [ अग्नितप्तम् अपि ] અગ્નિથી તપ્ત થયું થકું પણ [ तं ] તેના [ कनकभावं ] સુવર્ણપણાને [ न परित्यजति ] છોડતું નથી [ तथा ] તેમ

[ ज्ञानी ] જ્ઞાની [ कर्मोदयतप्तः तु ] કર્મના ઉદયથી તપ્ત થયો થકો પણ [ ज्ञानित्वम् ] જ્ઞાનીપણાને [ न जहाति ] છોડતો નથી.– [ एवं ] આવું [ ज्ञानी ] જ્ઞાની [ जानाति ] જાણે છે, અને [ अज्ञानी ] અજ્ઞાની [ अज्ञानतमोऽवच्छन्नः ] અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત હોવાથી [ आत्मस्वभावम् ] આત્માના સ્વભાવને [ अजानन् ] નહિ જાણતો થકો [ रागम् एव ] રાગને જ [ आत्मानम् ] આત્મા [ मनुते ] માને છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૮૪-૧૮૫)**

ઉત્થાનિકા : હવે કેવી રીતે ભેદજ્ઞાનથી જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે એવું ફરીથી પૂછે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે સોનુ અગ્નિમાં તપાવા છતાં સોનાના સ્વભાવને છોડતું નથી, તેવી રીતે તીવ્ર પરિસહ, ઉપસર્ગ તેમજ કર્મોદયથી સંતપ્ત થવા છતાં પણ રાગદ્વેષમોહ પરિણામના ત્યાગરૂપ પરિણત અભેદ રત્નત્રય લક્ષણવાળો ભેદજ્ઞાની (પોતાના સ્વભાવને) નથી છોડતો.

(પ્રશ્ન) કોને નથી છોડતો ?

(ઉત્તર) શુદ્ધાત્મ સંવેદન લક્ષણરૂપ જ્ઞાનીપણાને (નથી છોડતો), જેમ કે પાંડવ આદિ એ નહોતો છોડ્યો. આવા ઉક્ત પ્રકારથી શુદ્ધાત્માને જાણે છે.

(પ્રશ્ન) કોણ છે તે ?

(ઉત્તર) વીતરાગ સ્વસંવેદન લક્ષણ (વાળો) ભેદજ્ઞાની (શુદ્ધાત્માને જાણે છે) અને અજ્ઞાની પૂર્વોક્ત ભેદજ્ઞાનના અભાવના કારણે મિથ્યાત્વ રાગાદિરૂપ જ આત્માને માને છે, જાણે છે.

(પ્રશ્ન) કેવો થયો થકો (જાણે છે) ?

(ઉત્તર) અજ્ઞાન અંધકારથી આચ્છાદિત થયો થકો (માને છે, જાણે છે).

(પ્રશ્ન) ફરીથી કેવો થયો થકો (જાણે છે) ?

(ઉત્તર) નિર્વિકલ્પ પરમ ચૈતન્ય-ચમત્કાર સ્વભાવરૂપ શુદ્ધાત્માને નિર્વિકલ્પ સમાધિના અભાવના કારણે ન જાણતો તથા ન અનુભવ કરતો (આત્માને મિથ્યાત્વ રાગાદિરૂપ માને છે, જાણે છે) આ રીતે ભેદજ્ઞાનથી કેવી રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે એમ પૂછવામાં આવતા પ્રત્યુત્તર કથનરૂપથી બે ગાથાઓ પૂરી થઈ.

હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર કઈ રીતે થાય છે ? તેનો ઉત્તર કહે છે:–

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મ જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

**ગાથાર્થ:-** [ शुद्धं तु ] શુદ્ધ આત્માને [ विजानन् ] જાણતો–અનુભવતો [ जीवः ] જીવ [ शुद्धं च एव आत्मानं ] શુદ્ધ આત્માને જ [ लभते ] પામે છે [ तु ] અને [ अशुद्धम् ]

અશુદ્ધ [ आत्मानं ] આત્માને [ जानन् ] જાણતો-અનુભવતો જીવ [ अशुद्धम् एव ] અશુદ્ધ આત્માને જ [ लभते ] પામે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૮૬)**

ઉત્થાનિકા : હવે કેવી રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિના કારણે સંવર થાય છે, એમ ફરીથી પૂછે છે.

તાત્પર્યવૃત્તિ : ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મ રહિત અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ શુદ્ધાત્માને નિર્વિકાર સુખાનુભૂતિ લક્ષણરૂપ ભેદજ્ઞાનથી વિશેષ જાણતો થકો, અનુભવ કરતો થકો જીવ જ્ઞાની છે. એવો ગુણ વિશિષ્ટ જીવ જે પ્રકારથી શુદ્ધાત્માને ધ્યાવે અથવા ભાવના કરે છે, તે પ્રકારથી જ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) કયા કારણથી (આત્માને પ્રાપ્ત કરે છે) ?

(ઉત્તર) કારણ કે એવો નિયમ છે કે ઉપાદાન કારણના જેવું જ કાર્ય થાય છે. આ હેતુ છે. અને આત્માને અશુદ્ધ મિથ્યાત્વાદિરૂપ પરિણત જાણતો, અનુભવ કરતો થકો અશુદ્ધ નર નારકાદિરૂપ જ આત્માને પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) તે કોણ છે ?

(ઉત્તર) તે અજ્ઞાની જીવ છે. આ રીતે શુદ્ધાત્માની ઉપલબ્ધિથી જ સંવર કેવી રીતે થાય છે- આ પ્રશ્નના ઉત્તરરૂપમાં ગાથા પૂરી થઈ.

હવે પૂછે છે કે સંવર કયા પ્રકારે થાય છે ? તેનો ઉત્તર કહે છેઃ-

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી, ૧૮૭.**
**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે, -**
**-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.**
**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

**ગાથાર્થઃ-** [ आत्मानम् ] આત્માને [ आत्मना ] આત્મા વડે [ द्विपुण्यपापयोगयोः ] બે પુણ્ય-પાપરૂપ શુભાશુભયોગોથી [ रुन्ध्वा ] રોકીને [ दर्शनज्ञाने ] દર્શનજ્ઞાનમાં [ स्थितः ] સ્થિત થયો થકો [ च ] અને [ अन्यस्मिन् ] અન્ય ( વસ્તુ ) ની [ इच्छाविरतः ] ઇચ્છાથી વિરમ્યો થકો, [ यः आत्मा ] જે આત્મા, [ सर्वसङ्गमुक्तः ] ( ઈચ્છારહિત થવાથી ) સર્વ સંગથી રહિત થયો થકો, [ आत्मानम् ] ( પોતાના ) આત્માને [ आत्मना ] આત્મા વડે [ ध्यायति ] ધ્યાવે છે- [ कर्म नोकर्म ] કર્મ અને નોકર્મને [ न अपि ] ધ્યાતો નથી, [ चेतयिता ] ( પોતે ) [1]ચેતયિતા ( હોવાથી ) [ एकत्वम् ] એકત્વને જ [ चिन्तयति ] ચિંતવે છે-ચેતે છે-અનુભવે છે,

[ सः ] તે ( આત્મા ), [ आत्मानं ध्यायन् ] આત્માને ધ્યાતો, [ दर्शनज्ञानमयः ] દર્શનજ્ઞાનમય અને [ अनन्यमयः ] ²અનન્યમય થયો થકો [ अचिरेण एव ] અલ્પ કાળમાં જ [ कर्मप्रविमुक्तम् ] કર્મથી રહિત [ आत्मानम् ] આત્માને [ लभते ] પામે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૮૭ - ૧૮૯)**

ઉત્થાનિકા : હવે કયા પ્રકારથી સંવર થાય છે, એમ પૂછવામાં આવતા ફરીથી વિશેષરૂપથી ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : કર્મપણાને પ્રાપ્ત આત્માને, કારણપણાને પ્રાપ્ત આત્મા દ્વારા, વર્તમાન અધિકરણભૂત પુણ્ય-પાપ તેમજ યોગ-બન્નેને સ્વસંવેદન જ્ઞાનના બળથી શુભ અશુભ યોગોથી રોકીને દર્શન જ્ઞાન સ્વભાવમાં સ્થિર થયો થકો અન્ય દેહ રાગાદિ પરદ્રવ્યમાં સર્વત્ર ઈચ્છા રહિત હોય છે. આ પહેલી ગાથા થઈ. જે કર્તા આત્મા નિસંગ આત્મતત્ત્વથી ભિન્ન બાહ્ય તથા અભ્યંતર બધાં પરિગ્રહથી મુક્ત થયો થકો ધ્યાવે છે.

(પ્રશ્ન) કોને ધ્યાવે છે ?

(ઉત્તર) પોતાના શુદ્ધાત્માને ધ્યાવે છે)

(પ્રશ્ન) કયા સાધનથી (ધ્યાવે છે)

(ઉત્તર) પોતાના શુદ્ધાત્માથી ધ્યાવે છે. કર્મ નોકર્મનું ધ્યાન નથી કરતો.

(પ્રશ્ન) આત્માનું ધ્યાન કરતો થકો શું કરે છે ?

(ઉત્તર) ઉપરોક્ત ગુણ વિશિષ્ટ આત્માનું ધ્યાન કરે છે.

(પ્રશ્ન) કયા પ્રકારે ધ્યાન કરે છે ?

(ઉત્તર) ઉપરોક્ત કે હું તો એક છું, નિર્મમ છું, શુદ્ધ છું, જ્ઞાની છું, યોગીન્દ્ર ગોચર છું. આ સિવાય બધા સંયોગ જ ભાવ મારાથી સર્વથા બાહ્ય ભિન્ન છે. (ઈષ્ટોપદેશ ગા.૨૭) આ પ્રકારે એકત્વનું ધ્યાન કરે છે. આવી આ બીજી ગાથા થઈ.

પહેલાની બન્ને ગાથાઓમાં કહેલ તે પુરુષ આત્માનું ચિંતવન કરતો થકો, નિર્વિકલ્પ રૂપથી ધ્યાન કરતો થકો દર્શન જ્ઞાનમય થઈને અને અનન્ય મન એકરૂપ થઈને પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) કોને (પ્રાપ્ત કરે છે) ?

(ઉત્તર) આત્માને જ (પ્રાપ્ત કરે છે)

(પ્રશ્ન) કેવા આત્માને (પ્રાપ્ત કરે છે) ?

(ઉત્તર) ભાવકર્મ, દ્રવ્યકર્મ તથા નોકર્મથી મુક્ત (આત્માને પ્રાપ્ત કરે છે)

(પ્રશ્ન) કોના દ્વારા (પ્રાપ્ત કરે છે) ?

(ઉત્તર) થોડા કાળ દ્વારા (થોડા કાળમાં) (પ્રાપ્ત કરે છે)

આ રીતે કયા પ્રકારથી સંવર થાય છે-એવો પ્રશ્ન થવાથી વિશેષ નિરાકરણ રૂપ કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ પૂરી થઈ.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા નંબર - ૧૧**

ઉત્થાનિકા : હવે પરોક્ષ આત્માનું ધ્યાન કેવી રીતે થાય છે-એવો પ્રશ્ન થવાથી પ્રત્યુત્તર આપે છે.

શ્લોકાર્થ : જેવી રીતે ઉપદેશથી, પરોક્ષરૂપને જોઈને જાણે છે, તેવી રીતે જ જીવ વચનો દ્વારા કહેવામાં આવે છે અને મન દ્વારા ગ્રહણ કરવામાં આવે છે. આ પ્રકારે આત્મા જાણવામાં અને જોવામાં આવે છે.

ટીકા : જેમ લોકમાં દેવતાનું રૂપ પરોક્ષ હોવા છતાં પણ પરોપદેશથી લખાયેલું રૂપ વાંચીને કોઈ દેવદત્ત નામનો પુરુષ તે દેવતાને) જાણે છે, તે પ્રકારે વચનથી (શ્રુત જ્ઞાનથી) આત્મા કહેવામાં આવે છે, તે જ આત્માને મનમાં ગ્રહણ કરવામાં આવે છે.

(પ્રશ્ન) તે કોણ (ગ્રહણ કરે છે) ?

(ઉત્તર) જીવ (ગ્રહણ કરે છે)

(પ્રશ્ન) કયા રૂપમાં ગ્રહણ કરે છે ?

(ઉત્તર) મારા વડે દેખવામાં અને જાણવામાં આવેલ છે. એવું ચિત્તથી ગ્રહણ કરે છે. (અનુભવ કરે છે) કહ્યું પણ છે.

(જે) ગુરુ ઉપદેશથી, અભ્યાસથી પોતાની બુદ્ધિના વિવેક દ્વારા પોતાના તથા અન્યના અંતરંગ તત્ત્વને જાણે છે, તે નિરંતર રહેવાવાળા મોક્ષ સુખને જાણે છે.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા નંબર - ૧૨**

ગાથાર્થ : હવે કોણ જ્ઞાની સાધુ સાપ્રંતકાળમાં-આ પંચમકાળમાં આ પ્રવર્તમાન આત્મસ્વરૂપ પ્રત્યક્ષ જ પરોક્ષજ્ઞાનમાં (એટલે કે ક્ષયોપશમજ્ઞાનમાં) જોવામાં આવ્યો એમ કહેશે ? (અર્થાત્ સાંપ્રતકાળમાં શુદ્ધાત્મા પ્રત્યક્ષ દેખાય છે-એમ સમ્યગ્જ્ઞાની જીવ કહેશે.)

તાત્પર્યવૃત્તિ (ટીકાર્થ) : આનો મતલબ એ છે કે આ જે પ્રત્યક્ષ આત્માને બતાવે છે, તેની નજીક જઈને અમે પૂછીએ છીએ કે આ પ્રકારથી નથી એમ કોણ જ્ઞાની સાધુ વર્તમાનકાળમાં કહે છે ? અર્થાત્ એવું કોઈ પણ (સાધુ) નથી કહેતા.

(પ્રશ્ન) તો શું કહે છે ?

(ઉત્તર) આ કહે છે કે આ આત્મસ્વરૂપ મેં પ્રત્યક્ષ જોયું છે. (પણ) જેવું ચોથા કાળમાં કેવળજ્ઞાની જુએ છે, તે પ્રકારથી જોયું છે એમ તો નથી કહેતા.

(પ્રશ્ન) તો પછી કેવું આત્મસ્વરૂપ જોયું છે ?

(ઉત્તર) કેવળજ્ઞાન (સકળ પ્રત્યક્ષ)ની અપેક્ષાથી પરોક્ષ શ્રુતજ્ઞાનમાં પ્રવર્તમાન (પ્રત્યક્ષ) જોયું છે.

આનો થોડો વિસ્તાર કરે છે. જો કે કેવળજ્ઞાનની અપેક્ષાએ રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાન શુદ્ધનિશ્ચયનયથી પરોક્ષ કહેવામાં આવે છે, તો પણ ઈન્દ્રિય તથા તે કારણથી આત્મા

સ્વસંવેદન જ્ઞાનની અપેક્ષાએ પ્રત્યક્ષ હોય છે મનજનિત સવિકલ્પજ્ઞાનની અપેક્ષા પ્રત્યક્ષ હોય છે. પરંતુ કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ જ હોય છે. તે સર્વથા પરોક્ષ કહેવામાં નથી આવતું. શું ચોથાકાળમાં કેવળી ભગવાન આત્માને હાથમાં ગ્રહણ કરીને બતાવે છે ? તેઓ પણ દિવ્ય ધ્વનિથી કહીને ચાલ્યા જાય છે. તો પણ સાંભળતી વખતે શ્રોતાઓને પરોક્ષ જ છે, ત્યારબાદ પરમ સમાધિના કાળમાં પ્રત્યક્ષ હોય છે. તે જ પ્રકારે પંચમકાળમાં હોય છે. એવો ભાવાર્થ છે. આવી રીતે પરોક્ષ આત્માનું ધ્યાન કેવી રીતે કરવામાં આવે છે એ પ્રશ્નના નિરાકરણમાં બે ગાથાઓ થઈ.

હવે પૂછે છે કે સંવર કયા ક્રમે થાય છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,**
**-મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.**
**હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મતણો બને; ૧૯૧.**
**કર્મોતણા ય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.**

**ગાથાર્થઃ-** [ तेषां ] તેમના ( પૂર્વે કહેલા રાગદ્વેષમોહરૂપ આસ્રવોના ) [ हेतवः ] હેતુઓ [ सर्वदर्शिभिः ] **સર્વદર્શીઓએ** [ मिथ्यात्वम् ] **મિથ્યાત્વ,** [ अज्ञानम् ] **અજ્ઞાન,** [ अविरतभावः च ] **અવિરતભાવ** [ योगः च ] **અને યોગ–** [ अध्यवसानानि ] **એ ( ચાર ) અધ્યવસાન** [ भणिताः ] **કહ્યા છે.** [ ज्ञानिनः ] **જ્ઞાનીને** [ हेत्वभावे ] **હેતુઓના અભાવે** [ नियमात् ] **નિયમથી** [ आस्रवनिरोधः ] **આસ્રવનો નિરોધ** [ जायते ] **થાય છે,** [ आस्रवभावेन विना ] **આસ્રવભાવ વિના** [ कर्मणः अपि ] **કર્મનો પણ** [ निरोधः ] **નિરોધ** [ जायते ] **થાય છે,** [ च ] **વળી** [ कर्मणः अभावेन ] **કર્મના અભાવથી** [ नोकर्मणाम् अपि ] **નોકર્મોનો પણ** [ निरोधः ] **નિરોધ** [ जायते ] **થાય છે,** [ च ] **અને** [ नोकर्मनिरोधेन ] **નોકર્મના નિરોધથી** [ संसारनिरोधनं ] **સંસારનો નિરોધ** [ भवति ] **થાય છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૦-૧૯૨)**

ઉત્થાનિકા : હવે ઉદયને પ્રાપ્ત દ્રવ્ય પ્રત્યય સ્વરૂપ રાગાદિ અધ્યવસાનોનો અભાવ હોવાથી, જીવગત રાગાદિ ભાવકર્મરૂપ અધ્યવસાનોનો અભાવ હોય છે, ઈત્યાદિ રૂપથી સંવરનું ક્રમથી વ્યાખ્યાન કરે છે.

તાત્પર્યવૃત્તિ : તે પ્રસિદ્ધ જીવગત રાગાદિ ભાવકર્મરૂપને ભાવાશ્રવોનું કારણ કહ્યું છે.

(પ્રશ્ન) કોને (કારણ કહ્યું છે) ?

(ઉત્તર) ઉદયને પ્રાપ્ત દ્રવ્ય પ્રત્યયગત રાગાદિ અધ્યવસાનોને (કારણ કહ્યું છે)

(પ્રશ્ન) કોના દ્વારા (તેમને કારણ કહેવામાં આવ્યું છે) ?

(ઉત્તર) સર્વદર્શી-ભગવંતો દ્વારા તેમને કારણ કહેવામાં આવ્યું છે. ખરેખર અધ્યવસાન ભાવકર્મરૂપ જીવગત જ હોય છે તો ઉદયને પ્રાપ્ત દ્રવ્યપ્રત્યયગત રાગાદિ અધ્યવસાન ભાવ પ્રત્યયરૂપ કેવી રીતે હોય છે ? એમ નથી (અર્થાત્ અધ્યવસાન તો ભાવકર્મરૂપ જીવગત જ છે, ઉદયને પ્રાપ્ત દ્રવ્યપ્રત્યયગત્ રાગાદિ અધ્યવસાન ભાવ પ્રત્યય નથી માટે એમ નથી. (તેનો ઉત્તર) એમ છે કે ભાવકર્મ બે પ્રકારના છે. (૧) જીવગત તથા (૨) પુદ્‌ગલકર્મગત્. તેનું વિશેષ કહે છે. ભાવક્રોધાદિ વ્યક્તિરૂપને જીવગત કહેવામાં આવે છે તથા પુદ્‌ગલ પિંડ શક્તિરૂપ પુદ્‌ગલ દ્રવ્યગત (કહેવામાં આવે છે) જેમ કે કહ્યું છે કે આ પ્રકારે જીવ ભાવગત કહેવામાં આવ્યો છે, અને આ પ્રકારે જીવ પુદ્‌ગલ દ્રવ્યગત કહેવામાં આવ્યો છે.અહીં ઉદાહરણ છે-જે પ્રકારે મધુર, કડવો વિ. દ્રવ્ય ખાવા સમયે જીવના મધુર-કડવા સ્વાદની વ્યક્તિના વિકલ્પરૂપ ભાવ જીવભાવગત છે તથા તે વ્યક્તિના કારણભૂત મધુર-કડવા શક્તિરૂપભાવ પુદ્‌ગલદ્રવ્યગત છે. આ પ્રકારે ભાવકર્મનું સ્વરૂપ જીવગત અને પુદ્‌ગલ દ્રવ્યગત બે પ્રકારે છે એમ ભાવકર્મના વ્યાખ્યાનના સમયે બધી જગ્યાએ જાણવું જોઈએ. શું જાણવું જોઈએ ? તે અધ્યવસાનોને (જાણવા જોઈએ) તે અધ્યવસાનો મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ તથા યોગ છે. આ પ્રકારે પહેલી ગાથા પૂરી થઈ.

પૂર્વોક્ત ઉદયાગત દ્રવ્યપ્રત્યય જીવગત ભાવાશ્રવના હેતુ વીતરાગ સ્વસંવેદન જ્ઞાની જીવને ઉદયાગત દ્રવ્યકર્મોનો અભાવ હોવાથી નિયમથી (નિશ્ચયથી) રાગાદિરૂપ ભાવાશ્રવના નિરોધ લક્ષણવાળો સંવર પ્રકટ થાય છે. નિરાશ્રવ પરમાત્મતત્ત્વરૂપથી ભિન્ન જીવગત ભાવાશ્રવના ભાવસ્વરૂપના વિના કર્મના નિરોધરૂપ સંવર પ્રગટ થાય છે.

(પ્રશ્ન) કયા પ્રકારના (કર્મોનો સંવર થાય છે) ?

(ઉત્તર) પરમાત્મતત્ત્વને આચ્છાદન કરવાવાળા નવીન દ્રવ્યકર્મોનો સંવર થાય છે. આ રીતે બીજી ગાથા પૂરી થઈ.

તત્પશ્ચાત્ નવીન કર્મના અભાવરૂપ સંવરથી શરીરાદિ નોકર્મોના નિરોધરૂપ સંવર પ્રગટ થાય છે અને નોકર્મના નિરોધરૂપ સંવરથી સંસારાતીત શુદ્ધાત્મતત્ત્વના પ્રતિપક્ષભૂત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવ આ પાંચ પ્રકારના સંસારનો નિરોધ થાય છે. આ પ્રકારે ત્રીજી ગાથા પૂરી થઈ. આ રીતે સંવર ક્રમના કથન દ્વારા ત્રણ ગાથાઓ પૂરી થઈ.

આ રીતે નાટ્યના પાત્રની જેમ આશ્રવનો વિપક્ષભૂત સંવર ચાલ્યો જાય છે. આ રીતે શ્રી જયસેનાચાર્ય દ્વારા રચિત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણરૂપ તાત્પર્યવૃત્તિનામક સમયસાર વ્યાખ્યામાં ચૌદ ગાથાઓ દ્વારા તથા છ સ્થળો દ્વારા આશ્રવના વિરોધી સંવરનામક છટ્ઠો અધિકાર પૂરો થયો.

卐

# નિર્જરા અધિકાર

તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠીકા અનુવાદ : ત્યાં આ પ્રકારે હોવાથી પર શૃંગાર રહિત પાત્રની જેમ શુદ્ધજીવસ્વરૂપથી સંવર રંગભૂમિમાંથી નીકળી ગયો. હવે વિતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધોપયોગ લક્ષણવાળી સંવરપૂર્વક નિર્જરા પ્રવેશ કરે છે. દંડકને છોડીને પાઠકક્રમમાં પચાસ ગાથા સુધી છ સ્થળો દ્વારા નિર્જરાનું વ્યાખ્યાન કરે છે. ત્યાં દ્રવ્ય નિર્જરાને ભાવનિર્જરા તથા જ્ઞાન શક્તિને વૈરાગ્ય શક્તિનું ક્રમથી વ્યાખ્યાન કરે છે. આ રીતે પીઠીકાના રૂપમાં પ્રથમ સ્થળમાં ચાર ગાથાઓ છે ત્યારબાદ જ્ઞાનવૈરાગ્ય શક્તિનું સામાન્ય વ્યાખ્યાન કરવા માટે બીજા સ્થળમાં પાંચ ગાથાઓ છે. તે પછી તે જ્ઞાનવૈરાગ્ય શક્તિઓના વિશેષ વિવરણ ને માટે ત્રીજા સ્થળમાં દશ ગાથા સૂત્ર છે પછી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળજ્ઞાન આ જ્ઞાનોનું અભેદરૂપથી પરમાર્થ સંજ્ઞાવાળું મુક્તિનું કારણભૂત જે પરમપદ છે તે પદને જેના દ્વારા પોતાના સ્વસંવેદન જ્ઞાનગુણથી પ્રાપ્ત કરી લીધું છે તેનું સામાન્ય વ્યાખ્યાન કરવા માટે ચોથા સ્થળમાં આઠ ગાથા સૂત્ર છે. ત્યારબાદ તે જ જ્ઞાનગુણનું વિશેષ વિવરણ કરવા માટે પાંચમા સ્થળમાં ચૌદ ગાથાઓ છે, ત્યારબાદ શુદ્ધનયનો આશ્રય લઈને ચિદાનંદ એક સ્વભાવ શુદ્ધ ભાવનાનો આશ્રય કરવાવાળાને નિશ્ચય નિશંકાદિ આઠ ગુણોનું કથન કરવાને માટે છઠ્ઠા સ્થળમાં નવ ગાથા સૂત્ર કહે છે આ પ્રકારે છ અંતર અધિકારો દ્વારા નિર્જરા અધિકારમાં સમુહરૂપ પાતનિકા ભૂમિકા છે, તેનું વિશેષ એમ છે કે

વે દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહે છેઃ–

**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે**
**જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

**ગાથાર્થઃ-** [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ જીવ [ यत् ] જે [ इन्द्रियैः ] ઇંદ્રિયો વડે [ अचेतनानाम् ] અચેતન તથા [ इतरेषाम् ] ચેતન [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपभोगम् ] ઉપભોગ [ करोति ] કરે છે [ तत् सर्व ] તે સર્વ [ निर्जरानिमित्तम् ] નિર્જરાનું નિમિત્ત છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૩)**

ઉત્થાનિકા : હવે દ્રવ્ય નિર્જરાને કહે છે.

તાત્પર્યવૃત્તિ : સમ્યગ્દૃષ્ટિ જીવ ચેતન અચેતન સંબંધી જે વસ્તુનો ઉપભોગ કરે છે.

(પ્રશ્ન) કોના દ્વારા ઉપભોગ કરે છે ?

(ઉત્તર) પંચેન્દ્રિય વિષયો દ્વારા ઉપભોગ કરે છે, તે વસ્તુનો ભોગ મિથ્યાદૃષ્ટિ જીવને રાગદ્વેષમોહના સદ્‌ભાવમાં બંધનું કારણ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ જીવને રાગદ્વેષમોહના અભાવથી સમસ્ત (ભોગ) નિર્જરાનું નિમિત થાય છે.

અહીં શિષ્ય પૂછે છે કે રાગદ્વેષમોહનો અભાવ થવાથી નિર્જરાનું કારણ છે પરંતુ સમ્યગ્દષ્ટિને તો રાગાદિ હોય છે તો ભોગ નિર્જરાનું કારણ કેવી રીતે હોય છે આ પૂર્વ પક્ષનું નિરાકરણ કરે છે.

ગ્રંથમાં આ સ્થળ પર (દ્રવ્ય નિર્જરાના પ્રકરણમાં) મુખ્યપણાથી વિતરાગ સમ્યગ્દષ્ટિનું ગ્રહણ કરેલ છે, પરંતુ ચતુર્થ ગુણસ્થાન વર્તી સરાગ સમ્યગ્દષ્ટિનું ગૌણપણાથી ગ્રહણ કરેલ છે. ત્યાં નિરાકારણ પહેલાં જ કહ્યું છે.

(પ્રશ્ન) કેવી રીતે કહ્યું છે ?

(ઉત્તર) મિથ્યાદષ્ટિની અપેક્ષાએ અવ્રતી સમ્યગ્દષ્ટિને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાત્વ ઉદયજનતિ મોહરાગદ્વેષ નથી અને દેશસંયત સમ્યગ્દષ્ટિ શ્રાવકને અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ ઉદયજનતિ રાગાદિ નથી હોતા તેથી સમ્યગ્દષ્ટિને સંવરપૂર્વક નિર્જરા હોય છે. મિથ્યાદષ્ટિને તો હાથી સ્નાન સમાન બંધપૂર્વક નિર્જરા થાય છે. આ કારણે મિથ્યાદષ્ટિની અપેક્ષાએ સમ્યગ્દષ્ટિ અબંધક છે. આ પ્રકારે દ્રવ્યનિર્જરાના વ્યાખ્યાનરૂપ ગાથા પૂરી થઈ.

હવે ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છેઃ-

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઇ જાય છે. ૧૯૪.**

**ગાથાર્થઃ-** [ द्रव्ये उपभुज्यमाने ] વસ્તુ ભોગવવામાં આવતાં, [ सुखं वा दुःखं वा ] સુખ અથવા દુઃખ [ नियमात् ] નિયમથી [ जायते ] ઉત્પન્ન થાય છે; [ उदीर्ण ] ઉદય થયેલા અર્થાત્ ઉત્પન્ન થયેલા [ तत् सुखदुःखम् ] તે સુખદુઃખને [ वेदयते ] વેદે છે-અનુભવે છે, [ अथ ] પછી [ निर्जरां याति ] તે ( સુખદુઃખરૂપ ભાવ ) નિર્જરી જાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૪)**

ઉત્થાનિકા : હવે ભાવ નિર્જરાનું સ્વરૂપ કહે છે.

તાત્પર્યવૃત્તિ : ઉદયાગત દ્રવ્યકર્મોને જીવના દ્વારા ભોગવવામાં આવતા નિયમથી શાતાઅશાતાના ઉદયને વશથી વસ્તુ સ્વભાવમાં સુખ અથવા દુઃખ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દષ્ટિ જીવ નિરૂપરાગ નિર્વિકલ્પ સ્વાનુભવથી ઉત્પન્ન થવાવાળા પારમાર્થિક સુખથી ભિન્ન તે સુખ અને દુઃખની સમ્યક્ ઉદીરણા કરતો થકો રાગદ્વેષ ન કરતો થકો હેયબુદ્ધિથી વેદન કરે છે અને તન્મય થઈને હું સુખી છું, હું દુઃખી છું. એવી બુદ્ધિથી અનુભવ નથી કરતા. આ કારણથી તે નિર્જરાને પ્રાપ્ત થાય છે. પોતાના સ્વસ્થભાવથી નિર્જરાનું નિમિત્ત થાય છે. પરંતુ મિથ્યાદષ્ટિને ઉપાદેયબુદ્ધિથી હું સુખી છું, હું દુઃખી છું એવી બુદ્ધિથી બંધનું કારણ થાય છે.

વિશેષ એમ છે કે જેવી રીતે કોઈપણ ચોર જો કે મરણને ઈચ્છતો નથી તો પણ કોટવાળ દ્વારા

પકડાયેલો મરણનો અનુભવ કરે છે તે જ પ્રકારે સમ્યગ્દષ્ટિ જોકે આત્મિક સુખને ઉપાદેય જાણે છે ને વિષય સુખને હેય જાણે છે તો પણ ચારિત્ર મોહના ઉદયરૂપ કોટવાળ દ્વારા પકડાયેલો તે તે (ભોગો)નો અનુભવ કરે છે આ કારણથી તે ભોગ નિર્જરાનું નિમિત્ત થાય છે. આ પ્રકારે ભાવ નિર્જરાનું કથન થયું.

**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.**

**ગાથાર્થ:-** [ यथा ] જેમ [ वैद्यः पुरुषः ] વૈદ્ય પુરુષ [ विषम् उपभुञ्जानः ] વિષને ભોગવતો અર્થાત્ ખાતો છતો [ मरणम् न उपयाति ] મરણ પામતો નથી, [ तथा ] તેમ [ ज्ञानी ] જ્ઞાની [ पुद्गलकर्मणः ] પુદ્ગલકર્મના [ उदयं ] ઉદયને [ भुङ्क्ते ] ભોગવે છે તોપણ [ न एव बध्यते ] બંધાતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૫)**

ઉત્થાનિકા : હવે વિતરાગ સ્વસંવેદનજ્ઞાનનું સામર્થ્ય દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે વિષને ભોગવતો થકો ગારૂડી વિદ્યાવાળો પુરુષ અમોઘ મંત્રના સામર્થ્યથી મરણને પ્રાપ્ત નથી થતો તેવી રીતે શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાની શુભાશુભ કર્મફળને ભોગવે છે તોપણ નિર્વિકલ્પ સમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાનના અમોઘ મંત્રબળથી કર્મોથી બંધાતો નથી, આ પ્રકારે જ્ઞાનશક્તિનું વ્યાખ્યાન થયું.

હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે:-

**જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

**ગાથાર્થ:-** [ यथा ] જેમ [ पुरुषः ] કોઈ પુરુષ [ मद्यं ] મદિરાને [ अरतिभावेन ] અરતિભાવે ( અપ્રીતિથી ) [ पिबन् ] પીતો થકો [ न माद्यति ] મત્ત થતો નથી, [ तथा एव ] તેવી જ રીતે [ ज्ञानी अपि ] જ્ઞાની પણ [ द्रव्योपभोगे ] દ્રવ્ય ના ઉપભોગ પ્રત્યે [ अरतः ] અરત ( અર્થાત્ વૈરાગ્યભાવે ) વર્તતો થકો [ न बध्यते ] ( કર્મોથી ) બંધાતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા - ૨૦૬ (આત્મખ્યાતિ ગાથા - ૧૯૬)**

ઉત્થાનિકા : હવે સંસાર, શરીર તથા ભોગના વિષયમાં વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે કોઈ પુરુષ રોગના પ્રતિકારના નિમિત્ત (એવા) મદ્યમાં મદ્ય વિરોધી ઔષધી નાખીને મદ્યને પીતો થકો પણ રતિ રાગભાવના અભાવના કારણે મતવાલો નથી થતો તેવી રીતે શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાની પાંચ ઈન્દ્રિયના વિષયભૂત ખાનપાન આદિ દ્રવ્યનો ઉપભોગ કરતો થકો પણ

જેટલા જેટલા અંશમાં નિર્વિકાર સ્વસંવેદનથી રહિત બર્હિઆત્મા જીવની જેમ રાગભાવ નથી કરતો, તેટલા તેટલા અંશમાં કર્મોથી નથી બંધાતો અને હર્ષવિષાદરૂપ સમસ્ત વિકલ્પ જાળરહિત પરમયોગ લક્ષણરૂપ ભેદજ્ઞાનના બળથી સર્વથા વિતરાગ થાય છે ત્યારે સર્વથા બંધાતો નથી. આવું વૈરાગ્ય શક્તિનું વ્યાખ્યાન થયું. આ પ્રકારે યથાક્રમથી દ્રવ્યનિર્જરા, ભાવનિર્જરા, જ્ઞાનશક્તિ, વૈરાગ્યશક્તિના પ્રતિપાદનરૂપથી નિર્જરા અધિકારમાં તાત્પર્ય વ્યાખ્યાનની મુખ્યતાથી ચાર ગાથાઓ થઈ.

હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છેઃ–

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.**

**ગાથાર્થઃ-** [ कश्चित् ] કોઈ તો [ सेवमानः अपि ] વિષયોને સેવતો છતાં [ न सेवते ] નથી સેવતો અને [ असेवमानः अपि ] કોઈ નહિ સેવતો છતાં [ सेवकः ] સેવનારો છે– [ कस्य अपि ] જેમ કોઈ પુરુષને [ प्रकरणचेष्टा ] [1]પ્રકરણની ચેષ્ટા ( કોઈ કાર્ય સંબંધી ક્રિયા ) વર્તે છે [ न च सः प्राकरणः इति भवति ] તોપણ તે [2]પ્રાકરણિક નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૭)**

ઉત્થાનિકા : હવે તે જ વૈરાગ્ય શક્તિના સ્વરૂપનું વર્ણન કરે છે.

તાત્પર્યવૃત્તિ : નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાની જીવ પોતાના ગુણસ્થાનને યોગ્ય ભોજન પાન આદિ પંચેન્દ્રિય ભોગનું સેવન કરતો થકો પણ સેવન કરવાવાળો નથી. અને બીજો કોઈ અજ્ઞાની જીવ રાગાદિનો સદ્‌ભાવ હોવાથી સેવન ન કરતો થકો પણ સેવન કરવાવાળો છે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે. જેવી રીતે કોઈ બીજા ઘરથી આવેલ મહેમાનની (જેના ઘરે આવેલ છે તેના) વિવાહ આદિ પ્રકરણમાં પ્રવૃત્તિ છે તો પણ તેને વિવાહ આદિના પ્રકરણના સ્વામીત્વનો અભાવ હોવાને કારણે પ્રાકરણીક નથી. (વિવાહ આદિ) પ્રકરણનો સ્વામી નૃત્ય ગીત આદિ પ્રકરણ વ્યાપારને ન કરતો થકો પણ પ્રકરણના પ્રતિ રાગ હોવાથી પ્રાકરણીક છે તે પ્રકારે પરમાર્થ તત્ત્વજ્ઞાની વિષયનું સેવન કરતો થકો પણ અસેવક હોય છે. અજ્ઞાની જીવ રાગાદિના સદ્‌ભાવના કારણે સેવન ન કરતો થકો પણ (વિષયનું) સેવન કરવાવાળો છે.

હવે પ્રથમ, સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે–એમ ગાથામાં કહે છેઃ–

**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહિ, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.**

**ગાથાર્થ:-** [ कर्मणां ] કર્મોના [ उदयविपाकः ] ઉદયનો વિપાક ( ફળ ) [ जिनवरैः ] જિનવરોએ [ विविधः ] અનેક પ્રકારનો [ वर्णितः ] વર્ણવ્યો છે [ ते ] તે [ मम स्वभावाः ] મારા સ્વભાવો [ न तु ] નથી; [ अहम् तु ] હું તો [ एकः ] એક [ ज्ञायकभावः ] જ્ઞાયકભાવ છું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૮)**

ઉત્થાનિકા : હવે સમ્યગ્દષ્ટિ સામાન્યથી સ્વ તથા પરના સ્વભાવને અનેક પ્રકારથી જાણે છે.

તાત્પર્યવૃત્તિ : જીનેન્દ્ર ભગવંતો દ્વારા કર્મ સંબંધી ઉદય વિપાક (ફળ) અનેક પ્રકારનો કહેવામાં આવેલ છે તે કર્મોદયના પ્રકાર અને કર્મના ભેદ મારા સ્વભાવમાં નથી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે હું તો ટંકોત્કીર્ણ પરમાનંદ જ્ઞાયક એક સ્વભાવરૂપ છું. સમ્યગ્દષ્ટિ સામાન્યથી સ્વપર સ્વરૂપને જાણે છે એવું કહેવામાં આવે છે.

(પ્રશ્ન) કેવી રીતે સામાન્યથી જાણે છે ?

(ઉત્તર) હું ક્રોધ છું, હું માન છું, ઈત્યાદિ વિવિક્ષા નથી.

(પ્રશ્ન) તે વિવિક્ષા કેવી રીતે નથી ?

(ઉત્તર) વિવિક્ષાના અભાવને સામાન્ય કહે છે એવું વચન છે. આ પ્રકારે ભેદભાવનારૂપથી જ્ઞાન અને વૈરાગ્યના સામાન્ય વ્યાખ્યાનની મુખ્યતાથી પાંચ ગાથાઓ થઈ. અહીંથી આગળ દશ ગાથાઓ સુધી જ્ઞાનવૈરાગ્ય શક્તિઓનું વિશેષ વિવરણ કરે છે.

હવે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે–એમ કહે છેઃ–

**પુદ્‌ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહિ મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.**

**ગાથાર્થ:-** [ रागः ] રાગ [ पुद्गलकर्म ] પુદ્‌ગલકર્મ છે, [ तस्य ] તેનો [ विपाकोदयः ] વિપાકરૂપ ઉદય [ एषः भवति ] આ છે, [ एषः ] આ [ मम भावः ] મારો ભાવ [ न तु ] નથી; [ अहम् ] હું તો [ खलु ] નિશ્ચયથી [ एकः ] એક [ ज्ञायकभावः ] જ્ઞાયકભાવ છું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૧૯૯)**

ઉત્થાનિકા : હવે સમ્યગ્દષ્ટિ સ્વપર સ્વરૂપને વિશેષરૂપથી જાણે છે. એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વબદ્ધ પુદ્‌ગલકર્મરૂપ જે આ દ્રવ્ય ક્રોધ જીવમાં રહે છે તેનો વિશિષ્ટ પાક કે ઉદય થાય છે.

(પ્રશ્ન) તે શું છે ?

(ઉત્તર) તે શાંત આત્મતત્ત્વથી પૃથકરૂપ એવું અક્ષમારૂપ ભાવક્રોધ છે તે (ભાવક્રોધ) મારો ભાવ નથી.

(પ્રશ્ન) કયા કારણથી (મારો ભાવ) નથી.

(ઉત્તર) કેમકે ટંકોત્કીર્ણ પરમાનંદરૂપ જ્ઞાયક એકભાવ હું છું. તેનો કંઈક વિસ્તાર કહે છે.

(પ્રશ્ન) પુદ્ગલકર્મરૂપ ક્રોધ કયાં છે ? ક્રોધ તો ભાવરૂપ જ દેખાય છે.

(ઉત્તર) એમ નથી. પુદ્ગલપિંડરૂપ દ્રવ્યક્રોધ છે તેના ઉદયથી જન્મેલ તો અક્ષમારૂપ છે તે ભાવક્રોધ છે. આવું કથન પહેલાં પણ કરવામાં આવેલ છે.

(પ્રશ્ન) કેવી રીતે ? (કરવામાં આવેલ છે)

(ઉત્તર) પુદ્ગલ પિંડરૂપ (દ્રવ્યકર્મ) હોય છે ત્યાં ભાવકર્મ હોય છે. આ પ્રકારે ક્રોધ પદ બદલીને માન, માયા, લોભ, રાગ, દોષ, મોહ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, સ્રોત, ચક્ષુ, ઘ્રાણ, રસ, સ્પર્શ નામથી સોળ સૂત્રરૂપ કથન કરવું જોઈએ તે જ પ્રકારથી અન્ય અસંખ્યાત લોકપ્રમાણ વિભાવ પરિણામોને જાણીને ત્યાગ કરવો જોઈએ.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા ક્રમાંક ૧૩**

**તાત્પર્યવૃત્તિ ગાથા**

હવે તે ક્રોધાદિ તમારું સ્વરૂપ કેવી રીતે નથી એવું પૂછવા પર ભેદભાવનારૂપથી ઉત્તર આપે છે.

ગાથાર્થ : આ વિવિધ કર્મોદયના ફળનું વિપાકરૂપ વિભાવ પરિણામ તારો સ્વભાવ કેમ નથી ? પરદ્રવ્યના ઉદયમાં ઉત્પન્ન થવાવાળા અજ્ઞાનમય ક્રોધાદિભાવ (તથા) દેહ પણ તારો સ્વભાવ નથી.

ટીકાર્થ : આ વિવિધ કર્મોદયનું ફળ વિપાક તારું સ્વરૂપ કેમ નથી ? એવો કોઈ ના દ્વારા પ્રશ્ન પૂછવા પર તેનો ઉત્તર આપે છે.

નિર્વિકાર પરમ આહ્લાદક એક લક્ષણરૂપ સ્વશુદ્ધાત્મ દ્રવ્યના રૂપથી પૃથક પરદ્રવ્યરૂપ કર્મ જીવમાં એક ક્ષેત્રાવગાહરૂપ રહે છે. તેના ઉદયના કાળમાં ઔપાધિક સ્ફટીકની પરઉપાધિવાળા ભાવની જેમ ક્રોધાદિ મારા નથી, એટલું જ નહિ પણ સ્પષ્ટતઃ દેહ પણ મારો નથી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમ કે તે (દેહ) જ્ઞાન રહિત, જડસ્વરૂપ છે અને હું અનંતજ્ઞાનાદિ ગુણસ્વરૂપ છું.

આ રીતે સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો અને રાગને છોડતો થકો નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે-એમ હવેની ગાથામાં કહે છેઃ-

**સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.**

**ગાથાર્થઃ-** [ एवं ] આ રીતે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ आत्मानं ] આત્માને ( પોતાને )

[ ज्ञायकस्वभावम् ] જ્ઞાયકસ્વભાવ [ जानाति ] જાણે છે [ च ] અને [ तत्त्वं ] તત્ત્વને અર્થાત્ યથાર્થ સ્વરૂપને [ विजानन् ] જાણતો થકો [ कर्मविपाकं ] કર્મના વિપાકરૂપ [ उदयं ] ઉદયને [ मुञ्चति ] છોડે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૦)**

ઉત્થાનિકા : હવે સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવને જાણતો થકો ને રાગાદિને છોડતો થકો નિયમથી જ્ઞાન વૈરાગ્યથી યુક્ત હોય છે એવું કહે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વોક્ત પ્રકારથી સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માને જાણે છે.

(પ્રશ્ન) કેવા ? (આત્માને જાણે છે)

(ઉત્તર) ટંકોત્કીર્ણ પરમાનંદ જ્ઞાયક એકસ્વભાવરૂપ આત્માને જાણે છે. ઉદય મારું સ્વરૂપ નથી તે કર્મનો વિપાક છે એમ માનીને (ઉદયને) છોડી દે છે.

(પ્રશ્ન) શું કરતો થકો ? (છોડી દે છે)

(ઉત્તર) નિત્ય આનંદસ્વભાવરૂપ પરમાત્મતત્ત્વને ત્રિગુપ્તિરૂપ સમાધિમાં સ્થિર થઈને જાણતો થકો ઉદયને (છોડી દે છે.)

હવે પૂછે છે કે રાગી ( જીવ ) કેમ સમ્યગ્દૃષ્ટિ ન હોય ? તેનો ઉત્તર કહે છેઃ-

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,**
**તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.**
**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો ? ૨૦૨.**

**ગાથાર્થઃ-** [ खलु ] ખરેખર [ यस्य ] જે જીવને [ रागादीनां तु परमाणुमात्रम् अपि ] પરમાણુમાત્ર–લેશમાત્ર–પણ રાગાદિક [ विद्यते ] વર્તે છે [ सः ] તે જીવ [ सर्वागमधरः अपि ] ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ [ आत्मानं तु ] આત્માને [ न अपि जानाति ] નથી જાણતો; [ च ] અને [ आत्मानम् ] આત્માને [ अजानन् ] નહિ જાણતો થકો [ सः ] તે [ अनात्मानं अपि ] અનાત્માને ( પરને ) પણ [ अजानन् ] નથી જાણતો; [ जीवाजीवौ ] એ રીતે જે જીવ અને અજીવને [ अजानन् ] નથી જાણતો તે [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ कथं भवति ] કેમ હોઈ શકે ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૧, ૨૦૨)**

ઉત્થાનિકા : સમ્યક્દૃષ્ટિ રાગી નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : સ્પષ્ટ રીતે જેના હૃદયમાં પરમાણુમાત્ર પણ રાગાદિ વિદ્યમાન છે તે પરમાત્મ તત્ત્વજ્ઞાનના અભાવમાં શુદ્ધબુદ્ધ એક સ્વભાવી પરમાત્માને જાણતો નથી, અનુભવ કરતો નથી.

(પ્રશ્ન) કેવો હોવા છતાં પણ ? (જાણતો નથી, અનુભવ કરતો નથી)

(ઉત્તર) સર્વ આગમધર હોય, બધાં સિદ્ધાંતનો પારગામી-પાઠક થયો થકો પણ (પરમાત્માને) નથી જાણતો. અનુભવ નથી કરતો.

સ્વસંવેદનજ્ઞાનના બળથી સહજ આનંદરૂપ એક સ્વભાવી શુદ્ધાત્માને ન જાણતો થકો તે પ્રકારે અનુભવ નહીં કરતો થકો શુદ્ધાત્માથી ભિન્ન રાગાદિરૂપ અનાત્માને પણ નહીં જાણતો થકો તે પુરુષ જીવ-અજીવના સ્વરૂપને ન જાણતો થકો સમ્યગ્દ્રષ્ટિ કેવી રીતે છે ? અર્થાત્ સ્વપરના ભેદજ્ઞાનથી રહિત પુરુષ કોઈપણ પ્રકારથી (સમ્યક્દ્રષ્ટિ) નથી.

વિશેષ એમ છે કે રાગી જીવ સમ્યગ્દ્રષ્ટિ નથી એવું આપના દ્વારા કહેવામાં આવ્યું છે.

(પ્રશ્ન) ચોથા પાંચમા ગુણસ્થાનવર્તી તીર્થંકર કુમાર, ભરત, સાગર, રામ, પાંડવ આદિ શું સમ્યગ્દ્રષ્ટિ નથી ?

(ઉત્તર) ના એમ નથી. મિથ્યાદ્રષ્ટિની અપેક્ષા એ તેતાલીસ પ્રકૃતિઓના બંધનો અભાવ હોવાથી સરાગ સમ્યક્દ્રષ્ટિ છે.

(પ્રશ્ન) કેવી રીતે (સરાગ સમ્યક્દ્રષ્ટિ છે) ?

(ઉત્તર) કેમકે ચોથા ગુણસ્થાનવર્તી જીવોને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ અને મિથ્યાત્વના ઉદય જનિત પત્થરની રેખા જેવા રાગાદિનો અભાવ હોય છે.

ફરી પાંચમા ગુણસ્થાનવર્તી જીવોને અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભના ઉદય જનિત ભૂમિ રેખાદિ જેવા રાગાદિનો અભાવ છે. એવું પહેલાં જ કહેવામાં આવેલ છે. ગ્રંથમાં અહીં (આ નિર્જરા પ્રકરણમાં) પંચમ ગુણસ્થાનની ઉપરના ગુણસ્થાનવર્તી વિતરાગ સમ્યગ્દ્રષ્ટિનું મુખ્યરૂપથી ગ્રહણ (કથન) છે. સરાગ સમ્યગ્દ્રષ્ટિનું ગૌણરૂપથી ગ્રહણ (કથન) છે. આવું વ્યાખ્યાનના સમયે સમ્યક્દ્રષ્ટિ (સ્વરૂપ) સર્વત્ર તાત્પર્યરૂપથી જાણવું જોઈએ.

હવે પૂછે છે કે (હે ગુરુદેવ!) તે પદ કયું છે? (તે તમે બતાવો). તે પ્રશ્નનો ઉત્તર કહે છેઃ-

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.**

**ગાથાર્થઃ-** [ आत्मनि ] આત્મામાં [ अपदानि ] અપદભૂત [ द्रव्यभावान् ] દ્રવ્ય-ભાવોને [ मुक्त्वा ] છોડીને [ नियतम् ] નિશ્ચિત, [ स्थिरम् ] સ્થિર, [ एकम् ] એક [ इमं ] આ (પ્રત્યક્ષ અનુભવગોચર) [ भावम् ] ભાવને- [ स्वभावेन उपलभ्यमानं ] કે જે (આત્માના) સ્વભાવરૂપે અનુભવાય છે તેને- [ तथा ] (હે ભવ્ય!) જેવો છે તેવો [ गृहाण ] ગ્રહણ કર. (તે તારું પદ છે.)

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૩)**

ઉત્થાનિકા : હવે આ પરમાત્મા પદ શુ છે એમ પૂછે છે ?

તાત્પર્યવૃત્તિ : આધારભૂત આત્મદ્રવ્યમાં જે દ્રવ્યકર્મ તથા ભાવકર્મ (વિદ્યમાન) રહે છે. તે બધા નાશ પામવા યોગ્ય છે. એમ જાણીને, છોડીને હે ભવ્ય ! ગ્રહણ કરો - સ્વીકાર કરો.

(પ્રશ્ન) કોને ?

(ઉત્તર) કર્મપણાને પ્રાપ્ત આત્મપદાર્થને.

(પ્રશ્ન) કેવી ? (આત્મસ્વભાવને) રીતે ?

(ઉત્તર) તારાથી સંબંધિત નિયત (કર્મથી સંબંધિત નહીં એવા આત્મસ્વભાવને) ને (સ્વીકાર કરો)

(પ્રશ્ન) ફરીથી કેવા આત્મસ્વભાવને ? (સ્વીકાર કરીએ ?)

(ઉત્તર) જે સ્થિર અવિનાશી છે. અસહાય છે.

આ પ્રત્યક્ષ (અનુભવગોચર) છે.

(પ્રશ્ન) બીજી કઈ વિશેષતાવાળો છે ?

(ઉત્તર) ઉપલબ્ધ કે અનુભવગોચર છે.

(પ્રશ્ન) કોના દ્વારા ? (ઉપલબ્ધ કે અનુભવ ગોચર છે ?)

(ઉત્તર) પરમાત્મા સુખાનુભવ સ્વરૂપ સ્વસંવેદન જ્ઞાન સ્વભાવ દ્વારા (અનુભવગોચર છે)

હવે, ‘ કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે ’ એવા અર્થની ગાથા કહે છેઃ–

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

**ગાથાર્થઃ-** [ आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च ] મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન– [ तत् ] તે [ एकम् एव ] એક જ [ पदम् भवति ] પદ છે ( કારણ કે જ્ઞાનના સર્વ ભેદો જ્ઞાન જ છે ); [ सः एषः परमार्थः ] તે આ પરમાર્થ છે ( –શુદ્ધનયના વિષયભૂત જ્ઞાનસામાન્ય જ આ પરમાર્થ છે– ) [ यं लब्ध्वा ] કે જેને પામીને [ निर्वृतिं याति ] આત્મા નિર્વાણને પ્રાપ્ત થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૪)**

ઉત્થાનિકા : હવે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન પર્યયજ્ઞાન તથા કેવળજ્ઞાનથી અભેદરૂપ પરમાર્થરૂપ મોક્ષના કારણભૂત જે પરમાત્મપદ છે તે સમસ્ત હર્ષ વિષાદના વિકલ્પ જાળથી રહિત છે. તેનો પરમ યોગાભ્યાસથી જ આત્મા અનુભવ કરે છે. એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યયજ્ઞાન તથા કેવળજ્ઞાન (થી) અભેદરૂપ નિશ્ચયનયથી એક જ પદ છે. પરંતુ જે પ્રકારે વાદળોના આવરણથી તારતમ્ય વશથી સૂર્યના પ્રકાશ (માં) ભેદ થાય છે. તે જ પ્રકારે મતિજ્ઞાનાવરણ આદિ ભેદરૂપ કર્મના વશથી (અભેદ જ્ઞાનના) મતિશ્રુતજ્ઞાન આદિ ભેદ થાય છે. તે આ લોકમાં પ્રસિદ્ધ પાંચ જ્ઞાનનું અભેદરૂપ પરમાર્થ જ્ઞાન સ્વભાવ છે. જે પરમાર્થ જ્ઞાન સ્વભાવને પ્રાપ્ત કરી જીવ નિવૃત્તિ (મોક્ષ) પ્રાપ્ત કરે છે. આમ ભાવાર્થ છે.

આ પ્રકારે જ્ઞાનશક્તિ તથા વૈરાગ્ય શક્તિના વિશેષ વિવરણરૂપ દશ ગાથા સૂત્ર થયા.

હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છેઃ–

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે ! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**

**ગાથાર્થઃ-** [ ज्ञानगुणेन विहीनाः ] જ્ઞાનગુણથી રહિત [ बहवः अपि ] ઘણાય લોકો ( ઘણા પ્રકારનાં કર્મ કરવા છતાં ) [ एतत् पदं तु ] આ જ્ઞાનસ્વરૂપ પદને [ न लभन्ते ] પામતા નથી; [ तद् ] માટે હે ભવ્ય ! [ यदि ] જો તું [ कर्मपरिमोक्षम् ] કર્મથી સર્વથા મુક્ત થવા [ इच्छसि ] ઇચ્છતો હો તો [ नियतम् एतत् ] નિયત એવા આને ( જ્ઞાનને ) [ गृहाण ] ગ્રહણ કર.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૫)**

ઉત્થાનિકા : અહીંથી આગળ આઠ ગાથા સુધી તે જ પરમાર્થ પદનું પ્રકાશક જે આ જ્ઞાન ગુણ છે. તેનું સામાન્ય કથન કરે છે. તે આ પ્રકારે છે. હવે મતિ આદિ પાંચ જ્ઞાનથી અભેદરૂપ સાક્ષાત્ મોક્ષનું કારણભૂતજે પરમાત્મપદ છે. તે પદને શુદ્ધાત્માનુભૂતિ રહિત વ્રત તપશ્ચરણ આદિ કાયકલેશ કરવાવાળા પણ સ્વસંવેદન જ્ઞાન ગુણ વગર પ્રાપ્ત નથી કરી શકતા એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : નિર્વિકાર પરમાત્મતત્ત્વ ઉપલબ્ધિ લક્ષણ રૂપ જ્ઞાન ગુણથી રહિત બહુ પ્રકારના પુરુષ પણ શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ સ્વ સંવેદ્ય અનુભૂતિથી રહિત દુર્ધર કાય કલેશ આદિ તપશ્ચરણ કરવાવાળા પણ મતિ આદિ પાંચ જ્ઞાનના અભેદરૂપ સાક્ષાત મોક્ષના કારણરૂપ સ્વસંવેદ્ય શુદ્ધાત્માનુભૂતિ લક્ષણરૂપ આ પદને પ્રાપ્ત કરી શકતા નથી. હે ભવ્ય તે પદને ગ્રહણ કરો જો કર્મથી મુક્ત થવાની ઇચ્છા છે તો.

હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છેઃ–

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે. ૨૦૬.**

**ગાથાર્થઃ-** ( હે ભવ્ય પ્રાણી ! ) તું [ एतस्मिन् ] આમાં ( –જ્ઞાનમાં ) [ नित्यं ] નિત્ય

[ रतः ] રત અર્થાત્ પ્રીતિવાળો થા, [ एतस्मिन् ] આમાં [ नित्यं ] નિત્ય [ सन्तुष्टः भव ] સંતુષ્ટ થા અને [ एतेन ] આનાથી [ तृप्तः भव ] તૃપ્ત થા; ( આમ કરવાથી ) [ तव ] તને [ उत्तमं सौख्यम् ] ઉત્તમ સુખ [ भविष्यति ] થશે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૬)**

ઉત્થાનિકા : હવે આત્મસુખમાં સંતોષ બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : હે ! ભવ્ય પાંચ ઈન્દ્રિયના સુખથી નિવૃત્તિ લઈને નિર્વિકલ્પ યોગના બળથી સ્વભાવિક પરમાત્મ સુખમાં સદા લીન થા, સંતુષ્ટ થા, તૃપ્ત થા. ત્યારે તને આત્માનુભવના સુખની અનુભૂતિથી ઉત્તમ અક્ષય મોક્ષ સુખ થશે.

હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી ? તેનો ઉત્તર કહે છેઃ–

**‘ પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય ’ એવું કોણ જ્ઞાની કહે અરે !**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે ? ૨૦૭.**

**ગાથાર્થઃ-** [ आत्मानम् तु ] પોતાના આત્માને જ [ नियतं ] નિયમથી [ आत्मनः परिग्रहं ] પોતાનો પરિગ્રહ [ विजानन् ] જાણતો થકો [ कः नाम बुधः ] ક્યો જ્ઞાની [ भणेत् ] એમ કહે કે [ इदं परद्रव्यं ] આ પરદ્રવ્ય [ मम द्रव्यम् ] મારું દ્રવ્ય [ भवति ] છે ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૭)**

ઉત્થાનિકા : હવે જ્ઞાની પરદ્રવ્યને ગ્રહણ નથી કરતો એવી ભેદ ભાવનાને કહે છે.

તાત્પર્યવૃત્તિ : પરદ્રવ્ય મારું છે એવું કયા જ્ઞાની કહેશે. અર્થાત્ કોઈ પણ (જ્ઞાની એવું) નહીં કહે.

(પ્રશ્ન) શું કરતો થકો (એવું નહીં કહે)

(ઉત્તર) ચિદાનંદ એક સ્વભાવ શુદ્ધાત્માને જ નિશ્ચયથી આત્માનો પરિગ્રહ જાણતો થકો (પરદ્રવ્યને મારું નહીં કહે)

“ માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું ” એમ હવે ( મોક્ષાભિલાષી જીવ ) કહે છેઃ–

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ परिग्रहः ] પરદ્રવ્ય–પરિગ્રહ [ मम ] મારો હોય [ ततः ] તો [ अहम् ] હું [ अजीवतां तु ] અજીવપણાને [ गच्छेयम् ] પામું. [ यस्मात् ] કારણ કે [ अहं ] હું તો [ ज्ञाता एव ] જ્ઞાતા જ છું [ तस्मात् ] તેથી [ परिग्रहः ] ( પરદ્રવ્યરૂપ ) પરિગ્રહ [ मम न ] મારો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૮)**

ઉત્થાનિકા : હવે મિથ્યાત્વ રાગાદિરૂપ અપધ્યાન મારો પરિગ્રહ નથી એ પ્રકારે ફરીથી ભેદજ્ઞાન શક્તિ અને વૈરાગ્ય શક્તિ પ્રગટ કરે છે.

તાત્પર્યવૃત્તિ : સહજ શુદ્ધ કેવળજ્ઞાન દર્શન સ્વભાવી એવા મને જો મિથ્યાત્વ રાગાદિ પરદ્રવ્યનો પરિગ્રહ હોય તો હું અજીવપણાને જડપણાને પ્રાપ્ત થઈ જાવ. પરંતુ હું અજીવ નથી થતો. કારણ કે હું પરમાત્મજ્ઞાન પદ રૂપ જ છું તેથી પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી એમ અર્થ છે.

'વળી આ ( નીચે પ્રમાણે ) મારો નિશ્ચય છે' એમ હવે કહે છેઃ–

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

**ગાથાર્થઃ-** [ छिद्यतां वा ] છેદાઈ જાઓ, [ भिद्यतां वा ] અથવા ભેદાઈ જાઓ, [ नीयतां वा ] અથવા કોઈ લઈ જાઓ, [ अथवा विप्रलयम् यातु ] અથવા નષ્ટ થઈ જાઓ, [ यस्मात् तस्मात् गच्छतु ] અથવા તો ગમે તે રીતે જાઓ, [ तथापि ] તોપણ [ खलु ] ખરેખર [ परिग्रहः ] પરિગ્રહ [ मम न ] મારો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૦૯)**

ઉત્થાનિકા : હવે આ મારો નિશ્ચય છે કે દેહ, રાગાદિ પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી એવુ ભેદજ્ઞાન કહે છે.

તાત્પર્યવૃત્તિ : (બાહ્ય શરીરાદિ) છેદાઈ જાય, બે ટુકડા થઈ જાય અથવા ભેદાઈ જાય અથવા કોઈ લઈ જાય અથવા નષ્ટ થઈ જાય અથવા બીજા કોઈ પણ કારણથી જાય તો પણ શરીર મારો પરિગ્રહ નથી.

(પ્રશ્ન) કયા કારણથી (શરીર મારો પરિગ્રહ નથી ?)

(ઉત્તર) કારણ કે ટંકોત્કીર્ણ પરમાનંદ જ્ઞાયક એક સ્વભાવરૂપ હું છું એમ મારો નિશ્ચય છે.

જ્ઞાનીને ધર્મનો ( પુણ્યનો ) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છેઃ–

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**

**ગાથાર્થઃ-** [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ धर्मम् ] ધર્મને ( પુણ્યને ) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ धर्मस्य ] ધર્મનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] ( ધર્મનો ) જ્ઞાયક જ [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૦)**

ઉત્થાનિકા : હવે વિશેષ પરિગ્રહ ત્યાગરૂપથી તેજ જ્ઞાન ગુણનું વર્ણન કરે છે.

તાત્પર્યવૃત્તિ : અપરિગ્રહી કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) એવો કોણ છે (કે જેને અપરિગ્રહી કહેવામાં આવે છે)

(ઉત્તર) અનિચ્છુક છે (તેને) અનિચ્છા-અર્થાત્ જેને બાહ્ય દ્રવ્યોની ઈચ્છા વાંછા કે મોહ નથી તેને પરિગ્રહ નથી. તે અપરિગ્રહી છે. આ કારણથી સ્વસંવેદનજ્ઞાની શુદ્ધ ઉપયોગરૂપ નિશ્ચયરૂપ નિશ્ચય ધર્મને છોડીને શુભોપયોગરૂપ ધર્મ અર્થાત્ પુણ્યની ઈચ્છા નથી કરતો આ કારણથી પુણ્યરૂપ ધર્મનો અપરિગ્રહી થયો થકો આ પુણ્ય મારું સ્વરૂપ નથી એમ જાણીને તે રૂપે પરિણમન ન કરતો થકો તન્મય ન થયો થકો દર્પણમાં બિંબની જેમ (નિર્મળ) જ્ઞાયક જ છે.

હવે, જ્ઞાનીને અધર્મનો ( પાપનો ) પરિગ્રહ નથી એમ કહે છેઃ–

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

**ગાથાર્થઃ-** [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ अधर्मम् ] અધર્મને ( પાપને ) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ अधर्मस्य ] અધર્મનો [ अपरिग्रहः ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] ( અધર્મનો ) જ્ઞાયક જ [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૧)**

તાત્પર્યવૃત્તિ : અપરિગ્રહી કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) તે કોણ છે ? (જેને અપરિગ્રહી કહેવામાં આવેલ છે.)

(ઉત્તર) તે અનિચ્છક છે જેને બાહ્ય દ્રવ્યમાં ઈચ્છા, વાંછા નથી તેને પરિગ્રહ નથી અર્થાત્ તે અપરિગ્રહી છે આ કારણથી તત્ત્વજ્ઞાની વિષય કષાયરૂપ અધર્મ અથાત્ પાપની ઈચ્છા નથી કરતો તે જ કારણથી વિષય કષાયરૂપ અધર્મ-પાપનો પરિગ્રહ ન કરતો થકો આ પાપ મારું સ્વરૂપ નથી એવું જાણીને તે રૂપે પરિણમન ન કરતો થકો દર્પણના બિંબની જેમ જ્ઞાયક જ છે. આ જ પ્રકારથી અધર્મ પદ બદલીને રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસના, સ્પર્શન, નામના સોળ સૂત્રની વ્યાખ્યા કરવી જોઈએ.

તે પ્રકારથી શુભ અશુભ સંકલ્પ વિકલ્પ રહિત અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ શુદ્ધાત્માના વિપક્ષરૂપ બીજા પણ અસંખ્યાત લોક પ્રમાણ વિભાવપરિણામ સ્થાનોનો ત્યાગ કરવો જોઈએ.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા નં. ૧૪**

**તાત્પર્યવૃત્તિ ગાથા**

ગાથાર્થ : ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશ, અગિયાર અંગ, નવ પૂર્વરુપ સૂત્ર અને દેવ મનુષ્ય તિર્યંચ નરકાદિ પર્યાય તથા (બીજા) બધા પરિગ્રહ જ્ઞાનીનાં જ્ઞેય છે.

ટીકાર્થ : અપરિગ્રહી કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) એવો (અપરિગ્રહી) તે કોણ છે ?

(ઉત્તર) તે અનિચ્છુક છે જેને બાહ્ય દ્રવ્યની ઈચ્છા આકાંક્ષા નથી અર્થાત્ અપરિગ્રહી છે. આ કારણથી પરમ તત્ત્વજ્ઞાની ચિદાનંદ એક સ્વભાવી શુદ્ધાત્માને છોડીને ધર્મ, અધર્મ, આકાશ આદિ અંગપૂર્વગત શ્રુતજ્ઞાન બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહ, દેવ, મનુષ્ય તિર્યંચ, નરક આદિ વિભાવ પર્યાયો ને નથી ઈચ્છતો. એ પ્રકારથી તેને જ્ઞેય જાણવા જોઈએ એ કારણથી (જ્ઞાની) એ વિષયમાં નિષ્પરિગ્રહી થઈને તે રૂપે પરિણમન ન કરતો થકો દર્પણમાં બિંબની જેમ જ્ઞાયક જ છે.

હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છેઃ–

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

**ગાથાર્થઃ-** [ अनिच्छः ] અનિચ્છકને [ अपरिग्रहः ] અપરિગ્રહી [ भणितः ] કહ્યો છે [ च ] અને [ ज्ञानी ] જ્ઞાની [ अशनम् ] અશનને ( ભોજનને ) [ न इच्छति ] ઇચ્છતો નથી, [ तेन ] તેથી [ सः ] તે [ अशनस्य ] અશનનો [ अपरिग्रहः तु ] પરિગ્રહી નથી, [ ज्ञायकः ] ( અશનનો ) જ્ઞાયક જ [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૨)**

તાત્પર્યવૃત્તિ : જ્ઞાનીને અપરિગ્રહી કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) તે કોણ છે જેને અપરિગ્રહી કહેવામાં આવેલ છે ?

(ઉત્તર) (તે) અનિચ્છુક છે. જેને બાહ્ય દ્રવ્યોમાં ઈચ્છા નથી મૂર્છા કે મમત્વ નથી તે પરિગ્રહી નથી. ઈચ્છા તો અજ્ઞાનમયભાવ છે. તે જ્ઞાનીને સંભવ નથી. આ કારણથી સ્વાભાવિક પરમાનંદ સુખમાં સંતુષ્ટ થઈને અશનનો અપરિગ્રહી થયો થકો દર્પણના બિંબની માફક અશન, આહાર વસ્તુનો વસ્તુ સ્વરૂપથી જ્ઞાયક જ છે પરંતુ રાગરૂપથી ગ્રાહક નથી.

હવે, જ્ઞાનીને પાનનો ( પાણી વગેરે પીવાનો ) પણ પરિગ્રહ નથી એમ કહે છેઃ–

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

**ગાથાર્થ:-** [ अनिच्छः ] **અનિચ્છકને** [ अपरिग्रहः ] **અપરિગ્રહી** [ भणितः ] **કહ્યો છે** [ च ] **અને** [ ज्ञानी ] **જ્ઞાની** [ पानम् ] **પાનને** [ न इच्छति ] **ઈચ્છતો નથી,** [ तेन ] **તેથી** [ सः ] **તે** [ पानस्य ] **પાનનો** [ अपरिग्रहः तु ] **પરિગ્રહી નથી,** [ ज्ञायकः ] **( પાનનો ) જ્ઞાયક જ** [ भवति ] **છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૩)**

તાત્પર્યવૃત્તિ : અપરિગ્રહી કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) કોને ?

(ઉત્તર) જે અનિચ્છક છે તેને અપરિગ્રહી કહેવામાં આવેલ છે જેને બાહ્ય દ્રવ્યોમાં આકાંક્ષા તૃષ્ણા મોહ કે ઈચ્છા નથી તે પરિગ્રહી નથી ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે તે જ્ઞાનીને સંભવ નથી આ કારણથી સ્વભાવિક પરમાનંદ સુખમાં સંતુષ્ટ થઈને વિવિધ પાનકના વિષયમાં અપરિગ્રહ થયો થકો દર્પણના બિંબ સમાન પાનક વસ્તુનો વસ્તુસ્વરૂપથી જ્ઞાયક જ છે પરંતુ રાગરૂપથી ગ્રાહક નથી તેવી રીતે કહ્યું પણ છે કે,

(શ્લોકનો અનુવાદ) બળ વધારવા માટે આયુષ્ય વધારવા માટે શરીરને જાડુ કે તેજ વધારવા માટે સમ્યક્જ્ઞાની અન્ન નથી લેતો તે તો જ્ઞાનને માટે સંયમને માટે ધ્યાનને માટે જ સમ્યક્જ્ઞાની આહાર લ્યે છે. જેવી રીતે ગાડી ચલાવવા માટે પૈડાને ઉંજણ (તેલ) આપે છે તેવી જ રીતે પ્રાણ ધારણ કરવાને માટે અન્નાદિ શરીરને આપે છે, ધર્મ ધારણમાં પ્રાણ નિમિત્ત છે. અને મોક્ષના માટે ધર્મનું આચરણ કરે છે.

એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છે:–

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

**ગાથાર્થ:-** [ एवमादिकान् तु ] **ઇત્યાદિક** [ विविधान् ] **અનેક પ્રકારના** [ सर्वान् भावान् च ] **સર્વ ભાવોને** [ ज्ञानी ] **જ્ઞાની** [ न इच्छति ] **ઈચ્છતો નથી;** [ सर्वत्र निरालम्बः तु ] **સર્વત્ર ( બધામાં ) નિરાલંબ એવો તે** [ नियतः ज्ञायकभावः ] **નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૪)**

ઉત્થાનિકા : હવે પરિગ્રહના ત્યાગના વ્યાખ્યાનનો ઉપસંહાર કરે છે.

તાત્પર્યવૃત્તિ : પુણ્ય-પાપ, અશન પાન આદિ બાહ્ય સર્વભાવોને કોઈ પણ રીતે પરમ તત્ત્વજ્ઞાની જીવ ઈચ્છતો નથી. ઈચ્છા ન કરતો થકો તે જ્ઞાની કેવો છે ?

(ઉત્તર) ટંકોત્કીર્ણ પરમાનંદ જ્ઞાયક એક સ્વભાવરૂપ જ નિશ્ચિત હોય છે.

(પ્રશ્ન) ફરી (પૂછે છે જ્ઞાની) કેવો હોય છે ?

(ઉત્તર) ત્રણ લોકમાં, ત્રણકાળમાં મન, વચન, કાય કૃત, કારક, અનુમોદન દ્વારા બાહ્ય અભ્યંતર પરિગ્રહના રૂપમાં ચેતન, અચેતનરૂપ પરદ્રવ્યમાં સર્વત્ર નિરાલંબી હોવાથી અનંતજ્ઞાનાદિ ગુણસ્વરૂપ સ્વભાવમાં પૂર્ણ કળશની જેમ સ્વાવલંબી જ રહે છે એમ ભાવાર્થ છે.

હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છેઃ–

**ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,**
**ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.**

**ગાથાર્થ**:- [ उत्पन्नोदयभोगः ] જે ઉત્પન્ન ( અર્થાત્ વર્તમાન કાળના ) ઉદયનો ભોગ [ सः ] તે, [ तस्य ] જ્ઞાનીને [ नित्यम् ] સદા [ वियोगबुद्धया ] વિયોગબુદ્ધિએ હોય છે [ च ] અને [ अनागतस्य उदयस्य ] આગામી ( અર્થાત્ ભવિષ્ય કાળના ) ઉદયની [ ज्ञानी ] જ્ઞાની [ कांक्षाम् ] વાંછા [ न करोति ] કરતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૫)**

ઉત્થાનિકા : જ્ઞાની વર્તમાન અને ભવિષ્યકાલિન ભોગોની વાંછા નથી કરતા એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : ઉત્પન્ન થયેલ તે ઉદય ભોગ વિષયોમાં તે (જ્ઞાની) ની વિયોગબુદ્ધિ અથવા હેયબુદ્ધિ હોય છે છઠ્ઠી અને સાતમીમાં-ક્યાંક અભેદ પણ હોય છે એમ વચન છે.

(પ્રશ્ન) એવું કોણ છે જેની ભોગ વિષયોમાં નિરીહવૃત્તિ હોય છે ?

(ઉત્તર) સ્વસંવેદન જ્ઞાનીની હંમેશા (નીરિહવૃત્તિ હોય છે.)

તે જ જ્ઞાની છે જે અનાગત અથવા ભાવિ નિદાન બંધરૂપ ભોગોની આકાંક્ષા નથી કરતા તેનું જ કંઈક વિશેષ કહેવાય છે.

જે ભોગ ઉપભોગ આદિ ચેતન અને અચેતન સમસ્ત પરદ્રવ્યમાં નિરાવલંબી ભાવ છે તેને જ સ્વસંવેદન જ્ઞાન ગુણ કહેવામાં આવે છે. તે જ્ઞાન ગુણના અવલંબનથી જે પુરુષ ખ્યાતિ, પૂજા, લાભ, ભોગ, આકાંક્ષારૂપ નિદાન બંધ આદિ વિભાવભાવથી રહિત થઈને ત્રણલોકને ત્રણકાળમાં પણ મન વચન કાયાથી કૃત કારક અનુમોદનથી વિષય સુખાનંદ વાસના વાસિત ચિતને છોડીને શુદ્ધાત્મ અનુભવથી ઉત્પન્ન વિતરાગ પરમાનંદ સુખની વાસનાથી વાસિત, રંજીત, મૂર્ચ્છિત પરિણત, તન્મય-તૃપ્ત-રત-સંતુષ્ટ ચિત થઈને જે વર્તે છે તે (સમ્યગ્જ્ઞાની) જ મતિ, શ્રુત, અવધિ-મનપર્યય તથા કેવળજ્ઞાનના અભેદરૂપ પરમાર્થ શબ્દથી કહેવાયેલ સાક્ષાત મોક્ષના કારણરૂપ શુદ્ધાત્માનુભૂતિ લક્ષણરૂપ, પરમાગમભાષામાં વિતરાગ ધર્મધ્યાન, શુકલધ્યાન સ્વરૂપ સ્વસંવેદન યોગ્ય શુદ્ધાત્મ પદનો પરમ સમરસી ભાવથી અનુભવ કરે છે બીજો અનુભવ નથી કરતો.

જે પ્રકારે પરમાત્મપદનો અનુભવ કરે છે તે પ્રકારે પરમાત્મપદ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) કયા કારણથી (મોક્ષ પ્રાપ્ત કરે છે)

(ઉત્તર) કેમકે ઉપાદાન કારણની સમાન (જેવું) કાર્ય હોય છે. એ પ્રકારે સ્વસંવેદન જ્ઞાનગુણ વગર મતિ આદિ પાંચ જ્ઞાનના ભેદોથી રહિત અખંડ પરમાત્મપદને પ્રાપ્ત નથી કરતા આ પ્રકારે સંક્ષેપ વ્યાખ્યાનની મુખ્યતાથી આઠ ગાથા સૂત્ર પૂરા થયા.

હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી ? તેનો ઉત્તર કહે છે:-

**રે ! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**-એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.**

**ગાથાર્થ:-** [ यः वेदयते ] જે ભાવ વેદે છે ( અર્થાત્ વેદકભાવ ) અને [ वेद्यते ] જે ભાવ વેદાય છે ( અર્થાત્ વેદ્યભાવ ) [ उभयम् ] તે બન્ને ભાવો [ समये समये ] સમયે સમયે [ विनश्यति ] વિનાશ પામે છે- [ तद्ज्ञायकः तु ] એવું જાણનાર [ ज्ञानी ] જ્ઞાની [ उभयम् अपि ] તે બન્ને ભાવોને [ कदापि ] કદાપિ [ न कांक्षति ] વાંછતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૬)**

ઉત્થાનિકા : હવે સમ્યક્જ્ઞાની જીવ ભવિષ્યકાળના ભોગોની વાંછા નથી કરતો એવું કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે આ રાગાદિ વિકલ્પ રૂપથી કર્તા (થઈને) વેદન કરે છે અનુભવ કરે છે. અને જે શાતાનો ઉદય કર્મપણાને પ્રાપ્ત થઈને રાગાદિ વિકલ્પથી વેદન કરવામાં આવે છે. અનુભવ કરવામાં આવે છે તે બંને અર્થ પર્યાયની અપેક્ષાએ પ્રતિ સમય વિનશ્વર છે તે બંને ને-વેદ્ય વેદકરૂપ વર્તમાનભાવને વિનશ્વર જાણતો થકો જ્ઞાની તેની આકાંક્ષા કદાપિ કરતો નથી.

એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે:-

**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.**

**ગાથાર્થ:-** [ बन्धोपभोगनिमित्तेषु ] બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા [ संसारदेहविषयेषु ] સંસારસંબંધી અને દેહસંબંધી [ अध्यवसानोदयेषु ] અધ્યવસાનના ઉદયોમાં [ ज्ञानिनः ] જ્ઞાનીને [ रागः ] રાગ [ न एव उत्पद्यते ] ઊપજતો જ નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૭)**

ઉત્થાનિકા : હવે તે જ પ્રકારે અપધ્યાનરૂપ નિષ્પ્રયોજન બંધના નિમિત્તરૂપ શરીરના વિષયમાં ભોગને કારણે થવાવાળા રાગાદિ અધ્યવસાનોને પરમાત્મ તત્ત્વનો અનુભવી ઈચ્છતો નથી એવું પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : સ્વસંવેદનજ્ઞાની જીવના રાગાદિ ઉદયરૂપ અધ્યવસાનો કે જે બંધના નિમિત્ત છે અથવા ભોગના નિમિત્ત છે તેમાં (જ્ઞાની જીવને) રાગ ઉત્પન્ન નથી થતો.

(પ્રશ્ન) કેવા અધ્યવસાનોમાં (રાગ ઉત્પન્ન થતો નથી) ?

(ઉત્તર) નિષ્પ્રયોજન બંધના નિમિત્તરૂપ, સંસારના વિષયરૂપ, ભોગના નિમિત્તરૂપ અથવા દેહના વિષયોમાં (રાગ ઉત્પન્ન નથી થતો) અહીં એમ તાત્પર્ય છે કે તે (જ્ઞાની) જીવ ભોગના નિમિત્તથી અલ્પ પાપને જ કરે છે. (અજ્ઞાની જીવ) નિષ્પ્રયોજન દુર્ધ્યાન વડે શાલિ મચ્છની જેમ પ્રચુર પાપ કરે છે અપધ્યાનનું લક્ષણ આ પ્રકારે કહેવામાં આવે છે.

તથા આ પ્રકારે પણ કહેવામાં આવેલ છે.

શ્લોકાર્થ : દ્વેષ અને રાગથી બીજાની સ્ત્રી આદિનો બંધ, બંધન, છેદન આદિનું ચિંતવન કરવાનું જિનશાસનમાં જ્ઞાની લોકોએ અપધ્યાન કહેલું છે. આ રીતના અપધ્યાનથી જીવ કર્મ બાંધે છે. તે રીતે (બીજા શ્લોકમાં) કહ્યું છે કે,

શ્લોકાર્થ : અનેક પ્રકારના સંકલ્પ અને વિકલ્પોના કલ્પતરૂનો આશ્રય લેવાથી તારું ચિત આ મનોરથ સાગરમાં ડૂબે છે ત્યાં તારું કિંચિત પણ પ્રયોજન સિદ્ધ નથી થતું પણ (સંકલ્પનો) આશ્રય લેવા વાળાને પાપનો જ બંધ થાય છે આ પ્રકારે અપધ્યાનથી જીવ કર્મ બાંધે છે તેમ આગમમાં કહ્યું છે.

દુર્ભાગ્યથી ભોગના વિષયમાં તારું ચિત આકર્ષિત થઈને જે પ્રકારે દોડધામ કરે છે તે પ્રકારે જો તે પોતાના પરમાત્મ સ્વભાવમાં લાગી જાય તો તારા આ વિકલ્પમય સંસારની નિષ્ફળતા પ્રગટ થશે અર્થાત્ સંસાર નાશ ને પ્રાપ્ત થશે.

આ પ્રકારે આચાર શાસ્ત્રોમાં કહ્યું છે કે -

ગાથાર્થ : આ કલુષિતરૂપ કામભોગોમાં મૂર્છિત થયો થકો જીવ ઈચ્છાઓ કરે છે તેનાથી ભોગોને ન ભોગવતો થકો પોતાના મલિનભાવથી કર્મબંધ કરે છે એમ જાણીને માઠા ધ્યાનનો ત્યાગ કરીને શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિર થવું જોઈએ એમ ભાવાર્થ છે.

હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છેઃ–

**છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,**
**પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.**
**પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,**
**તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ सर्वद्रव्येषु ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [ रागप्रहायकः ] રાગ છોડનારો છે તે [ कर्ममध्यगतः ] કર્મ મધ્યે રહેલો હોય [ तु ] તોપણ [ रजसा ] કર્મરૂપી રજથી [ नो लिप्यते ] લેપાતો નથી– [ यथा ] જેમ [ कनकम् ] સોનું [ कर्दममध्ये ] કાદવ મધ્યે

રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. [ पुनः ] અને [ अज्ञानी ] અજ્ઞાની [ सर्वद्रव्येषु ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [ रक्तः ] રાગી છે તે [ कर्ममध्यगतः ] કર્મ મધ્યે રહ્યો થકો [ कर्मरजसा ] કર્મરજથી [ लिप्यते तु ] લેપાય છે– [ यथा ] જેમ [ लोहम् ] લોખંડ [ कर्दममध्ये ] કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે ( અર્થાત્ તેને કાટ લાગે છે ) તેમ.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૧૮, ૨૧૯)**

ઉત્થાનિકા : આના પછી તે જ જ્ઞાનગુણનું ચૌદ ગાથા સુધી વિશેષ વ્યાખ્યાન કરે છે તે આ પ્રકારે છે. જ્ઞાની બધાં દ્રવ્યોમાં વિતરાગભાવને કારણે કર્મોથી લેપાતો નથી પરંતુ સરાગીપણાને કારણે અજ્ઞાની (કર્મોથી) લેપાઈ છે એવું પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : હર્ષ અને શોકાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત સ્વસંવેદનજ્ઞાની સર્વદ્રવ્યોમાં રાગનો પરિત્યાગ કરવાવાળો હોવાને કારણે કિચડની વચ્ચે પડેલ સોનાની જેમ કર્મ રજથી લેપાતો નથી. પરંતુ અજ્ઞાની સ્વસંવેદન જ્ઞાનના અભાવથી સમસ્ત પાંચ ઈન્દ્રિયોના વિષય આદિ પરદ્રવ્યોના પ્રતિ રાગી (થઈને) વાંછા કરવાવાળો, મૂર્છિત-મોહિત થાય છે આ કારણથી કીચડની વચ્ચે પડેલ લોખંડની જેમ કર્મરજથી બંધાઈ છે.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા નં. ૧૫**

જો સમસ્ત કર્મોની નિર્જરા નથી તો મોક્ષ કેમ થશે આ પ્રશ્નનું નિરાકારણ કહે છે.

ગાથાર્થ : નાગફણીનું મૂળ, હાથણીનું મૂત્ર, ગર્ભનાગ-સિંદુર દ્રવ્ય, અને સીસા (નામની) ધાતુ આ (બધા) ને અગ્નિ પર તપાવવાથી સોનુ થાય છે.

ટીકા અનુવાદ : નાગફણી નામના ઔષધિનું મૂળ નાગિની હાથણીનું મુત્ર, ગર્ભનાગ-સિંદુર દ્રવ્ય, નાગ-સીસા (દ્રવ્ય) ને ધમણથી અગ્નિ પર તપાવવાથી પુણ્યોદય હોય તો સોનુ થાય છે. જો પુણ્યોદય ન હોય તો સુવર્ણ નથી થતું આમ દૃષ્ટાંત ગાથા પૂર્ણ થઈ.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા નં. ૧૬, ૧૭**

ગાથાર્થ : હવે કર્મ કાદવ છે. રાગાદિ વિભાવ પરિણામ કાલિમા છે. સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમ ઔષધિ છે. એમ જાણો. ૨૩૩

ધ્યાન અગ્નિ છે. તપશ્ચરણ ભસ્ત્રા-ધમણ છે. જીવ લોખંડ છે. તેને પરમ યોગીઓ દ્વારા ધમવી (ગરમ કરવી જોઈએ) જોઈએ એવું સમ્યક્ કથન છે. ૨૩૪

તાત્પર્યવૃત્તિ : દ્રવ્યકર્મને મેલની સંજ્ઞા છે. રાગાદિ વિભાવ પરિણામની કાલિમા સંજ્ઞા મેલ જાણવી જોઈએ. સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ ચારિત્ર ત્રણેય ભેદ-અભેદ રત્નત્રય રૂપ પરમ ઔષધિ જાણવી જોઈએ. વીતરાગ નિર્વિકલ્પ સમાધિરૂપ ધ્યાન અગ્નિ છે. બાર પ્રકારના

તપશ્ચરણને ધમણ રૂપ જાણવા જોઈએ.

નિકટ-આસન્ન ભવ્ય જીવ લોખંડ છે. (એમ જાણવું જોઈએ) તે ભવ્ય જીવ પૂર્વોક્ત સમ્યકત્વ આદિ ઔષધ તથા ધ્યાનરૂપ અગ્નિનો સંયોગ કરીને બાર પ્રકારના તપશ્ચરણની ધોકનીથી પરમ યોગીઓ દ્વારા ધમવી જોઈએ-ધ્યાન કરવું જોઈએ. આ પ્રકારથી જેમ સોનુ પ્રગટ થાય છે. તેમ મોક્ષ થાય છે તેમાં ભટ્ટ, ચાર્વાક મતવાળાઓની જેમ સંદેહ ન કરવો જોઈએ.

**તાત્પર્યવૃત્તિ વધારાની ગાથા - ૧૮**

ગાથાર્થ : જેવી રીતે પુદ્‌ગલમય શંખ જ્યારે સફેદપણું છોડીને કાળા ભાવને પ્રાપ્ત કરે છે ત્યારે સફેદપણાને છોડી દે છે.

નોંધ : ઉપરોક્ત ગાથા ૨૩૭ જેવી જ છે તેની ટીકા આગળ આવી ગઈ છે.

હવે આ જ અર્થને દ્રષ્ટાંતથી દ્રઢ કરે છેઃ–

**જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુકલત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.**
**ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.**
**જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને,**
**પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુકલત્વને; ૨૨૨.**
**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને,**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.**

**ગાથાર્થઃ-** [ शंखस्य ] જેમ શંખ [ विविधानि ] અનેક પ્રકારનાં [ सचित्ताचित्त–मिश्रितानि ] **સચિત્ત, અચિત્ત અને મિશ્ર** [ द्रव्याणि ] દ્રવ્યોને [ भुञ्जानस्य अपि ] ભોગવે છે–ખાય છે તોપણ [ श्वेतभावः ] તેનું શ્વેતપણું [ कृष्णकः कर्तु न अपि शक्यते ] ( કોઈથી ) કૃષ્ણ કરી શકાતું નથી, [ तथा ] તેમ [ ज्ञानिनः अपि ] **જ્ઞાની પણ** [ विविधानि ] અનેક પ્રકારનાં [ सचित्ताचित्तमिश्रितानि ] **સચિત્ત અચિત્ત અને મિશ્ર** [ द्रव्याणि ] દ્રવ્યોને [ भुञ्जानस्य अपि ] ભોગવે તોપણ [ ज्ञानं ] તેનું જ્ઞાન [ अज्ञानतां नेतुम् न शक्यम् ] ( કોઈથી ) અજ્ઞાન કરી શકાતું નથી.

[ यदा ] જ્યારે [ सः एव शंखः ] તે જ શંખ ( પોતે ) [ तकं श्वेतस्वभावं ] તે શ્વેત સ્વભાવને [ प्रहाय ] છોડીને [ कृष्णभावं गच्छेत् ] કૃષ્ણભાવને પામે ( અર્થાત્ કૃષ્ણભાવે પરિણમે ) [ तदा ] ત્યારે [ शुक्लत्वं प्रजह्यात् ] શ્વેતપણાને છોડે ( અર્થાત્ કાળો બને ), [ तथा ] તેવી રીતે [ खलु ] ખરેખર [ ज्ञानी अपि ] **જ્ઞાની પણ** ( પોતે ) [ यदा ] જ્યારે [ तकं ज्ञानस्वभावं ] તે જ્ઞાનસ્વભાવને [ प्रहाय ] છોડીને [ अज्ञानेन ] **અજ્ઞાનરૂપે** [ परिणतः ]

પરિણમે [ तदा ] ત્યારે [ अज्ञानतां ] અજ્ઞાનપણાને [ गच्छेत् ] પામે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૨૦-૨૨૩)**

ઉત્થાનિકા : હવે જ્ઞાનીને શંખના દૃષ્ટાંત દ્વારા બંધનો અભાવ દશાવે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે સજીવ શંખના શ્વેતભાવને કાળુ કરવા માટે કોઈ સમર્થ નથી.

(પ્રશ્ન) શું કરતો થકો પણ (કાળુ કરવા સમર્થ નથી) ?

(ઉત્તર) ભક્ષણ કરવા છતાં પણ.

(પ્રશ્ન) શેનું ?

(ઉત્તર) કર્મત્વને પ્રાપ્ત સચિત-અચિત તથા મિશ્ર વિવિધ દ્રવ્યોનું (ભક્ષણ કરવા છતાં) આમ જુદા દૃષ્ટાંતરૂપ ગાથા થઈ.

તેવી જ રીતે જ્ઞાની જીવના વીતરાગ સ્વસંવેદન લક્ષણરૂપ ભેદજ્ઞાનને રાગપણે કે અજ્ઞાનપણે કરાવવામાં (કોઈ) સમર્થ નથી.

(પ્રશ્ન) કયા કારણથી સમર્થ નથી ?

(ઉત્તર) કેમકે સ્વભાવને અન્યથા કરવામાં કોઈ પણ સમર્થ નથી (હોતું)

(પ્રશ્ન) શું કરવા છતાં પણ સ્વભાવને અન્યથા કરવામાં સમર્થ નથી ?

(ઉત્તર) ભોગવતો હોવા છતાં પણ.

(પ્રશ્ન) કોને ?

(ઉત્તર) સ્વકીય ગુણસ્થાન અવસ્થા યોગ્ય સચિત-અચિત મિશ્રરૂપ વિવિધ દ્રવ્યોને ભોગવતો થકો પણ સ્વભાવને અન્યથા કરવામાં કોઈ સમર્થ નથી.

આ કારણથી ચિરકાળથી બંધાયેલ કર્મોની નિર્જરા જ થાય છે અને નવા કર્મોનો સંવર થાય છે. આ પ્રકારે જુદી સિદ્ધાંતરૂપ ગાથા થઈ. અન્વય વ્યતિરેક શબ્દથી બધેય વિધિ નિષેધ જાણવું જોઈએ.

જેવી રીતે તે પૂર્વોક્ત સજીવ શંખ કાળા પરદ્રવ્યના (સંયોગ વશ) લેપ વશ અંતરંગ પોતાના ઉપાદાન પરિણામોને આધીન થયો થકો શ્વેતભાવને છોડીને કાળાપણાને પ્રાપ્ત થાય છે તથા સફેદપણાને છોડે છે. આ પ્રકારે અન્વય દૃષ્ટાંત ગાથા થઈ.

**વધારાની ગાથા ૧૮ નો અનુવાદ**

તે પ્રકારે જેવી તે નિર્જીવ શંખ (નિમિત્ત વશ) કૃષ્ણરૂપ પરદ્રવ્યના લેપવશ અંતરંગ ઉપાદાન પરિણામોને આધીન થયો થકો શ્વેત સ્વભાવપણાને છોડીને કૃષ્ણભાવપણાને પ્રાપ્ત થાય છે. ત્યારે શ્વેતપણાને છોડે છે. આ પ્રકારે નિર્જીવ (નિમિત્ત આધીન) શંખની બીજી અન્વય દૃષ્ટાંત ગાથા થઈ.

તેવી રીતે જ્ઞાની જીવ પણ વાસ્તવમાં સ્વકીયપ્રજ્ઞાના અપરાધમાં વીતરાગ જ્ઞાનસ્વભાવપણાને છોડીને મિથ્યાત્વ આદિ રાગાદિ અજ્ઞાનભાવથી પરિણમિત થાય છે ત્યારે સ્વસ્વભાવથી ચ્યુત થયો

**થકો અજ્ઞાનપણાને પ્રાપ્ત થાય છે તેને સંવરપૂર્વક નિર્જરા નથી થતી એમ ભાવાર્થ છે આ પ્રકારે અન્વય સિદ્ધાંત ગાથા થઈ.**

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છેઃ–

**જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.**
**ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.**
**વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.**
**સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ इह ] આ જગતમાં [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ वृत्तिनिमित्तं तु ] **આજીવિકા અર્થે** [ राजानम् ] **રાજાને** [ सेवते ] **સેવે છે** [ तद् ] **તો** [ सः राजा अपि ] **તે રાજા પણ તેને** [ सुखोत्पादकान् ] **સુખ ઉત્પન્ન કરનારા** [ विविधान् ] **અનેક પ્રકારના** [ भोगान् ] **ભોગો** [ ददाति ] **આપે છે,** [ एवम् एव ] **તેવી જ રીતે** [ जीवपुरुषः ] **જીવપુરુષ** [ सुखनिमित्तम् ] **સુખ અર્થે** [ कर्मरजः ] **કર્મરજને** [ सेवते ] **સેવે છે** [ तद् ] **તો** [ तत् कर्म अपि ] **તે કર્મ પણ તેને** [ सुखोत्पादकान् ] **સુખ ઉત્પન્ન કરનારા**[ विविधान् ] **અનેક પ્રકારના** [ भोगान् ] **ભોગો** [ ददाति ] **આપે છે.**

[ पुनः ] **વળી** [ यथा ] **જેમ** [ सः एव पुरुषः ] **તે જ પુરુષ** [ वृत्तिनिमित्तं ] **આજીવિકા અર્થે** [ राजानम् ] **રાજાને** [ न सेवते ] **નથી સેવતો** [ तद् ] **તો** [ सः राजा अपि ] **તે રાજા પણ તેને** [ सुखोत्पादकान् ] **સુખ ઉત્પન્ન કરનારા** [ विविधान् ] **અનેક પ્રકારના** [ भोगान् ] **ભોગો** [ न ददाति ] **નથી આપતો,** [ एवम् एव ] **તેવી જ રીતે** [ सम्यग्दृष्टिः ] **સમ્યગ્દૃષ્ટિ** [ विषयार्थं ] **વિષય અર્થે** [ कर्मरजः ] **કર્મરજને** [ न सेवते ] **નથી સેવતો** [ तद् ] **તો** ( **અર્થાત્ તેથી** ) [ तत् कर्म ] **તે કર્મ પણ તેને** [ सुखोत्पादकान् ] **સુખ ઉત્પન્ન કરનારા** [ विविधान् ] **અનેક પ્રકારના** [ भोगान् ] **ભોગો** [ न ददाति ] **નથી આપતું.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૨૪ થી ૨૨૭)**

**ઉત્થાનિકા : હવે સરાગ પરિણામોથી બંધ અને તે જ પ્રકારે વીતરાગ પરિણામોથી મોક્ષ થાય છે તેનું દૃષ્ટાંત અને સિદ્ધાંત બન્ને દ્વારા સમર્થન કરે છે.**

**તાત્પર્યવૃત્તિ : જેમ કોઈ પુરુષ આજીવિકાને માટે રાજાની સેવા કરે છે. ત્યારે તે જ રાજા તે**

સેવકને આપે છે.

(પ્રશ્ન) શું (આપે છે) ?

(ઉત્તર) વિવિધ પ્રકારે સુખ ઉત્પન્ન કરવાવાળા ભોગ (આપે છે) આ પ્રકારે અજ્ઞાની જીવના વિષયમાં અન્વય દૃષ્ટાંત ગાથા થઈ. તે પ્રકારે અજ્ઞાની જીવ શુદ્ધાત્માથી ઉત્પન્ન સુખથી ચ્યુત થયો થકો કર્મરજનું વિષય સુખને માટે સેવન કરે છે. ત્યારે તે પૂર્વોપાર્જિત પુણ્ય કર્મરૂપ રાજા (તેને) આપે છે.

(પ્રશ્ન) શું (આપે છે) ?

(ઉત્તર) વિષય સુખ ઉત્પાદક ભોગ આકાંક્ષારૂપ શુદ્ધાત્મ ભાવનાના વિનાશક (એવા) રાગાદિ પરિણામોને (આપે છે) અથવા બીજુ વ્યાખ્યાન પણ એમ છે કે કોઈ જીવ નવા પુણયકર્મને માટે ભોગ આકાંક્ષા નિદાનરૂપથી શુભકર્મનું અનુષ્ઠાન કરે છે. તેને પાપાનુબંધી પુણ્યરૂપ રાજા પણ કાળાંતરે ભોગો આપે છે. અને તે પણ નિદાન બંધથી પ્રાપ્ત થયેલ ભોગો-રાવણ આદિની જેમ નરકાદિની દુઃખ પરંપરા રૂપ સંસાર પરિભ્રમણને પ્રાપ્ત કરાવે છે. એવો ભાવાર્થ છે. આ પ્રકારે અજ્ઞાની જીવના સંબંધી દૃષ્ટાંત ગાથા પૂરી થઈ.

હવે જેવી રીતે તે જ પૂર્વે કહેલ પુરુષ આજીવિકા અર્થે રાજાની સેવા નથી કરતો તો તે રાજા પણ તેને કંઈ આપતો નથી.

(પ્રશ્ન) શું (આપતો નથી) ?

(ઉત્તર) વિવિધ સુખના ઉત્પાદક ભોગને (નથી આપતો)

આ પ્રકારે જ્ઞાની જીવના વિષયમાં વ્યતિરેક દૃષ્ટાંત ગાથા પૂરી થઈ.

તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ પુર્વપાર્જિત ઉદયાગત કર્મરજને શુદ્ધાત્મ અનુભવથી ઉત્પન્ન થવાવાળા વિતરાગ સુખ આનંદથી ચ્યુત થઈને વિષય સુખને માટે ઉપાદેય બુદ્ધિથી સેવન નથી કરતો. તેથી તે કર્મ પણ તેને નથી દેતું.

(પ્રશ્ન) શું ?

(ઉત્તર) વિવિધ વિષય સુખના ઉત્પાદક ભોગ આકાંક્ષારૂપ શુદ્ધાત્મ ભાવના ને વિનાશ કરવાવાળા રાગાદિ પરિણામોને નથી દેતો.

અથવા બીજુ વ્યાખ્યાન એમ છે કે કોઈ પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્વિકલ્પ સમાધિના અભાવમાં (નિર્વિકલ્પ) અનુષ્ઠાન અશક્ય હોવાથી, વિષય કષાયથી બચવા માટે જો કે વ્રત, તપ, શીલ, દાન પૂજાદિ શુભકાર્યરૂપ અનુષ્ઠાન કરે છે. તો પણ ભોગ આકાંક્ષા નિદાનરૂપ બંધથી તે પુણ્ય કર્મરૂપ અનુષ્ઠાનનું સેવન (ભાવના) નથી કરતો તો પણ પુણ્યાનુબંધી પુણ્યકર્મ ભવાંતરમાં તીર્થંકર, ચક્રવર્તી બળદેવ આદિ અભ્યુદય રૂપમાં ઉદયમાં આવવાથી પૂર્વભવમાં ભાવેલ ભેદ વિજ્ઞાનની વાસનાના બળથી (સંસ્કારથી) શુદ્ધાત્મ અનુભવનો નાશ કરવાવાળા વિષય સુખને ઉત્પન્ન

કરવાવાળા ભોગ આકાંક્ષા નિદાનરૂપ રાગાદિ પરિણામોને નથી કરતો ભરતેશ્વર આદિની જેમ (વૈરાગી રહે છે) આ પ્રકારે સમ્યક્જ્ઞાની જીવની વ્યતિરેક દૃષ્ટાંતના કથન કરવાવાળી ગાથા પૂરી થઈ.

એવી રીતે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યય જ્ઞાન અને કેવળજ્ઞાન અભેદરૂપ (જે) પરમાર્થ શબ્દથી વાચ્ય છે (અને) જે સાક્ષાત મોક્ષના કારણરૂપે શુદ્ધાત્મ અનુભવના લક્ષણવાળા સ્વસંવેધ્ય અને સંવરપૂર્વક નિર્જરાનું ઉપાદાન કારણરૂપ પૂર્વકથિત પરમાત્મ પદ છે. તે પદને નિર્વિકાર સ્વસંવેદન લક્ષણરૂપ ભેદવિજ્ઞાન ગુણના વગર પ્રાપ્ત નથી કરી શકતો. તે જ ભેદવિજ્ઞાન ગુણનું ફરીથી વિશેષ વ્યાખ્યાન કરવાવાળી ચૌદ ગાથાઓ પૂરી થઈ.

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છેઃ–

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંક્તિ, તેથી છે નિર્ભય અને**
**છે સસસભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.**

**ગાથાર્થઃ-** [ सम्यग्दृष्टय: जीवा: ] સમ્યગ્દૃષ્ટિ જીવો [ निरशङ्का: भवन्ति ] નિઃશંક હોય છે [ तेन ] તેથી [ निर्भया: ] નિર્ભય હોય છે; [ तु ] અને [ यस्मात् ] કારણ કે [ सप्तभयविप्रमुक्ता: ] સસ ભયથી રહિત હોય છે [ तस्मात् ] તેથી [ निरशङ्का: ] નિઃશંક હોય છે ( –અડોલ હોય છે ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૨૮)**

ઉત્થાનિકા : અહીંથી આગળ નિઃશંક આદિ આઠ ગુણોનું કથન ૯ ગાથા સુધી કરે છે. તેમાં પહેલા પ્રથમ ગાથામાં નિજ પરમાત્મ પદાર્થની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતના રસાસ્વાદથી સંતુષ્ટ થયા થકા સમ્યક્દૃષ્ટિ ઘોર ઉપસર્ગ થવા છતાં પણ સાત ભયથી રહિત હોવાથી નિર્વિકાર સ્વાનુભવ સ્વરૂપ (એવા) પોતાના સ્વભાવને નથી છોડતા એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : સમ્યક્દૃષ્ટિ જીવ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી નિર્દોષ પરમાત્માનું આરાધન કરતા હોવાથી નિઃશંક હોય છે. એટલા માટે તે નિર્ભય હોય છે. એ કારણથી આલોક, પરલોક, અરક્ષા, અગુપ્તિભય, મરણ, વેદના તથા અકસ્માત નામક સાત ભય નથી હોતા. તેથી ઘોર પરિષહ કે ઉપસર્ગ પ્રાપ્ત થવા છતાં પણ પાંડવો આદિની જેમ શુદ્ધાત્મ સ્વરૂપમાં નિઃશંક અથવા નિષ્કંપ રહેતા થકા શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન વીતરાગ સુખાનંદથી સંતુષ્ટ થઈને પરમાત્મ સ્વભાવથી ચ્યુત નથી થતા.

હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંકિત અંગની ( અથવા નિઃશંકિત ગુણની–ચિહ્નની ) ગાથા કહે છેઃ–

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.**

**ગાથાર્થ:-** [ यः चेतयिता ] જે * ચેતયિતા, [ कर्मबन्धमोहकरान् ] કર્મબંધ સંબંધી મોહ કરનારા ( અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા ) [ तान् चतुरः अपि पादान् ] મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને [ छिनत्ति ] છેદે છે, [ सः ] તે [ निरशङ्कः ] નિઃશંક [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૨૯)**

ઉત્થાનિકા : ત્યાર પછી વિતરાગ સમ્યગ્દ્દષ્ટિને નિઃશંક આદિ આઠ ગુણ નવીન (કર્મ) બંધનું નિવારણ કરે છે. તે કારણથી (કર્મ) બંધ થતો નથી પરંતુ સંવરપૂર્વક નિર્જરા જ થાય છે એવું પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે (જ્ઞાની) મિથ્યાત્વ, અવિરતિ, કષાયને યોગ લક્ષણવાળા, સંસાર વૃક્ષના મૂળવાળા નિષ્કર્મ આત્મતત્ત્વથી ભિન્ન લક્ષણવાળા કર્મોને કરવાવાળા, નિર્મોહ આત્મદ્રવ્યથી જુદારૂપે રહેવાવાળા મોહભાવોને કરવાવાળા અથવા અવ્યાબાધ સુખાદિ ગુણ લક્ષણ પરમાર્થ પદાર્થથી ભિન્ન હોવાથી બાધા કરવાવાળા આગમ પ્રસિદ્ધ ચાર પાયાને (મિથ્યાતવ, અવિરતિ, કષાય, યોગ) શુદ્ધાત્માનુભવના વિષયમાં નિઃશંક થઈને સ્વસંવેદનજ્ઞાન તલવારથી છેદે છે તે ચેતયિતા આત્મા નિઃશંકરૂપથી સમ્યક્દ્દષ્ટિ માનવો જોઈએ. તેની શુદ્ધાત્માની ભાવનાના વિષયમાં (તેને) શંકાકૃત બંધ હોતો નથી પરંતુ પૂર્વે બંધાયેલા કર્મોની નિયમ રૂપથી નિર્જરા થાય છે.

હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે:-

**જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,**
**ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૦.**

**ગાથાર્થ:-** [ यः चेतयिता ] જે ચેતયિતા [ कर्मफलेषु ] કર્મોનાં ફળો પ્રત્યે [ तथा ] તથા [ सर्वधर्मेषु ] સર્વ ધર્મો પ્રત્યે [ कांक्षां ] કાંક્ષા [ न तु करोति ] કરતો નથી [ सः ] તે [ निष्कांक्षः सम्यग्दृष्टिः ] નિષ્કાંક્ષ સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૦)**

તાત્પર્યવૃત્તિ : જે (જ્ઞાની) શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન પરમાનંદ સુખમાં તૃપ્ત થઈને વાંછા નથી કરતો.

(પ્રશ્ન) શા માં ? (વાંછા નથી કરતો)

(ઉત્તર) પાંચ ઈન્દ્રિયના વિષય સુખરૂપ કર્મ ફળોમાં તથા તે જ પ્રકારે બધી વસ્તુઓના સ્વભાવમાં અથવા વિષયસુખના કારણભૂત અનેક પ્રકારના પુણ્યરૂપ ધર્મોમાં અથવા આ લોક અને પરલોકની આકાંક્ષારૂપ સમસ્ત પરસમય પ્રણિત કુધર્મોમાં (વાંછા નથી કરતો)

તે ચેતયિતા આત્મા સમ્યગ્દષ્ટિ છે. સંસાર સુખમાં નિકાંક્ષિત છે એમ માનવું જોઈએ. તેને

વિષયસુખ કાંક્ષારૂપ બંધ થતો નથી પરંતુ પૂર્વ સંચિત કર્મોની નિર્જરા જ થાય છે.

હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છેઃ–

**સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો;**
**ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.**

**ગાથાર્થઃ-** [ यः चेतयिता ] જે ચેતયિતા [ सर्वेषाम् एव ] બધાય [ धर्माणाम् ] ધર્મો ( વસ્તુના સ્વભાવો ) પ્રત્યે [ जुगुप्सां ] જુગુપ્સા ( ગ્લાનિ ) [ न करोति ] કરતો નથી [ सः ] તે [ खलु ] નિશ્ચયથી [ निर्विचिकित्सः ] નિર્વિચિકિત્સ ( –વિચિકિત્સાદોષ રહિત ) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૧)**

તાત્પર્યવૃત્તિ : જે ચેતયિતા આત્મા પરમાત્મ તત્ત્વની ભાવનાના બળથી જુગુપ્સા નિંદા, દોષ, દ્વેષ અથવા વિચિત્સા (ઘૃણા) કરતો નથી.

(પ્રશ્ન) કોના સંબંધમાં ? (વિચિકિત્સા કરતો નથી)

(ઉત્તર) બધી વસ્તુઓના ધર્મો-સ્વભાવો અથવા દુર્ગંધ આદિ વિષયમાં (વિચિકિત્સા-ઘૃણા કરતો નથી)

તે આત્મા નિશ્ચય નિર્વિચિકિત્સારૂપ સમ્યગ્દૃષ્ટિ છે એમ માનવું અને જાણવું જોઈએ તેને પરદ્રવ્યના દ્વેષ નિમિત્તક બંધ થતો નથી પરંતુ પૂર્વ સંચિત કર્મોની નિર્જરા જ થાય છે.

હવે અમૂઢદૃષ્ટિ અંગની ગાથા કહે છેઃ–

**સંમૂઢ નહિ જે સર્વ ભાવે, -સત્ય દૃષ્ટિ ધારતો,**
**તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.**

**ગાથાર્થઃ-** [ यः चेतयिता ] જે ચેતયિતા [ सर्वभावेषु ] સર્વ ભાવોમાં [ असम्मूढः ] અમૂઢ છે– [ सद्दृष्टिः ] યથાર્થ દૃષ્ટિવાળો [ भवति ] છે, [ सः ] તે [ खलु ] ખરેખર [ अमूढदृष्टिः ] અમૂઢદૃષ્ટિ [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૨)**

તાત્પર્યવૃત્તિ : જે ચેતયિતા આત્મા પોતાના શુદ્ધાત્મામાં શ્રદ્ધાન જ્ઞાન અને આચરણરૂપથી નિશ્ચય રત્નત્રય લક્ષણ ભાવનાના બળથી શુભાશુભ કર્મજનિત પરિણામરૂપ બાહ્ય વિષયોમાં સર્વથા મૂઢ નથી થતો તે સ્પષ્ટરૂપથી અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ છે એવું માનવું અને જાણવું જોઈએ તેને બાહ્ય વિષયોમાં પર સમય મૂઢતાકૃત બંધ થતો નથી પરંતુ પૂર્વે બંધાયેલા કર્મોની નિશ્ચિતરૂપમાં નિર્જરા જ થાય છે.

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છેઃ–

**જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,**
**ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.**

**ગાથાર્થઃ-** [ यः ] જે ( ચેતયિતા ) [ सिद्धभक्तियुक्तः ] સિદ્ધની ( શુદ્ધાત્માની ) ભક્તિ સહિત છે [ तु ] અને [ सर्वधर्माणाम् उपगूहनकः ] પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે ( અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી ) [ सः ] તે [ उपगूहनकारी ] ઉપગૂહનકારી [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૩)**

તાત્પર્યવૃત્તિ : શુદ્ધાત્મભાવનારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ યુક્ત આત્મા મિથ્યાત્વ રાગાદિ વિભાવરૂપ ધર્મોનો ઉપગુહક-આચ્છાદક કે વિનાશક હોય છે તે ઉપગુહન ગુણધારી સમ્યગ્દૃષ્ટિ માનવો જોઈએ તેને અનુપગુહન કૃત બંધ થતો નથી પરંતુ પૂર્વસંચિત કર્મોની નિશ્ચિતરૂપથી નિર્જરા થાય છે.

હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છેઃ–

**ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,**
**ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.**

**ગાથાર્થઃ-** [ यः चेतयिता ] જે ચેતયિતા [ उन्मार्ग गच्छन्तं ] ઉન્માર્ગે જતા [ स्वकम् अपि ] પોતાના આત્માને પણ [ मार्गे ] માર્ગમાં [ स्थापयति ] સ્થાપે છે, [ सः ] તે [ स्थितिकरणयुक्तः ] સ્થિતિકરણયુક્ત ( સ્થિતિકરણગુણ સહિત ) [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૪)**

તાત્પર્યવૃત્તિ : જે કર્તા (જ્ઞાની) મિથ્યાત્વ રાગાદિરૂપ ઉન્માર્ગે જતાં પોતાના આત્માને પરમ યોગ અભ્યાસના બળથી મોક્ષમાર્ગમાં સ્વશુદ્ધાત્મ ભાવનારૂપ નિશ્ચયમોક્ષમાર્ગમાં નિશ્ચલ સ્થાપન કરે છે તેને સ્થિતકરણવાળો માનવો અને જાણવો જોઈએ તેને અસ્થિતિકરણકૃત બંધ થતો નથી પરંતુ પૂર્વે બંધાયેલા કર્મોની નિશ્ચિતરૂપથી નિર્જરા થાય છે.

હવે વાત્સલ્યગુણની ગાથા કહે છે.

હવે વાત્સલ્ય ગુણની ગાથા કહે છેઃ–

**જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો !**
**ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫.**

**ગાથાર્થઃ-** [ यः ] જે ( ચેતયિતા ) [ मोक्षमार्गे ] મોક્ષમાર્ગમાં રહેલા [ त्रयाणां साधूनां ]

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી ત્રણ સાધકો–સાધનો પ્રત્યે ( અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ–એ ત્રણ સાધુઓ પ્રત્યે ) [ वत्सलत्वं करोति ] વાત્સલ્ય કરે છે, [ सः ] તે [ वत्सलभावयुतः ] વત્સલભાવયુક્ત ( વત્સલભાવ સહિત ) [ सम्यग्दृष्टिः ] **સમ્યગ્દૃષ્ટિ** [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૫)**

જે કર્તા (જ્ઞાની) મોક્ષમાર્ગમાં સ્થિર રહીને વત્સલત્વરૂપ ભક્તિ કરે છે.

(પ્રશ્ન) કોની (ભક્તિ કરે છે) ?

(ઉત્તર) પોતાના સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણેયની (ભક્તિ કરે છે)

(પ્રશ્ન) કેવા છે (એ ત્રણેય) ?

(ઉત્તર) સાધુઓના મોક્ષમાર્ગમાં (સ્થિત) સાધુઓની અથવા વ્યવહારથી તેના આધાર સ્વરૂપ સાધુઓની ભક્તિ કરે છે. તેને વાત્સલયુક્ત સમ્યક્દૃષ્ટિ માનવો-જાણવો જોઈએ. તેને અવાત્સલકૃત બંધ થતો નથી. પરંતુ પૂર્વ બંધાયેલ કર્મોની નિર્જરા જ થાય છે.

હવે પ્રભાવના ગુણની ગાથા કહે છેઃ–

**ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિધારથારૂઢ ઘૂમતો,**
**તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.**

**ગાથાર્થઃ-** [ यः चेतयिता ] જે ચેતયિતા [ विद्यारथम् आरूढः ] વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો ( –ચડયો થકો ) [ मनोरथपथेषु ] મનરૂપી રથ–પંથમાં ( અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં ) [ भ्रमति ] ભ્રમણ કરે છે, [ सः ] તે [ जिनज्ञानप्रभावी ] જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દૃષ્ટિ [ ज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૬)**

ઉત્થાનિકા : જે ચેતયિના આત્મા શુદ્ધાત્મા તત્ત્વની પ્રાપ્તિ સ્વરૂપ વિદ્યા રથમાં સવાર થઈને ખ્યાતિ, પૂજા-લાભ ભોગ આકાંક્ષારૂપ નિદાનબંધ આદિ વિભાવ પરિણામરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવરૂપ પાંચ પ્રકારના સંસારના દુઃખના કારણ, શત્રુ રૂપ મનોવેગને ચિતના કલ્લોલોને સ્વસ્વભાવ સારથિના બળથી દૃઢતર ધ્યાન તલવાથી નષ્ટ કરે છે. તે જિન જ્ઞાનની પ્રભાવના કરવાવાળો સમ્યક્દૃષ્ટિ માનવો-જાણવો જોઈએ તેને અપ્રભાવના કૃત બંધ નથી થતો પરંતુ પૂર્વસંચિત કર્મોની નિશ્ચિતરૂપથી નિર્જરા જ થાય છે.

આ પ્રકારે સંવરપૂર્વક ભાવનિર્જરાના ઉપાદાન કારણભૂત શુદ્ધાત્માનુભવરૂપ શુદ્ધનયનો આશ્રય કરીને નિશંક્તિ આઠ ગુણોનું વ્યાખ્યાન કરવાની મુખ્યતાથી નવ ગાથાઓ પૂરી થઈ અહીં નિશ્ચયનયની મુખ્યતાથી નિશંક્તિ આદિ આઠ ગુણોનું કથન થયું. નિશ્ચયરત્નત્રયના સાધકરૂપ વ્યવહાર રત્નત્રયમાં રહેવાવાળા સરાગ સમ્યક્દૃષ્ટિ અંજન ચોર વગેરેની કથા વ્યવહારનયથી

યથાસંભવ જાણી લેવી જોઈએ.

(પ્રશ્ન) નિશ્ચયનયની વ્યાખ્યા કર્યા બાદ ફરી વ્યવહારનયનું વ્યાખ્યાન શા માટે કર્યુ ? તેનો તો કોઈ અર્થ નથી.

(ઉત્તર) ના એમ ન કહેવાય. અગ્નિ અને સુવર્ણપાષાણની જેમ નિશ્ચય વ્યવહાર નયમાં પરસ્પર સાધ્ય સાધકભાવ દેખાડવા માટે ફરી વ્યવહારનું કથન કરેલ છે (બીજે) કહ્યું પણ છે કે-

ગાથાર્થ : જો જિનાગમમાં પ્રવેશ ઈચ્છો છો તો વ્યવહારનયન અને નિશ્ચયનય બન્નેને ન છોડો. એક વ્યવહાર વગર તીર્થનો નાશ થશે અને બીજા (નિશ્ચય) વગર તત્ત્વનો નાશ થશે.

તેનો કંઈક વિસ્તાર કહે છે.

જે સંવરપૂર્વક નિર્જરાનું કથન કરવામાં આવેલ છે તે સમ્યક્દૃષ્ટિ જીવના શુદ્ધાત્માની સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન અને આચરણરૂપ મુખ્ય પ્રવૃત્તિ નિશ્ચય રત્નત્રયના હોવા પર થાય છે. તે નિશ્ચય રત્નત્રયનો લાભ વીતરાગ ધર્મધ્યાન, શુકલધ્યાનરૂપમાં શુભ અશુભ બાહ્ય દ્રવ્યના નિરાવલંબનથી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થયા પર હોય છે તે સમાધિ અતિ દુર્લભ છે.

(પ્રશ્ન) કયા કારણથી (દુર્લભ છે) ?

(ઉત્તર) એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય સંજ્ઞિ-પર્યાપ્તક, મનુષ્ય, દેશ, કુળ, રૂપ, ઈન્દ્રિયપટુતા, નિર્વ્યાધિ (પૂર્ણ) આયુ, શ્રેષ્ઠ લબ્ધિ, સદ્ધર્મનું શ્રવણ, ગ્રહણ, ધારણા, શ્રદ્ધાન, સંયમ, વિષય સુખની નિવૃત્તિ ક્રોધાદિ કષાયથી નિર્વતન તપ ભાવના અને સમાધિમરણ ક્રમ ક્રમથી દુર્લભ , દુર્લભતર છે.

(પ્રશ્ન) તે કયા કારણથી દુર્લભ છે ?

(ઉત્તર) તેના પ્રતિપક્ષરૂપ મિથ્યાત્વ, વિષય, કષાય, ખ્યાતિ, પૂજા, લાભ ભોગ, આકાંક્ષારૂપ નિદાન બંધ આદિ વિભાવ પરિણામોની પ્રબળતા હોવાને કારણે (દુર્લભ) છે આવી દુર્લભતાની પરંપરાને જાણીને સમસ્ત તાત્પર્યથી સમાધિમાં પ્રમાદ ન કરવો જોઈએ. વળી (બીજે પણ) કહ્યું છે કે-

શ્લોકાર્થ : ઉપર્યુક્ત પ્રકારથી અતિ દુર્લભરૂપ સમાધિને સ્વાનુભવને પ્રાપ્ત કરીને પણ જો મનુષ્ય પ્રમાદી રહે છે તો તે બિચારો આ ભયંકર સંસારરૂપી વનમાં બહુ કાળ સુધી ભ્રમણ કરે છે.

આ પ્રકારે શૃંગાર રહિતપાત્રની જેમ શાંતરસરૂપથી નિર્જરા ચાલી ગઈ.

આ પ્રકારે શ્રી જયેનઆચાર્ય કૃત સમયસારની શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળી તાત્પર્યવૃત્તિ નામક વ્યાખ્યામાં ચાર ગાથાઓ પીઠીકારૂપ, પાંચ ગાથાઓ જ્ઞાન વૈરાગ્ય શક્તિના સામાન્ય કથનરૂપ, દશ ગાથા તેના વિશેષ વિવરણરૂપથી અને આઠ ગાથાઓ જ્ઞાન ગુણના સામાન્ય કથનરૂપથી અને ચૌદ ગાથાઓ જ્ઞાન ગુણના વિશેષ કથનરૂપથી અને નવ ગાથાઓ નિશંક્તિ આદિ આઠ અંગોના કથનરૂપથી આ પ્રકારે સમૂહરૂપથી પચાસ ગાથાઓ દ્વારા છ અંતર અધિકારોમાં સાતમો નિર્જરા અધિકાર પૂરો થયો.

# બંધ અધિકાર

તાત્પર્યવૃત્તિ સમૂહ પીઠિકા

હવે બંધ પ્રવેશ કરે છે તેમાં છપ્પન ગાથા સુધી કથન કરે છે. તે છપ્પન ગાથામાં પહેલા બંધના સ્વરૂપની સૂચના કરવાની મુખ્યતાથી દસ ગાથાઓ છે. ત્યારબાદ નિશ્ચયનયથી હિંસા અહિંસા, વ્રત-અવ્રત, બન્નેના લક્ષણ કથન રૂપથી સાત ગાથાઓ છે. ત્યારબાદ બહિરંગ દ્રવ્ય હિંસા થાય કે ન થાય નિશ્ચયથી હિંસાનું અધ્યવસાય જ હિંસા છે. એવા પ્રતિપાદનરૂપથી છ ગાથાઓ છે. ત્યારબાદ નિશ્ચય રત્નત્રય લક્ષણ જે ભેદ વિજ્ઞાન તેનાથી વિલક્ષણ ભિન્ન જે વ્રત-અવ્રત છે તેના વ્યાખ્યાનની મુખ્યતાથી સુત્રભૂત બે ગાથાઓ છે. ત્યારબાદ તે જ ભાવ પુણ્ય પાપરૂપ વ્રત અવ્રતના શુભ અશુભ બંધના કથનની મુખ્યતાથી તેર ગાથાઓ છે આ રીતે સમૂહરૂપથી પંદર ગાથાઓ છે.

ત્યારબાદ નિશ્ચયમાં રહીને વ્યવહારનો નિષેધ કરવામાં આવે છે. આ કથનરૂપથી છ ગાથા સૂત્ર છે. ત્યારબાદ રાગ દ્વેષ રહિત જ્ઞાનીઓને પ્રાક્ષુક અન્ન અને પાન આદિ આહાર બંધનું કારણ નથી થતાં આ પ્રકારના પિંડ શુદ્ધિના કથનરૂપથી જ ચાર ગાથા સૂત્ર છે. ત્યારબાદ ક્રોધાદિ કષાયો કર્મબંધના નિમિત્ત થાય છે. તેને ચેતન અચેતન બાહ્ય દ્રવ્ય નિમિત્ત હોય છે એવા પ્રતિપાદનરૂપથી પાંચ ગાથા સૂત્ર છે ત્યારબાદ અપ્રતિક્રમણ ને અપ્રત્યાખ્યાન બંધના કારણ છે. પરંતુ શુદ્ધાત્મા (બંધનુ નિમિત્ત) નથી થતો. આ પ્રકારના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. અને આ પ્રકારે સમુદાયરૂપથી ૫૬ ગાથાઓ દ્વારા આઠ અંતર અધિકાર દ્વારા બંધ અધિકારમાં સમૂહરૂપ ભૂમિકા પૂર્ણ થઈ તેનો વિસ્તાર આ પ્રકારે છે.

હવે બંધતત્ત્વનું સ્વરૂપ વિચારે છે; તેમાં પ્રથમ, બંધના કારણને સ્પષ્ટ રીતે કહે છેઃ–

**જેવી રીતે કો પુરુષ પોતે તેલનું મર્દન કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૩૭.**
**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૩૮.**
**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો; રજબંધ થાય શું કારણે ? ૨૩૯.**
**એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૦.**
**ચેષ્ટા વિવિધમાં વર્તતો એ રીત મિથ્યાદૃષ્ટિ જે,**
**ઉપયોગમાં રાગાદિ કરતો રજ થકી લેપાય તે. ૨૪૧.**

**ગાથાર્થઃ-** [ यथा नाम ] જેવી રીતે– [ कः अपि पुरुषः ] કોઈ પુરુષ [ स्नेहाभ्यक्तः

तु ] ( પોતાના પર અર્થાત્ પોતાના શરીર પર ) તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ લગાવીને [ च ] અને [ रेणुबहुले ] બહુ રજવાળી ( ધૂળવાળી ) [ स्थाने ] જગ્યામાં [ स्थित्वा ] રહીને [ शस्त्रैः ] શસ્ત્રો વડે [ व्यायामम् करोति ] વ્યાયામ કરે છે, [ तथा ] અને [ तालीतलकदलीवंशपिण्डीः ] તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને [ छिनत्ति ] છેદે છે, [ भिनत्ति च ] ભેદે છે, [ सचित्ताचित्तानां ] સચિત્ત તથા અચિત્ત [ द्रव्याणाम् ] દ્રવ્યોનો [ उपघातम् ] ઉપઘાત ( નાશ ) [ करोति ] કરે છે; [ नानाविधैः करणैः ] એ રીતે નાના પ્રકારનાં કરણો વડે [ उपघातं कुर्वतः ] ઉપઘાત કરતા [ तस्य ] તે પુરુષને [ रजोबन्धः तु ] રજનો બંધ ( ધૂળનું ચોંટવું ) [ खलु ] ખરેખર [ किम्प्रत्ययिकः ] કયા કારણે થાય છે [ निश्चयतः ] તે નિશ્ચયથી [ चिन्त्यताम् ] વિચારો. [ तस्मिन् नरे ] તે પુરુષમાં [ यः सः स्नेहभावः तु ] જે તેલ આદિનો ચીકાશભાવ છે [ तेन ] તેનાથી [ तस्य ] તેને [ रजोबन्धः ] રજનો બંધ થાય છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. [ एवं ] એવી રીતે– [ बहुविधासु चेष्टासु ] બહુ પ્રકારની ચેષ્ટાઓમાં [ वर्तमानः ] વર્તતો [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ [ उपयोगे ] ( પોતાના ) ઉપયોગમાં [ रागादीन् कुर्वाणः ] રાગાદિ ભાવોને કરતો થકો [ रजसा ] કર્મરૂપી રજથી [ लिप्यते ] લેપાય છે–બંધાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૩૭-૨૪૧)**

ઉત્થાનિકા : બહિરાત્મા જીવથી સંબંધિત બંધના કારણભૂત શ્રૃંગાર સહિત પાત્રની જેમ મિથ્યાજ્ઞાનનો નાટકના રૂપમાં પાત્રરૂપમાં પ્રવેશ થતો હોય ને શાંત રસરૂપ પરિણત વીતરાગ સમ્યક્ત્વનું અવિનાભૂત રહેવાવાળું ભેદજ્ઞાન તેનો (મિથ્યાજ્ઞાનનો) પ્રતિષેધ કરે છે એવો ઉપદેશ આપે છે.

તાત્પર્યવૃત્તિ : વ્યાખ્યાન કરવામાં આવે છે કે જેમ કોઈ પુરુષ શરીર પર તેલ માલિશ કરીને ધૂળ ભરેલા સ્થાનમાં રહીને શસ્ત્રો દ્વારા વ્યાયામ, અભ્યાસ, શ્રમ કરે છે આ પ્રકારની પ્રથમ ગાથા થઈ.

અને તે જ પ્રકારે છેદે છે, ભેદે છે.

(પ્રશ્ન) કોને ? (છેદે ભેદે છે ?)

(ઉત્તર) તાલ તમાલ કદલી વાંસ અશોક નામક વૃક્ષોને અને તે સંબંધી સચિત અચિત દ્રવ્યનો ઉપઘાત કરે છે એ પ્રકારની બીજી ગાથા થઈ.

અનેક પ્રકારના ઉપકરણો વડે ઉપઘાત કરતો થકો તે પુરુષને નિશ્ચયથી ચિંતન કે વિચાર કરો કે કયા કારણથી તેને ધૂળનો બંધ છે ? આ પ્રકારે પૂર્વપક્ષ રૂપમાં ૩ ગાથાઓ થઈ.

અહીં ઉત્તર છે કે જો તેલથી તે પુરુષે માલિશ કરેલ છે તો તે તેલનું માલિશ જ તેને ધૂળના બંધનું કારણ છે. એવું નિશ્ચયથી જાણવુ જોઈએ. પરંતુ બીજા કાય વ્યાપાર ચેષ્ટા આદિથી (બંધ)

**નથી થતો આ ઉત્તર રૂપ ગાથા છે. આ પ્રકારે ચાર ગાથા સૂત્ર દ્વારા પ્રશ્નોત્તરરૂપથી દૃષ્ટાંત પૂર્ણ થયો.**

**હવે સિદ્ધાંત કહે છે. આ પ્રકારે પૂર્વોક્ત દૃષ્ટાંત દ્વારા મિથ્યાદૃષ્ટિ જીવની વિવિધ કાયા આદિ વ્યાપાર ચેષ્ટાઓમાં પ્રવર્તમાન હોવાથી બંધ નથી થતો પરંતુ શુદ્ધાત્મ તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ સમ્યક્દર્શન જ્ઞાન ચારિત્રનો અભાવ હોવાથી મિથ્યાત્વ રાગાદિ ઉપયોગરૂપ પરિણામને કરતો થકો કર્મ રજથી લેપાઈ છે બંધાઈ છે. એમ અર્થ છે. આ પ્રકારે જેમ તેલ મર્દન કરેલ પુરુષને ધૂળનો બંધ થાય છે તે જ પ્રકારે મિથ્યાત્વ રાગાદિ પરિણત જીવને કર્મબંધ થાય છે. આ પ્રકારે બંધના કારણપણાના તાત્પર્યરૂપથી પાંચ ગાથાઓ પૂર્ણ થઈ.**

સમ્યગ્દૃષ્ટિ ઉપયોગમાં રાગાદિક કરતો નથી, ઉપયોગનો અને રાગાદિકનો ભેદ જાણી રાગાદિકનો સ્વામી થતો નથી, તેથી તેને પૂર્વોકત ચેષ્ટાથી બંધ થતો નથી–એમ હવે કહે છેઃ–

**જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂર કરી,**
**વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.**
**વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને**
**ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.**
**બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,**
**નિશ્ચય થકી ચિંતન કરો, રજબંધ નહિ શું કારણે ? ૨૪૪.**
**એમ જાણવું નિશ્ચય થકી-ચીકણાઈ જે તે નર વિષે**
**રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.**
**યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દૃષ્ટિ જે,**
**રાગાદિ ઉપયોગે ન કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.**

**ગાથાર્થઃ-** [ यथा पुनः ] **વળી જેવી રીતે–** [ सः च एव नरः ] **તે જ પુરુષ,** [ सर्वस्मिन् स्नेहे ] **સમસ્ત તેલ આદિ સ્નિગ્ધ પદાર્થને** [ अपनीते सति ] **દૂર કરવામાં આવતાં,** [ रेणबहुले ] **બહુ રજવાળી** [ स्थाने ] **જગ્યામાં** [ शस्त्रैः ] **શસ્ત્રો વડે** [ व्यायामम् करोति ] **વ્યાયામ કરે છે,** [ तथा ] **અને** [ तालीतलकदलीवंशपिण्डीः ] **તાડ, તમાલ, કેળ, વાંસ, અશોક વગેરે વૃક્ષોને** [ छिनत्ति ] **છેદે છે,** [ भिनत्ति च ] **ભેદે છે,** [ सचित्ताचित्तानां ] **સચિત્ત તથા અચિત્ત** [ द्रव्याणाम् ] **દ્રવ્યોનો** [ उपघातम् ] **ઉપઘાત** [ करोति ] **કરે છે;** [ नानाविधैः करणैः ] **એ રીતે નાના પ્રકારનાં કરણો વડે** [ उपघातं कुर्वतः ] **ઉપઘાત કરતા** [ तस्य ] **તે પુરુષને** [ रजोबन्धः ] **રજનો બંધ** [ खलु ] **ખરેખર** [ किम्प्रत्ययिकः ] **કયા કારણે** [ न ] **નથી થતો** [ निश्चयतः ] **તે નિશ્ચયથી** [ चिन्त्यताम् ] **વિચારો.** [ तस्मिन् नरे ] **તે પુરુષમાં** [ यः सः स्नेहभावः तु ] **જે તેલ આદિનો ચીકાશભાવ હોય** [ तेन ] **તેનાથી** [ तस्य ] **તેને** [ रजोबन्धः ] **રજનો બંધ થાય**

છે [ निश्चयतः विज्ञेयं ] એમ નિશ્ચયથી જાણવું, [ शेषाभिः कायचेष्टाभिः ] શેષ કાયાની ચેષ્ટાઓથી [ न ] નથી થતો. ( માટે તે પુરુષમાં ચીકાશના અભાવના કારણે જ તેને રજ ચોંટતી નથી. ) [ एवं ] એવી રીતે– [ बहुविधेषु योगेषु ] બહુ પ્રકારના યોગોમાં [ वर्तमानः ] વર્તતો [ सम्यग्दृष्टिः ] સમ્યગ્દ્રષ્ટિ [ उपयोगे ] ઉપયોગમાં [ रागादीन् अकुर्वन् ] રાગાદિકને નહિ કરતો થકો [ रजसा ] કર્મરજથી [ न लिप्यते ] લેપાતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૪૨ થી ૨૪૬)**

ઉત્થાનિકા : હવે પાંચ ગાથાઓ દ્વારા વીતરાગ સમ્યક્દૃષ્ટિને બંધનો અભાવ દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : જે રીતે તે પૂર્વોક્ત વ્યક્તિ શરીરની બધી ચીકાશને દુર કરીને ધૂળવાળા સ્થાન પર રહીને શસ્ત્રોથી વ્યાયામ-શ્રમ કરે છે આ રીતે પ્રથમ ગાથા થઈ. તે પુરુષ છેદે છે-ભેદે છે.

(પ્રશ્ન) કોને છેદે છે ને ભેદે છે ?

(ઉત્તર) તાલ, તમાલ, કદલી, વાંસના સમૂહને છેદે છે ભેદે છે અને સંબંધી સચિત અચિત દ્રવ્યનો ઉપઘાત કરે છે. આ પ્રકારે બીજી ગાથા થઈ.

વિભિન્ન પ્રકારથી શસ્ત્રોથી ઉપઘાત કરતા એ પુરુષને નિશ્ચયથી ચિંતન-વિચાર કરો કે ક્યા કારણથી તેને ધૂળ લાગતી નથી ?

આ પ્રકારે પ્રશ્નરૂપથી ત્રણ ગાથાઓ થઈ તેનો ઉત્તર આમ છે કે તે પુરુષના શરીર પર પૂર્વોક્ત તેલની માલિશરૂપ ચિકણપણું છે તેથી ધૂળી બંધ છે તેમ નિશ્ચયથી જાણવું જોઈએ અન્ય શરીરની ક્રિયા, વ્યાપાર ચેષ્ટા આદિથી ધૂળનો બંધ નથી. આ ચિકાશનો અભાવ થવાથી તેને ધૂળનો બંધ નથી આમ તેનો અર્થ છે.

આ પ્રકારે પ્રશ્નોત્તરરૂપ દૃષ્ટાંતથી સમ્યક્દૃષ્ટિ જીવ વિવિધ યોગોમાં અનેક પ્રકારના મન, વચન, કાયની ક્રિયા કરતો હોવા છતાં નિર્મળ આત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન તથા અનુચરણરૂપ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રનો સદ્ભાવ હોવાને કારણે રાગાદિ ઉપયોગરૂપ પરિણામ ન કરતો થકો કર્મરજથી નથી બંધાતો અને જેવી રીતે તેલ મર્દનના અભાવમાં ધૂળનો બંધ નથી થતો તેવી રીતે વીતરાગ સમ્યક્દૃષ્ટિ જીવને રાગાદિના અભાવને કારણ બંધ નથી થતો. આ પ્રકારે બંધના અભાવનાં કારણના તાત્પર્યરૂપ કથનથી પાંચ ગાથ પૂર્ણ થઈ.

કંઈક વિશેષ કહે છે. જેમ અહીં પાતનિકામાં કહ્યું છે કે સમ્યક્જ્ઞાની જીવને શાંત રસનું સ્વામિત્વ છે. પરંતુ અજ્ઞાની જીવને શ્રૃંગાર આદિ આઠ રસનું સ્વામિત્વ છે.

તેવી જ રીતે અધ્યાત્મના વિષયમાં નાટકના અવતરણરૂપ પ્રસંગમાં નવ રસોનું સ્વામિત્વ જાણવું જોઈએ. આ પ્રકારે દસ ગાથા સમૂહ દ્વારા પ્રથમ સ્થળ પૂરું થયું.

હવે મિથ્યાદૃષ્ટિના આશયને ગાથામાં સ્પષ્ટ રીતે કહે છેઃ–

**જે માનતો-હું મારું ને પર જીવ મારે મુજને,**

**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૪૭.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ मन्यते ] એમ માને છે કે [ हिनस्मि च ] ' હું પર જીવોને મારું છું ( –હણું છું ) [ परैः सत्त्वैः हिंस्ये च ] અને પર જીવો મને મારે છે ', [ सः ] તે [ मूढः ] મૂઢ ( –મોહી ) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત ( અર્થાત્ આવું નથી માનતો ) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૪૭)**

ઉત્થાનિકા : હવે વીતરાગ સ્વભાવને છોડીને હિંસ્ય-હિંસકભાવથી પરિણમન કરવું તે અજ્ઞાની જીવનું લક્ષણ છે. તેનાથી વિપરીત જ્ઞાની જીવનું લક્ષણ છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે એમ માને છે કે હું જીવોને મારું છું ને બીજા જીવો દ્વારા હું મરાઉ છું. એવા જેના પરિણામ છે તે નિશ્ચિત અજ્ઞાન છે. તે બંધનું કારણ છે તે પરિણામ જેના છે. તે અજ્ઞાની છે. આનાથી વિપરીત જે જીવન-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા આદિ વિકલ્પના વિષયમાં રાગ-દ્વેષ રહિત શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ સુખના સ્વાદરૂપ અથવા ભેદ વિજ્ઞાનમાં જે લીન છે તે જ્ઞાની છે એવો અર્થ છે.

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેના ઉત્તરરૂપે ગાથા કહે છેઃ–

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**

**તું આયુ તો હરતો નથી, તેં મરણ કયમ તેનું કર્યું ? ૨૪૮.**

**છે આયુક્ષયથી મરણ જીવનું એમ જિનદેવે કહ્યું,**

**તે આયુ તુજ હરતા નથી, તો મરણ કયમ તારું કર્યું ? ૨૪૯.**

**ગાથાર્થઃ-** ( હે ભાઈ ! ' હું પર જીવોને મારું છું ' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે. ) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयुःक्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; [ त्वं ] તું [ आयुः ] પર જીવોનું આયુકર્મ તો [ न हरसि ] હરતો નથી, [ त्वया ] તો તે [ तेषाम् मरणं ] તેમનું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું ?

( હે ભાઈ ! ' પર જીવો મને મારે છે ' એમ જે તું માને છે, તે તારું અજ્ઞાન છે. ) [ जीवानां ] જીવોનું [ मरणं ] મરણ [ आयुःक्षयेण ] આયુકર્મના ક્ષયથી થાય છે એમ [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહ્યું છે; પર જીવો [ तव आयुः ] તારું આયુકર્મ તો [ न हरन्ति ] હરતા નથી, [ तैः ] તો તેમણે [ ते मरणं ] તારું મરણ [ कथं ] કઈ રીતે [ कृतं ] કર્યું ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૪૮-૨૪૯)**

ઉત્થાનિકા : હવે આ અધ્યવસાન અજ્ઞાન કેવી રીતે છે તે પ્રશ્નનો ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : આયુના ક્ષયથી જીવોનું મરણ થાય છે (એમ) જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. તેનું આયુકર્મ તું હરણ નથી કરી શકતો કેમકે તેની આયુનો ક્ષય તો તેના પોતાના ભોગવવાથી જ થાય છે. તો પછી કયા પ્રકારથી તેનું મરણ તારા દ્વારા કરાયું ? અર્થાત્ તારા દ્વારા પરનું મરણ નથી કરવામાં આવ્યું અને તેમના દ્વારા તારું મરણ કેવી રીતે કરવામાં આવ્યું ?

**જે માનતો-હું જિવાડું ને પર જીવ જિવાડે મુજને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૦.**

**ગાથાર્થઃ-** [ यः ] જે જીવ [ मन्यते ] એમ માને છે કે [ जीवयामि ] હું પર જીવોને જિવાડું છું [ च ] અને [ परैः सत्त्वैः ] પર જીવો [ जीव्ये च ] મને જિવાડે છે, [ सः ] તે [ मूढः ] મૂઢ ( –મોહી ) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત ( અર્થાત્ જે આવું નથી માનતો, આનાથી ઊલટું માને છે ) તે [ ज्ञानी ] જ્ઞાની છે.

તાત્પર્યવૃત્તિ : આમાં આના ઉપરની ટીકા ઉપલબ્ધ નથી.

હવે પૂછે છે કે આ ( જીવનનો ) અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તું આયુ તો દેતો નથી, તેં જીવન કયમ તેનું કર્યું ? ૨૫૧.**
**છે આયુ-ઉદયે જીવન જીવનું એમ સર્વજ્ઞે કહ્યું,**
**તે આયુ તુજ દેતા નથી, તો જીવન કયમ તારું કર્યું ? ૨૫૨.**

**ગાથાર્થઃ-** [ जीवः ] જીવ [ आयुरुदयेन ] આયુકર્મના ઉદયથી [ जीवति ] જીવે છે [ एवं ] એમ [ सर्वज्ञाः ] સર્વજ્ઞદેવો [ भणन्ति ] કહે છે; [ त्वं ] તું [ आयुः च ] પર જીવોને આયુકર્મ તો [ न ददासि ] દેતો નથી [ त्वया ] તો ( હે ભાઈ ! ) તેં [ तेषाम् जीवितं ] તેમનું જીવિત ( જીવતર ) [ कथं कृतं ] કઈ રીતે કર્યું ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા ૨૫૧-૨૫૨)**

તાત્પર્યવૃત્તિઃ આયુકર્મના ઉદયથી જીવ જીવે છે એમ સર્વજ્ઞોએ કહ્યું છે. તું તો તેને આયુકર્મ નથી દેતો. કેમકે તે જીવોનું આયુષ્ય તેના શુભ-અશુભ પરિણામો દ્વારા ઉપાર્જિત છે તો તે એને જીવિત કેવી રીતે કર્યો (રાખ્યો) અર્થાત્ કોઈ પણ પ્રકારે (તે તેને જીવિત) નથી કર્યો (રાખ્યો)

અને હવે જ્ઞાની પુરુષ સ્વસંવિતિ લક્ષણવાળા (સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિગુણ તથા (મન વચન કાયરૂપ) ત્રિગુપ્તિ સમાધિમાં સ્થિર રહેવું જોઈએ તે (સમાધિ)ના અભાવમાં અને અશક્ય અનુષ્ઠાનરૂપ પ્રમાદથી તેનું મરણ કરું છું તેને જીવાડું છું એવા જ્યારે વિકલ્પ થાય છે ત્યારે

મનમાં ચિંતવન કરે છે કે આ (જીવ)ના શુભ-અશુભ કર્મનો ઉદય થવા પર તે જીવ મરે છે કે જીવે છે. હું નિમિત્ત માત્ર થાવ છું એવું માનીને રાગદ્વેષરૂપ અહંકાર ન કરવો જોઈએ એમ ભાવાર્થ છે.

નોંધ : ગાથા ૨૫૨૫ ની ટીકા તાત્પર્યવૃત્તિમાં નથી.

દુઃખ–સુખ કરવાના અધ્યવસાયની પણ આ જ ગતિ છે એમ હવે કહે છેઃ–

**જે માનતો-મુજથી દુખીસુખી હું કરું પર જીવને,**
**તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત એથી જ્ઞાની છે. ૨૫૩.**

**ગાથાર્થઃ-** [ यः ] જે [ इति मन्यते ] એમ માને છે કે [ आत्मना तु ] મારા પોતાથી [ सत्त्वान् ] હું ( પર ) જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી–સુખી [ करोमि ] કરું છું, [ सः ] તે [ मूढः ] મૂઢ ( –મોહી ) છે, [ अज्ञानी ] અજ્ઞાની છે, [ तु ] અને [ अतः विपरीतः ] આનાથી વિપરીત તે [ ज्ञानी ] જ્ઞાની છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૫૩)**

ઉત્થાનિકા : હવે સુખ દુઃખ પણ નિશ્ચયથી પોતાના કર્મોદયને આધીન હોય છે એમ ઉપદેશ આપે છે.

તાત્પર્યવૃત્તિ : જે (જીવ) આત્માના સંબંધપણાથી માને છે.

(પ્રશ્ન) શું માને છે ?

(ઉત્તર) કે જીવોને હું સુખી-દુઃખી કરું છું.

આ જે હુંકારનું પરિણમન છે તે નિશ્ચિત અજ્ઞાન છે. તે જ બંધનું કારણ છે. આ પરિણામ જેનું છે તે અજ્ઞાની છે બહિરાત્મા છે તેનાથી વિપરીત પરમ ઉપેક્ષા સંયમ ભાવનારૂપ પરિણત અભેદ રત્નત્રય-લક્ષણરૂપ ભેદજ્ઞાનમાં સ્થિત રહે છે તે જ્ઞાની છે.

હવે પૂછે છે કે આ અધ્યવસાય અજ્ઞાન કઈ રીતે છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી થતા,**
**તું કર્મ તો દેતો નથી, તેં કેમ દુખિત-સુખી કર્યા ? ૨૫૪.**
**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો દુખિત કેમ કર્યો તને ? ૨૫૫.**
**જ્યાં કર્મ-ઉદયે જીવ સર્વે દુખિત તેમ સુખી બને,**
**તે કર્મ તુજ દેતા નથી, તો સુખિત કેમ કર્યો તને ? ૨૫૬.**

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ सर्वे जीवाः ] સર્વ જીવો [ कर्मोदयेन ] કર્મના ઉદયથી [ दुःखितसुखिताः ] દુઃખી–સુખી [ भवन्ति ] થાય છે, [ च ] અને [ त्वं ] તું [ कर्म ] તેમને કર્મ તો [ न ददासि ] દેતો નથી, તો ( હે ભાઈ ! ) તેં [ ते ] તેમને [ दुःखितसुखिताः ] દુઃખી–સુખી

[ कथं कृता: ] કઈ રીતે કર્યા ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૫૪ - ૨૫૬)**

ઉત્થાનિકા : હવે પરને હું સુખી દુ:ખી કરું છું એવો અધ્યવસાની અજ્ઞાની કેવો હોય છે ?

તાત્પર્યવૃત્તિ : જો કર્મોદયના નિમિત્તે બધા જીવો સુખી દુ:ખી થાય છે તો તું (તો) શુભ-અશુભ કર્મ નથી દેતો તો પછી (પર) જીવો ને તે સુખી દુ:ખી કેવી રીતે કર્યા ? કોઈ પણ પ્રકારે નથી કર્યા. જો કર્મોદયના નિમિત્તથી બધા જીવ સુખી દુ:ખી થાય છે તો તું તેને શુભ અશુભ કર્મ નથી દેતો તો (પછી) તે કઈ રીતે તારા દ્વારા સુખી કરવામાં આવે ? કોઈ પણ પ્રકારે તે (તારા દ્વારા) સુખી નથી કરવામાં આવતા.

જો કર્મોદયથી બધા જીવ સુખી દુ:ખી થાય છે તો શુભ અશુભ કર્મ તું દેતો નથી તો તારા દ્વારા તે જીવ કઈ રીતે દુ:ખી થયા ? અર્થાત્ કોઈ પણ પ્રકારે (તે જીવ તારા વડે) દુ:ખી નથી કરવામાં આવતા.

કંઈક વિશેષ કહે છે.

પ્રથમ તો તત્ત્વજ્ઞાની જીવ (હું) બીજા જીવોને સુખ દુ:ખ દઉં છું એવો વિકલ્પ નથી કરતા. જ્યારે નિર્વિકલ્પ સમાધિના અભાવમાં પ્રમાદ હોવા પર (હું પરને) સુખી-દુ:ખી કરું છું એવો વિકલ્પ થાય છે. ત્યારે (તે તત્ત્વજ્ઞાન જીવ) તે મનમાં વિચાર કરે છે કે આ જીવનો અંતરંગ પુણ્ય પાપનો ઉદય થયો છે. હું તો તેનો નિમિત્ત માત્ર છું એવું જાણતો મનમાં હર્ષ-વિષાદ પરિણામથી ગર્વ નથી કરતો.

આ પ્રકારે પર જીવોના જીવન મરણ સુખ દુ:ખ કરું છું, એવા વ્યાખ્યાનની મુખ્યતાથી ૭ ગાથાઓ દ્વારા બીજું સ્થળ પૂર્ણ થયું.

**મરતો અને જે દુખી થતો-સૌ કર્મના ઉદયે બને,**
**તેથી ' હણ્યો મેં, દુખી કર્યો '-તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૭.**
**વળી નવ મરે, નવ દુખી બને, તે કર્મના ઉદયે ખરે,**
**' મેં નવ હણ્યો, નવ દુખી કર્યો '-તુજ મત શું નહિ મિથ્યા ખરે ? ૨૫૮.**

**ગાથાર્થ:-** [ य: म्रियते ] જે મરે છે [ च ] અને [ य: दु:खित: जायते ] જે દુ:ખી થાય છે [ स: सर्व: ] તે સૌ [ कर्मोदयेन ] કર્મના ઉદયથી થાય છે; [ तस्मात् तु ] તેથી [ मारित: च दु:खित: ] ' મેં માર્યો, મેં દુ:ખી કર્યો ' [ इति ] એવો [ ते ] તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી ?

[ च ] વળી [ य: न म्रियते ] જે નથી મરતો [ च ] અને [ न दु:खित: ] નથી દુ:ખી થતો [ स: अपि ] તે પણ [ खलु ] ખરેખર [ कर्मोदयेन च एव ] કર્મના ઉદયથી જ થાય છે;

[ तस्मात् ] તેથી [ न मारितः च न दुःखितः ] 'મેં ન માર્યો, મેં ન દુઃખી કર્યો ' [ इति ] એવો તારો અભિપ્રાય [ न खलु मिथ्या ] શું ખરેખર મિથ્યા નથી ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૫૭-૨૫૮)**

ઉત્થાનિકા : હવે (જે લોકો) એક જીવ બીજા જીવના જીવન-મરણ સુખ-દુઃખ નિશ્ચયથી કરે છે એવું જે માને છે તે બહિરાત્મા છે એમ જણાવે છે.

તાત્પર્યવૃત્તિ : જો (પર) જીવ મરે છે દુઃખી થાય છે તે બધું કર્મોદયથી થાય છે. એ કારણથી મારા દ્વારા મરાયો કે મારા દ્વારા દુઃખી કરવામાં આવ્યો તેવો તારો અભિપ્રાય શું મિથ્યા નથી ? અર્થાત્ મિથ્યા જ છે.

જો (પર) જીવ મારવામાં નથી આવતો દુઃખી કરવામાં નથી આવતો તે બધું વાસ્તવમાં કર્મોદયથી જ થાય છે. આ કારણે મે તેને મરવા ન દીધો અને મેં તેને દુઃખી થવા ન દીધો એવો તારો અભિપ્રાય શું વાસ્તવમાં મિથ્યા નથી ? અર્થાત્ મિથ્યા જ છે, આવા માઠા ધ્યાન દ્વારા (ચિંતવન દ્વારા) પોતાના સ્વભાવથી ચ્યુત થઈને કર્મને જ બાંધે છે એમ ભાવાર્થ છે.

હવે, આ અજ્ઞાનમય અધ્યવસાય જ બંધનું કારણ છે એમ ગાથામાં કહે છેઃ–

**આ બુદ્ધિ જે તુજ-' દુખિત તેમ સુખી કરુ છું જીવને ',**
**તે મૂઢ મતિ તારી અરે ! શુભ અશુભ બાંધે કર્મને. ૨૫૯.**

**ગાથાર્થઃ-** [ ते ] તારી [ या एषा मतिः तु ] જે આ બુદ્ધિ છે કે હું [ सत्त्वान् ] જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી–સુખી [ करोमि इति ] કરું છું, [ एषा ते मूढमतिः ] તે આ તારી મૂઢ બુદ્ધિ જ ( મોહસ્વરૂપ બુદ્ધિ જ ) [ शुभाशुभं कर्म ] શુભાશુભ કર્મને [ बध्नाति ] બાંધે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૫૯)**

ઉત્થાનિકા : હવે પૂર્વની બે ગાથાઓ દ્વારા કહેવાયેલ તે મિથ્યાજ્ઞાનરૂપ ભાવ મિથ્યાદષ્ટિને બંધનું કારણ થાય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : એવી જો તારી બુદ્ધિ છે કે હું જીવોને સુખી દુઃખી કરું છું તો એવી જે તારી બુદ્ધિ (તે) હે મુંઢમતિ પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને જીવને શુભાશુભ કર્મથી બાંધે છે. અને તેનું (તે બુદ્ધિનું) બીજું કાંઈ કાર્ય નથી.

હવે, અધ્યવસાયને બંધના કારણ તરીકે બરાબર નક્કી કરે છે–ઠરાવે છે ( અર્થાત્ મિથ્યા અધ્યવસાય જ બંધનું કારણ છે એમ નિયમથી કહે છે ) :–

**કરતો તું અધ્યવસાન-' દુખિત-સુખી કરું છું જીવને ',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૦.**

**કરતો તું અધ્યવસાન-' મારું જિવાડું છું પર જીવને ',**
**તે પાપનું બંધક અગર તો પુણ્યનું બંધક બને. ૨૬૧.**

**ગાથાર્થઃ**-' [ सत्त्वान् ] હું જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી–સુખી [ करोमि ] કરું છું ' [ एवम् ] આવું [ यत् ते अध्यवसितं ] જે તારું * અધ્યવસાન, [ तत् ] તે જ [ पापबन्धकं वा ] પાપનું બંધક [ पुण्यस्य बन्धकं वा ] અથવા પુણ્યનું બંધક [ भवति ] થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૦-૨૬૧)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયથી રાગાદિ અધ્યવસાન જ બંધનું કારણ છે આ પ્રકારે પ્રતિપાદન દ્વારા તે અર્થને દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : હું જીવોને સુખી દુઃખી કરું છું એવો જે તારો અધ્યવસિત (મિથ્યા) ભાવ કે રાગાદિ અધ્યવસાન છે તે તારા-શુદ્ધાત્મ ભાવનાથી ચ્યુત થવાવાળાના પાપ કે પુણ્યબંધનું કારણ છે. (તે રાગાદિ અધ્યવસાન) અન્ય બીજું કંઈ પણ (સુખ) દુઃખ આદિ કરવામાં સમર્થ નથી.

(પ્રશ્ન) કયા કારણથી સમર્થ નથી ?

(ઉત્તર) કેમકે પર જીવોના સુખ દુઃખ રૂપ પરિણમન તેના સ્વયં દ્વારા ઉપાર્જિત શુભ અશુભ કર્મને આધિન છે.

હું જીવોને મારું છું, જીવાડુ છું આ પ્રકારનો જે મારો અધ્યવસિત ભાવ છે. તે શુદ્ધાત્માના શ્રદ્ધાન-જ્ઞાન અને આચરણથી રહિત થવાવાળાને પાપ કે પુણ્ય બંધનું કારણ થાય છે. અન્ય કોઈ પણ કંઈ પણ કરવામાં સમર્થ નથી.

(પ્રશ્ન) કયા કારણથી સમર્થ નથી ?

(ઉત્તર) કેમ કે તે પર જીવોના જીવન મરણ આદિ સ્વયં દ્વારા ઉપાર્જિત કર્મોદયને આધીન હોય છે.

' આ રીતે ખરેખર હિંસાનો અધ્યવસાય જ હિંસા છે એમ ફલિત થયું '–એમ હવે કહે છેઃ–

**મારો-ન મારો જીવને, છે બંધ અધ્યવસાન થી,**
**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચયનય થકી. ૨૬૨.**

**ગાથાર્થઃ**- [ सत्त्वान् ] જીવોને [ मारयतु ] મારો [ वा मा मारयतु ] અથવા ન મારો– [ बन्धः ] કર્મબંધ [ अध्यवसितेन ] અધ્યવસાનથી જ થાય છે. [ एषः ] આ, [ निश्चयनयस्य ] નિશ્ચયનયે, [ जीवानां ] જીવોના [ बन्धसमासः ] બંધનો સંક્ષેપ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૨)**

ઉત્થાનિકા : હવે આ પ્રકારે નિશ્ચયથી હિંસાનું અધ્યવસાન જ હિંસા છે. એમ સિદ્ધ થાય છે.

એવો વિચાર કરે છે.

તાત્પર્યવૃત્તિ : અધ્યવસાન પરિણામથી બંધ થાય છે. જીવો ને મારો કે ન મારો. આ પ્રત્યક્ષ રૂપથી બંધનો સાર છે. આનાથી વિરુદ્ધ નિરૂપાધિ ચિદાનંદ એક લક્ષણવાળી નિર્વિકલ્પ સમાધિથી મોક્ષ થાય છે. આ મોક્ષનો સાર છે.

(પ્રશ્ન) કોને (બંધ મોક્ષ થાય છે) ?

(ઉત્તર) નિશ્ચયનયથી (અધ્યવસાન યુક્ત) જીવને બંધ તથા શુદ્ધાત્માનુભવ યુક્ત જીવને મોક્ષ થાય છે. પર જીવોના જીવન મરણ સુખ દુઃખ આદિને હું કરું છું એવું અધ્યવસાન જ બંધનું કારણ છે. જીવોના પ્રાણઘાતરૂપ (દ્રવ્ય હિંસા) ક્રિયા હો કે ન હો. આ પ્રકારે બધું જાણીને રાગાદિ અપધ્યાનનો ત્યાગ કરવો જોઈએ આ કથનની મુખ્યતાથી છ ગાથા સૂત્રો દ્વારા ત્રીજું સ્થળ પૂરું થયું.

હવે, ( હિંસા-અહિંસાની જેમ સર્વ કાર્યોમાં ) અધ્યવસાયને જ પાપ-પુણ્યના બંધના કારણપણે દર્શાવે છેઃ-

**એમ અલીકમાંહી, અદત્તમાં, અબ્રહ્મ ને પરિગ્રહ વિષે**
**જે થાય અધ્યવસાન તેથી પાપબંધન થાય છે. ૨૬૩.**
**એ રીત સત્યે, દત્તમાં, વળી બ્રહ્મ ને અપરિગ્રહે**
**જે થાય અધ્યવસાન તેથી પુણ્યબંધન થાય છે. ૨૬૪.**

**ગાથાર્થઃ-** [ एवम् ] એ રીતે ( અર્થાત્ પૂર્વે હિંસાના અધ્યવસાય વિષે કહ્યું તેમ ) [ अलीके ] **અસત્યમાં,** [ अदत्ते ] **અદત્તમાં,** [ अब्रह्मचर्ये ] **અબ્રહ્મચર્યમાં** [ च एव ] અને [ परिग्रहे ] **પરિગ્રહમાં** [ यत् ] જે [ अध्यवसानं ] **અધ્યવસાન** [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] **તેનાથી** [ पापं बध्यते ] **પાપનો બંધ થાય છે;** [ तथापि च ] અને તેવી જ રીતે [ सत्ये ] **સત્યમાં,** [ दत्ते ] **દત્તમાં,** [ ब्रह्मणि ] **બ્રહ્મચર્યમાં** [ च एव ] અને [ अपरिग्रहत्वे ] **અપરિગ્રહમાં** [ यत् ] જે [ अध्यवसानं ] **અધ્યવસાન** [ क्रियते ] કરવામાં આવે [ तेन तु ] **તેનાથી** [ पुण्यं बध्यते ] **પુણ્યનો બંધ થાય છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૩-૨૬૪)**

ઉત્થાનિકા : હવે અધ્યવસાન ભાવ હિંસા છે તે પહેલા કહેવાય ગયું છે. હવે અહીં અસત્ય આદિ અવ્રતરૂપ અધ્યવસાનો થી પાપબંધ અને સત્ય આદિ અધ્યવસાનોથી પુણ્ય બંધ થાય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : આ પ્રકારે અસત્ય ચોરી અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં જે અધ્યવસાન ભાવ કરવામાં આવે છે તેનાથી પાપબંધ થાય છે આ પ્રકારે પ્રથમ ગાથા થઈ અને સત્ય અચોર્ય, બ્રહ્મચર્ય

તથા અપરિગ્રહમાં જે અધ્યવસાયભાવ કરવામાં આવે છે તેનાથી પુણ્યબંધ થાય છે. આ વ્રત, અવ્રતના વિષયમાં પુણ્ય પાપ બંધરૂપથી બે ગાથા સૂત્ર થયા.

**જે થાય અધ્યવસાન જીવને, વસ્તુ-આશ્રિત તે બને,**
**પણ વસ્તુથી નથી બંધ, અધ્યવસાનમાત્રથી બંધ થાય છે. ૨૬૫.**

**ગાથાર્થઃ-** [ पुनः ] વળી, [ जीवानाम् ] જીવોને [ यत् ] જે [ अध्यवसानं तु ] અધ્યવસાન [ भवति ] થાય છે તે [ वस्तु ] વસ્તુને [ प्रतीत्य ] અવલંબીને થાય છે [ च तु ] તોપણ [ वस्तुतः ] વસ્તુથી [ न बन्धः ] બંધ નથી, [ अध्यवसानेन ] અધ્યવસાનથી જ [ बन्धः अस्ति ] બંધ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૫)**

ઉત્થાનિકા : હવે આના પછી આ બે ગાથા સૂત્રોને પરિણામોની મુખ્યતાથી તેર ગાથાઓ દ્વારા વિશેષ વર્ણન કરે છે. તે આ પ્રકારે છે. અહીં કહે છે કે બાહ્ય વસ્તુ રાગાદિ પરિણામોનું કારણ છે અને રાગાદિ પરિણામ બંધનું કારણ છે.

તાત્પર્યવૃત્તિ : પાંચ ઈન્દ્રિયના વિષયભૂત ચેતન-અચેતન બાહ્ય વસ્તુનો આશ્રય કરીને જીવોને જે પ્રસિદ્ધ અધ્યવસાન (રાગાદિ) થાય છે. (તેનાથી બંધ થાય છે) વાસ્તવમાં તે વસ્તુના સાનિધ્ય (સંયોગ) થી બંધ નથી થતો.

(પ્રશ્ન) તો પછી શેનાથી બંધ થાય છે ?

(ઉત્તર) વીતરાગ પરમાત્મ તત્ત્વથી ભિન્ન રાગાદિ અધ્યવસાનથી બંધ થાય છે. વસ્તુના સાનિધ્યથી બંધ કેમ નથી થતો ? કેમકે (તો તો) અન્વય અને વ્યતિરેક બંને રૂપથી સંબંધ ઘટિત થતો નથી બન્નેમાં સદોષ વ્યભિચાર સિદ્ધ થાય છે.

તેનું વિશેષ,

બાહ્ય વસ્તુના સદ્‌ભાવમાં નિયમથી બંધ થાય છે. એવો અન્વય સિદ્ધ નથી થતો તથા બાહ્ય વસ્તુના અભાવમાં બંધ નથી થતો તેવો વ્યતિરેક પણ સિદ્ધ નથી થતો તો પછી બાહ્યવસ્તુનો ત્યાગ શા માટે કરવામાં આવે છે ? (ઉત્તર) રાગાદિ અધ્યવસાનોના પરિહારને માટે બાહ્ય વસ્તુનો ત્યાગ કરવામાં આવે છે. એમ એનો ભાવાર્થ છે.

બહારમાં પાંચ ઈન્દ્રિયોના વિષયભૂત વસ્તુના હોવા પર અજ્ઞાનભાવથી રાગાદિ અધ્યવસાન થાય છે અને તે અધ્યવસાનથી બંધ થાય છે. આ પ્રકારે પરંપરાથી વસ્તુ બંધનું કારણ છે પરંતુ સાક્ષાત બંધનું કારણ નથી અને અધ્યવસાન નિશ્ચયથી બંધનું કારણ છે.

આ રીતે બંધના કારણપણે ( -કારણ તરીકે ) નક્કી કરવામાં આવેલું જે અધ્યવસાન તે પોતાની અર્થક્રિયા કરનારું નહિ હોવાથી મિથ્યા છે-એમ હવે દર્શાવે છેઃ-

**કરું છું દુખી-સુખી જીવને, વળી બદ્ધ-મુક્ત કરું અરે !**
**આ મૂઢ મતિ તુજ છે નિરર્થક, તેથી છે મિથ્યા ખરે. ૨૬૬.**

**ગાથાર્થઃ**-હે ભાઈ ! '[ जीवान् ] હું જીવોને [ दुःखितसुखितान् ] દુઃખી-સુખી [ करोमि ] કરું છું, [ बन्धयामि ] બંધાવું છું [ तथा विमोचयामि ] તથા મુકાવું છું, [ या एषा ते मूढमतिः ] એવી જે આ તારી મૂઢ મતિ ( -મોહિત બુદ્ધિ ) છે [ सा ] તે [ निरर्थिका ] નિરર્થક હોવાથી [ खलु ] ખરેખર [ मिथ्या ] મિથ્યા ( -ખોટી ) છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૬)**

ઉત્થાનિકા : આ પ્રકારે બંધના હેતુ રૂપથી નિર્ધારિત અધ્યવસાનનો પોતાની અર્થ ક્રિયાકારીપણાનો અભાવ હોવાથી મિથ્યાપણું-અસત્યપણું દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : (હું) જીવોને સુખી દુઃખી કરું છું, બાંધુ છું, છોડું છું, એવી જો તારી બુદ્ધિ (માન્યતા છે) છે (તો) તે માન્યતા નિરર્થક છે. નિષ્પ્રયોજન છે. તે કારણથી સ્પષ્ટરૂપથી મિથ્યા, વિપરીત, અસત્ય છે.

(પ્રશ્ન) કયા કારણથી મિથ્યા છે ?

(ઉત્તર) (કેમકે) તારું અધ્યવસાય હોવા છતાં પણ જીવોને શાતા અશાતાના ઉદયના અભાવને કારણે સુખ-દુઃખનો અભાવ હોય છે. અર્થાત્ સુખ દુઃખ નથી થતાં (અને) સ્વકીય શુદ્ધ અશુદ્ધ અધ્યવસાનના અભાવથી બંધ અને મોક્ષનો અભાવ થાય છે.

હવે પૂછે છે કે અધ્યવસાન પોતાની અર્થક્રિયા કરનારું કઈ રીતે નથી ? તેનો ઉત્તર કહે છેઃ-

**સૌ જીવ અધ્યવસાનકારણ કર્મથી બંધાય જ્યાં**
**ને મોક્ષમાર્ગે સ્થિત જીવો મુકાય, તું શું કરે ભલા ? ૨૬૭.**

**ગાથાર્થઃ**-હે ભાઈ ! [ यदि हि ] જો ખરેખર [ अध्यवसाननिमित्तं ] અધ્યવસાનના નિમિત્તે [ जीवाः ] જીવો [ कर्मणा बध्यन्ते ] કર્મથી બંધાય છે [ च ] અને [ मोक्षमार्गे स्थिताः ] મોક્ષમાર્ગમાં સ્થિત [ मुच्यन्ते ] મુકાય છે, [ तद् ] તો [ त्वम् किं करोषि ] તું શું કરે છે ? ( તારો તો બાંધવા-છોડવાનો અભિપ્રાય વિફળ ગયો. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૭)**

ઉત્થાનિકા : અધ્યવસાન સ્વ અર્થ ક્રિયાકારી કેમ નથી ?

તાત્પર્યવૃત્તિ : પોતાના મિથ્યાત્વ રાગાદિ અધ્યવસાનને નિમિત્ત કરીને તે જીવ નિશ્ચયથી કર્મ બાંધે

છે. અને જો શુદ્ધાત્મ સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-આચરણરૂપ નિશ્ચય રત્નત્રયવાળા મોક્ષમાર્ગમાં જે જીવ સ્થિત છે તે કર્મોથી મુક્ત થાય છે. તો પછી હે દુરાત્મન ! તું તેનું શું કરી શકીશ. અર્થાત્ તું તેનું કંઈ પણ નહીં કરી શકે તેથી તારું અધ્યવસાન સ્વ-અર્થ ક્રિયાકારી નથી.

**તાત્પર્યવૃત્તિની વધારાની ગાથા નં. ૧૯ થી ૨૨ (આ ગાથા આત્મખ્યાતિમાં નથી)**

ગાથાર્થ : જો જીવ પોતાના કર્મોથી દુઃખી થાય છે તો હું જીવોને કાયાથી દુઃખી કરું છું એ પ્રકારથી તું એવા બધા બુદ્ધિ-વિકલ્પ કરે છે. તે બધી બુદ્ધિ પણ મિથ્યા છે. (૧૯) (૨૮૨)

જો જીવ પોતાના કર્મોથી દુઃખી થાય છે તો હું જીવોને વચનથી દુઃખી કરું છું એવી બધી વિકલ્પમય બુદ્ધિ પણ મિથ્યા છે. (૨૦) (૨૮૩)

જો જીવ પોતાના કર્મોથી દુઃખી થાય છે. તો હું જીવોને મનથી દુઃખી કરું છું એવી બધી બુદ્ધિ પણ મિથ્યા છે. (૨૧) (૨૮૪)

જો જીવ પોતાના કર્મોથી દુઃખી થાય છે તો હું જીવોને શસ્ત્રોથી દુઃખી કરૂં છું એવી બધી બુદ્ધિ પણ મિથ્યા છે. (૨૨) (૨૮૫)

તાત્પર્યવૃત્તિ : જો જીવ સ્વકીય પાપ ઉદયથી દુઃખી થાય છે તો તે જીવોને સ્વકીય પાપ કર્મોદયના અભાવમાં તું કંઈ પણ નથી કરી શકતો તો પછી હું એ જીવોને મનથી વચનથી કાયાથી તથા શસ્ત્રોથી દુઃખી કરું છું હે દુરાત્મન તારી આવી બુદ્ધિ મિથ્યા છે તેનાથી તો તું સ્વસ્વભાવથી ચ્યુત થઈને (આવું માનતો) પાપ જ બાંધે છે.

**તાત્પર્યવૃત્તિની વધારાની ગાથા ૨૩**

હવે કહે છે કે જીવ નિશ્ચયથી પોતાના જ શુભ કર્મોદય થવા પર સુખી થાય છે એમ કહે છે.

ગાથાર્થ : જો અશુદ્ધ નિશ્ચયનયથી જીવ કર્મોના ઉદયથી સુખી થાય છે તો પછી હું કાયા, વચન, મનથી જીવોને સુખી કરું છું, એવી (તારી) બુદ્ધિ પણ મિથ્યા છે.

તાત્પર્યવૃત્તિ : જો જીવ પોતાના કર્મોદયથી સુખી થાય છે અને તારા પરિણામ (અધ્યવસાનથી) થી નથી થતો પછી મન વચન કાયા દ્વારા જીવોને હું સુખી કરું છું એવી તારી માન્યતા બુદ્ધિ મિથ્યા છે. આ પ્રકારનું તારું અધ્યસાન સ્વ અર્થ ક્રિયાકારી નથી પરંતુ નિરૂપરાગ પરમ ચૈતન્ય જ્યોતી સ્વભાવમાં સ્વશુદ્ધાત્મતત્ત્વનું શ્રદ્ધાન ન હોવાથી તે પ્રકારનું જ્ઞાન ન હોવાથી અને તે પ્રકારના અનુભવ ન હોવાથી તે શુભ પરિણામથી પુણ્ય જ બાંધે છે. એવો અર્થ છે.

હવે આ અર્થને સ્પષ્ટ રીતે ગાથામાં કહે છેઃ–

**તિર્યંચ, નારક, દેવ, માનવ, પુણ્ય પાપ વિવિધ જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૮.**

**વળી એમ ધર્મ અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક જે,**
**તે સર્વરૂપ નિજને કરે છે જીવ અધ્યવસાનથી. ૨૬૯.**

**ગાથાર્થઃ-** [ जीवः ] **જીવ** [ अध्यवसानेन ] **અધ્યવસાનથી** [ तिर्यङ्नैरयिकान् ] **તિર્યંચ, નારક,** [ देवमनुजान् च ] **દેવ અને મનુષ્ય** [ सर्वान् ] **એ સર્વ પર્યાયો,** [ च ] **તથા** [ नैकविधम् ] **અનેક પ્રકારનાં** [ पुण्यं पापं ] **પુણ્ય અને પાપ–** [ सर्वान् ] **એ બધારૂપ** [ करोति ] **પોતાને કરે છે.** [ तथा च ] **વળી તેવી રીતે** [ जीवः ] **જીવ** [ अध्यवसानेन ] **અધ્યવસાનથી** [ धर्माधर्मं ] **ધર્મ–અધર્મ,** [ जीवाजीवौ ] **જીવ–અજીવ** [ च ] **અને** [ अलोकलोकं ] **લોક–અલોક–** [ सर्वान् ] **એ બધારૂપ** [ आत्मानम् करोति ] **પોતાને કરે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૬૮-૨૬૯)**

ઉત્થાનિકા : હવે સ્વ સ્વભાવના પ્રતિપક્ષભૂત રાગાદિ અધ્યવસાનથી મોહિત થઈને આ જીવ સમસ્ત પર દ્રવ્યોને પોતાના આત્મામાં માને છે (એકરૂપ માને છે) એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : ઉદયાગત નરકગતિ આદિ કર્મના વશથી નારક, તિર્યંચ, મનુષ્ય, દેવ પાપ પુણ્ય રૂપ કર્મ જનિત ભાવોને પોતામાં આત્મરૂપ (એકત્વરૂપ) (અને) આત્માના સંબંધરૂપ કરે છે- માને છે.

નિર્વિકાર પરમાત્મ તત્ત્વના અનુભવથી ભ્રષ્ટ થઈને હું નારકી છું, ઈત્યાદિ રૂપથી ઉદયાગત કર્મજનિત વિભાવ પરિણામોને પોતાના આત્મામાં નિયોજીત (સ્થાપિત) કરતો માને છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, અજીવ, લોક, અલોક આદિ જ્ઞેય પદાર્થોને અને તેની જાણકારીરૂપ વિકલ્પોને અધ્યવસાનથી પોતાના આત્મસ્વભાવમય માને છે અથવા આત્મા સાથે સંબંધરૂપ માને છે એમ આશય છે.

જેવી રીતે ઘટાકાર પરિણત જ્ઞાન ઘટ છે. એમ ઉપચારથી કહેવામાં આવે છે. તેવી જ રીતે ધર્માસ્તિકાય આદિ જ્ઞેય પદાર્થોના વિષયમાં આ ધર્મદ્રવ્ય છે. ઈત્યાદિ જે આ જાણવારૂપ વિકલ્પ છે તે (વિકલ્પને) ઉપચારથી ધર્માસ્તિકાય કહેવામાં આવે છે.

(પ્રશ્ન) કેવી રીતે કહેવામાં આવે છે ?

(ઉત્તર) આવું પૂછવામાં આવતા કહે છે કે, આ વિકલ્પ ધર્માસ્તિકાય આદિને વિષય કરવાવાળા છે. પોતાના સ્વભાવથી ચ્યુત થઈને જ્યારે આ ધર્માસ્તિકાય છે. એવો વિકલ્પ કરે છે ત્યારે તે વિકલ્પના કરવા પર તે વિકલ્પને ધર્માસ્તિકાય આદિ ઉપચારથી કહેવામાં આવે છે.

આ અધ્યવસાય જેમને નથી તે મુનિઓ કર્મથી લેપાતા નથી–એમ હવે ગાથામાં કહે છેઃ–

**એ આદિ અધ્યવસાન વિધવિધ વર્તતાં નહિ જેમને,**
**તે મુનિવરો લેપાય નહિ શુભ કે અશુભ કર્મો વડે. ૨૭૦.**

**ગાથાર્થ:-** [ एतानि ] **આ ( પૂર્વે કહેલાં )** [ एवमादीनि ] **તથા આવા બીજા પણ** [ अध्यवसानानि ] **અધ્યવસાન** [ येषाम् ] **જેમને** [ न सन्ति ] **નથી,** [ ते मुनयः ] **તે મુનિઓ** [ अशुभेन ] **અશુભ** [ वा शुभेन ] **કે શુભ** [ कर्मणा ] **કર્મથી** [ न लिप्यन्ते ] **લેપાતા નથી.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૦)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયથી પરદ્રવ્યથી ભિન્ન હોવા છતાં પણ જે મોહના પ્રભાવમાં આત્માને પરદ્રવ્યમાં જોડે છે. (એકતા કરે છે) તેવો મોહભાવ જેને નથી તે જ તપોધન મુનિ છે એવું પ્રગટ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે પૂર્વ કહ્યા તે તથા એ પ્રકારના બીજા પણ કર્મબંધના નિમિત્તરૂપ શુભ અને અશુભ અધ્યવસાન છે તે જેને નથી તે જ મુનિશ્વર શુભ-અશુભ કર્મથી લેપાતા નથી.

તેનો વિસ્તાર આમ છે : જે સમયે આ જીવને શુદ્ધાત્મના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રરૂપ નિશ્ચય રત્નત્રયવાળું ભેદજ્ઞાન નથી હોતું. તે સમયે હું જીવોને મારું છું. ઈત્યાદિ હિંસા અધ્યવસાન, હું નારકી છું ઈત્યાદિ કર્મોદયરૂપ અધ્યવસાન, આ ધર્માસ્તિકાય છે ઈત્યાદિ જ્ઞેય પદાર્થરૂપ અધ્યવસાનને નિર્વિકલ્પ શુદ્ધાત્માથી ભિન્ન છે, એવું નથી જાણતો, તેવું ન જાણતો (તે) હિંસાના અધ્યવસાનરૂપ વિકલ્પની સાથે પોતાના આત્માને અભેદરૂપ શ્રદ્ધે છે, જાણે છે, આચરણ કરે છે. ત્યારે તે મિથ્યાદૃષ્ટિ થાય છે. મિથ્યાજ્ઞાની થાય છે. તથા મિથ્યાચારિત્રવાળો થાય છે. એટલા માટે તેને કર્મનો બંધ થાય છે.

જ્યારે પછી તેને પૂર્વે કહેલ ભેદવિજ્ઞાન થાય છે. ત્યારે તે સમ્યક્દૃષ્ટિ થાય છે. સમ્યક્જ્ઞાની થાય છે. તથા સમ્યક્ ચારિત્રવાળો થાય છે. એટલા માટે તેને કર્મ બંધ નથી થતો.

**તાત્પર્યવૃત્તિમાં વધારાની ગાથા - ૨૪ (આત્મખ્યાતિ ગાથા નથી)**

કેટલા કાળ સુધી (જીવ) પરભાવોને પોતાના આત્મામાં જોડે છે (માને છે) ? એવું પૂછવા પર કહે છે.

ગાથાર્થ : જ્યાં સુધી સંકલ્પ વિકલ્પ છે. જ્યાં સુધી આત્મા સ્વભાવમય ઋદ્ધિ હૃદયમાં પ્રગટ નથી થતી ત્યાં સુધી (જીવ) અશુભ-શુભ જનક કર્મ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જેટલા સમય સુધી (જીવ) બાહ્ય વિષય દેહ પુત્ર, સ્ત્રી આદિમાં આ મારા છે એવા પ્રકારનાં સંકલ્પ કરે છે. અને અંતરંગમાં હર્ષ-શોકરૂપ વિકલ્પ પણ કરે છે. જ્યાં સુધી (તે) અનંત જ્ઞાનાદિથી સમૃદ્ધિરૂપ આત્માને હૃદયમાં અર્થાત્ શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવમાં નથી જાણતો જેટલો કાળ આ પ્રકારનો આત્મા હૃદયમાં પ્રગટ નથી થતો તેટલા કાળ સુધી શુભ-અશુભ જનક કર્મ કરે છે. એમ આશય છે.

" અધ્યવસાન શબ્દ વારંવાર કહેતા આવ્યા છો, તે અધ્યવસાન શું છે? તેનું સ્વરૂપ બરાબર સમજવામાં નથી આવ્યું. " આમ પૂછવામાં આવતાં, હવે અધ્યવસાનનું સ્વરૂપ ગાથામાં કહે છેઃ–

**બુદ્ધિ, મતિ, વ્યવસાય, અધ્યવસાન, વળી વિજ્ઞાન ને**
**પરિણામ, ચિત્ત ને ભાવ-શબ્દો સર્વ આ એકાર્થ છે. ૨૭૧.**

**ગાથાર્થઃ-** [ बुद्धिः ] **બુદ્ધિ,** [ व्यवसायः अपि च ] **વ્યવસાય,** [ अध्यवसानं ] **અધ્યવસાન,** [ मतिः च ] **મતિ,** [ विज्ञानम् ] **વિજ્ઞાન,** [ चित्तं ] **ચિત્ત,** [ भावः ] **ભાવ** [ च ] **અને** [ परिणामः ] **પરિણામ**– [ सर्व ] **એ બધા** [ एकार्थम् एव ] **એકાર્થ જ છે** ( –નામ, જુદાં છે, અર્થ જુદા નથી ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૧)**

ઉત્થાનિકા : હવે અધ્યવસાનના પર્યાયવાચી નામ કહે છે.

તાત્પર્યવૃત્તિ : બોધન અર્થાત્ જાણવામાત્ર તે બુદ્ધિ છે. વ્યવસન અર્થાત્ જાણવામાત્રની ક્રિયા તે વ્યવસાય છે. અધ્યવસાન અર્થાત્ સમજી લેવું કે માની લેવું તે અધ્યવસાન છે. મનન અર્થાત્ વિચાર કરવો તે મતિ છે. વિશેષ જાણવા રૂપ તે વિજ્ઞાન છે. ચિં વન કરવું તે ચિત છે. ભવન અર્થાત્ ચેતનાનું હોવું તે ભાવ છે. પરિણમન અર્થાત્ ચેતનાનું પરિણમન તે પરિણામ છે. આ પ્રકારે શબ્દ ભેદ હોવા છતાં પણ અર્થ ભેદ નથી પરંતુ સમભિરૂઢ નયની અપેક્ષાથી બધા શબ્દોનો અર્થ અધ્યવસાન જ છે. કેવી રીતે અધ્યવસાન છે ?

(ઉત્તર) જેવી રીતે ઈન્દ્ર, શક્ર, પુરંદર એકાર્થવાચી શબ્દ છે.

એ રીતે વ્રતોથી પુણ્ય ને અવ્રતોથી પાપ થાય છે એવું પૂર્વમાં જે બે ગાથાઓ દ્વારા કહેવામાં આવ્યું હતુ તે બે ગાથાઓના વિશેષ વિવરણને માટે બાહ્ય વસ્તુ રાગાદિ અધ્યવસાનનું (નિમિત્ત) કારણ છે. તથા રાગાદિ અધ્યવસાન બંધનું કારણ છે. આ પ્રકારના કથનની મુખ્યતાથી ૧૩ ગાથાઓ પૂરી થઈ આ પ્રકારે સમુદાયરૂપથી ૧૫ ગાથા સૂત્ર દ્વારા ચાર સ્થાન પૂર્ણ થયા.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ–

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

**ગાથાર્થઃ-** [ एवं ] **એ રીતે** ( **પૂર્વોક્ત રીતે** ) [ व्यवहारनयः ] ( **પરાશ્રિત એવો** ) **વ્યવહારનય** [ निश्चयनयेन ] **નિશ્ચયનય વડે** [ प्रतिषिद्धः जानीहि ] **નિષિદ્ધ જાણ;** [ पुनः निश्चयनयाश्रिताः ] **નિશ્ચયનયને આશ્રિત** [ मुनयः ] **મુનિઓ** [ निर्वाणम् ] **નિર્વાણને** [ प्राप्नुवन्ति ] **પામે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૨)**

ઉત્થાનિકા : આના પછી અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિરૂપ નિશ્ચયનયથી વિકલ્પાત્મક વ્યવહારનયનો નિષેધ કરવામાં આવે છે. આ પ્રકારના કથનની મુખ્યતાથી ૬ ગાથા પર્યંત વ્યાખ્યાન કરવામાં આવે છે.

તાત્પર્યવૃત્તિ : આ પ્રકારે પૂર્વોક્ત પ્રકારથી પરદ્રવ્ય આશ્રિત હોવાને કારણે વ્યવહારનય નિષેધ્ય છે. એમ જાણવું.

(પ્રશ્ન) કોના દ્વારા નિષેધ્ય છે ?

(ઉત્તર) શુદ્ધાત્મદ્રવ્ય આશ્રિત નિશ્ચયનય દ્વારા (નિષેધ્ય છે)

(પ્રશ્ન) કયા કારણથી (નિષેધ્ય છે) ?

(ઉત્તર) નિશ્ચયનયના આશ્રયથી મુનિજન નિર્વાણને પ્રાપ્ત કરે છે તે કારણથી (વ્યવહાર નિશ્ચય દ્વારા નિષેધ્ય છે)

કંઈક વિશેષ એમ છે કે જો કે પ્રાથમિક અપેક્ષાથી પ્રારંભની અર્થાત્ સવિકલ્પ અવસ્થામાં નિશ્ચયનું સાધન હોવાથી વ્યવહારનય પ્રયોજનવાન છે. તો પણ વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વરૂપ શુદ્ધાત્મામાં સ્થિતજનોને નિષ્પ્રયોજન છે.

(પ્રશ્ન) નિષ્પ્રયોજન કેવી રીતે છે ?

(ઉત્તર) કર્મોથી બંધાયેલ રહેવાવાળા અભવ્યજીવો દ્વારા વ્યવહારનયનો આશ્રય કરવામાં આવે છે. તેને નિશ્ચય નયના શુદ્ધાત્માનો આશ્રય નહીં હોવાથી મોક્ષ પ્રાપ્તિ નથી થતી (તેથી વ્યવહારનય અનુસરણ કરવા યોગ્ય નથી)

હવે પૂછે છે કે અભવ્ય જીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે ? તેનો ઉત્તર કહે છેઃ–

**જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.**

**ગાથાર્થઃ-** [ जिनवरैः ] જિનવરોએ [ प्रज्ञप्तम् ] કહેલાં [ व्रतसमितिगुप्तयः ] વ્રત, સમિતિ, ગુપ્તિ, [ शीलतपः ] શીલ, તપ [ कुर्वन् अपि ] કરતાં છતાં પણ [ अभव्यः ] અભવ્ય જીવ [ अज्ञानी ] અજ્ઞાની [ मिथ्यादृष्टिः तु ] અને મિથ્યાદૃષ્ટિ છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૩)**

તાત્પર્યવૃત્તિ : વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ તથા તપ આદિ જે જિનેન્દ્ર ભગવાને કહ્યા છે. તે મંદ મિથ્યાત્વ તથા મંદ કષાયના ઉદયમાં તેને કરતો થકો પણ અભવ્ય જીવ અજ્ઞાની હોય છે. મિથ્યાદૃષ્ટિ હોય છે. કયા કારણથી ? (અજ્ઞાની - મિથ્યાદૃષ્ટિ રહે છે)

(ઉત્તર) મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિનો ઉપશમ ક્ષયોપશમ કે ક્ષયના અભાવને કારણ તથા શુદ્ધાત્મા ઉપાદેય છે એવા શ્રદ્ધાનના અભાવ હોવાને કારણે (તે અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ રહે છે)

હવે શિષ્ય પૂછે છે કે–તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો ? તેનો ઉત્તર કહે છેઃ–

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

**ગાથાર્થઃ-** [ मोक्षम् अश्रद्दधानः ] મોક્ષને નહિ શ્રદ્ધતો એવો [ यः अभव्यसत्त्वः ] જે અભવ્યજીવ છે તે [ तु अधीयीत ] શાસ્ત્રો તો ભણે છે, [ तु ] પરંતુ [ ज्ञानं अश्रद्दधानस्य ] જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા તેને [ पाठः ] શાસ્ત્રપઠન [ गुणम् न करोति ] ગુણ કરતું નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૪)**

ઉત્થાનિકા : હવે અભવ્ય જીવને ૧૧ અંગનું શ્રુતજ્ઞાન હોય છે તો તે અજ્ઞાની કેવી રીતે છે તેવું પૂછવા પર ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : મોક્ષનું શ્રદ્ધાન ન કરતો થકો અભવ્ય જીવ જો કે ખ્યાતિ પૂજા તથા લાભને માટે ૧૧ અંગનું અધ્યયન કરે છે. તો પણ તેનું શાસ્ત્ર અધ્યયન શુદ્ધાત્મ પરિજ્ઞાન સ્વરૂપ ગુણને (સ્વાનુભૂતિને) નથી કરતું.

(પ્રશ્ન) શું કરતું થકો નથી કરતો ?

(ઉત્તર) શ્રદ્ધાન અથવા આત્મરૂચિ ન કરતો થકો ગુણને પ્રાપ્ત નથી કરતો.

(પ્રશ્ન) કોની

(ઉત્તર) જ્ઞાનની.

(પ્રશ્ન) જ્ઞાનનો શું અર્થ છે ?

(ઉત્તર) શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ નિર્વિકલ્પ સમાધિ દ્વારા પ્રાપ્ત થવા યોગ્ય જે શુદ્ધાત્મસ્વરૂપનું જ્ઞાન (તે જ્ઞાનની શ્રદ્ધા નથી કરતો)

(પ્રશ્ન) કયા કારણથી શ્રદ્ધા નથી કરતો ?

(ઉત્તર) દર્શન, મોહનીય તથા ચારિત્ર મોહનીયના ઉપશમ ક્ષયોપશમ કે ક્ષયનો અભાવ હોવાથી.

(પ્રશ્ન) તે અભાવ પણ કયા કારણથી હોય છે.

(ઉત્તર) અભવ્યપણાને કારણે દર્શન-ચારિત્ર મોહનીયનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય નથી હોતા.

ફરી શિષ્ય પૂછે છે કે–અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં ‘ તેને શ્રદ્ધાન નથી ’ એમ કેમ કહ્યું ? તેનો ઉત્તર હવે કહે છેઃ–

**તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને ૨૭૫.**

**ગાથાર્થઃ**-[ सः ] તે ( અભવ્ય જીવ ) [ भोगनिमित्तं धर्म ] ભોગના નિમિત્તરૂપ ધર્મને જ [ श्रद्दधाति च ] શ્રદ્ધે છે, [ प्रत्येति च ] તેની જ પ્રતીત કરે છે, [ रोचयति च ] તેની જ રુચિ કરે છે [ तथा पुनः स्पृशति च ] અને તેને જ સ્પર્શે છે, [ न तु कर्मक्षयनिमित्तम् ] પરંતુ કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નહિ. ( કર્મક્ષયના નિમિત્તરૂપ ધર્મને નથી શ્રદ્ધતો, નથી તેની પ્રતીતિ કરતો, નથી તેની રુચિ કરતો અને નથી તેને સ્પર્શતો. )

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૫)**

ઉત્થાનિકા : તેને (અભવ્યને) પુણ્યરૂપ ધર્મનું શ્રદ્ધાન તો હોય છે પછી તેને શ્રદ્ધાન નથી તેમ કેમ કહો છો ?

તાત્પર્યવૃત્તિ : શ્રદ્ધાન કરે છે. અને જ્ઞાનરૂપથી પ્રતીતિ કરે છે, જાણે છે અને વિશેષરૂપથી શ્રદ્ધાનરૂપ રૂચિ પણ કરે છે તથા અનુષ્ઠાનરૂપથી સ્પર્શ પણ કરે છે.

(પ્રશ્ન) કયા ધર્મનું ? (શ્રદ્ધાન, જ્ઞાન, અનુષ્ઠાન કરે છે ?)

(ઉત્તર) અહમિન્દ્રાદિ પદની પ્રાપ્તિના કારણરૂપ માનીને ભોગ તથા આકાંક્ષારૂપથી પુણ્યરૂપ ધર્મનું (શ્રદ્ધાન, જ્ઞાનને આચરણ કરે છે)

પરંતુ તે કર્મ ક્ષયના નિમિત્તરૂપ શુદ્ધાત્માનુભવ લક્ષણરૂપ નિશ્ચય ધર્મનું શ્રદ્ધાન પ્રતીતિ, રૂચિ અને આચરણ નથી કરતો.

હવે પૂછે છે કે “ નિશ્ચયનય વડે નિષેધ્ય ( અર્થાત્ નિષેધાવાયોગ્ય ) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય–તે બન્ને નયો કેવા છે ? ” એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે;–

**‘ આચાર ’ આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,**
**ષટ્જીવનિકાય ચરિત છે, -એ કથન નય વ્યવહારનું. ૨૭૬.**
**મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.**

**ગાથાર્થઃ**-[ आचारादि ] આચારાંગ આદિ શાસ્ત્રો તે [ ज्ञानं ] જ્ઞાન છે, [ जीवादि ] જીવ આદિ તત્ત્વો તે [ दर्शनं विज्ञेयम् च ] દર્શન જાણવું [ च ] અને [ षड्जीवनिकायं ] છ જીવ–નિકાય તે [ चरित्रं ] ચારિત્ર છે– [ तथा तु ] એમ તો [ व्यवहारः भणति ] વ્યવહારનય કહે છે.

[ खलु ] **નિશ્ચયથી** [ मम आत्मा ] **મારો આત્મા જ** [ ज्ञानम् ] **જ્ઞાન છે,** [ मे आत्मा ] **મારો આત્મા જ** [ दर्शनं चरित्रं च ] **દર્શન અને ચારિત્ર છે,** [ आत्मा ] **મારો આત્મા જ** [ प्रत्याख्यानम् ] **પ્રત્યાખ્યાન છે,** [ मे आत्मा ] **મારો આત્મા જ** [ संवरः योगः ] **સંવર અને** યોગ ( –સમાધિ, ધ્યાન ) છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૬ - ૨૭૭)**

ઉત્થાનિકા : હવે પૂછે છે કે તે વ્યવહાર અને નિશ્ચય બન્ને પ્રતિષેધ્ય અને પ્રતિષેધક કેવી રીતે છે ?

તાત્પર્યવૃત્તિ : આચારાંગ, સૂત્રકૃતાંગ, આદિ અગિયાર અંગ સુધીના શબ્દ શાસ્ત્ર જ્ઞાનનું આશ્રયપણું હોવાને કારણે વ્યહવારથી જ્ઞાન છે. જીવાદિ નવ પદાર્થ શ્રદ્ધાનો વિષય છે. તેનો સમ્યક્ત્વના માટે આશ્રયપણું કે નિમિત્તપણું હોવાથી વ્યવહાર સમ્યક્ત્વ છે. છ પ્રકારના જીવો નિકાયની રક્ષા કરવી તે ચારિત્ર છે. તેનું આશ્રયપણું હોવાથી કે હેતુપણુ હોવાથી તે વ્યવહારે ચારિત્ર છે. આ રીતે પરાશ્રિતપણારૂપ વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવેલ છે.

સ્વશુદ્ધાત્મા જ જ્ઞાનનો આશ્રય કે કારણ હોવાથી નિશ્ચયનયથી મારું સમ્યક્જ્ઞાન છે. શુદ્ધાત્મા જ સમ્યક્દર્શનનો આશ્રય કે કારણ હોવાથી નિશ્ચયથી સમ્યક્દર્શન છે. શુદ્ધાત્મા જ ચારિત્રનો આશ્રય કે કારણ હોવાથી નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે. શુદ્ધાત્મા જ રાગાદિના પરિત્યાગ લક્ષણરૂપ પ્રત્યાખ્યાનનો આશ્રય કે કારણ હોવાથી નિશ્ચયથી પ્રત્યાખ્યાન છે. શુદ્ધાત્મા જ સ્વરૂપની ઉપલબ્ધિના બળથી હર્ષ-વિષાદ આદિના નિરોધ લક્ષણરૂપ સંવરનો આશ્રય કે કારણ હોવાથી નિશ્ચયથી સંવર છે. શુદ્ધાત્મા જ શુભ-અશુભ ચિંતા નિરોધ લક્ષણ પરમ ધ્યાન શબ્દથી વાચ્ય યોગના આશ્રય કે હેતુ હોવાથી નિશ્ચયથી પરમયોગ છે. આ પ્રકારે શુદ્ધાત્માના આશ્રયથી જ નિશ્ચય મોક્ષમાર્ગ જાણવો જોઈએ. આ રીતે વ્યવહાર મોક્ષમાર્ગ તથા નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ કહ્યું છે. ત્યાં નિશ્ચય પ્રતિષેધક છે અને વ્યવહાર પ્રતિષેધ્ય છે.

(પ્રશ્ન) કયા કારણથી છે ?

(ઉત્તર) નિશ્ચય મોક્ષમાર્ગમાં સ્થિત જીવોનો નિયમથી મોક્ષ થાય છે પરંતુ વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થિત (જીવો) નો મોક્ષ થાય અથવા ન પણ થાય.

(પ્રશ્ન) એમ કેમ છે ? કે વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થિતનો મોક્ષ થાય કે ન પણ થાય ?

(ઉત્તર) જો મિથ્યાત્વાદિ સાત પ્રકૃતિના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયના નિમિત્તથી શુદ્ધાત્માને જ ઉપાદેય કરીને વર્તે છે તો તો મોક્ષ થાય છે અને જો સાત પ્રકૃતિઓના ઉપશમ આદિનો અભાવ હોવા પર શુદ્ધાત્માને ઉપાદેય કરીને નથી વર્તતો તો મોક્ષ નથી થતો.

(પ્રશ્ન) તે પણ કયા કારણથી મોક્ષ નથી થતો ?

(ઉત્તર) કેમકે સાત પ્રકૃતિઓનો ઉપશમ આદિનો અભાવ હોવાથી અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ

આત્માને ઉપાદેય કરીને વર્તતો નથી, શ્રદ્ધાન નથી કરતો. તે કારણથી મોક્ષ નથી થતો.

પરંતુ જે તે પ્રકારના (શુદ્ધાત્માના) આત્માને ઉપાદેય કરીને શ્રદ્ધાન કરે છે તેને સાત પ્રકૃતિઓનો ઉપશમાદિ વિદ્યમાન હોય છે. તે ભવ્ય છે. અને જેને પૂર્વે કહેલા શુદ્ધાત્માનું સ્વરૂપ ઉપાદેય નથી હોતું તેને સાત પ્રકૃતિઓનો ઉપશમાદિ પણ વિદ્યમાન નથી હોતો. એટલા માટે તેને મિથ્યાદૃષ્ટિ જાણવો જોઈએ. આ કારણથી અભવ્ય જીવને મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિઓનો ઉપશમ આદિ ક્યારેય પણ સંભવ નથી હોતો એમ ભાવાર્થ છે.

એટલા માટે નિર્વિકલ્પ સમાધિરૂપ નિશ્ચયમાં સ્થિર થઈને (વ્યવહાર) ત્યાગવા યોગ્ય છે. અથવા તો ત્રિગુપ્તિ અવસ્થામાં વ્યવહાર સ્વયમેવ રહેતો નથી એવો તાત્પર્ય અર્થ છે.

આ પ્રકારે નિશ્ચયનય દ્વારા વ્યવહારનય નિષિદ્ધ છે એવું કથન કરવાવાળા છ ગાથા સૂત્રો દ્વારા પાંચમું સ્થળ પૂર્ણ થયું.

ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્યભગવાન ગાથા કહે છેઃ–

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**
**ત્યમ ' જ્ઞાની ' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

**ગાથાર્થઃ**-[ यथा ] જેમ [ स्फटिकमणिः ] **સ્ફટિકમણિ** [ शुद्धः ] **શુદ્ધ હોવાથી** [ रागाद्यैः ] રાગાદિરૂપે ( રતાશ–આદિરૂપે ) [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] **પરિણમતો નથી** [ तु ] **પરંતુ** [ अन्यैः रक्तादिभिः द्रव्यैः ] **અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે** [ सः ] તે [ रज्यते ] **રક્ત** ( – રાતો ) આદિ કરાય છે, [ एवं ] તેમ [ ज्ञानी ] **જ્ઞાની અર્થાત્ આત્મા** [ शुद्धः ] **શુદ્ધ હોવાથી** [ रागाधैः ] રાગાદિરૂપે [ स्वयं ] પોતાની મેળે [ न परिणमते ] **પરિણમતો નથી** [ तु ] **પરંતુ** [ अन्यैः रागादिभिः दोषैः ] **અન્ય રાગાદિ દોષો** વડે [ सः ] તે [ रज्यते ] રાગી આદિ કરાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૭૮ - ૨૭૯)**

ઉત્થાનિકા : હવે રાગાદિ વાસ્તવમાં કર્મબંધના કારણ કહ્યા છે. તે રાગાદિ ભાવોનું શું કારણ છે એવો પ્રશ્ન પૂછતા તેનો ઉત્તર કહે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે નિર્મળ સ્ફટિકમણી બાહ્ય ઉપાધિ સંયોગ વગર સ્વયં લાલ આદિ ભાવરૂપથી પરિણમિત નથી થતો. પછી જ (સંયોગ થતાં જ) તે રંગ રૂપ પરિણમન કરે છે.

(પ્રશ્ન) કોના દ્વારા ? (રંગરૂપ પરિણમે છે ?)

(ઉત્તર) જપા પુષ્પ આદિ બાહ્યરૂપ બીજા દ્રવ્યના દ્વારા (પરિણમે છે) આ પ્રકારે આ દૃષ્ટાંતથી જ્ઞાની શુદ્ધ હોતો થકો સ્વયં નિરૂપાધિ ચિત્ચમત્કાર સ્વભાવરૂપ પરિણમન કરે છે. જપા પુષ્પની

જગ્યાએ કર્મોદયરૂપ ઉપાધિ વગર રાગાદિ વિભાવરૂપથી પરિણમન નથી કરતો. બાદમાં (કર્મોદય ઉપાધિના સદ્ભાવમાં) સહજ સ્વચ્છભાવથી ચ્યુત થયો થકો તે જ જ્ઞાની રાગી થાય છે.

(પ્રશ્ન) કોના દ્વારા ? (રાગી થાય છે)

(ઉત્તર) અન્ય (જુદા) કર્મોદય નિમિત્તથી રાગાદિ દોષ પરિણામ દ્વારા (રાગી થાય છે)

આથી જણાય છે કે રાગાદિ ભાવ કર્મોદય જન્ય છે પરંતુ જ્ઞાની જીવ જન્ય નથી આ પ્રકારે સિદ્ધાંત થયો.

હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છેઃ–

**કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે,**
**જ્ઞાની સ્વયં કરતો નથી, તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.**

**ગાથાર્થઃ**- [ ज्ञानी ] જ્ઞાની [ रागद्वेषमोहं ] રાગદ્વેષમોહને [ वा कषायभावं ] કે કષાયભાવને [ स्वयम् ] પોતાની મેળે [ आत्मनः ] પોતામાં [ न च करोति ] કરતો નથી [ तेन ] તેથી [ सः ] તે, [ तेषां भावानाम् ] તે ભાવોનો [ कारकः न ] કારક અર્થાત્ કર્તા નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮૦)**

ઉત્થાનિકા : આ પ્રકારે ચિદાનંદ એક લક્ષણરૂપ સ્વસ્વભાવને જાણતો થકો જ્ઞાની રાગાદિ કરતો નથી તેથી નવીન રાગાદિની ઉત્પત્તિના કારણભૂત કર્મોનો કર્તા નથી થતો એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જ્ઞાની નથી કરતો.

(પ્રશ્ન) કોને ? (નથી કરતો)

(ઉત્તર) રાગાદિ દોષોથી રહિત એવા શુદ્ધ સ્વભાવથી જુદા રાગ, દ્વેષ, મોહને અથવા ક્રોધાદિ કષાયભાવને (જ્ઞાની નથી કરતો)

(પ્રશ્ન) કયા પ્રકારે નથી કરતો ?

(ઉત્તર) સ્વયં શુદ્ધાત્મ ભાવથી કર્મોદયને સહકારી કારણ વગર (નિમિત્ત કારણ વગર નથી કરતો)

(પ્રશ્ન) કોના સંબંધથી (કયા કારણથી) ?

(ઉત્તર) આત્માના સંબંધથી (આત્માના આશ્રયના કારણથી) આ કારણથી તે સમ્યગ્જ્ઞાની તે રાગાદિભાવોનો કર્તા નથી.

હવે આ અર્થની ગાથા કહે છેઃ–

**પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.**

**ગાથાર્થઃ**- [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં ( અર્થાત્ તેમનો ઉદય થતાં ) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો અજ્ઞાની [ रागादीन् ] રાગાદિકને [ पुनः अपि ] ફરીને પણ [ बध्नाति ] બાંધે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮૧)**

ઉત્થાનિકા : અજ્ઞાની જીવ શુદ્ધ સ્વભાવી આત્માને ન જાણતો રાગાદિ કરે છે એટલા માટે તે ભાવિ રાગાદિભાવ જનક નવીન કર્મોનો કર્તા થાય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : રાગ, દ્વેષ કષાયરૂપ દ્રવ્યકર્મોનો ઉદય થવા પર પોતાના સ્વભાવથી ચ્યુત થઈને તે ઉદયના નિમિત્તે જીવમાં રાગાદિભાવ પરિણામ થાય છે તે પ્રત્યયો વડે કરવામાં આવેલ રાગાદિ હું છું તે પ્રકારે અભેદરૂપથી હું છું એવી શ્રદ્ધા કરીને પરિણમન કરતો થકો (જીવ) ફરીથી ભાવિ રાગાદિરૂપ પરિણામોના ઉત્પાદક દ્રવ્યકર્મોને બાંધે છે એટલા માટે તે રાગાદિ પરિણામોનો અજ્ઞાની જીવ કર્તા હોય છે.

" તેથી આમ ઠર્યું ( અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું ) " એમ હવે કહે છેઃ-

**એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.**

**ગાથાર્થઃ**- [ रागे च द्वेषे च कषायकर्मसु च एव ] રાગ, દ્વેષ અને કષાયકર્મો હોતાં ( અર્થાત્ તેમનો ઉદય થતાં ) [ ये भावाः ] જે ભાવો થાય છે [ तैः तु ] તે-રૂપે [ परिणममानः ] પરિણમતો થકો [ चेतयिता ] આત્મા [ रागादीन् ] રાગાદિકને [ बध्नाति ] બાંધે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮૨)**

ઉત્થાનિકા : તે જ અર્થને દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વ ગાથામાં 'હું રાગાદિ છું' એવું અભેદરૂપથી પરિણમન કરતો થકો (જીવ) તે રાગાદિભાવોને ઉત્પન્ન કરવાવાળા નવા દ્રવ્યકર્મોને બાંધે છે એમ કહેવામાં આવ્યું હતું, પરંતુ ત્યાં શુદ્ધાત્મભાવનાના રહિતપણાના કારણે 'રાગ મારો છે' એવા પ્રકારના સંબંધરૂપથી પરિણમન કરતો થકો (જીવ) તે નવીન કર્મોને બાંધે છે, એટલું વિશેષ છે.

તેનો કંઈક વિસ્તાર આ પ્રકારે છે.

જ્યાં મોહ, રાગ, દ્વેષની વ્યાખ્યા કરવામાં આવે છે ત્યાં મોહ શબ્દથી દર્શનમોહ અર્થાત્ મિથ્યાત્વ આદિનું જનક-ઉત્પન્ન કરવાવાળું જાણવું જોઈએ. અને રાગદ્વેષ શબ્દથી ક્રોધાદિ કષાયને

ઉત્પન્ન કરવાવાળું ચારિત્રમોહ જાણવું જોઈએ.

અહીં શિષ્ય કહે છે મોહ શબ્દથી મિથ્યાત્વાદિનું જનક ઉત્પન્ન કરવાવાળું દર્શનમોહ છે એમાં દોષ નથી (પરંતુ) રાગદ્વેષ શબ્દથી ચારિત્રમોહ છે તે કેવી રીતે કહેવામાં આવે છે આવા પૂર્વપક્ષનું નિરાકરણ કરે છે કષાય વેદનીય નામક ચારિત્ર મોહનીયમાં ક્રોધ અને માન તો દ્વેષરૂપ છે, દ્વેષના ઉત્પાદક હોવાથી તથા માયા અને લોભ રાગરૂપ છે. રાગના ઉત્પાદક હોવાથી નોકષાય વેદનીય નામક ચારિત્ર મોહનીયમાં સ્ત્રીવેદ, પુરુષવેદ તથા નપુંસકવેદ આ ત્રણ તથા હાસ્ય, રતિ આદિ પાંચ નોકષાય રાગરૂપ છે કેમકે રાગના ઉત્પાદક છે અરતિ, શોક, ભય, જુગુપ્સા નામના ચાર નોકષાય દ્વેષરૂપ છે કેમકે તે દ્વેષના ઉત્પાદક છે. આ અભિપ્રાયથી મોહ શબ્દથી દર્શનમોહ-મિથ્યાત્વ કહેવામાં આવે છે તથા રાગદ્વેષ શબ્દથી ચારિત્ર મોહ (કહેવામાં આવે છે) એમ સર્વત્ર જાણવું જોઈએ. આ રીતે કર્મબંધનું કારણ રાગાદિ છે અને રાગાદિનું કારણ નિશ્ચયથી કર્મનો ઉદય છે પરંતુ જ્ઞાની જીવ નથી આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી સાતમા સ્થાનમાં પાંચ ગાથાઓ પૂરી થઈ.

હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે ? તેનું સમાધાન ( આગમનું પ્રમાણ આપીને ) કરે છેઃ–

**અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,**
**-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.**
**અણપ્રતિક્રમણ બે-દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,**
**-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.**
**અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,**
**આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.**

**ગાથાર્થઃ**-[ अप्रतिक्रमणं ] અપ્રતિક્રમણ [ द्विविधम् ] બે પ્રકારનું [ तथा एव ] તેમ જ [ अप्रत्याख्यानं ] અપ્રત્યાખ્યાન બે પ્રકારનું [ विज्ञेयम् ] જાણવું;– [ एतेन उपदेशेन च ] આ ઉપદેશથી [ चेतयिता ] આત્મા [ अकारकः वर्णितः ] અકારક વર્ણવવામાં આવ્યો છે. [ यावत् ] જ્યાં સુધી [ आत्मा ] આત્મા [ द्रव्यभावयोः ] દ્રવ્યનું અને ભાવનું [ अप्रतिक्रमणम् च अप्रत्याख्यानं ] અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન [ करोति ] કરે છે [ तावत् ] ત્યાં સુધી [ सः ] તે [ कर्ता भवति ] કર્તા થાય છે [ ज्ञातव्यः ] એમ જાણવું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮૩ થી ૨૮૫)**

ઉત્થાનિકા : હવે સમ્યક્જ્ઞાની જીવ રાગાદિનો અકારક કેવી રીતે છે એવો પ્રશ્ન થતાં તેનો

ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : પૂર્વકાળમાં અનુભવ કરેલ વિષયનો અનુભવ કરવારૂપ રાગાદિનું સ્મરણ કરવું એ અપ્રતિક્રમણ છે. તે બે પ્રકારનું છે. ભાવિકાળમાં થવાવાળા રાગાદિના વિષયોની આકાંક્ષારૂપ અપ્રત્યાખ્યાન પણ તે જ પ્રકારે બે પ્રકારનું જાણવું જોઈએ. આ પ્રકારનું પરમાગમના ઉપદેશથી (તેવું) જાણવું થાય છે.

(પ્રશ્ન) શું જાણવું થાય છે ?

(ઉત્તર) કે વાસ્તવમાં ચેતિયતા આત્મા બે પ્રકારના અપ્રતિક્રમણ તથા બે પ્રકારના અપ્રત્યાખ્યાનથી રહિતપણાને કારણે કર્મનો અકર્તા હોય છે.

દ્રવ્ય-ભાવરૂપથી અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન બે પ્રકારે હોયછે. તે જ બંધનું કારણ છે. એવો આગમનો ઉપદેશ છે. તે ઉપદેશથી જાણવાનું થાય છે.

(પ્રશ્ન) શું જાણવું થાય છે ?

(ઉત્તર) કે દ્રવ્ય અને ભાવરૂપ અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાનથી પરિણમિત અને શુદ્ધાત્માની ભાવનાથી ચ્યુત જે એવો અજ્ઞાની જીવ છે તે કર્મનો કર્તા છે. તેનાથી વિપરીત ચેતિયતા અર્થાત્ જ્ઞાની તેનો અકર્તા છે. આ જ અર્થને દૃઢ કરે છે. જેટલો કાળ દ્રવ્ય તથા ભાવરૂપ નિર્વિકાર સ્વસંવેદન લક્ષણરૂપ પ્રત્યાખ્યાન નથી તેટલો કાળ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ અપ્રતિક્રમણ કરે છે તેટલો કાળ પરમ સમાધિના અભાવને કારણે તે અજ્ઞાની જીવ કર્મોનો કર્તા થાય છે એમ જાણવું જોઈએ.

કંઈક વધુ કહે છે - અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનવાળા કર્મોના કર્તા (અજ્ઞાની) છે પરંતુ જ્ઞાની જીવ (કર્મોનો કર્તા) નથી જો જીવ જ કર્તા છે તો સદાય કર્તૃત્વ (નો પ્રસંગ) આવે છે.

(પ્રશ્ન) કયા કારણથી (સદા કર્તૃત્વનો પ્રસંગ આવે છે ?)

(ઉત્તર) કેમકે જીવ સદા જ વિદ્યમાન હોય છે.

રાગાદિ વિકલ્પરૂપ અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાન અનિત્ય છે અને તે સ્વસ્થભાવ આત્મ સ્થિરતાથી ચ્યુત થવાવાળા જીવને હોય છે પરંતુ તે કાયમ નથી હોતા.

(પ્રશ્ન) તેનાથી શું સિદ્ધ થયું ?

(ઉત્તર) (એમ કે) જ્યારે જીવ સ્વસ્થભાવથી ચ્યુત થયો થકો અપ્રતિક્રમણ તથા અપ્રત્યાખ્યાનરૂપ પરિણમન કરે છે ત્યારે કર્મોનો કર્તા છે. સ્વસ્થભાવમાં સ્થિત હોવા પર અકર્તા છે એમ ભાવાર્થ છે. આ પ્રકારે અજ્ઞાની જીવની પરિણતિરૂપ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બંધનું કારણ છે. પરંતુ જ્ઞાની જીવ બંધનો કર્તા નથી આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી આઠમા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે નિર્વિકલ્પ સમાધિરૂપ નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન રહિત જીવોનો જે બંધ

કહેવામાં આવેલ છે તે ત્યાગવા યોગ્ય. સંપૂર્ણ નરકાદિ દુઃખનું કારણ હોવાથી હેય છે. તે બંધના વિનાશનેમાટે વિશેષ ભાવના કરે છે.

હું સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવી છું, નિર્વિકલ્પ છું, ઉદાસીન છું. હું નિરંજન નિજ શુદ્ધાત્મ સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ નિશ્ચય રત્નાત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિમાત્ર લક્ષણથી સ્વસંવેદનજ્ઞાનથી સંવેદન (કરવા) યોગ્ય છું ગમ્ય યા પ્રાપ્ત કરવા યોગ્ય ભરિત (પરિપૂર્ણ) અવસ્થાવાળો (હું) છું.

હું રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ પંચેન્દ્રિય વિષય વ્યાપાર, મન, વચન કાય વ્યાપાર, ભાવકર્મ દ્રવ્યકર્મ નોકર્મ, ખ્યાતિ પૂજા લાભ દ્રષ્ટ શ્રુત,. અનુભૂત ભોગ આકાંક્ષારૂપ નિદાન માયા મિથ્યા, શલ્યત્રય વગેરે સર્વ વિભાવ પરિણામોથી (હું) રહીત શૂન્ય છું. ત્રણ લોક ત્રણકાળમાં પણ મન વચન કાયા કૃત કારિત, અનુમોદનથી શુદ્ધતાથી હું અને બધા જીવ આવી રીતે શુદ્ધ છીએ એવી ભાવના કરવી જોઈએ.

**તાત્પર્યવૃત્તિ વધારાની ગાથા ૨૫**

હવે આહાર ગ્રહણના વિષયમાં સરસ-નીરસ, માન, અપમાન આદિ ચિંતારૂપ રાગદ્વેષના કારણનો અભાવ હોવાથી આહાર ગ્રહણકૃત બંધ જ્ઞાનીને નથી હોતા એમ કહે છે.

ગાથાર્થ : અધઃકર્મ આદિ જે આ દોષ છે તે બીજાના દ્વારા કરવામાં-આવેલ બીજાનો ગુણ છે તો જ્ઞાની તેની અનુમોદના કેવી રીતે કરી શકે અર્થાત્ નથી કરી શકતો.

ટીકા : જ્ઞાની અધઃકર્મ આદિ દોષોની અનુમોદના કેવી રીતે કરી શકે ? અર્થાત્ ન કરી શકે આ પકારે બીજા ગાથાનો અર્થ છે. બીજા ગૃહસ્થ વડે કરાયેલ અધઃકર્માદિ દોષોની અનુમોદના જ્ઞાની કોઈ પણ રીતે નથી કરતો.

(પ્રશ્ન) કયા કારણથી નથી કરતો ?

(ઉત્તર) કેમકે નિર્વિકલ્પ સમાધિ હોવાથી તેને આહાર સંબંધી મન, વચન, કાય અને કૃત કારક અનુમોદનનો અભાવ હોય છે. આ પ્રકારે અધઃકર્મનું વ્યાખ્યાન કરવાવાળી બે ગાથા પૂરી થઈ.

**તાત્પર્યવૃત્તિ વધારાની ગાથા - ૨૬**

આ અધઃકર્મ તથા ઔદશિક પુદ્‌ગલદ્રવ્ય છે જે સદાય અચેતન કહેવામાં આવેલ છે તે મારા દ્વારા કરાયેલ કેવી રીતે હોય શકે ?

હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છેઃ-

**આધાકરમ ઇત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,**<br>
**તે કેમ ' જ્ઞાની ' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે ? ૨૮૬.**<br>
**ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,**<br>
**તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને ? ૨૮૭.**

**ગાથાર્થ:-** [ अधःकर्माद्याः ये इमे ] અધઃકર્મ આદિ જે આ [ पुद्गलद्रव्यस्य दोषाः ] પુદ્ગલદ્રવ્યના દોષો છે ( તેમને જ્ઞાની અર્થાત્ આત્મા કરતો નથી; ) [ तान् ] તેમને [ ज्ञानी ] જ્ઞાની અર્થાત્ આત્મા [ कथं करोति ] કેમ કરે [ ये तु ] કે જે [ नित्यम् ] સદા [ परद्रव्यगुणाः ] પરદ્રવ્યના ગુણો છે ?

માટે [ अधःकर्म उद्देशिक च ] અધઃકર્મ અને ઉદ્દેશિક [ इदं ] એવું આ [ पुद्गलमयम् द्रव्यं ] પુદ્ગલમય દ્રવ્ય છે ( તે મારું કર્યું થતું નથી; ) [ तत् ] તે [ मम कृतं ] મારું કર્યું [ कथं भवति ] કેમ થાય [ यत् ] કે જે [ नित्यम् ] સદા [ अचेतनम् उक्तम् ] અચેતન કહેવામાં આવ્યું છે ?

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮૬-૨૮૭)**

ઉત્થાનિકા : હવે આહાર ગ્રહણના વિષયમાં સરસ-વિરસ માન-અપમાન આદિ ચિંતારૂપ રાગદ્વેષના કારણનો અભાવ હોવાથી આહારગ્રહણ કૃત બંધ જ્ઞાનીઓને નથી હોતો એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : અધઃકર્મ આદિ પુદ્ગલદ્રવ્યના જે આ દોષ છે (તે) પર (પુદ્ગલ) ના ગુણ બીજાના દ્વારા કરવામાં આવેલ કેવી રીતે માની શકાય ? અર્થાત્ નહીં (માની શકાય)

સ્વયં પોતાના બનાવવાથી ઉત્પન્ન થયેલ આહાર અધઃ કર્મ શબ્દથી કહેવામાં આવે છે. તે સંબંધી વ્યાખ્યાન કરે છે. અધઃકર્મ આદિ જે આ દોષ છે. કેવા છે તે દોષ ? શુદ્ધાત્માથી ભિન્ન છે તથા આહારરૂપ પુદ્ગલદ્રવ્યના ગુણોથી અભિન્ન છે તો ફરી તે કેવી રીતે દોષ છે ? તે જ આહારરૂપ પુદ્ગલની પચન પાચન આદિ ક્રિયારૂપ (પરિણામ) થાય છે. એટલે નિશ્ચયથી જ્ઞાની તેને કેવી રીતે કરી શકે ? અર્થાત્ નથી કરી શકતો આ પ્રથમ ગાથાનો અર્થ થયો.

ઉત્થાનિકા : આહાર ગ્રહણ પહેલા તે પાત્રના નિમિત્તથી જો કંઈપણ ભોજન પાન આદિ સંપન્ન કરવામાં આવે છે. તેને ઔદેશિક કહેવામાં આવે છે. તે ઔદેશિક દોષની સાથે તે જ (અગાઉ કહેલ) અધઃ કર્મ દોષ બે ગાથાઓ દ્વારા ફરી કહેવામાં આવે છે.

તાત્પર્યવૃત્તિ : અધઃકર્મ તથા ઔદેશિક કર્મરૂપ આહાર પુદ્ગલદ્રવ્ય છે. તે મારા દ્વારા કરાયો છે એ કેવી રીતે કહી શકાય ? કે જે સદા અચેતન કહેવામાં આવેલ છે. જે અધઃ કર્મરૂપ અને ઔદેશકિરૂપ આહાર પુદ્ગલદ્રવ્ય છે. અને અધઃકર્મ તથા ઔદેશિક ચેતન શુદ્ધાત્મા દ્રવ્યથી જુદાપણાથી નિત્ય અચેતન જ કહેવામાં આવેલ છે. તે મારા દ્વારા કરવામાં આવ્યો અથવા કરાવવામાં આવ્યો તે કેવી રીતે થઈ શકે છે ? અર્થાત્ કોઈ પણ પ્રકારે નથી થઈ શકતો.

(પ્રશ્ન) કયા કારણથી (મારા દ્વારા કરાયેલ નથી ?)

(ઉત્તર) નિશ્ચય રત્નત્રય લક્ષણરૂપ ભેદજ્ઞાન હોવા પર આહારના વિષયમાં મન, વચન, કાય તથા કરવું કરાવવું અને અનુમોદનનો અભાવ હોવાથી (મારા દ્વારા કરાયો નથી)

આ પ્રકારે ઔદેશિક વ્યાખ્યાનની મુખ્યતાથી બે ગાથાઓ પૂરી થઈ. અહીં એવો અભિપ્રાય છે.

પછી (ભવિષ્યમાં) પૂર્વમાં (ભૂતકાળમાં) તથા વર્તમાનકાળમાં યોગ્ય આહારના વિષયમાં મન, વચન, કાયા, કૃત કારિત અનુમોદન રૂપ નવ વિકલ્પથી જે રહિત શુદ્ધ છે તે સમ્યક્‌જ્ઞાની જીવોને પરકૃત આહાર આદિના વિષયમાં બંધ નથી થતો અને જો પરકીય પરિણામથી બંધ થાય છે તો કોઈ પણ કાળે નિર્વાણ-મોક્ષ ન થઈ શકે, કહ્યું પણ છે કે :

નવ પ્રકારથી ભવિષ્ય, ભૂતકાળ અને વર્તમાનકાળમાં મન, વચન, કાય, કરવું, કરાવવું ને અનુમોદવારૂપથી જે શુદ્ધ છે (જ્ઞાની છે) એવો જીવ જો બીજાના સુખ-દુઃખને નિમિત્ત કરીને કર્મોને બાંધે છે તો કોઈને પણ નિર્વાણની પ્રાપ્તિ ન થાય. આ પ્રકારે જ્ઞાનીઓને આહાર ગ્રહણ કરવા છતાં બંધ નથી આ કથનની મુખ્યતાથી ચાર ગાથા સૂત્રો દ્વારા છઠ્ઠું સ્થળ પૂરું થયું.

આ પ્રકારે શ્રી જયસેનઆચાર્ય કૃત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળી તાત્પર્યવૃત્તિ નામક સમયસારની વ્યાખ્યામાં પૂર્વ કહેલ ક્રમથી મિથ્યાદૃષ્ટિ અને સમ્યક્‌દૃષ્ટિના કથન કરવાવાળી દશ ગાથાઓ. નિશ્ચય હિંસાના કથન કરવાવાળી સાત ગાથાઓ, નિશ્ચયથી રાગાદિ વિકલ્પ જ હિંસા છે એવા કથન કરવાવાળી છ ગાથાઓ, વ્રત, અવ્રત, પુણ્ય, પાપ બંધના કારણ છે એવા કથન કરવાવાળી પંદર ગાથાઓ. નિશ્ચયનયમાં રહીને વ્યવહાર છોડવા લાયક છે એવા કથનની મુખ્યતાથી છ ગાથાઓ પિંડ શુદ્ધિની મુખ્યતાથી ચાર ગાથાઓ નિશ્ચયનયથી રાગાદિ કર્મોદય જનિત છે તેવા કથનની મુખ્યતાથી પાંચ ગાથાઓ અને નિશ્ચયનયથી અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન બંધના કારણ છે તે કથન કરવાવાળી ત્રણ ગાથાઓ છે.

આવી રીતે ૫૬ ગાથાઓના સમુદાયમાં આઠ અંતર અધિકાર દ્વારા આઠમો બંધ અધિકાર પૂરો થયો.

卐

*પર્યાય ક્રમબદ્ધ થાય છે તેમ જાણવાનું તાત્પર્ય વીતરાગતા છે, ભગવાને દીઠું છે તેમ થશે તેનું તાત્પર્ય પણ વીતરાગતા છે. જે કાળે જે થાય તે કાળે તે જ તેનું પ્રાપ્ત કાર્ય છે. પરમાણુમાં જે કાળે જે કાર્ય થાય તે જ તેનું પ્રાપ્ત કાર્ય છે અને તે સંબંધીનું તે સમયે જ્ઞાન થાય તે જ્ઞાનનું પ્રાપ્ત કાર્ય છે. આમ જાણતાં જ્ઞાતા ઉપર દૃષ્ટિ જાય છે, અકર્તા થાય છે ને વીતરાગતા પ્રગટે છે-એ તેનું તાત્પર્ય છે.*

❖

*પ્રશ્ન :- એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવાનું કહો છો ?*

*ઉત્તર :- પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞનો પ્રાણ છે.*

*(આત્મધર્મ અંક-૪૪૦, જૂન-૧૯૮૦, પૃષ્ઠ ૩૦)*

# મોક્ષ અધિકાર

હવે, મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી–એમ કહે છેઃ–

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો, ૨૮૮.**
**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**
**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

**ગાથાર્થઃ-**[ यथा नाम ] જેવી રીતે [ बन्धनके ] બંધનમાં [ चिरकालप्रतिबद्धः ] ઘણા કાળથી બંધાયેલો [ कश्चित् पुरुषः ] કોઈ પુરુષ [ तस्य ] તે બંધનના [ तीव्रमन्दस्वभावं ] તીવ્ર–મંદ ( આકરા–ઢીલા ) સ્વભાવને [ कालं च ] અને કાળને ( અર્થાત્ આ બંધન આટલા કાળથી છે એમ ) [ विजानाति ] જાણે છે, [ यदि ] પરંતુ જો [ न अपि छेदं करोति ] તે બંધનને પોતે કાપતો નથી [ तेन न मुच्यते ] તો તેનાથી છૂટતો નથી [ तु ] અને [ बन्धनवशः सन् ] બંધનવશ રહેતો થકો [ बहुकेन अपि कालेन ] ઘણા કાળે પણ [ सः नरः ] તે પુરુષ [ विमोक्षम् न प्राप्नोति ] બંધનથી છૂટવારૂપ મોક્ષને પામતો નથી; [ इति ] તેવી રીતે જીવ [ कर्मबन्धनानां ] કર્મ–બંધનોનાં [ प्रदेशस्थितिप्रकृतिम् एवम् अनुभागम् ] પ્રદેશ, સ્થિતિ, પ્રકૃતિ તેમ જ અનુભાગને [ जानन् अपि ] જાણતાં છતાં પણ [ न मुच्यते ] ( કર્મબંધથી ) છૂટતો નથી, [ च यदि सः एव शुद्धः ] પરંતુ જો પોતે ( રાગાદિને દૂર કરી ) શુદ્ધ થાય [ मुच्यते ] તો જ છૂટે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૮૮ થી ૨૯૦)**

ઉત્થાનિકા : વિશિષ્ટ ભેદજ્ઞાનના અવલંબનથી બંધ અને આત્માનું પૃથક્કરણ મોક્ષ છે એવું પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારે કોઈ પુરુષ બંધનમાં ઘણાં સમયથી બંધાયેલો છે અને તે બંધનના તીવ્ર-મંદ સ્વભાવને જાણે છે અને દિવસ, મહિના આદિ કાળને જાણે છે-આ પ્રકારે પહેલી ગાથા થઈ.

જાણતો થકો પણ અગર (તે) બંધનો છેદ નથી કરતો, તો તે છૂટતો નથી. તેથી કર્મબંધથી વિશેષરૂપથી નહિ છૂટતો થકો પુરુષ ઘણા કાળમાં પણ મોક્ષને પ્રાપ્ત નથી કરતો. આ પ્રકારે બે ગાથાઓ દ્વારા દૃષ્ટાંત સમાપ્ત થયું.

હવે, આ પ્રકારે જ્ઞાનાવરણાદિ મૂળ-ઉત્તર પ્રકૃતિઓના ભેદવાળા કર્મબંધનોના પ્રદેશ, પ્રકૃતિ, સ્થિતિ અને અનુભાગને જાણતો થકો પણ (તે) કર્મોથી છૂટતો નથી. જ્યારે મિથ્યાત્વ, રાગાદિથી રહિત થાય છે, ત્યારે અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ પરમાત્મ સ્વભાવમાં સ્થિર થાય છે અને સર્વ કર્મબંધનોથી મુક્ત થાય છે. અથવા પાઠાંતર આ પ્રકારે છે. અને જો કર્મોથી છૂટે છે તો,

(પ્રશ્ન) શું કરે છે ?

(ઉત્તર) છેદે છે.

(પ્રશ્ન) કોને છેદે છે ?

(ઉત્તર) સર્વે કર્મબંધનોને છેદે છે. આ વ્યાખ્યાનથી જે પ્રકૃતિ આદિ બંધના પરિજ્ઞાન માત્રથી સંતોષાય છે તેમને સમજાવવામાં આવે છે.

(પ્રશ્ન) કયા પ્રકારે (સમજાવવામાં આવે છે) ?

(ઉત્તર) બંધના પરિજ્ઞાન માત્રથી, સ્વરૂપની ઉપલબ્ધિરૂપ વીતરાગ ચારિત્ર રહિત જીવોને સ્વર્ગાદિ સુખના નિમિત્તરૂપ પુણ્યબંધ થાય છે, પરંતુ મોક્ષ નથી થતો. આ પ્રકારે દ્રષ્ટાંત ગાથા પૂરી થઈ. આ વ્યાખ્યાનથી કર્મબંધના પ્રપંચની રચનાના વિષયના ચિંતનમાત્ર પરિજ્ઞાનથી જે સંતોષાય છે તેનું નિરાકરણ કરવામાં આવે છે.

બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છેઃ–

**બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધચિંતાથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.**

**ગાથાર્થઃ**-[ यथा ] જેમ [ बन्धनबद्धः ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી ( અર્થાત્ બંધથી છૂટતો નથી ), [ तथा ] તેમ [ जीवः अपि ] જીવ પણ [ बन्धान् चिन्तयन् ] બંધોના વિચાર કરવાથી [ विमोक्षम् न प्राप्नोति ] મોક્ષ પામતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૧)**

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારે બંધનથી બંધાયેલો કોઈ પુરુષ બંધનનું ચિંતન કરતો થકો મોક્ષ નથી પામતો, તે પ્રકારે જીવ પણ પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશબંધનું ચિંતન કરતો થકો નિજશુદ્ધાત્માની પ્રાપ્તિસ્વરૂપ મોક્ષ નથી પામતો.

આનું થોડું વિશેષ કહે છે :- સમસ્ત શુભ-અશુભ બાહ્ય દ્રવ્યના અવલંબનથી રહિત ચિદાનંદ એક શુદ્ધાત્માના અવલંબન સ્વરૂપ વીતરાગ ધર્મધ્યાન તથા શુકલધ્યાન રહિત જીવ, બંધ પ્રપંચ રચનાના ચિંતનરૂપ સરાગ ધર્મધ્યાનરૂપ શુભોપયોગથી સ્વર્ગાદિક સુખનું કારણ (એવું) પુણ્યબંધ

પ્રાપ્ત કરે છે પરંતુ મોક્ષ પ્રાપ્ત નથી કરતો, એવો ભાવાર્થ છે.

“ ( જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી ) તો મોક્ષનું કારણ કયું છે ? ” એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છેઃ–

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

**ગાથાર્થઃ**- [ यथा च ] જેમ [ बन्धनबद्धः तु ] બંધનથી બંધાયેલો પુરુષ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् प्राप्नोति ] મોક્ષ પામે છે, [ तथा च ] તેમ [ जीवः ] જીવ [ बन्धान् छित्वा ] બંધોને છેદીને [ विमोक्षम् सम्प्राप्नोति ] મોક્ષ પામે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૨)**

ઉત્થાનિકા : તો પછી મોક્ષનું કારણ કોણ છે ? આવો પ્રશ્ન થવાથી પ્રત્યુત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારે બંધનથી બંધાયેલો કોઈ પુરુષ દોરડીના બંધનને, સાંકળના બંધનને અથવા લાકડાની બેડીના બંધનને-કોઈપણ બંધનને-કોઈને છેદીને, કોઈને ભેદીને, કોઈને છોડીને પોતાના વિશેષ જ્ઞાન તથા પુરુષાર્થના બળથી મોક્ષ પ્રાપ્ત કરે છે, તે પ્રકારે જીવ પણ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનરૂપ શસ્ત્રથી બંધને છેદીને અથવા બે પ્રકારથી (જુદા) કરી, ભેદીને, વિદારણ કરીને અને છૂટીને નિજશુદ્ધાત્માની ઉપલબ્ધિ સ્વરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) અહીં શિષ્ય પૂછે છે કે પ્રાભૃત ગ્રંથમાં જે નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન કહેવામાં આવ્યું છે, તે ઘટિત નથી થતું ? કયા કારણથી ઘટિત નથી થતું એમ પુછવા પર કહે છે કે સત્તા અવલોકનરૂપ ચક્ષુ આદિ દર્શન જે પ્રકારે જૈનમતમાં નિર્વિકલ્પ કહેવામાં આવ્યા છે, તે પ્રકારે બૌદ્ધમતમાં જ્ઞાનને નિર્વિકલ્પ કહેવામાં આવ્યું છે. પરંતુ તે નિર્વિકલ્પ જ્ઞાન પણ વિકલ્પજનક છે. જૈનમતમાં તે જ્ઞાન વિકલ્પનું ઉત્પાદક નથી, પરંતુ સ્વરૂપથી જ જ્ઞાન સવિકલ્પ છે અને તે જ પ્રકારે સ્વપરપ્રકાશક છે.

(ઉત્તર) તેનું નિરાકરણ અથવા સમાધાન એ છે કે (જૈનમતમાં) જ્ઞાનને કથંચિત્ વિકલ્પરૂપ તથા કથંચિત્ નિર્વિકલ્પરૂપ કહ્યું છે.

તેનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે. જે પ્રકારે વિષયાનંદરૂપ સરાગ સ્વસંવેદન જ્ઞાન સરાગ સંવિતિ વિકલ્પરૂપથી સવિકલ્પ છે તો પણ શેષ અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પોનો સદ્‌ભાવ હોવા છતાં પણ તેની મુખ્યતા નથી, આ કારણથી (તે વિષયાનંદરૂપ સ્વસંવેદન) જ્ઞાનને નિર્વિકલ્પ પણ કહ્યું છે. તે પ્રકારે નિજ શુદ્ધાત્મા સંપત્તિ અનુભૂતિરૂપ વીતરાગ સ્વસંવેદન જ્ઞાન પણ સ્વસંવિતિ આકારવાળુ જ્ઞાન એક દ્રષ્ટિથી સવિકલ્પ પણ છે. ત્યાં બાહ્ય વિષયોના અનિચ્છિત સૂક્ષ્મ વિકલ્પોનો સદ્‌ભાવ હોવા છતાં પણ તેની મુખ્યતા નથી. આ કારણથી (સ્વશુદ્ધાત્માનુભૂતિ) નિર્વિકલ્પ પણ કહેવામાં આવી છે અને બુદ્ધિપૂર્વક સ્વસંવિતિરૂપ આકારનો જે અંતર્મુખ પ્રતિભાસ હોવા છતાં પણ બાહ્ય

વિષયોનો અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મવિકલ્પ પણ હોય છે, તે કારણથી જ્ઞાન સ્વ-પર પ્રકાશિત સિદ્ધ થાય છે. આ નિર્વિકલ્પ તથા સવિકલ્પ જ્ઞાનનું તથા તે પ્રકારે જ સ્વ-પર પ્રકાશક જ્ઞાનનું કથન સ્પષ્ટ સિદ્ધ છે. આનુ આગમ-અધ્યાત્મ-તર્કશાસ્ત્ર અનુસાર વિશેષ વ્યાખ્યાન કરવામાં આવે તો મહાન વિસ્તાર થાય અને તે વિસ્તાર કથન અધ્યાત્મશાસ્ત્ર હોવાથી નથી કર્યું. આ પ્રકારે મોક્ષપદાર્થના સંક્ષેપ સૂચન માટે પ્રથમ સ્થાનમાં સાત ગાથાઓ પૂરી થઈ.

આની પહેલી તથા બીજી પંક્તિમાં ''છેત્તૂણ''ના સ્થાન પર અનુક્રમે **''भेतूण एवं मुत्तणं''** પાઠ ભેદ છે. બાકી બધુ સમાન છે તેના આધાર પર આ ગાથાને જ આના પછીની બે ગાથાઓમાં પાઠ ભેદના રૂપમાં પ્રસ્તુત કરેલ છે. આ બે ગાથાઓ આત્મખ્યાતિમાં નથી પરંતુ કોઈ તાત્પર્યવૃત્તિમાં છે. અને કોઈકમાં નથી.

'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ–

**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો ! ૨૯૩.**

**ગાથાર્થઃ-** [ बन्धानां स्वभावं च ] બંધોના સ્વભાવને [ आत्मनः स्वभावं च ] અને આત્માના સ્વભાવને [ विज्ञाय ] જાણીને [ बन्धेषु ] બંધો પ્રત્યે [ यः ] જે [ विरज्यते ] વિરક્ત થાય છે, [ सः ] તે [ कर्मविमोक्षणं करोति ] કર્મોથી મુકાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૩)**

ઉત્થાનિકા : હવે શું આ જ મોક્ષમાર્ગ છે ? આ પ્રશ્નનો ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવબંધનો સ્વભાવ જાણીને,

(પ્રશ્ન) કેવો જાણીને ?

(ઉત્તર) હેયતત્ત્વ તથા ઉપાદેયતત્ત્વના વિષયમાં વિપરીત અભિનિવેશ થવો તેને મિથ્યાત્વ કહ્યું છે અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ઈષ્ટ અનિષ્ટ પણાનો ભાવ થવો તે રાગાદિનો સ્વભાવ જાણીને ન કેવળ બંધનું સ્વરૂપ જાણીને પરંતુ અનંત જ્ઞાનાદિ સ્વરૂપ શુદ્ધાત્માનો સ્વભાવ જાણીને દ્રવ્યબંધના કારણભૂત (એવા) મિથ્યાત્વરાગાદિ ભાવબંધનમાં નિર્વિકલ્પ સમાધિના બળથી જે રંજાયમાન (મલિન) નથી થતો તે કર્મનો નાશ કરે છે.

'આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ કયા સાધન વડે જાુદા કરી શકાય છે)?' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છેઃ–

**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જાુદા પડી જાય છે. ૨૯૪.**

**ગાથાર્થ**:- [ जीवः च तथा बन्धः ] **જીવ તથા બંધ** [ नियताभ्याम् स्वलक्षणाभ्या ] **નિયત સ્વલક્ષણોથી ( પોતપોતાનાં નિશ્ચિત લક્ષણોથી )** [ छिद्येते ] **છેદાય છે;** [ प्रज्ञाछेदनकेन ] **પ્રજ્ઞારૂપી છીણી વડે** [ छिन्नौ तु ] **છેદવામાં આવતાં** [ नानात्वम् आपन्नौ ] **તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૪)**

ઉત્થાનિકા : હવે શું કરતાં આત્મા અને બંધ જુદા થાય છે ? આ પ્રશ્નના ઉત્તરમાં કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારે જીવ, તે પ્રકારે બંધ-આ બંને છેદવામાં આવે છે કે પૃથક કરવામાં આવે છે.

(પ્રશ્ન) કોના દ્વારા (જુદા કરવામાં આવે છે) ?

(ઉત્તર) પોત પોતાના લક્ષણો દ્વારા (જુદા કરવામાં આવે છે) પ્રજ્ઞાછીણીરૂપ એક લક્ષણ જેનું છે એવા ભેદજ્ઞાન દ્વારા અલગ કરાતા (તેઓ, આત્મા અને બંધ) ભિન્નપણાને પ્રાપ્ત થાય છે. આનો વિચાર આ પ્રકારે છે-જીવનું લક્ષણ શુદ્ધ ચૈતન્ય છે, બંધનું લક્ષણ મિથ્યાત્વ રાગાદિ છે, તેઓને જુદા કરવામાં આવે છે.

(પ્રશ્ન) કોના દ્વારા (જુદા કરવામાં આવે છે) ?

(ઉત્તર) પ્રજ્ઞાછીણીરૂપ સાધન દ્વારા (જુદા કરવામા આવે છે). શુદ્ધાત્માનુભૂતિલક્ષણવાળા ભેદજ્ઞાનરૂપી છરી અથવા છીણીથી (જુદા કરવામાં આવે છે) જુદા થયા થકા તેઓ ભિન્નપણાને પ્રાપ્ત થાય છે.

'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું' એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :–

**જીવ-બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,**
**ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.**

**ગાથાર્થ**:- [ तथा ] **એ રીતે** [ जीवः बन्धः च ] **જીવ અને બંધ** [ नियताभ्याम् स्वलक्षणाभ्यां ] **તેમનાં નિશ્ચિત સ્વલક્ષણોથી** [ छिद्येते ] **છેદાય છે.** [ बन्धः ] **ત્યાં, બંધને** [ छेत्तव्यः ] **છેદવો અર્થાત્ છોડવો** [ च ] **અને** [ शुद्धः आत्मा ] **શુદ્ધ આત્માને** [ गृहीतव्यः ] **ગ્રહણ કરવો.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૫)**

ઉત્થાનિકા : આત્મા અને બંધને જુદા કરવામાં શું સાધ્ય છે ? આ પ્રશ્નનો ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : જીવ અને બંધ પહેલા કહ્યા અનુસાર પોત પોતાના લક્ષણ વડે જુદા કરવા જોઈએ.

(પ્રશ્ન) તેને જુદા કરવાથી શું સાધ્ય છે ?

(ઉત્તર) વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવરૂપ પરમાત્મતત્ત્વનું સમ્યક્શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ આચરણરૂપ નિશ્ચય રત્નાત્રયાત્મક ભેદજ્ઞાનરૂપી છીણીથી મિથ્યાત્વ રાગાદિરૂપ બંધ છેદવો જોઈએ અથવા બંધને શુદ્ધાત્માથી જુદો કરવો જોઈએ ને વીતરાગ સહજ પરમાનંદ લક્ષણવાળા સુખ સમરસી ભાવથી શુદ્ધાત્માને ગ્રહણ કરવો જોઈએ એવો આશય છે.

('આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય ?'–એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છેઃ–

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે;**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.**

**ગાથાર્થઃ-** (શિષ્ય પૂછે છે કે–) [ सः आत्मा ] તે (શુદ્ધ) આત્મા [ कथं ] કઈ રીતે [ गृह्यते ] ગ્રહણ કરાય ? (આચાર્યભગવાન ઉત્તર આપે છે કે–) [ प्रज्ञया तु ] પ્રજ્ઞા વડે [ सः आत्मा ] તે (શુદ્ધ) આત્મા [ गृह्यते ] ગ્રહણ કરાય છે. [ यथा ] જેમ [ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ विभक्तः ] ભિન્ન કર્યો, [ तथा ] તેમ [ प्रज्ञया एव ] પ્રજ્ઞા વડે જ [ गृहीतव्यः ] ગ્રહણ કરવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૬)**

ઉત્થાનિકા : આત્મા અને બંધને જુદા કરવામાં પ્રયોજન આ છે કે બંધનો ત્યાગ કરીને શુદ્ધાત્માનું ગ્રહણ કરવું જોઈએ, એવો ઉપદેશ આપે છે.

તાત્પર્યવૃત્તિ : અમૂર્ત હોવાના કારણે આત્મા દૃષ્ટિનો (નેત્રનો) વિષય નથી, તો પછી તે કેવી રીતે ગ્રહણ કરવામાં આવે ? એવો પ્રશ્ન છે. પ્રજ્ઞાથી અથવા ભેદજ્ઞાનથી (તેને) ગ્રહણ કરવામાં આવે છે, આ ઉત્તર છે.

(પ્રશ્ન) કેવી રીતે ગ્રહણ કરવામાં આવે છે ?

(ઉત્તર) જે પ્રકારે પૂર્વ ગાથાસૂત્રમાં (જે) બુદ્ધિ દ્વારા (આત્મા) વિભક્ત કરવામાં આવ્યો છે અથવા (પ્રજ્ઞાથી) રાગાદિથી જુદો કરવામાં આવ્યો છે, તે પ્રજ્ઞા અથવા ભેદજ્ઞાન દ્વારા ગ્રહણ કરવામાં આવવો જોઈએ,

અહીં પ્રશ્ન છે (કે) શુદ્ધાત્મા શેના દ્વારા ગ્રહણ કરવો જોઈએ ?

(ઉત્તર) પ્રજ્ઞા દ્વારા જ આ શુદ્ધાત્માનું ગ્રહણ કરવુ જોઈએ. શુદ્ધાત્માનું ગ્રહણ કરતા થકા (પ્રજ્ઞા દ્વારા) શુદ્ધ આત્માના વિભાજનની જેમ પ્રજ્ઞારૂપ એ જ સાધનથી (ગ્રહણ કરવો જોઈએ). તેથી જે પ્રકારથી પ્રજ્ઞાથી વિભક્ત કરવામાં આવ્યો છે, તે જ પ્રકારથી પ્રજ્ઞાથી જ ગ્રહણ કરવો જોઈએ, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઈને અનુભવ કરવો જોઈએ-એવો આશય છે. આ પ્રકારે

સામાન્ય ભેદજ્ઞાનની મુખ્યતાથી બીજા સ્થાનમાં ચાર ગાથાઓ પૂરી થઈ.

હવે પુછે છે કે–આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો ? તેનો ઉત્તર કહે છેઃ–

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

**ગાથાર્થઃ**-[ प्रज्ञया ] પ્રજ્ઞા વડે [ गृहीतव्यः ] ( આત્માને ) એમ ગ્રહણ કરવો કે– [ यः चेतयिता ] જે ચેતનારો છે [ सः तु ] તે [ निश्चयतः ] નિશ્ચયથી [ अहं ] હું છું, [ अवशेषाः ] બાકીના [ ये भावाः ] જે ભાવો છે [ ते ] તે [ मम पराः ] મારાથી પર છે [ इति ज्ञातव्यः ] એમ જાણવું.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૭)**

ઉત્થાનિકા : આત્મા પ્રજ્ઞા દ્વારા કેવી રીતે ગ્રહણ કરવો જોઈએ ? આ પ્રશ્નનો ઉત્તર આપે છે.

તાત્પર્યવૃત્તિ : પ્રજ્ઞા અર્થાત્ સ્વસંવેદન જ્ઞાન દ્વારા (આત્મા) ગ્રહણ કરવો જોઈએ. અથવા પરમસમરસી ભાવથી અનુભવ કરવા યોગ્ય છે. તે ચેતયિતા શુદ્ધાત્મા છે નિશ્ચયથી તે જ હું છું. અવશેષ જે મિથ્યાત્વ રાગાદિભાવ છે, તેઓ મારા સંબંધપણાથી પર છે અથવા પરસ્વરૂપ છે એમ જાણવું જોઈએ.

(પ્રશ્ન) પરસ્વરૂપનો શું અર્થ છે ?

(ઉત્તર) હું કર્તા અને રાગાદિથી ભિન્ન કર્મપણાને પ્રાપ્ત આત્માને આત્માના સાધન દ્વારા, આત્માના નિમિત્તે, આત્માની સાથે આત્મામાં સ્થિત-આ પ્રકારે ષટ્કારક વિકલ્પરૂપથી સંચેતન કરું છું અથવા સવિકલ્પ અવસ્થામાં અનુભવ કરું છું. નિર્વિકલ્પ અવસ્થામાં સમસ્ત ક્રિયાકારક વિકલ્પ રહિત ચિન્માત્ર અનુભવ કરવા યોગ્ય છે-એમ અર્થ છે.

હવે પછીની ગાથાઓમાં દૃષ્ટાનો તથા જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાન વિશેષોનું ઉલ્લંઘન નથી કરતી. અહીંયા પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવીને ત્યારબાદ અભેદ અનુભવની અપેક્ષાથી કારકભેદને દૂર કરાવીને દ્રષ્ટાજ્ઞાતા માત્રનો અનુભવ કરાવ્યો છે.

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છેઃ–

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**

**ગાથાર્થઃ**- [ प्रज्ञया ] **પ્રજ્ઞા** વડે [ गृहीतव्यः ] **એમ ગ્રહણ કરવો કે**– [ यः द्रष्टा ] **જે દેખનારો છે** [ सः तु ] **તે** [ निश्चयतः ] **નિશ્ચયથી** [ अहम् ] **હું છું,** [ अवशेषाः ] **બાકીના** [ ये भावाः ] **જે ભાવો છે** [ ते ] **તે** [ मम पराः ] **મારાથી પર છે** [ इति ज्ञातव्याः ] **એમ જાણવું.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૨૯૮-૨૯૯)**

તાત્પર્યવૃત્તિ : પ્રજ્ઞા-સ્વસંવેદન જ્ઞાન દ્વારા જે ચેતન સ્વરૂપ આત્મા છે તેને ગ્રહણ કરવો જોઈએ-પ્રાપ્ત કરવો જોઈએ.

(પ્રશ્ન) કેવો આત્મા (ગ્રહણ-પ્રાપ્ત કરવો જોઈએ) ?

(ઉત્તર) જે જ્ઞાતા દષ્ટારૂપ, નિર્વિકાર પરમાનંદ એક લક્ષણરૂપ સુખની પ્રાપ્તિરૂપ છે એવો આત્મા નિશ્ચયથી હું છું (એવા આત્માનું ગ્રહણ કરવું જોઈએ) એ આત્મામાં જે રાગાદિ વિભાવ પરિણામ છે તે ચિદાનંદ એક સ્વભાવમય મારી અપેક્ષા પર છે, એમ જાણવું જોઈએ.

(પ્રશ્ન) અહીં શિષ્ય કહે છે-ચેતનાના જ્ઞાન દર્શન ભેદ નથી, (તો) એક જ ચેતના જ્ઞાન તથા દર્શન રૂપ બે પ્રકારે કેવી રીતે ઘટિત થાય છે ?

(ઉત્તર) અહીં પૂર્વપક્ષનું નિરાકરણ કરે છે. સામાન્યનું ગ્રાહક દર્શન છે તથા વિશેષનું ગ્રાહક જ્ઞાન છે. અને સામાન્ય વિશેષાત્મક આત્મવસ્તુ છે. સામાન્ય વિશેષ સ્વભાવનો અભાવ થવાથી ચેતનાનો જ અભાવ થશે. ચેતનાનો સ્વભાવ થવાથી આત્માનું જડપણું થશે અને તેનાથી ચેતના લક્ષણ (રૂપ) વિશેષ ગુણનો પણ અભાવ થવાથી આત્માનો અભાવ થશે. (પણ વાસ્તવમાં) આત્માનું જડપણું જોવામાં નથી આવતું અને અભાવ પણ નથી જોવામાં આવતો. તેથી પ્રત્યક્ષ વિરોધ પ્રાપ્ત થાય છે. આથી સિદ્ધ થયું કે જો કે અભેદનયથી ચેતના એકરૂપ છે તો પણ ભેદનયથી સામાન્ય વિશેષાત્મક દર્શનજ્ઞાનરૂપ હોય છે. આ અભિપ્રાય છે.

<u>ટીપ :</u> ઉપરોક્ત તાત્પર્યવૃત્તિ ટીકાનો અર્થ આવૃત્તિ નં.૨ સન-૧૯૮૭ જબલપુરના આધારે છે. પરંતુ તાત્પર્યવૃત્તિની અન્ય આવૃત્તિમાં (સોલાપુર સન-૨૦૦૦) આત્મખ્યાતિ ટીકા ૨૯૮-૨૯૯ ની જ પુનરાવૃત્તિ કરવામાં આવી છે.

હવે આ ઉપદેશની ગાથા કહે છેઃ–

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની ‘ મારું આ ’ એવું વચન બોલે ખરે ? ૩૦૦.**

**ગાથાર્થઃ**-[ सर्वान् भावान् ] **સર્વ ભાવોને** [ परकीयान् ] **પારકા** [ ज्ञात्वा ] **જાણીને** [ कः नाम बुधः ] **કોણ જ્ઞાની,** [ आत्मानम् ] **પોતાને** [ शुद्धम् ] **શુદ્ધ** [ जानम् ] **જાણતો થકો,** [ इदम् मम ] **‘ આ મારું છે ’** ( –‘ આ ભાવો મારા છે ’ ) [ इति च वचनम् ] **એવું વચન** [ भणेत् ] **બોલે ?**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦૦)**

ઉત્થાનિકા : હવે શુદ્ધ બુદ્ધ એકસ્વભાવવાળા પરમાત્માનો શુદ્ધચિદ્રુપ એક જ ભાવ છે અને (તે આત્માનો) રાગાદિ ભાવ નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : કોણ જ્ઞાની એવું કહેશે ?

અહો સ્પષ્ટ (છે કે) કોઈ પણ બુદ્ધિમાન જ્ઞાની-વિવેકી એવું નહીં કહે.

(પ્રશ્ન) શું નહીં કહે ?

(ઉત્તર) આ પરભાવ મારા છે એવું વચન નહીં કહે.

(પ્રશ્ન) શું કરીને આવુ નહીં કહે ?

(ઉત્તર) નિર્મળ આત્માનુભૂતિ લક્ષણવાળા ભેદજ્ઞાનથી જાણીને આવું નહીં કહે.

(પ્રશ્ન) કોને જાણીને આવું નહીં કહે ?

(ઉત્તર) સર્વ મિથ્યાત્વ રાગાદિ વિભાવભાવોને પર જાણીને એવું નહીં કહે.

(પ્રશ્ન) મિથ્યાત્વ રાગાદિ ભાવોને કેવી રીતે જાણીને નહીં કહે ?

(ઉત્તર) મિથ્યાત્વાદિ રાગાદિ ભાવોને શુદ્ધાત્મ સ્વભાવથી ભિન્ન, પર, કર્મોદયજિનત જાણીને મારા છે એમ નહીં કહે.

(પ્રશ્ન) શું કરતો થકો તેને મારા છે એમ નહીં કહે ?

(ઉત્તર) શુદ્ધાત્માને જાણતો થકો અથવા પરમ સમરસી ભાવથી અનુભવ કરતો થકો તેમને મારા છે એમ નહીં કહે.

(પ્રશ્ન) કયા પ્રકારના આમાને જાણતો થકો એમ નહીં કહે ?

(ઉત્તર) દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત શુદ્ધઆત્માને જાણતો થકો એમ નહીં કહે ?

(પ્રશ્ન) શું કરીને જાણતો થકો ?

(ઉત્તર) શુદ્ધાત્મભાવના પરિણત અભેદ રત્નત્રય લક્ષણરૂપ ભેદજ્ઞાનથી (આત્માને શુદ્ધ સ્વભાવરૂપ) જાણતો થકો (તે મિથ્યાત્વાદિ ભાવો મારા છે, એમ નથી કહેતા) આ પ્રકારે વિશેષ ભેદ ભાવનાની મુખ્યતાથી ત્રીજા સ્થાનમાં પાંચ ગાથાઓ પૂરી થઈ.

હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છેઃ–

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંક્તિ ફરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.**
**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.**

**ત્યમ આતમા અપરાધી ' હું બંધાઉં ' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ ' નહિ બંધાઉં ' એમ નિઃશંક છે. ૩૦૩.**

**ગાથાર્થઃ-** [ यः ] જે પુરુષ [ स्तेयादीन् अपराधान् ] ચોરી આદિ અપરાધો [ करोति ] કરે છે [ सः तु ] તે '[ जने विचरन् ] લોકમાં ફરતાં [ मा ] રખે [ केन अपि ] મને કોઈ [ चौरः इति ] ચોર જાણીને [ बध्ये ] બાંધશે–પકડશે ' એમ [ शङ्कितः भ्रमति ] શંકિત ફરે છે; [ यः ] જે પુરુષ [ अपराधान् ] અપરાધ [ न करोति ] કરતો નથી [ सः तु ] તે [ जनपदे ] લોકમાં [ निरशङ्कः भ्रमति ] નિઃશંક ફરે છે, [ यद् ] કારણ કે [ तस्य ] તેને [ बद्धुं चिन्ता ] બંધાવાની ચિંતા [ कदाचित् अपि ] કદાપિ [ न उत्पद्यते ] ઊપજતી નથી. [ एवम् ] એવી રીતે [ चेतयिता ] અપરાધી આત્મા '[ सापराधः अस्मि ] હું અપરાધી છું [ बध्ये तु अहम् ] તેથી હું બંધાઈશ ' એમ [ शङ्कितः ] શંકિત હોય છે, [ यदि पुनः ] અને જો [ निरपराधः ] નિરપરાધી ( આત્મા ) હોય તો '[ अहं न बध्ये ] હું નહિ બંધાઉં ' એમ [ निरशङ्कः ] નિઃશંક હોય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦૧ થી ૩૦૩)**

ઉત્થાનિકા : હવે, મિથ્યાત્વ રાગાદિ પરભાવોનો (સ્વભાવરૂપથી) સ્વીકાર કરવાથી જીવ કર્મોથી બંધાય છે અને વીતરાગ પરમ ચૈતન્ય લક્ષણરૂપ સ્વસ્વભાવનો સ્વીકાર કરવાથી જીવ મુક્ત થાય છે એમ બતાવે છે.

તાત્પર્યવૃત્તિ : જે પુરુષ ચોરી, પરસ્ત્રીગમન વિ. અપરાધ કરે છે તે પુરુષ શંકિત હોય છે.

(પ્રશ્ન) કયા રૂપમાં (શંકિત હોય છે) ?

(ઉત્તર) લોકોમાં ફરતાં કોઈ કોટવાળ વિ. દ્વારા બાંધવામાં ન આવી જઉ.

(પ્રશ્ન) કયા કારણથી (બાંધવામાં ન આવી જઉ) ?

(ઉત્તર) "આ ચોર છે" એમ માનીને. આ પ્રકારે અન્વય દૃષ્ટાંત ગાથા પૂરી થઈ.

જે ચોરી પરસ્ત્રી આદિ ગમનરૂપ અપરાધ નથી કરતો તે નગરમાં, લોકમાં નિશંકરૂપથી ભ્રમણ કરે છે તેને ક્યારેય ચિંતા ઉત્પન્ન થતી નથી કેમકે તે નિરપરાધ છે.

(પ્રશ્ન) કયા રૂપથી ચિંતા ઉત્પન્ન થતી નથી ?

(ઉત્તર) "ચોર" માનીને કોઈ પણ વ્યક્તિ દ્વારા હું નહી બંધાઉ. આ પ્રકારે વ્યતિરેક દ્રષ્ટાંત ગાથા થઈ.

જે જીવ રાગાદિ પરદ્રવ્યોનું ગ્રહણ-સ્વીકાર કરે છે તે સ્વ સ્વભાવથી ચ્યુત થઈને સાપરાધી થાય છે. અપરાધી અહીં શંકિત હોય છે.

(પ્રશ્ન) કયા રૂપે શંકિત હોય છે ?

(ઉત્તર) હું જ્ઞાનાવરણાદિ કર્મો દ્વારા બંધાઈશ ત્યારે તે કર્મબંધથી ભયભીત થઈને પ્રાયશ્ચિત,

પ્રતિક્રમણરૂપ દંડ લ્યે છે. પરંતુ જે નિરપરાધી હોય છે તે દ્રષ્ટ શ્રુત અનુભૂત ભોગાકાંક્ષારૂપ નિદાનબંધ રૂપ સમસ્ત વિભાવ પરિણામથી રહિત થઈને નિશંક હોય છે.

(પ્રશ્ન) કયા રૂપમાં નિશંક હોય છે ?

(ઉત્તર) રાગાદિ અપરાધ રહિત હોવાને કારણે હું કોઈ પણ કર્મ દ્વારા નહી બંધાઉ એટલા માટે તે પ્રતિક્રમણ આદિ દંડ વગર પણ અનંત જ્ઞાનાદિમય નિર્મળ પરમાત્મ ભાવનાથી શુદ્ધ થઈ જાય છે. આવી રીતે અન્વય વ્યતિરેકવાળી દ્રાષ્ટાંત ગાથા પૂરી થઈ.

હવે પૂછે છે કે આ ' અપરાધ ' એટલે શું ? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છેઃ–

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.**

**ગાથાર્થઃ**- [ संसिद्धिराधसिद्धम् ] સંસિદ્ધિ, * રાધ, સિદ્ધ, [ साधितम् आराधितं च ] સાધિત અને આરાધિત– [ एकार्थम् ] એ શબ્દો એકાર્થ છે; [ यः खलु चेतयिता ] જે આત્મા [ अपगतराधः ] ' અપગતરાધ ' અર્થાત્ રાધથી રહિત છે [ सः ] તે આત્મા [ अपराधः ] અપરાધ [ भवति ] છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦૪)**

ઉત્થાનિકા : હવે, આ અપરાધ શું છે ? એમ પૂછે છે.

તાત્પર્યવૃત્તિ : ત્રણેય કાળવર્તી સમસ્ત મિથ્યાત્વ, વિષય, કષાય આદિ વિભાવ પરિણામોથી રહિતપણા દ્વારા, નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત રહીને નિજશુદ્ધાત્માની આરાધના અથવા સેવના રાધ છે, એમ કહેવામાં આવે છે. સંસિદ્ધિ, સિદ્ધિ, સાધિત તથા આરાધિત આ બધા ''રાધ'' શબ્દના પર્યાયવાચી છે. અપગત અર્થાત્ વિનષ્ટ થઈ છે રાધ અથવા શુદ્ધાત્માની આરાધના જે પુરુષની, તે પુરુષ જ અભેદથી સાપરાધ હોય છે. અથવા અપગત કે વિનષ્ટ થઈ છે રાધ અર્થાત્ શુદ્ધાત્માની આરાધના જેની તે રાગાદિ વિભાવ પરિણામજ અપરાધ છે. તે અપરાધ સહિત વર્તમાન પુરુષ છે, તે સાપરાધ છે અને તેનાથી વિપરીત જે ચેતયિતા આત્મા ત્રિગુપ્તિ સમાધિમાં સ્થિર હોય છે, તે નિરપરાધ છે.

<u>ટીપ :</u> નીચેનો પેરેગ્રાફ આત્મખ્યાતિ ટીકાની પુનરાવૃ િરૂપ છે.

હવે શિષ્ય કહે છે. હે ભગવાન ! આ શુદ્ધાત્માની આરાધનાના પ્રયાસથી શું પ્રયોજન છે ? કારણ કે પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનથી જ આત્મા નિપરાધ થાય છે.

(પ્રશ્ન) કયા કારણ થી (આત્મા નિરપરાધ થાય છે) ?

(ઉત્તર) કારણ કે સાપરાધીના જે અપ્રતિક્રમણ વિ. છે તે દોષ શબ્દથી વાચ્ય અપરાધને નષ્ટ

નહીં કરવાવાળા હોવાથી વિષકુંભરૂપ હોવાથી તથા પ્રતિક્રમણ વિ. દોષ શબ્દથી વાચ્ય અપરાધના વિનાશકપણાના કારણે અમૃતકુંભ છે. આ પ્રકારે ચિરંતન પ્રાયશ્ચિત ગ્રંથમાં કહ્યું છે (કે) અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ એવા આઠ પ્રકારના દોષોનું પ્રાયશ્ચિત ન કરવું તે વિષકુંભ છે તથા પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ-આ પ્રકારે દોષોનું પ્રાયશ્ચિત કરવું તે અમૃતકુંભ છે.

**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંક્તિ હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો ' હું ' આત્મને. ૩૦૫.**

[ पुन: ] વળી [ य: चेतयिता ] જે આત્મા [ निरपराध: ] નિરપરાધ છે [ स: तु ] તે [ निरशङ्कित: भवति ] નિઃશંક હોય છે; [ अहम् इति जानन् ] ' શુદ્ધ આત્મા તે જ હું છું ' એમ જાણતો થકો [ आराधनया ] આરાધનાથી [ नित्यं वर्तते ] સદા વર્તે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦૫)**

ઉત્થાનિકા : અજ્ઞાની જીવ અપરાધ સહિત સશંકિત થયો થકો કર્મફળને તન્મય થઈને ભોગવે છે. પરંતુ જે જ્ઞાની નિપરાધ છે તે કર્મોદય હોવા પર શું કરે છે-તે કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે આત્મા જ્ઞાની જીવ છે, તે નિરપરાધી થયો થકો પરમાત્માની આરાધનાના વિષયમાં નિશંક હોય છે.

(પ્રશ્ન) તે જ્ઞાની નિશંક થઈને શું કરે છે ?

(ઉત્તર) તે જ્ઞાની નિર્દોષ પરમાત્માની આરાધના દ્વારા હંમેશા વર્તન કરે છે.

(પ્રશ્ન) શું કરતો થકો (હંમેશા આરાધના દ્વારા વર્તન કરે છે) ?

(ઉત્તર) ''હું અનંતજ્ઞાનાદિરૂપ છું'' એ પ્રકારે નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત થઈને શુદ્ધાત્માને સમ્યૂરૂપથી જાણતો થકો પરમ-સમરસી ભાવથી અનુભવ કરે છે.

**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.**

**ગાથાર્થઃ**-[ प्रतिक्रमणम् ] પ્રતિક્રમણ, [ प्रतिसरणम् ] પ્રતિસરણ, [ परिहार: ] પરિહાર, [ धारणा ] ધારણા, [ निवृत्ति: ] નિવૃત્તિ, [ निन्दा ] નિંદા, [ गर्हा ] ગર્હા [ च शुद्धि: ] અને શુદ્ધિ– [ अष्टविध: ] એ આઠ પ્રકારનો [ विषकुम्भ: ] વિષકુંભ [ भवति ] છે ( કારણ કે એમાં કર્તાપણાની

બુદ્ધિ સંભવે છે ). [ अप्रतिक्रमणम् ] **અપ્રતિક્રમણ,** [ अप्रतिसरणम् ] **અપ્રતિસરણ,** [ अपरिहारः ] **અપરિહાર,** [ अधारणा ] **અધારણા,** [ अनिवृत्तिः च ] **અનિવૃત્તિ,** [ अनिन्दा ] **અનિંદા,** [ अगर्हा ] **અગર્હા** [ च एव ] **અને** [ अशुद्धिः ] **અશુદ્ધિ–** [ अमृतकुम्भः ] **એ અમૃતકુંભ છે** ( કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે–કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦૬-૩૦૭)**

તાત્પર્યવૃત્તિ : ''અપ્રતિક્રમણ વિષકુંભ'' છે એવો એક પક્ષ છે તથા ''અમૃતકુંભ'' છે એવો બીજો પક્ષ છે. અહીં પૂર્વપક્ષનું કથન-પ્રશ્ન કરવા પર આ બે ગાથામાં ઉત્તર દેવામાં આવે છે. પ્રતિક્રમણ અર્થાત્ કરેલા દોષોનું નિરાકરણ કરવું, પ્રતિસરણ અર્થાત્ સમ્યકત્વાદિ ગુણોમાં પ્રેરણા કરવી, પ્રતિહરણ અર્થાત્ મિથ્યાત્વ રાગાદિ દોષોનું નિવારણ કરવું, ધારણા અર્થાત્ પંચનમસ્કાર જેવા મંત્ર, પ્રતિમા વિ. બાહ્ય દ્રવ્યના આલંબનથી ચિત્તને સ્થિર કરવું, નિવૃત્તિ અર્થાત્ બાહ્ય વિષય કષાય વિ. ઈર્હાગત ચિત્તનું નિવર્તન કરવું (નિવૃત્તિ કરવી), નિંદા અર્થાત્ આત્મસાક્ષીપૂર્વક દોષ પ્રગટ કરવા, ગર્હા અર્થાત્ ગુરુસાક્ષીએ દોષ પ્રગટ કરવા અને શુદ્ધિ અર્થાત્ દોષ થવાથી વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત લઈને શુદ્ધિ કરવી-આ આઠ વિકલ્પરૂપ શુભોપયોગ છે. જો કે મિથ્યાત્વાદિ વિષયકષાય પરિણતિરૂપ અશુભોપયોગની અપેક્ષાથી સવિકલ્પ સરાગ ચારિત્રની અવસ્થામાં આ અમૃતકુંભ છે, તો પણ રાગદ્વેષમોહ ખ્યાતિ પૂજા લાભ, દ્રષ્ટ, શ્રુત, અનુભૂત ભોગ આકાંક્ષારૂપ નિદાનબંધ વિ. સર્વે પરદ્રવ્યના આલંબનવાળા વિભાવ પણિામોથી રહિત એવા ચિદાનંદ એક સ્વભાવરૂપ વિશુદ્ધ આત્માવલંબનથી પરિપૂર્ણ અવસ્થાવાળા નિર્વિકલ્પ શુદ્ધોપયોગ લક્ષણવાળી અપ્રતિક્રમણ વિ. ગાથામાં બતાવેલ ક્રમથી જ્ઞાનીજનાશ્રિત નિશ્ચય અપ્રતિક્રમણરૂપ જે ત્રીજી ભૂમિ છે, તેથી અપેક્ષાએ (આગળ કહેલા આઠ વિકલ્પરૂપ શુભોપયોગ) વીતરાગ ચારિત્રમાં સ્થિત પુરુષોને વિષકુંભ જ છે, એમ આશય છે.

આનું કેટલુંક વિશેષ એ છે કે અપ્રતિક્રમણ બે પ્રકારનું હોય છે. (૧) જ્ઞાની જનાશ્રિત અને (૨) અજ્ઞાની જનાશ્રિત. અજ્ઞાની જનાશ્રિત જે અપ્રતિક્રમણ છે, તે વિષય કષાય પરિણતિરૂપ હોય છે પરંતુ જ્ઞાની જનાશ્રિત અપ્રતિક્રમણ શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન તેમજ અનુષ્ઠાન લક્ષણવાળા ત્રિગુપ્તિરૂપ છે. તે જ્ઞાની જનાશ્રિત અપ્રતિક્રમણ સરાગ ચારિત્રલક્ષણરૂપ શુભોપયોગની અપેક્ષાથી જો કે અપ્રતિક્રમણ કહેવામાં આવે છે, તો પણ વીતરાગ ચારિત્રની અપેક્ષાએ તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે.

(પ્રશ્ન) કયા કારણથી (નિશ્ચય પ્રતિક્રમણ છે) ? તેના ઉત્તરમાં કહે છે કે સમસ્ત શુભ અશુભ આશ્રવદોષ નિરાકારણરૂપ હોવાથી (નિશ્ચય પ્રતિક્રમણ છે).

આનાથી સિદ્ધ થયું કે તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે. વ્યવહાર પ્રતિક્રમણની અપેક્ષાએ

**"અપ્રતિક્રમણ" શબ્દથી વાચ્ય, જ્ઞાનીજનોનું (અપ્રતિક્રમણ) મોક્ષનું કારણ છે. વ્યવહાર પ્રતિક્રમણ તો, અગર શુદ્ધાત્માને ઉપાદેય માનીને તે નિશ્ચય પ્રતિક્રમણના સાધકભાવથી વિષય કષાયોથી બચવા માટે કરે ત્યારે, પરંપરાએ મોક્ષનું કારણ હોય છે. નહિ તો સ્વર્ગાદિ સુખના નિમિત્તરૂપ પુણ્યબંધનું કારણ થાય છે અને જે અજ્ઞાની જીવ સંબંધી મિથ્યાત્વ વિષય કષાય પરિણતરૂપ અપ્રતિક્રમણ છે (તે) નરકાદિના દુઃખોનું જ કારણ છે.**

**આ પ્રકારે પ્રતિક્રમણ વિ. આઠ પ્રકારનો શુભોપયોગ જો કે સવિકલ્પ અવસ્થામાં અમૃતકુંભ હોય છે તો પણ સુખ દુઃખ વિ.માં સમતાલક્ષણરૂપ પરમ ઉપેક્ષા સંયમની અપેક્ષાએ વ્યવહાર પ્રતિક્રમણ વિષકુંભ જ છે, આ પ્રકારે વ્યાખ્યાનની મુખ્યતાથી ચતુર્થ સ્થાનમાં આઠ ગાથાઓ પૂરી થઈ.**

**ત્યાં આ પ્રકારે શ્રૃંગાર રહિત પાત્રની જેમ રાગાદિ રહિત શાંતરસથી પરિણત શુદ્ધાત્મરૂપ મોક્ષ (રૂપ સ્વાંગ) ચાલ્યો ગયો.**

**આ પ્રકારે જયસેનાચાર્યકૃત શુદ્ધાત્મનુભૂતિ લક્ષણવાળી સમયસાર વ્યાખ્યામાં બાવીશ ગાથાઓ દ્વારા ચાર અંતર અધિકારોમાં આ નવમો મોક્ષ અધિકાર પૂરો થયો.**

卐

*ભાઈ ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ છે, દયા દાન ભક્તિ કામ ક્રોધાદિના ભાવો છે-એ બધા પુદ્‌ગલના પરિણામ છે. આહાહા ! પ્રભુ ! તારી દશામાં થતાં દયા દાન કામ ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ પુદ્‌ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા દાન કામ ક્રોધ રૂપે કેમ પરિણમે ? ભાઈ તારું ઘર તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગદ્વેષ સુખ દુઃખરૂપે કેમ પરિણમે ? એ તો પુદ્‌ગલ કર્મનો સ્વાદ છે, એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત-ઉષ્ણ પર્યાય છે તે પુદ્‌ગલની છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ-જ્ઞાન તે આત્માની પર્યાય છે. તેમ રાગ-દ્વેષ સુખ-દુઃખ પરિણામ થાય છે તે પુદ્‌ગલની પર્યાય છે, પુદ્‌ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ જ્ઞાન તે આત્માની પર્યાય છે. જેમ શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભ-અશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા ! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્‌ગલ પરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે ! વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપિયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે.*

# સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર

સમૂહપીઠિકા : હવે સર્વ વિશુદ્ધ જ્ઞાન પ્રવેશ કરે છે. ત્યાં સંસાર પર્યાયનો આશ્રય લઈને અશુદ્ધ ઉપાદાનરૂપથી અશુદ્ધ નિશ્ચયનયથી જોકે કર્તૃત્વ, ભોકતૃત્વ, બંધ-મોક્ષ આદિ પરિણામ સહિત જીવ છે, તો પણ સર્વ વિશુદ્ધ પારિણામિક પરમભાવનો ગ્રાહક શુદ્ધ ઉપાદાનરૂપથી શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી (જીવ) કર્તૃત્વ ભોકતૃત્વ, બંધ-મોક્ષ આદિના કારણભૂત પરિણામોથી રહિત જ છે. ચૌદ ગાથા સુધી મોક્ષ પદાર્થચૂલિકાનું વ્યાખ્યાન કરે છે, ત્યાં પ્રારંભમાં નિશ્ચયથી કર્મ અને કર્તૃત્વના અભાવની મુખ્યતાથી ચાર ગાથાસૂત્ર છે. ત્યારપછી શુદ્ધ જીવ ને જે જ્ઞાનાવરણાદિ પ્રકૃતિઓનો બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે એવું કથન કરવા માટે ચાર પ્રાકૃત ગાથા છે ત્યારબાદ નિશ્ચયથી ભોકતૃત્વના અભાવને બતાવવા માટે ચાર ગાથાઓ છે ત્યારબાદ મોક્ષચૂલિકાના ઉપસંહારના રૂપમાં બે ગાથાસૂત્ર કહે છે, આ પ્રકારે મોક્ષ પદાર્થ ચૂલિકામાં સમૂહરૂપ પાતનિકા છે.

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ–

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.**
**જીવ અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯.**
**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.**
**રે ! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.**

**ગાથાર્થઃ-** [ यत् द्रव्यं ] જે દ્રવ્ય [ गुणैः ] જે ગુણોથી [ उत्पद्यते ] ઊપજે છે [ तैः ] તે ગુણોથી [ तत् ] તેને [ अनन्यत् जानीहि ] **અનન્ય જાણ;** [ यथा ] જેમ [ इह ] જગતમાં [ कटकादिभिः पर्यायैः तु ] કડાં **આદિ પર્યાયોથી** [ कनकम् ] સુવર્ણ [ अनन्यत् ] **અનન્ય છે** તેમ.

[ जीवस्य अजीवस्य तु ] **જીવ અને અજીવના** [ ये परिणामाः तु ] જે **પરિણામો** [ सूत्रे दर्शिताः ] **સૂત્રમાં દર્શાવ્યા છે,** [ तैः ] **તે પરિણામોથી** [ तं जीवम् अजीवम् वा ] **તે જીવ અથવા અજીવને** [ अनन्यं विजानीहि ] **અનન્ય જાણ.**

[ यस्मात् ] કારણ કે [ कुतश्चित् अपि ] કોઈથી [ न उत्पन्नः ] **ઉત્પન્ન થયો નથી** [ तेन ] **તેથી** [ सः आत्मा ] **તે આત્મા** [ कार्य न ] **( કોઈનું ) કાર્ય નથી,** [ किञ्चित् अपि ]

અને કોઈને [ न उत्पादयति ] ઉપજાવતો નથી [ तेन ] તેથી [ सः ] તે [ कारणम् अपि ] ( કોઈનું ) કારણ પણ [ न भवति ] નથી.

[ नियमात् ] **નિયમથી** [ कर्म प्रतीत्य ] **કર્મના આશ્રયે ( –કર્મને અવલંબીને )** [ कर्ता ] **કર્તા હોય છે;** [ तथा च ] **તેમ જ** [ कर्तारं प्रतीत्य ] **કર્તાના આશ્રયે** [ कर्माणि उत्पद्यन्ते ] **કર્મો ઉત્પન્ન થાય છે;** [ अन्या तु ] **બીજી કોઈ રીતે** [ सिद्धिः ] **કર્તાકર્મની સિદ્ધિ** [ न दृश्यते ] **જોવામાં આવતી નથી.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૦૮ થી ૩૧૧)**

ઉત્થાનિકા : હવે નિશ્ચયથી (જીવ કર્મોનો કર્તા નથી એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારે આ જગતમાં સોનું પોતાની કડા આદિ પર્યાયોથી અનન્ય કે અભિન્ન છે તે પ્રકારે દ્રવ્ય પણ જે ઉત્પન્ન થાય છે - પરિણમન કરે છે.

(પ્રશ્ન) કોની સાથે ? (ઉત્પન્ન થાય છે-પરિણમન કરે છે)

(ઉત્તર) પોતપોતાના ગુણોની સાથે (ઉત્પન્ન થાય-પરિણમન કરે છે)

તે દ્રવ્ય (પોતાના) તે ગુણોની સાથે અનન્ય-અભિન્ન છે એમ જાણવું. આ પ્રકારે પ્રથમ ગાથા થઈ.

જીવના અને અજીવના જે પરિણમન-પર્યાય પરમાગમમાં કહેવામાં આવેલ છે તેની સાથે પૂર્વે કહેલ સુવર્ણના દ્રષ્ટાંત દ્વારા તે જ જીવ અને અજીવ, દ્રવ્યથી તેની પર્યાય અનન્ય અભિન્ન છે એમ જાણો આ પ્રકારે બીજી ગાથા થઈ.

જોકે શુદ્ધ નિશ્ચયનયથી નર નારક આદિ વિભાવ પર્યાયરૂપથી જીવ ક્યારેય પણ ઉત્પન્ન થતો નથી. કર્મથી જીવ ઉત્પન્ન થતો નથી. આ કારણથી કર્મ-નોકર્મની અપેક્ષાથી આત્મા તે કર્મનું કાર્ય નથી અને તે (જીવ) કર્મ અને નોકર્મને ઉપાદાનરૂપથી જરાપણ ઉત્પન્ન કરતો નથી, આ કારણથી (જીવ) કર્મ નોકર્મનું કારણ નથી. એટલા માટે જીવ કર્મનો કર્તા નથી તથા કર્મને છોડનાર પણ નથી. આ કારણથી આત્મા બંધ-મોક્ષનો પણ શુદ્ધ નિશ્ચયનયથી કર્તા નથી, આ પ્રકારે ત્રીજી ગાથા પૂરી થઈ.

પૂર્વમાં કહેવામાં આવેલું છે કે જે પ્રકારથી સુવર્ણદ્રવ્યને કડા પર્યાય સાથે અનન્યત્વ કે અભિન્નત્વ છે તે જ પ્રકારે જીવ તથા પુદ્‌ગલને પોતાની પર્યાયો સાથે અનન્યત્વ અભિન્નત્વ છે. અને એમ પણ કહેવાયું છે કે કર્તારૂપથી કર્મ અને નોકર્મ દ્વારા જીવ ઉત્પન્ન થઈ શકતો નથી અને જીવ પણ કર્મ-નોકર્મને ઉત્પન્ન નથી કરતો, તેનાથી એમ જાણવામાં આવે છે કે કર્મની પ્રતીતિ (વાસ્તવિક સ્વરૂપ જાણીને) કરીને જીવ ઉપચારથી કર્મનો કર્તા છે અને કર્મ પણ જીવરૂપ કર્તાનો આશ્રય કરીને ઉપચારથી ઉત્પન્ન કરવામાં આવે છે એવો નિયમ છે તેમાં શંકા નથી.

આ પ્રકારથી

(પ્રશ્ન) આ પ્રકારનો શું અર્થ છે ?

(ઉત્તર) પરસ્પર નિમિત્તભાવને છોડીને શુદ્ધ ઉપાદાનરૂપથી શુદ્ધ નિશ્ચયથી જીવના કર્મ કર્તૃત્વના વિષયમાં સિદ્ધિ કે નિષ્પતિ થવી દેખાતી નથી. કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલોનું કર્મપણું પણ દેખાતું નથી તેથી સિદ્ધ છે કે જીવ શુદ્ધનિશ્ચયનયથી અકર્તા છે આ પ્રકારે ચોથી ગાથા પૂરી થઈ.

આ પ્રકારે નિશ્ચયથી જીવ કર્મનો કર્તા નથી એ પ્રકારે કથનની મુખ્યતાથી પ્રથમ સ્થળમાં ચાર ગાથઓ પૂરી થઈ.

( હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છેઃ- )

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે !**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.**
**અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને**
**-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.**

**ગાથાર્થઃ-** [ चेतयिता तु ] ચેતક અર્થાત્ આત્મા [ प्रकृत्यर्थम् ] પ્રકૃતિના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે, [ प्रकृतिः अपि ] અને પ્રકૃતિ પણ [ चेतकार्थम् ] ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે [ उत्पद्यते ] ઊપજે છે [ विनश्यति ] તથા વિણસે છે. [ एवं ] એ રીતે [ अन्योन्यप्रत्ययात् ] પરસ્પર નિમિત્તથી [ द्वयोः अपि ] બન્નેનો- [ आत्मनः प्रकृतेः च ] આત્માનો ને પ્રકૃતિનો- [ बन्धः तु भवेत् ] બંધ થાય છે, [ तेन ] અને તેથી [ संसारः ] સંસાર [ जायते ] ઉત્પન્ન થાય છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧૨ - ૩૧૩)**

ઉત્થાનિકા : હવે શુદ્ધ આત્માને જ્ઞાનાવરણાદિ પ્રકૃતિઓ વડે જે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : આત્મા સ્વસ્થભાવથી ચ્યુત થયો થકો પ્રકૃતિ કે કર્મોદયના નિમિત્તે (વિભાવ પરિણામે) ઉત્પન્ન થાય છે અને વિનાશને પ્રાપ્ત થાય છે. (કર્મ) પ્રકૃતિ પણ જીવ સંબંધી રાગાદિ પરિણામ કે જે ચૈતન્યમય કાર્ય છે તેના નિમિત્તે જ્ઞાનાવરણાદિ કર્મ પર્યાયોથી ઉત્પન્ન થાય છે અને વિનાશને પ્રાપ્ત થાય છે.

આ રીતે પૂર્વે કહેલ પ્રકારથી બન્નેને અર્થાત્ સ્વભાવથી ચ્યુત આત્માને તથા કર્મવર્ગણા યોગ્ય પુદ્‌ગલ પિંડરૂપ જ્ઞાનાવરણાદિ પ્રકૃતિનો બંધ થાય છે.

(પ્રશ્ન) કયા પ્રકારે બન્નેને (બંધ થાય છે) ?

(ઉત્તર) અન્યોન્ય પ્રત્યયરૂપથી અર્થાત્ એક બીજામાં નિમિત્ત કારણવાળાને બંધ થાય છે.

આ પ્રકારે રાગાદિ અજ્ઞાનભાવથી બંધ થાય છે અને તે બંધથી સંસાર (પરિભ્રમણ) થાય છે.

અને પોતાના સ્વસ્વરૂપથી બંધ કે સંસાર નથી થતો એમ કહેવાયું છે.

( 'જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું–વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, અસંયત છે' એમ હવે કહે છેઃ– )

**ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; ૩૧૪.**
**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. ૩૧૫.**

**ગાથાર્થઃ-** [ यावत् ] જ્યાં સુધી [ एषः चेतयिता ] આ આત્મા [ प्रकृत्यर्थं ] પ્રકૃતિના નિમિત્તે ઊપજવું–વિણસવું [ न एव विमुञ्चति ] છોડતો નથી, [ तावत् ] ત્યાં સુધી તે [ अज्ञायकः ] અજ્ઞાયક છે, [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ છે, [ असंयतः भवेत् ] અસંયત છે.

[ यदा ] જ્યારે [ चेतयिता ] આત્મા [ अनन्तकम् कर्मफलम् ] અનંત કર્મફળને [ विमुञ्चति ] છોડે છે, [ तदा ] ત્યારે તે [ ज्ञायकः ] જ્ઞાયક છે, [ दर्शकः ] દર્શક છે, [ मुनिः ] મુનિ છે, [ विमुक्तः भवति ] વિમુક્ત ( અર્થાત્ બંધથી રહિત ) છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧૪ થી ૩૧૫)**

ઉત્થાનિકા : હવે જેટલા સમય સુધી શુદ્ધાત્માનુભૂતિથી ચ્યુત થયો થકો (કર્મ) પ્રકૃતિને વશ અથવા (કર્મ) પ્રકૃતિના ઉદયરૂપ રાગાદિને નથી છોડતો તેટલા સમય સુધી અજ્ઞાની છે. તેના અભાવમાં તે જ્ઞાની છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જ્યાં સુધી આ ચેતિયતા જીવ ચિદાનંદ એક સ્વભાવ પરમાત્માના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ અનુભવરૂપ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના અભાવથી કર્મને વશથી રાગાદિ કર્મોદયરૂપને નથી છોડતો ત્યાં સુધી રાગાદિરૂપ આત્માનું શ્રદ્ધાન કરે છે, જાણે છે અને અનુભવ કરે છે. એટલા માટે મિથ્યાદૃષ્ટિ થાય છે. અજ્ઞાની થાય છે અને અસંયમી થાય છે એવો થયો થકો તે મોક્ષને પ્રાપ્ત નથી કરતો.

હવે ફરી આ જ ચેતયિતા આત્મા અનંત વિશેષ યુક્ત મિથ્યાત્વ રાગાદિરૂપ કર્મફળને શક્તિરૂપથી જે અનંત ભેદવાળા છે તેને સર્વ પ્રકારે છોડે છે. ત્યારે શુદ્ધ બુદ્ધ એક સ્વભાવરૂપ આત્મતત્ત્વને સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન તથા અનુભવરૂપ સમ્યદ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સદ્ભાવના લાભથી મિથ્યાત્વ રાગાદિથી ભિન્ન આત્માનું શ્રદ્ધાન કરે છે, જાણે છે અને અનુભવ કરે છે. ત્યારે સમ્યક્દૃષ્ટિ થાય છે. જ્ઞાની થાય છે અને સંયમી મુનિ થાય છે. એવો થયો થકો વિશેષણરૂપથી દ્રવ્યભાવરૂપ મૂળ અને ઉત્તર પ્રકૃતિ (દ્રવ્યને ભાવ કર્મ)ના વિનાશથી મુક્ત થાય છે.

આ પ્રકારે જો કે આત્મા શુદ્ધ નિશ્ચયથી કર્તા નથી થતો તો પણ અનાદિ કર્મબંધને વશ મિથ્યાત્વ

રાગાદિ અજ્ઞાનભાવથી કર્મ બાંધે છે. આ પ્રકારે અજ્ઞાનનું સામર્થ્ય બતાવવા માટે બીજા સ્થળમાં ચાર ગાથા સૂત્ર પૂરા થયા.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. ૩૧૬.**

**ગાથાર્થઃ-** [ अज्ञानी ] અજ્ઞાની [ प्रकृतिस्वभावस्थितः तु ] પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો [ कर्मफलं ] કર્મફળને [ वेदयते ] વેદે ( ભોગવે ) છે [ पुनः ज्ञानी ] અને જ્ઞાની તો [ उदितं कर्मफलं ] ઉદિત ( ઉદયમાં આવેલા ) કર્મફળને [ जानाति ] જાણે છે, [ न वेदयते ] વેદતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧૬)**

ઉત્થાનિકા : હવે શુદ્ધ નિશ્ચયનયથી કર્મના ફળનું ભોક્તાપણું જીવનો સ્વભાવ નથી.

(પ્રશ્ન) કયા કારણથી (જીવનો સ્વભાવ નથી) ?

(ઉત્તર) અજ્ઞાન સ્વભાવ હોવાથી (જીવનો સ્વભાવ નથી) એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવરૂપ આત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક ભેદજ્ઞાનના અભાવને કારણે અજ્ઞાની જીવ ઉદયાગત કર્મપ્રકૃતિઓના સ્વભાવવાળા સુખ દુઃખમાં સ્થિત થઈને હર્ષ-શોકથી તન્મય થઈને કર્મફળનું વેદન કરે છે. અનુભવ કરે છે. અને જ્ઞાની જીવ તનમય ન થઈને પૂર્વોક્ત ભેદ વિજ્ઞાનના સદ્ભાવને કારણે વીતરાગ સહજ પરમાનંદરૂપ સુખરસના સ્વાદરૂપ પરમ સમરસભાવથી પરિણત થયો થકો ઉદયાગત કર્મફળને વસ્તુસ્વરૂપથી જાણે જ છે. અને હર્ષ વિષાદથી તન્મય થઈને વેદન નથી કરતો.

હવે, ' અજ્ઞાની વેદક જ છે ' એવો નિયમ કરવામાં આવે છે ( અર્થાત્ ' અજ્ઞાની ભોક્તા જ છે ' એવો નિયમ છે-એમ કહે છે ) :-

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૩૧૭.**

**ગાથાર્થઃ-** [ सुदु ] સારી રીતે [ शास्त्राणि ] શાસ્ત્રો [ अधीत्य अपि ] ભણીને પણ [ अभव्यः ] અભવ્ય [ प्रकृतिम् ] પ્રકૃતિને ( અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને ) [ न मुञ्चति ] છોડતો નથી, [ गुडदुग्धम् ] જેમ સાકરવાળું દૂધ [ पिबन्तः अपि ] પીતાં છતાં [ पन्नगाः ] સર્પો [ निर्विषाः ] નિર્વિષ [ न भवन्ति ] થતા નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧૭)**

ઉત્થાનિકા : અજ્ઞાની કર્મોનો નિયમથી વેદક હોય છે એમ દર્શાવે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે સાપ સાકરવાળું દૂધ પીવા છતાં ઝેર રહિત થતો નથી તે પ્રકારે અજ્ઞાની જીવ મિથ્યાત્વ રાગાદિરૂપ કર્મ પ્રકૃતિઓના ઉદય સ્વભાવને છોડતો નથી.

(પ્રશ્ન) શું કરતો થતો (કર્મોદયને છોડતો નથી) ?

(ઉત્તર) અધ્યયન કરવા છતાં પણ.

(પ્રશ્ન) કોનું અધ્યયન કરવા છતાં ?

(ઉત્તર) શાસ્ત્રોનું અધ્યયન કરવા છતાં.

(પ્રશ્ન) કેવી રીતે અધ્યયન કરી ને ?

(ઉત્તર) સારી રીતે ભણી ને પણ.

(પ્રશ્ન) કયા કારણથી નથી છોડતો ?

(ઉત્તર) વીતરાગ સ્વસંવેદન જ્ઞાનનો અભાવ હોવાને કારણે કર્મોદય થવા પર મિથ્યાત્વ રાગાદિથી તન્મય થાય છે તે કારણથી (તે કર્મના ઉદય સ્વભાવને છોડતો નથી)

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે–એવો નિયમ કરવામાં આવે છેઃ–

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો ! ૩૧૮.**

**ગાથાર્થઃ-** [ निर्वेदसमापन्नः ] નિર્વેદપ્રાપ્ત ( વૈરાગ્યને પામેલો ) [ ज्ञानी ] જ્ઞાની [ मधुरम् कटुकम् ] મીઠા–કડવા [ बहुविधम् ] બહુવિધ [ कर्मफलम् ] કર્મફળને [ विजानाति ] જાણે છે [ तेन ] તેથી [ सः ] તે [ अवेदकः भवति ] અવેદક છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧૮)**

ઉત્થાનિકા : જ્ઞાની નિયમથી અથવા નિશ્ચયથી કર્મોનો વેદક નથી હોતો. એ દેખાડે છે.

તાત્પર્યવૃત્તિ : પરમતત્ત્વજ્ઞાની જીવ સંસાર શરીર ભોગ રૂપ ત્રિવિધથી વૈરાગ્યથી સંપન્ન થઈને ઉદયાગત શુભ-અશુભ કર્મફળને વસ્તુસ્વરૂપથી વિશેષરૂપથી નિર્વિકાર નિજ શુદ્ધાત્માને ભિન્નરૂપ જાણે છે.

(પ્રશ્ન) કયા પ્રકારથી જાણે છે ?

(ઉત્તર) અશુભ કર્મફળને લીમડો, કાંજી, ઝેર તથા હળાહળ ઝેરરૂપે કડવા જાણે છે. અનેક પ્રકારના શુભ કર્મફળને ગોળ, ખાંડ, સાકર તથા અમૃતરૂપથી મીઠા જાણે છે. પરંતુ શુદ્ધાત્માથી ઉત્પન્ન સહજ પરમાનંદરૂપ અતીન્દ્રિય સુખને છોડીને પંચેન્દ્રિય સુખરૂપમાં પરિણમતો નથી.

આ કારણથી જ્ઞાની વેદક કે ભોક્તા નથી થતો એવો નિયમ છે આ પ્રકારે જ્ઞાની શુદ્ધ નિશ્ચયનયથી

શુભાશુભ કર્મોના ફળનો ભોક્તા નથી થતો. એવા કથનની મુખ્યતાથી ત્રીજા સ્થળમાં ચાર ગાથા સૂત્ર પૂરા થયા.

હવે આ જ અર્થને ફરી દૃઢ કરે છેઃ–

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. ૩૧૯.**

**ગાથાર્થઃ-** [ ज्ञानी ] જ્ઞાની [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ कर्माणि ] કર્મોને [ न अपि करोति ] કરતો પણ નથી, [ न अपि वेदयते ] વેદતો ( ભોગવતો ) પણ નથી; [ पुनः ] પરંતુ [ पुण्यं च पापं च ] પુણ્ય અને પાપરૂપ [ बन्धं ] કર્મબંધને [ कर्मफलं ] તથા કર્મફળને [ जानाति ] જાણે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૧૯)**

ઉત્થાનિકા : હવે નિરૂપરાગ શુદ્ધાત્માનુભૂતિ લક્ષણરૂપ ભેદજ્ઞાની ન તો કર્મને કરે છે અને ન તો કર્મને ભોગવે છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : સમ્યક્જ્ઞાની જીવ ત્રિગુપ્તિપણાના બળથી ખ્યાતિ, પૂજા, લાભ, દષ્ટ, શ્રુત, અનુભવેલ ભોગોની આકાંક્ષારૂપ નિદાન બંધ આદિ સમસ્ત પરદ્રવ્યના અવલંબનથી રહિત હોવાથી અનંત જ્ઞાન, સુખ દર્શન વીર્ય સ્વરૂપના આલંબનથી ભરિત અવસ્થાપૂર્ણ અવસ્થાવાળી નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત જ્ઞાની બહુ પ્રકારના જ્ઞાનાવરણાદિ મૂળ તથા ઉત્તર પ્રકૃતિ ભેદવાળા કર્મોને નિશ્ચયનયથી નથી કરતો અને તન્મય થઈને નથી ભોગવતો.

(પ્રશ્ન) તો પછી શું કરે છે ?

(ઉત્તર) જ્ઞાની પરમાત્મ ભાવનાથી ઉત્પન્ન સુખમાં તૃપ્ત થઈને વસ્તુ સ્વરૂપથી માત્ર જાણે જ છે.

(પ્રશ્ન) શું જાણે છે ?

(ઉત્તર) સુખ દુઃખ સ્વરૂપ કર્મફળને પ્રકૃતિબંધ આદિના ભેદથી થવાવાળા અનેક પ્રકારના કર્મ બંધને તથા શાતા વેદનીય, શુભઆયુ, શુભનામ, શુભગોત્ર રૂપ પુણ્ય કર્મને અને તેનાથી વિપરીત અશાતા વેદનીય આદિરૂપ પાપકર્મને જાણે જછે.

હવે પૂછે છે કે– ( જ્ઞાની કરતો–ભોગવતો નથી, જાણે જ છે ) એ કઈ રીતે ? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છેઃ–

**જ્યમ નેત્ર. તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

**ગાથાર્થ**:- [ यथा एव दृष्टिः ] જેમ નેત્ર ( દૃશ્ય પદાર્થોને કરતું–ભોગવતું નથી, દેખે જ છે ), [ तथा ] તેમ [ ज्ञानम् ] **જ્ઞાન** [ अकारकं ] **અકારક** [ अवेदकं च एव ] **તથા અવેદક છે,** [ च ] **અને** [ बन्धमोक्षं ] **બંધ, મોક્ષ,** [ कर्मोदयं ] **કર્મોદય** [ निर्जरां च एव ] **તથા નિર્જરાને** [ जानाति ] **જાણે જ છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૨૦)**

(दिट्ठो सयं पि णाणं अकारयं तह अवेदय चेव) જેવી રીતે નેત્ર-કર્તા-**દશ્ય** એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધૂકણ) કરનાર પુરુષની માફક, કરતું નથી અને તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી; તેવી રીતે શુદ્ધજ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણું પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી. અથવા પાઠાન્તાર : दिट्ठी खयं पि णाणं' તેનું વ્યાખ્યાન :-માત્ર **દૃષ્ટિ** જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાનપણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાનપરિણત જીવ) શું કરે છે ? (जाणदि य बंधमोक्खं) જાણે છે. કોને ? બંધ મોક્ષને. માત્ર બંધ-મોક્ષને નહિ, (कम्मुदयं णिज्जरं चेव) શુભ-અશુભ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામરૂપ બન્ને પ્રકારની નિર્જરાને પણ જાણે છે.

સર્વ વિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષનાં કારણને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે' એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવમાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોકતૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધમોક્ષના કારણને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો. આ રીતે સમયસારની શુદ્ધાત્માનુભૂતિલક્ષણ 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચુલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.

વળી વિશેષ કહેવામાં આવે છે :-

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મ-પદાર્થ છે.

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં,

શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળુ જાણવું; તે તો બંધમોક્ષપર્યાય પરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વ તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે.

(પ્રશ્ન) 'અશુદ્ધ' કેમ ?

(ઉત્તર) સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વયનો અભાવ હોવાથી.

તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક 'દેશઘાતી' અને 'સર્વઘાતી' એવાં નામવાળું મોહાદિકર્મ સામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી 'ઔપશમિક', 'ક્ષાયોપશમિક' તથા 'ક્ષાયિક' એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મ ભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઈત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે ? ભાવનારૂપ હોવાથી. શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય) નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે.)

માટે આમ ઠર્યું : શુદ્ધપારિણામિકભાવ વિષયક (શુદ્ધપારિણામિકભાવે અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધઉપાદાન-કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહિ (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रिय: शुद्धपारिणामिक:' અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રયનો શો અર્થ છે ? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિપરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવના પરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે ? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ

કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ ॥' (અર્થાત્ હે યોગી ! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી-એમ શ્રી જિનવર કહે છે.)

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે : વિવિક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણરૂપ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવા આગમ-અધ્યાત્મના તેમજ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાથિકનયના) અભિપ્રાયના અવિશેષપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (-નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.

**સમયસાર ચૂલિકા - ૨**

અહીંથી (હવે) આગળ જીવાદિ નવ અધિકારમાં જીવના કર્તાપણાનું - ભોક્તાપણા આદિ સ્વરૂપનું યથા સ્થાન નિશ્ચયનય અને વ્યવહારનયના વિભાગ દ્વારા સામાન્યરૂપથી જે પૂર્વમાં કહેવામાં આવેલ છે તેનું જ વિશેષ વર્ણન કરવાને માટે શરૂ કરીને પાઠક્રમમાં સોળ ગાથાઓ સુધી ચૂલિકાનું વ્યાખ્યાન કરે છે. ચૂલિકા શબ્દનો અર્થ કહે છે.

(૧) વિશેષ વ્યાખ્યાન

(૨) કહેલ કે ન કહેલનું વ્યાખ્યાન

(૩) કહેલ અને ન કહેલનું મિશ્રિત વ્યાખ્યાન

આ પ્રકારે ત્રણ પ્રકારથી વ્યાખ્યાન કરવું એવો ચૂલિકા શબ્દનો અર્થ જાણવો જોઈએ.

ત્યાં છન્નું ગાથાઓમાં વિષ્ણુની દેવાદિ પર્યાયોના કર્તૃત્વના નિરાકરણની મુખ્યતાથી સાત ગાથાઓ છે. તેના બાદ કર્તા અન્ય છે અને ભોક્તા અન્ય છે એવા એકાંતના નિષેધરૂપથી બૌદ્ધમત અનુસારી શિષ્યને સંબોધન કરવાને માટે ચાર ગાથાઓ છે.

ત્યારબાદ સાંખ્યમત અનુસારી શિષ્ય પ્રતિ એકાંતથી જીવના ભાવમિથ્યાત્વના અકર્તૃત્વના નિરાકારણ કરવા અર્થે પાંચ ગાથાઓ છે.

ત્યારબાદ જ્ઞાન-અજ્ઞાન સુખ દુઃખ આદિ ભાવોને કર્મ જ એકાંતરૂપથી કરે છે અને આત્મા નથી કરતો એવા પ્રકારની માન્યતાવાળા સાંખ્યમતના નિરાકરણ હેતુ તેર ગાથા સૂત્ર છે.

ત્યારબાદ કોઈ પ્રાથમિક શિષ્ય શબ્દાદિ પાંચ ઈન્દ્રિયના વિષયનો વિનાશ કરવા ઈચ્છે છે પરંતુ મનમાં સ્થિત વિષય અનુરાગનો ઘાત કરું એવા પ્રકારનું વિશેષ ભેદજ્ઞાન નથી જાણતો તેના

સંબોધન અર્થે સાત ગાથા સૂત્ર છે.

ત્યારબાદ જેવી રીતે સોની આદિ શિલ્પી કુંડળ આદિ કાર્ય હથોડા વગેરે સાધનોથી કરે છે અને તેનું ફળ, મૂલ્ય આદિ ભોગવે છે તો પણ તેનાથી તન્મય નથી થતો તે જ પ્રકારે જીવ પણ દ્રવ્યકર્મ કરે છે અને તેનું ફળ ભોગવે છે તો પણ તેની સાથે તન્મય નથી થતો. એવું પ્રતિપાદન કરવાવાળી સાત ગાથાઓ છે.

ત્યારબાદ જો કે સફેદ ચુનો વ્યવહારથી દિવાલને સફેદ કરે છે તો પણ નિશ્ચયથી તે તન્મય નથી થતી તે જ પ્રકારે જીવ પણ વ્યવહારથી જ્ઞેયભૂત દ્રવ્યને જાણે છે. દેખે છે ત્યાગ કરે છે અને શ્રદ્ધા કરે છે. તો પણ નિશ્ચયનયથી તેની સાથે તન્મય નથી થતો એવી રીતે બ્રહ્મા, અદ્વૈતમત અનુસારી શિષ્યના સંબોધનને માટે દશ ગાથા સૂત્ર છે.

ત્યારબાદ શુદ્ધાત્મ ભાવનારૂપ નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય આલોચના અને નિશ્ચય ચારિત્રના કથનની મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર છે.

ત્યારબાદ રાગદ્વેષની ઉત્પત્તિના વિષયમાં અજ્ઞાનરૂપ સ્વકીય બુદ્ધિ દોષનું જ કારણ છે. પરંતુ અચેતન શબ્દાદિ વિષય કારણ નથી. આ પ્રકારના કથનને માટે દશ ગાથાઓ છે. ત્યારબાદ ઉદયમાં આવેલ કર્મનું વેદન કરતો થકો આ કર્મ મારું છે. મારા દ્વારા કરવામાં આવેલ છે અને જે સ્વસ્થભાવથી રહિત થઈને સુખી કે દુઃખી થાય છે તે ફરીથી દુઃખના બીજ રૂપ આઠ પ્રકારના કર્મ બાંધે છે. એવા કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે.

ત્યારબાદ આચરાંગ સૂત્ર કૃતાંગ આદિ દ્રવ્યશ્રુત, ઈન્દ્રિયના વિષય, દ્રવ્યકર્મ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તથા શુદ્ધ નિશ્ચયનયથી રાગાદિ પણ શુદ્ધ જીવનું સ્વરૂપ નથી એવા વ્યાખ્યાનની મુખ્યતાથી પંદર ગાથા સૂત્ર છે.

ત્યારબાદ જે શુદ્ધનયના અભિપ્રાયથી આત્મા અમૂર્ત છે. તે જ શુદ્ધનયના અભિપ્રાયથી કર્મ અને નોકર્મ આહારથી રહિત છે. એવા પ્રકારના કથનરૂપ ત્રણ ગાથાઓ છે.

ત્યારબાદ દેહાશ્રિત, દ્રવ્યલિંગ, મુક્તિનું કારણ નથી થતું અને નિર્વિકલ્પ સમાધિ લક્ષણ ભાવલિંગથી સહિત યતિઓને દ્રવ્યલિંગ સહકારી કારણ હોય છે એવા પ્રકારના કથનરૂપ ત્રણ ગાથાઓ છે.

ફરી સમયપ્રાભૃતના અધ્યયનના ફળના કથનરૂપથી ગ્રંથની સમાપ્તિને માટે એક ગાથા સૂત્ર કહે છે.

આ પ્રકારે ૧૩ અંતર અધિકારો દ્વારા સમયસાર ચૂલિકા અધિકારમાં સમૂહરૂપ પાતનિકા (પ્રસ્તાવના) છે.

હવે આ જ અર્થને ગાથા દ્વારા કહે છેઃ–

**જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે, '**
**ત્યમ શ્રમણ પણ માને કદી ' આત્મા કરે ષટ્ કાયને, ' ૩૨૧.**
**તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**
**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; ૩૨૨.**
**એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. ૩૨૩.**

**ગાથાર્થઃ-** [ लोकस्य ] લોકના ( લૌકિક જનોના ) મતમાં [ सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान् ] દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય–પ્રાણીઓને [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે; [ च ] અને [ यदि ] જો [ श्रमणानाम् अपि ] શ્રમણોના ( મુનિઓના ) મન્તવ્યમાં પણ [ षड्विधान् कायाम् ] છ કાયના જીવોને [ आत्मा ] આત્મા [ करोति ] કરતો હોય [ यदि लोकश्रमणानाम् ] તો લોક અને શ્રમણોનો [ एकः सिद्धान्तः ] એક સિદ્ધાંત થાય છે, [ विशेषः ] કાંઈ ફેર [ न दृश्यते ] દેખાતો નથી; ( કારણ કે ) [ लोकस्य ] લોકના મતમાં [ विष्णुः ] વિષ્ણુ [ करोति ] કરે છે અને [ श्रमणानाम् अपि ] શ્રમણોના મતમાં પણ [ आत्मा ] આત્મા [ करोति ] કરે છે ( તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા ). [ एवं ] એ રીતે, [ सदेवमनुजासुरान् लोकान् ] દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને [ नित्यं कुर्वतां ] સદાય કરતા ( અર્થાત્ ત્રણે લોકના કર્તાભાવે નિરંતર પ્રવર્તતા ) એવા [ लोकश्रमणानां द्वयेषाम् अपि ] તે લોક તેમ જ શ્રમણ–બન્નેનો [ कः अपि मोक्षः ] કોઈ મોક્ષ [ न दृश्यते ] દેખાતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૨૧ થી ૩૨૩)**

ઉત્થાનિકા : તેર અધિકારોનું યથાક્રમથી વિશેષ વ્યાખ્યાન કરવામાં આવે છે. તે આ પ્રકારે છે જે એકાંતથી આત્માને કર્તા માને છે. તેનો અજ્ઞાનીજનોની માફક મોક્ષ નથી. એવો ઉપદેશ છે.

તાત્પર્યવૃત્તિ : લોકમતમાં વિષ્ણુ કરે છે.

(પ્રશ્ન) કોને (કરે છે) ?

(ઉત્તર) દેવ, નારક, તિર્યંચ અને મનુષ્ય પ્રાણીઓને (વિષ્ણુ કરે છે)

(તેવી રીતે) જો શ્રમણોના મતમાં આત્મા કરે છે.

(પ્રશ્ન) કોને (આત્મા કરે છે) ?

(ઉત્તર) છ કાયના જીવોને (કરે છે રક્ષા-હિંસા આદિ)

આ પ્રકારે પૂર્વ કહેલ સિદ્ધાંતમાં કે આગમમાં કઈ અંતર દેખાતો નથી (લોકમતમાં ને શ્રમણના મતમાં)

(પ્રશ્ન) કયા સંબંધનો (ભેદ દેખાતો નથી) ?

(ઉત્તર) લોકમત સંબંધી અને શ્રમણમત સંબંધી (ભેદ દેખાતો નથી)

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) લોકમતમાં વિષ્ણુ નામક પરિકલ્પિત પુરુષ તેમ કરે છે. (અને) શ્રમણ મતમાં આત્મા કરે છે. ત્યાં (લોકમતમાં) વિષ્ણુ નામ છે અને શ્રમણના મતમાં આત્મા નામ છે. (આમ) વિષ્ણુ અને આત્મામાં પ્રતીતિ ભેદ નથી. અર્થ ભેદ પણ નથી (ફક્ત નામ ભેદ છે)

(પ્રશ્ન) આ પ્રકારે કર્તૃત્વ માનવામાં શું દોષ છે ?

(ઉત્તર) કોઈનો પણ મોક્ષ થતો જોવામાં આવતો નથી.

(પ્રશ્ન) (કોઈનો એટલે) કોનો ?

(ઉત્તર) લૌકિક જનોનો અને શ્રમણનો (મોક્ષ થતો નથી)

(પ્રશ્ન) કઈ વિશેષતાવાળાનો (મોક્ષ નથી) ?

(ઉત્તર) હંમેશા કર્મ કરવાવાળાનો (મોક્ષ નથી)

(પ્રશ્ન) ક્યાં (મોક્ષ દેખાતો નથી) ?

(ઉત્તર) લોકમાં મોક્ષ (થતો) દેખાતો નથી.

(પ્રશ્ન) કોનો ? (મોક્ષ થતો દેખાતો નથી)

(ઉત્તર) દેવ, મનુષ્ય, અસુર સહિતનો.

કંઈક વિશેષ સ્પષ્ટીકરણ

રાગદ્વેષમોહ રૂપથી પરિણમન જ કર્તૃત્વ કહેવામાં આવેલ છે. ત્યાં રાગદ્વેષમોહ પરિણમન હોવા પર શુદ્ધ સ્વભાવી આત્મ તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન તથા આચરણરૂપ નિશ્ચય રત્નત્રયાત્મક મોક્ષમાર્ગથી ચ્યુત થાય છે. એટલે મોક્ષ થતો નથી. એવો ભાવાર્થ છે. આ પ્રકારે પૂર્વપક્ષરૂપમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે જો (કોઈ) વ્યવહારનયના કથનને ગ્રહણ કરીને એમ કહે છે કે પરદ્રવ્ય મારું છે અને એ પ્રકારના વ્યવહારને જ નિશ્ચય માનીને આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે તે મિથ્યાદૃષ્ટિછે. ઈત્યાદિ અર્થની સુચકતાવાળી ગાથાઓ દૃષ્ટાંત સહિત કહે છે.

હવે, “ જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને ‘ પરદ્રવ્ય મારું છે ’ એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદૃષ્ટિ છે ” ઈત્યાદિ અર્થની ગાથાઓ દૃષ્ટાંત સહિત કહે છેઃ–

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને ‘ મારું ’ કહે,**
**‘ પરમાણુમાત્ર ન મારું ’ જ્ઞાની જાણતા નિશ્ચય વડે. ૩૨૪.**
**જ્યમ પુરુષ કોઇ કહે ‘ અમારું ગામ, પુર ને દેશ છે, ’**
**પણ તે નથી તેનાં, અરે ! જીવ મોહથી ‘ મારાં ’ કહે; ૩૨૫.**

**એવી જ રીત જે જ્ઞાની પણ ‘ મુજ ’ જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. ૩૨૬.**
**તેથી ‘ ન મારું ’ જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની**
**કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. ૩૨૭.**

**ગાથાર્થઃ-** [ अविदितार्थाः ] **જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો** [ व्यवहारभाषितेन तु ] **વ્યવહારનાં વચનોને ગ્રહીને** [ परद्रव्यं मम ] **‘ પરદ્રવ્ય મારું છે ’** [ भणन्ति ] **એમ કહે છે,** [ तु ] **પરંતુ જ્ઞાનીઓ** [ निश्चयेन जानन्ति ] **નિશ્ચય વડે જાણે છે કે ‘** [ किञ्चित् ] **કોઈ** [ परमाणुमात्रम् अपि ] **પરમાણુમાત્ર પણ** [ न च मम ] **મારું નથી ’.**

[ यथा ] **જેવી રીતે** [ कः अपि नरः ] **કોઈ પુરુષ** [ अस्माकं ग्रामविषयनगरराष्ट्रम् ] **‘ અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર ’** [ जल्पति ] **એમ કહે છે,** [ तु ] **પરંતુ** [ तानि ] **તે** [ तस्य ] **તેનાં** [ न च भवन्ति ] **નથી,** [ मोहेन च ] **મોહથી** [ सः आत्मा ] **તે આત્મા** [ भणति ] **‘ મારાં ’ કહે છે;** [ एवम् एव ] **તેવી જ રીતે** [ यः ज्ञानी ] **જે જ્ઞાની પણ** [ परद्रव्यं मम ] **‘ પરદ્રવ્ય મારું છે ’** [ इति जानन् ] **એમ જાણતો થકો** [ आत्मानं करोति ] **પરદ્રવ્યને પોતારૂપ કરે છે,** [ एषः ] **તે** [ निःसंशयं ] **નિઃસંદેહ અર્થાત્ ચોક્કસ** [ मिथ्यादृष्टिः ] **મિથ્યાદૃષ્ટિ** [ भवति ] **થાય છે.**

[ तस्मात् ] **માટે તત્ત્વજ્ઞો** [ न मे इति ज्ञात्वा ] **‘ પરદ્રવ્ય મારું નથી ’ એમ જાણીને,** [ एतेषां द्वयेषाम् अपि ] **આ બન્નેનો ( -લોકનો અને શ્રમણનો- )** [ परद्रव्ये ] **પરદ્રવ્યમાં** [ कर्तृव्यवसायं जानन् ] **કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા,** [ जानीयात् ] **એમ જાણે છે કે** [ दृष्टिरहितानाम् ] **આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા ૩૨૪ થી ૩૨૭)**

ઉત્થાનિકા : હવે ઉત્તર કહે છે નિશ્ચયથી આત્માનો પુદ્‌ગલ દ્રવ્યથી સાથે કર્તા કર્મ સંબંધ નથી તો આત્મા કેવી રીતે કર્તા થાય એ (વાત) કહે છે.

તાત્પર્યવૃત્તિ : પરદ્રવ્ય મારું છે (એમ) કહે છે.

(પ્રશ્ન) તેઓ કોણ છે (જે આવું કહે છે) ?

(ઉત્તર) વિદિતાર્થ અથવા જેણે પદાર્થોને જાણી લીધા છે. અથવા જે તત્ત્વવેદી તત્ત્વજ્ઞાતા છે.

(પ્રશ્ન) શેના વડે તે આવું કહે છે ?

(ઉત્તર) વ્યવહાર કથનથી અથવા વ્યવહારનયથી (એમ કહે છે) નિશ્ચયથી તે જાણે છે.

(પ્રશ્ન) (નિશ્ચયથી) તેઓ શું જાણે છે ?

(ઉત્તર) આ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી એવું (તેઓ) જાણે છે.

જેમ કોઈ પુરુષ સ્પષ્ટતાથી કહે છે.

(પ્રશ્ન) શું કહે છે ?

(ઉત્તર) ઝાડીથી ઘેરાયેલ ગ્રામ, દેશનામવાળો વિષય, નગર નામવાળું પૂર તથા દેશ, એક દેશ કે પ્રદેશ નામક રાષ્ટ્ર મારું છે. પરંતુ તે રાજ્ય કે નગર તેનું નથી. તો પણ તે મોહથી ગામ આદિ મારા છે એમ બોલે છે. આ પ્રકારે દૃષ્ટાંત છે હવે પૂર્વોક્ત દૃષ્ટાંત ઉપરથી સિદ્ધાંત કહે છે. જ્ઞાની આત્મા વ્યવહાર મૂઢ થયો થકો જો પરદ્રવ્ય મારા છે એમ કહે છે તો તે મિથ્યાત્વને પ્રાપ્ત કરતો થકો મિથ્યાદૃષ્ટિ થાય છે તે નિઃસંદેહ વાત છે. તેમાં શંકા ન કરવી જોઈએ.

એટલા માટે પરકીય ગામ આદિનું દૃષ્ટાંતથી સ્વાનુભૂતિની ભાવનાથી ચ્યુત થયો થકો જે આત્મા પરદ્રવ્યને વ્યવહારથી પોતાનો કરે છે. તે મિથ્યાદૃષ્ટિ થાય છે. તે પહેલા જ કહ્યું હતું.

આ કારણથી એમ જણાય છે કે પરદ્રવ્યના વિષયમાં બન્ને પૂર્વોક્ત લૌકિકજન અને જૈનીજન પરદ્રવ્યને કરે છે એવા પ્રકારનાં પરદ્રવ્યના વિષયમાં (તેઓનો) કર્તાપણાનો વ્યાપાર (પ્રવૃત્તિ) છે. (એમ જ્ઞાની જાણે છે)

(પ્રશ્ન) શું કરીને (જ્ઞાની એમ જાણે છે) ?

(ઉત્તર) નિર્વિકાર સ્વ તથા પર પરિચ્છિતરૂપ જ્ઞાનથી પરદ્રવ્ય મારું સંબંધી નથી એમ જાણે છે.

આ લૌકિકજન તથા જૈન જનનો પરદ્રવ્યના સંબધમાં કર્તાપણાનો વ્યાપાર છે (તે અધ્યવસાન છે) એવું કોઈ ત્રીજો તટસ્થ વ્યક્તિ જાણતો થકો જાણે.

(પ્રશ્ન) તે શું જાણે છે ?

(ઉત્તર) વીતરાગ સમ્યક્ત્વ નામક જે નિશ્ચયદૃષ્ટિ છે તેનાથી રહિત જીવોનું આ અધ્યવસાન છે એમ તે જાણે છે.

(પ્રશ્ન) જ્ઞાની થઈને (અભ્યાસી થઈને) વ્યવહારથી પરદ્રવ્યને પોતાનું કહેતો આત્મા અજ્ઞાની કઈ રીતે છે ?

(ઉત્તર) પ્રાથમિક શિષ્યોને સમજાવવાના કાળમાં જ મલેચ્છોને મલેચ્છોની ભાષા દ્વારા સમજાવવાનો વ્યવહાર અનુસરણ કરવો જોઈએ. પ્રાથમિક શિષ્યોને સંબોધવાના કાળ સિવાય (શુદ્ધનય) કતકફળની જેમ શુદ્ધિ કરવાવાળો હોવાથી શુદ્ધયનથી ચ્યુત થઈને જો પરદ્રવ્યને પોતાનું કરે છે તો તે મિથ્યાદૃષ્ટિ હોય છે.

તેનો વિશેષ પ્રકાર આ રીતે છે.

લોકોના મનમાં વિષ્ણુ કરે છે એવું જે પહેલા કહ્યું હતું તે લોક વ્યવહાર અપેક્ષાએ કહ્યું હતું. હકીકતમાં તો અનાદિથી વિદ્યમાન દેવ મનુષ્ય આદિ જીવ લોકના વિષ્ણુ બ્રહ્મા કે શંકર અથવા કોઈ (બીજા) પણ કર્તા નથી.

(પ્રશ્ન) કઈ રીતે કર્તા નથી ?

(ઉત્તર) સમસ્ત જગત એકેન્દ્રિય આદિ જીવ વિદ્યમાન છે. તે જીવોને નિશ્ચયથી વિષ્ણુ પર્યાયથી

(ટકવારૂપ) બ્રહ્માપર્યાયથી (ઉત્પત્તિરૂપ) અને મહેશ્વરપર્યાયથી (નાશરૂપ) અને જિન પર્યાયથી પરિણમનની શક્તિ છે. આ કારણથી આત્મા જ વિષ્ણુ આત્મા જ બ્રહ્મા અને આત્મા જ મહેશ્વર તથા આત્મા જ જિન.

(પ્રશ્ન) તે પણ કઈ રીતે છે ?

(ઉત્તર) કોઈ જીવ પૂર્વ મનુષ્યભવમાં જિનરૂપને ગ્રહણ કરીને ભોગ, આકાંક્ષા, નિદાન, બંધ દ્વારા પાપાનુબંધી પુણ્ય કરીને સ્વર્ગમાં ઉત્પન્ન થઈને, ત્યાંથી આવીને મનુષ્યભવમાં ત્રણખંડ અધિપતિ અર્ધચક્રી થાય છે તેને જ વિષ્ણુ સંજ્ઞા છે અને અન્ય કોઈ જગતના કર્તા વિષ્ણુ નથી.

બીજો કોઈ જીવ જિનદિક્ષા ગ્રહણ કરીને રત્નત્રયની આરાધના દ્વારા પાપાનુબંધી પુણ્યને પ્રાપ્ત કરીને વિદ્યાનુવાદ નામના દશમા પૂર્વને વાંચીને ચારિત્રમોહના ઉદયથી તપશ્ચરણથી ભ્રષ્ટ થઈને હુડાવસર્પીણી કાળના પ્રભાવથી વિદ્યાના બળથી લોકનો હું કર્તા છું વગેરે ચમત્કાર કરીને મૂઢ જીવને વિસ્મય ઉત્પન્ન કરીને મહેશ્વર થાય છે તે પણ બધાં અવસર્પિણીકાળમાં નથી થતા માત્રહુંડાવસર્પિણી કાળમાં થાય છે) તે હુંડવસર્પિણી કાળ અસંખ્યાત ઉત્સર્પિણી તથા અવસર્પિણી થયા પછી આવે છે (અન્ય જગ્યાએ) જેમ કહ્યું છે કે અસંખ્યાત અવસર્પિણીકાળોના વિત્યા પછી હુંડવસર્પિણી કાળ આવે છે જેમાં પરમતોની ઉત્પત્તિ થાય છે એવું જિનેન્દ્રભગવાન કહે છે તેથી અન્ય કોઈ જગતનો કર્તા મહેશ્વર નામનો પુરુષ છે નહિ.

તેવી જ રીતે અન્ય કોઈ પુરુષ વિશેષ તપશ્ચરણ કરીને પશ્ચાત તપના પ્રભાવથી સ્ત્રીવિષયક નિમિત્ત પામીને ચાર મોઢાવાળો થાય છે તેનુંનામ બ્રહ્મા છે, અન્ય કોઈપણ જગતનો કર્તા (અથવા) વ્યાપક એકરૂપ બ્રહ્મા નામવાળું (કોઈ) છે નહિ.

તેવી રીતે અન્ય કોઈપણ દર્શનવિશુદ્ધિ, વિનય સંપન્નતા આદિ સોળભાવનાને ભાવિને દેવેન્દ્ર આદિ દ્વારા નિર્મિત પાંચ મહાકલ્યાણક પૂજાને યોગ્ય તીર્થંકર પ્રકૃતિરૂપ પુણ્યનું ઉપાર્જન કરીને જિનેશ્વર નામના વિતરાગ સર્વજ્ઞ થાય છે એવું વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ. આ પ્રકારે જે એકાંતથી કર્તા થાય છે તો મોક્ષ તો અભાવ થશે. આ રીતથી વિષ્ણુના દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં પૂર્વ પક્ષ રાખીને તેનું ચાર ગાથાઓ દ્વારા નિરાકરણરૂપ કથન કરેલ છે આ પ્રકારે પ્રથમ સ્થળમાં સાત ગાથા સૂત્ર પૂરા થયા.

**તાત્પર્યવૃત્તિ વધારાની ગાથા - ૨૭**

ગાથાર્થ : જો મોહનીય કર્મની સમ્યક્પ્રકૃતિ આત્માને સમ્યક્દૃષ્ટિ કરે છે તો આ માન્યતાથી તારા મત અનુસાર અચેતન પ્રકૃતિ નિશ્ચયથી સમ્યક્ભાવની કર્તા થઈ જાય પરંતુ એવું થઈ નથી શકતું.

હવે, '( જીવને ) જે મિથ્યાત્વભાવ થાય છે તેના કર્તા કોણ છે?'–એ વાતને બરાબર ચર્ચીને, 'ભાવકર્મનો કર્તા ( અજ્ઞાની ) જીવ જ છે' એમ યુક્તિથી સિદ્ધ કરે છેઃ–

**જો પ્રકૃતિ મિથ્યાત્વની મિથ્યાત્વી કરતી આત્મને,**
**તો તો અચેતન પ્રકૃતિ કારક બને તુજ મત વિષે! ૩૨૮.**
**અથવા કરે જો જીવ પુદ્‌ગલદ્રવ્યના મિથ્યાત્વને,**
**તો તો ઠરે મિથ્યાત્વી પુદ્‌ગલદ્રવ્ય, આત્મા નવ ઠરે! ૩૨૯.**
**જો જીવ અને પ્રકૃતિ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**તો ઉભયકૃત જે હોય તેનું ફળ ઉભય પણ ભોગવે! ૩૩૦.**
**જો નહિ પ્રકૃતિ, નહિ જીવ કરે મિથ્યાત્વ પુદ્‌ગલદ્રવ્યને,**
**પુદ્‌ગલદરવ મિથ્યાત્વ વણકૃત!-એ શું નહિ મિથ્યા ખરે? ૩૩૧.**

**ગાથાર્થઃ-** [ यदि ] જો [ मिथ्यात्वं प्रकृतिः ] **મિથ્યાત્વ નામની ( મોહનીય કર્મની ) પ્રકૃતિ** [ आत्मानम् ] **આત્માને** [ मिथ्यादृष्टिं ] **મિથ્યાદ્રષ્ટિ** [ करोति ] **કરે છે એમ માનવામાં આવે,** [ तस्मात् ] તો [ ते ] **તારા મતમાં** [ अचेतना प्रकृतिः ] **અચેતન પ્રકૃતિ** [ ननु कारका प्राप्ता ] **( મિથ્યાત્વભાવની ) કર્તા બની! ( તેથી મિથ્યાત્વભાવ અચેતન ઠર્યો! )**

[ अथवा ] **અથવા,** [ एषः जीवः ] **આ જીવ** [ पुद्गलद्रव्यस्य ] **પુદ્‌ગલદ્રવ્યના** [ मिथ्यात्वम् ] **મિથ્યાત્વને** [ करोति ] **કરે છે એમ માનવામાં આવે,** [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यादृष्टिः ] **પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાદ્રષ્ટિ ઠરે!–** [ न पुनः जीवः ] **જીવ નહિ!**

[ अथ ] **અથવા જો** [ जीवः तथा प्रकृतिः ] **જીવ તેમ જ પ્રકૃતિ બન્ને** [ पुद्गलद्रव्यं ] **પુદ્‌ગલદ્રવ્યને** [ मिथ्यात्वम् ] **મિથ્યાત્વભાવરૂપ** [ कुरुतः ] **કરે છે એમ માનવામાં આવે,** [ तस्मात् ] તો [ द्वाभ्यां कृतं तत् ] **જે બન્ને વડે કરવામાં આવ્યું** [ तस्य फलम् ] **તેનું ફળ** [ द्वौ अपि भुञ्जाते ] **બન્ને ભોગવે!**

[ अथ ] **અથવા જો** [ पुद्गलद्रव्यं ] **પુદ્‌ગલદ્રવ્યને** [ मिथ्यात्वम् ] **મિથ્યાત્વભાવરૂપ** [ न प्रकृतिः करोति ] **નથી પ્રકૃતિ કરતી** [ न जीवः ] **કે નથી જીવ કરતો ( –બેમાંથી કોઈ કરતું નથી ) એમ માનવામાં આવે,** [ तस्मात् ] તો [ पुद्गलद्रव्यं मिथ्यात्वम् ] **પુદ્‌ગલદ્રવ્ય સ્વભાવે જ મિથ્યાત્વભાવરૂપ ઠરે!** [ तत् तु न खलु मिथ्या ] **તે શું ખરેખર મિથ્યા નથી?**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૨૮ થી ૩૩૧)**

ઉત્થાનિકા : હવે જો કે શુદ્ધનયથી શુદ્ધબુદ્ધ એક સ્વભાવ હોવાને કારણે કર્મોનો જીવ અકર્તા છે તો પણ અશુદ્ધનયથી રાગાદિ ભાવકર્મનો તે જીવ જ કર્તા છે પુદ્‌ગલ તેનો કર્તા નથી એમ કહે છે. હવે પાંચ ગાથાઓ દ્વારા પ્રત્યેક ગાથાના પૂર્વાર્ધ દ્વારા સાંખ્યમત અનુસારી શિષ્યના પ્રતિ પૂર્વપક્ષ

તથા પ્રત્યેક ગાથાના ઉત્તરાર્ધમાં તેનું નિરાકરણ છે તેમ જાણવું જોઈએ.

તાત્પર્યવૃત્તિ : દ્રવ્ય મિથ્યાત્વ પ્રકૃતિ કર્તા થઈને જો સ્વયં પરિણમન ન કરવાવાળા આત્માને હઠથી મિથ્યાદૃષ્ટિ કરે છે (તો) તે કારણથી તો અચેતન દ્રવ્ય (રૂપ) મિથ્યાત્વ પ્રકૃતિ છે તે તારા મતમાં ભાવ મિથ્યાત્વની ખરેખર કર્તા થઈ. અને જીવ એકાંતથી અકર્તા થયો, તો પછી (અકર્તા આત્માને) કર્મબંધનો અભાવ થયો. કર્મબંધના અભાવમાં સંસારનો અભાવ થયો તે તો પ્રત્યક્ષ વિરુદ્ધ છે.

**વધારાની ગાથા - ૨૮**

મોહનીય કર્મની સમ્યક્ત્વ પ્રકૃતિ કર્તા થઈને જો સ્વયં પરિણમન ન કરતા એવા આત્માને સમ્યગ્દૃષ્ટિ કરે છે (તો) તે કારણથી અચેતન પ્રકૃતિ તારા મતમા તો ખરેખર કર્તા થઈ તથા જીવ એકાંતથી સમ્યક્ પરિણામનો અકર્તા થયો (જો આમ છે) તો પછી વેદક સમ્યક્ત્વનો અભાવ થશે. વેદક સમ્યક્ત્વના અભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વનો અભાવ થશે અને તેથી મોક્ષનો અભાવ થશે. અને તે (તો) પ્રત્યક્ષ વિરુદ્ધ છે અને આગમ વિરુદ્ધ છે અહીં શિષ્ય પૂછે છે કે સમ્યક્ત્વ પ્રકૃતિ કર્મ નો વિશેષ ભેદ છે અને તે સમ્યક્ત્વ, મિથ્યાત્વને મિશ્રરૂપ ત્રણ પ્રકારના દર્શનમોહનીયમાં સમ્યક્ત્વ નામનો પ્રથમ ભેદ છે તે તો કર્મનો ભેદ છે. (તે સમ્યગ્દર્શન કેવી રીતે હોઈ શકે ?)

સમ્યક્ત્વ તો નિર્વિકાર સદા આનંદરૂપ એક લક્ષણવાળા પરમાત્મ તત્ત્વ આદિના શ્રદ્ધાનરૂપ છે, મોક્ષનું બીજ કે કારણ છે તથા ભવ્ય જીવના પરિણામ છે.

સમાધાન : જો કે સમ્યક્ત્વ પ્રકૃતિ કર્મનો ભેદ છે તોપણ નિર્વિષ કરવામાં આવેલ વિષ મરણ નથી કરતું તેવી રીતે શુદ્ધાત્માભિમુખ પરિણામ દ્વારા મંત્રની જેમ વિશુદ્ધિ વિશેષ માત્રથી (શુદ્ધાત્મભિમુખ પરિણમનથી) મિથ્યાત્વ શક્તિનો નાશ થઈને ક્ષાયોપશમિક આદિ પંચલબ્ધિજનિત પ્રથમ ઉપશમ સમ્યક્ત્વના પછી થવાવાળું વેદક (સમ્યગ્દર્શન) ઉત્પન્ન થાય છે. તે તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ જીવ પરિણામ સ્વભાવનો વેદક સમ્યક્ત્વ પ્રકૃતિ ઘાત નથી કરતી, આ કારણથી ઉપચારથી સમ્યક્ત્વનું કારણ હોવાથી કર્મ વિશેષ હોવા છતાં પણ (તે કર્મને) સમ્યક્ત્વ કહેવામાં આવે છે અને તે તીર્થંકર નામ પ્રકૃતિની જેમ પરંપરાથી (નિમિત્તરૂપથી) મુક્તિનું કારણ છે એમાં વિરોધ નથી.

આગળ પૂર્વદોષના ભયથી આ પ્રત્યક્ષીભૂત જીવ દ્રવ્યકર્મરૂપ પુદ્ગલ દ્રવ્યના શુદ્ધાત્મ તત્ત્વ આદિ વિષયમાં વિપરીત અભિપ્રાયજનક ભાવ મિથ્યાત્વને કરે છે પરંતુ સ્વયં ભાવમિથ્યાત્વરૂપથી પરિણમન નથી કરતો એમ માનવામાં આવે તો ફરી એકાંતથી તે પુદ્ગલદ્રવ્ય જ મિથ્યાદૃષ્ટિ થશે પરંતુ જીવ મિથ્યાદૃષ્ટિ નહિ થાય. તે પુદ્ગલ દ્રવ્યને જ કર્મબંધ અને સંસાર પણ થશે. જીવને નહિ થાય પણ તે તો સાક્ષાત વિરુદ્ધ છે.

હવે પૂર્વદોષના ભયથી જીવ અને પ્રકૃતિ બન્ને પુદ્ગલદ્રવ્યને ભાવ મિથ્યાત્વરૂપ કરે છે તેમ માનવામાં આવે તો તે કારણથી ઉપાદાન કારણભૂત આ જીવ અને પુદ્ગલ બંને દ્વારા તે

ભાવમિથ્યાત્વ કરવામાં આવ્યું તેમ કહેવાયું તો પછી જીવ અને પુદ્‌ગલ બંને તેના ફળને ભોગવશે તો પછી અચેતન પ્રકૃતિને પણ ભોકતૃત્વ થશે. પરંતુ તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે.

અથવા એવું માનવામાં આવે કે ન તો પ્રકૃતિ (દ્રવ્યકર્મ) એકાંતથી (ભાવમિથ્યાત્વને) કરે છે ને ન તો જીવ કરે છે.

(પ્રશ્ન) કોને ? (નથી કરતા)

(ઉત્તર) પુદ્‌ગલ કર્મને (નથી કરતા)

(પ્રશ્ન) કયા પ્રકારે ? (નથી કરતા)

(ઉત્તર) ભાવ મિથ્યાત્વરૂપ નથી કરતા.

તો પછી જે પૂર્વ સૂત્રમાં કહ્યું છે તે સ્પષ્ટતઃ મિથ્યા નહિ થાય ? ચોક્કસ મિથ્યા થશે. તેનું સ્પષ્ટીકરણ આમ છે.

કે જો કે શુદ્ધ નિશ્ચયનયથી જીવ શુદ્ધ છે તો પણ પર્યાયાર્થિક નયથી કથંચિત્ પરિણામીપણું હોવાથી અનાદિ કર્મોદયને વશ રાગાદિ ઉપાધિ પરિણામને સ્ફટીકની જેમ ગ્રહણ કરે છે. જો એકાંતથી તે અપરિણામી હોય તો તે ઉપાધિ પરિણામ તેને નહિ થાય. સ્ફટીક પત્થરમાં જપા પુષ્પની ઉપાધિરૂપ પરિણમન કરવાની શક્તિ હોવાથી સ્ફટીકમાં જ્યા પુષ્પના નિમિત્તે ઉપાધિ ઉત્પન્ન થાય છે પરંતુ લાકડા આદિમાં ઉત્પન્ન નથી થતી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે તેમાં (લાકડામાં) ઉપાધિરૂપ પરિણમન શક્તિનો અભાવ હોય છે હવે જો દ્રવ્યમિથ્યાત્વ પ્રકૃતિ એકાંતરૂપથી કર્તા થઈને ભાવ મિથ્યાત્વને કરે છે તો જીવ ભાવ મિથ્યાત્વનો અકર્તા થશે. ભાવ મિથ્યાત્વના અભાવમાં કર્મબંધનો અભાવ થશે અને તેથી સંસારનો અભાવ થશે જે પ્રત્યક્ષ વિરુદ્ધ છે આ પ્રકારના વ્યાખ્યાનરૂપ ત્રીજા સ્થળમાં પાંચ ગાથાઓ પૂરી થઈ.

**તાત્પર્યવૃત્તિ સમૂહપીઠીકા :**

હવે જ્ઞાન-અજ્ઞાન સુખ-દુઃખાદિ કર્મ એકાંતથી કર્મ જ કરે છે આત્મા નથી કરતો એવું સાંખ્યમતાનુયાયી કહે છે. તેને નયવિભાગથી આત્માનું કથંચિત્ કર્તૃત્વ સિદ્ધ કરે છે. ત્યાં ૧૩ ગાથાઓમાં કર્મ જ એકાંતથી કર્તા હોય છે. તે પ્રકારના કથનની મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર છે. ત્યારબાદ સાંખ્યમતમાં આમ પણ કહ્યું છે એવા પ્રકારના સંવાદ બતાવતા બ્રહ્મચર્યની સ્થાપનાની મુખ્યતાથી બે ગાથાઓ છે અહિંસાની સ્થાપનાની મુખ્યતાથી બે ગાથાઓ છે. પ્રકૃતિનું જ કતૃત્વ છે આત્માનું નહિ એવા એકાંતના નિવારણને માટે તે જ ચાર ગાથાઓમાં દેખાડેલ દોષનું કથન કરવાવાળી ઉપસંહારરૂપથી એક ગાથા છે.

આ પ્રકારે પાંચ ગાથા સૂત્રોના સમૂહથી બીજું અંતર સ્થળ છે. ત્યારબાદ આત્મા કર્મ નથી કરતો અને આત્મા કર્મજનિત ભાવોને નથી કરતો પરંતુ આત્મા આત્માને કરે છે એ પ્રકારે એક

ગાથામાં પુર્વપક્ષ તથા ત્રણ ગાથામાં તેનું નિરાકરણ છે.

આ પ્રકારે સમૂહરૂપથી ચાર ગાથા સૂત્ર છે આ ચોથા અંતર અધિકારમાં ત્રણ સ્થળો દ્વારા સમુદાય પાતનિકા છે. તે આ પ્રકારે છે.

'આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે' એવા અર્થની ગાથાઓ હવે કહે છેઃ–

"કર્મો કરે અજ્ઞાની તેમ જ જ્ઞાની પણ કર્મો કરે,
કર્મો સુવાડે તેમ વળી, કર્મો જગાડે જીવને; ૩૩૨.
કર્મો કરે સુખી તેમ વળી કર્મો દુખી જીવને કરે,
કર્મો કરે મિથ્યાત્વી તેમ અસંયમી કર્મો કરે; ૩૩૩.
કર્મો ભમાવે ઊર્ધ્વ લોકે, અધઃ ને તિર્યક્ વિષે,
જે કાંઈ પણ શુભ કે અશુભ તે સર્વને કર્મ જ કરે. ૩૩૪.
કર્મ જ કરે છે, કર્મ એ આપે, હરે, -સઘળું કરે,
તેથી ઠરે છે એમ કે આત્મા અકારક સર્વ છે. ૩૩૫.
વળી 'પુરુષકર્મ સ્ત્રીને અને સ્ત્રીકર્મ ઈચ્છે પુરુષને'
-એવી શ્રુતિ આચાર્ય કેરી પરંપરા ઊતરેલ છે. ૩૩૬.
એ રીત 'કર્મ જ કર્મને ઈચ્છે'-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ અબ્રહ્મચારી અમ ઉપદેશમાં. ૩૩૭.
વળી જે હણે પરને, હણાયે પરથી, તેહ પ્રકૃતિ છે,
-એ અર્થમાં પરઘાત નામનું નામકર્મ કથાય છે. ૩૩૮.
એ રીત 'કર્મ જ કર્મને હણતું'-કહ્યું છે શ્રુતમાં,
તેથી ન કો પણ જીવ છે હણનાર અમ ઉપદેશમાં." ૩૩૯.
એમ સાંખ્યનો ઉપદેશ આવો, જે શ્રમણ પ્રરૂપણ કરે,
તેના મતે પ્રકૃતિ કરે છે, જીવ અકારક સર્વ છે! ૩૪૦.
અથવા તું માને 'આતમા મારો કરે નિજ આત્મને',
તો એવું તુજ મંતવ્ય પણ મિથ્યા સ્વભાવ જ તુજ ખરે. ૩૪૧.
જીવ નિત્ય તેમ વળી અસંખ્યપ્રદેશી દર્શિત સમયમાં,
તેનાથી તેને હીન તેમ અધિક કરવો શક્ય ના. ૩૪૨.
વિસ્તારથીય જીવરૂપ જીવનું લોકમાત્ર જ છે ખરે,
શું તેથી તે હીન-અધિક બનતો ? કેમ કરતો દ્રવ્યને ? ૩૪૩.
માને તું-'જ્ઞાયક ભાવ તો જ્ઞાનસ્વભાવે સ્થિર રહે',
તો એમ પણ આત્મા સ્વયં નિજ આતમાને નહિ કરે. ૩૪૪.

**ગાથાર્થઃ-**“ [ कर्मभिः तु ] **કર્મો** [ अज्ञानी क्रियते ] **( જીવને ) અજ્ઞાની કરે છે** [ तथा एव ] **તેમ જ** [ कर्मभिः ज्ञानी ] **કર્મો ( જીવને ) જ્ઞાની કરે છે,** [ कर्मभिः स्वाप्यते ] **કર્મો સુવાડે છે** [ तथा एव ] **તેમ જ** [ कर्मभिः जागर्यते ] **કર્મો જગાડે છે,** [ कर्मभिः सुखी क्रियते ] **કર્મો સુખી કરે છે** [ तथा एव ] **તેમ જ** [ कर्मभिः दुःखी क्रियते ] **કર્મો દુઃખી કરે છે,** [ कर्मभिः च मिथ्यात्वं नीयते ] **કર્મો મિથ્યાત્વ પમાડે છે** [ च एव ] **તેમ જ** [ असंयमं नीयते ] **કર્મો અસંયમ પમાડે છે,** [ कर्मभिः ] **કર્મો** [ उर्ध्वम् अधः च अपि तिर्यग्लोकं च ] **ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગ્લોકમાં** [ भ्राम्यते ] **ભમાવે છે,** [ यत्किञ्चित् यावत् शुभाशुभं ] **જે કાંઈ પણ જેટલું શુભ અશુભ છે તે બધું** [ कर्मभिः च एव क्रियते ] **કર્મો જ કરે છે.** [ यस्मात् ] **જેથી** [ कर्म करोति ] **કર્મ કરે છે,** [ कर्म ददाति ] **કર્મ આપે છે,** [ हरति ] **કર્મ હરી લે છે–** [ इति यत्किञ्चित् ] **એમ જે કાંઈ પણ કરે છે તે કર્મ જ કરે છે,** [ तस्मात् तु ] **તેથી** [ सर्वजीवाः ] **સર્વ જીવો** [ अकारकाः आपन्नाः भवन्ति ] **અકારક ( અકર્તા ) ઠરે છે.**

**વળી,** [ पुरुषः ] **પુરુષવેદકર્મ** [ स्त्र्यभिलाषी ] **સ્ત્રીનું અભિલાષી છે** [ च ] **અને** [ स्त्रीकर्म ] **સ્ત્રીવેદકર્મ** [ पुरुषम् अभिलषति ] **પુરુષની અભિલાષા કરે છે–** [ एषा आचार्यपरम्परागता ईदृशी तु श्रुतिः ] **એવી આ આચાર્યની પરંપરાથી ઊતરી આવેલી શ્રુતિ છે;** [ तस्मात् ] **માટે** [ अस्माकम् उपदेशे तु ] **અમારા ઉપદેશમાં** [ कः अपि जीवः ] **કોઈ પણ જીવ** [ अब्रह्मचारी न ] **અબ્રહ્મચારી નથી,** [ यस्मात् ] **કારણ કે** [ कर्म च एव हि ] **કર્મ જ** [ कर्म अभिलषति ] **કર્મની અભિલાષા કરે છે** [ इति भणितम् ] **એમ કહ્યું છે.**

**વળી,** [ यस्मात् परं हन्ति ] **જે પરને હણે છે** [ च ] **અને** [ परेण हन्यते ] **જે પરથી હણાય છે** [ सा प्रकृतिः ] **તે પ્રકૃતિ છે–** [ एतेन अर्थन किल ] **એ અર્થમાં** [ परघातनाम इति भण्यते ] **પરઘાતનામકર્મ કહેવામાં આવે છે,** [ तस्मात् ] **તેથી** [ अस्माकम् उपदेशे ] **અમારા ઉપદેશમાં** [ कः अपि जीवः ] **કોઈ પણ જીવ** [ उपघातकः न अस्ति ] **ઉપઘાતક ( હણનાર ) નથી** [ यस्मात् ] **કારણ કે** [ कर्म च एव हि ] **કર્મ જ** [ कर्म हन्ति ] **કર્મને હણે છે** [ इति भणितम् ] **એમ કહ્યું છે.** ”

**( આચાર્યભગવાન કહે છે કેઃ– )** [ एवं तु ] **આ પ્રમાણે** [ ईदृशं साङ्ख्योपदेशं ] **આવો સાંખ્યમતનો ઉપદેશ** [ ये श्रमणाः ] **જે શ્રમણો ( જૈન મુનિઓ )** [ प्ररूपयन्ति ] **પ્રરૂપે છે** [ तेषां ] **તેમના મતમાં** [ प्रकृतिः करोति ] **પ્રકૃતિ જ કરે છે** [ आत्मानः च सर्वे ] **અને આત્માઓ તો સર્વે** [ अकारकाः ] **અકારક છે એમ ઠરે છે !**

[ अथवा ] **અથવા ( કર્તાપણાનો પક્ષ સાધવાને )** [ मन्यसे ] **જો તું એમ માને કે** ‘[ मम आत्मा ] **મારો આત્મા** [ आत्मनः ] **પોતાના** [ आत्मानम् ] **( દ્રવ્યરૂપ ) આત્માને** [ करोति ] **કરે છે**’, [ एतत जानतः तव ] **તો એવું જાણનારનો તારો** [ एषः मिथ्यास्वभावः ] **એ**

મિથ્યાસ્વભાવ છે ( અર્થાત્ એમ જાણવું તે તારો મિથ્યાસ્વભાવ છે ); [ यद् ] કારણ કે– [ समये ] **સિદ્ધાંતમાં** [ आत्मा ] **આત્માને** [ नित्यः ] **નિત્ય,** [ असङ्ख्येय–प्रदेशः ] **અસંખ્યાત-પ્રદેશી** [ दर्शितः तु ] **બતાવ્યો છે,** [ ततः ] **તેનાથી** [ सः ] **તેને** [ हीनः अधिकः च ] **હીન-અધિક** [ कर्तुं न अपि शक्यते ] **કરી શકાતો નથી;** [ विस्तरतः ]
**વળી વિસ્તારથી પણ** [ जीवस्य जीवरूपं ] **જીવનું જીવરૂપ** [ खलु ] **નિશ્ચયથી** [ लोकमात्रं जानीहि ] **લોકમાત્ર જાણ;** [ ततः ] **તેનાથી** [ किं सः हीनः अधिकः वा ] **શું તે હીન અથવા અધિક થાય છે ?** [ द्रव्यम् कथं करोति ] **તો પછી ( આત્મા ) દ્રવ્યને ( અર્થાત્ દ્રવ્યરૂપ આત્માને ) કઈ રીતે કરે છે ?**

[ अथ ] **અથવા જો '** [ ज्ञायकः भावः तु ] **જ્ઞાયક ભાવ તો** [ ज्ञानस्वभावेन तिष्ठति ] **જ્ઞાનસ્વભાવે સ્થિત રહે છે '** [ इति मतम् ] **એમ માનવામાં આવે,** [ तस्मात् अपि ] **તો એમ પણ** [ आत्मा स्वयं ] **આત્મા પોતે** [ आत्मनः आत्मानं तु ] **પોતાના આત્માને** [ न करोति ] **કરતો નથી એમ ઠરે છે !**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૩૨ થી ૩૪૪)**

તાત્પર્યવૃત્તિ : એકાંતથી કર્મો દ્વારા જીવને અજ્ઞાની કરવામાં આવે છે (અને) તે જ પ્રકારે કર્મોના દ્વારા (જીવને) જ્ઞાની કરવામાં આવે છે. (કર્મોના દ્વારા) નિદ્રાને પ્રાપ્ત કરાય છે તેવી જ રીતે જાગૃત કરવામાં આવે છે. આ પ્રકારે પ્રથમ ગાથા થઈ.

જીવ કર્મોથી સુખી કરવામાં આવે છે તેવી જ રીતે કર્મોથી દુઃખી કરવામાં આવે છે. એકાંતરૂપથી કર્મોના દ્વારા મિથ્યાત્વને પ્રાપ્ત કરાવવામાં આવે છે. તે જ પ્રકારે અસંયમને પણ પ્રાપ્ત કરવામાં આવે છે આ પ્રકારે બીજી ગાથા થઈ. કર્મો દ્વારા જ ઉર્ધ્વલોક, અધોલોક ને મધ્યલોકમાં પરિભ્રમણ પ્રાપ્ત કરાવાય છે તથા અન્ય જે કંઈ શુભ અશુભ રૂપ છે તે બધું કર્મો દ્વારા કરાવવામાં આવે છે આ રીતની ત્રીજી ગાથા થઈ.

એટલા માટે એમ કહ્યું છે કે જે કંઈ શુભ અશુભ છે તે બધું કર્મ જ કરાવે છે, કર્મ જ આપે છે, કર્મ જ છીનવે છે, તેથી બધાં જીવ એકાંતથી અકર્તાપણાને પ્રાપ્ત થાય છે. (જો આમ માને છે) તો કર્મનો (જીવને) અભાવ થાય છે, કર્મનો અભાવ થવા પર સંસારનો અભાવ થાય છે કે જે પ્રત્યક્ષ વિરૂદ્ધ છે, આ પ્રકારે કર્મોના એકાંતરૂપ કર્તૃત્વના દોષની મુખ્યતાથી ચાર ગાથા સૂત્ર પૂરા થયા.

એકાંતથી કર્મ જ કરે છે એવા પૂર્વોક્ત અર્થને શ્રી કુંદકુંદ આચાર્યદેવ સાંખ્યમતના સંવાદને દેખાડીને ફરી સમર્થન કરે છે. અમે જે કહીએ છીએ તે દ્વેષબુદ્ધિથી નથી કહેતા, તમારા મતમાં પણ કહ્યું છે કે પુરુષવેદ નામક કર્મ કર્તા થઈને સ્ત્રીવેદ કર્મની અભિલાષા કરે છે અને સ્ત્રીવેદ નામક કર્મ પુરુષ વેદની અભિલાષા કરે છે પણ જીવ એવી અભિલાષા કરતો નથી, આ પ્રકારની આચાર્ય પરંપરાથી ચાલતી આવતી શ્રુતી છે.

(પ્રશ્ન) શ્રુતીનો અર્થ શો છે ?

(ઉત્તર) તમારા સાંખ્યજનોના આગમને (શ્રુતી કહે છે) આ પ્રકારે પ્રથમ ગાથા થઈ.

(પ્રશ્ન) આવુ થવામાં શું દોષ છે ?

(ઉત્તર) આ પ્રકારના ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી પણ જેવી રીતે શુદ્ધનિશ્ચયનયથી બધાં જીવો બ્રહ્મચારી છે તે પ્રકારે એકાંતથી અશુદ્ધ નિશ્ચયનયથી પણ બધાં બ્રહ્મચારી જ છે કેમકે પુરુષવેદ નામનું કર્મ સ્ત્રીવેદ નામના કર્મની અભિલાષા કરે છે અને જીવ કાંઈપણ અભિલાષા કરતો નથી એવું તમારું પૂર્વ કથન છે પરંતુ તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. આ પ્રકારે અબ્રહ્મ (ના) કથનરૂપથી બે ગાથાઓ પૂરી થઈ.

જે કારણથી પ્રકૃતિ કર્તા થઈને બીજાના કર્મનો નાશ કરે છે અને બીજાઓના કર્મ દ્વારા તે પ્રકૃતિઓનો કર્તા થઈને નાશ કરવામાં આવે છે, જીવ કોઈને પણ ઘાત કરતો નથી તથા કોઈના દ્વારા તેમનો ઘાત કરવામાં આવતો નથી. આ અર્થને જૈનમતમાં (પણ) પરઘાત નામકર્મો કહેવામાં આવેલ છે. પરંતુ જૈનમતમાં જીવ (જ્યારેં) હિંસાભાવથી પરિણમિત થાય છે ત્યારે પરઘાત નામકર્મો સહકારી કારણ કે નિમિત્ત હોય છે તેથી વિરોધ નથી. આ પ્રકારની પહેલી ગાથા થઈ.

(પ્રશ્ન) તો આમાં શું દોષ છે ?

(ઉત્તર) પ્રથમ તો શુદ્ધપારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવ અપરિણામી છે. હિંસા પરિણામથી રહિત છે એવું જિનાગમમાં કહ્યું છે.

(પ્રશ્ન) કઈ રીતે કહ્યું છે ?

(ઉત્તર) શુદ્ધનયથી બધાં જીવ શુદ્ધ છે એવું આગમનું વચન છે પરંતુ વ્યવહારનયથી જીવ પરિણામી છે. તમારા (સાંખ્ય) મતમાં જેવી રીતે શુદ્ધનયથી કોઈપણ જીવ હિંસક-ઉપઘાતક નથી તે પ્રકારે અશુદ્ધનયથી પણ કોઈજીવ હિંસક-ઉપઘાતક નથી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે એકાંતથી કર્મ જ અન્યકર્મનો નાશ કરે છે પરંતુ આત્મા નાશ નથી કરતો એવું સ્પષ્ટ (તમારા) પૂર્વ સૂત્રમાં કહ્યું છે. આ પ્રકારે હિંસાના વિચારની મુખ્યતાથી બે ગાથાઓ પૂરી થઈ.

આ રીતે પૂર્વે કહેલ સાંખ્યમતના ઉપદેશની જેમ પરમાગમમાં કહેલા નયવિભાગને ન જાણતો થકો શ્રમણાભાસ દ્રવ્યલિંગી એકાંતરૂપથી કથન કરે છે, તેના એકાંત મતમાં એકાંતરૂપથી પ્રકૃતિ કર્તા થાય છે અને બધાં આત્મા અકારક-અકર્તા થાય છે, તો પછી કર્તૃત્વના અભાવમાં કર્મનો અભાવ છે ને કર્મના અભાવમાં સંસારનો અભાવ છે તો (પછી) બધાં જીવ મુક્ત છે એવો પ્રસંગ આવે છે જે પ્રત્યક્ષ વિરુદ્ધ છે. ફરી જૈનમતમાં પરસ્પર સાપેક્ષ નિશ્ચય વ્યવહાર બંને નયથી બધું ઘટિત થાય છે તેમાં દોષ નથી. આ પ્રકારે સાંખ્યમતનો સંવાદ દેખાડીને જીવને એકાંતરૂપ

અકર્તાપણામાં દોષ છે આ કથન પાંચ ગાથાઓમાં પૂરું થયું.

હે ! સાંખ્યજન જો પૂર્વોક્ત અકર્તૃત્વ દોષના ભયથી તું એમ માને કે મારા મતમાં જીવ જ્ઞાની છે અને જ્ઞાનીપણું હોવાને કારણે કર્મનું કર્તાપણું ઘટતું નથી. (કર્મના કર્તાપણાને કારણે) અજ્ઞાનીને કર્મબંધ થાય છે (અમે તો એમ માનીએ છીએ કે) આત્મા કર્તા છે તે આત્માને કરે ને કરણભૂત આત્મા દ્વારા જ કરે છે આ કારણથી અમને અકતૃત્વ દોષ નથી. આ પ્રકારની તારી માન્યતા પણ મિથ્યા છે. આ પ્રકારે આ પૂર્વપક્ષની ગાથા થઈ.

હવે ત્રણ ગાથા સૂત્રો દ્વારા નિરાકરણ કરે છે.

(પ્રશ્ન) કયા કારણથી મિથ્યા છે ?

(ઉત્તર) કેમકે આત્મા દ્રવ્યાર્થિકનયથી નિત્ય તથા અસંખ્યાત પ્રદેશી પરમાગમમાં કહ્યો છે. તે આત્માને શુદ્ધ ચૈતન્ય અન્વય લક્ષણવાળું દ્રવ્યપણું તથા અસંખ્યાત પ્રદેશીપણું તો પહેલેથી જ છે, તે દ્રવ્યને તથા પ્રદેશત્વને તેના પ્રમાણથી ઓછું અથવા વધારે કરવું સંભવ નથી આ કારણથી આત્મા આત્માને કરે છે એ વચન મિથ્યા છે.

હવે જો એમ માનવામાં આવે કે અસંખ્યાતના પરિમાણ-માપમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી અનેક ભેદ છે. એટલે જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટરૂપથી અસંખ્યાત પ્રદેશોને જીવ કરે છે. પરંતુ તે તો ઘટિત નથી થતું. કારણ કે જીવના જીવરૂપ પ્રદેશોની અપેક્ષાથી વિસ્તારને પ્રાપ્ત થયેલ મહામચ્છ (ની પર્યાય) ના કાળમાં લોકપૂરણ (સમુદ્ઘાત) કાળમાં અથવા જઘન્યરૂપથી સૂક્ષ્મ નિગોદ અવસ્થાના કાળમાં અને અનેક પ્રકારના મધ્યમ અવગાહનાવાળા શરીરના ગ્રહણના કાળમાં દીપક (ના પ્રકાશ) ની જેમ વિસ્તાર અને સંકોચને કારણે લોકમાત્ર અસંખ્યાત લોક પ્રદેશ માત્ર પ્રદેશવાળો જ રહે છે એમ સ્પષ્ટ જાણો. તેથી લોકાકાશના અસંખ્યાત પ્રદેશ પ્રમાણમાત્ર આ જીવ શું હીન અધિક કરી શકાય છે ? કે જેથી તું એમ કહે કે આત્મદ્રવ્યને આત્માએ કર્યો.

(તું કહે છે) એમ નથી. અર્થાત્ આત્મા હીન-અધિક નથી થતો હે શિષ્ય જ્ઞાયકભાવ અર્થાત્ આત્મા જ્ઞાનરૂપ તો પહેલેથી જ છે એવી માન્યતા માન્ય કે સ્વીકાર્ય જ છે. કેમકે નિર્મળાનંદ એક જ્ઞાનસ્વભાવ શુદ્ધાત્મા પહેલેથી જ છે એટલે કર્તા-આત્મા કર્મપણાને પ્રાપ્ત આત્માને સ્વયં જ આત્મા દ્વારા નથી કરતો. (તેથી આત્મા આત્માને કરેછે) તે પ્રથમ દોષ થયો બીજો નિર્વિકાર પરમતત્ત્વજ્ઞાની (આત્મા) કર્તા નથી થતો એવું પહેલાં જ કહી દેવામાં આવ્યું છે. આ પ્રકારે પૂર્વપક્ષના નિરાકરણરૂપથી ત્રીજા અંતર સ્થળમાં ચાર ગાથાઓ પૂરી થઈ.

(પ્રશ્ન) કોઈ પૂછે છે કે જીવથી (દ્રવ્ય) પ્રાણ ભિન્ન છે કે અભિન્ન ? જો અભિન્ન છે તો જેવી રીતે જીવનો વિનાશ નથી થતો તેવી રીતે પ્રાણોનો પણ વિનાશ નથી તો પછી હિંસા કેવી રીતે છે ? અને (જો પ્રાણ જીવથી) ભિન્ન છે તો જીવનો પ્રાણઘાત થવાથી શું (બગાડ) થયો ? તો પણ હિંસા નથી.

(ઉત્તર) ના એમ નથી. કેમકે કાયાદિ પ્રાણોની સાથે કથંચતિ્ ભેદપણુ (અને) અભેદપણું છે.

(પ્રશ્ન) કેવી રીતે ?

(ઉત્તર) વર્તમાનકાળમાં તપેલા લોખડના પિંડની જેમ (દ્રવ્ય) પ્રાણોને જીવથી જુદા કરવા સંભવ નથી એ કારણે વ્યવહારથી અભેદ છે. નિશ્ચયથી મરણકાળમાં કાયાદિપ્રાણ જીવની સાથે નથી જતાં તેથી તે કારણથી તે ભેદરૂપ છે જો એકાંતથી ભેદ છે તો જેવી રીતે પારકા શરીરના છેદાવા ભેદાવા પર પણ દુઃખ નથી થતું તેમ પોતાના શરીરમાં પણ (તેવું થતાં) દુઃખ ન થવું જોઈએ. પરંતુ એવું નથી થતું કારણ કે એમાં તો પ્રત્યક્ષ વિરોધ છે.

(પ્રશ્ન) તો પછી વ્યવહારથી હિંસા થઈ પરંતુ નિશ્ચયથી હિંસા ન થઈ.

(ઉત્તર) તમે સાચુ કહો છો કે વ્યવહારથી હિંસા થઈ અને પાપ પણ નરકાદિના દુઃખ પણ વ્યવહારથી જ હોય છે આ વાત અમોને પણ સ્વીકાર્ય છે. તે નરકાદિ દુઃખ તમોને સારા લાગતા હોય તો હિંસા કરો, અને જો (તે દુઃખોથી) બીક લાગતી હોય તો (હિંસા) ને છોડો.

આથી એમ સિદ્ધ થયું કે એકાંતથી સાંખ્યમતવાળાઓની જેમ આત્મા અકર્તા નથી.

(પ્રશ્ન) તો પછી કઈ રીતે છે ?

(ઉત્તર) રાગાદિ વિકલ્પ રહિત સમાધિ લક્ષણરૂપ ભેદજ્ઞાનના કાળમાં આત્મા કર્મોનો કર્તા નથી. એ સિવાયના કાળમાં કર્તા છે.

આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ અંતરંગ સ્થળોમાં ચોથા સ્થાનમાં ૧૩ ગાથા સૂત્ર પૂર્ણ થયા.

**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**તેથી કરે છે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૫.**
**પર્યાય કંઈકથી વિણસે જીવ, કંઈકથી નહિ વિણસે,**
**જીવ તેથી વેદે તે જ કે બીજો-નહીં એકાંત છે. ૩૪૬.**
**જીવ જે કરે તે ભોગવે નહિ-જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૭.**
**જીવ અન્ય કરતો, અન્ય વેદે-જેહનો સિદ્ધાંત એ,**
**તે જીવ મિથ્યાદૃષ્ટિ છે, અર્હંતના મતનો નથી. ૩૪૮.**

**ગાથાર્થઃ-** [ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ] કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી [ न एव ] નથી નાશ પામતો, [ तस्मात् ] તેથી [ सः वा करोति ] ‘ ( જે ભોગવે છે ) તે જ કરે છે ’ [ अन्यः वा ] અથવા ‘ બીજો જ કરે છે ’ [ न एकान्तः ] એવો એકાંત નથી ( – સ્યાદ્‌વાદ છે ).

[ यस्मात् ] કારણ કે [ जीवः ] જીવ [ कैश्चित् पर्यायैः तु ] કેટલાક પર્યાયોથી [ विनश्यति ] નાશ પામે છે [ तु ] અને [ कैश्चित् ] કેટલાક પર્યાયોથી [ न एव ] નથી નાશ પામતો, [ तस्मात् ] તેથી [ सः वा वेदयते ] '( જે કરે છે ) તે જ ભોગવે છે ' [ अन्यः वा ] અથવા ' બીજો જ ભોગવે છે ' [ न एकान्तः ] એવો એકાંત નથી ( –સ્યાદ્વાદ છે ).

'[ यः च एव करोति ] જે કરે છે [ सः च एव न वेदयते ] તે જ નથી ભોગવતો ' [ एषः यस्य सिद्धान्तः ] એવો જેનો સિદ્ધાંત છે, [ सः जीवः ] તે જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ, [ अनार्हतः ] અનાર્હત ( –અર્હત્‌ના મતને નહિ માનનારો ) [ ज्ञातव्यः ] જાણવો.

'[ अन्यः करोति ] બીજો કરે છે [ अन्यः परिभुंक्ते ] અને બીજો ભોગવે છે ' [ एषः यस्य सिद्धान्तः ] એવો જેનો સિદ્ધાંત છે, [ सः जीवः ] તે જીવ [ मिथ्यादृष्टिः ] મિથ્યાદૃષ્ટિ, [ अनार्हतः ] અનાર્હત ( –અજૈન ) [ सज्ञातव्यः ] જાણવો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૪૫ થી ૩૪૮)**

ઉત્થાનિકા : હવે દ્રવ્યાર્થિકનયથી જે કર્મ કરે છે તે જ તેનો ભોક્તા છે. પરંતુ પર્યાયાર્થિકનયથી અન્ય કરે છે અને અન્ય જ ભોગવે છે એ પ્રકારે જે માને છે તે સમ્યક્દૃષ્ટિછે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : પર્યાયાર્થિકનય વિભાગથી દેવ મનુષ્યાદિરૂપ કેટલાય પર્યાયોથી જીવ નષ્ટ થાય છે અને દ્રવ્યાર્થિકનય વિભાગથી કેટલીય પર્યાયો (થવા છતાં) તેનાથી નષ્ટ નથી થતો કેમકે જીવનું સ્વરૂપ નિત્ય-અનિત્ય સ્વભાવવાળું છે. આ કારણથી દ્રવ્યાર્થિકનયથી તે જ કર્મ કરે છે.

(પ્રશ્ન) કોણ તે (કર્મ કરે છે) ?

(ઉત્તર) તે જ કે જે ભોગવે છે. પર્યાયાર્થિક નયથી અન્ય કર્મ કરે છે. અન્ય ભોગવે છે. આ સંબંધમાં એકાંત નથી આ રીતે કર્તૃત્વની મુખ્યતાથી પ્રથમ ગાથા થઈ. પર્યાયાર્થિકનય વિભાગથી દેવ, મનુષ્ય આદિરૂપ કેટલીયે પર્યાયોથી જીવ નષ્ટ થાય છે અને દ્રવ્યાર્થિકનય વિભાગથી જીવ નષ્ટ નથી થતો કેમકે જીવનું સ્વરૂપ નિત્ય અનિત્ય સ્વભાવવાળું છે. આ કારણથી નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સુખામૃતરૂપ રસાસ્વાદને પ્રાપ્ત ન કરતો થકો તે કર્મફળનું વેદન કે અનુભવ કરે છે.

(પ્રશ્ન) તે કોણ ? ( અનુભવ કરે છે)

(ઉત્તર) તે જ કે જે પૂર્વકર્મ કરે છે.

પર્યાયાર્થિકનયથી અન્ય કર્મ ભોગવે છે (અને) અન્ય કર્મ કરે છે. આ સંબંધમાં એકાંત નથી. આવી રીતે ભોક્તૃત્વની મુખ્યતાથી બીજી ગાથા પૂરી થઈ.

આનું વિશેષ એમ છે કે દ્રવ્યાર્થિકનયથી જે જીવ મનુષ્યભવમાં શુભ અશુભ કર્મ કરે છે તે જ જીવ સ્વર્ગમાં અથવા નરકગતિમાં તે કર્મનું ફળ ભોગવે છે. પર્યાયાર્થિકનયથી તે જ ભવની અપેક્ષાએ બાલ્યકાળમાં કરવામાં આવેલ કર્મોનું ફળ યૌવન આદિ અન્ય પર્યાયમાં ભોગવે છે. બહુ ટૂંકાણમાં

કહીએ તો અંતમુર્હૂત પછી ભોગવે છે પરંતુ ભવાંતરની અપેક્ષાએ મનુષ્ય પર્યાયમાં કરવામાં આવેલ કર્મ દેવાદિ પર્યાયમાં ભોગવે છે એવો ભાવાર્થ છે. આ પ્રકારે બે ગાથાઓ દ્વારા અનેકાંતની વ્યવસ્થાપના રૂપમાં પોતાના પક્ષની સિદ્ધિ કરવામાં આવે છે.

હવે એકાંતથી જે કરે છે તે જ ભોગવે છે અથવા એકાંતથી અન્ય કરે છે ને અન્ય ભોગવે છે તે પ્રકારથી જે એકાંત કહે છે તે મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

જે જીવ શુભ-અશુભ કર્મ કરે છે તે જ એકાંતથી તેના ફળને ભોગવે છે, પણ બીજો કોઈ નહિ, એવો જેનો સિદ્ધાંત કે આગમ છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે અર્થાત્ અર્હંતના મતનો નથી એમ જાણવું જોઈએ.

(પ્રશ્ન) તે મિથ્યાદૃષ્ટિ કેમ છે ?

(ઉત્તર) જો એકાંતરૂપથી જીવને સાંખ્યમતની જેમ નિત્ય, કુટસ્થ, ટંકોત્કીર્ણ, અપરિણામી માનવામાં આવે તો જે જીવે મનુષ્યભવમાં નરકગતિને યોગ્ય પાપકર્મ કરેલ છે તથા સ્વર્ગગતિને યોગ્ય પુણ્યકર્મ કરેલ છે તે જીવનું નરકમાં કે સ્વર્ગમાં ગમન નહિ થાય. આ જ પ્રકારે શુદ્ધાત્માના અનુષ્ઠાનમાં મોક્ષ પણ ક્યાંથી થશે ? અર્થાત્ નહિ થાય. કેમકે (તેણે) જીવને નિત્ય એકાંત (રૂપ) માન્યો.

અન્ય જીવ કર્મ કરે છે અને અન્ય જીવ કર્મ ભોગવે છે એમ જો એકાંતથી કહે છે તો જે મનુષ્યભવમાં પુણ્યકર્મ કર્યું, પાપ કર્મ કર્યું તથા મોક્ષને માટે શુદ્ધાત્માનું અનુષ્ઠાન કર્યું તેના તે પુણ્યકર્મનું દેવલોકમાં અન્ય કોઈ દ્વારા ભોગવાયું. પરંતુ તે જીવ (તેનું) ભોક્તા ન થયું. તેવી જ રીતે નરકમાં પણ (પાપકર્મનો કોઈ બીજો ભોક્તા થયો) તેવી રીતે કેવળજ્ઞાન આદિની વ્યક્તિ-પ્રગટરૂપ મોક્ષ કોઈ અન્યને પ્રાપ્ત થશે. તો પછી પુણ્ય પાપ તથા મોક્ષનું અનુષ્ઠાન વ્યર્થ થશે. આ પ્રકારનો દોષ બૌદ્ધમતમાં છે. આ પ્રકારે બે ગાથાઓ દ્વારા નિત્ય એકાંતમત તથા અનિત્ય એકાંતમતનું નિરાકરણ કર્યું. આ પ્રકારે બીજા સ્થળમાં ચાર ગાથાઓ સમાપ્ત થઈ.

હવે આ કથનને દૃષ્ટાંત દ્વારા ગાથામાં કહે છેઃ–

**જ્યમ શિલ્પી કર્મ કરે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કર્મો કરે પણ તે નહીં તન્મય બને. ૩૪૯.**
**જ્યમ શિલ્પી કરણ વડે કરે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરણ વડે કરે પણ તે નહીં તન્યમ બને. ૩૫૦.**
**જ્યમ શિલ્પી કરણ ગ્રહે પરંતુ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ પણ કરણો ગ્રહે પણ તે નહીં તન્મય બને. ૩૫૧.**
**શિલ્પી કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને,**
**ત્યમ જીવ કરમફળ ભોગવે પણ તે નહીં તન્મય બને. ૩૫૨.**

**-એ રીત મત વ્યવહારનો સંક્ષેપથી વક્તવ્ય છે;**
**સાંભળ વચન નિશ્ચય તણું પરિણામવિષયક જેહ છે. ૩૫૩.**
**શિલ્પી કરે ચેષ્ટા અને તેનાથી તેહ અનન્ય છે,**
**ત્યમ જીવ કર્મ કરે અને તેનાથી તેહ અનન્ય છે. ૩૫૪.**
**ચેષ્ટા કરંતો શિલ્પી જેમ દુખિત થાય નિરંતરે.**
**ને દુખથી તેહ અનન્ય, ત્યમ જીવ ચેષ્ટમાન દુખી બને. ૩૫૫.**

**ગાથાર્થઃ-** [ यथा ] જેમ [ शिल्पिकः तु ] **શિલ્પી** ( -સોની આદિ કારીગર ) [ कर्म ] **કુંડળ આદિ કર્મ** [ करोति ] **કરે છે** [ सः तु ] **પરંતુ તે** [ तन्मयः न च भवति ] **તન્મય** ( તે-મય, કુંડળાદિમય ) **થતો નથી,** [ तथा ] **તેમ** [ जीवः अपि च ] **જીવ પણ** [ कर्म ] **પુણ્યપાપ આદિ પુદ્‌ગલકર્મ** [ करोति ] **કરે છે** [ न च तन्मयः भवति ] **પરંતુ તન્મય** ( પુદ્‌ગલકર્મમય ) **થતો નથી.** [ यथा ] **જેમ** [ शिल्पिकः तु ] **શિલ્પી** [ करणैः ] **હથોડા આદિ કરણો વડે** [ करोति ] ( કર્મ ) **કરે છે** [ सः तु ] **પરંતુ તે** [ तन्मयः न च भवति ] **તન્મય** ( હથોડા આદિ કરણોમય ) **થતો નથી,** [ तथा ] **તેમ** [ जीवः ] **જીવ** [ करणैः ] ( મન-વચન-કાયરૂપ ) **કરણો વડે** [ करोति ] ( કર્મ ) **કરે છે** [ न च तन्मयः भवति ] **પરંતુ તન્મય** ( મન-વચન-કાયરૂપ કરણોમય ) **થતો નથી.** [ यथा ] **જેમ** [ शिल्पिकः तु ] **શિલ્પી** [ करणानि ] **કરણોને** [ गृह्णाति ] **ગ્રહણ કરે છે** [ सः तु ] **પરંતુ તે** [ तन्मयः न च भवति ] **તન્મય થતો નથી,** [ तथा ] **તેમ** [ जीवः ] **જીવ** [ करणानि तु ] **કરણોને** [ गृह्णाति ] **ગ્રહણ કરે છે** [ न च तन्मयः भवति ] **પરંતુ તન્મય** ( કરણોમય ) **થતો નથી.** [ यथा ] **જેમ** [ शिल्पी तु ] **શિલ્પી** [ कर्मफलं ] **કુંડળ આદિ કર્મના ફળને** ( ખાનપાન આદિને ) [ भुंक्ते ] **ભોગવે છે** [ सः तु ] **પરંતુ તે** [ तन्मयः न च भवति ] **તન્મય** ( ખાનપાનાદિમય ) **થતો નથી,** [ तथा ] **તેમ** [ जीवः ] **જીવ** [ कर्मफलं ] **પુણ્યપાપાદિ પુદ્‌ગલકર્મના ફળને** ( પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિને ) [ भुंक्ते ] **ભોગવે છે** [ न च तन्मयः भवति ] **પરંતુ તન્મય** ( પુદ્‌ગલપરિણામરૂપ સુખદુઃખાદિમય ) **થતો નથી.**

[ एवं तु ] **એ રીતે તો** [ व्यवहारस्य दर्शनं ] **વ્યવહારનો મત** [ समासेन ] **સંક્ષેપથી** [ वक्तव्यम् ] **કહેવાયોગ્ય છે.** [ निश्चयस्य वचनं ] ( હવે ) **નિશ્ચયનું વચન** [ शृण ] **સાંભળ** [ यत् ] **કે જે** [ परिणामकृतं तु भवति ] **પરિણામવિષયક છે.**

[ यथा ] **જેમ** [ शिल्पिकः तु ] **શિલ્પી** [ चेष्टां करोति ] **ચેષ્ટારૂપ કર્મને** ( પોતાના પરિણામરૂપ કર્મને ) **કરે છે** [ तथा च ] **અને** [ तस्याः अनन्यः भवति ] **તેનાથી અનન્ય છે,** [ तथा ] **તેમ** [ जीवः अपि च ] **જીવ પણ** [ कर्म करोति ] ( પોતાના પરિણામરૂપ ) **કર્મને કરે છે** [ च ] **અને** [ तस्मात् अनन्यः भवति ] **તેનાથી અનન્ય છે.** [ यथा ] **જેમ** [ चेष्टां कुर्वाणः ] **ચેષ્ટારૂપ કર્મ કરતો** [ शिल्पिकः तु ] **શિલ્પી** [ नित्यदुःखितः भवति ] **નિત્ય દુઃખી થાય છે**

[ तस्मात् च ] અને તેનાથી ( દુઃખથી ) [ अनन्यः स्यात् ] અનન્ય છે, [ तथा ] તેમ [ चेष्टमानः ] ચેષ્ટા કરતો ( પોતાના પરિણામરૂપ કર્મને કરતો ) [ जीवः ] જીવ [ दुःखी ] દુઃખી થાય છે ( અને દુઃખથી અનન્ય છે ).

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૪૯ થી ૩૫૫)**

ઉત્થાનિકા : હવે વ્યવહારથી કર્તા કર્મનો ભેદ છે. નિશ્ચયથી તો જે કર્તા છે તે જ કર્મ છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : જે પ્રકારે લોકમાં સોની સોનાના કડા આદિ કર્મ કરે છે.

(પ્રશ્ન) કોના દ્વારા ? (કર્મ કરે છે)

(ઉત્તર) હથોડા આદિ સાધન કે ઉપકરણો દ્વારા (કર્મ કરે છે)

તે હથોડા આદિ ઉપકરણોને હાથથી ગ્રહણ કરે છે તોપણ તેની એટલે કે સોનાના કડા આદિ કર્મ તથા હથોડા આદિ ઉપકરણો સાથે તન્મય થતો નથી. તેવી જ રીતે અજ્ઞાની જીવ પણ નિષ્ક્રિય, વિતરાગ, સ્વસંવેદનજ્ઞાનથી ભ્રષ્ટ થયો થકો જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ કરે છે.

(પ્રશ્ન) કોના દ્વારા ? (કરે છે ?)

(ઉત્તર) કર્મોને ઉત્પન્ન કરવાવાળા મન, વચન, કાયાના વ્યાપારરૂપ સાધનો-ઉપકરણો દ્વારા કરે છે.

આવી રીતે કર્મોદય વશ મન, વચન, કાયાના વ્યાપારરૂપ કર્મ ઉત્પાદક સાધનો-ઉપકરણો નો સંશ્લેષણ (એક ક્ષેત્રાવગાહ) સંબંધથી વ્યવહારનયથી ગ્રહણ કરે છે. તો પણ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ મન, વચન અને કાયાના વ્યાપારરૂપ કર્મ ઉત્પાદક ઉપકરણોની સાથે ટંકોત્કીર્ણ જ્ઞાયકપણારૂપ હોવાથી (તેનાથી) ભિન્ન હોવાને કારણે તન્મય થતો નથી. અને જેવી રીતે તે શિલ્પી-સ્વર્ણકાર આદિ સોનાના કડા આદિરૂપ કાર્ય કરવામાં આવતા જે કંઈ પણ ખાન-પાન આદિ મૂલ્ય પ્રાપ્ત કરે છે ને ભોગવે છે તો પણ તે ખાન-પાન આદિની સાથે તન્મય નથી થતો તેવી જ રીતે જીવ પણ બહિરંગ ઈષ્ટ-અનિષ્ટ ખાન-પાન આદિ રૂપ શુભઅશુભ કર્મફળને નિજ શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન મનોહર આનંદરૂપ સુખ સ્વાદને પ્રાપ્ત ન કરતો થકો ભોગવે છે પરંતુ તન્મય નથી થતો.

આ પ્રકારે પૂર્વોક્ત પ્રકારથી ચાર ગાથાઓ દ્વારા દ્રવ્યકર્મના કર્તૃત્વ અને ભોકતૃત્વરૂપ વ્યવહારનું દર્શન-નિદર્શન દ્રષ્ટાંત અથવા ઉદાહરણ છે તે હે શિષ્ય ! સંક્ષેપમાં કથન કરવા યોગ્ય, વ્યાખ્યા કરવા યોગ્ય અથવા કહેવા યોગ્ય છે તેની આગળ હવે કહેવામાં આવતા (અશુદ્ધ) નિશ્ચયનું વચન કે વ્યાખ્યાન સાંભળો.

(પ્રશ્ન) તે કેવા છે ?

(ઉત્તર) જે પરિણામ રાગાદિ વિકલ્પથી રચાયેલ છે. જેવી રીતે સોની આદિ કારીગર હું આ આ પ્રકારના કડા આદિ કરું છું એવા પ્રકારે મનમાં ચેષ્ટા કરે છે તે પ્રકારની તે ચેષ્ટાની સાથે તે

અનન્ય કે તન્મય હોય છે.

તેવી જ રીતે અજ્ઞાની જીવ કેવળજ્ઞાનાદિ વ્યક્તિરૂપ કાર્ય સમયસારનું સાધક જે નિર્વિકલ્પ સમાધિરૂપ કારણ સમયસાર છે તેનો અભાવ હોવાથી અશુદ્ધ નિશ્ચયનયથી અશુદ્ધ ઉપાદાનરૂપ મિથ્યાત્વ રાગાદિરૂપ ભાવકર્મને કરે છે તેથી ભાવકર્મની સાથે અનન્ય થાય છે આ પ્રકારે ભાવકર્મના કર્તૃત્વરૂપ ગાથા થઈ.

જે પ્રકારે તે શિલ્પી (સોની) હું કડા આદિને આ આ પ્રકારે કરું છું તેવી મનમાં ચેષ્ટા કરતો થકો ચિતમાં ખેદથી હંમેશા દુઃખી થાય છે ફક્ત દુખી જ નથી થતો પરંતુ તે તેવા દુઃખરૂપ વિકલ્પના અનુભવરૂપથી અનન્ય થાય છે.

તેવી જ રીતે અજ્ઞાની જીવ પણ વિશુદ્ધજ્ઞાન દર્શન આદિ વ્યક્તિરૂપ કાર્ય સમયસારનું સાધક જે આ નિશ્ચય રત્નત્રયાત્મક કારણ સમયસાર છે તેના લાભના અભાવમાં સુખ-દુઃખ ભોકતૃત્વના કાળે હર્ષવિષાદરૂપ ચેષ્ટા કરતો થકો મનમાં દુઃખી થાય છે તે હર્ષવિષાદરૂપ ચેષ્ટાની સાથે અશુદ્ધ નિશ્ચયનયથી અશુદ્ધ ઉપાદાનરૂપથી અનન્ય થાય છે. આ પ્રકારે પૂર્વોક્ત પ્રકારથી અજ્ઞાની જીવ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનથી ભ્રષ્ટ થઈને સ્વર્ણકાર આદિના દૃષ્ટાંતથી વ્યવહારનયથી દ્રવ્યકર્મ કરે છે ને તેને ભોગવે છે તે જ પ્રકારે અશુદ્ધ નિશ્ચયનયથી ભાવકર્મને (કરે છે ને ભોગવે છે) આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી છઠ્ઠા સ્થળમાં સાત ગાથાઓ થઈ.

**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**<br>
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.**<br>
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**<br>
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.**<br>
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**<br>
**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.**<br>
**જ્યમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**<br>
**દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા. ૩૫૯.**<br>
**એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;**<br>
**સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.**<br>
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**<br>
**જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.**<br>
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**<br>
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.**

**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.**
**જ્યમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.**

**ગાથાર્થઃ-** ( જોકે વ્યવહારે પરદ્રવ્યોને અને આત્માને જ્ઞેય-જ્ઞાયક, દૃશ્ય-દર્શક, ત્યાજ્ય-ત્યાજક ઇત્યાદિ સંબંધ છે, તોપણ નિશ્ચયે તો આ પ્રમાણે છેઃ- ) [ यथा ] જેમ [ सेटिका तु ] **ખડી** [ परस्य न ] **પરની ( -ભીંત આદિની ) નથી,** [ सेटिका ] **ખડી** [ सा च सेटिका भवति ] **તે તો ખડી જ છે,** [ तथा ] **તેમ** [ ज्ञायकः तु ] **જ્ઞાયક ( જાણનારો, આત્મા )** [ परस्य न ] **પરનો ( પરદ્રવ્યનો ) નથી,** [ ज्ञायकः ] **જ્ઞાયક** [ सः तु ज्ञायकः ] **તે તો જ્ઞાયક જ છે.** [ यथा ] **જેમ** [ सेटिका तु ] **ખડી** [ परस्य न ] **પરની નથી,** [ सेटिका ] **ખડી** [ सा च सेटिका भवति ] **તે તો ખડી જ છે,** [ तथा ] **તેમ** [ दर्शकः तु ] **દર્શક ( દેખનારો આત્મા )** [ परस्य न ] **પરનો નથી** [ दर्शकः ] **દર્શક** [ सः तु दर्शकः ] **તે તો દર્શક જ છે.** [ यथा ] **જેમ** [ सेटिका तु ] **ખડી** [ परस्य न ] **પરની ( -ભીંત આદિની ) નથી,** [ सेटिका ] **ખડી** [ सा च सेटिका भवति ] **તે તો ખડી જ છે,** [ तथा ] **તેમ** [ संयतः तु ] **સંયત ( ત્યાગ કરનારો, આત્મા )** [ परस्य न ] **પરનો ( -પરદ્રવ્યનો ) નથી,** [ संयतः ] **સંયત** [ सः तु संयतः ] **તે તો સંયત જ છે.** [ यथा ] **જેમ** [ सेटिका तु ] **ખડી** [ परस्य न ] **પરની નથી,** [ सेटिका ] **ખડી** [ सा च सेटिका भवति ] **તે તો ખડી જ છે,** [ तथा ] **તેમ** [ दर्शनं तु ] **દર્શન અર્થાત્ શ્રદ્ધાન** [ परस्य न ] **પરનું નથી,** [ दर्शनं तत् तु दर्शनम् ] **દર્શન તે તો દર્શન જ છે અર્થાત્ શ્રદ્ધાન તે તો શ્રદ્ધાન જ છે.**

[ एवं तु ] **એ પ્રમાણે** [ ज्ञानदर्शनचरित्रे ] **જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે** [ निश्चयनयस्य भाषितम् ] **નિશ્ચયનયનું કથન છે.** [ तस्य च ] **વળી તે વિષે** [ समासेन ] **સંક્ષેપથી** [ व्यवहारनयस्य वक्तव्यं ] **વ્યવહારનયનું કથન** [ शृणु ] **સાંભળ.**

[ यथा ] **જેમ** [ सेटिका ] **ખડી** [ आत्मनः स्वभावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **( ભીંત આદિ ) પરદ્રવ્યને** [ सेटियति ] **સફેદ કરે છે,** [ तथा ] **તેમ** [ ज्ञाता अपि ] **જ્ઞાતા પણ** [ स्वकेन् भावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ जानाति ] **જાણે છે.** [ यथा ] **જેમ** [ सेटिका ] **ખડી** [ आत्मनः स्वभावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ सेटयति ] **સફેદ કરે છે,** [ तथा ] **તેમ** [ जीवः अपि ] **જીવ પણ** [ स्वकेन भावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ पश्यति ] **દેખે છે.** [ यथा ] **જેમ** [ सेटिका ] **ખડી** [ आत्मनः स्वभावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ सेटयति ] **સફેદ કરે છે,**

[ तथा ] **તેમ** [ ज्ञाता अपि ] **જ્ઞાતા પણ** [ स्वकेन भावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ विजहाति ] **ત્યાગે છે.** [ यथा ] **જેમ** [ सेटिका ] **ખડી** [ आत्मनः स्वभावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ सेटयति ] **સફેદ કરે છે,** [ तथा ] **તેમ** [ सम्यग्दृष्टिः ] **સમ્યગ્દૃષ્ટિ** [ स्वभावेन ] **પોતાના સ્વભાવથી** [ परद्रव्यं ] **પરદ્રવ્યને** [ श्रद्धत्ते ] **શ્રદ્ધે છે.** [ एवं तु ] **આ પ્રમાણે** [ ज्ञानदर्शनचरित्रे ] **જ્ઞાન-દર્શન-ચારિત્ર વિષે** [ व्यवहारनयस्य विनिश्चयः ] **વ્યવહારનયનો નિર્ણય** [ भणितः ] **કહ્યો;** [ अन्येषु पर्यायेषु अपि ] **બીજા પર્યાયો વિષે પણ** [ एवम् एव ज्ञातव्यः ] **એ રીતે જ જાણવો.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૫૬ થી ૩૬૫)**

ઉત્થાનિકા : હવે જ્ઞાન જ્ઞેય વસ્તુઓને જાણે છે તો પણ દિવાલ પર સફેદ માટીની જેમ નિશ્ચયથી તન્મય થતું નથી. આ પ્રકારની નિશ્ચયની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. જેવી રીતે સફેદ માટી દિવાલને સફેદ કરે છે. એવું વ્યવહારથી કહેવામાં આવે છે તેવી જ રીતે જ્ઞાન જ્ઞેય વસ્તુને જાણે છે એવો વ્યવહાર છે. આવી રીતે વ્યવહારની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. તથા બધી મળીને દશ ગાથાઓ છે જે આ પ્રકારે છે.

તાત્પર્યવૃત્તિ : જેવી રીતે જગતમાં સેટીકા અર્થાત્ સફેદ માટી-ખડી નિશ્ચયથી પરદ્રવ્યરૂપ દિવાલની નથી થતી. તેનાથી તન્મય નથી થતી, પરંતુ બાહ્યભાગમાં જ રહે છે એવો અર્થ છે.

(પ્રશ્ન) તો શું થાય છે ?

(ઉત્તર) સેટીકા-સફેદ માટી પોતાના સફેદ સ્વરૂપમાં રહે છે એવો અર્થ છે. આ રીતે સફેદ માટીના દૃષ્ટાંતથી જ્ઞાનરૂપ આત્મા ઘટપટ આદિ જ્ઞેય પદાર્થનો નિશ્ચયથી જ્ઞાયક નથી. તન્મય નથી થતો એવો અર્થ છે.

(પ્રશ્ન) તો શું થાય છે ?

(ઉત્તર) જ્ઞાયક તો જ્ઞાયક જ રહે છે. સ્વસ્વરૂપમાં જ રહે છે એવો અર્થ છે. આ પ્રકારથી બ્રહ્મ અદ્વૈતવાદીની જેમ જ્ઞાન જ્ઞેયરૂપથી પરિણમતું નથી. આ કથનની મુખ્યતાથી ગાથા પૂર્ણ થઈ.

અને તેવી જ રીતે સફેદ માટીનાં દૃષ્ટાંતથી દર્શક આત્મા દૃશ્ય એવાં ઘટ આદિ પદાર્થનો નિશ્ચયથી દર્શક નથી હોતો તન્મય નથી થતો.

(પ્રશ્ન) તો પછી શું થાય છે ?

(ઉત્તર) દર્શક તો દર્શક જ રહે છે-સ્વસ્વરૂપમાં રહે છે એવો અર્થ છે આ પ્રકારથી સત્તા અવલોકનરૂપ દર્શક દૃશ્ય પદાર્થરૂપથી નથી પરિણમતો આ કથનની મુખ્યતાથી ગાથા પૂરી થઈ.

તેવી જ રીતે તે જ સફેદ માટીના દૃષ્ટાંતથી સંયત આત્મા ત્યાગવા યોગ્ય પરિગ્રહ આદિ પરદ્રવ્યનો નિશ્ચયથી ત્યાગી નથી હોતો. તેનાથી તન્મય નથી હોતો એવો અર્થ છે.

(પ્રશ્ન) તો શું થાય છે ?

(ઉત્તર) સંયત તો સંયત જ છે. નિર્વિકાર, નિજ, મનોહર આનંદ લક્ષણરૂપ નિજ સ્વરૂપમાં રહે છે એવો અર્થ છે. આ રીતે વિતરાગ ચારિત્રની મુખ્યતાથી ગાથા પૂરી થઈ.

તેવી જ રીતે તે સફેદ માટીના દૃષ્ટાંતથી તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન શ્રદ્ધેયરૂપ (એવા) બાહ્ય જીવાદિ પદાર્થોનો નિશ્ચયથી શ્રદ્ધાન કર્તા નથી થતો. તેનાથી તન્મય નથી થતો.

(પ્રશ્ન) તો પછી શું થાય છે ?

(ઉત્તર) સમ્યગદર્શન તો સમ્યગ્દર્શન જ છે. તે સ્વસ્વરૂપમાં જ રહે છે. એવો અર્થ છે આ રીતે તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણરૂપ સમ્યગ્દર્શનની મુખ્યતાથી ગાથા પૂર્ણ થઈ.

આ રીતે પૂર્વોક્ત ચાર ગાથાઓ દ્વારા કહેવામાં આવ્યું, વ્યાખ્યાન કરવામાં આવ્યું.

(પ્રશ્ન) કયા સંબંધમાં ?

(ઉત્તર) નિશ્ચયનયના સંબંધમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું.

(પ્રશ્ન) કયા વિષયમાં ? (વ્યાખ્યાન કરવામાં આવ્યું)

(ઉત્તર) જ્ઞાન, દર્શન તથા ચારિત્રના વિષયમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું.

હવે હે શિષ્ય ! સાંભળ, ધ્યાનથી સાંભળ

(પ્રશ્ન) શું ? (સાંભળ)

(ઉત્તર) વ્યાખ્યાન (સાંભળ)

(પ્રશ્ન) કોના સંબંધમાં (વ્યાખ્યાન સાંભળ) ?

(ઉત્તર) વ્યવહારનયના (સંબંધમાં વ્યાખ્યાન સાંભળ

(પ્રશ્ન) કોના સંબંધિત વ્યયહારનું (વ્યાખ્યાન સાંભળ) ?

(ઉત્તર) તે પુર્વે કહેલ જ્ઞાન દર્શન ચારિત્રથી (સંબંધિત વ્યવહાર વ્યાખ્યાન સાંભળે)

(પ્રશ્ન) કયા પ્રકારથી (સાંભળ) ?

(ઉત્તર) સંક્ષેપથી (સાંભળ) ?

આ પ્રકારે નિશ્ચયનયના વ્યાખ્યાનની મુખ્યતાથી પાંચ ગાથા સૂત્ર પૂર્ણ થયા.

હવે વ્યવહારનય કહેવામાં આવે છે. જેવી રીતે જે પ્રકારથી લોકમાં સફેદ માટી પરદ્રવ્યરૂપ ભીંત આદિને વ્યવહારનયથી સફેદ કરે છે પરંતુ દિવાલરૂપ પરદ્રવ્ય સાથે તન્મય નથી થતી.

(પ્રશ્ન) કોણ (સફેદ) કરે છે?

(ઉત્તર) સફેદ માટી (સફેદ કરે છે)

(પ્રશ્ન) કોના દ્વારા સફેદ કરે છે ?

(ઉત્તર) પોતાના સફેદ સ્વભાવ દ્વારા (સફેદ કરે છે)

તેવી જ રીતે તે સફેદમાટીના દૃષ્ટાંતની જેમ આત્મા પરદ્રવ્ય એવા ઘટ આદિ જ્ઞેયવસ્તુને વ્યવહારથી જાણે છે પરંતુ પરદ્રવ્યની સાથે તન્મય નથી થતો.

(પ્રશ્ન) તે એવો કોણ છે ? (તન્મય નથી થતો)

(ઉત્તર) તે જ્ઞાનાત્મા છે.

(પ્રશ્ન) તે જ્ઞાનાત્મા (કોના દ્વારા જાણે છે) ?

(ઉત્તર) તે પોતના જ્ઞાનભાવથી જાણે છે આ પ્રકારે પ્રથમ ગાથા થઈ.

તેવી જ રીતે તેજ સફેદ માટીના દૃષ્ટાંતની જેમ ઘટ આદિ પરદ્રવ્યોને વ્યવહારથી દેખે છે પરંતુ પરદ્રવ્ય સાથે તન્મય નથી થતાં.

(પ્રશ્ન) તે કોણ છે (જે તન્મય નથી થતો)

(ઉત્તર) તે જ્ઞાનત્મા છે.

(પ્રશ્ન) તે જ્ઞાનાત્મા કોના દ્વારા દેખે છે ?

(ઉત્તર) તે પોતાના દર્શન ભાવથી દેખે છે આ પ્રકારે બીજી ગાથા થઈ.

તેવી રીતે તે જ સફેદ માટીના દૃષ્ટાંતની જેમ (જ્ઞાનાત્મા) પરિગ્રહ આદિ પરદ્રવ્યને વ્યવહારથી ત્યાગે છે પરંતુ પરદ્રવ્યની સાથે તન્મય નથી થતો.

(પ્રશ્ન) તે કોણ કર્તા છે ?

(ઉત્તર) તે જ્ઞાનાત્મા છે.

(પ્રશ્ન) તે કોના દ્વારા (છોડે છે)

(ઉત્તર) સ્વકીય નિર્વિકલ્પ સમાધિ પરિણામના દ્વારા (છોડે છે)

આ પ્રકારે ત્રીજી ગાથા પૂરી થઈ.

તેવી રીતે તે જ સફેદ માટીના દૃષ્ટાંતની જેમ જીવાદિ પરદ્રવ્યનું વ્યવહારથી શ્રદ્ધાન કરે છે પરંતુ પરદ્રવ્યની સાથે તન્મય નથી થતો.

(પ્રશ્ન) તે કર્તા કોણ છે ?

(ઉત્તર) તે જ્ઞાનાત્મા છે.

(પ્રશ્ન) કોના દ્વારા (શ્રદ્ધાન કરે છે) ?

(ઉત્તર) પોતાના શ્રદ્ધાન પરિણામથી (શ્રદ્ધાન કરે છે)

આ પ્રકારે ચોથી ગાથા થઈ.

કહેવામાં આવેલ છે.

(પ્રશ્ન) કર્મપણાને પ્રાપ્ત એવા કોણ (કહેવામાં આવેલ છે) ?

(ઉત્તર) આ પ્રત્યક્ષરૂપમાં પૂર્વે કહેલ ચાર ગાથાઓ દ્વારા નિર્દિષ્ટ નિર્ણય કે વ્યવહારના અનુયાયીને નિશ્ચય કહેવામાં આવ્યો એવો અર્થ છે.

(પ્રશ્ન) કોના સંબંધમાં કહેવામાં આવ્યો છે ?

(ઉત્તર) જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણેયના વિષયમાં કહેવામાં આવેલ છે.

આ ભાત આદિ મારા દ્વારા ખાવામાં આવેલ છે. આ સર્પવિષ, કંટક આદિ મારા દ્વારા ત્યાગવામાં આવેલ છે. આ ઘર આદિ મારા દ્વારા બનાવવામાં આવેલ છે આ બધું વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી પોતાના રાગાદિ પરિણામને જ કરવામાં આવેલ તેમ જ ભોગવવામાં આવેલ છે. આ પ્રકારે અન્ય પર્યાયોમાં પણ નિશ્ચય વ્યવહારનય વિભાગ જાણવો જોઈએ.

આનુ સ્પષ્ટીકરણ એ છે કે જો વ્યવહારથી (આત્મા) પરદ્રવ્યને જાણે છે તો પછી નિશ્ચયથી (આત્મા) સર્વજ્ઞ નથી થતો એવો પૂર્વ પક્ષ છે તેનું નિરાકારણ એમ છે કે જેવી રીતે પોતાના સુખાદિને તન્મય થઈને જાણે છે તે પ્રકારે બાહ્ય દ્રવ્યને (તન્મય થઈને) નથી જાણતો તે કારણથી વ્યવહાર છે.

જો પરકીય સુખાદિને આત્મિક સુખાદિની જેમ તન્મય થઈને જાણે તો જે પ્રકારે પોતાના સુખમાં તન્મય થઈને જાણે છે અને જે પ્રકારે પોતાના સુખના સંવેદનમાં સુખી થાય છે તે પ્રકારે બીજાના સુખ દુઃખના સંવેદનનાં કાળમાં સુખી કે દુઃખી અવસ્થાને પ્રાપ્ત થશે પરંતુ એમ (થતું) નથી.

જો કે પોતાનું સુખ સંવેદન (તન્મયપણા રૂપ) અપેક્ષાએ નિશ્ચય છે. તથા પરકીય સુખ સંવેદન (તન્મય પણાના અભાવના કારણરૂપ) અપેક્ષા એ વ્યવહાર છે. તો પણ છદ્મસ્થજનની અપેક્ષાએ તે પણ (તેવો વ્યવહારપણ) નિશ્ચય (હોવા પણે) છે. અર્થાત્ બીજાના સુખ દુઃખને જાણવાવાળા સર્વજ્ઞનું (તે) જ્ઞાન પણ નિશ્ચય (હોવાપણે) છે. વાસ્તવિક છે. સર્વજ્ઞતા કલ્પના નથી.

(પ્રશ્ન) હવે બોદ્ધમતનો અનુયાયી કહે છે કે વ્યવહારથી (બુદ્ધપણ) સર્વજ્ઞ છે તો પછી તમારા દ્વારા તેને દોષ કેમ આપો છો ?

(ઉત્તર) તેનું નિરાકરણ એમ છે કે બૌદ્ધમતમાં જેવી રીતે નિશ્ચયની અપેક્ષા વ્યવહાર અસત્ય છે તેવી જ રીતે વ્યવહારથી પણ વ્યવહાર સત્ય નથી. જ્યારે જૈનમતમાં વ્યવહારનય જો કે નિશ્ચયની અપેક્ષા અસત્ય છે તો પણ વ્યવહારરૂપથી સત્ય છે. જો લોક વ્યવહારરૂપથી પણ સત્ય નથી તો સમસ્ત લોક વ્યવહાર અસત્ય થઈ જશે એમ થવા પર અતિપ્રસંગનો દોષ આવશે.

આ રીતે આત્મા વ્યવહારથી પરદ્રવ્યને જાણે છે, દેખે છે ફરી નિશ્ચયથી સ્વદ્રવ્યને જ જાણે છે દેખે છે.

તેથી તે સિદ્ધ થાય છે કે ગામ બગીચા આદિ બધું વાસ્વતમાં બ્રહ્મ છે જ્ઞેય વસ્તુ કંઈ પણ નથી એવું જે બ્રહ્મ અદ્વૈતવાદી કહે છે તેનો નિષેધ થઈ ગયો.

જો કે બૌદ્ધમતિ કહે છે કે જ્ઞાન જ ઘડા, વસ્ત્ર આદિ જ્ઞેયના આકારરૂપથી પરિણમિત થાય છે અને જ્ઞાનથી ભિન્ન કોઈ પણ જ્ઞેય નથી. તેવા બૌદ્ધમતનું નિરાકારણ કરવામાં આવ્યું.

(પ્રશ્ન) કઈ રીતે નિરાકારણ કરવામાં આવ્યું ?

(ઉત્તર) જો જ્ઞાન જ્ઞેયરૂપથી પરિણમિત થાય છે તો જ્ઞાનનો અભાવ પ્રાપ્ત થશે ને જો જ્ઞેય જ્ઞાનરૂપથી પરિણમિત થશે તો જ્ઞેયનો અભાવ થશે. આમ થવાથી જ્ઞાન અને જ્ઞેય બન્નેનો અભાવનો

પ્રસંગ આવશે જોકે પ્રત્યક્ષ વિરૂદ્ધ છે.

આ પ્રકારે નિશ્ચય વ્યવહાર વ્યાખ્યાનની મુખ્યતાથી સમૂહરૂપમાં સાતમા સ્થળમાં દશ ગાથા પૂરી થઈ.

**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન વિષયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે વિષયમાં ? ૩૬૬.**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કર્મમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કર્મમાં ? ૩૬૭.**
**ચારિત્ર-દર્શન-જ્ઞાન જરીયે નહિ અચેતન કાયમાં,**
**તે કારણે આ આતમા શું હણી શકે તે કાયમાં ? ૩૬૮.**
**છે જ્ઞાનનો, દર્શન તણો, ઉપઘાત ભાખ્યો ચરિતનો,**
**ત્યાં કાંઈ પણ ભાખ્યો નથી ઉપઘાત પુદ્ગલદ્રવ્યનો. ૩૬૯.**
**જે ગુણ જીવ તણા, ખરે તે કોઈ નહિ પરદ્રવ્યમાં,**
**તે કારણે વિષયો પ્રતિ સુદૃષ્ટિ જીવને રાગ ના. ૩૭૦.**
**વળી રાગ, દ્વેષ, વિમોહ તો જીવના અનન્ય પરિણામ છે,**
**તે કારણે શબ્દાદિ વિષયોમાં નહીં રાગાદિ છે. ૩૭૧.**

**ગાથાર્થઃ-** [ दर्शनज्ञानचारित्रम् ] **દર્શન-જ્ઞાન-ચારિત્ર** [ अचेतने विषये तु ] **અચેતન વિષયમાં** [ किञ्चित् अपि ] **જરા પણ** [ न अस्ति ] **નથી,** [ तस्मात् ] **તેથી** [ चेतयिता ] **આત્મા** [ तेषु विषयेषु ] **તે વિષયોમાં** [ किं हन्ति ] **શું હણે** ( અર્થાત્ શાનો ઘાત કરી શકે ) ?

[ दर्शनज्ञानचारित्रम् ] **દર્શન-જ્ઞાન-ચારિત્ર** [ अचेतने कर्मणि तु ] **અચેતન કર્મમાં** [ किञ्चित् अपि ] **જરા પણ** [ न अस्ति ] **નથી,** [ तस्मात् ] **તેથી** [ चेतयिता ] **આત્મા** [ तत्र कर्मणि ] **તે કર્મમાં** [ किं हन्ति ] **શું હણે** ? ( કાંઈ હણી શક્તો નથી. )

[ दर्शनज्ञानचारित्रम् ] **દર્શન-જ્ઞાન-ચારિત્ર** [ अचेतने काये तु ] **અચેતન કાયામાં** [ किञ्चित् अपि ] **જરા પણ** [ न अस्ति ] **નથી,** [ तस्मात् ] **તેથી** [ चेतयिता ] **આત્મા** [ तेषु कायेषु ] **તે કાયાઓમાં** [ किं हन्ति ] **શું હણે** ? ( કાંઈ હણી શક્તો નથી. )

[ ज्ञानस्य ] **જ્ઞાનનો,** [ दर्शनस्य च ] **દર્શનનો** [ तथा चारित्रस्य ] **તથા ચારિત્રનો** [ घातः भणितः ] **ઘાત કહ્યો છે,** [ तत्र ] **ત્યાં** [ पुद्गलद्रव्यस्य ] **પુદ્ગલદ્રવ્યનો** [ घातः तु ] **ઘાત** [ कः अपि ] **જરા પણ** [ न अपि निर्दिष्टः ] **કહ્યો નથી.** ( દર્શન-જ્ઞાન-ચારિત્ર હણાતાં પુદ્ગલદ્રવ્ય હણાતું નથી. )

( આ રીતે ) [ ये केचित् ] **જે કોઈ** [ जीवस्य गुणाः ] **જીવના ગુણો છે,** [ ते खलु ]

તે ખરેખર [ परेषु द्रव्येषु ] પર દ્રવ્યોમાં [ न सन्ति ] નથી; [ तस्मात् ] તેથી [ सम्यग्दृष्टेः ] સમ્યગ્દૃષ્ટિને [ विषयेषु ] વિષયો પ્રત્યે [ रागः तु ] રાગ [ न अस्ति ] નથી.

[ च ] વળી [ रागः द्वेषः मोहः ] રાગ, દ્વેષ અને મોહ [ जीवस्य एव ] જીવના જ [ अनन्यपरिणामाः ] અનન્ય ( એકરૂપ ) પરિણામ છે, [ एतेन कारणेन तु ] તે કારણે [ रागादयः ] રાગાદિક [ शब्दादिषु ] શબ્દાદિ વિષયોમાં ( પણ ) [ न सन्ति ] નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૬૬ થી ૩૭૧)**

ઉત્થાનિકા : હવે જેટલા સમય સુધી નિજ શુદ્ધાત્માને આત્મપણાથી નથી જાણતો અને પંચેન્દ્રિયના વિષયોને અને પરદ્રવ્યને પરપણે નથી જાણતો તેટલા કાળ સુધી આ જીવ રાગદ્વેષરૂપ પરિણમિત થાય છે અથવા બહિરંગ પાંચ ઈન્દ્રિયના વિષયોના ત્યાગની સહાયતાથી શાંત ચિત્‌રૂપ ભાવનાથી ઉત્પન્ન થવાવાળા નિર્વિકાર સુખામૃતના રસાસ્વાદના બળથી હું વિષય તથા કર્મ શરીરોનો ઘાત કરું છું એવું ન જાણતો થકો સ્વ સંવિતિ રહિત (સ્વસંવેદન રહિત) કાય કલેશના વડે જે આત્માનું દમન કરે છે તેને ભેદજ્ઞાનના માટે સિદ્ધાંત કહે છે.

તાત્પર્યવૃત્તિ : દર્શન, જ્ઞાન, ચારિત્ર કંઈ પણ નથી.

(પ્રશ્ન) શેમાં (નથી) ?

(ઉત્તર) શબ્દાદિ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોમાં, ઔદારિકાદિ પાંચ શરીરોમાં નથી.

(પ્રશ્ન) કેવા છે તે બધા ?

(ઉત્તર) અચેતન છે.

(પ્રશ્ન) તો પછી ચેતન આત્મા તે જડસ્વરૂપ વિષયો, કર્મો તથા શરીરમાં શું ઘાત કરે છે.

(ઉત્તર) કંઈ પણ (ઘાત) નથી કરતો.

તેનું વિશેષ એમ છે કે શબ્દાદિ પાંચ ઈન્દ્રિયોના વિષયની અભિલાષારૂપ જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મ બંધના કારણરૂપ અને શરીરના મમત્વરૂપ જે આ મિથ્યાત્વ રાગાદિ પરિણામ મનમાં રહે છે તેનો નાશ (કરવો) કર્તવ્ય છે. તે શબ્દાદિ (તો) રાગાદિના બહિરંગ કારણ રૂપ છે તેથી તે (પણ) ત્યાજ્ય છે. એવો ભાવાર્થ છે.

આ જ પૂર્વોક્ત ત્રણ ગાથાઓનું વિશેષ વિવરણ આપે છે. તે આ પ્રકારે છે. શબ્દાદિ પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષારૂપથી કાયાના મમત્વરૂપમાં અથવા જ્ઞાનાવરણાદિ કર્મબંધના નિમિત્ત રૂપથી અનંતાનુબંધી આદિ રાગદ્વેષરૂપ જે મનમાં મિથ્યાજ્ઞાન રહે તે મિથ્યાજ્ઞાનને નિર્વિકલ્પ સમાધિના પ્રહારથી સર્વજ્ઞ ભગવાને નાશ બતાવ્યો છે મિથ્યાજ્ઞાનનો જ નહીં પણ મિથ્યાદર્શનનો પણ નાશ કહ્યો. આ રીતે જ મિથ્યાચારિત્રનો પણ ઘાત કહ્યો છે ત્યાં અચેતન શબ્દાદિ વિષય, કર્મ કાયારૂપ પુદ્‌ગલદ્રવ્યમાં કોઈ પણ ઘાત દેખાડેલ નથી. તેનું સ્પષ્ટીકરણ આમ છે કે જેવી રીતે

ઘડાના આધારથી રહેવાવાળા દિપકનો નાશ થવા પર ઘડાનો નાશ નથી થતો, તેવી રીતે રાગાદિના નિમિત્ત માત્ર પાચ ઈન્દ્રિયના વિષયોનો નાશ થવા પર પણ મનમાં રહેવાવાળા રાગનો નાશ થતો નથી. કેમકે અન્યનો ઘાત કરવાથી કોઈ અન્યનો ઘાત થતો નથી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે (એવું થાય તો) અતિ પ્રસંગનો (સર્વનાશનો) દોષ આવે છે.

કેમકે જીવના જે કંઈપણ સમ્યક્ત્વાદિ ગુણ છે તે પરદ્રવ્યમાં શબ્દાદિ વિષયોમાં સ્પષ્ટરૂપથી હોતા નથી. આ કારણથી નિર્વિષય સ્વશુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન સુખથી તૃપ્ત સમ્યગ્દષ્ટિના વિષયોમાં રાગ નથી. કેમકે રાગદ્વેષમોહ અજ્ઞાની જીવના અશુદ્ધ નિશ્ચયથી અભિન્ન પરિણામ છે આ કારણથી અચેતન શબ્દ આદિ ગમતા કે અણગમતા પાંચ ઈન્દ્રિયના વિષયોમાં જો કે અજ્ઞાની જીવ ભ્રાંતિજ્ઞાનથી શબ્દાદિમાં રાગાદિની કલ્પના કરે છે કે આરોપિત કરે છે તો પણ શબ્દાદિમા રાગાદિ નથી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે શબ્દાદિ અચેતન છે. આથી સિદ્ધ છે કે રાગદ્વેષ બંને બહિરાત્મા અજ્ઞાનીને ત્યાં સુધી હોય છે જ્યાં સુધી મનમાં ત્રિગુપ્તિરૂપ સ્વસંવેદન જ્ઞાન નથી. આ પ્રકારે છ ગાથા પૂરી થઈ.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ-

**કો દ્રવ્ય બીજા દ્રવ્યને ઉત્પાદ નહિ ગુણનો કરે,**
**તેથી બધાંયે દ્રવ્ય નિજ સ્વભાવથી ઊપજે ખરે. ૩૭૨.**

**ગાથાર્થઃ-** [ अन्यद्रव्येण ] અન્ય દ્રવ્યથી [ अन्यद्रव्यस्य ] અન્ય દ્રવ્યને [ गुणोत्पादः ] ગુણની ઉત્પત્તિ [ न क्रियते ] કરી શકાતી નથી; [ तस्मात् तु ] તેથી ( એ સિદ્ધાંત છે કે ) [ सर्वद्रव्याणि ] સર્વ દ્રવ્યો [ स्वभावेन ] પોતપોતાના સ્વભાવથી [ उत्पद्यन्ते ] ઊપજે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૭૨)**

ઉત્થાનિકા : આ પ્રકારે એવું સિદ્ધ થયું કે શબ્દાદિ-ઈન્દ્રિય અચેતન વિષય નિશ્ચયથી ચેતનના રાગાદિની ઉત્પત્તિનું કારણ નથી.

તાત્પર્યવૃત્તિ : બહિરંગ નિમિત્તરૂપ અન્યદ્રવ્ય (એવા) કુંભાર આદિના દ્વારા અન્ય દ્રવ્યના ઉપાદાનરૂપ માટી આદિને કરી શકાતું નથી.

(પ્રશ્ન) તે શું ?

(ઉત્તર) ચેતનનું અચેતનરૂપથી, અચેતનનું ચેતનરૂપથી અથવા ચેતન અચેતનના ગુણોનો ઘાત કે વિનાશ કરી શકાતો નથી.

આ કારણથી માટી આદિ બધાં દ્રવ્યો કર્તા થઈને ઘટાદિરૂપથી ઉત્પન્ન થવાવાળા (તે દ્રવ્ય)

પોતાના ઉપાદાન કારણથી માટી આદિરૂપથી ઉત્પન્ન થાય છે. બહિરંગ નિમિત્તરૂપ એવા કુંભાર આદિરૂપે ઉત્પન્ન થતાં નથી.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) ઉપાદાન કારણ જેવું જ કાર્ય હોય છે એવો સિદ્ધાંત છે.

(પ્રશ્ન) તેનાથી શું સિદ્ધ થયું ?

(ઉત્તર) જો કે પાંચ ઈન્દ્રિયના વિષયરૂપ શબ્દાદિનો બહિરંગ નિમિત્ત માત્રથી અજ્ઞાની જીવને રાગાદિ ઉત્પન્ન થાય છે તો પણ તે રાગાદિ જીવ સ્વરૂપ ચેતનમય જ છે પરંતુ શબ્દાદિરૂપ અચેતન નથી એવો ભાવાર્થ છે.

આ પ્રકારે કોઈપણ પ્રાથમિક શિષ્ય પોતાના ચિતમાં રહેવાવાળા રાગાદિકને નથી જાણતો પરંતુ રાગાદિભાવોના નિમિત્ત માત્ર બહિરંગ શબ્દાદિ વિષયોનો હું ઘાત કરું છું એવા પ્રકારના નિર્વિકલ્પ સમાધિ લક્ષણવાળા ભેદજ્ઞાનનો અભાવ હોવાના કારણે ચિંતવન કરે છે. તેઓને સમજાવવા માટે પુર્વની છ ગાથાઓની સાથે સાત ગાથા પૂરી થઈ.

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દાદિરૂપ પરિણમતા પુદ્‌ગલ આત્માને એમ નથી કહેતા કે તું અમને જાણ. તેમજ આત્મા પણ પોતાના સ્થાનથી છૂટી તેમને જાણવા જતો નથી. બંને સર્વથા સ્વતંત્ર રીતે પોતપોતાના સ્વભાવથી પરિણમિત થાય છે આ પ્રકારે આત્મા પર તરફ ઉદાસીન છે . તો પણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારો અથવા ખરાબ માનીને રાગી દ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.

રે ! પુદ્‌ગલો બહુવિધ નિંદા-સ્તુતિવચનરૂપ પરિણમે,
તેને સુણી, ‘મુજને કહ્યું’ ગણી, રોષ તોષ જીવો કરે. ૩૭૩.
પુદ્‌ગલદરવ શબ્દત્વપરિણત, તેહનો ગુણ અન્ય છે,
તો નવ કહ્યું કંઈ પણ તને, હે અબુધ ! રોષ તું કયમ કરે ? ૩૭૪.
શુભ કે અશુભ જે શબ્દ તે ‘તું સુણ મને’ ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે કર્ણગોચર શબ્દને; ૩૭૫.
શુભ કે અશુભ જે રૂપ તે ‘તું જો મને’ ન તને કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ચક્ષુગોચર રૂપને; ૩૭૬.
શુભ કે અશુભ જે ગંધ તે ‘તું સૂંઘ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે ઘ્રાણગોચર ગધને; ૩૭૭.
શુભ કે અશુભ રસ જેહ તે ‘તું ચાખ મુજને’ નવ કહે,
ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે ! ૩૭૮.

**શુભ કે અશુભ જે સ્પર્શ તે ‘ તું સ્પર્શ મુજને ’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯.**
**શુભ કે અશુભ જે ગુણ તે ‘ તું જાણ મુજને ’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.**
**શુભ કે અશુભ જે દ્રવ્ય તે ‘ તું જાણ મુજને ’ નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.**
**-આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે !**
**શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨.**

**ગાથાર્થઃ-** [ बहुकानि ] **બહુ પ્રકારનાં** [ निन्दितसंस्तुतवचनानि ] **નિંદાનાં અને સ્તુતિનાં વચનોરૂપે** [ पुद्गलाः ] **પુદ્ગલો** [ परिणमन्ति ] **પરિણમે છે;** [ तानि श्रुत्वा पुनः ] **તેમને સાંભળીને અજ્ઞાની જીવ** [ अहं भणितः ] **‘ મને કહ્યું ’ એમ માનીને** [ रुष्यति तुष्यति च ] **રોષ તથા તોષ કરે છે ( અર્થાત્ ગુસ્સે થાય છે તથા ખુશી થાય છે ).**

[ पुद्गलद्रव्यं ] **પુદ્ગલદ્રવ્ય** [ शब्दत्वपरिणतं ] **શબ્દપણે પરિણમ્યું છે;** [ तस्य गुणः ] **તેનો ગુણ** [ यदि अन्यः ] **જો ( તારાથી ) અન્ય છે,** [ तस्मात् ] **તો હે અજ્ઞાની જીવ !** [ त्वं न किञ्चित् अपि भणितः ] **તને કાંઈ પણ કહ્યું નથી;** [ अबुद्धः ] **તું અજ્ઞાની થયો થકો** [ किं रुष्यसि ] **રોષ શા માટે કરે છે ?**

[ अशुभः वा शुभः शब्दः ] **અશુભ અથવા શુભ શબ્દ** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતો કે** [ माम् शुणु इति ] **‘ તું મને સાંભળ ’;** [ सः एव च ] **અને આત્મા પણ ( પોતાના સ્થાનથી છૂટીને ),** [ श्रोत्रविषयम् आगतं शब्दम् ] **શ્રોત્રેન્દ્રિયના વિષયમાં આવેલા શબ્દને** [ विनिर्ग्रहीतुं न एति ] **ગ્રહવા ( જાણવા ) જતો નથી.**

[ अशुभं वा शुभं रूपं ] **અશુભ અથવા શુભ રૂપ** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતું કે** [ माम् पश्य इति ] **‘ તું મને જો ’;** [ सः एव च ] **અને આત્મા પણ ( પોતાના સ્થાનથી છૂટીને ),** [ चक्षुर्विषयम् आगतं ] **ચક્ષુ-ઇંદ્રિયના વિષયમાં આવેલા ( અર્થાત્ ચક્ષુગોચર થયેલા )** [ रूपम् ] **રૂપને** [ विनिर्ग्रहीतुं न एति ] **ગ્રહવા જતો નથી.**

[ अशुभः वा शुभः गन्धः ] **અશુભ અથવા શુભ ગંધ** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતી કે** [ माम् जिघ्र इति ] **‘ તું મને સૂંઘ ’;** [ सः एव च ] **અને આત્મા પણ** [ घ्राणविषयम् आगतं गन्धम् ] **ઘ્રાણેંદ્રિયના વિષયમાં આવેલી ગંધને** [ विनिर्ग्रहीतुं न एति ] **( પોતાના સ્થાનથી ચ્યુત થઈને ) ગ્રહવા જતો નથી.**

[ अशुभः वा शुभः रसः ] **અશુભ અથવા શુભ રસ** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતો કે** [ माम् रसय इति ] **‘ તું મને ચાખ ’;** [ सः एव च ] **અને આત્મા પણ** [ रसनविषयम्

आगतं तु रसम् ] **રસના-ઇંદ્રિયના વિષયમાં આવેલા રસને** [ विनिर्ग्रहीतुं न एति ] **( પોતાના સ્થાનથી છૂટીને ) ગ્રહવા જતો નથી.**

[ अशुभः वा शुभः स्पर्शः ] **અશુભ અથવા શુભ સ્પર્શ** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતો કે** [ माम् स्पृश इति ] **'તું મને સ્પર્શ';** [ सः एव च ] **અને આત્મા પણ ( પોતાના સ્થાનથી છૂટીને ),** [ कायविषयम् आगतं स्पर्शम् ] **કાયાના ( -સ્પર્શેન્દ્રિયના ) વિષયમાં આવેલા સ્પર્શને** [ विनिर्ग्रहीतुं न एति ] **ગ્રહવા જતો નથી.**

[ अशुभः वा शुभः गुणः ] **અશુભ અથવા શુભ ગુણ** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતો કે** [ माम् बुध्यस्व इति ] **'તું મને જાણ';** [ सः एव च ] **અને આત્મા પણ ( પોતાના સ્થાનથી છૂટીને ),** [ बुद्धिविषयम् आगतं तु गुणम् ] **બુદ્ધિના વિષયમાં આવેલા ગુણને** [ विनिग्र ॑हीतुं न एति ] **ગ્રહવા જતો નથી.**

[ अशुभं वा शुभं द्रव्यं ] **અશુભ અથવા શુભ દ્રવ્ય** [ त्वां न भणति ] **તને એમ નથી કહેતું કે** [ माम् बुध्यस्व इति ] **'તું મને જાણ';** [ सः एव च ] **અને આત્મા પણ ( પોતાના સ્થાનથી છૂટીને ),** [ बुद्धिविषयम् आगतं द्रव्यम् ] **બુદ્ધિના વિષયમાં આવેલા દ્રવ્યને** [ विनिग्र ॑हीतुं न एति ] **ગ્રહવા જતો નથી.**

[ एतत् तु ज्ञात्वा ] **આવું જાણીને પણ** [ मूढः ] **મૂઢ જીવ** [ उपशमं न एव गच्छति ] **ઉપશમને પામતો નથી;** [ च ] **અને** [ शिवाम् बुद्धिम् अप्राप्तः च स्वयं ] **શિવ બુદ્ધિને ( કલ્યાણકારી બુદ્ધિને, સમ્યગ્જ્ઞાનને ) નહિ પામેલો પોતે** [ परस्य विनिर्ग्रहमनाः ] **પરને ગ્રહવાનું મન કરે છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૭૩ થી ૩૮૨)**

**ઉત્થાનિકા : હવે ઈન્દ્રિય તથા મનના વિષયોમાં રાગદ્વેષ મિથ્યાજ્ઞાન પરિણત જીવ જ કરે છે એવું કહે છે.**

**તાત્પર્યવૃત્તિ : એકેન્દ્રિય વિકલેન્દ્રિય આદિ દુર્લભ પરંપરાના ક્રમમાં અનંત ભૂતકાળમાં દેખેલા, સાંભળેલા અને અનુભવેલા મિથ્યાત્વ વિષય કષાય આદિ વિભાવ પરિણામની આધીનતાથી અત્યંત દુર્લભ કથંચિત્ કાળાદિ લબ્ધિવશ મિથ્યાત્વ આદિ સાત પ્રકૃતિને અને તેવી રીતે ચારિત્રમોહના ઉપશમ ક્ષયોપશમ અને ક્ષય થવા પર છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ, નવ પદાર્થ આદિના શ્રદ્ધાન-જ્ઞાન તથા રાગદ્વેષના ત્યાગરૂપ ભેદ રત્નત્રયાત્મક વ્યવહાર મોક્ષમાર્ગ નામક વ્યવહાર કારણ સમયસારથી સાધ્ય વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવરૂપ શુદ્ધાત્મ તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન તથા સમ્યક્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિ રૂપ અનંત કેવળજ્ઞાનાદિ ચતુષ્ટયની વ્યક્તિરૂપ કાર્ય સમયસારના ઉત્પાદક નિશ્ચય કારણ સમયસાર વગર યથાર્થમાં અજ્ઞાની જીવ ક્રોધ કરે છે. અને સંતોષ કરે છે.**

(પ્રશ્ન) શું કરીને (રોષ તોષ કરે છે)

(ઉત્તર) સાંભળીને.

(પ્રશ્ન) કયા રૂપે સાંભળીને ?

(ઉત્તર) આ મને કહેવામાં આવ્યું છે (તેમ સાંભળીને)

(પ્રશ્ન) શું સાભળીને ?

(ઉત્તર) નિંદા કે સ્તુતિરૂપ વચનોને સાંભળીને.

(પ્રશ્ન) તે વચન શું વિશેષતાવાળા છે ?

(ઉત્તર) ભાષાવર્ગણા યોગ્ય પુદ્ગલદ્રવ્ય કર્તા થઈને બહુ પ્રકારના કર્મપણાને પ્રાપ્ત થઈને પરિણમિત થાય છે (એવી વિશેષતાવાળા છે)

જ્ઞાની વ્યવહાર મોક્ષમાર્ગરૂપ તથા નિશ્ચય મોક્ષમાર્ગરૂપ પૂર્વોક્ત બે પ્રકારના કારણ સમયસારને જાણીને બહારમાં ઈષ્ટ અનિષ્ટ વિષયોમાં રાગ અને દ્વેષ નથી કરતો એવો ભાવાર્થ છે.

ભાષાવર્ગણા યોગ્ય પુદ્ગલ દ્રવ્ય કર્તા થઈને 'મરી જાઓ કે જીવતા રહો' એવા પ્રકારના નિંદા કે સ્તુતિ શબ્દરૂપ પરિણત થાય છે તે પુદ્ગલ દ્રવ્યના ગુણ શુદ્ધાત્મ સ્વરૂપથી ભિન્ન છે. જડરૂપ છે તો જીવને શું હાનિ, શું લાભ છે ? અર્થાત્ કંઈ પણ હાનિ કે લાભ નથી.

પૂર્વોક્ત વ્યવહાર કારણ સમયસાર તથા નિશ્ચય કારણ સમયસારથી રહિત એવા અજ્ઞાની જીવને સંબોધન કરવામાં આવે છે.

(પ્રશ્ન) કયા પ્રકારે સંબોધન કરવામાં આવે છે ?

(ઉત્તર) કેમકે નિંદા તથા સ્તુતિ વચનરૂપથી પુદ્ગલ પરિણમિત થાય છે. આ કારણથી (તને) તો કંઈ પણ કહ્યું નથી. (તો) હે અજ્ઞાની બહિરાત્મા ! તું શા માટે ક્રોધ કરે છે. ફરી આ વ્યવહાર નિશ્ચય કારણ સમયસારથી રહિત એવા અજ્ઞાનીને ફરી સંબોધવામાં આવે છે કે હે ! અજ્ઞાની.

શબ્દરૂપ ગંધ સ્પર્શરૂપ ગમતા કે અણગમતા પાંચ ઈન્દ્રિયના વિષય કર્તા થઈને કર્મપણાને પ્રાપ્ત થઈને તને કંઈ પણ કહેતા નથી.

(પ્રશ્ન) શું કહેતા નથી ?

(ઉત્તર) કે હે દેવદત્ત કર્મપણાને પ્રાપ્ત એવા મને સાંભળ. મને દેખ, મને સુંઘ, મને ચાખ, મને સ્પર્શ કર.

ફરી અજ્ઞાની એમ કહે છે કે આ શબ્દાદિ કર્તા થઈને મને કંઈ પણ કહેતા નથી પણમારા કાન આદિના વિષય સ્થાનમાં તેઓ આવી જાય છે.

આચાર્ય ઉત્તર આપે છે કે હુ મૂઢ આ શબ્દાદિ પાંચઈન્દ્રિયના વિષયો તને ગ્રહણ કરવા માટે નથી આવતા.

(પ્રશ્ન) કેવા થયા થકા (ગ્રહણ કરવા નથી આવતા) ?

(ઉત્તર) તે શ્રોતન્દ્રિય આદિના પોત પોતાના વિષયભાવને પ્રાપ્ત થાય છે.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે તે વિષયોનો સ્વભાવ જ એવો છે (કે તે પોતપોતાની ઈન્દ્રિયોનો વિષય બને છે)

આમ હોવા છતાં જે પરમ તત્ત્વજ્ઞાની જીવ છે તે પૂર્વોક્ત વ્યવહાર નિશ્ચય કારણ સમયસારરૂપ બહિરંગ અભ્યંતર રત્નત્રય લક્ષણ સહિત થઈને સમાગત ગમતા કે અણગમતા શબ્દાદિ વિષયોમાં રાગદ્વેષ નથી કરતાંપરંતુ સ્વસ્વભાવથી શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કરે છે એવો ભાવાર્થ છે.

જે પ્રકારે પાંચ ઈન્દ્રિયના વિષયોમાં ગમા-અણગમારૂપ ઈન્દ્રિય સંકલ્પને વશ અજ્ઞાની જીવ રાગદ્વેષ કરે છે તે પ્રકારે પરદ્રવ્ય અને પરદ્રવ્યના ગુણોને જાણવા પર (તથા) મનના વિષયોમાં પણ રાગદ્વેષ કરે છે. તે અજ્ઞાની. જીવને ફરી સંબોધન કરે છે જેવી રીતે શુભ અશુભ અથવા ચેતન અચેતન પરકીય ગુણ અથવા પરદ્રવ્ય પણ કર્તા થઈને કર્મપણાને પ્રાપ્ત થઈને નથી કહેતા કે હે મનોબુદ્ધ ! હે અજ્ઞાનીજન ચિત્ત ! કર્મ્ણાને પ્રાપ્ત એવા મને તું જાણ.

અજ્ઞાની કહે છે કે જો કે તેઓ એવું નથી કહેતા પરંતુ મારા મનમાં પરકીય ગુણો અથવા દ્રવ્યોને જાણવાનો વિકલ્પ પ્રગટ થાય છે.

ત્યાં આચાર્ય ઉત્તર આપે છે કે મનોબુદ્ધિના વિષયમાં આવવાળા પરકીય ગુણો કે પરદ્રવ્ય તને ગ્રહણ કરાવવા નથી આવતા.

(પ્રશ્ન) કયા કારણથી (ગ્રહણ કરાવવા નથી આવતા) ?

(ઉત્તર) કેમકે જ્ઞેય જ્ઞાયક સંબંધનો નિષેધ કરવા માટે કોઈ સમર્થ નથી એવો હેતુંછે.

જે રાગદ્વેષ કરે છે તે અજ્ઞાન છે પરંતુ જે જ્ઞાની છે તે ફરીથી પૂર્વોક્ત નિશ્ચય વ્યવહાર કારણ સમયસારને જાણતો થકો હર્ષ વિષાદ નથી કરતો તેવો ભાવાર્થ છે.

આવી રીતે પૂર્વોક્ત પ્રકારથી ગમતા કે અણગમતા શબ્દાદિ, પંચેન્દ્રિય વિષયો છે તે પરકીય ગુણ છે તથા દ્રવ્યરૂપ મનના વિષય (સ્વરૂપ છે)

(પ્રશ્ન) કોનું ? (સ્વરૂપ છે)

(ઉત્તર) પંચેન્દ્રિય (અને) મનના વિષયભૂત જ્ઞાનમાં જ્ઞાન દ્રવ્યનું (સ્વરૂપ છે)

આમ પૂર્વોક્ત પ્રકારથી સ્વરૂપને જાણવા છતાં મૂઢ બહિરાત્મા જીવ સ્વયં ઉપશમને પ્રાપ્ત નથી થતો.

(પ્રશ્ન) શું થયો થકો ?

(ઉત્તર) નિવારણ બુદ્ધિવાળો થયો થકો અર્થાત્ જ્ઞાનમાં જ્ઞાત વિષયોને દૂર કરવાવાળો થયો થકો ઉપશમને પ્રાપ્ત નથી થતો.

(પ્રશ્ન) કોના સંબંધી નિવારણ બુદ્ધિવાળો હોય છે ?

(ઉત્તર) પાંચ ઈન્દ્રિય (તથા) મનના પર વિષયો સંબંધી નિવારણ બુદ્ધિવાળો હોય છે.

(પ્રશ્ન) કેવા પાંચ ઈન્દ્રિયના વિષય નિવારણ બુદ્ધિવાળો છે ?

(ઉત્તર) પરકીય શબ્દ આદિ ગુણ (તથા) દ્રવ્યરૂપ પંચેન્દ્રિય વિષય તથા સ્વકીય ઈન્દ્રિયગોચર વિષયો ના (ભાવેન્દ્રિયના) નિવારણની બુદ્ધિવાળો છે.

(પ્રશ્ન) એવા અજ્ઞાની જીવો કેવા છે ?

(ઉત્તર) સ્વયં શુદ્ધાત્માનુભૂતિરૂપ બુદ્ધિને (પ્રાપ્ત) નથી કરતા. વિતરાગ સહજ પરમાનંદરૂપ શિવ મોક્ષ શબ્દથી વાચ્ય (એવા) સુખને પ્રાપ્ત નથી કરતા.

કંઈક વિશેષ એમ છે કે,

ચુંબક પાષાણથી ખેંચાયેલ લોખંડની સોય પોતાના સ્થાનેથી ખસીને ચુંબક પાષાણ તરફ જાય છે. તેવી રીતે ચિતશાંતિ વિકૃતિ કરવા માટે શબ્દો આદી જીવની પાસે નથી આવતા અને જીવ પણ તેની પાસે નથી જતો પરંતુ નિશ્ચયથી સ્વસ્થાનમાં સ્વસ્વરૂપે જ રહે છે. આ પ્રકારનો વસ્તુ સ્વભાવ હોવા છતાં પણ અજ્ઞાની જીવ છે તે ઉદાસીન સમતાભાવને છોડીને રાગદ્વેષ કરે છે તે અજ્ઞાન છે.

(અહીં પ્રતિપક્ષ દલીલ કરે છે કે) હે ભગવન પૂર્વ બંધ અધિકારમાં તો (ગાથા ૨૮૯) એમ કહ્યું છે કે,

ત્યમ જ્ઞાની પણ છે શુદ્ધ રાગરૂપે સ્વયં ન પરિણમે
પણ અન્ય જે રાગાદિ દોષ તે વડે રાગી બને.

(અર્થાત્ જ્ઞાની રાગાદિનો અકર્તા છે રાગાદિ પરદ્રવ્યજનિત છે.)

(જ્યારે આપ કહો છો કે) સ્વકીય બુદ્ધિ દોષ જનિત રાગાદિભાવ છે. પરકીય શબ્દાદિ પાંચઈન્દ્રિયના વિષયોનો દોષ નથી એમાં (તો) પૂર્વાપર વિરોધ આવે છે ?

(ઉત્તર) ત્યાં બંધ અધિકારના વ્યાખ્યાનમાં જ્ઞાની જીવની મુખ્યતા છે જ્ઞાની રાગાદિભાવ રૂપથી પરિણમન નથી કરતા તે કારણથી રાગાદિને પરદ્રવ્યજનિત કહ્યા છે.

અહીંયા અજ્ઞાની જીવની મુખ્યતા છે અજ્ઞાની સ્વકીય બુદ્ધિ દોષથી (ભાવકર્મથી) પરદ્રવ્યનો નિમિત્તમાત્ર આશ્રય લઈને રાગાદિરૂપથી પરિણમિત થાય છે આ કારણથી પર શબ્દાદિ પાંચ ઈન્દ્રિયના વિષયોનો દોષ નથી કહ્યો એટલે પૂર્વાપર વિરોધ નથી આવતો.

આ પ્રકારે નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગરૂપ નિશ્ચય કારણ સમયસાર તથા વ્યવહાર કારણ સમયસાર બન્નેને ન જાણતો થકો અજ્ઞાની જીવ સ્વકીય બુદ્ધિદોષથી રાગાદિરૂપથી પરિણમિત થાય છે. ત્યાં પર શબ્દાદિનો દોષ નથી એવા વ્યાખ્યાનની મુખ્યતાથી નવમાં સ્થળમાં દશ ગાથાઓ પૂરી થઈ.

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩.**

**શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,**
**તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે; ૩૮૪.**
**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫.**
**પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,**
**નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬.**

**ગાથાર્થઃ-** [ पूर्वकृतं ] **પૂર્વે કરેલું** [ यत् ] **જે** [ अनेकविस्तरविशेषम् ] **અનેક પ્રકારના વિસ્તારવાળું** [ शुभाशुभम् कर्म ] **(જ્ઞાનાવરણીયાદિ) શુભાશુભ કર્મ** [ तस्मात् ] **તેનાથી** [ यः ] **જે આત્મા** [ आत्मानं तु ] **પોતાને** [ निवर्तयति ] * **નિવર્તાવે છે,** [ सः ] **તે આત્મા** [ प्रतिक्रमणम् ] **પ્રતિક્રમણ છે.**

[ भविष्यत् ] **ભવિષ્ય કાળનું** [ यत् ] **જે** [ शुभम् अशुभम् कर्म ] **શુભ-અશુભ કર્મ** [ यस्मिन् भावे च ] **તે જે ભાવમાં** [ बध्यते ] **બંધાય છે** [ तस्मात् ] **તે ભાવથી** [ यः ] **જે આત્મા** [ निवर्तते ] **નિવર્તે છે,** [ सः चेतयिता ] **તે આત્મા** [ प्रत्याख्यानं भवति ] **પ્રત્યાખ્યાન છે.**

[ सम्प्रति च ] **વર્તમાન કાળે** [ उदीर्ण ] **ઉદયમાં આવેલું** [ यत् ] **જે** [ अनेकविस्तरविशेषम् ] **અનેક પ્રકારના વિસ્તારવાળું** [ शुभम् अशुभम् ] **શુભ-અશુભ કર્મ** [ तं दोषं ] **તે દોષને** [ यः ] **જે આત્મા** [ चेतयते ] **ચેતે છે-અનુભવે છે-જ્ઞાતાભાવે જાણી લે છે (અર્થાત્ તેનું સ્વામિત્વ-કર્તાપણું છોડે છે),** [ सः चेतयिता ] **તે આત્મા** [ खलु ] **ખરેખર** [ आलोचनम् ] **આલોચના છે.**

[ यः ] **જે** [ नित्यं ] **સદા** [ प्रत्याख्यानं करोति ] **પ્રત્યાખ્યાન કરે છે,** [ नित्यं प्रतिक्रामति च ] **સદા પ્રતિક્રમણ કરે છે અને** [ नित्यम् आलोचयति ] **સદા આલોચના કરે છે,** [ सः चेतयिता ] **તે આત્મા** [ खलु ] **ખરેખર** [ चरित्रं भवति ] **ચારિત્ર છે.**

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૮૩ થી ૩૮૬)**

ઉત્થાનિકા : હવે નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય આલોચનારૂપ પરિણત તપોધન ને જ અભેદથી નિશ્ચય ચારિત્ર હોય છે એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : આ લોક ને પરલોકની આકાંક્ષારૂપ ખ્યાતિ પૂજા, લાભ, દૃષ્ટશ્રુત અનુભૂત ભોગ આકાંક્ષા લક્ષણરૂપ નિદાનબંધ આદિ સમસ્ત પરદ્રવ્યોના અવલંબનથી ઉત્પન્ન શુભ અશુભ સંકલ્પ વિકલ્પથી રહિત વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવરૂપ આત્મ તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુભવરૂપ અભેદ દર્શન સ્વભાવરૂપ આત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાનને અનુભવરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ પરમ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજ પરમાનંદ સ્વભાવસુખના

રસાસ્વાદરૂપ સમરસીભાવ પરિણામના આલંબનથી ભરિતાવસ્થામાં કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયની પ્રગટતારૂપ કાર્ય સમયસારના ઉત્પાદક કારણ સમયસારમાં સ્થિર થઈને જે કર્તા થઈને આત્માને દૂર કરે છે.

(પ્રશ્ન) કોનાથી દૂર કરે છે ?

(ઉત્તર) શુભ અશુભ મૂળ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિઓના અનેક ભેદરૂપ વિસ્તારથી ફેલાયેલા પૂર્વ કરેલા જે કર્મ છે. તેનાથી (આત્માને દૂર કરે છે) તે આત્મા જ અભેદ નિશ્ચયથી પ્રતિક્રમણ હોય છે. એવો અર્થ છે.

અનંત જ્ઞાનાદિ સ્વરૂપ આત્મદ્રવ્યના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અને અનુભૂતિ સ્વરૂપ અભેદ રત્નત્રય લક્ષણવાળા પરમ સામાયિકમાં સ્થિર થઈને જે કર્તા થઈને આત્માને દૂર કરે છે.

(પ્રશ્ન) કોનાથી દૂર કરે છે ?

(ઉત્તર) શુભ અશુભ અનેક વિસ્તારથી વિસ્તૃત ભવિષ્યમાં (થવાવાળા) કર્મોથી જે મિથ્યાત્વ રાગાદિ પરિણામ થવા પર બંધાશે તેનાથી જે આત્માને દૂર કરે છે. તે જ ગુણ વિશિષ્ટ તપોધનને જ અભેદનયથી નિશ્ચય પ્રત્યાખ્યાન થાય છે. એમ જાણવું.

નિત્યાનંદ એક સ્વભાવી શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયાત્મક આત્મામાં સુખ, દુઃખ, જીવન-મરણ આદિ વિષયમાં સર્વ ઉપેક્ષા સંયમમાં સ્થિત થઈને વેદન કરે છે, અનુભવ કરે છે, જાણે છે.

(પ્રશ્ન) શું જાણે છે ?

(ઉત્તર) જે કર્મ છે તે કર્મ જ છે.

(પ્રશ્ન) તે કેવા રૂપે છે ?

(ઉત્તર) દોષરૂપ છે. મારા સ્વરૂપ રૂપ નથી.

(પ્રશ્ન) કેવું કર્મ (મારા સ્વરૂપ રૂપ નથી) ?

(ઉત્તર) ઉદયાગત કર્મ.

(પ્રશ્ન) અને કયા રૂપના કર્મ (છે)

(ઉત્તર) મૂળ અને ઉત્તર પ્રકૃતિના ભેદથી અનેક વિસ્તારથી વિસ્તૃત (એવા) કર્મ (છે)

(આમ જે) વર્તમાન કાળમાં સ્પષ્ટરૂપથી (જાણે છે) તે આત્મા અભેદનયથી નિશ્ચય આલોચના છે એમ જાણવું જોઈએ.

નિશ્ચય રત્નત્રય લક્ષણરૂપ શુદ્ધાત્મસ્વરૂપમાં સ્થિર થઈને જે પૂર્વોક્ત નિશ્ચય પ્રત્યાખ્યાન-પ્રતિક્રમણ-આલોચના (નું) અનુષ્ઠાન નિત્ય કરે છે. તે આત્મા જ અભેદ નયથી નિશ્ચય ચારિત્ર હોય છે.

(પ્રશ્ન) કોનાથી હોય છે ?

(ઉત્તર) શુદ્ધાત્મા સ્વરૂપમાં ચરણ કરવું તે ચારિત્ર છે. એવું આગમ વચન છે તેનાથી (આવું

ચારિત્ર) હોય છે.

આ રીતે નિશ્ચય પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોનારૂપ ચારિત્રના વ્યાખ્યાનરૂપથી આઠમા સ્થળમાં ચાર ગાથાઓ પૂરી થઈ.

**જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૭.**
**જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને; ૩૮૮.**
**જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને-દુખબીજને. ૩૮૯.**

**ગાથાર્થઃ-** [ कर्मफलम् वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः तु ] જે આત્મા [ कर्मफलम् ] કર્મફળને [ आत्मानं करोति ] પોતારૂપ કરે છે ( –માને છે ), [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને– [ दुःखस्य बीजं ] દુઃખના બીજને– [ बध्नाति ] બાંધે છે.

[ कर्मफलं वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः तु ] જે આત્મા [ कर्मफलम् मया कृतं जानाति ] 'કર્મફળ મેં કર્યું' એમ જાણે છે, [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને– [ दुःखस्य बीजं ] દુઃખના બીજને– [ बध्नाति ] બાંધે છે.

[ कर्मफलं वेदयमानः ] કર્મના ફળને વેદતો થકો [ यः चेतयिता ] જે આત્મા [ सुखितः दुःखितः च ] સુખી અને દુઃખી [ भवति ] થાય છે, [ सः ] તે [ पुनः अपि ] ફરીને પણ [ अष्टविधम् तत् ] આઠ પ્રકારના કર્મને– [ दुःखस्य बीजं ] દુઃખના બીજને– [ बध्नाति ] બાંધે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૮૭ થી ૩૮૯)**

ઉત્થાનિકા : હવે મિથ્યાત્વ રાગાદિ પરિણત જીવને અજ્ઞાન ચેતના હોય છે જે કેવળજ્ઞાનાદિ ગુણને પ્રચ્છાદન કરવાવાળા કર્મબંધને ઉત્પન્ન કરે છે તેમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : પ્રથમ તો જ્ઞાન અને અજ્ઞાનના ભેદથી ચેતના બે પ્રકારની હોય છે. પ્રથમ અજ્ઞાન ચેતનાનું (કથન) ત્રણ ગાથાઓ દ્વારા કરે છે. ઉદયમાં આવેલ શુભ-અશુભ કર્મનું વેદન કે અનુભવ કરતો થકો અજ્ઞાની જીવ સ્વસ્થભાવથી ભ્રષ્ટ થઈને કર્મ મારા છે એમ કહે છે. મારા વડે કર્મ કરવામાં આવે છે એમ જે કહે છે તે જીવ ફરીથી આઠ પ્રકારના કર્મોને બાંધે છે.

(પ્રશ્ન) કેવા છે ?

(ઉત્તર) બીજ અથવા કારણ છે.

(પ્રશ્ન) કોના કારણ છે ?

(ઉત્તર) દુઃખના (કારણ છે)

આ પ્રકારે બે ગાથાઓ દ્વારા અજ્ઞાન ચેતનારૂપ કર્મચેતનાનું વ્યાખ્યાન થયું.

(પ્રશ્ન) કર્મ ચેતનાનો શું અર્થ છે ?

(ઉત્તર) કર્મ મારું છે કર્મ મારા વડે કરવામાં આવે છે. એવા પ્રકારના અજ્ઞાનભાવથી વીતરાગ શુદ્ધાત્માનુભૂતિથી રહિત જીવના ઇચ્છાપૂર્વક ઈષ્ટ અનિષ્ટ ભાવથી મન, વચન, કાયની જે ચેષ્ટા-વ્યાપાર-ક્રિયા છે તે બંધના કારણરૂપ કર્મચેતના કહેવામાં આવી છે.

ઉદયમાં આવેલા કર્મફળનું વેદન કરતો થકો અને શુદ્ધાત્મસ્વરૂપનું વેદન નહીં કરતો થતો મનોજ્ઞ-અમનોજ્ઞ ઈન્દ્રિય વિષયોના નિમિત્તે જે સુખી દુઃખી થાય છે તે જીવ ફરી આઠ પ્રકારના કર્મોને બાંધે છે.

(પ્રશ્ન) કેવા કર્મોને બાંધે છે ?

(ઉત્તર) બીજ અથવા કારણ છે.

(પ્રશ્ન) શેનું કારણ છે ?

(ઉત્તર) દુઃખનું કારણ છે.

આ પ્રકારે એક ગાથા દ્વારા કર્મફળ ચેતનાનું વ્યાખ્યાન થયું.

(પ્રશ્ન) કર્મફળ ચેતનાનો શું અર્થ છે ?

(ઉત્તર) સ્વસ્થભાવથી રહિત અજ્ઞાનભાવથી યથાસંભવ વ્યક્ત કે અવ્યક્ત સ્વભાવથી ઈહાપૂર્વક ઈષ્ટ અનિષ્ટ વિકલ્પરૂપથી હર્ષને શોકરૂપ જે સુખ દુઃખનો અનુભવ છે તેને બંધની કારણભૂત કર્મફળ ચેતના કહેલ છે ત્યાં તે કર્મચેતના અને કર્મફળ ચેતના બન્ને છોડવા લાયક છે. કેમકે બન્ને બંધના કારણ છે.

ત્યાં તે બન્ને કર્મ ચેતના અને કર્મફળ ચેતનાની વચ્ચે પહેલા તો નિશ્ચય પ્રતિક્રમણ નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય આલોચના સ્વરૂપ જે પૂર્વે કહેવામાં આવેલ છે ત્યાં સ્થિત થઈને શુદ્ધજ્ઞાન ચેતનાના બળથી કર્મચેતનાના ત્યાગની ભાવનાને નચાવે છે-ભાવે છે ને કર્મબંધના વિનાશને માટે કરે છે એવો અર્થ છે.

તે આ પ્રકારે છે.

જે મેં ભૂતકાળમાં કર્યા જે મેં બીજા પાસે કરાવ્યા અને બીજા કરતા પ્રાણીઓની અનુમોદના કરી.

(પ્રશ્ન) કોના દ્વારા કર્યુ, કરાવ્યું ને અનુમોદ્યુ ?

(ઉત્તર) મન વચન અને કાયા દ્વારા (કર્યુ, કરાવ્યું ને અનુમોદ્યુ). તે બધું મારૂ દુષ્કૃત મિથ્યા

થાવ. આ પ્રકારના છના સંયોગરૂપ પ્રથમ ભંગ થયો.

જે મેં ભૂતકાળમાં કર્યા જે મેં બીજા પાસે કરાવ્યા અને બીજા કરતા પ્રાણીઓની અનુમોદના કરી.

(પ્રશ્ન) કોના દ્વારા કર્યુ, કરાવ્યું ને અનુમોદ્યુ ?

(ઉત્તર) મન વચન દ્વારા (કર્યુ, કરાવ્યું ને અનુમોદ્યુ). તે બધું મારૂ દુષ્કૃત મિથ્યા થાવ. આ પ્રકારે પાંચના સંયોગરૂપથી બીજા ભંગ થયો. આવી રીતે એક એક ને ઓછું કરીને કે દૂર કરીને ત્રણ પ્રકારના ભંગ પાંચના સંયોગરૂપના થયા. આ પ્રકારે સંયોગરૂપ અક્ષસંચારથી ઓગણપચાસ ભંગ થયા છે. આ પ્રકારે ટીકાનો આશય છે. આ જ વાતને સરળ રીતે કહીએ છીએ.

(પ્રશ્ન) કેવી રીતે ?

(ઉત્તર) કૃત, કારિત અને અનુમોદના એમ પ્રત્યેક ત્રણ ભંગ થયા. કૃત-કારિત બન્ને, કૃત-અનુમોદના બન્ને, કારિતા અને અનુમોદન બન્ને આ પ્રકારે બેના સંયોગવાળા ત્રણ ભંગ થયા.

કૃત, કારિત અને અનુમોદના ત્રણ સંયોગી એવો એક ભંગ થયો આ પ્રકારે સાત ભંગ થયા.

તેવી જ રીતે મન, વચન, કાયા પ્રત્યેકના (અસંયોગી) ત્રણ ભંગ થાય છે. મન તથા વચન બન્ને, મન તથા કાયા બન્ને વચનને કાયા બન્ને આ પ્રકારે બે સંયોગવાળા ત્રણ ભંગ થયા અને મન, વચન, કાયાનું ત્રણના સંયોગવાળું એક ભંગ થયું આમ બીજી સપ્તભંગી પૂરી થઈ.

મન સાથે કર્યુ, વચન સાથે કર્યુ, કાયા સાથે કર્યુ એમ દરેકના (અસંયોગી– ત્રણ ભંગ થયા, મનને વચન બન્ને સાથે, મનને કાયા બન્ને સાથે, વચનને કાયા બન્ને સાથે તથા મન, વચનને કાયા ત્રણેય સાથે આ પ્રકારે કૃતની વિવક્ષિત ત્રીજી સપ્તભંગી થઈ.

કૃતની જેમ કારિત પર પણ અનુમોદના પર પણ અને કૃત કારિત બન્ને પર પણ કૃત અનુમોદન પર પણ, કારિત અનુમોદન પર પણ તથા કૃત કારિત અનુમોદના આ ત્રણેય પર પણ પ્રત્યેકની આ ક્રમથી સપ્તભંગી લગાડવી. આ પ્રકારે બધી મળી ૭ સપ્તભંગીના ૪૯ ભંગ થશે.

આ પ્રતિક્રમણ કલ્પ પૂરો થયો.

હવે પ્રત્યાખ્યાન કલ્પનું વર્ણન કરે છે.

જે હું ભવિષ્યમાં કરીશ. જે હું ભવિષ્યમાં કરાવીશ અને જે હું ભવિષ્યમાં કર્તા ને અનુમોદીશ.

(પ્રશ્ન) કોના દ્વારા ?

(ઉત્તર) મન, વચન અને કાયા દ્વારા તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાવ. આ રીતે પહેલાની જેમ છ ના સંયોગથી પ્રથમ ભંગ થયો આ પ્રકારે ભવિષ્યમાં કરીશ ને હું ભવિષ્યમાં કરાવીશ અને હું ભવિષ્યમાં કરતાંએવાની અનુમોદના કરીશ.

(પ્રશ્ન) કોના દ્વારા ?

(ઉત્તર) મન તથા વચન દ્વારા તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાવ. આ પ્રકારે એક-એક ને હટાવતા પાંચ સંયોગી ત્રણ ભંગ થાય છે. આ રીતે પૂર્વોક્ત રીતના ૪૯ ભંગ જાણવા જોઈએ.

આ રીતે પ્રત્યાખ્યાન કલ્પ પૂરો થયો.

હવે આલોચના કલ્પ કહે છે તે.

વર્તમાનકાળમાં જે હું કરું છું, જે હું કરાવું છું ને અન્ય જે કર્તા તેની અનુમોદના કરું છું.

(પ્રશ્ન) કોના દ્વારા ?

(ઉત્તર) મન, વચન, કાયા દ્વારા તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ આ રીતે પૂર્વવત્ છ ના સંયોગથી એક ભંગ થયો તથા જે હું કરું છું, જે હું કરાવું છું ને જે કર્તા એવા અન્યની અનુમોદના કરું છું.

(પ્રશ્ન) કોના દ્વારા ?

(ઉત્તર) મન અને વચન દ્વારા તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ. આ પ્રકારે એક-એકને હટાવવાથી પાંચ સંયોગી ત્રણ ભંગ થાય છે. આ પ્રકારે પૂર્વોક્ત પ્રકારથી ૪૯ ભંગ જાણવા જોઈએ આ રીતે આલોચના કલ્પ પૂરો થયો.

કલ્પ, પર્વ, પરિચ્છેદ, અધિકાર, અધ્યાય, પ્રકરણ એ બધા એકાર્થ વાચી જાણવા જોઈએ. આ રીતે નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન અને નિશ્ચય આલોચનાના ભેદથી શુદ્ધ જ્ઞાન ચેતના ભાવનારૂપથી બે ગાથાઓના કથન દ્વારા કર્મ ચેતનાના સંન્યાસ-ત્યાગની ભાવના પૂરી થઈ.

હવે શુદ્ધ જ્ઞાન ચેતનાના બળથી કર્મફળ ચેતનાના ત્યાગની ભાવનાને દર્શાવે છે. જેવી રીતે હું મતિજ્ઞાનાવરણ કર્મના ફળને નથી ભોગવતો.

(પ્રશ્ન) તો પછી શુ કરું છું ?

(ઉત્તર) હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્માનું જ સંચેતન-અનુભવ કરું છું. હું શ્રુતજ્ઞાનાવરણ કર્મના ફળને નથી ભોગવતો.

(પ્રશ્ન) તો પછી શું કરું છું ?

(ઉત્તર) હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્માનો જ અનુભવ કરું છું. હું અવધિજ્ઞાનાવરણ કર્મના ફળને નથી ભાંગવતો.

(પ્રશ્ન) તો પછી શું કરું છું ?

(ઉત્તર) હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્માનો જ અનુભવ કરું છું. હું મન પર્યય જ્ઞાનાવરણ કર્મના ફળને નથી ભોગવતો.

(પ્રશ્ન) તો પછી શું કરું છું ?

(ઉત્તર) હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી આત્માનો જ અનુભવ કરું છું. હું કેવલજ્ઞાનાવરણ કર્મના ફળને નથી ભોગવતો.

(પ્રશ્ન) તો પછી શું કરું છું ?

(ઉત્તર) શુદ્ધ ચૈતન્યસ્વભાવી આત્માનો અનુભવ કરું છું.

આ પ્રકારે પાંચ પ્રકારના જ્ઞાનાવરણ કર્મરૂપ, કર્મફળ ચેતનાના ત્યાગની ભાવના કહેવાઈ.

હું ચક્ષુદર્શનાવરણ કર્મના ફળને નથી ભોગવતો.

(પ્રશ્ન) તો પછી શું કરું છું ?

(ઉત્તર) શુદ્ધ ચૈતન્ય સ્વભાવી આત્માનો જ અનુભવ કરું છું.

આ પ્રકારે ટીકામાં કહેવામાં આવેલ ક્રમથી ૫ જ્ઞાનાવરણ ૯ દર્શનાવરણ, ૨ વેદનીય, ૨૮ મોહનીય, ૪ આયુ, ૯૩ નામ કર્મ, ૨ગોત્રકર્મ તથા ૫ અંતરાય કર્મની બધી ૨૦૦માં ૫૨ ઓછી એટલે કે ૧૪૮ કર્મ પ્રકૃતિઓ છે તેનો નાશ કરીને સિદ્ધ થાય છે.

આ ગાથાનો આશય લઈને ૧૪૮ સંખ્યાવાળી કર્મની ઉત્તર પ્રકૃતિઓના કર્મફળના ત્યાગની ભાવના નચાવવી કર્તવ્ય છે એવો અર્થ છે.

કંઈક વિશેષ.

ત્રણ લોક ત્રણ કાળથી સંબંધિત મન, વચન, કાયા કૃત કારિત અને અનુમોદના તથા ખ્યાતિ, પૂજા, લાભ અને દેખેલા, સાંભળેલા અને અનુભવ કરેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ આદિ બધા પરદ્રવ્યોના અવલબંનથી ઉત્પન્ન થવાવાળા શુભ-અશુભ વિકલ્પોથી સહિત અર્થાત્ ચિદાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન તથા આચરણરૂપ અભેદ રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન થવાવાળા વીતરાગ સહજ પરમાનંદમય સુખરસના આસ્વાદવાળા પરમ સમરસી ભાવના અનુભવના અવલંબનથી ભરિત (પૂર્ણ) અવસ્થાવાળા કેવલજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયના વ્યક્તિરૂપ સાક્ષાત ઉપાદેયભૂત કાર્ય સમયસારને ઉત્પન્ન કરવાવાળા, નિશ્ચય કારણ સમયસારવાળા, શુદ્ધ જ્ઞાન ચેતનાની ભાવનાનું આલંબન કરીને કર્મચેતનાના ત્યાગની ભાવના અને કર્મફળ ચેતનાના ત્યાગની ભાવના મોક્ષાર્થી પુરુષ દ્વારા કરવી જોઈએ એવો ભાવાર્થ છે.

આ પ્રકારે બે ગાથાઓ દ્વારા કર્મચેતનાના ત્યાગની ભાવનાની મુખ્યતાથી તથા એક ગાથા દ્વારા કર્મફળ ચેતનાના ત્યાગની ભાવનાની મુખ્યતાથી દશમાં સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

**રે ! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઇ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, શાસ્ત્ર જાુદું-જિન કહે; ૩૯૦.**
**રે ! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઇ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, શબ્દ જાુદો-જિન કહે; ૩૯૧.**
**રે ! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, રૂપ જાુદું-જિન કહે; ૩૯૨.**
**રે ! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, વર્ણ જાુદો-જિન કહે; ૩૯૩.**
**રે ! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, ગંધ જાુદી-જિન કહે; ૩૯૪.**

**રે ! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, રસ જુદો-જિનવર કહે; ૩૯૫.**
**રે ! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો-જિન કહે; ૩૯૬.**
**રે ! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું-જિન કહે; ૩૯૭.**
**રે ! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, ધર્મ જાુદો-જિન કહે; ૩૯૮.**
**અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો-જિન કહે; ૩૯૯.**
**રે ! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો-જિન કહે; ૪૦૦.**
**આકાશ તે નથી જ્ઞાન, એ આકાશ કંઈ જાણે નહીં,**
**તે કારણે આકાશ જાુદું, જ્ઞાન જાુદું-જિન કહે; ૪૦૧.**
**નહિ જ્ઞાન અધ્યવસાન છે, જેથી અચેતન તેહ છે,**
**તે કારણે છે જ્ઞાન જાુદું, જાુદું અધ્યવસાન છે. ૪૦૨.**
**રે ! સર્વદા જાણે જ તેથી જીવ જ્ઞાયક જ્ઞાની છે,**
**ને જ્ઞાન છે જ્ઞાયકથી અવ્યતિરિક્ત ઇમ જ્ઞાતવ્ય છે. ૪૦૩.**
**સમ્યક્ત્વ, ને સંયમ, તથા પૂર્વાંગગત સૂત્રો, અને**
**ધર્માધરમ, દીક્ષા વળી, બુધ પુરુષ માને જ્ઞાનને. ૪૦૪.**

**ગાથાર્થઃ-** [ शास्त्रं ] **શાસ્ત્ર** [ ज्ञानं न भवति ] **જ્ઞાન નથી** [ यस्मात् ] કારણ કે [ शास्त्रं किञ्चित् न जानाति ] **શાસ્ત્ર** કાંઈ જાણતું નથી ( -જડ છે, ) [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ शास्त्रम् अन्यत् ] **શાસ્ત્ર અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ शब्दः ज्ञानं न भवति ] **શબ્દ જ્ઞાન નથી** [ यस्मात् ] કારણ કે [ शब्दः किञ्चित् न जानाति ] **શબ્દ** કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ शब्दं अन्यं ] **શબ્દ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ रूपं ज्ञानं न भवति ] **રૂપ જ્ઞાન નથી** [ यस्मात् ] કારણ કે [ रूपं किञ्चित् न जानाति ] **રૂપ** કાંઈ જાણતું નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ रूपम् अन्यत् ] **રૂપ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે,** [ वर्णः ज्ञानं न भवति ] **વર્ણ જ્ઞાન નથી** [ यस्मात् ] કારણ કે [ वर्णः किञ्चित् न जानाति ] **વર્ણ** કાંઈ જાણતો નથી, [ तस्मात् ] માટે [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય**

છે, [ वर्णम् अन्यम् ] **વર્ણ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ गन्धः ज्ञानं न भवति ] **ગંધ જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ गन्धः किञ्चित् न जानाति ] **ગંધ કાંઈ જાણતી નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ गन्धम् अन्यम् ] **ગંધ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ रसः तु ज्ञानं न भवति ] **રસ જ્ઞાન નથી** [ यस्मात् तु ] **કારણ કે** [ रसः किञ्चित् न जानाति ] **રસ કાંઈ જાણતો નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે** [ रसं च अन्यं ] **અને રસ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ स्पर्शः ज्ञानं न भवति ] **સ્પર્શ જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ स्पर्शः किञ्चित् न जानाति ] **સ્પર્શ કાંઈ જાણતો નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ स्पर्श अन्यं ] **સ્પર્શ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ कर्म ज्ञानं न भवति ] **કર્મ જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ कर्म किञ्चित् न जानाति ] **કર્મ કાંઈ જાણતું નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ कर्म अन्यत् ] **કર્મ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ धर्मः ज्ञानं न भवति ] **ધર્મ ( અર્થાત્ ધર્માસ્તિકાય ) જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ धर्मः किञ्चित् न जानाति ] **ધર્મ કાંઈ જાણતો નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ धर्म अन्यं ] **ધર્મ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ अधर्मः ज्ञानं न भवति ] **અધર્મ ( અર્થાત્ અધર્માસ્તિકાય ) જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ अधर्मः किञ्चित् न जानाति ] **અધર્મ કાંઈ જાણતો નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ अधर्म अन्यम् ] **અધર્મ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ कालः ज्ञानं न भवति ] **કાળ જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ कालः किञ्चित् न जानाति ] **કાળ કાંઈ જાણતો નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ कालं अन्यं ] **કાળ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ आकाशम् अपि ज्ञानं न ] **આકાશ પણ જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ आकाशं किञ्चित् न जानाति ] **આકાશ કાંઈ જાણતું નથી,** [ तस्मात् ] **માટે** [ ज्ञानं अन्यत् ] **જ્ઞાન અન્ય છે,** [ आकाशम् अन्यत् ] **આકાશ અન્ય છે–** [ जिनाः ब्रुवन्ति ] **એમ જિનદેવો કહે છે.** [ अध्यवसानं ज्ञानम् न ] **અધ્યવસાન જ્ઞાન નથી** [ यस्मात् ] **કારણ કે** [ अध्यवसानम् अचेतनं ] **અધ્યવસાન અચેતન છે,** [ तस्मात् ] **માટે** [ ज्ञानम् अन्यत् ] **જ્ઞાન અન્ય છે** [ तथा अध्यवसानं अन्यत् ] **તથા અધ્યવસાન અન્ય છે** ( –એમ જિનદેવો કહે છે ).

[ यस्मात् ] **કારણ કે** [ नित्यं जानाति ] **( જીવ ) નિરંતર જાણે છે** [ तस्मात् ] **માટે** [ ज्ञायकः जीवः तु ] **જ્ઞાયક એવો જીવ** [ ज्ञानी ] **જ્ઞાની** ( –જ્ઞાનવાળો, જ્ઞાનસ્વરૂપ ) **છે,** [ ज्ञानं च ] **અને જ્ઞાન** [ ज्ञायकात् अव्यतिरिक्तं ] **જ્ઞાયકથી અવ્યતિરિક્ત છે** ( –અભિન્ન છે, જુદું નથી ) [ ज्ञातव्यम् ] **એમ જાણવું.**

[ बुधाः ] બુધ પુરુષો ( અર્થાત્ જ્ઞાની જનો ) [ ज्ञानं ] જ્ઞાનને જ [ सम्यग्दृष्टिं तु ] સમ્યગ્દૃષ્ટિ [ संयमं ] ( જ્ઞાનને જ ) સંયમ, [ अङ्गपूर्वगतम् सूत्रम् ] અંગપૂર્વગત સૂત્ર, [ धर्माधर्म च ] ધર્મ–અધર્મ ( પુણ્ય–પાપ ) [ तथा प्रव्रज्याम् ] તથા દીક્ષા [ अभ्युपयान्ति ] માને છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૩૯૦ થી ૪૦૪)**

ઉત્થાનિકા : હવે અહીં જે વ્યવહારિક જીવાદિ નવ પદાર્થોથી ભિન્ન હોવાથી ટંકોત્કીર્ણ જ્ઞાયક એક પારમાર્થિક પદાર્થ નામવાળો છે તથા ગદ્ય પદ્ય આદિ અનેક રચના રચિત શાસ્ત્રોથી તથા શબ્દાદિ પંચેન્દ્રિય વિષય પ્રભૃતિ પરદ્રવ્યોથી રહિત હોવાથી રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત એવું સદા આનંદમય એક લક્ષણ સુખામૃત રસાસ્વાદની ભરેલ પૂર્ણ અવસ્થાવાળું પરમાત્મ તત્ત્વ છે તેને પ્રગટ કરે છે.

તાત્પર્યવૃત્તિ : ગદ્યપદ્ય આદિ ગ્રંથ રચનારૂપ શાસ્ત્ર, કર્ણ ઈન્દ્રિયના વિષયરૂપ શબ્દો, રૂપ શબ્દ દ્વારા વાચ્ય, સ્પર્શ રસ ગંધ ને વર્ણવાળી મૂર્તિ; કાળો, વાદળી, લાલ, પીળો, સફેદ આ પાંચ ભેદવાળું વર્ણ, સુગંધ તથા દુર્ગંધરૂપ ગંધ, કડવા, ચરપરા, કષાયેલ, ખાટો તથા મીઠાના ભેદવાળા રસો, ઠંડા ગરમ, ચીકણા, લુખા, ભારે, હલ્કા, કોમળ, કઠોર ભેદવાળા સ્પર્શો.

જ્ઞાનાવરણાદિ આઠ મૂળ પ્રકૃતિઓ તથા ૧૪૮ ઉત્તર પ્રકૃત્તિઓના ભેદવાળું કર્મ, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, કાળ આકાશ, નામના જ્ઞેય પદાથો છે તે બધા તથા પૂર્વોક્ત શાસ્ત્ર આદિ જ્ઞાન નથી થઈ શકતું.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) અચેતન હોવાને કારણે. કેમકે તે અચેતન છે તેથી જ્ઞાનથી જુદા છે. એમ જિનેન્દ્ર ભગવાન જાણે છે, અને કહે છે.

શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ ઉપાદાનરૂપથી રાગાદિ વિકલ્પરૂપ અધ્યવસાન પણ જ્ઞાન નથી.

(પ્રશ્ન) કયા કારણથી જ્ઞાન નથી ?

(ઉત્તર) અચેતન હોવાને કારણે, એટલા માટે જ્ઞાન અન્ય છે અને અધ્યવસાન અન્ય છે. એમ જિનેન્દ્રદેવ કહે છે.

(પ્રશ્ન) તો પછી જ્ઞાન શું છે ?

(ઉત્તર) જ્ઞેય વસ્તુને સદાકાળ જાણે છે તે જ્ઞાન છે. જાણે છે એટલે જ્ઞાયક છે. (અને) જ્ઞાન જેનું છે તે જ્ઞાની છે.

(પ્રશ્ન) એવો (તે) કોણ છે ?

(ઉત્તર) એવો જીવ છે.

ફરીથી જ્ઞાન, જ્ઞાયક, જીવ (વગેરે) સંજ્ઞા લક્ષણ પ્રયોજન આદિના ભેદથી જો કે ભિન્ન છે તો પણ નિશ્ચયથી અભિન્ન છે. જેવી રીતે અગ્નિ પોતાના ઉષ્ણ ગુણથી અભિન્ન હોય છે તેમાં આ

સિવાય અપવાદ વ્યાખ્યાન આમ છે કે માને છે !

(પ્રશ્ન) કોણ (માને છે) ?

(ઉત્તર) પંડિત (સમ્યક્દૃષ્ટિ) માને છે.

(પ્રશ્ન) કર્મપણાને પ્રાપ્ત (કોને) શું માને છે ?

(ઉત્તર) જ્ઞાનને આત્માથી અભેદરૂપ માને છે.

(પ્રશ્ન) તે કોને કોને જ્ઞાન માને છે ?

(ઉત્તર) સમ્યક્દૃષ્ટિ અભેદથી સમ્યક્ત્વને અથવા જીવગુણ લક્ષણને (જ્ઞાન માને છે)

ઈન્દ્રિય સંયમ તથા પ્રાણી સંયમરૂપ બાહ્ય સંયમના બળથી પ્રગટ શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળા ભાવ સંયમને (જ્ઞાન માને છે)

અંગપૂર્વ જ્ઞાનના બળથી પ્રગટ શુદ્ધાત્મા આદિની પરિચ્છિતિરૂપ ભાવશ્રુત જ્ઞાનને (જ્ઞાન માને છે)

ભાવ, પુણ્ય-પાપ સ્વરૂપને તથા રાગાદિરૂપ ઈચ્છાના નિરોધ લક્ષણથી યુક્ત સ્વરૂપ પ્રતપન સ્વભાવને, લીનતાની ભાવનારૂપ પ્રવજ્યાને (નિશ્ચયથી જ્ઞાન માને છે)

(પ્રશ્ન) જે તપશ્ચરણ છે તે બધાને કયા નયથી જ્ઞાન માને છે ?

(ઉત્તર) મિથ્યાદૃષ્ટિ આદિથી લઈને ક્ષીણ કષાય પર્યંત પોતે પોતાના ગુણસ્થાનને યોગ્ય શુભ-અશુભ તથા શુદ્ધોપયોગની સાથે અવિનાભાવ છે તે વિવક્ષિત અશુદ્ધ ઉપાદાન નિશ્ચયનયથી તે બધાને જ્ઞાન માને છે)

આથી એમ સિદ્ધ થયું કે શુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહી ઉપાદાનરૂપ શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવાદિ નવ પદાર્થોથી ભિન્ન આદિ મધ્ય તથા અંત રહિત એક અખંડ પ્રતિભાસમય નિજ નિરંજન સહજ શુદ્ધ પરમ સમયસારનામક સર્વ પ્રકારથી ઉપાદેય સ્વરૂપ શુદ્ધજ્ઞાન સ્વભાવી શુદ્ધાત્મ તત્ત્વ જ (શ્રદ્ધેય) શ્રદ્ધા કરવા યોગ્ય, જાણવા યોગ્ય તથા ધ્યાન કરવા યોગ્ય છે આ પ્રકારે વ્યવહારિક નવ પદાર્થોમાં ભૂતાર્થ નયથી એક જ શુદ્ધ જીવ વાસ્તવમાં સ્થિત છે (મોજુદ છે) આ પ્રકારના વ્યાખ્યાનની મુખ્યતાથી અગિયાર સ્થળમાં ૧૫ ગાથાઓ પૂરી થઈ.

કંઈક વિશેષ આમ છે કે,

મતિ આદિ પાંચ સમ્યગ્જ્ઞાન પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિકભાવ દ્રવ્ય રૂપ છે. વાસ્તવમાં જીવ પદાર્થ ન તો કેવળ દ્રવ્યરૂપ છે ન તો કેવળ પર્યાયરૂપ છે પરંતુ પરસ્પર સાપેક્ષ દ્રવ્યપર્યાયરૂપ ધર્મ-અધર્મના આધારરૂપ ધર્મી છે.

તેમાં હવે કયા જ્ઞાનથી મોક્ષ થાય છે ? તેનો વિચાર કરવામાં આવે છે.

કેવળજ્ઞાન પર્યાયરૂપ ફળ તો ભવિષ્યમાં થશે, અવધિજ્ઞાન અને મનપર્યય જ્ઞાન એ બન્ને જ્ઞાન છે 'रुपिष्वधे तद्दनन्तलागे' મન પર્યયસ્થ એવા આગમ વચનથી મૂર્ત પદાર્થને વિષય કરનાર

હોવાથી મૂર્ત છે મોક્ષનું કારણ નથી.

એથી મજબુતાઈથી એ વાત સિદ્ધ થઈ કે બાહ્ય વિષયક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના વિકલ્પથી રહિતપણાને કારણે નિજ શુદ્ધાત્માની સન્મુખ પરિચ્છિત જાણવારૂપ લક્ષણવાળા નિશ્ચયથી નિર્વિકલ્પ ભાવરૂપ માનસ મતિજ્ઞાન શ્રુતજ્ઞાન નામવાળા તથા પાંચ ઈન્દ્રિયના વિષયોને વિષય ન કરવાવાળા અતીન્દ્રિય જ્ઞાનરૂપ શુદ્ધ પારિણામિક ભાવના સંબંધમાં જે ભાવના છે તે રૂપ નિર્વિકાર સ્વસંવેદનભૂતિ શબ્દથી વાચ્ય સંસારી જીવોને ક્ષાયિક જ્ઞાનનો અભાવ હોવાનો કારણે ક્ષયોપશમિક હોવા છતાં પણ વિશિષ્ટ ભેદજ્ઞાન જ મુક્તિનું કારણ છે.

(પ્રશ્ન) કયા કારણથી (મુક્તિ) નું કારણ છે ?

(ઉત્તર) સમસ્ત મિથ્યાત્વ રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત નિજ શુદ્ધાત્મ ભાવનાથી ઉત્પન્ન થવાવાળા પરમ આહ્‌લાદકરૂપ એક લક્ષણના સુખામૃત રસના આસ્વાદનથી એકાકાર પરમ સમરસીભાવથી કાર્યભૂત અનંતજ્ઞાન સુખાદિ રૂપ મોક્ષ ફળના વિવક્ષિત એક દેશ શુદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ ઉપાદાનરૂપ કારણપણાથી (જ્ઞાન) મુક્તિનું કારણ છે આવુ (અન્ય સ્થળે પણ) કહ્યું છે કે,

'भेद विज्ञान ते सिद्धा: सिद्धा: ये किल केचन ।
अस्यैवामावतो बद्धा: बद्धा: ये किल केचन ॥
(आत्मख्याति कलश – १३१)

અર્થાત્ : જે કોઈ સિદ્ધ થાય છે તે બધા ભેદ વિજ્ઞાનથી સિદ્ધ થયા છે અને જે કર્મથી બંધાય છે તે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયા છે.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ–

**એમ આતમા જેનો અમૂર્તિક તે નથી આ' રક ખરે,**
**પુદ્‌ગલમયી છે આ' ર તેથી આ' ર તો મૂર્તિક ખરે. ૪૦૫.**
**જે દ્રવ્ય છે પર તેહને ન ગ્રહી, ન છોડી શકાય છે,**
**એવો જ તેનો ગુણ કો પ્રાયોગી ને વૈસ્રસિક છે. ૪૦૬.**
**તેથી ખરે જે શુદ્ધ આત્મા તે નહીં કંઈ પણ ગ્રહે,**
**છોડે નહીં વળી કાંઇ પણ જીવ ને અજીવ દ્રવ્યો વિષે. ૪૦૭.**

**ગાથાર્થઃ-** [ एवम् ] એ રીતે [ यस्य आत्मा ] જેનો આત્મા [ अमूर्तः ] **અમૂર્તિક છે** [ सः खलु ] તે **ખરેખર** [ आहारकः न भवति ] **આહારક નથી;** [ आहारः खलु ] **આહાર તો** [ मूर्तः ] **મૂર્તિક છે** [ यस्मात् ] કારણ કે [ सः तु पुद्गलमयः ] તે **પુદ્‌ગલમય છે.**

[ यत परद्रव्यम् ] જે **પરદ્રવ્ય છે** [ न अपि शक्यते ग्रहीतुं यत् ] **તે ગ્રહી શકાતું નથી**

[ न विमोक्तुं यत् च ] તથા છોડી શકાતું નથી, [ सः कः अपि च ] એવો જ કોઈ [ तस्य ] તેનો ( –આત્માનો ) [ प्रायोगिकः वा अपि वैस्रसः गुण ] પ્રાયોગિક તેમ જ વૈસ્રસિક ગુણ છે.

[ तस्मात् तु ] માટે [ यः विशुद्धः चेतयिता ] જે વિશુદ્ધ આત્મા છે [ सः ] તે [ जीवाजीवयोः द्रव्ययोः ] જીવ અને અજીવ દ્રવ્યોમાં ( –પરદ્રવ્યોમાં ) [ किञ्चित् न एव गृह्णाति ] કાંઈ પણ ગ્રહતો નથી [ किञ्चित् अपि न एव विमुञ्चति ] તથા કાંઈ પણ છોડતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૦૫ થી ૪૦૭)**

ઉત્થાનિકા : આના પછી આવું (સાબિત) થવા બાદ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્મ તત્ત્વને દેહ જ નથી તો પછી તેને આહાર કેવી રીતે હોય તેનો ઉપદેશ આપે છે.

તાત્પર્યવૃત્તિ : જે શુદ્ધનયના અભિપ્રાયથી આત્મા મૂર્તિક નથી તે (આત્મા) આ પ્રકારે અમૂર્તિક હોવાથી સ્પષ્ટતાથી તે શુદ્ધનયના અભિપ્રાયથી આહારક નથી.

(પ્રશ્ન) આહાર કેવો છે ?

(ઉત્તર) સ્પષ્ટરૂપથી મૂર્તિક છે કેમકે તે નોકર્મ આદિ આહારો પુદ્‌ગલમય છે. આત્મામાં એવો કોઈ ગુણ છે.

(પ્રશ્ન) કેવો (ગુણ છે) ?

(ઉત્તર) પ્રાયોગિક અને વૈસ્રસિક ગુણ છે.

પ્રાયોગિક ગુણ કર્મ સંયોગ જનિત છે અને વૈસ્રસિક તે સ્વાભાવિક ગુણ છે.

(પ્રશ્ન) તે ગુણથી આત્મા શું કરે છે ?

(ઉત્તર) તેનાથી આત્મા આહારાદિ પરદ્રવ્યને ગ્રહણ નથી કરી શકતો અને છોડી નથી શકતો.

(પ્રશ્ન) હે ભગવાન ! કર્મજનિત પ્રાયોગિક ગુણથી આહારને ગ્રહણ કરતો થકો તે (આત્મા) અનાહારક કેવી રીતે હોય છે ?

(ઉત્તર) હે શિષ્ય તે ઠીક કહ્યું પરંતુ નિશ્ચયથી (આત્મા) તન્મય નથી થતો. (ગ્રહણ કરે છે) તે વ્યવહારનય છે પરંતુ અહીં તો નિશ્ચયનું વ્યાખ્યાન છે. જે કારણથી નિશ્ચયનયથી (આત્મા) અનાહારક છે તે જ કારણથી વિશેષરૂપથી આત્મા રાગાદિ રહિત શુદ્ધ છે.

કર્માહાર નોકર્માહાર કવલાહાર લેપાહાર ઓજાહાર અને માનસ આહાર રૂપથી જીવ અજીવ દ્રવ્યોમાંથી સચેત અને અચેત આહારને (આત્મા) ન તો કિંચિત ગ્રહણ કરે છે કે ન તો છોડે છે. આ કારણથી નોકર્મ આહારમય શરીર જીવનું સ્વરૂપ નથી. શરીરના અભાવમાં શરીરમય દ્રવ્યલિંગ પણ જીવનું સ્વરૂપ નથી આ પ્રકારે નિશ્ચયથી જીવને આહાર નથી એવા વ્યાખ્યાનની મુખ્યતાથી બારમા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે આ અર્થને ગાથામાં કહે છેઃ–

**બહુવિધનાં મુનિલિંગને અથવા ગૃહસ્થીલિંગને**
**ગ્રહીને કહે છે મૂઢજન ' આ લિંગ મુક્તિમાર્ગ છે '. ૪૦૮.**
**પણ લિંગ મુક્તિમાર્ગ નહિ, અર્હંત નિર્મમ દેહમાં**
**બસ લિંગ છોડી જ્ઞાન ને ચારિત્ર, દર્શન સેવતા. ૪૦૯.**

**ગાથાર્થઃ-** [ बहुप्रकाराणि ] બહુ પ્રકારનાં [ पाषण्डिलिङ्गानि वा ] મુનિલિંગોને [ गृहिलिङ्गानि वा ] અથવા ગૃહીલિંગોને [ गृहीत्वा ] ગ્રહણ કરીને [ मूढाः ] મૂઢ ( અજ્ઞાની ) જનો [ वदन्ति ] એમ કહે છે કે '[ इदं लिङ्गम् ] આ ( બાહ્ય ) લિંગ [ मोक्षमार्गः इति ] મોક્ષમાર્ગ છે '.

[ तु ] પરંતુ [ लिङ्गम् ] લિંગ [ मोक्षमार्गः न भवति ] મોક્ષમાર્ગ નથી; [ यत् ] કારણ કે [ अर्हन्तः ] અર્હંતદેવો [ देहनिर्ममाः ] દેહ પ્રત્યે નિર્મમ વર્તતા થકા [ लिङ्गम् मुक्त्वा ] લિંગને છોડીને [ दर्शनज्ञानचारित्राणि सेवन्ते ] દર્શન–જ્ઞાન–ચારિત્રને જ સેવે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૦૮ થી ૪૦૯)**

ઉત્થાનિકા : હવે આ પ્રકારથી વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવી પરમાત્માને નોકર્મ આહાર આદિનો અભાવ હોવાથી આહારમય દેહ નથી. દેહનો અભાવ હોવાથી દેહમય દ્રવ્યલિંગ નિશ્ચયથી મુક્તિનું કારણ નથી એવું પ્રતિપાદન કરે છે.

તાત્પર્યવૃત્તિ : પાખંડીલિંગ અને ગૃહસ્થિલિંગ આદિ અનેક પ્રકારના (લિંગ) ગ્રહણ કરીને અજ્ઞાની જીવ કહે છે.

(પ્રશ્ન) શું કહે છે ?

(ઉત્તર) તે કે દ્રવ્યમયલિંગ જ મુક્તિનું કારણ છે.

(પ્રશ્ન) કેવો થઈને (અજ્ઞાની આમ કહે છે) ?

(ઉત્તર) રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિથી રહિત પરમ સમાધિરૂપ ભાવલિંગ ને ન જાણતો એવો (અજ્ઞાની આમ કહે છે) ભાવલિંગ રહિત કેવળ દ્રવ્યલિંગ મોક્ષ માર્ગ નથી.

(પ્રશ્ન) કયા કારણથી (કેવળ દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી) ?

(ઉત્તર) જે કારણથી અરિહંત ભગવાન દેહથી નિર્મમત્વરૂપે છે.

(પ્રશ્ન) તે (અરિહંત ભગવાન) શું કરે છે ?

(ઉત્તર) (તે અરિહંત ભગવાન) (દ્રવ્ય) લિંગના આધારભૂત જે શરીર છે તેના મમત્વથી મન વચન કાયથી મુક્ત હોય છે અને ચિદાનંદરૂપ એક સ્વભાવી શુદ્ધાત્મતત્ત્વના વિષયમાં જે શ્રદ્ધાન, જ્ઞાન તથા આચરણરૂપ સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તેનું સેવન કરે છે, ભાવના કરે છે.

હવે એ જ સિદ્ધ કરે છે ( અર્થાત્ દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે-એમ સિદ્ધ કરે છે ) :-

**મુનિલિંગ ને ગૃહીલિંગ- એ લિંગો ન મુક્તિમાર્ગ છે;**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનને બસ મોક્ષમાર્ગ જિનો કહે. ૪૧૦.**

**ગાથાર્થ**:- [ पाषण्डिगृहिमयानि लिङ्गानि ] મુનિનાં અને ગૃહસ્થનાં લિંગો [ एषः ] એ [ मोक्षमार्गः न अपि ] મોક્ષમાર્ગ નથી; [ दर्शनज्ञानचारित्राणि ] દર્શન-જ્ઞાન-ચારિત્રને [ जिनाः ] જિનદેવો [ मोक्षमार्गं ब्रुवन्ति ] મોક્ષમાર્ગ કહે છે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૧૦)**

ઉત્થાનિકા : હવે એ જ કથનને વિશેષરૂપથી દૃઢ કરે છે.

તાત્પર્યવૃત્તિ : તે મોક્ષમાર્ગ નથી.

(પ્રશ્ન) તે કયો (મોક્ષમાર્ગ નથી)

(ઉત્તર) નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગથી નિરપેક્ષ કે રહિત જે પાખંડીલિંગ કે ગૃહસ્થી લિંગરૂપ દ્રવ્યલિંગ છે (તે મોક્ષમાર્ગ નથી)

(પ્રશ્ન) કયા પ્રકારથી દ્રવ્યલિંગ (મોક્ષમાર્ગ નથી) ?

(ઉત્તર) નિર્ગ્રંથ રૂપ ((કે) લંગોટી ગ્રહણરૂપ (જે) બહિરંગ ચિન્હ છે તે (મોક્ષમાર્ગ નથી)

(પ્રશ્ન) તો પછી મોક્ષમાર્ગ કેવો છે ?

(ઉત્તર) શુદ્ધ બુદ્ધ એક સ્વભાવરૂપ જ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન જ્ઞાન અને અનુભવરૂપ સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ છે એમ જીનેન્દ્ર ભગવાન કહે છે.

જો આમ છે ( અર્થાત્ જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી અને દર્શનજ્ઞાનચારિત્ર જ મોક્ષમાર્ગ છે ) તો આમ ( નીચે પ્રમાણે ) કરવું-એમ હવે ઉપદેશ કરે છેઃ-

**તેથી તજી સાગાર કે અણગાર-ધારિત લિંગને,**
**ચારિત્ર-દર્શન-જ્ઞાનમાં તું જોડ રે ! નિજ આત્મને. ૪૧૧.**

**ગાથાર્થ**:- [ तस्मात् ] માટે [ सागारैः ] સાગારો વડે ( -ગૃહસ્થો વડે ) [ अनगारकैः वा ] અથવા અણગારો વડે ( -મુનિઓ વડે ) [ गृहीतानि ] ગ્રહાયેલાં [ लिङ्गानि ] લિંગોને [ जहित्वा ] છોડીને, [ दर्शनज्ञानचारित्रे ] દર્શનજ્ઞાનચારિત્રમાં- [ मोक्षपथे ] કે જે મોક્ષમાર્ગ છે તેમાં- [ आत्मानं युंक्ष्व ] તું આત્માને જોડ.

**તાત્પર્યવૃત્તિ ગાથા - ૪૩૩ (આત્મખ્યાતિ ગાથા - ૪૧૧)**

ઉત્થાનિકા : આથી આચાર્ય દેવ કહે છે કે

તાત્પર્યવૃત્તિ : આ કારણે પૂર્વોક્ત પ્રકારથી સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મોક્ષમાર્ગ છે એવું જિનેન્દ્ર ભગવંતો એ પ્રતિપાદન કરેલ છે. એટલે છોડીને.

(પ્રશ્ન) કોને છોડીને ?

(ઉત્તર) નિર્વિકાર સ્વસંવેદનરૂપ ભાવલિંગથી રહિત સાગાર તથા અણગાર સમૂહને ગ્રહણ કરવામાં આવેલ એવા બહિરંગ આકારવાળા દ્રવ્યલિંગને (છોડીને)

(પ્રશ્ન) પછી શું કરે ?

(ઉત્તર) હે ભવ્ય પછી આત્માને જોડે.

(પ્રશ્ન) ક્યાં જોડે ?

(ઉત્તર) કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સ્વરૂપ શુદ્ધાત્માના સમ્યક્, શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ અભેદ રત્નત્રય લક્ષણવાળા મોક્ષમાર્ગમાં આત્માને જોડો.

હવે આ જ ઉપદેશ ગાથા દ્વારા કરે છેઃ-

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે. ૪૧૨.**

**ગાથાર્થઃ-** ( હે ભવ્ય ! ) [ मोक्षपथे ] તું મોક્ષમાર્ગમાં [ आत्मानं स्थापय ] પોતાના આત્માને સ્થાપ, [ तं च एव ध्यायस्व ] તેનું જ ધ્યાન કર, [ तं चेतयस्व ] તેને જ ચેત-અનુભવ અને [ तत्र एव नित्यं विहर ] તેમાં જ નિરંતર વિહાર કર; [ अन्यद्रव्येषु मा विहार्षीः ] અન્ય દ્રવ્યોમાં વિહાર ન કર.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૧૨)**

ઉત્થાનિકા : હવે નિશ્ચય રત્નત્રય સ્વરૂપ શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળો મોક્ષમાર્ગ મોક્ષાર્થી જીવ દ્વારા સેવન યોગ્ય છે. એમ ઉપદેશ આપે છે.

તાત્પર્યવૃત્તિ : હે ભવ્ય ! આત્માને સ્થાપિત કરો.

(પ્રશ્ન) શેમાં ?

(ઉત્તર) શુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવવાળા આત્મ તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન સમ્યક્જ્ઞાન અને સમ્યક આચરણરૂપ અભેદ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગમાં.

તે જ મોક્ષમાર્ગનું સંચેતન કરો અર્થાત્ પરમ સમરસીભાવથી અનુભવ કરો અને તેનું જ ધ્યાન કરો. અર્થાત્ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થઈને ભાવના કરો. ત્યાં પર જ નિત્ય વિહાર કરો. (તેને જ) જુઓ (તેને જ) સાંભળો. અનુભવ કરેલ ભોગોની આકાંક્ષારૂપ નિદાન બંધ આદિ પરદ્રવ્યના

આલંબનથી ઉત્પન્ન શુભ-અશુભ સંકલ્પ વિકલ્પોમાં વિહાર ન કરો, વિકલ્પોમાં ન લાગો તે (રૂપ) પરણતિ ન કરો.

હવે આ અર્થની ગાથા કહે છેઃ–

**બહુવિધનાં મુનિલિંગમાં અથવા ગૃહીલિંગો વિષે**
**મમતા કરે, તેણે નથી જાણ્યો ‘ સમયના સાર ’ને. ૪૧૩.**

**ગાથાર્થઃ**- [ ये ] જેઓ [ बहुप्रकारेषु ] બહુ પ્રકારનાં [ पाषण्डिलिङ्गेषु वा ] મુનિલિંગોમાં [ गृहिलिङ्गेषु वा ] અથવા ગૃહસ્થલિંગોમાં [ ममत्वं कुर्वन्ति ] મમતા કરે છે ( અર્થાત્ આ દ્રવ્યલિંગ જ મોક્ષનું દેનાર છે એમ માને છે ), [ तैः समयसारः न ज्ञातः ] તેમણે સમયસારને નથી જાણ્યો.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૧૩)**

ઉત્થાનિકા : હવે સહજ શુદ્ધ પરમાત્માની અનુભૂતિરૂપ ભાવલિંગથી રહિત જે આત્મા દ્રવ્યલિંગમાં મમતા કરે છે તે આજે પણ સમયસારને જાણતો નથી એમ પ્રગટ કરે છે.

તાત્પર્યવૃત્તિ : જે વીતરાગ સ્વસંવેદન જ્ઞાનરૂપ ભાવલિંગથી રહિત નિર્ગ્રંથ રૂપ મુનિના દ્રવ્યલિંગરૂપ તથા લંગોટી (શ્રાવકના) ચિન્હ આદિરૂપ બહુ પ્રકારના ગૃહસ્થ-લિંગોમાં મમતા કરે છે તે કારણ સમયસારને નથી જાણતો.

(પ્રશ્ન) કારણ સમયસાર કેવો છે ?

(ઉત્તર) ત્રણ લોક ત્રણ કાળ સંબંધિ ખ્યાતિ પૂજા લાભ મિથ્યાત્વ કામ ક્રોધાદિ સમસ્ત પરદ્રવ્યના અવલંબનથી ઉત્પન્ન શુભાશુભ સંકલ્પ વિકલ્પથી રહિત (એવા) ચિદાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધાત્મ તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન તથા આચરણરૂપ અભેદ રત્નત્રય સ્વરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજ અપૂર્વ પરમ આહ્લાદરૂપ સુખ રસના અનુભવ (રૂપ) એવા પરમ સમરસી ભાવ પરિણામના આલંબનથી પૂર્ણ કળશની જેમ ભરેલ અવસ્થાવાળા, કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયની વ્યક્તિરૂપ સાક્ષાત્ ઉપાદેયરૂપ કાર્ય સમયસારને ઉત્પન્ન કરવાવાળો જે નિશ્ચય કારણ સમયસાર છે તેને તે જાણતો નથી.

‘ વ્યવહારનય જ મુનિલિંગને અને શ્રાવકલિંગને–એ બન્ને લિંગોને મોક્ષમાર્ગ કહે છે, નિશ્ચયનય કોઈ લિંગને મોક્ષમાર્ગ કહેતો નથી ’–એમ હવે ગાથામાં કહે છેઃ–

**વ્યવહારનય એ ઉભય લિંગો મોક્ષપંથ વિષે કહે,**
**નિશ્ચય નહીં માને કદી કો લિંગ મુક્તિપથ વિષે. ૪૧૪.**

**ગાથાર્થઃ**- [ व्यावहारिकः नयः पुनः ] વ્યવહારનય [ द्वे लिङ्गे अपि ] બન્ને લિંગોને

[ मोक्षपथे भणति ] મોક્ષમાર્ગમાં કહે છે ( અર્થાત્ વ્યવહારનય મુનિલિંગ તેમ જ ગૃહીલિંગને મોક્ષમાર્ગ કહે છે ); [ निश्चयनयः ] નિશ્ચયનય [ सर्वलिङ्गानि ] સર્વ લિંગોને ( અર્થાત્ કોઈ પણ લિંગને ) [ मोक्षपथे न इच्छति ] મોક્ષમાર્ગમાં ગણતો નથી.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૧૪)**

ઉત્થાનિકા : હવે નિર્વિકાર શુદ્ધાત્માનુભૂતિ લક્ષણરૂપ ભાવલિંગ સહિત નિર્ગ્રંથ મુનિલિંગ તથા (શ્રાવકના) લંગોટી ઉપકરણ આદિ ઘણા ભેદ સહિત ગૃહસ્થી લિંગ (તે) બન્નેને પણ મોક્ષમાર્ગમાં વ્યવહારથી માનવામાં આવે છે પરંતુ નિશ્ચયનય (તે) બધા દ્રવ્યલિંગોને નથી માનતો એમ કહે છે.

તાત્પર્યવૃત્તિ : વ્યવહારનયથી બે લિંગો મોક્ષમાર્ગમાં માનવામાં આવે છે.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) નિર્વિકાર સ્વાનુભૂતિ લક્ષણવાળા ભાવલિંગના બહિરંગ સહકારી કારણ હોવાથી (માનવામાં આવે છે) પરંતુ નિશ્ચયનય નિર્વિકલ્પ સમાધિરૂપ ત્રિગુપ્તિગુપ્ત બળથી હું નિર્ગ્રંથ મુનિ છું હું લંગોટી ધારી (એલક) છું ઈત્યાદિ મનમાં સમસ્ત દ્રવ્યલિંગોના વિકલ્પને રાગાદિ વિકલ્પોની જેમ મોક્ષમાર્ગમાં નથી ઇચ્છતો.

(પ્રશ્ન) કયા કારણથી ? (નથી ઈચ્છતો)

(ઉત્તર) સ્વયમેવ નિર્વિકલ્પ સમાધિ-સ્વભાવરૂપ હોવાને કારણે (નથી ઇચ્છતો) તેનું કંઈક સ્પષ્ટીકરણ કરે છે.

અહો શિષ્ય ! પાખંડી દ્રવ્યલિંગ વગેરે સાત ગાથાઓ દ્વારા દ્રવ્યલિંગનો સર્વથા જ નિષેધ (કરેલ) છે તેને તું જાણતો નથી. નિશ્ચય રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિરૂપ ભાવલિંગ રહિત યતિઓને સંબોધન કરેલ છે.

(પ્રશ્ન) કયા પ્રકારથી (સંબોધન કરેલ છે)

(ઉત્તર) કે હે તપોધનો દ્રવ્યલિંગ માત્રથી સંતોષ ન કરો પરંતુ દ્રવ્યલિંગના આધારથી નિશ્ચય રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિરૂપભાવના કરો.

(પ્રશ્ન) આ તમારી કલ્પના છે કે દ્રવ્યલિંગનો નિષેધ નથી કરવામાં આવ્યો. અહીં શાસ્ત્રમાં ફરી ને લખેલ છે કે ''લિંગમાં મોક્ષમાર્ગ નથી.''

(ઉત્તર) એ હોતું નથી. ''લિંગમાં મોક્ષમાર્ગ નથી'' એવા વચનથી ભાવલિંગ રહિત (એવા) દ્રવ્યલિંગનો નિષેધ છે. પરંતુ ભાવલિંગ સહિતના દ્રવ્યલિંગનો નિષેધ નથી.

(પ્રશ્ન) કઈ રીતે નિષેધ નથી ?

(ઉત્તર) દ્રવ્યલિંગના આધારભૂત જે આ દેહ છે તેના મમત્વનો નિષેધ છે. દ્રવ્યલિંગનો નિષેધ નથી.

(પ્રશ્ન) કયા પ્રકારથી ?

(ઉત્તર) પહેલા દીક્ષાના કાળમાં સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરેલ હતો પરંતુ દેહનો ત્યાગ નહોતો કરેલ.

(પ્રશ્ન) કયા કારણથી ?

(ઉત્તર) કેમકે દેહ ધારણ (કરેલ) હોવાથી ધ્યાન, જ્ઞાન(નું) અનુષ્ઠાન થાય છે. બીજા પરિગ્રહની જેમ દેહને જુદો નથી કરી શકાતો.

વીતરાગી ધ્યાનના કાળમાં આ દેહ મારો છે અને (આવું) લિંગ છે. ઈત્યાદિ વિકલ્પ વ્યવહારથી પણ ન કરવા જોઈએ.

(પ્રશ્ન) દેહનું મમત્વ છૂટી ગયું છે તે કઈ રીતે ખબર પડે ?

(ઉત્તર) બહારના ફોતરા સાથેના ચોખામાં બહારના ફોતરા વિદ્યમાન હોય ત્યારે તેના અંતરંગ છીલકા (રતાશ)નો ત્યાગ નથી હોતો પણ અંતરંગ છીલકા (રતાશ)નો ત્યાગ હોવા પર નિયમથી બહારના ફોતરાનો ત્યાગ હોય જ છે.

આ ન્યાયથી સમસ્ત પરિગ્રહના પરિત્યાગરૂપ બહિરંગ દ્રવ્યલિંગના હોવા પર ભાવલિંગ હોય પણ અને ન પણ હોય, (હોય જ) એવો નિયમ નથી.

પરંતુ અભ્યંતર ભાવલિંગના હોવા પર સમસ્ત પરિગ્રહના ત્યાગરૂપ દ્રવ્યલિંગ હોય જ છે.

(પ્રશ્ન) હે ભગવન ! ભાવલિંગ હોવા પર બહિરંગ દ્રવ્યલિંગ હોય છે તેવો નિયમ નથી કેમકે તેવું પણ શાસ્ત્ર વચન છે.

(ઉત્તર) તેનું નિરાકારણ.

જેમ કોઈ તપસ્વી ધ્યાનસ્થ છે તેને કોઈએ દુષ્ટભાવથી વસ્ત્રથી લપેટી દીધા કે અલંકાર આદિ પહેરાવી દીધા તો પણ તે નિર્ગ્રંથ જ છે.

(પ્રશ્ન) કયા કારણથી (નિર્ગ્રંથ છે) ?

(ઉત્તર) બુદ્ધિપૂર્વક મમત્વનો અભાવ હોવાને કારણે, પાંડવો આદિની જેમ.

ભરત ચક્રવર્તી આદિને બે ઘડીમાં મોક્ષ પ્રાપ્ત થયો તે પણ નિર્ગ્રંથરૂપથી જ (મોક્ષ પધાર્યા) પરંતુ એમના પરિગ્રહ ત્યાગ (દશા) નો કાળ થોડો હોવાથી લોકોને ખબર નથી. એવો ભાવાર્થ છે.

આ પ્રકારે ભાવલિંગ રહિત દ્રવ્યલિંગ માત્ર મોક્ષનું કારણ નથી. ફરી ભાવલિંગ સહિત (દ્રવ્યલિંગ) સહકારી કારણ હોય છે આ રીતે વ્યાખ્યાનની મુખ્યતાથી તેરમા સ્થળમાં સાત ગાથા પૂરી થઈ.

અહી શિષ્ય પૂછે છે કે કેવળજ્ઞાન શુદ્ધ છે અને છદ્મસ્થનું જ્ઞાન અશુદ્ધ છે (તેથી) તે કેવળજ્ઞાનનું કારણ નથી.

(આચાર્ય પ્રશ્ન કરે છે) કેમ નથી થઈ શકતું ?

(શિષ્ય ઉત્તર આપે છે) કેમકે શુદ્ધ આત્માને જાણતો થકો અનુભવ કરતો થકો જીવ શુદ્ધ આત્માને પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો થકો અને અનુભવ થકો જીવ અશુદ્ધ આત્માને જ પ્રાપ્ત કરે છે (આત્મખ્યાતિ ગાથા ૧૮૬) એવું આગમ વચન છે. (અહીં આચાર્ય (તેને) ઉત્તર આપે છે કે તું જેમ કહે છે કે છદ્મસ્થનું અશુદ્ધ જ્ઞાન કેવળજ્ઞાનનું કારણ નથી થઈ શકતું) તો તેમ નથી (કેમકે) છદ્મસ્થના જ્ઞાનનું કથંચિત્ શુદ્ધપણું અને કથંચિત્ અશુદ્ધપણું (કહેવામાં આવેલ છે) તે આ પ્રકારે કે કેવળજ્ઞાનની અપેક્ષાએ છદ્મસ્થનું જ્ઞાન (પૂર્ણ) શુદ્ધ નથી તો પણ મિથ્યાત્વ રાગાદિથી રહિત હોવાને કારણે તથા વીતરાગ સમ્યક્ત્વ ચારિત્રથી સહિત હોવાને કારણે શુદ્ધ છે (તેથી તે શુદ્ધતાને અનુભવતા વિશેષ લીનતા કરતાં કરતાં કેવળજ્ઞાન પામે છે.)

અભેદનયથી છદ્મસ્થોને વર્તતું ભેદજ્ઞાન આત્મસ્વરૂપ જ હોય છે. એટલે કે એક દેશ વ્યક્તિરૂપ તે જ્ઞાનથી સર્વદેશ વ્યક્તિરૂપ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે તેમાં દોષ નથી.

આવું હોવા છતાં પણ જો આપનુંમાનવું (શિષ્યનું માનવું) હોય કે (છદ્મસ્થનું જ્ઞાન) આવરણ સહિત અથવા ક્ષાયોપશમિક હોવાથી શુદ્ધ નથી તો પછી એવું માનવાથી મોક્ષ પણ નહીં થાય. (કેમ કે શુદ્ધતાના અંશની વૃદ્ધિ થતાં થતાં પૂર્ણતા થાય છે જો અંશરૂપ શુદ્ધતા જ નથી તો પૂર્ણતા પણ નહીં થાય) કેમકે છદ્મસ્થનું જ્ઞાન એકદેશ તો નિરાવરણ હોય છે પણ (જો તમે) કેવળજ્ઞાનની અપેક્ષાએ (જુઓ તો) તે આવરણ સહિત અને ક્ષાયોપશમિક જ હોય છે.

ફરી જો આપ (એટલે કે શિષ્ય) એમ કહે કે પારણામિકભાવ શુદ્ધ છે તેનાથી મોક્ષ થશે તો તે પણ તમારું કહેવું સાચું નથી કેમકે કેવળજ્ઞાન (પ્રગટ થાય તે) પહેલાથી જ પારિણામિકભાવનું શક્તિરૂપથી શુદ્ધપણું છે (અને) તે પ્રગટરૂપથી શુદ્ધપણું નથી.

આ સંબંધી વિસ્તાર એમ છે કે જીવત્ત્વ ભવ્યત્વ અને અભવ્યત્વરૂપથી ત્રણ પ્રકારના પારણામિક ભાવ છે. ત્યાં અભવ્યત્વ તો મુક્તિનું કારણ છે જ નહીં અને જીવત્વ અને ભવ્યત્વ આ બે ભાવોમાં શુદ્ધતા ત્યારે પ્રગટ થાય છે જ્યારે આ જીવ દર્શન મોહ અને ચારિત્ર મોહના ઉપશમ ક્ષયોપશમ અથવા ક્ષયને પ્રાપ્ત કરીને વીતરાગ સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપથી પરિણમિત થાય છે.

તે શુદ્ધપણું મુખ્યરૂપથી ઔપશમિક ક્ષાયોપશમિક તથા ક્ષાયિક આ ત્રણ ભાવ (પરિણામ) સંબંધી હોય છે. (એટલે કે ત્રણ ભાવ પરિણામ રૂપ કહેવાય છે) અને ગૌણરૂપથી પારિણામિક ભાવનું હોય છે.

પણ ત્યાં શુદ્ધ પારિણામિક ભાવને તો બંધ મોક્ષના કારણથી રહિત છે એવું પંચાસ્તિકાયમાં નીચેના શ્લોક દ્વારા કહેવામાં આવેલ છે.

શ્લોકાર્થ : ઉપશમ, ક્ષયોપશમ અથવા મિશ્ર તથા ક્ષાયિક ભાવ મોક્ષને કરે છે. ઔદયિક ભાવ બંધને કરે છે અને પારિણામિક ભાવ નિષ્ક્રિય છે.

આનાથી એ સિદ્ધ થયું કે નિર્વિકલ્પ શુદ્ધાત્મા પરિચ્છિતિ (શુદ્ધાત્મ અનુભવ) તે વીતરાગ સમ્યકત્વ ચારિત્રનો અવિનાભાવી (છે અને) અભેદ નયથી શુદ્ધાત્મ શબ્દથી વાચ્ય (છે) તે ક્ષયોપશમિકભાવ હોવા છતાં પણ (તે) ભાવશ્રુત જ્ઞાન મોક્ષનું કારણ છે.

અને એક દેશ વ્યક્તિ લક્ષણરૂપ કથંચિત્ ભેદ અભેદરૂપ, દ્રવ્યપર્યાયાત્મક જીવ પદાર્થની શુદ્ધ ભાવના રૂપ અવસ્થામાં શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયભૂત-દ્રવ્યરૂપથી રહે છે પરંતુ ધ્યાન પર્યાય રૂપથી નહીં.

(પ્રશ્ન) કયા કારણથી ધ્યાન પર્યાયરૂપ (શુદ્ધ પારિણામિક) નથી ?

(ઉત્તર) કેમકે ધ્યાન વિનાશીક છે.

હવે ભગવાન કુંદકુંદાચાર્યદેવ આ ગ્રંથને પૂર્ણ કરે છે તેથી તેના મહિમારૂપે તેના અભ્યાસ વગેરેનું ફળ ગાથામાં કહે છેઃ–

**આ સમયપ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને,**
**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫.**

**ગાથાર્થઃ**- [ यः चेतयिता ] જે આત્મા ( –ભવ્ય જીવ ) [ इदं समयप्राभृतम् पठित्वा ] આ સમયપ્રાભૃતને ભણીને, [ अर्थतत्त्वतः ज्ञात्वा ] અર્થ અને તત્ત્વથી જાણીને, [ अर्थे स्थास्यति ] તેના અર્થમાં સ્થિત થશે, [ सः ] તે [ उत्तमं सौख्यम् भविष्यति ] ઉત્તમ સૌખ્યસ્વરૂપ થશે.

**તાત્પર્યવૃત્તિ ગાથા (આત્મખ્યાતિ ગાથા - ૪૧૫)**

ઉત્થાનિકા : હવે આ શુદ્ધાત્મતત્ત્વના નિર્વિકાર સ્વસંવેદન પ્રત્યક્ષની ભાવના કરતો થકો આત્મા પરમ અક્ષય સુખને પ્રાપ્ત કરે છે એવો ઉપદેશ છે શ્રી કુંદકુંદાચાર્યદેવ સમસાર ગ્રંથને પૂરો કરતાં તેનું ફળ દેખાડે છે જે આ પ્રકારે છે.

તાત્પર્યવૃત્તિ : જે જીવ આ સમયપ્રાભૃત નામના શાસ્ત્રને પહેલા તો વાંચીને-ન ફક્ત વાંચીને પણ જાણીને.

(પ્રશ્ન) શેનાથી (જાણીને) ?

(ઉત્તર) ગ્રંથથી જાણીને ન ફક્ત ગ્રંથના અર્થથી (પણ) તત્વતઃ ભાવરૂપથી જાણીને ત્યારબાદ ઉપાદેયરૂપ શુદ્ધાત્મરૂપ અર્થમાં નિર્વિકલ્પ સમાધિરૂપથી સ્થાપિત કરે છે. તે આત્મા ભવિષ્યકાળમાં પ્રાપ્ત કરે છે.

(પ્રશ્ન) શું (પ્રાપ્ત કરે છે) ?

(ઉત્તર) વીતરાગ સહજ અપૂર્વ પરમ આહ્‌લાદકરૂપ આત્માને પ્રાપ્ત કરે છે. તેવું સિદ્ધ ભક્તિના નીચેના પદમાં કહ્યું છે. અર્થાત્ તે આત્મા સિદ્ધ સુખ પ્રાપ્ત કરે છે તે પરમ સુખ પોતાના આત્માથી જ ઉત્પન્ન થાય છે સ્વયં અતિશય સહિત છે. સર્વ બધાઓથી રહિત છે, વિશાળ છે અને

તેનાથી સારું બીજું કોઈ સુખ નથી. હાનિ વૃદ્ધિથી રહિત છે. વિષયોની વાસનાથી રહિત છે. પ્રતિધ્વંદતાના ભાવથી રહિત છે. અન્ય દ્રવ્યોની અપેક્ષા રાખવાવાળું નથી, અનુપમ છે, અનંત છે. શાશ્વત છે સર્વકાળ રહેવાવાળું છે. ઉત્કૃષ્ટ છે. અનંત સાર વાળુ છે.

અહીં શિષ્ય પુછે છે કે હે ભગવન ! આપે નિરંતર અતિન્દ્રિય સુખની વાત કરી છે પરંતુ (તે અતિન્દ્રિય સુખ કેવું છે) તેને લોકો જાણતા નથી (તો સમજાવશો)

(તેને) આચાર્ય ભગવાન ઉત્તર આપે છે કે જેવી રીતે કોઈ દેવદત્ત નામક વ્યક્તિ સ્ત્રી સેવનાદિ જેવા પાંચ ઈન્દ્રિયોના વિષયસુખના વ્યાપાર (પ્રવૃત્તિ) થી રહિત અવસ્થામાં નિરાકુળ ચિતથી બેઠો છે તેને કોઈએ પૂછ્યું કે હે દેવદત્ત તું સુખમાં તો છો ને ? ત્યારે તે કહે છે કે હા હું સુખી છું. તો શું તેનું તે સુખ અતીન્દ્રિય છે અને કયા કારણથી ? કેમકે જે સાંસારિક સુખ છે. તે પાંચ ઈન્દ્રિયોના વિષયના સેવનથી પેદા થાય છે અને અહીં પંચેન્દ્રિય વિષયના વ્યાપારના અભાવમાં પણ સુખ દેખાય છે તે સામાન્યરૂપથી અતિન્દ્રિય છે.

પરંતુ જે પાંચ ઈન્દ્રિયો તથા મનજનિત સમસ્ત વિકલ્પ જાળોથી રહિત સમાધિમાં સ્થિત શ્રેષ્ઠ યોગીઓને સ્વસંવેદનગમ્ય અતીન્દ્રિય સુખ છે તે વિશેષ અતીન્દ્રિય સુખ છે.

અને જે મુક્ત આત્માઓને (સિદ્ધોને) અતીન્દ્રિય સુખ હોય છે તે તો અનુમાન ગમ્ય અથવા આગમ ગમ્ય છે.

તેનો ખુલાસો એવો છે કે મુક્ત જીવોને ઈન્દ્રિયોના વિષયોના વ્યાપારનો અભાવ હોવા પર પણ અતીન્દ્રિય સુખ છે એવો પક્ષ છે.

(પ્રશ્ન) કયા કારણથી એવો પક્ષ છે ?

(ઉત્તર) કેમકે આ સમયે (વર્તમાનમાં) તેઓને વિષયોના વ્યાપારથી રહિત નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન પરમ મુનિન્દ્રોને, સ્વસંવેદનરૂપ આત્મસુખની ઉપલબ્ધિ છે. આમ હેતુ છે આ પ્રકાર પક્ષ અને હેતુ બન્ને અનુમાનના અંગ છે એમ જાણવું જોઈએ.

આગમમાં તો આ વાત પ્રસિદ્ધ છે કે ''આત્મ ઉપાદાન સિદ્ધં'' એવું વચન છે એટલે અતીન્દ્રિય સુખમાં સંદેહ ન કરવો જોઈએ. કહ્યું પણ છે કે,

શ્લોકાર્થ : જે દેવ તથા મનુષ્ય છે તે બધા નિર્ગળ રૂપથી પોતાની ઈન્દ્રિયોને પ્રસન્ન કરવાવાળા ઈન્દ્રિયજન્ય તથા ઋદ્ધિ આદિથી પ્રાપ્ત સુખને ભોગવે છે. અને ભૂતકાળમાં પહેલા દેવ અને મનુષ્યોએ જે મહાર્થિક સુખ ભોગવેલ છે અને ઋદ્ધિ આદિથી પ્રાપ્ત સુખને ભોગવતા હતા અને ભવિષ્યકાળમાં થવાવાળા દેવ અને મનુષ્ય ઈન્દ્રિયજન્ય સ્વાદિષ્ટ અને મનોરંજક સુખને ભોગવશે તે સમસ્ત સુખથી (વિરૂદ્ધ) અતીન્દ્રિયજન્ય પોતાના સ્વભાવથી ઉત્પન્ન થવાવાળું અનંતગણુ સુખ પરમેશ્વર સિદ્ધ ભગવાન એક સમયમાં ભોગવે છે.

આવી રીતે પૂર્વોક્ત પ્રકારથી વિષ્ણુના કર્તૃત્વના નિરાકારણની મુખ્યતાથી ૭ ગાથાઓ છે

ત્યારબાદ અન્ય કરે છે અન્ય ભોગવે છે. એ પ્રકારના એકાંત બૌદ્ધમત્તના નિરાકારણની મુખ્યતાથી ૪ ગાથાઓ છે. ત્યાર પછી પરમાત્મા રાગાદિ ભાવકર્મના કર્તા નથી એવી સાંખ્યમતના નિરાકારણરૂપ ૫ ગાથાઓ છે. ત્યારબાદ કર્મ જ સુખી આદિ કરે છે આત્મા કંઈ કરતો નથી એવા એકાંતરૂપ સાંખ્યમતના નિરાકરણની મુખ્યતાથી ૧૩ ગાથાઓ છે. તેના પછી ચિતસ્થ રાગનો ઘાત કરવાના કર્તવ્યને જાણવાવાળા "બહિરંગ શબ્દાદિ" વિષયોનો ઘાત હું કરુ છું. એવું જે ચિંતવન કરે છે તેને સમજાવવા માટે ૭ ગાથાઓ છે. ત્યારબાદ વ્યવહારનયથી દ્રવ્યકર્મ કરે છે નિશ્ચયનયથી ભાવકર્મ કરે છે તે કથનની મુખ્યતાથી ૭ ગાથાઓ છે તેના પછી જ્ઞાન જ્ઞેયરૂપથી પરિણમન નથી કરતું એવા કથન કરવાવાળી ૧૦ ગાથાઓ છે.

તેના પછી શુદ્ધાત્માનુભૂતિરૂપ નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય આલોચના, ચારિત્રના વ્યાખ્યાનની મુખ્યતાથી ૪ ગાથાઓ છે. ત્યાર પછી પાંચ ઈન્દ્રિય અને મન-તેના વિષયના નિરોધ કરવાવાળી ૧૦ ગાથાઓ છે. તેની આગળ કર્મ ચેતના અને કર્મ ફળ ચેતનાના વિનાશના નિરૂપણની મુખ્યતાથી ૩ ગાથાઓ છે. ત્યારબાદ શાસ્ત્ર અને ઈન્દ્રિય આદિ જ્ઞાન નથી તેના કથન કરવાવાળી ૧૫ ગાથાઓ છે તેના બાદ શુદ્ધાત્મા કર્મ નોકર્મ આદિને નિશ્ચયથી ગ્રહણ નથી કરતા એવા કથનની મુખ્યતાથી ૩ ગાથાઓ છે ત્યારબાદ શુદ્ધાત્મભાવનારૂપ ભાવલિંગથી નિરપેક્ષ દ્રવ્યલિંગ મુક્તિનું કારણ નથી એવા કથનની મુખ્યતાથી ૭ ગાથાઓ છે. ત્યારબાદ સુખરૂપ ફળ દેખાડવાની મુખ્યતાથી ૧ ગાથા છે.

આ પ્રકારે શ્રી જયસેનાચાર્ય કૃત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણવાળી તાત્પર્યવૃત્તિ નામક સમયસારની વ્યાખ્યામાં સમુદાયરૂપથી ૯૬ ગાથાઓ ૧૩ અધિકાર દ્વારા સમયસાર ચૂલિકા નામક સર્વ વિશુદ્ધ જ્ઞાન નામક દશમાં અધિકાર પૂરો થયો.

卐

*પ્રશ્ન :- અનાદિના અજ્ઞાની જીવને, સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોય ને ?*

*ઉત્તર :- ના; એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે આત્મસ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધાતું...રાગ તરફ જોર તૂટવા માંડ્યું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડ્યું, ત્યાં (સવિકલ્પદશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે, અને તેના જોરે આગળ વધતો વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે.*

*(આત્મધર્મ અંક-૨૦૦, જેઠ-૨૪૮૬, પૃષ્ઠ ૨૪)*

**પરિશિષ્ટ**

## સ્યાદ્‌વાદ અધિકાર

હવે અહીં સ્યાદવાદની સિદ્ધિને માટે વસ્તુતત્ત્વ વ્યવસ્થા અને ઉપાય ઉપેય ભાવનો સંક્ષેપમાં વિચાર કરવામાં આવે છે.

અનુવાદ : ફરીથી સંક્ષેપમાં વિચાર કરે છે.

(પ્રશ્ન) શું વિચાર કરે છે ?

(ઉત્તર) વસ્તુ તત્ત્વની વ્યવસ્થાનો વિચાર કરે છે.

(પ્રશ્ન) શા માટે ?

(ઉત્તર) સ્યાદ્‌વાદની શુદ્ધિ અથવા નિશ્ચયને માટે.

અહીં સમયસાર વ્યાખ્યાનની સમાપ્તિ પ્રસ્તાવમાં કેવળ વસ્તુતત્ત્વ વ્યવસ્થા જ નહીં પરંતુ ઉપાય ઉપેય ભાવનો પણ વિચાર કરવામાં આવે છે. ઉપાય મોક્ષમાર્ગ છે અને ઉપેય મોક્ષ છે.

(પ્રશ્ન) સ્યાદ્‌વાદ શબ્દનો શું અર્થ છે ?

(ઉત્તર) સ્યાત અર્થાત્ કથંચિત્ કે વિવક્ષિત પ્રકારથી કે અનેકાંતરૂપથી વાદ અર્થાત્ કથન કે પ્રતિપાદન જ સ્યાદ્‌વાદ છે. તે સ્યાદ્‌વાદ ભગવાન અર્હન્ત નો ઉપદેશ છે.

(પ્રશ્ન) તે ભગવાનનું શાસન શું ઉપદેશ કરે છે ?

(ઉત્તર) ભગવાનનું શાસન બધી વસ્તુઓને અનેકાંતાત્મક બતાવે છે.

(પ્રશ્ન) અનેકાંતનો શું અર્થ છે ?

(ઉત્તર) એક વસ્તુમાં વસ્તુપણાને સિદ્ધ કરવાવાળી અસ્તિત્વ નાસ્તિત્વ આદિ બે પરસ્પર વિરૂદ્ધ સાપેક્ષ બે શક્તિઓના પ્રતિપાદનને અનેકાંત કહે છે. તે અનેકાંત શું કહે છે ?

(ઉત્તર) (તે અનેકાંત) જ્ઞાનમાત્ર જે આ ભાવ અર્થાત્ જીવ પદાર્થ શુદ્ધાત્મ છે તે તત્-અતત્‌રૂપ એકાત્મક, અનેકાત્મક, સત્‌રૂપ અસત્‌રૂપ, નિત્ય-અનિત્ય, આદિ સ્વભાવરૂપ છે. એમ કહે છે.

તેનો વિસ્તાર એમ છે કે જ્ઞાનરૂપથી (આત્મા) તત્‌રૂપ છે (અને) જ્ઞેયરૂપથી (આત્મા) અતત્‌રૂપ છે. દ્રવ્યાર્થિકનયથી (આત્મા) એકરૂપ છે. પર્યાયાર્થિક નયથી અનેકરૂપ છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવરૂપ ચતુષ્ટયથી સત્‌રૂપ છે અને પરદ્રવ્ય પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ ચતુષ્યરૂપથી અસત્‌રૂપ છે.

દ્રવ્યાથિકનય નયથી નિત્ય છે. પર્યાયાર્થિક નયથી અનિત્ય છે. દ્રવ્યાર્થિકનયથી અભેદરૂપ અને પર્યાયાર્થિક નયથી ભેદરૂપ છે આ પ્રકારે અનેક ધર્માત્મક છે. તે જ સમતંભદ્ર આચાર્યદેવ દ્વારા પણ સ્વયંભૂ સ્તોત્રમાં સ્યાદ્‌વાદરૂપ કહેવામાં આવેલ છે.

શ્લોકાર્થ (૧) સત્, એક, નિત્ય અને વક્તવ્ય તથા આનાથી વિપરીત અસત્, અનેક, અનિત્ય અને અવક્તવ્યરૂપ જે નય છે તે સર્વથા વિશેષણથી દોષ પૂર્ણ હોય છે અને કથંચિત્ વિશેષણથી પરસ્પર

પોષક છે.

શ્લોકાર્થ (૨) હે ભગવન્ત આપના ન્યાયમાં સ્યાત શબ્દ સર્વથા એકાંતનો ત્યાગી છે. જેમકે પ્રત્યક્ષ જોવામાં આવે છે પરંતુ જે સ્વયં સ્વયંનો શત્રુ છે એવા અન્ય આત્મવિધ્વેષીઓની પાસે સ્યાત્ શબ્દ નથી.

શ્લોકાર્થ (૩) હે ભગવાન આપના મતે અનેકાંત પણ પ્રમાણ અને નય રૂપ સાધનોથી યુક્ત હોવાને કારણે અનેકાંતરૂપ છે. એકાંતરૂપ નથી જે પ્રમાણ અને નય દ્વારા સાધી શકાય છે. પ્રમાણ દ્વારા પ્રત્યેક વસ્તુ અનેકાંતરૂપ છે તથા અપેક્ષિત નય દ્વારા એકાંતરૂપ છે.

શ્લોકાર્થ (૪) ધર્મી આત્મા અનંતરૂપ છે પરંતુ ધર્મ અનંતરૂપ નથી અનેકાંતમાં પણ અનેકાંત છે તે જૈનમત છે.

આ પ્રકારે કથંચિત્ શબ્દથી વાચક સ્યાત શબ્દ છે જે અનેકાંતાત્મક વસ્તુનો પ્રતિપાદક છે. તે સંક્ષેપમાં સમજવું જોઈએ. અહીં આ પ્રકારના અનેકાંતના વ્યાખ્યાનથી જ્ઞાનમાત્રભાવવાળો જીવ પદાર્થ પણ એકાત્મક અને અનેકાત્મક સિદ્ધ થયો. તે એકાત્મકને અનેકાન્તાત્મકની સિદ્ધિ થવાથી જ્ઞાનમાત્ર ભાવ જીવ પદાર્થના નય વિભાગથી ભેદ અભેદ રત્નત્રયાત્મક નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગ બે રૂપથી ઉપાયભૂત સાધકરૂપ ઘટે છે. અને મોક્ષરૂપથી ઉપેયભૂત સાધ્યરૂપ ઘટે છે એમ જાણવું જોઈએ.

હવે પ્રાભૃત અને અધ્યાત્મ શબ્દનો અર્થ કહે છે તે આ પ્રકારે છે.

જેવી રીતે કોઈ દેવદત્ત નામનો પુરુષ રાજાના દર્શન માટે જાય છે. અને કંઈક સારભૂત વસ્તુ રાજાને આપે છે. તેને પ્રાભૃત કે ભેટ કહે છે. તેવી જ રીતે પરમાત્માના આરાધક પુરુષને નિર્દોષ પરમાત્મરૂપ રાજાના દર્શનને માટે આ શાસ્ત્ર પણ પ્રાભૃત અથવા ભેંટ છે.

(પ્રશ્ન) કયા કારણથી આ પ્રાભૃત છે ?

(ઉત્તર) સારભૂત હોવાના કારણે તે પ્રાભૃત ભેંટ છે.

આ પ્રકારથી પ્રાભૃત શબ્દનો અર્થ છે. રાગાદિ પરદ્રવ્યના નિરાવલંબનથી નિજ શુદ્ધાત્મામાં વિશુદ્ધ આધારભૂત નિજ શુદ્ધાત્મામાં અનુષ્ઠાન તે અધ્યાત્મ છે.

(પ્રશ્ન) આ પ્રાભૃત શાસ્ત્રને જાણીને શું કરવું જોઈએ ?

(ઉત્તર) હું સહજ શુદ્ધ જ્ઞાનાનંદ એક સ્વભાવ છું હું નિર્વિકલ્પ છું, હું ઉદાસીન છું. નિજ નિરંજન શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન તથા અનુષ્ઠાનરૂપ નિશ્ચય રત્નત્રયરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ સુખાનુભૂતિ માત્ર લક્ષણવાળા સ્વસંવેદન જ્ઞાનથી સંવેદ્ય, ગમ્ય અથવા પ્રાપ્ત થવા યોગ્ય પરિપૂર્ણરૂપે હું છું એવી ભાવના કરવી જોઈએ.

હું રાગદ્વેષ મોહ, ક્રોધ, માન, માયા, લોભ પંચેન્દ્રિય વિષય વ્યાપાર, મન, વચન, કાય, વ્યાપાર, ભાવકર્મ દ્રવ્યકર્મ નોકર્મ ખ્યાતિ, પૂજા, લાભ, દષ્ટ, શ્રુત, અનુભૂત ભોગકાંક્ષારૂપ, નિદાન માયા તથા મિથ્યાત્વ આ ત્રણ શલ્ય આદિ વિભાવ પરિણામોથી રહિત છું. ત્રણ લોકમાં ત્રણ કાળમાં પણ મન, વચન, કાય કૃત કારિત અનુમોદનાથી શુદ્ધ નિશ્ચયનયથી બધા જીવ શુદ્ધ છે એવી નિરંતર ભાવના કરવી જોઈએ આ પ્રકારે સ્યાદ્વાદ નામક અધિકાર પૂર્ણ થયો.

અહીં ગ્રંથમાં પ્રચુરતાથી સંધિ નથી કરવામાં આવી અને વાક્ય પણ છૂટા છૂટા રાખવામાં આવેલ છે. જેથી લોકોને સરળતાથી જ્ઞાન થઈ શકે. આ કારણથી લિંગ, વચન, ક્રિયા, કારક, સંધિ, સમાસ, વિશેષ્ય, વિશેષણ વાક્ય સમાપ્તિ આદિનો દોષ વિવેકી લોકોએ ગ્રહણ ન કરવો જોઈએ.

શુદ્ધાત્મ તત્ત્વના પ્રતિપાદન વિષયક જે અજ્ઞાનથી કંઈક વિસ્મૃત થઈ ગયું હોય તો ક્ષમા કરવી જોઈએ.

**जयउ रिसि पउमणंदी जेण महातच्चपाहुडसेलो ।**
**बुद्धि सिरेणुद्धरिओ समप्पिओ भव्वलोयस्स ॥ १ ॥**

શ્લોકાર્થ : પદ્મનન્દિ મહર્ષિ જયવંત હો. જેઓએ મહાતત્ત્વ પ્રાભૃતરૂપી પર્વતને બુદ્ધિરૂપી મસ્તકથી ઉપાડી ભવ્ય જીવોને માટે સમર્પિત કરેલ છે.

**जं अल्लीणा जीवा तरंति संसारसायरमणंतं ।**
**तं सव्वजीवसरणं णंदउ जिणसासणं सुइरं ॥ २ ॥**

શ્લોકાર્થ : જેનો આશ્રય લઈને ભવ્યજીવ અનંત સંસાર સાગરને પાર કરી જાય છે. તે સમસ્ત જીવોને શરણભૂત જિનશાસન સુચિરકાલ સુધી જયવંત રહો.

**यश्चाभ्यस्यति संश्रृणोति पठति प्रख्यापयत्यादरात् ।**
**तात्पर्याख्यमिदं स्वरूपरसिकै: संवर्णितं प्राभृतम् ॥**
**शश्वदूरूपमलं विचित्रसकलं ज्ञानात्मकं केवलम् ।**
**संप्राप्याग्रपदेऽपि मुक्तिललनारक्त: सदा वर्तते ॥ ३ ॥**

શ્લોકાર્થ : આત્મસ્વરૂપના રસિકજનો દ્વારાવર્ણિત તાત્પર્યવૃત્તિ નામક પ્રાભૃતને જે કોઈ પણ આદરપૂર્વક ભલી ભાંતિ સાંભળશે, વાંચશે, અભ્યાસ કરશે અને એની પ્રભાવના કરશે તે જીવ શાશ્વત, નિર્મળ, અદ્ભુત સકલ જ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરશે તેનાથી આગળ સદા સદાને માટે મુક્તિરૂપી લક્ષ્મીમાં આસક્ત-લીન રહેશે.

આ પ્રકારે શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત સમયસાર પ્રાકૃત નામક ગ્રંથથી સંબંધિત ૪૩૯ ગાથા દ્વારા જયસેનાચાર્ય કૃત તાત્પર્યવૃત્તિ દશ અધિકારો દ્વારા સંપૂર્ણ થઈ.

卐

*પ્રશ્ન : આ આત્માનું સ્વરૂપ ખ્યાલમાં આવવા છતાં પ્રગટ કેમ નહીં થતું હોય ?*

*ઉત્તર :- એને યોગ્ય પુરુષાર્થ જોઈએ. અંદરમાં અપાર શક્તિ પડી છે તેનું માહાત્મ્ય આવવું જોઈએ. વસ્તુ તો પ્રગટ છે જ, અપ્રગટ તો પર્યાયની અપેક્ષાએ કહેવાય છે. આમ તો વસ્તુ પ્રગટ જ છે, કાંઈ આડુ ઢાકણું નથી. પ્રથમ વસ્તુનું માહાત્મ્ય આવવું જોઈએ. ભાન થાય તો માહાત્મ્ય આવે એમ નહીં, કેટલાક એમ લઈ લ્યે છે; પણ પહેલા માહાત્મ્ય આવે તો માહાત્મ્ય આવતાં આવતાં ભાન થાય.* *(આત્મધર્મ અંક-૪૨૦, ઓક્ટોમ્બર-૧૯૭૮, પૃષ્ઠ ૨૬)*